ૐ

नमः श्रीसिद्धेभ्यः

# અધ્યાત્મ સુધા

(ભાગ–૬)

('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય 'ભાઈશ્રી શશીભાઈ'ના પ્રવચનો)

પ્રજ્ઞાછીણી શુભાશુભ ભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પટકવી. ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી તે બંનેની સંધિમાં સાવધાન થઈને તેનો પ્રહાર કરવો. સાવધાન થઈને એટલે બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને, બરાબર લક્ષણ વડે ઓળખીને.

અબરખનાં પડ કેવાં પાતળાં હોય છે, ત્યાં બરાબર સાવધાનીથી એને જુદાં પાડે, તેમ સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ-વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ. જે ક્ષણે વિભાવભાવ વર્તે છે તે જ સમયે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે. જુદો જ છે પણ તને ભાસતો નથી. વિભાવ ને જ્ઞાયક છે તો જુદેજુદાં જ; – જેમ પાષાણ ને સોનું ભેગાં દેખાય પણ જુદાં જ છે તેમ.

પ્રશ્ન :– સોનું તો ચળકે છે એટલે પથ્થર ને તે – બન્ને જુદાં જણાય છે, પણ આ કઈ રીતે જુદાં જણાય ?

ઉત્તર :– આ જ્ઞાન પણ ચળકે જ છે ને ! વિભાવભાવ ચળકતા નથી પણ બધે જ્ઞાન જ ચળકે છે – જણાય છે. જ્ઞાનનો ચળકાટ ચારે તરફ પ્રસરી રહ્યો છે. જ્ઞાનના ચળકાટ વિના સોનાનો ચળકાટ શેમાં જણાય ?

જેમ સાચાં મોતી ને ખોટાં મોતી ભેગા હોય તો મોતીનો પારખુ એમાંથી સાચાં મોતીને જુદાં પાડી લે છે, તેમ આત્માને 'પ્રજ્ઞાથી ગ્રહવો'. જે જાણનારો છે તે હું, જે દેખનારો છે તે હું — એમ ઉપયોગ સૂક્ષ્મ કરીને આત્માને અને વિભાવને જુદાં પાડી શકાય છે. આ જુદાં પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે. વ્રત, તપ કે ત્યાગાદિ ભલે હો, પણ તે સાધન ન થાય, સાધન તો પ્રજ્ઞા જ છે.

સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ-સુખબુદ્ધિ તૂટી જાય છે, સ્વભાવમાં જ રસ લાગે, બીજું નીરસ લાગે ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય. એમ ન હોય કે પરમાં તીવ્ર રુચિ હોય ને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે. ૧૯૭.

તા. ૨-૧૦-૧૯૮૭, વચનામૃત–૧૯૭
પ્રવચન નં. ૧૪૮

૧૯૭મો બોલ છે એ ભેદજ્ઞાનનો બોલ છે. 'સમયસાર'ની 'મોક્ષ અધિકાર'ની પ્રારંભની ગાથાઓ (છે) અથવા અધિકાર મોક્ષનો હોવા છતાં, મોક્ષનું જે નિશ્ચય કારણ છે – અનન્ય કારણ છે એવું જે ભેદજ્ઞાન, ત્યાં એ ભેદજ્ઞાનના વિષયને આચાર્ય

મહારાજે બહુ જ સૂક્ષ્મતાથી ચર્ચ્યો છે.

ભેદજ્ઞાન છે એ આત્માને અધિકપણે રાખતા, મુખ્યપણે રાખતા, ઊર્ધ્વપણે રાખતા... આગળ એ બોલ આવી ગયો ને ? ૧૯૫મા. દરેકે આત્માને મુખ્ય રાખવો, ઊર્ધ્વ રાખવો, અધિક રાખવો એ જ અભ્યાસ કરવો. ભેદજ્ઞાનના અભ્યાસમાં એ પ્રકારે અભ્યાસ થાય છે.

હવે, અહીંયાં એનું જે મૂળ ભેદજ્ઞાનની વિધિરૂપ સ્વરૂપ છે એ સંબંધીમાં બહુ સુંદર સ્પષ્ટીકરણ આ ૧૯૭મા બોલમાં આવ્યું છે. **'પ્રજ્ઞાછીણી શુભાશુભ ભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પટકવી.'** આ પહેલી લીટી છે. પ્રજ્ઞાછીણી (અર્થાત્) જેમ છીણી છે એ કોઈ બે વિભાગ કરવા માટે – ટુકડા કરવા માટે સાધન છે એમ અહીંયાં પ્રજ્ઞા એટલે જ્ઞાનને છીણીની ઉપમા આપવામાં આવી છે. કેમકે જે જ્ઞાન પોતે પોતાની અધિકતામાં રહેતા પરથી ભિન્નતા કરે છે, ભિન્ન પડે છે એમ અનાદિનું પર સાથેનું અને શુભાશુભભાવ સાથેનું એકત્વ થઈ ગયું છે, એનું જુદાંપણું જે જ્ઞાન કરે છે એને પ્રજ્ઞાછીણી એમ કહેવામાં આવે છે.

એમાંથી સીધી રીતે એક પ્રશ્ન ઉપસ્થિત કરીએ તો એ છે કે પ્રજ્ઞાછીણીનું સ્વરૂપ શું ? આ સીધો પ્રશ્ન લઈએ. પ્રજ્ઞાછીણી – પ્રજ્ઞા એટલે જ્ઞાન, એ તો સીધું સમજાય એવું છે. અહીંયાં જ્ઞાનને પ્રજ્ઞાછીણી કહી છે, તો કેવા જ્ઞાનને પ્રજ્ઞાછીણી કહી છે ? એ જ્ઞાનનું સ્વરૂપ શું છે કે જેને પ્રજ્ઞાછીણીની એવી ઉપમા આપી શકાય છે ? આવો એક સીધો પ્રશ્ન ઉઠાવી શકાય. તો એમ કહે છે કે જે જ્ઞાન અંતર્મુખ થાય, જે જ્ઞાન સ્વ-સન્મુખ થાય અને જે જ્ઞાન પોતાના નિજ વેદનમાં આવીને ઊભું રહે (અને) તેમ થવાથી પરથી એ જુદું પડી જાય છે. એ સિવાય પરથી જુદું પડવાનો ત્રણકાળ ત્રણલોકમાં બીજો કોઈ ઉપાય નથી. ત્યારે એ જ્ઞાનને પ્રજ્ઞાછીણી કહેવામાં આવે છે.

હવે, એ જ્ઞાનને, જ્ઞાનવેદનથી પોતાની મર્યાદા, જુદી મર્યાદા–શુભાશુભ રાગથી જુદી મર્યાદા અનુભવગોચર થાય છે અથવા એના જ્ઞાનમાં પકડાય છે કે જ્ઞાન જુદું છે અને શુભાશુભભાવ રાગરૂપ પરિણામ પણ જુદાં છે.

'રાજમલજી' ભેદજ્ઞાનના વિષયમાં લખે છે કે અનાદિથી જીવને શુભાશુભભાવ એની અવસ્થામાં થતાં હોવાથી અને જ્ઞાન પણ એની અવસ્થામાં થતું હોવાથી બન્ને સમકાળે–એકકાળે થતાં હોવાથી અને શુભાશુભભાવ જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં

હોવાથી અને એ રીતે જ્ઞાન-જ્ઞેયની અત્યંત નિકટતા રહેતી હોવાને લીધે, તેને જુદાં પાડવા એ એને જરા દુર્ગમ લાગે છે અથવા એને કઠણ લાગે છે કે આ કાર્ય કઠિન છે.

અંદરમાં ને અંદરમાં એક જ સમયે થતી જ્ઞાનની પર્યાય, એક જ સમયે થતી શુભાશુભ રાગની પર્યાય–બન્ને જીવની પર્યાય અને બેને જુદાં પાડવા એ એને જુદાં પાડવાનો અભ્યાસ નહિ હોવાને લીધે કઠિન લાગે છે. જુદાં પાડવાનો પ્રયત્ન અભ્યાસ નહિ હોવાને લીધે એને એ કઠિન લાગે છે તોપણ એ પ્રયત્ન સાધ્ય છે, પુરુષાર્થસાધ્ય છે. એને જુદાં પાડી શકાય છે. અનંતા આત્માઓએ એને જુદાં પાડ્યા, અનંતા હજી જુદાં પાડશે. બધા તારા જેવા છે તું પણ પ્રયત્ન કર તો જુદાં પડી શકે છે.

હવે, બન્ને વચ્ચે નિકટતા છે એટલે બન્ને વચ્ચેનું જોડાણ છે એ સૂક્ષ્મ છે એમ કહેવું છે. કેમકે જ્ઞાન છે એ દર્પણ જેવી ચીજ છે અને એમાં જે શુભાશુભ રાગ જણાય આવે છે એ જાણે કે મારામાં પેસી ગયા હોય એવો અનુભવ થાય છે. જાણનાર એવા જ્ઞાનને જાણનાર–એવા આત્માને એવો અનુભવ થાય છે કે (તે શુભાશુભભાવ) જાણે મારામાં જ થાય છે. કહે છે કે (તે શુભાશુભ ભાવ) ખરેખર જ્ઞાનમાં થતાં નથી. જો જ્ઞાનમાં થાય તો જ્ઞાન શુભાશુભ રાગરૂપે થઈ જાય પણ જ્ઞાન જ્ઞાનરૂપે રહે છે, શુભાશુભ રાગરૂપે થતું નથી. શુભાશુભ રાગ વ્યતીત થઈ જાય છે એની આ સાબિતિ છે. શુભાશુભ રાગ વ્યય થઈ જાય છે અને જ્ઞાન જ્ઞાનપણે ઊભું રહી જાય છે. એ એમ સિદ્ધ કરે છે – એ એક સાબિતિ છે કે શુભાશુભ રાગથી જ્ઞાન લેપાયું નથી, વસ્તુતાએ લેપાયું નથી.

જ્યારે એને જણાયું ત્યારે ભ્રમ થયો કે મારામાં થયા, આ મારામાં થયા. મારામાં થયા એટલે એમાં કર્તાપણું આવે છે, અભેદભાવ થઈ ગયો એટલે કે મેં કર્યા. જ્યારે કર્તાપણું આવે છે ત્યારે એનું ભોક્તાપણું આવ્યા વિના રહેતું નથી અથવા કર્તાપણું થાય ત્યાં ભોક્તાપણાને દૂર કરી શકાતું નથી. ત્યારે એને એમ લાગે છે કે આ રાગાદિ ભાવને હું ભોગવું છું.

સ્વભાવની ઓળખાણ એટલા માટે કરાવવી છે. ભેદજ્ઞાન તો પછી શરૂ થશે, પહેલાં સ્વભાવની ઓળખાણ કરવી પડશે. સ્વભાવની ઓળખાણ એટલા માટે કરાવવી છે કે તારો સ્વભાવ જો તને સમજવામાં, ઓળખવામાં આવ્યો હોય તો રાગને કરે એ સ્વભાવ નથી અને રાગને ભોગવે એ પણ સ્વભાવ નથી, સ્વભાવમાં નથી. સ્વભાવ

વડે રાગ કરી શકાય નહિ અને સ્વભાવ વડે રાગ ભોગવી શકાય નહિ. આવો જે સ્વભાવ છે એ સ્વભાવ 'હું આવો છું' એમ જ્યાં લ્યે ત્યારે એને રાગને હું કરું છું અને રાગને હું ભોગવું છું એ વાત એને સ્વભાવથી જોવામાં આવતી નથી. એને રાગથી ભિન્નપણું થઈ જાય છે. ભિન્નપણું થાય છે ત્યારે ભાવમાં કર્તાપણું અને ભોક્તાપણું રહેતું નથી, સ્વયં જ એમ થાય છે.

**'પ્રજ્ઞાછીણી શુભાશુભ ભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પટકવી.'** શું કહે છે ? – કે શુભાશુભભાવ છે (તે) વિભાવ જાતિના ભાવ છે, આત્માની સ્વભાવ જાતિના ભાવ નથી; પણ પરિચય નહિ હોવાને લીધે જીવ એની જાતને ઓળખતો નથી. જેમ અનાદિથી આ આત્મા પોતાની જાતને ઓળખતો નથી તેમ અનાદિથી આ આત્મા વિભાવ જાતના શુભાશુભભાવ–પરિણામને પણ એની જાતથી ઓળખતો નથી. આમ છે. એકલો આત્માને ઓળખતો નથી એમ નથી. આત્માને ઓળખતો નથી એ તો વગર સાબિત કર્યે એ શુભાશુભભાવની જાતને પણ ઓળખતો નથી એમ આપોઆપ જ સાબિત થઈ જાય છે, સાબિત કરવાની જરૂર રહેતી નથી.

કહે છે કે જ્ઞાનની જાત અને શુભાશુભ ભાવની જાત બન્નેની જાત જુદી છે, બન્ને નજીક છે, જ્ઞેય-જ્ઞાયકની ઘણી નિકટતા છે, તોપણ જાત જુદી હોવાથી તે બન્ને વચ્ચેના જુદાંપણાને બરાબર પકડી શકાય છે, બરાબર સમજી શકાય છે, બરાબર અનુભવી શકાય છે, જુદાં પાડી શકાય છે અને એ જુદાં પાડવાનું કાર્ય જ્ઞાન પોતે જ કરે છે.

શા માટે જ્ઞાનની પ્રધાનતા છે ? જ્ઞાનમાત્ર ભાવમાં જ્ઞાનમયતા સધાય છે. જ્ઞાનમાત્ર ભાવ હું છું એમ અંતર સાવધાન થતાં જ્ઞાનમયપણું સધાય છે તો એને એમ કહે છે કે જ્ઞાનથી સાધ્યની સિદ્ધિ છે. જ્ઞાન એ સાધન થાય છે. અનંત ગુણોમાં આ પ્રમુખ સાધન છે–પ્રધાન સાધન છે અને ભેદજ્ઞાનની પ્રક્રિયા તો ત્યાંથી લીધી કે જ્યારથી એ સન્માર્ગે ચડ્યો, સન્માર્ગ તરફ વળ્યો, સત્‌ના માર્ગ તરફ વળ્યો ત્યાંથી પરિપૂર્ણ સિદ્ધ થાય ત્યાં સુધી એ ભેદજ્ઞાનના જ સાધનરૂપ ક્રિયાથી આગળ વધીને પૂર્ણ થાય છે. બીજી કોઈ એમાં કાર્યપદ્ધતિ નથી.

ધર્મીજીવને એ રીતે ઓળખવામાં આવે છે. ધર્માત્માની ઓળખાણ, સમ્યક્દ્રષ્ટિની ઓળખાણ એ રીતે જોવામાં આવે છે કે આ ભેદજ્ઞાની જીવ છે, ભેદવિજ્ઞાની છે એમ

એને જોવામાં આવે છે. 'બનારસીદાસે' ગાયું ને ! **'ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ'** જેના ઘટ એટલે અંતર પરિણતિમાં. ઘટ એટલે અંતર પરિણતિમાં જેને ભેદવિજ્ઞાનની જાગૃતિ થઈ છે, પ્રગટપણું થયું છે એ આત્મા પોતાના અનંત શાંત સ્વરૂપ પ્રત્યે શ્રદ્ધાવંત થયો હોવાને લીધે પરિણામમાં પણ શાંત થયો છે. એને આત્માની શાંતિ પ્રગટી છે. એ જે આત્માની શાંતિ છે એ પણ એની ઓળખાણનો વિષય થાય છે. અનંત શાંતિનો પિંડ હું છું, અશાંતપણું એ મારા સ્વરૂપની-સ્વભાવ બહારની ચીજ હોવાથી એનો હું કર્તા-ભોક્તા નથી.

'ગુરુદેવશ્રી' તો બહુ જ સુંદર શૈલીમાં કહેતા કે જુઓ તો ખરા ! પરિણામમાં રાગ થતો હોવા છતાં જે રાગનો કર્તા થાય નહિ, હરખ-શોકના પરિણામ થતાં હોવા છતાં એનો જે ભોક્તા થાય નહિ, હરખ-શોકને ભોગવે નહિ, થાય છતાં ભોગવે નહિ. એવી આ એક અલૌકિક વાત છે કે થાય છે ને કરતો નથી, થાય છે ને ભોગવતો નથી. આ તે ક્યાં બેઠો છે ! ક્યાં અંદર ચાલ્યો ગયો છે ! કેવા ભાવમાં, કેવા પરિણમનમાં વર્તે છે ! એ ભેદવિજ્ઞાની જીવનું આશ્ચર્યકારી પરિણામ છે. એ રીતે એને ઓળખવામાં આવે છે.

ભેદજ્ઞાનનો વિષય (અને) એના પ્રયત્નના અભ્યાસનો વિષય પણ બહુ રસિક વિષય છે. રસિક વિષય એટલે જેમાં રસ પડે તેને રસિક વિષય કહેવામાં આવે છે. કેમ એમાં રસ પડે એવી એ ચીજ છે ? કે એ અભ્યાસ શરૂ કરતાં જ આત્મા અશાંતિથી પાછો વળે છે, અશાંતિના માર્ગથી પાછો વળે છે અને શાંતિના માર્ગ પ્રત્યે એ પ્રયાણ કરે છે. એટલે એમાં શાંતરસની પ્રધાનતા હોવાથી અને એ આત્માને શાંતિનું કારણ હોવાથી આત્માને એમાં રસ ન આવે એ વાત બનતી નથી. પણ એ રસ્તે વળે ત્યારે એને એનો ખ્યાલ આવે છે કે આ વિષય કેટલો રસમય છે !!

અહીંયાં એમ કહે છે કે તારા ભાવોના ઘણાં અવલોકનથી પરિચય કરીને, તારા ભાવોનું ઘણું અવલોકન કરીને, પરિચય કરીને તું શુભાશુભ રાગની જાતને ઓળખ, જ્ઞાનની જાતને ઓળખ તો તને બે જાત વચ્ચે અંધારા-અજવાળા જેટલો ફેર દેખાશે. કેટલો ફેર દેખાશે ? – અંધારા-અજવાળા જેટલો ફેર દેખાશે. જ્ઞાન છે એ પ્રકાશસ્વરૂપ છે (અને) રાગ છે તે અંધકારસ્વરૂપ છે. રાગ સાવ જડ જેવો છે, પોતે પોતાને જાણતો નથી અને બીજાને પણ જાણતો નથી.

એ બન્ને વચ્ચે શું તફાવત છે ? એવું જે જ્ઞાન પ્રસિદ્ધપણે નિઃશંકપણે પરિણમન કરે છે કે એ આ જ્ઞાન તે હું. જ્ઞાન પોતે પરિણમનમાં શું નક્કી કરે છે ? – કે આ જ્ઞાન તે હું, આ જ્ઞાન તે હું, આ હું એમ જ્યાં જ્ઞાન જ્ઞાન તરફ વળે છે ત્યારે એને પોતાથી વિલક્ષણ જાતના, વિરુદ્ધ જાતિના શુભાશુભ વિભાવભાવ છે એની સંધિ, એનું જોડાણ છૂટું પડી જાય છે. સંધિ એટલે જોડાણ છૂટું પડે છે. એને પ્રજ્ઞાછીણીને શુભાશુભભાવ અને જ્ઞાનની અંતર – સંધિમાં એટલે જોડાણની જગ્યાએ એણે જ્ઞાનને પટક્યું, છીણીને પટકી અને જ્ઞાનને અને રાગને જુદાં પાડ્યા (એમ કહેવાય છે).

આ વિષય 'સોગાનીજી'ના જીવન પરિચયમાં કુદરતી આવી ગયો છે કે 'ગુરુદેવ'ના ઉપદેશમાં એમણે શું સાંભળ્યું ? 'ગુરુદેવ' તીર્થંકર પુરુષ હોવાથી પુરાણપુરુષ છે. એમના પુરાણ રચાશે, ભાવિમાં એના પુરાણ રચાશે, પ્રથમાનુયોગના શાસ્ત્રોમાં એ પુરાણપુરુષના પ્રસંગ આવશે. એની અંદર એમનાથી જે સિદ્ધિને પામે, એમનાથી જેને લાભ થયો હોય એ બધા પ્રસંગો, અનેક પ્રસંગોનું વર્ણન એમાં આવે એમાં આ પણ વર્ણન આવશે.

પુરાણ એટલે ઇતિહાસ અને ઇતિહાસ એટલે પુરાણ. શાસ્ત્રીય પરિભાષામાં ઇતિહાસને પુરાણ કહેવામાં આવે છે. એટલે 'ગુરુદેવ'ના પુરાણમાં એમ આવશે કે એક આત્મા એવો નીકળ્યો કે જેણે ઉપદેશ સાંભળતાં ૨૪ કલાકમાં આત્માને પ્રગટ કર્યો. જેનો ઉપદેશ સાંભળતા ૨૪ કલાકમાં જ એણે સમ્યગ્દર્શન અને સ્વાનુભવ લીધો એવું જેણે જોરદાર તીખું પરિણમન કર્યું. એણે એ ઉપદેશમાં શું સાંભળ્યું કે આવું તીખું પરિણમન થયું ? તો કહે, એમણે એ સાંભળ્યું કે 'જ્ઞાન અને રાગ જુદાં છે'. શું સાંભળ્યું હતું ? – કે જ્ઞાન અને રાગ જુદાં છે. આ એવી કઈ મોટી વાત છે કે જેનાથી ૨૪ કલાકમાં પરિણમનને લઈ આવ્યા ? ઉપરથી જોઈએ તો બહુ સાદી વાત (લાગે) કે જ્ઞાન જુદું અને રાગ જુદો. વાતની તો અમને ઘડ બેસે છે, એ તો એક સાધારણ બુદ્ધિમાં ઘડ બેસે એવી વાત છે, પણ ભાઈ તારી ઘડ છે એ સુતરાઉ કપડાની ઘડ જેવી છે, ઘડીકમાં પાછી વીંખાઈ જાય છે.

માણસને ઘડ તો બેસે છે. સમજવા બેસે ત્યારે ક્ષયોપશમની શક્તિ હોય એટલે ઘડ તો બેસે છે પણ જેમ કપડાંની ઘડ ઇસ્ત્રી કરી હોય અને પહેરે ત્યાં ૧ કલાકમાં ઇસ્ત્રી વગરનું દેખાય. ખાદી તો તરત જ ઇસ્ત્રી વગરની દેખાય. આને ઇસ્ત્રી કરી

છે કે નહિ એની જ ખબર પડે નહિ એવી તારી ઘડ હોય છે. અંદરમાં એવી ઘડ રહેતી નથી. એ ઘડ ફરી જતાં, ભૂંસાઈ જતાં વાર લાગતી નથી અને જરાક ઘડ પડે ત્યારે એને એમ થઈ જાય કે મને સમજાઈ ગયું. લ્યો, મને સમજાઈ ગયું, મને સમજાઈ ગયું, મને સમજાઈ ગયું. ભાઈ ! એ ઘડ છે એ ન ભૂંસાય એવી કોઈ ઘડ હોવી જોઈએ. ક્યારે ન ભૂંસાય ? (એ બાબતનો) વિચાર પણ નથી કર્યો હોતો, પ્રયત્ન તો કરે ક્યાંથી !

(કહે છે કે) જે સમજાણું એનો પ્રયત્ન ચાલુ કર્યો કે નહિ ? જે સમજાણું એ અનંતકાળથી નહોતું સમજાણું એવું સમજાણું એની કાંઈ ચોંટ ખાધી છે કે નહિ અંદરમાં ? વાત જો ચોંટ મારીને સમજાણી હોય તો એની ઘડ જલદી ભૂંસાતી નથી, વાત જો ચોંટ મારીને સમજાણી હોય તો એનો પ્રયત્ન ચાલુ થયા વિના રહેતો નથી, પણ જ્યાં સુધી એ પ્રકારે સમજાતું નથી ત્યાં સુધી સમજાયાનો સંતોષ દર્શનમોહની વૃદ્ધિનું કારણ થાય છે. શું (થાય છે) ? દર્શનમોહની વૃદ્ધિનું (કારણ થાય છે). અહીંયાં જ્ઞાનના ક્ષયોપશમમાં ઘડ બેઠી, સાથેસાથે દર્શનમોહ વધાર્યો કે હું સમજ્યો, હું સમજ્યો, હવે મને સમજાણું. એવું આમાં ચાલતું નથી. એવી સમજણવાળું કામ આમાં ચાલતું નથી. એ ઘડ તો તરત જ ભૂંસાઈ જાય એવી દર્શનમોહને લઈને ઊભી થઈ, દર્શનમોહને જન્માવીને ઊભી થઈ એ ઘડ ક્યાં રહેવાની હતી ? એ ઘડ જરાય રહેશે નહિ. એટલે એમાં યથાર્થતા આવતી નથી.

સમજણના કાળમાં પણ યથાર્થતા આવે તો જે સૂક્ષ્મ ન્યાય સમજ્યો હોય એનાથી સ્થૂળ ન્યાયમાં જીવ ભૂલ ન કરે. અને યથાર્થપણે ન સમજાણું હોય તો ક્ષયોપશમ શક્તિને લઈને સમજાય પણ એનાથી સ્થૂળ ન્યાયમાં ભૂલ કરી બેસે. એ એની સમજણની અયથાર્થતાને પ્રસિદ્ધ કરે છે.

પ્રશ્ન :- પાકી ઘડ પાડવા શું કરવું ?

સમાધાન :- પાકી ઘડ પાડવા માટે પ્રયત્ન ચાલુ થવો જોઈએ. જ્ઞાન અને રાગ જુદાં છે તો ઉદયમાં રાગ અને જ્ઞાન બન્નેના પરિણામ ચાલુ છે. એમાં મારો જુદાંપણાનો કાંઈ પ્રયત્ન, મારી સમજણને લાગુ કરવા જેટલો પ્રયાસ પણ એની અંદર કંઈ ચાલે છે ખરો ? કે સમજણ અદ્ધર રહી ગઈ અને અહીંયાં (-રાગમાં) તન્મય થઈ ગયો ? એ સમજણની ઘડ છે એ વગર ભૂંસાયેલી ભૂંસાયેલા જેવી છે. થોડી વખત ધારણામાં

રહે છે, અયથાર્થતા સહિત થોડીવાર ધારણામાં રહે છે પાછી એ ભૂંસાઈ જાય છે.

મુમુક્ષુ :– જ્ઞાન અને રાગ બન્ને છે તો એક જગ્યાએ પરંતુ હવે જરા જુદાં પાડવામાં કઠણ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– કઠણ છે પણ એકમાં આકુળતા છે, શુભાશુભભાવમાં આકુળતા છે, કષાય છે આકુળતા છે એનો સ્વાદ ભિન્ન છે. બન્ને તારી પર્યાયમાં છે એનો અર્થ શું છે ? – કે તને બન્નેનો અનુભવ થાય છે, તો બન્નેના અનુભવને તું તપાસ. તો બન્નેનો સ્વાદ જુદો છે. રસોઈ ખાય છે તો એની અંદરનું ગળપણને જુદું સમજે છો કે આમાં ખટાશ ઓછી પડી છે અથવા આમાં ગળપણ ઓછું પડ્યું છે અથવા આમાં મીઠું વધારે પડ્યું છે, આમાં તીખાશ વધારે પડી છે, આ શાક તીખું લાગે છે અથવા ફીકું લાગે છે, મરચું ઓછું પડ્યું છે. એની અંદર તું સ્વાદભેદે ભિન્નતા કરી શકે છે. દૃષ્ટાંત સ્વાદનો એટલા માટે લઈએ છીએ કે સાથે એક જ જગ્યાએ નાખેલા હોવા છતાં સ્વાદભેદે એની ભિન્નતા પાડે છો. તો અહીંયાં એક જ જગ્યાએ જ્ઞાન અને રાગ છે એનો સ્વાદભેદ જુદો છે, પણ તારા અનુભવનું અવલોકન કરવાનો, તપાસ કરવાનો અભ્યાસ તને વર્તતો નથી એટલે તને એ વિષય સમસ્યા જેવો લાગે છે, કોયડા જેવો લાગે છે અને તને એમ લાગે છે કે આમાં કરવું શું ? પણ આમાં ક્યાંથી શરૂ કરવું અને કેમ શરૂ કરવું ? કરવું શું ? આમાં એમ લાગે છે. સમજાય છે અને કરવું શું એ પ્રશ્ન ઊભો રહે છે. (તો) શું સમજાણું તને ? કરવું શું એ જ સમજાણું નથી એમાં શું સમજાણું ? તું એમ કહે છે કે મને સમજાય છે પણ કરવું શું ? એ પ્રશ્ન છે. તો કરવું શું એ તો સમજાણું નથી તો બીજું સમજાણું એ કાંઈ સમજાણું નથી, એ આપોઆપ નક્કી થાય છે.

મુમુક્ષુ :– ખારા-ખાટાપણાને તો અનુભવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એનો અભ્યાસ છે. ખારા, ખાટાના અનુભવનો અભ્યાસ છે. આ ચીજ પણ અનુભવમાં તો રોજ આવે છે, પણ અવલોકનનો અભ્યાસ નથી તો અવલોકનનો અભ્યાસ કર. અભ્યાસ નથી તો અભ્યાસ કર. એકડો નથી આવડતો તો એકડો શીખવાનો અભ્યાસ કર, બગડો નથી આવડતો તો પછી બગડો શીખવાનો અભ્યાસ કર. સીધી વાત તો એ છે. એમ નથી કે પેલો તો અભ્યાસ છે એટલે ખબર પડે છે અને આમાં અભ્યાસ નથી એટલે મૂકો વાત પડતી. શું કરીએ અમારો

અભ્યાસ નથી. એમ કંઈ પડતું મૂકવાની વાત છે ? અભ્યાસ નથી તો અભ્યાસ કરી શકાય છે.

આપણે ત્યાં છોકરાઓ તૈયાર થાય છે, ૨૦ વર્ષે કે ૨૫ વર્ષે જ્યારે તૈયાર થાય ત્યારે કે ભણી ઊતર્યો છે ભાઈ. હવે એને ધંધો શીખડાવવો જોઈએ. બાપનો ધંધો હોય કે નવો ધંધો હોય અભ્યાસ નથી એ વાત નક્કી છે. ભણ્યો તો ખરો, પણ (ધંધાનો) અભ્યાસ નથી એટલે ઘરનો ધંધો નહિ થાય કેમકે અભ્યાસ નથી - એમ કંઈ મૂકી દ્યે છે ? ભાઈ ! અત્યાર સુધી તેં નિશાળમાં ભણવાનો અભ્યાસ કર્યો, હવે તું ધંધો શીખવાનો અભ્યાસ કર. આ દુકાન તૈયાર છે, તું થડે બેસ. બહુ બહુ તો તું ક્યાંક છેતરાઈશ કામ કરતાં. લેતાં-વેચતાં ક્યાંક તું છેતરાઈશ, કાંઈ વાંધો નહિ. પણ એ છેતરાઈશ એમાં આપણને શીખવાની ફી લાગી છે એમ સમજીશું. જરાક નુકસાન જશે તો મન કેવી રીતે વાળે છે ? - કે આમેય તને કોલેજમાં મોકલતા હતા ત્યારે ફી ભરતા હતા, તો અહીંયાં તો વગર ફી એ ભણવાનું છે. કદાચ તું છેતરાઈ જઈશ તો એટલી આપણે ફી દીધી છે એમ સમજીશું પણ શીખવાનું તો મળશે કે કેમ છેતરાઈ ગયો ? તો ત્યાં તો કેટલી તૈયારી રાખે છે ? નુકસાન જાય તોપણ શીખવું છે. શીખવા માટે કરીને નુકસાન મંજૂર છે.

અહીં એટલી તૈયારી જોઈએ કે નહિ ? - કે ભલે મને કઠણ લાગે, ભલે મને તકલીફરૂપ લાગે, ભલે મને નથી આવડતું એવું લાગે પણ જેનું એક જ લક્ષ છે કે મારે આ કામ કરવું જ છે, જેનો એક નિર્ણય છે કે મારે આ કામ કરવું જ છે, એને માટે એટલું અઘરું નથી, કઠિન નથી. એને માટે તો જ્ઞાનીઓ એમ કહે છે કે સુગમ છે. અમે તને કહીએ છીએ કે હવે તારા માટે સુગમ છે.

પ્રશ્ન :- બન્નેની જાતિ ઓળખવી એ કેવી રીતે ?

સમાધાન :- બન્નેની જાતિ ઓળખવી. ઓળખવા માટે એનો પરિચય કરવો. પરિચય કરવો એટલે પોતાના ચાલતા અનુભવને વારંવાર તપાસવો. જેમ જેમ તપાસશે તેમ તેમ એને પરિણમનના અનેક પાસાં જ્ઞાનગોચર થશે, સમજણગોચર થશે. અનેક પાસાં સમજાશે કે આ શુભભાવ થયો કે આ અશુભભાવ થયો એમાં રસ પડ્યો. ઘણો રસ પડ્યો એટલે ટાઇમ કેટલો ગયો એની ખબર રહી નહિ. એ રસ આટલો બધો પડ્યો એનું શું કારણ ? એનું એવું શું મૂલ્ય આપ્યું ? એમાં સુખની કલ્પના

શું થઈ ? કેટલા સુખની કલ્પના થઈ ? કેવી રીતે થઈ ? સુખ નથી ને સુખ કેવી રીતે કલ્પાઈ જાય છે ? આ બધી વિચારણા એમાંથી જાગશે. એના બધા પાસાં સમજવા માટેની વિચારણા ઊભી થશે. ફરી ફરીને એ પોતાના ભાવને તપાસશે અને જ્યારે એ શુભાશુભભાવને અને જાણનાર એવા જ્ઞાનભાવ મીંઢવશે, જ્યારે બે વચ્ચે મીંઢવણી કરશે ત્યારે એને એમ લાગશે કે આ બેનો મેળ ખાતો નથી. જાણનાર ભાવ અને શુભાશુભભાવ (અર્થાત્) નહિ જાણનાર ભાવ બન્નેનો મેળ ખાતો નથી. આની જાત જુદી છે, આની જાત જુદી છે.

વળી અસ્તિત્વ ક્યાં છે ? એ વાત એને તપાસતાં જ સમજાશે. તપાસ્યા વિના એનું અસ્તિત્વ ગ્રહણ થતું નથી. અનાદિનું રાગાદિ ભાવમાં 'હું'પણારૂપ અસ્તિત્વનું ગ્રહણ થઈ ચૂકેલું છે અથવા વિભાવમાં, અન્ય સ્થાનમાં, અસ્થાનમાં અસ્તિત્વ ગ્રહણ ચાલ્યું આવે છે. હવે જ્યારે એ જ્ઞાનને તપાસશે ત્યારે એને ખ્યાલ આવશે કે હું... હું... હું... હુંપણું મારી હયાતી તો જ્ઞાનમાં છે. રાગ તો પ્રતિબિંબ થતી ચીજ છે. રાગ તો મારામાં પ્રતિબિંબ થતી અન્ય ચીજ છે. રાગ તો પર છે. હુંપણું એમાં (–રાગમાં) થાય છે એ ભૂલ થાય છે.

આ જે અસ્તિત્વની ફેરબદલી Change of Allignment જેને કહેવામાં આવે છે. સમજ્યાં ? અસ્તિત્વની ફેરબદલી એ ભેદજ્ઞાનની મૂળભૂત પ્રક્રિયા છે. ભેદજ્ઞાનની મૂળભૂત કોઈ પ્રક્રિયા હોય તો અસ્તિત્વની ફેરબદલી છે. જ્યાં અસ્તિત્વ ફર્યું કે હું જ્ઞાનમાં છું તો થતાં રાગમાં કર્તાપણું નહિ આવે. એ તો એમાં અભેદભાવે અસ્તિત્વ પકડ્યું છે એટલે કર્તાપણું આવે છે. નવો ચમત્કાર ઊભો થશે કે રાગ થશે (છતાં) રાગને જાણું છું પણ કરતો નથી. થતાં રાગને જાણું છું પણ હું કરતો નથી. એ પ્રકાર એને જ્ઞાનમાં અહંપણું, જ્ઞાનમાં ઊર્ધ્વપણું, જ્ઞાનમાં મૂખ્યપણું આવતાં આપોઆપ એ ભાવ ઊભો થશે અને બન્નેનું જે જોડાણ છે એ જોડાણમાં પ્રજ્ઞાછીણી બે જુદાં પાડવાનું કાર્ય કરશે, એને પ્રજ્ઞાછીણી પટકી એમ કહે છે. પટકવાનો ભાવ એટલા માટે લીધો છે કે ત્યાં જોરથી કાર્ય થાય છે. વાત કરવામાં શબ્દોનું ભાષાનું પરિણમનનું જેટલું મંદપણું દેખાય છે એવું ત્યાં પરિણામ નથી એમ ત્યાં કહે છે. 'પટકવી' શબ્દ લીધો છે.

'સમયસાર' ૨૯૪ ગાથામાં એ વિષય ચાલ્યો છે. આચાર્ય મહારાજે ત્યાં 'પટકવી' શબ્દ લીધો છે. પટકે એટલે જોરથી છીણીનો ફટકો મારે છે, જોર કરે છે. 'આ જ્ઞાન

તે હું છું' એમાં જોર આવે છે. ભિન્ન જ્ઞાનનું જોર છે એ એને શુભાશુભ રાગથી જુદો પાડી દ્યે છે. કેમકે શુભાશુભ રાગમાં રાગ અને જ્ઞાન જુદાં હોવા છતાં રાગના અત્યંત રસે કરીને એકત્વ થઈ ગયું છે. મફતનું એકત્વ વર્તતું નથી. સહજપણે એક થઈ જાય છે. વિકલ્પ કરવો પડતો નથી કે હું રાગ સાથે એકતા કરું, શુભાશુભ ભાવ સાથે એકતા કરું, એ શું સૂચવે છે ? – કે એના રસને સૂચવે છે. રસ સાથે ઉત્પન્ન થતાં એના વેગને એટલે પુરુષાર્થને પણ એ સૂચવે છે. એ ઊંધો પુરુષાર્થ છે. જેટલા જોરથી ઊંધો પુરુષાર્થ થયો છે તેથી વધુ જોરથી સવળો પુરુષાર્થ ચાલે તે 'દી (અને) ત્યારે ઊંધું કાર્ય થતું બંધ થાય, ત્યાં સુધી ઊલટું કાર્ય થતું બંધ થઈ શકે નહિ.

'સોગાનીજી'એ ત્રીજા ભાગમાં દષ્ટાંત આપ્યો છે કે દ્રવ્યલિંગી મુનિને વીર્ય ગુણનો ક્ષયોપશમ ઘણો છે, એનો પુરુષાર્થનો ઉઘાડ ઘણો છે. ક્ષયોપશમ એટલે ઉઘાડ. જ્ઞાનનો ક્ષયોપશમ તે જ્ઞાનનો ઉઘાડ છે, એમ વીર્યનો ક્ષયોપશમ એ પુરુષાર્થનો ઉઘાડ છે. એટલે પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, ૨૮ મૂળગુણ મિથ્યાત્વદશામાં સહેજે સહેજે પાળી શકે છે એટલો પુરુષાર્થ છે એનો, પણ એ સવળો નથી. પુરુષાર્થના ઉઘાડની કિંમત નથી, પુરુષાર્થ કઈ દિશામાં લાગે છે એના ઉપર પુરુષાર્થનું મૂલ્યાંકન છે. ત્યાં એમણે એમ કહ્યું કે દ્રવ્યલિંગી મુનિએ જેટલા જોરથી દ્રવ્યલિંગીની અવસ્થામાં મિથ્યાત્વને પકડી રાખવાનો પુરુષાર્થ કર્યો છે એથી અધિક પુરુષાર્થ જ્યારે પોતાના આત્મા પ્રત્યેનો અંતર્મુખનો કરશે ત્યારે એનું મિથ્યાત્વ છૂટશે, ત્યાં સુધી એનું મિથ્યાત્વ છૂટશે નહિ.

એટલે 'શ્રીમદ્જી' કહે છે કે જો દિશા યથાર્થ ન પકડાણી તો તારો જ્ઞાનનો ક્ષયોપશમ, તારો ચારિત્રનો ક્ષયોપશમ, તારો વીર્યનો ક્ષયોપશમ એ ભવભ્રમણ વૃદ્ધિનું કારણ થશે. શું (થશે) ? ભવભ્રમણ વધી જવાનું કારણ થશે. એ તને ભવ મટવાનું કારણ થાશે નહિ. એમ કહીને સત્પુરુષોએ યથાર્થતા ઉપર બહુ વજન દીધું છે. સમજ્યો એટલે સમજણની ઘડ બેઠી એટલે તું માનીશ નહિ કે મને સમજાઈ ગયું. યથાર્થતા આવી છે કે નહિ એની પહેલી તપાસ કરવી પડશે. જો યથાર્થતા નહિ આવી હોય તો તારી સમજણ તને ભવ વૃદ્ધિનું કારણ થશે, તારો પુરુષાર્થ તને ભવ વૃદ્ધિનું કારણ થશે, તારું ચારિત્ર–ઊંધું ચારિત્ર; ભલે લોકો એમ કહેશે કે બહુ ત્યાગ કરે છે, ઘણો ત્યાગ વર્તે છે, એણે વ્રત લીધું છે, ભાઈ ! તને એ ભવ વૃદ્ધિનું કારણ થશે અને

અમૂલ્ય ચિંતામણિ રત્ન સમાન જેનો એક સમય છે એવો મનુષ્યભવ હારી જઈશ ! મોટી વાત તો આ છે.

જ્ઞાનીઓને જે અફસોસ થાય છે એ આ વાતનો અફસોસ થાય છે કે અરેરે..! આવો મનુષ્યભવ જેમાં કાર્ય – સાધન સુગમપણે થઈ શકે, એ પોતાની બેદરકારી, અસાવધાની અને ભૂલને કારણે આખો ભવ હારી ગયો. એક ભવ હારી ગયો નથી, અનંતભવ હારી ગયો છે. પછી તો ક્યાંય પત્તો લાગે એવું બનતું નથી.

મુમુક્ષુ :– વ્યાપકતાનો જે વિષય ચાલ્યો હતો કે પરદ્રવ્યમાં હું વ્યાપતો નથી, અસ્તિત્વની તપાસ કરી તો એમાં એ પકડાશે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમાં એ વ્યાપકતાનું પડખું પકડાશે. તપાસ કરશે ત્યારે ચાર પડખાં પકડાશે. પ્રશ્ન કાઢયો છે તો ઠીક છે.

(૧) એક તો મારા જ્ઞાનની વ્યાપ્તિ મારા જ્ઞાનમાં છે અને જ્ઞેયરૂપ શુભાશુભભાવમાં નથી. આ અંતર તપાસમાં પકડાશે.

(૨) વળી જ્ઞાનમાં સ્વચ્છત્વ હોવાથી જ્ઞાનમાં જ્ઞેયનું પ્રતિબિંબ પડે છે, રાગમાં જ્ઞાનનું પ્રતિબિંબ પડતું નથી. જ્ઞાનમાં રાગનું પ્રતિબિંબ પડે છે એ જ્ઞાનનું સ્વચ્છત્વ, શુદ્ધત્વ છે. એ એની ગર્ભિત શુદ્ધતા છે. એ કેવળજ્ઞાન થઈને પરિણમશે. એ ગર્ભિત શુદ્ધતા છે. ગ્રંથી ભેદ થયા પછી આગળ ચાલશે પણ ગર્ભિત શુદ્ધતા સ્વીકારવી જોઈએ.

(૩) ત્રીજું, જ્ઞાનની વેદકતા છે કે જ્ઞાન જ્ઞાનપણે વેદાય છે. વેદન વેદવાનો જ્ઞાનનો જે સ્વભાવ છે એ જ્ઞાનની વેદકતાથી, જ્ઞાન જ્ઞાનની વેદકતાથી સર્વ અન્ય દ્રવ્ય-ભાવથી જુદું પડે છે. કેમકે અન્ય દ્રવ્ય-ભાવને વેદી શકાતા નથી. એટલે એ ભિન્ન પડે છે. અને

(૪) આવું જે મારું જ્ઞાન છે તે સ્વરૂપે કરીને, સ્વભાવે કરીને અત્યંત પ્રત્યક્ષ છે, એકદમ પ્રત્યક્ષ છે. એની જ્યાં પ્રત્યક્ષતા તને જણાશે (ત્યાં) પુરુષાર્થ અંદરથી ઉછાળો ખાઈને સીધો આત્માને પકડવા બાજુ જશે. પ્રત્યક્ષતાનો વિષય તો બહુ જોરને ઉત્પન્ન કરે છે કે અરે..! હું આવો પ્રત્યક્ષ છું !! ખલાસ ! એ ચાલતા જ્ઞાનની પરોક્ષતાને તોડી નાખશે. મતિ-શ્રુતમાં રહેલું જે પરોક્ષપણું, જ્ઞાનનું વિભાવપણું છે એને એ તોડી નાખશે.

એ ભેદજ્ઞાનની અંદર આ ચાર વાત જ્ઞાનને તપાસતાં એને એ ચારેય પડખેથી જ્ઞાન સમજાશે. બીજી રીતે કહીએ તો જ્ઞાનનું સ્વભાવિક સ્વરૂપ ચારે પડખેથી એને સમજાશે એટલે સાંગોપાંગ સમજાશે અને એના કાર્યની સિદ્ધિ થયા વિના રહેશે નહિ. એવો એ ભેદજ્ઞાનનો વિષય છે. બહુ ઊંડો વિષય છે. (સમય થયો છે).

**(તત્ત્વદૃષ્ટિના અભાવમાં) જગતની રચના જીવને મૂંઝવણ, આકુળતા અને અસમાધાન થાય અથવા અસત્યનો આગ્રહ થાય તેવી છે.**

**('અનુભવસંજીવની' બોલ નં.૬)**

*

**અનંતકાળથી સ્વરૂપનો (સ્વભાવનો) પરિચય ન હોવાથી વિભાવ સહજ થઈ ગયો છે. તેથી સુદીર્ઘકાળ સુધી સત્સંગમાં રહી 'બોધ ભૂમિકાનું' સેવન થતાં, 'વિભાવની સાધારણતા' ટળે અને સ્વરૂપની સાવધાની આવે. (શ્રીમદ્જી)**

**('અનુભવસંજીવની' બોલ નં.૭)**

*

**કોઈપણ ઉદયપ્રસંગમાં તીવ્ર રસે કરીને ન પ્રવર્તાય અથવા વધારે ચિંતાપૂર્વક ન પ્રવર્તાય તેમ કરવું અથવા થવું તે જ્ઞાનીના માર્ગમાં પ્રવેશવાનું દ્વાર છે. તે ત્યારે જ થઈ શકે કે સર્વ ઉદયપ્રસંગો 'આત્માથી સૌ હીન / ભિન્ન' નિશ્ચિત થયા હોય અને તેની કિંમત અભિપ્રાયમાંથી ગઈ હોય, નહિ તો ઉદયભાવનો રસ ઊપજ્યા વિના રહેતો નથી; કે જે આત્મરસનો પ્રતિબંધક છે. વિભાવરસ સ્વભાવરસને ઊપજવા દેતો નથી.**

**('અનુભવસંજીવની' બોલ નં.૮)**

## તા. ૩-૧૦-૧૯૮૭, વચનામૃત–૧૯૭
## પ્રવચન નં. ૧૪૯

વચનામૃત ૧૯૭. ૬૨ પાનું. ભેદજ્ઞાન આત્મસિદ્ધિની એક વિધિ છે. સૂક્ષ્મ ઉપયોગનું એ કાર્ય છે. પૂર્વ શરત એ છે કે રાગની રુચિથી છૂટીને અને બાહ્ય પદાર્થોમાંથી સુખબુદ્ધિ છોડીને સ્વરૂપ પ્રાપ્તિની અત્યંત ભાવના સહિત. અસ્તિ-નાસ્તિથી આટલી શરત છે.

જે જીવ ઉપયોગને રાગ અને જ્ઞાન એટલે પોતાની વચ્ચે, જ્ઞાન પોતે જ છે. રાગથી પોતાનું જુદાંપણું ઉપયોગની સૂક્ષ્મતાએ કરીને અંતરંગ સૂક્ષ્મ અનુભવદૃષ્ટિ દ્વારા સ્વરૂપના અત્યંત મહિમા, અત્યંત રસ ને અત્યંત પુરુષાર્થપૂર્વક જુદું પાડે છે, ત્યારે એને ભેદજ્ઞાન થાય છે. એ ભેદજ્ઞાન છે એ કેવળજ્ઞાનને સાધનાનું મૂળ કારણ છે. પોતાના સર્વજ્ઞ સ્વભાવના આશ્રયે આ ભેદજ્ઞાન થાય છે. તેથી તે સર્વજ્ઞ સ્વભાવને પ્રગટ કર્યા વિના રહેશે નહિ.

કોના આશ્રયે થાય છે ? પરિણામમાં એટલું જોર ક્યાંથી આવ્યું ? – કે પોતાનો સર્વજ્ઞ સ્વભાવ જોયો ત્યાંથી આવ્યું. સર્વજ્ઞ સ્વભાવ હતો અનાદિથી, એમાં સામર્થ્ય હતું અનાદિથી પણ જ્યારે પોતે એને જોયું, એની હયાતી સ્વીકારી, જોઈને એની હયાતીને સ્વીકારી ત્યારે એ બળ પ્રગટ થયું, ત્યારે જોર પ્રગટ થયું. એટલે જ્ઞાનની પ્રજ્ઞાછીણીને અંદર પટકી એમ કહેવામાં આવે છે.

**'ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી...'** એટલે સૂક્ષ્માતિસૂક્ષ્મ જ્ઞાન સ્વભાવને સ્વ-રૂપે ગ્રહણ કરીને, **'તે બંનેની...'** એટલે પોતાની અને રાગના જોડાણ વચ્ચે **'સાવધાન થઈને તેનો પ્રહાર કરવો.'** સાવધાન થવું એટલે આડુંઅવળું નિશાન જાય નહિ, એને એ કાર્યની સાવધાની કહેવામાં આવે છે. જે કાર્ય સાવધાન થઈને કાળજીથી કરવાનું

હોય તેમાં એટલા માટે એ કાળજી લેવામાં આવે છે કે બેકાળજીથી જો એ કામ કરવામાં આવે, થોડીક ભૂલ થાય (તો) આખું કામ બગડી જાય. થોડીક ભૂલ થાય, થોડુંક કામ બગડે ત્યાં સુધી તો એટલી કાળજી લેવામાં આવતી નથી પણ થોડી ભૂલ થાય અને આખું કામ બગડે તો પૂરેપૂરી કાળજીથી એ કામ કરવું પડે છે.

અહીંયાં ઉપયોગ રાગ ઉપર જતો હતો અને રાગને અધિકતા અપાતી હતી. હવે સાવધાન થયો કે ભલે રાગ જોડે જ છે, જ્ઞાન ઉપયોગની જોડે બાજુમાં જ રાગ છે છતાં એનું અવલંબન લેવું નથી, સાથે ચાલતાં રાગનું અવલંબન લેવું નથી. પોતાના જ્ઞાન સ્વભાવને જ અધિકપણે રાખીને એનું અવલંબન લેવું છે. છે બાજુ બાજુમાં. સાવધાની એટલી છે કે ખસીને બાજુમાં જાવું નથી. માણસ એમ કહે ને કે પર્વતની ટોચ ઉપર એક દોરાવારનો ફેર પડે તો જાય ખીણમાં. આ તો એક દોરાવારથી પણ સૂક્ષ્મ ફેર છે. કેટલો ફેર છે? એથી પણ સૂક્ષ્મ ફેર છે. કેમકે જે આત્માની અવસ્થામાં જ્ઞાન છે એ જ આત્માની અવસ્થામાં રાગ છે. અવસ્થા કંઈ બીજી નથી. તેની તે જ અવસ્થામાં રાગ છે. છતાં ખસીને રાગ ઉપર જવું નથી, ઊલટાનું ખસીને જ્ઞાનસ્વભાવ ઉપર આવવું છે. ત્યાં ને ત્યાં છે. એક દોરાવારનું પણ અંતર નથી. ત્યાં ને ત્યાં છે, એક જ સમયમાં છે, એક જ ક્ષેત્રમાં છે, એક જ જગ્યાએ છે અને એનું જ પરિણમન હોવા છતાં અવલંબન ફેરવવું છે, આધાર બદલવો છે.

પ્રશ્ન :– એક જ જગ્યાએ બે જણા કેમ રહી શકે છે ?

સમાધાન :– અરે...! અનંત ગુણની પરિણતિ રહે છે. એક દ્રવ્યની પરિણતિમાં એ બધો ગોટાળો છે. જ્ઞાન અને રાગ બન્ને એક દ્રવ્યની પરિણતિમાં છે, એમ છે ખરેખર તો. આવું છે. એ આત્માના વસ્તુના સ્વરૂપમાં એક વિચિત્રતા છે. આત્મા મેચક પણ છે ને આત્મા અમેચક પણ છે. આ વસ્તુના સ્વરૂપની વિચિત્રતા છે. એમ આત્મામાં જ્ઞાન પણ પરિણમનરૂપ થાય છે અને રાગ પણ પરિણમનરૂપ થાય છે એ એની વિચિત્રતા છે એમ કહેવું છે.

મુમુક્ષુ :– મેચકપણું તો જ્ઞાનગુણમાં હોય.

પૂજ્ય ભાઈશ્રી :– મેચક એટલે ચલિતપણું. અમેચક એટલે સ્થિરપણું. જે પર્યાય અંગ છે એ વિચલિત અંગ છે. એકધારી પર્યાય કોઈ રહેતી નથી. એ હલચલ થયા કરે છે. અનેકરૂપતા એમાં દેખાય છે. જ્યારે ત્રિકાળી સ્વરૂપમાં આત્મા એકરૂપ છે.

અહીંયાં એનું અનેકરૂપ જોવામાં આવે છે. એક જ પદાર્થમાં એકરૂપપણું પણ છે અને એક જ પદાર્થમાં વિશ્વરૂપપણું પણ છે. અનેકરૂપપણું એટલે કેટલું છે ? – કે જગતના વિશ્વનાં જેટલાં પદાર્થો થાય એના આકારો અંદર ઝળકે. બન્ને વારાફરતી છે કે નહિ ? એક જ ક્ષેત્રમાં એક જ કાળે છે.

આત્મજ્ઞાન અન્યમતમાં નહિ થવાનું આ કારણ છે કે આ વાત સ્વીકારી શકાય એવું નથી કે તમે કહો કે જ્યાં એકરૂપપણું છે ત્યાં અનેકરૂપપણું છે, જ્યાં નિત્યપણું છે ત્યાં અનિત્યપણું છે, જ્યાં જ્ઞાન છે ત્યાં જ રાગ છે, જ્યાં એકપણું છે ત્યાં અનેકપણું છે. આ વાત કેવી રીતે ગળે ઊતરે ? એટલે કોઈ એકને પકડે છે અને કોઈ અનેકને પકડે છે. જેને જે બુદ્ધિમાં આવે છે તે પકડે છે. અને એ સામાન્ય બુદ્ધિથી પાર જે આ વિષય છે એ ગ્રહણ કરવો અરૂપી તત્ત્વ હોવાથી મુશ્કેલ પડે છે. એમાં ગુરુગમ જોઈએ છે અથવા સર્વજ્ઞ અનુસારી વાણી જે છે એની જે આખી લાઇન દોરી છે, નય, પ્રમાણ, નિક્ષેપની જે સમજવાની પદ્ધતિ છે એ પદ્ધતિ ક્યાંય નથી, વ્યવસ્થિત પદ્ધતિ ક્યાંય નથી.

**'ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી...'** એટલે સૂક્ષ્મ સ્વભાવને ગ્રહણ કરવા ધારદાર ઉપયોગ જોઈએ. એને અંતર્મુખ વાળીને, સાવધાનીથી એને અંતર્મુખ વાળીને રાગ અને જ્ઞાન વચ્ચે જુદાંપણું છે એવો જોરથી અનુભવ કરવો એને પ્રહાર કરવો એમ કહે છે. પહેલાં પટકવું એમ કહ્યું હતું. હવે પ્રહાર કરવો એમ કહ્યું. એ બન્ને શબ્દો એમ બતાવે છે, એનું વાચ્ય એ છે કે આવું પરિણમન આત્માના અંતર્મુખના ઘણાં જોરમાં ઉત્પન્ન થાય છે. પ્રવેશકાળ જોરથી છે એમ કહેવું છે. આ તો પ્રવેશકાળ છે ને ! મોક્ષમાર્ગનો પ્રથમ પ્રવેશકાળ છે. એ પ્રથમ પ્રવેશકાળ જોરપૂર્વક હોય છે. જોર સહિત એમાં પ્રવેશ કરવાનું બને છે. ધસીને આત્મામાં જવાનું થાય છે. અત્યાર સુધી ધસીને રાગમાં જતો હતો અને પરમાં જતો હતો, હવે એથી વધારે જોરથી, જેટલા જોરથી જતો હતો એનાથી વધારે જોરથી, કેમકે નહિતર તો ત્યાંથી છૂટવું મુશ્કેલ છે, જીવને અનાદિથી ત્યાંથી છૂટવું મુશ્કેલ છે, એથી વધારે જોરથી અંતરમાં પ્રવેશ કરવાનું થાય છે. એટલે એમ કહે છે કે આ પ્રજ્ઞાછીણીને પટકવી, પ્રજ્ઞાનો પ્રહાર કરવો. એમ લીધું છે આમાં.

એક બાજુ એમ કહે છે કે આવું જે ધર્મનું પરિણમન છે, ભેદજ્ઞાનનું પરિણમન

છે એ શાંતસ્વરૂપ છે. કેવું છે ? શાંતસ્વરૂપ છે, અકષાયસ્વરૂપ છે. બીજી કોર એમ કહે છે કે અંદર એનો પ્રહાર કરવામાં આવે છે. અશાંતિનો વિષય નથી. પ્રહાર કરવામાં આવતો હોવા છતાં પણ એ અશાંતિનો વિષય નથી. એ અંદરનો સંવેગ છે. અંદરમાં સમાવાનું શમરૂપ શાંતિ છે અને અંદરમાં જોરથી અંતર્મુખ થવાનું જે જોર છે એને સંવેગ કહેવામાં આવે છે. પરની ઉપેક્ષા, પર તરફનો રસ ઊડી જવો એને નિર્વેદ કહેવામાં આવે છે. સમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા. સમ્યગ્દર્શનનાં પાંચ અંગ લીધા છે. આસ્થા પોતાના સ્વરૂપ અસ્તિત્વની મોજૂદગીનું ગ્રહણ (થવું) એ અનંત સામર્થ્યની શ્રદ્ધા, વિશ્વાસ, પ્રતીતિ, આસ્થા છે. પોતાને બચાવવો અને સર્વ પ્રાણીને બચાવવા એવી અનુકંપા છે. પોતાને પણ દુઃખથી છોડાવવો, બીજા જીવો પણ દુઃખથી છૂટે એજ સ્વ-પરની ભાવના રહેવી એ અનુકંપા છે.

એટલે કહે છે કે **'ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી તે બંનેની સંધિમાં સાવધાન થઈને તેનો પ્રહાર કરવો.'** સાવધાન થઈને એટલે ? હવે એનો અર્થ કરે છે. **'સાવધાન થઈને એટલે બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને,...'** બરાબર લક્ષણ વડે એને જ ગ્રહણ કરીને. જરાક આઘો જાય તો મિથ્યાત્વ થાય, આમ છે.

'વ્યાખ્યાનસાર'માં 'શ્રીમદ્જી'એ નયાભાસમાં એ વાત લીધી છે કે નયના વિષયથી જરાક આઘો જાય તો નયાભાસ થાય. અહીં નિશ્ચયનયનો વિષય છે કે નિશ્ચયનયના વિષયભૂત જ્ઞાનમય સત્તાધારી, જ્ઞાનમય જેની સત્તા છે એવો જે પોતાનો આત્મા–પરમાત્મા છે તે જ હું એમ નયથી–શુદ્ધનયથી શુદ્ધ સ્વરૂપનું શુદ્ધ ચૈતન્યમાત્રનું જ આલંબન લેવું. એટલી સાવધાની બરાબર રાખવાની છે. જોડે રાગ છે એ રાગને છોડી દેવો. રાગથી ઉપેક્ષિત થઈને પોતાના પરિણમનમાં હોવા છતાં સ્વભાવને જોતાં એ સ્વભાવ દ્વારા કરી શકાતો નથી કે ભોગવી શકાતો નથી અને એ સ્વભાવ અપેક્ષાએ પર છે. એવું એનું પરપણું એમાં પણ જરાય આઘુંપાછું નહિ રાખીને. એ નયનો વિષય છે, અશુદ્ધનયનો વિષય છે. જરાય એમાં આઘુંપાછું નહિ. સર્વથા એનું પરિણમન ન માને તો એની ઉપેક્ષા કરવાનો પ્રશ્ન નથી. એનું જ પરિણમન માનીને બેસી જાય તો એકત્વ છૂટે નહિ. અનાદિનું એકત્વ છે. જરાક આઘોપાછો થાય એટલે નયાભાસ થઈ જાય.

'હું'પણે અનુભવ કરે તે જૂઠ છે, પણ વસ્તુ તરીકે એના પરિણમનનું અંગ છે,

એ કંઈ જૂઠ નથી. શાસ્ત્રમાં એને જૂઠ કહ્યું છે કે રાગ જૂઠો છે. કેવી રીતે જૂઠો છે ? કે 'હું'પણે અનુભવાય છે એ રીતે તો રાગ જૂઠો છે, એમ વસ્તુનું સ્વરૂપ નથી. પણ રાગ રાગપણે સત્ય છે એ કંઈ જૂઠો નથી. એમ અંતરમાં ઉપયોગને સૂક્ષ્મ કરીને બરાબર લક્ષણ વડે ઓળખીને જુદાં પડવું.

અહીંયાં એનું અબરખના પડનું દૃષ્ટાંત આપે છે. **'અબરખના પડ કેવા પાતળા હોય છે,...'** અબરખ થાય છે ને ? 'રાજસ્થાન'માં થાય છે. પડ હોય છે, એક પછી એક પછી એક એના પડ હોય છે. પાતળા Transparent હોય છે. ખાસ કરીને Electric સાધનોમાં વપરાય છે. કોઇલની આજુબાજુમાં મૂકવામાં આવે છે. ઇસ્ત્રીમાં, ટોસ્ટરમાં ઇ બધા અંદરથી નીકળે છે. પાતળા પડ હોય છે. કાગળ જેવા પાતળાં પડ હોય છે. બે ન લાગે એક જ લાગે. બે પડ હોય તો એક લાગે. કેમકે એનું પારદર્શકપણું ઘણું છે.

એ **'અબરખનાં પડ કેવાં પાતળાં હોય છે, ત્યાં બરાબર સાવધાનીથી એને જુદાં પાડે,...'** જ્યારે એને જુદાં પાડવા હોય તો જો ઘણ મારીને જુદાં પાડે (તો) થાય ભૂકો. પડનો પડ તરીકે કોઈ ઉપયોગ રહે નહિ. એને જુદાં પાડવા માટે બે પડની સાંધ વચ્ચે કોઈ એવું ધારદાર, સૂક્ષ્મ ધારદાર હથિયારથી એને ખોલે અને બેને જુદાં પાડે. એના કરતાં આ સૂક્ષ્મ છે એમ કહેવું છે.

અબરખના પડની સંધિ કરતાં પણ આ સંધિ જરા સૂક્ષ્મ છે કેમકે અનાદિનું રાગ ને જ્ઞાન એક કાળે થાય છે. રાગમાં જ્ઞાન પ્રતિબિંબિત થાય છે. જ્ઞાનને ચૂકેલો છે, રાગ તે હું એમ અભેદભાવે રાગનો 'હું'પણે, કર્તાપણે, ભોક્તાપણે અનુભવ કરી રહ્યો છે. એને 'હું'પણે થઈ જ જાય છે ત્યાં કેવી રીતે જુદાં પાડવા ? પ્રશ્ન એ થાય છે કે જુદાં પાડવાનો વિચાર આવે પણ રાગ તો 'હું'પણે અનુભવાય જ જાય છે. વિચાર શું કરે ? વિચાર પહેલાં તો અનુભવ થઈ ગયો હોય. નવો આવવાનો છે એની કાંઈ ખબર નથી કે કેવો રાગ આવવાનો છે. જૂનાની ખબર પડે એ પહેલાં તો 'હું'પણે અનુભવ થઈ જાય છે. કરવું શું ? એ અનુભવ 'હું'પણે થઈ જાય છે અને વિચારથી વિચારતાં એ વાત જરા કઠણ પડે છે, અઘરી લાગે છે કેમકે એ સ્થૂળ વિચાર છે.

અહીંયાં તો પહેલેથી સૂચના છે કે સૂક્ષ્મ ઉપયોગ કરીને. સિદ્ધાંતમાં 'તેમ કરીને'

લીધું ને ? તેમ કરીને લીધું કે **'સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ-વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ.'** સ્થૂળ ઉપયોગે કામ નથી થતું. આમ તો સત્પુરુષોની એ આજ્ઞા છે, જ્ઞાનીઓની એ આજ્ઞા છે કે સત્‌શાસ્ત્રનો સ્વાધ્યાય પણ સૂક્ષ્મ ઉપયોગે કરવો, સ્થૂળ ઉપયોગે ન કરવો, ચંચળ ઉપયોગે ન કરવો. બીજા કામની ચિંતામાં હોય, બીજી ઉપાધિની ચિંતામાં હોય અથવા રસ બીજે રહેતો હોય ત્યારે એને સ્વાધ્યાયમાં ઉપયોગ લાગતો નથી અથવા બહુ ઉપરછલ્લો ઉપયોગ લાગે છે. એ પ્રકારે શાસ્ત્ર અધ્યયન અને સ્વાધ્યાય પણ કરવા યોગ્ય નથી.

ઇન્દ્રિયજયપૂર્વક એટલે કે પાંચ ઇન્દ્રિયોના વિષયોના રસને ફિક્કો પાડીને સૂક્ષ્મ ઉપયોગે શાસ્ત્રમાં નિરૂપિત વિષયનું અવગાહન કરવા યોગ્ય છે. ઉપર ઉપરથી વાંચી જવું એને અવગાહન ન કહેવાય. સૂક્ષ્મ ઉપયોગે એના વાચ્ય સુધી ઉપયોગ લંબાઈ જાય એટલી સૂક્ષ્મતાએ, વાચક ઉપરથી એના વાચ્ય સુધી ઉપયોગ લંબાય એવા સૂક્ષ્મ ઉપયોગે શાસ્ત્ર અધ્યયન કરવું.

ભેદજ્ઞાનનો વિષય તો એનાથી પણ સૂક્ષ્મ છે વળી. આ તો હજી બહારના સ્વાધ્યાયનો Discipline છે. શું છે આ ?... જેમકે ભણવું હોય તો માસ્તર એકડીયામાં બેસે તો કહે અદબ પલોઠીવાળીને બેસો. શું છોકરાઓને શીખવાડે ? કેમકે કોઈ નાનાં બાળકો છે કોઈ આમ લાંબો પગ કરીને બેઠો હોય ને કોઈ પગ ઉપર પગ ચડાવીને બેઠો હોય, અઢેલીને બેઠો હોય ને કોઈ ડોક વાંકી કરીને બેઠો હોય તો કે નહિ, અદબ પલાંઠીવાળીને બેસો. (એ) શિસ્ત છે. જો તમારે વિદ્યા લેવી હોય તો વિદ્યા લેવાનું એ શિસ્ત છે. અત્યારે તો પરિસ્થિતિ જ જુદી છે. અત્યારે તો જેની પાસેથી વિદ્યા લેવી હોય એને માસ્તરને જ હેરાન કરે. કૉલેજમાં તો બધું જોવામાં આવે છે અને ધર્મ સ્થાનકોમાં પણ જોવામાં આવે છે. તો આ બધી પરિસ્થિતિ આખી ઊલટી છે.

અહીંયાં તો સામાન્ય શિસ્ત એવું છે કે શાસ્ત્રના વિષયને સૂક્ષ્મ ઉપયોગે અવગાહન કરવા યોગ્ય છે. આ તો એથી આગળનું શિસ્ત છે. ઉપયોગ આડોઅવળો નહિ રાખવો. બહારની પ્રવૃત્તિ નહિ, હવે અંદરની પ્રવૃત્તિ લેવી છે. બહારની પ્રવૃત્તિમાં તો શિસ્ત અવશ્ય હોય જ પણ અંદરમાં કહે છે ઉપયોગને સૂક્ષ્મ કરીને, એની સ્થૂળતા છોડીને. સ્થૂળતા ક્યારે છૂટે ? – કે જ્યારે એને રસબુદ્ધિનો ત્યાગ થાય ત્યારે. આ

અભિપ્રાયનો વિષય થયો. રાગમાં અને પરમાં... અહીં નીચે લીધું છે. છેલ્લો પેરેગ્રાફ છે ને ? **'પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ–સુખબુદ્ધિ તૂટી જાય...'** એમ કહે છે. અભિપ્રાયમાં તૂટી જાય પછી રહે એ તો અભિપ્રાય વિરુદ્ધનો વિષય થઈ ગયો. અને સ્વભાવનો મહિમા હોય, અસ્તિથી સ્વભાવનો મહિમા હોય, નાસ્તિથી પર પ્રત્યે અને રાગ પ્રત્યે રસબુદ્ધિ અને સુખબુદ્ધિ તૂટી હોય, સ્વભાવમાં ઘણો રસ લાગે, બીજું બધું નીરસ લાગે, ત્યારે જ એને અંદરની સૂક્ષ્મ સંધિ જણાય.

આ વાત અહીંયાં જરા વચ્ચે લેવા જેવી છે કે જ્યારે એમ કહ્યું કે રાગ અને જ્ઞાનની સૂક્ષ્મ સંધિમાં પ્રજ્ઞાછીણીને જોરથી પટકવી – પ્રહાર કરવો ત્યારે પહેલો પ્રશ્ન એ છે કે રાગ ને જ્ઞાનની સૂક્ષ્મ સંધિ જ જણાતી નથી. જો સંધિ જણાતી નથી તો એણે અહીંયાં પ્રજ્ઞાછીણી પટકવી એ વાત તો અંધારામાં કૂદકો મારવા જેવી થઈ. માણસ અજવાળામાં કૂદકો મારે તો એને ખબર પડે કે ખોડો છે કે ટેકરો છે કે સમતળ જમીન છે, પણ અંધારામાં ઠેકડો મારે તો શું થાય ? ખબર તો નથી કે નીચે શું છે. એમ અહીંયાં સંધિ જ જેને દેખાતી નથી એ એને જુદાં પાડવાનો પ્રયત્ન કેમ કરશે ?

એ જે જુદાં પડવાનો પ્રયત્ન છે એ પ્રયત્નની અંદર પહેલાં એની સૂક્ષ્મ સંધિ જોવામાં આવે છે. એવી એક ઉપયોગની સૂક્ષ્મતામાં પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. 'ગુરુદેવ'ની ભાષામાં લઈએ, ભાવ તો જે છે એ છે એનો, કે રાગની દશાની દિશા પર તરફ છે અને જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે. આવે છે ? અનેકવાર આ વિષય ચાલી ગયો છે. (એટલે) સાંભળ્યું તો હોય રાગની દશાની દિશા પર તરફ છે અને જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે. આમ બેની દિશા ફેર છે, બેનો સ્વાદ ફેર છે. તું ધ્યાનથી જો તો તને પકડાય એવું છે, બે-ધ્યાનથી જો તો તને પકડાય એવું નથી. આમ છે. માણસ નથી કહેતો કે આ વાત તો વાંચી ગયા હતા પણ અમારું ધ્યાન નહોતું. એ તો વિષયના નિરૂપણમાં કહેવા ધારેલો જે વિષય છે એના ઉપર નહિ ખેંચાયેલા ધ્યાનની વાત છે. પણ અહીંયાં તો એમ કહે છે કે હવે એ વાત રહી તો પુસ્તકની, બહારની વાત છે, સ્થૂળ ઉપયોગની વાત છે.

અંદરમાં ધ્યાન ખેંચવાની વાત છે કે જો રાગ છે એનો સ્વભાવ જુદો છે. એમાં આકુળતા રહેલી છે, એની દશાની દિશા પર તરફની છે, સ્વાદ જુદો છે, એનું સ્વરૂપ

જુદું છે, એનું ફળ જુદું છે, એની જાત જુદી છે, ઘણું ઘણું જુદું છે. જ્ઞાનમાં ને એનામાં ઘણું ઘણું જુદાંપણું છે. તું જરા ધ્યાનથી જો. આવું આવું જુદાંપણું તને જો દર્શાવવામાં આવે છે તો એ જે દેખાડે છે એના ઉપરથી તો તું ધ્યાન કર, લક્ષ કર – એમ કહેવું છે.

તિર્યંચને બિચારાને તો કોઈ દેખાડનાર નથી, એને કોઈ શાસ્ત્ર અધ્યયન નથી કે શાસ્ત્રમાંથી વાંચીને એ વાત સમજે. એને કોઈ કહેનાર નથી કે એ રીતે પકડી લ્યે. ભગવાન 'મહાવીરસ્વામી'નો દૃષ્ટાંત બન્યો અપવાદરૂપ બીજી વાત છે. ચારણ ઋદ્ધિધારી મુનિઓ આવ્યા અને સિંહને એની ભાષામાં સમજાય એવી મુનિઓ પાસે કોઈ લબ્ધિ હતી અને સિંહને બોધ મળ્યો. આત્મબોધનું એ ઉપદેશ કારણ થયું, તત્કાળ જ આત્મબોધનું કારણ થઈ ગયું. અને એવો અસાધારણ પ્રસંગ બને ત્યારે તો એમ જ બને. પણ સામાન્ય રીતે તો તિર્યંચ અવસ્થામાં જે જીવો ભેદજ્ઞાન કરે છે, જે જીવો સમ્યગ્દર્શન અને સ્વાનુભવને પામે છે એને કોઈ દેખાડનાર હોતું નથી. અંદરનું પૂર્વ સંસ્કાર કંઈક જોર કરે છે, વર્તમાનમાં એનો ભાવ કંઈક વિશેષ જોર કરે છે એનાથી પણ અને એ અંદરની સૂક્ષ્મ સંધિને પકડે છે કે બે ભાવ બાજુ બાજુમાં છે છતાં બે વચ્ચે એકપણું થતું નથી.

આ રાગ છે, આ જ્ઞાન છે. જ્ઞાન રાગ સાથે જોડાઈ જાય છે એટલે બે વચ્ચેની સાંધ દેખાતી નથી. જ્ઞાન એમ ભાવ કરે છે કે આ રાગ તે હું. આમ જ્ઞાન ભાવ કરે છે કે આ રાગ તે હું. એવી પરિસ્થિતિમાં એને રાગ અને જ્ઞાન વચ્ચેની સંધિ, જોડાણ કેવી રીતે થાય છે એની એને ખબર રહેતી નથી. પણ એક જ કાળમાં, એક જ ક્ષેત્રમાં, એક અવસ્થામાં રહેલાં બે વિલક્ષણ પ્રકારનાં ભાવો (છે) એને જો સૂક્ષ્મ ઉપયોગે ધ્યાનથી જોવામાં આવે તો બન્નેની સંધિ જણાય છે. એટલે બે વચ્ચે નિઃસંધિપણું નથી એમ જણાય છે. સંધિ જણાય છે એનો અર્થ આ છે.

૨૯૪મી ગાથા ચાલી છે ત્યાં એ વાત કરી છે. એ વાત તો ૧૮૧મા કળશમાં 'રાજમલજી'એ કરી છે કે સંધિનો અર્થ એ છે કે બે નિઃસંધિપણે ક્યારેય થયા નથી, એકમેકપણે ક્યારેય થયા નથી. એટલે પોતપોતાની મર્યાદામાં–પોતપોતાના ભાવની મર્યાદામાં બન્ને ભાવ પ્રવર્તી રહ્યા છે. તેં 'હું'પણું ઊલટી રીતે કર્યું છે એટલે તને કંઈ બે વચ્ચેનું જુદાંપણું જણાતું નથી.

એ સ્થિતિમાં રાગ અને જ્ઞાન વચ્ચેની અંતરની સૂક્ષ્મ સંધિ જણાય છે. કઈ સ્થિતિમાં જણાય છે ? – કે સ્વભાવને ઓળખીને સ્વભાવનો અત્યંત મહિમા ઉત્પન્ન થાય એક બાજુ એનો રસ જામે, બીજી બાજુ પર પ્રત્યે અને રાગ પ્રત્યેની રસબુદ્ધિ અને સુખબુદ્ધિ તૂટી જાય. એમ થતાં સ્વભાવમાં જ રસ લાગે અને સ્વભાવ સિવાય બીજું બધું નીરસ લાગે ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય; ત્યાં સુધી એને સંધિ જણાતી નથી. સંધિ જણાતી નથી તો એને પ્રજ્ઞાછીણી ક્યાં મારવી એ પ્રશ્ન પણ ઉપસ્થિત થતો નથી.

આ એક એવા પ્રશ્નનો ઉત્તર છે કે રાગ અને જ્ઞાન વચ્ચેની સૂક્ષ્મ સંધિ કેવી ભાવભૂમિકામાં જણાય છે ? આવો જો પ્રશ્ન ઊપજે તો એનો આ ઉત્તર છે. ઠીક ! ઉઠાવવો જોઈએને પ્રશ્ન ? કે કેવી ભાવભૂમિકામાં રાગ અને જ્ઞાનની સંધિ જણાય છે ? કે આવી ભાવની ભૂમિકા થાય એ ભૂમિકામાં રાગ અને જ્ઞાનની સંધિ રીતસર જુદે જુદાં ભાવ છે એવું સ્પષ્ટપણે, જરાપણ અસ્પષ્ટપણે નહિ, જરાપણ તર્ક અને અનુમાનના સહારાથી નહિ, આધારથી નહિ, સ્પષ્ટપણે એનું જ પરિણમન હોવાથી અને બન્ને પરિણમન વેદનગોચર હોવાથી બરાબર સ્પષ્ટપણે એને જણાય છે અને ત્યારે એ જોરથી રાગથી જુદો પડીને જ્ઞાનમાં ધસે છે. એને પ્રજ્ઞાછીણીનો પ્રહાર કર્યો એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– ... તે વખતે જણાય છે ...

પૂજ્ય ભાઈશ્રી :– તે વખતે અંતર્મુખ વળવાનો પ્રયત્ન ઊપડે છે, જોરથી પ્રયત્ન ઊપડે છે. પછી અનુભવ થાય છે એ તો જોરના અમુક તબક્કાએ થાય છે. એ વળી આખું પુરુષાર્થનું પ્રકરણ જ જુદું છે. પુરુષાર્થની શરૂઆત થવી, પુરુષાર્થનું વૃદ્ધિગતપણું થવું, ક્યા તબક્કે, ક્યા ગુણસ્થાનનો પુરુષાર્થ થવો (એ જુદું પ્રકરણ છે).

પ્રશ્ન એક થવા યોગ્ય છે કે અમને ભાવ ભાસ્યો નથી તો અમારે ભેદજ્ઞાન કેમ કરવું ? હું જ્ઞાયક છું એમ પહેલાં ઉપલકપણે કર. એમ પહેલાં ઉપલકપણે કર. એમ નથી કે રટણ કર. જે જ્ઞાનનો પર્યાય ચાલુ હોય તેને પકડીને તેનું ગ્રહણ કરવું. લક્ષમાં લઈ, ચાલતાં જ્ઞાનને લક્ષમાં લઈ જાણું છું તેથી હું જ્ઞાયક છું. જાણું છું તેથી હું જ્ઞાયક છું. આ તારી કોશિશ છે એ બહુ ઊંડાણવાળી નહિ હોવાથી તેને ઉપલકીયો પ્રયત્ન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- રટણ કરવું..

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સાવ ઉપરછલ્લું છે. રટણ છે એ તો પરલક્ષે થાય. ફેર શું પાડવો છે કે, આ ગણે છે ને ? માળા ગણે છે, જાપ ગણે છે. રટણ ચાલતું હોય.. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આયરિયાણં, ... એવી રીતે પરલક્ષે અહીંયાં હું જ્ઞાયક છું, જ્ઞાયક છું, જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ વાત નથી. જ્ઞાન લક્ષણથી, જ્ઞાનના ચાલતા પરિણમનથી જ્ઞાયકપણે છું. આ જાણું છું તેથી જ્ઞાયકપણે છું એમ પોતાના ભાવને, અનુભવાતા ભાવને ઉપયોગમાં લઈને હું જ્ઞાયક છું એમ કર. સ્વલક્ષે એમ કર. પરલક્ષ એમાં હોવું જોઈએ નહિ. સ્વલક્ષે એમ કર.

પહેલાં ઉપલકપણે થશે. સ્વલક્ષે એમ કરવા જતાં કૃત્રિમ પ્રયત્ન છે, બુદ્ધિપૂર્વકનો આ પ્રયત્ન છે અને અધ્યાત્મનો વિષય બુદ્ધિપૂર્વકથી બરાબર ચાલુ થાય છે, એટલી સારી વાત છે. ભલે બુદ્ધિથી પાર જવાનો છે પણ શરૂઆત થાય છે એના પ્રયત્નની બુદ્ધિગમ્ય રીતે. પહેલાં ઉપલકપણે એમ કર કે હું જ્ઞાયક છું પછી ઊંડાણથી કર. હવે શું કહે છે ? – કે એમ કરતાં કરતાં કરતાં એના ઊંડાણમાં જવાશે. એમ કરતાં કરતાં શું થશે ? – કે રાગ છૂટી જાય છે. જ્ઞાન રહી જાય છે, જ્ઞાયક છું એટલે જ્ઞાન રહી જાય છે, રાગ છૂટી જાય છે, દેહ છૂટી જાય છે, જ્ઞાયક રહી જાય છે. રાગમાં આત્મબુદ્ધિ તે રાગ જ આત્માનો દેહ થઈ ગયો. આ દેહ છૂટી જાય છે, આ રાગ છૂટી જાય છે, જ્ઞાયક એમ ને એમ રહી જાય છે.

ચાર ગતિમાં અનંતા દેહ છોડ્યા. કેટલા ? ચારેગતિના, હોં ! એક એક ગતિના અનંતા દેહ છોડ્યા. આત્મામાંથી શું છૂટું થાય ? કાંઈ નહિ. એક તિલતુષમાત્ર અનંતમાં ભાગે આત્મામાંથી કાંઈ છૂટું થાય નહિ. આ અનંતા રજકણોનો દેહ છે. પણ આત્મામાંથી કાંઈ નહીં છૂટે સંયોગ છૂટી જશે. દેહ છૂટશે એટલે એનો સંયોગ છૂટશે. પરમાણુ પરમાણુ તરીકે એક પણ ઓછો થતો નથી. જગતના પરમાણુમાંથી કોઈ એક પરમાણુ પોતાનું અસ્તિત્વ ગુમાવતો નથી. એ સંયોગનો વિયોગ થતાં તારા આત્મામાંથી શું ગયું ? તો કહે, કાંઈ નથી ગયું. કાંઈ જ નહિ ને ! જરાય નહિ.

જેમ બીજાનો દેહ છૂટે અને તને શું થાય ? છાપામાં વાંચે મૃત્યુનોંધની કોલમ. શું થાય તને ? કાંઈ નહિ. આ એવું છે. ક્યારે ? ઊંડાણથી ભેદજ્ઞાન કરે ત્યારે. જેમ જેમ તેની ભેદજ્ઞાનની Practice ચાલુ થાય છે તેમ તેમ ઊંડાણ એને હાથ લાગે

છે. ઊંડાણમાં જતાં, એક ઊંડાણે એને જ્ઞાયક સ્વભાવનું ભાવભાસન આવે છે. જ્યારે એને ભાવભાસન આવે છે ત્યારે તેને સ્પષ્ટ અનુભવાંશે, અનુભવ નથી અહીંયાં, પણ અનુભવાંશે એમ કહેવામાં આવે છે. કેમકે એણે સ્વલક્ષે ચાલતા જ્ઞાનના અનુભવને પકડીને, ચાલતા જ્ઞાન ઉપરથી જ્ઞાન લક્ષણને પકડીને સામાન્યનો અનુભવ અંતરંગ સૂક્ષ્મ દૃષ્ટિથી પકડીને સ્પષ્ટ અનુભવાંશે, એને વિશ્વાસ આવે છે, એને પ્રતીતિ આવે છે કે ખરેખર મારું જ્ઞાન સામર્થ્ય સર્વજ્ઞ સમાન અનંતું છે, સિદ્ધ સમાન અનંતું છે અને મારું સુખ પણ મારામાં અનંતું ભરપૂર ભર્યું છે. મારા સુખમાં કોઈ સુખની કમી નથી, ભરપૂર અનંતું સુખ છે. જેની હદ નથી એટલું બેહદ સુખ છે. એ સુખનો સાગર હું પોતે જ છું અને મારા સુખ માટે મને કોઈની અપેક્ષા નથી. આમ, સુખબુદ્ધિ અને રસબુદ્ધિ સ્વભાવના રસથી તૂટે છે, સ્વભાવના ભાવભાસનથી તૂટે છે ત્યારે ઉપયોગ અધિક સૂક્ષ્મ થઈને રાગ અને જ્ઞાન વચ્ચેની સંધિને જાણી લે છે અને જોરથી અંતર્મુખ વળી અને રાગથી જુદો પડી જાય છે. ત્યારે એને પ્રજ્ઞાછીણીનો રાગ અને જ્ઞાન વચ્ચે પ્રહાર કર્યો એમ કહેવામાં આવે છે. ત્રણ ચીજ નથી, હોં ! બે ચીજ છે. રાગ, જ્ઞાન અને પ્રજ્ઞાછીણી એમ ત્રણ ચીજ નથી. બે જ છે. એક રાગ અને જ્ઞાન અને પ્રજ્ઞાછીણી બન્ને એક જ છે. અંતર્મુખ વળીને જ્ઞાનની પુરુષાર્થ સમેત પર્યાય તેને પ્રજ્ઞાછીણી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- જગતના પદાર્થો સાથે કંઈ લેવા-દેવા ન હોય છતાં રસથી કેવો એકાકાર થાય છે ? એમ થાય કે હવે આમ થાય તો ઠીક ને આમ થાય તો ઠીક !

પૂજ્ય ભાઈશ્રી :- કેટલો રસ લે છે ? એમાં સુખની કલ્પના જ કરી છે ને ? એ કલ્પના કરી છે. ખરેખર જુઓ તો લેવાદેવા કાંઈ નથી.

મુમુક્ષુ :- કાંઈ લેવા-દેવા નથી છતાંય...

પૂજ્ય ભાઈશ્રી :- જોડાય છે અને ઊંડાણથી અંદર ઘૂસી જાય છે. રસ લઈને ઊંડાણથી અંદર ઘૂસી જાય છે. અહીંયાં કહે છે કે જ્ઞાયકના ઊંડાણમાં જા. તારું અવલોકન કરીને તારા જ્ઞાયકના ઊંડાણમાં તું જા.

પછી છેલ્લી લીટીમાં બહુ જોરથી વાત કરી છે કે **'એમ ન હોય...'** એટલે ત્રણકાળમાં એવું નહિ બને કે **'પરમાં તીવ્ર રુચિ હોય ને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે.'** જીવ ઇચ્છા કરે છે કે મારે ભેદજ્ઞાન કરવું છે, મારે ભેદજ્ઞાન કરવું છે અને

એણે અવલોકનથી તપાસ પણ ન કરી હોય અથવા તપાસથી અવલોકન પણ ન કર્યું હોય કે મારી કેટલી તીવ્ર રુચિથી હું પરમાં જાઉં છું ? ઉદયકાળે એ એના પોતાના રસને ક્ષોભ પામે એવી પરિસ્થિતિમાં પણ આવતો નથી. જો ઉદયકાળે રસ તીવ્ર થાય અને એ ક્ષોભ પામે એટલે એમાં એક અચકાટ ઊભો થાય તો હજી કાંઈ પાત્રતા છે, મુમુક્ષુતા છે; નહિતર તો બેમાંથી એકેય વાત રહેતી નથી. એ પરિસ્થિતિ છે.

એવું તો ત્રણકાળમાં નહિ બને કે પરમાં તીવ્રરુચિ હોય અને ઉપયોગ અંદરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે, એવું કદી બનશે નહિ. એ વાતને પૂર્વ શરતરૂપે રાખીને, પૂર્વભૂમિકા સમજીને ભેદજ્ઞાનનો પ્રકાર ઊપજે છે એમ ખ્યાલમાં લેવાનું છે. જો એમ ખ્યાલમાં ન લે તો એ ભેદજ્ઞાનનો ખાલી વિકલ્પ-વિચાર કરશે, કાર્યનો પ્રારંભ પણ નહિ થાય. ઉપલકપણે પણ કાર્યનો પ્રારંભ નહિ થાય, શરૂઆત નહિ થાય.

શું કહે છે ? – કે **'સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ-વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ.'** એ અહીંની વાત છે. આગળ વધીને, અંતરના ઊંડાણમાં જઈને... કે જ્ઞાન ને રાગ, શુભાશુભ ભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ સંધિમાં પ્રજ્ઞાછીણી પટકવી. એ બે શબ્દ બદલી નાખ્યાં. જ્ઞાનમાં સ્વભાવ લીધો અને શુભાશુભભાવમાં વિભાવ લઈ લીધો. આ બન્નેની જાતિ પકડી. શુભાશુભભાવ એક પર્યાય છે પણ એની જાત લેવાની છે, જ્ઞાન એક પર્યાય છે પણ એની જાત લેવાની છે, એમ કહેવું છે. સ્વભાવ એની જાત છે, અહીંયાં વિભાવ આની જાત છે. ધ્યાન ન આપે, ધ્યાન ન ખેંચાય તો ખબર પડે એવું નથી કે આ ઉપર અને નીચેમાંથી, વાતમાંથી, વિષયમાંથી સરકીને ક્યાં આવે છે. કહેનાર કેવી રીતે મૂળ વિષય ઉપર સરકીને આવે છે ! શબ્દ બદલે છે.

કહે છે, એમ **'સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ-વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ.'** વાંચી તો જવાય છે. પુસ્તક વાંચવું તો સહેલું છે. બહુ સાદી ભાષા છે એટલે વાંચવું સહેલું છે પણ સ્વાધ્યાયની અંદર જરા વિશેષ ઊંડા ઊતરીને અવલોકન થાય, અવગાહન થાય તો એ વિષયના ઊંડાણમાં જવાનું કારણ થાય છે.

બરાબર લક્ષણ વડે ઓળખીને એ તો આખું પ્રકરણ છે. જ્ઞાનલક્ષણ વડે આત્માને ઓળખીને. આત્મા જ્ઞાન લક્ષણવંત જ્ઞાનસ્વભાવી છે. જ્ઞાન છે એ સ્વયં જ ઉત્પન્ન થાય છે. પોતે ચિકિત્સક સ્વભાવી છે. ચિકિત્સા કરે છે ને ? શરીરની ચિકિત્સા કરે છે. જ્ઞાનનો ચિકિત્સક સ્વભાવ છે. પરીક્ષા કરવી, તપાસ કરવી, જાંચ કરવી એ જ્ઞાનનો

સ્વભાવ છે. તો અહીંયાં કહે છે કે તું જ્ઞાનસ્વભાવી છો. તારા જ જ્ઞાનમાં તારામાં ને તારામાં તું તારી એકવાર તો ચિકિત્સા કર ! કે તું જો જ્ઞાન તારામાં જાણવું થાય છે ? તો એ જાણવામાં સ્વભાવ શું છે ? ચિકિત્સા કરીને, તપાસ કરીને તારા લક્ષણ ઉપરથી લક્ષણવંતને પકડી લે. અનંત ગુણના નિધાનનો પત્તો લાગશે. લક્ષણ ઉપરથી જ્યાં લક્ષ ઉપર આવશે તો અનંત ગુણના નિધાનનો પત્તો લાગશે.

**અંતર્મુખ ચિત્તની વિચારધારામાં પરિણમન કરતું જ્ઞાન પોતે પોતાના આધારથી (લક્ષણથી) સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરે - ત્યાં અનંત સામર્થ્યવંત પૂર્ણ સ્વરૂપનું અવભાસન છે. તેમાં સદાય 'હું આવો જ છું' - તેમ 'સ્વરૂપનો અપૂર્વ મહિમાનો ઉછાળો વર્ત્યા કરે' અને પરિણતિમાં સ્વરૂપ ઘૂંટાયા કરે - તેવી સ્વરૂપની લય હોય– (અસ્તિપણે) તેથી (નાસ્તિપણે) સમસ્ત જગત પ્રત્યે ઉદાસીનપણું - નીરસપણું આવી જાય. પૂર્વ કર્મના ઉદયથી ક્યાંય જોડાવું પડે તે બોજારૂપ લાગે અથવા અનુકૂળતામાં જોડાવું પણ સુખરૂપ ન લાગે - વિકલ્પમાત્ર દુઃખ રૂપ લાગે - ત્યાં સ્વરૂપની લય તીવ્ર થતાં, ધ્યેયભૂત, લક્ષમાં આવેલા સ્વરૂપમાં અંતર્ સાવધાની વધે તે રૂપ સહજ પુરુષાર્થ વૃદ્ધિગત થતો થતો પરમ સત્ / પ્રત્યક્ષ સત્ ના પ્રત્યક્ષ દર્શનમાં સફળ થાય. ભાવભાસનથી સન્મુખતા છે. દશાની દિશાફેર થવું તે અપૂર્વ છે.**

('અનુભવસંજીવની' બોલ નં.૪૫)

*

**સાધકને સ્વરૂપના અભેદ વેદનની પરિણતિ બાહ્ય સંયોગોમાં પ્રવૃત્તિકાળે પણ ભિન્નપણાનું સાક્ષાત્ કારણ છે. ત્યાં સ્વરૂપ રસ / ચૈતન્ય રસની મુખ્યતા ઘણી છે. તેથી પરદ્રવ્ય - ભાવમાં સહજ અત્યંત નીરસપણું થઈ જાય (કરવું પડે નહિ).**

('અનુભવસંજીવની' બોલ નં.૪૬)

## તા. ૪-૧૦-૧૯૮૭, વચનામૃત-૧૯૭
## પ્રવચન નં. ૧૫૦

('બહેનશ્રીનાં વચનામૃત') જ્ઞાન અને રાગની સૂક્ષ્મ અંતઃસંધિમાં (પ્રજ્ઞાછીણી) પટકવી. ત્યાં સાથે સાથે એટલી વાત કરી... છેલ્લી લીટી **'સાવધાન થઈને એટલે બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને, બરાબર લક્ષણ વડે ઓળખીને.'** શું કહે છે ? – કે જ્યાં સુધી લક્ષણ દ્વારા લક્ષને લક્ષિત કરવામાં આવતું નથી અથવા ઓળખવામાં આવતું નથી ત્યાં સુધી ભેદજ્ઞાનનું કાર્ય અંતરંગમાં યથાર્થ રીતે થઈ શકતું નથી.

એ વિષય ઉપર 'નિર્ભ્રાંત દર્શનની કેડીએ' (પુસ્તકમાં) ૫૬માં પાને આત્માને ઓળખવા સંબંધીનો પ્રયોગ કેવા પ્રકારે થાય છે એટલી વાત લીધી છે. **'જાણન પર્યાયરૂપ જ્ઞાનમાં...'** (એટલે કે) વર્તમાન ચાલતી પર્યાય લેવી. અહીંયાં ચાલતી વર્તમાન પર્યાય લેવી. **'જાણન પર્યાયરૂપ જ્ઞાનમાં...'** (એટલે) કોઈ એક જાણતી પર્યાય એમ નહિ. જ્યાં સ્વલક્ષે આત્માને ઓળખવાનું પ્રકરણ છે, ત્યાં સ્વલક્ષમાં ચાલુ જ ભાવ લેવો છે, વર્તમાન વર્તતો ભાવ લેવો છે.

પ્રશ્ન :- વર્તમાન ઉપયોગ ?

સમાધાન :- હા, વર્તમાન ઉપયોગ. એ જાણન પર્યાયરૂપ જ્ઞાનમાં અથવા ઉપયોગમાં **'રાગ અને પરજ્ઞેયોનું પ્રતિબિંબ પડે છે.'** છે જ્ઞાનની જ પર્યાય, પણ એની અંદર તે જ વખતે વર્તતો રાગ અને એ રાગના વિષયભૂત કોઈ પદાર્થ હોય તો એનું પ્રતિબિંબ ઊઠે છે, એને જ્ઞાનાકાર કહેવાય છે અથવા જ્ઞાનાકાર જેવો જ્ઞેયાકાર એને જ્ઞાનાકાર કહેવાય છે. કેમકે તે જ્ઞાનનો પર્યાય છે અને જ્ઞેયની આકૃતિ હોવાથી કોઈ વખત વિવિક્ષાવશ એને જ્ઞેયાકાર પણ કહેવાય છે. જ્ઞેયાકાર કહેવાય કે જ્ઞાનાકાર

કહેવાય, કહેવું છે એટલું કે જ્ઞેય જેવી જ્ઞાનમાં આકૃતિ ઊઠવી, એને પ્રતિબિંબ જેને કહેવામાં (આવે છે). બિંબ જેવું પ્રતિબિંબ પડે છે.

**'ત્યારે પણ...'** (અર્થાત્) આવું પરિણમન ચાલે છે ત્યારે પણ. જે **'જ્ઞાન – જ્ઞાન સામાન્યપણે...'** જે જ્ઞાન છે, જે જ્ઞાનપણે જ રહે છે, જ્ઞાન જ્ઞાનપણે મટતું નથી. બીજા જ્ઞેયનું પ્રતિબિંબ જ્ઞાનમાં આવે ત્યારે એણે જ્ઞાનનું જ્ઞાનપણું છોડી નથી દીધું. જ્ઞાન જ્ઞાનપણે **'જ્ઞાનસામાન્યપણે તો માત્ર જ્ઞાનરૂપે જેવું ને તેવું છે.'** જ્ઞાન બદલીને જ્ઞેયરૂપે તો થયું નથી, પણ બીજા રૂપે, કાંઈ રૂપે થયું નથી. રાગરૂપે નહિ, જ્ઞેયરૂપે નહિ, કાંઈ રૂપે નહિ.

**'અર્થાત્ જાણનપર્યાયરૂપ...'** અથવા ઉપયોગરૂપ **'તે જ્ઞાનમાં રાગાદિનું પ્રતિબિંબ ઊઠતાં જ્ઞાન રાગરૂપે થતું નથી, અર્થાત્ તે તે જ્ઞેયો...'** રાગાદિ જ્ઞેયો અથવા પરજ્ઞેયો, પર ઇન્દ્રિયના વિષયરૂપ જ્ઞેયો **'જ્ઞાનમાં વિકાર ઊપજાવતાં નથી.'** આ વિષય ચાલતાં જ્ઞાનના પરિણમનમાં તપાસવાનો છે. ચાલતાં ઉપયોગમાં કે રાગ જણાયો કે બીજું કાંઈ જ્ઞેય જણાયું તો મારું જ્ઞાન છે (એ) એનાથી વિકૃતિને પામે છે કે નથી પામતું ? આ તપાસવાનો વિષય છે. જ્ઞાન તો જ્ઞાનપણે જ રહ્યું છે. ન તો રાગરૂપે થયું છે, ન તો જ્ઞેયરૂપે થયું છે, જ્ઞાન જ્ઞાનપણે જ રહ્યું છે.

આના ઉપરથી સ્વભાવ કેવી રીતે પકડવો ? સ્વભાવના બે-ત્રણ ખાસ મુદ્દા છે એ અહીંયાં લીધા છે. જો જ્ઞેયો ને રાગ જ્ઞાનમાં વિકાર ઊપજાવતાં નથી, ઊપજાવી શકતાં નથી તો **'તેવું જ જ્ઞાનનું અવિકારપણે રહેવાનું અકષાયસ્વરૂપ છે.'** રાગાદિ કષાયસ્વરૂપ છે અને જ્ઞાન છે તે અકષાયસ્વરૂપ છે અને અકષાયસ્વરૂપે રહેવું એવો એનો સ્વભાવ છે. ક્યારે ?–કષાયને જાણતી વખતે પણ. અકષાયપણે રહીને જ્ઞાન કષાયને જાણે છે. દેહને જાણતી વખતે પણ દેહ સ્વરૂપે થયા વિના જ્ઞાન જ્ઞાન સ્વરૂપે રહીને જ દેહને જાણે છે. જ્ઞાન જ્ઞાનત્વ છોડતું નથી, જ્ઞાન બદલતું નથી.

મુમુક્ષુ :– પોતાના અસ્તિ સહિત જ્ઞાન જાણે છે...

પૂજ્ય ભાઈશ્રી :– ચાલતી પર્યાય છે એટલે અસ્તિ લીધી. અસ્તિ શેમાં લઈ લીધી ? ચાલતા પર્યાયમાં કે હું જાણનાર. અત્યારે હું જાણનાર એમ અસ્તિ પકડી ત્યાંથી. જાણનાર જ રહું છું. જાણનાર અત્યારે હું જાણનાર જ રહું છું અને કોઈ જ્ઞેયો મારા જ્ઞાનમાં વિકૃતિ ઊપજાવી શકતાં નથી. હું એમ ને એમ જાણનારરૂપે રહ્યા કરું છું.

પ્રશ્ન :- આકુળતા-વ્યાકુળતા થાય છે એ શેમાં થાય છે ?

સમાધાન :- રાગમાં થાય છે.

પ્રશ્ન :- રાગ તો જીવની પર્યાય છે ને ?

સમાધાન :- રાગ જીવની પર્યાય છે, આકુળતા જીવની પર્યાય છે, જ્ઞાન પણ જીવની પર્યાય છે. બન્ને જીવની પર્યાય હોવા છતાં જેણે જાણનારમાં હુંપણું સ્થાપ્યું કે હું જાણનાર, અત્યારે હું જાણનાર, એને રાગાદિથી પોતાનું ભિન્નપણું ભાસ્યમાન થાય છે. કેમકે જાણનાર છે તે અકષાયસ્વરૂપ, નિરાકુળતા સ્વરૂપ છે. રાગાદિ કષાય-સ્વરૂપ છે. જ્યાં સુધી રાગાદિમાં હુંપણું સ્થાપીને પરિણમતો હતો, રાગાદિમાં ને આકુળતામાં હુંપણું અનુભવ કરતો હતો ત્યાં સુધી એને પોતાનું જ્ઞાનત્વ પ્રતિભાસિત થતું નહોતું. એટલે નિયમ એમ સિદ્ધ થયો કે જો રાગાદિરૂપે હુંપણું કરવામાં આવે છે તો ત્યારે જ્ઞાન સાથે જ છે એ વખતે, એ વખતે જ્ઞાનનો પર્યાય નથી ? એ વખતે પ્રશ્ન નથી ઉઠાવતાં આપણે કે રાગમાં હુંપણું થાય છે ત્યારે જ્ઞાન છે ને પણ ! એનું શું ? જ્ઞાનમાં હુંપણાની વાત આવે તો એ વખતે પ્રશ્ન ઊઠે છે કે રાગ છે એનું શું ?

હું તમારી સામે ઊલટો પ્રશ્ન ઉઠાવું છું કે જ્યારે જ્ઞાનમાં હુંપણું સ્થાપવાનો પ્રયાસ કરવામાં આવે છે ત્યારે એક તર્ક ઊઠે છે કે સાથે સાથે રાગ ચાલે છે એનું શું ? તો અહીંયાં અમે એમ પૂછીએ છીએ કે જ્યારે રાગમાં હુંપણું તમે કરો છો ત્યારે જ્ઞાન ચાલી રહ્યું છે એનું શું ?

મુમુક્ષુ :- એને ભૂલી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- તો આને ભૂલો. જો તમે ઇ હોય તો એને ભૂલી શકો છો, એની વિદ્યમાનતા હોવા છતાં તમે એને ભૂલી શકો છો, તો એમ તમે આને ભૂલો. એને વશ આને ભૂલો છો તો આને વશ એને ભૂલો. આ સીધી વાત છે. ભૂલતા આવડે છે. હોય તોપણ ભૂલતા આવડે છે.

મુમુક્ષુ :- મુખ્ય-ગૌણ કરતાં આવડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ, મુખ્ય - ગૌણ કરતાં આવડે છે. સીધી વાત છે.

મુમુક્ષુ :- ...રાગમાં અસ્તિત્વ...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે, તો અહીંયાં તપાસવાની એ વાત છે કે અસ્તિત્વ જેમાં પકડાઈ ગયું છે એવા રાગાદિભાવો વ્યતીત થાય છે. તો તમે ચાલ્યા જાવ

છો કે ઊભા રહો છો ? તમારી હયાતી ક્યાં જાય છે ?

મુમુક્ષુ :– હયાતી ...

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ હયાતી નાશ પામે છે ? હયાતી ચાલી જાય છે ? રાગનો નાશ થાય છે, હયાતીનો નાશ થાય છે ? જો રાગનો નાશ થતાં તમારી હયાતીનો નાશ થતો નથી, તો રાગમાં હયાતી નથી એમ નક્કી થયું. સિદ્ધ થઈ ગયું કે રાગમાં તમારી હયાતી નથી. તો ઇ તો એક યુક્તિથી નક્કી થયું. હવે એમ કહે છે કે તારા અનુભવને તપાસો કે તમારી હયાતી કેમ ત્યાં નાશ ન પામી ?– કે ખરેખર તમારી હયાતી જ્ઞાનમાં છે અને જ્ઞાનનું જ્ઞાનત્વ સદાય ચાલુ રહે છે, નિરંતર ચાલુ રહે છે. ક્યારેય એક સમયનો જ્ઞાનનો આંતરો પડ્યો હોય તો બતાવો !

મુમુક્ષુ :– રાગ અને હયાતી બન્નેને જુદાં પાડવા છે...

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર છે, પણ ઇ તપાસીને જુદાં પાડવા. કેમ જુદાં પાડવા ? કે રાગમાં હયાતી સ્થપાઈ ગઈ છે. (તો હવે) તપાસ. જ્ઞાનને પણ તપાસ અને રાગને તપાસ કે હુંપણાનો ભાવ–હું.. હું.. હું.. હું.. હુંપણું થાય છે એ જ્ઞાનમાં કે રાગમાં ? જ્ઞાનમાં કે રાગમાં ? જ્ઞાની એમ કહે છે કે તારી હયાતી જ્ઞાનમાં છે. રાગમાં તારી હયાતી જણાય છે, દેહાદિ જડપદમાં જીવપદ જણાય છે, ભ્રાંતિને લીધે, તારી ભૂલ થાય છે. તો ભૂલને તપાસવાથી ભૂલ નીકળે છે. ભૂલને કાઢવાનો બીજો કોઈ જગતમાં ઉપાય નથી. જ્યાં ભૂલ થઈ છે ત્યાં તપાસ કર એટલે ભૂલ નીકળે. આ સિવાય એમાં કોઈ બીજો Alternative ઉપાય જ નથી એનો.

અહીંયાં કહે છે કે તારી ભૂલ થાય છે, તારી હયાતી જ્ઞાનમાં છે. રાગાદિ જ્ઞાનમાં પ્રતિબિંબિત થવા છતાં જ્ઞાન વિકૃતિને પામતું નથી. એવું જ્ઞાન સર્વ કાળે સદાય પોતાનું સ્વરૂપ ધારણ કરી રાખે છે. એવા અવિકૃત સ્વરૂપ એટલે કે સ્વાભાવિક સ્વરૂપ, સ્વાભાવિક સ્વરૂપ એટલે અવિકૃત સ્વરૂપ એવા જ્ઞાનને ઓળખ. એનો વારંવાર પરિચય કરીને એને ઓળખ, વારંવાર તપાસીને ઓળખ કે હું એમ ને એમ રહું છું. હું એમ ને એમ રહું છું ને હું જ્ઞાનરૂપ છું ને હું એમ ને એમ રહું છું. હયાતી જ્ઞાનમાં તને જણાતા રાગમાં હયાતીનું સ્થાપવું બંધ થઈ જશે.

હયાતી કહો કે પોતાપણું સ્થાપ્યું એમ કહો. ભેદજ્ઞાનનો વિષય સ્થાપત્યને બદલવાનો છે. સ્થાપત્યને બદલવાનો Process એનું નામ ભેદજ્ઞાન. એ કઈ

રીતે (બદલવું) ? બદલવું (છે) પણ કઈ રીતે ? – કે **'જ્ઞાનનું અવિકારપણે રહેવાનું અકષાયસ્વરૂપ છે. તે માત્ર જ્ઞાનરૂપ સ્વભાવ આત્મસ્વરૂપ છે.'** આ સિવાય બીજું કોઈ આત્મસ્વરૂપ નથી. માત્ર જ્ઞાનરૂપપણે રહેવું એ આત્માનું સ્વરૂપ છે.

**'આ રીતે જ્ઞાન પોતે પોતાના જ્ઞાનમાત્ર સ્વરૂપના અવલોકનથી નિશ્ચય કરે.'** કોણ કરે ?–કે જ્ઞાન. કોનો નિશ્ચય કરે ? – કે પોતાના 'જ્ઞાનમાત્ર' સ્વરૂપનો નિશ્ચય કરે. કોનામાં કરે ? – કે પોતામાં કરે. કોના આધારે કરે ? – કે પોતાના આધારે કરે, પોતા વડે, પોતાના આધારે, પોતામાં જ્ઞાન પોતાના જ જ્ઞાનમાત્ર સ્વરૂપનો નિશ્ચય કરે. ચાલતાં ઉપયોગથી પકડવાની વાત છે. ત્યારે શું થશે ? નિશ્ચય કરે ત્યારે શું થશે ? – કે **'જ્ઞાનની જ્ઞેયથી ભિન્નતા...'** જ્ઞાન વિકાર સ્વરૂપે થતું નથી, કષાય સ્વરૂપે થતું નથી, રાગરૂપ થતું નથી, જ્ઞેયરૂપ થતું નથી એવી ભિન્નતા અને જ્ઞેયોથી જ્ઞાનની **'નિરપેક્ષતા અવલોકનથી સમજાય.'** શેનાથી સમજાશે ? યુક્તિથી – આગમથી નહિ, ન્યાયથી – તર્કથી નહિ પણ અવલોકનથી સમજાશે.

આ પ્રયોગ છે. અવલોકન છે. આ પ્રયોગ છે. જ્યારે એને પોતામાં ચાલતાં પરિણમનના પ્રયોગથી સમજાશે કે જ્ઞાન ભિન્ન છે અને જ્ઞાન નિરાલંબ નિરપેક્ષ છે. તે જ્ઞાન તો જ્ઞાનના આધારે જ થઈ રહ્યું છે, જ્ઞાન જ્ઞાનથી થઈ રહ્યું છે, જ્ઞાનને થવામાં જ્ઞાનને પોતાના સ્વભાવ સિવાય કોઈનો આધાર નથી, જ્ઞેયોનો આધાર નથી. ત્યારે ઓળખાણમાં એક બીજો ચમત્કાર થશે કે **'સાથે સાથે જ પોતાના અનંત સામર્થ્યનો...'** જ્ઞાનના અનંત સામર્થ્યનો **'અને આનંદ સ્વરૂપનો સ્પષ્ટ પ્રતિભાસ આવે છે.'** આ ઓળખાણની અંદર બે મુખ્ય મુદ્દા છે કે પોતે અનંત અનંત જ્ઞાનની ખાણ છે. જ્ઞાન જ્ઞાનમાંથી નીકળ્યા જ કરે છે, ક્યારેય ખૂટે એવું દેખાતું નથી.

જેમ આ ગેસ નીકળે છે. હવામાંથી ઓક્સીજન લાગે છે ને સીધો ભડકો થાય છે. અંદરમાં જે ગેસ છે તે બહાર નીકળે છે ને સીધો ભડકો થાય છે. એ ભડકો ચાલુ ને ચાલુ રહે છે, એક સમય પણ બંધ રહેતો નથી. છતાં તેનો તે ભડકો નથી. એ તો એની વિચલિતતા ઉપરથી નક્કી થાય છે. નવો નવો ગેસ નીકળે છે ને સળગે છે. નવો નવો ગેસ નીકળે છે ને સળગે છે. એ જગ્યાએ જમીનના પેટાળમાં ગયા વિના ગેસનો વિપુલ ભંડાર ભર્યો છે એમ પ્રતીતિ આવી શકે છે. જોયા વિના માત્ર એનું જે નિરંતર ચાલુ રહેવાપણું છે એના ઉપરથી એનું પ્રમાણ કેટલું છે એ નક્કી

થાય છે, પ્રતીતમાં આવે છે.

એમ જ્ઞાનનું જ્ઞાનત્વ ચાલુ જ રહે છે અને જ્ઞાન કોઈની સાથે લેપાતું નથી. એ ઉપરથી અનંત જ્ઞાન સામર્થ્યની પ્રતીતિ આવે છે–વિશ્વાસ આવે છે. વળી કષાય સ્વરૂપે નહિ થતું હોવાથી અકષાય સ્વરૂપ જે સુખ છે. સુખ કેવું છે ? – અકષાય સ્વરૂપ છે. દુઃખ કષાય સ્વરૂપ છે અને સુખ અકષાય સ્વરૂપ છે. પોતાના અનંત સુખનો પણ પ્રતિભાસ આવે છે.

સ્પષ્ટપણે અનુભવાંશે પ્રતિભાસ–એને સ્વરૂપ નિશ્ચય કહેવામાં આવે છે, એને સમકિતનું કારણ કહેવામાં આવે છે. સ્પષ્ટપણે સ્વભાવનો અનુભવાંશે પ્રતિભાસ. અનુભવ અંશે પ્રતિભાસ. કેમ અનુભવ અંશે કીધો ? – કે ચાલતાં ઉપયોગના અનુભવથી વાતને પકડી છે. તર્ક વિતર્ક કરીને નહિ, ન્યાય Logic થી નહિ, આગમ કહે છે, ગુરુ કહે છે માટે નહિ, એમ. પણ પોતાના ચાલતાં અનુભવથી પકડી છે, એટલે એને અનુભવ નથી પણ અનુભવનો અંશ લીધો છે ત્યાં. કેમકે ચાલતાં અનુભવનો પર્યાય છે અને સ્પષ્ટ છે, અસ્પષ્ટ નથી, અનુમાન નથી. અનુમાનમાં જે અસ્પષ્ટપણું રહે એવું આમાં ઓળખાણમાં રહેતું નથી.

પ્રશ્ન :– એ જ્ઞાનનો જ અંશ છે ?

સમાધાન :– એ જ્ઞાનનો જ અંશ છે અને જ્ઞાનના અંશ ઉપરથી સ્વભાવનો અંશ પકડાય છે. સ્વભાવના અંશ ઉપરથી આખા સ્વભાવનો વિશ્વાસ આવે છે કે હું અનંત જ્ઞાન સામર્થ્યરૂપ છું અને અનંત સુખસ્વરૂપ છું. એવો જે સ્પષ્ટ પ્રતિભાસ આવે છે એને સ્વભાવનું અવભાસન કહે છે અથવા ઓળખાણ કહે છે.

**'જ્ઞાનને પોતાના નિજ અવલોકનમાં...'** અહીંયાં વિચારનો વિષય નથી, જુઓ ! અવલોકન અવલોકન બન્ને જગ્યાએ લીધું છે. અવલોકનથી સમજાય છે અને પોતાના નિજ અવલોકનમાં જ્ઞાન પોતાને જ અવલોકન કરે છે ત્યારે **'સ્વ-લક્ષણભૂત પ્રગટ જ્ઞાનવેદનથી...'** અહીંયાં ઓળખાણના કાળમાં વેદન પહેલુંવહેલું એના લક્ષમાં આવ્યું. **'સ્વ-લક્ષણભૂત પ્રગટ જ્ઞાનવેદનથી પ્રસિદ્ધ થવા યોગ્ય પોતાનો આત્મા ભાસ્યમાન થાય છે કે જેના ભાસ્યમાન થવાથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પર્યાયો મર્યાદામાં આવે છે અર્થાત્ તે-તે વૃત્તિઓ સ્વરૂપ સન્મુખ થાય છે. ત્યારે તે જીવને યથાર્થપણે નિશ્ચયનો પક્ષ બંધાય છે.'** ત્યારે એને લક્ષ થયું, લક્ષમાં દક્ષ થઈને પક્ષમાં આવ્યો

છે. તેથી પક્ષમાં અટકશે નહિ **'અર્થાત્ લક્ષ થાય છે.'**

**'આ સંદર્ભમાં પૂ. ગુરુદેવશ્રીના ઉદ્‌ગારો...'** ૩૧૪ નંબરનો 'પરમાગમસાર'નો બોલ છે. એનો ઉલ્લેખ કર્યો છે કે **'એકવાર પ્રસન્ન ચિત્તથી ચૈતન્યસ્વભાવ લક્ષગત થયો એટલે તે નિર્વાણનો જ પાત્ર છે.'** કહેવાની જરૂર નથી કે સમ્યગ્દર્શન એને થવાનું છે, સીધું નિર્વાણ સાથે અનુસંધાન છે. અહીંયાં લક્ષ થયું તો કહે (છે) એણે નિર્વાણનું Registration કર્યું, Advance booking. મોક્ષનું Booking થઈ ગયું. સંસ્કાર પડ્યા ને અહીંયાં ! સ્વરૂપ સન્મુખ થયો.

**'નિશ્ચયનો પક્ષ બંધાણો તે પુરુષને ભલે હજુ અનુભવ નથી તોપણ એનું જોર ચૈતન્યસ્વભાવ તરફ વળી રહ્યું છે.'** આ લક્ષણ બાંધ્યું. નિશ્ચય થયો તો એને ચૈતન્ય વીર્યની સ્ફૂરણા થઈ, જોર ચૈતન્યસ્વભાવ તરફ વળ્યું. **'આ જ સ્વભાવ છે....'** આ જ સ્વભાવ છે. આ જોર. જોર એટલે શું ? – કે આ જ સ્વભાવ છે, આ જ હયાતી આમ પકડે છે. **'આ જ સ્વભાવ છે. એમ સ્વભાવ સન્મુખમાં જ જોર હોવાથી અનુભવ અવશ્ય કરીને કેવળજ્ઞાન લેવાનો જ છે.'** સમ્યગ્દર્શન લેવાનો છે એ તો વાત પણ કરતાં નથી, કેવળજ્ઞાન લેવાનો છે એમ કહે છે. એટલી બધી અહીંયાં પ્રતિભાસ અથવા નિશ્ચયના પક્ષ વખતે વાત કરી છે.

મુમુક્ષુ :– ફરી ઉપસંહાર લઈ લઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે અહીંયાં 'પૂજ્ય બહેનશ્રી'એ એ વાત જે લીધી છે કે ભેદજ્ઞાન કરીને આત્માને સૂક્ષ્મ ઉપયોગ દ્વારા પ્રથમ ઓળખીને. ઓળખવામાં ઉપયોગની આ રીતે સૂક્ષ્મતા છે અને ત્યારથી એ ઉપયોગની સૂક્ષ્મતા ભેદજ્ઞાનમાં કાર્યગત થાય છે, કાર્યક્ષમ થાય છે. પણ પહેલાં ઉપયોગ ઓળખવામાં સૂક્ષ્મ થાય છે કે જ્ઞાન અને રાગ વચ્ચે રાગરૂપ હું થતો નથી, હું રાગરૂપ થતો નથી. જ્ઞાનરૂપ રહી જાઉં છું, હું જ્ઞાનરૂપ રહી જાઉં છું. બધી વખતે એમ જ બને છે. એકેય વખતે બીજું બનતું નથી. પ્રત્યેક ક્ષણે, પ્રત્યેક સમયે, પ્રત્યેક પ્રસંગે એમ જ બને છે, બીજું બનતું નથી.

મેં મારામાં બનતી આ પ્રક્રિયા ઉપર કદી ધ્યાન દીધું નથી. આમ એને ખ્યાલ આવે છે. આ પ્રક્રિયા બની જ રહી છે પણ કદી એનું ધ્યાન ગયું નથી, ધ્યાન ખેંચાણું નથી, એણે ધ્યાન દીધું નથી. આ પ્રક્રિયા નવી કરવી છે એમ નથી, થઈ રહી છે એને જોવી છે. આમ જ થઈ રહ્યું છે. કોઈ જીવનું, કોઈ અજ્ઞાની જીવનું જ્ઞાન વિકારરૂપ

થતું નથી કે જ્ઞેયરૂપ થતું નથી. ભલે અનંત રાગ, અનંત રાગની પર્યાયો, અનંત જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય તોપણ જરાપણ જ્ઞાન પોતાનું જ્ઞાનત્વ છોડીને વિકૃતરૂપે કે જ્ઞેયરૂપે થતું જ નથી. આવું જે પોતાનું અનંત સામર્થ્ય છે, (એ) અનંતકાળથી આમ રહેવાનું, અજ્ઞાનદશા હોય તોપણ આમ રહેવાનું. જે અનંત સામર્થ્ય છે એ મારા અવિચલિત સ્વભાવને પ્રદર્શિત કરે છે કે આવો જ મારો નિશ્ચળ સ્વભાવ છે અને એમાં કષાય નહિ હોવાથી એમાં સુખનો ભંડાર છે, એનો પત્તો લાગે છે.

જ્યારે સુખના ભંડારનો પત્તો લાગે છે ત્યારે સુખની અપેક્ષા માટે, સુખની અપેક્ષાવાળી જે વૃત્તિ છે તે અનંતકાળથી સુખ માટે ભમે છે. ક્યાં ? – પર પદાર્થોમાં ભમે છે અને પર પદાર્થોમાં સુખ માટે જતી વખતે ત્યાંથી સુખના બદલે દુઃખ લઈને પાછી વળે છે. એવી જે દુઃખનો માર ખાઈ ખાઈને તપ્તમાન થઈ ગયેલી, ત્રાહીમામ થઈ ગયેલી પરિણતિ છે એ વૃત્તિને સુખના ભંડારનો જ્યારે પત્તો લાગે છે ત્યારે એનું જોર બીજી રીતે ઊપડે છે કે અરે...! જે સુખ માટે હું અનંતકાળ અનંત જ્ઞેયોમાં ભમ્યો એ સુખનો ભંડાર તો મારામાં છે ! સ્વાધીન સુખ છે મારું એટલે એ સુખ લેવા માટેની અપેક્ષિત વૃત્તિની જે જોરદાર અપેક્ષા ઊભી થાય છે એ સમગ્ર પરિણામને અંતર્મુખ કરી નાખે છે અથવા એ જોર, એ પુરુષાર્થનું જોર અનાદિથી પૂરી શક્તિથી ઊંધી પડેલી શ્રદ્ધા, શ્રદ્ધાની પર્યાય એને આખે આખી ઊથલાવીને સમ્યક્ કરે છે. આ પુરુષાર્થનું કામ છે.

શ્રદ્ધાને સવળી કરવી એ સહેલી વાત નથી. ઉપર ઉપરના વાંચન વિચારથી શ્રદ્ધા સવળી થાતી નથી અથવા ઉપર ઉપરના વાંચન વિચારમાં એવી તાકાત નથી કે પૂરી શક્તિથી... કેમકે શ્રદ્ધા તો પૂરી શક્તિથી જ પરિણમે છે, ચાહે સવળી કે ચાહે અવળી ! એનો ગુણ જ એવો છે. પૂરી શક્તિથી ઊંધું પડેલું શ્રદ્ધાન સવળું થવા માટે કોઈ અપૂર્વ જોર હોવું જોઈએ અને એ અપૂર્વ જોર કોના બળે કરીને આવે ? – કે અનંત સામર્થ્યવંત, અનંત સુખરૂપ જે સ્વભાવ છે એનો આધાર લીધા વિના એટલું જોર ઉત્પન્ન થાય નહિ. એ શ્રદ્ધાને ઉલટાવી નાખશે.

જ્યારે આવું સ્વરૂપનું લક્ષ થાય છે ત્યારે દર્શનમોહ અત્યંત મંદ થઈ જાય છે, પાતળા કાગળ જેવો. જેમ પાતળા કાગળને ફાડતાં વાર લાગતી નથી. એટલું તો એનું બળ હણાઈ જાય છે. દર્શનમોહનું બળ ત્યાં નિશ્ચયના કાળમાં હણાઈ જાય છે.

અને એ વખતે અહીંનું પણ બળ વધી જાય છે-સ્વરૂપ પ્રત્યયી બળ વધી જાય છે. દર્શનમોહનું બળ તો નિશ્ચય થતાં જ પહેલેથી જ ઘટી ગયું છે. એટલે એ જીવને શ્રદ્ધાનને આખે આખું ઊથલાવવાનું સામર્થ્યપણું આવે છે અને એ સ્વાનુભવના કાળમાં આખું શ્રદ્ધાન અનુભવથી પ્રતીત બદલાઈ જાય છે કે હું આવો છું. અનુભવ પ્રત્યક્ષ અનુભવથી હું આવો છું. એમ અનુભવાતાં અનુભવની સાથે સાથે પ્રતીત પણ આવી જાય છે.

મુમુક્ષુ :- અકર્તા સ્વભાવને ગ્રહણ કરવાનું પણ અકર્તાપણું મારું છે.

પૂજ્ય ભાઈશ્રી :- અકર્તાપણું. અકર્તા પોતાનો સ્વભાવ છે. જ્યારે લક્ષણથી લક્ષ ઓળખાણું ત્યારે એમાં અકર્તાપણું પણ ઓળખાણું કે રાગ થાય છે પણ જે સ્વભાવ જોવામાં આવે છે એ સ્વભાવ વડે કરીને રાગ કરી શકાય એવું નથી.

મુમુક્ષુ :- ભેદજ્ઞાન થાય છે ને ત્યાં કર્તાપણું આવી જાય છે એટલે ભેદજ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એ સ્વભાવને જોવે તો તૂટી જાય. આવો મારો સ્વભાવ, આવું મારું સ્વરૂપ તેના દ્વારા રાગ ન કરી શકાય કે ન ભોગવી શકાય. જેમ લાડવાને ભોગવી શકાતો નથી કેમકે પર દ્રવ્ય છે. એમ, સ્વભાવે કરીને રાગને કરી કે ભોગવી શકાતો નથી. એવો સ્વભાવ પોતે છે, એવા સ્વભાવ સ્વરૂપે પોતે છે. એ ઓળખાણ થતાં એનું જોર રહે છે અને એ જોર અનુભવને લઈ આવે છે.

પ્રશ્ન :- જ્ઞાનમાં રાગ થતો નથી, જ્ઞાન વડે થતો નથી, જ્ઞાનના આધારે થતો નથી તો રાગ થાય છે તે ક્યાં થાય છે ?

સમાધાન :- રાગ રાગમાં થાય છે. હુંપણું સ્થાપીને દુ:ખી થઈ ગયો છે અને હુંપણું સ્થાપીને હેરાન થઈ ગયો છે બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- તોપણ જ્ઞાનમાં તો થતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- તોપણ નથી થતો, તોપણ નથી થતો. હીરાને કાચ માને અને ફેંકી દે એટલે કંઈ હીરો કાચ થાય નહિ. ફેંકી દેવાનું નુકસાન પોતાને છે બાકી એથી હીરો કાંઈ કાચ નહિ થઈ જાય. એમ જ્ઞાન હીરો છે, આત્મા ચૈતન્ય હીરો છે એ એમ જ રહેવાનો છે. એમ રહેવાનું એનું અનંત સામર્થ્ય છે. એ સામર્થ્યને કોઈ ભંગ કરી શકે એમ નથી, એ સામર્થ્યને કોઈ ક્ષતિ પહોંચાડી શકે એમ નથી, એ સામર્થ્યને કોઈ સ્પર્શી શકે એમ નથી, અડી શકે તેમ નથી. આગળ જવાની

વાત રહેતી નથી. એમ છે.

મુમુક્ષુ :– મૂળ હીરાને ફેંકી દીધો.

પૂજ્ય ભાઈશ્રી :– ફેંકી દીધો એટલે થઈ ગયો દુઃખી.

મુમુક્ષુ :– કર્તાબુદ્ધિ છે એ દૂષણ આડું આવે છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– કર્તાબુદ્ધિ છે પણ એ કર્તાબુદ્ધિ ત્યાં સુધી છે કે અકર્તા એવા જ્ઞાનસ્વભાવને ઓળખતો નથી ત્યાં સુધી જ છે. બાકી એથી હવે આગળ પછી એ ટકી શકે એમ નથી. એમ છે.

મુમુક્ષુ :– ચાલતાં પરિણામમાં કર્તાપણું થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– થઈ જાય છે તો પહેલાં એને ઓળખવાનો પ્રયત્ન કરવો. ધીરજથી, શાંતિથી ઉપયોગને સૂક્ષ્મ કરીને ચાલતાં પરિણમનમાં પ્રયોગથી અવલોકન કરીને પોતાના સ્વરૂપને ઓળખીને એને ભેદજ્ઞાનમાં આગળ ચાલવાનું છે. આ સીધે સીધી પાધરી પાટી છે. આગળ જવા માટે શું કરવું ? – કે પહેલાં ઓળખાણ કરવી, ઓળખાણ કરીને અનુભવ કરવો. સીધી વાત છે.

મુમુક્ષુ :– થાય છે જ્ઞાન ને માને છે કે મને રાગ થયો. એ ભ્રાંતિ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભ્રાંતિ જ છે.

પ્રશ્ન :– રાગ થયો એ ભ્રાંતિ છે ?

સમાધાન :– રાગ મને થયો તે ભ્રાંતિ છે, મારામાં થયો તે ભ્રાંતિ છે. મારામાં એટલે જ્ઞાનમાં, જ્ઞાનમાં એટલે મારામાં. એ ભ્રાંતિથી થયું છે. જ્ઞાનમાં થયો નથી, જ્ઞાનમાં એનું પ્રતિબિંબ આવ્યું છે. આમાં શું છે કે રાત્રે પાણીમાં તારાનું પ્રતિબિંબ પડે છે. અંધારી રાત હોય અને પાણીનું ખાબોચિયું હોય કે નદીનું સ્થિર પાણી હોય ને તો એની અંદર તારાનું પ્રતિબિંબ પડે છે. હવે, જો પ્રતિબિંબરૂપ તારાને જોવાનું પ્રયોજન રાખે છે તો તારા દેખાય છે અને પાણીને જોવાના પ્રયોજનથી જુએ તો પાણી દેખાય છે.

હવે, તારા જ્ઞાનમાં જ્ઞાન અને જ્ઞેય બન્ને છે. જ્ઞેય તો પ્રતિબિંબરૂપે છે, રાગ તો પ્રતિબિંબરૂપે છે અને જ્ઞાન તો વાસ્તવિકરૂપે છે. તારું શું જોવાનું પ્રયોજન છે ? જ્ઞાનમાં જ્ઞાનને જોવાનું તારું પ્રયોજન છે કે તારે જ્ઞાનમાં જ્ઞેયને જોવાનું પ્રયોજન છે ? જો તને જ્ઞાનમાં જ્ઞેયને જોવાનું પ્રયોજન રહેશે, થશે તો જ્ઞાન નહિ દેખાય અને જો જ્ઞાનમાં

જ્ઞાનને જોવાનું તારું પ્રયોજન હશે તો તને જ્ઞાન જણાશે અને જ્ઞેય પણ એના યથાસ્થાને જણાશે કે આ તો જ્ઞેયનું પ્રતિબિંબ થયું. ખરેખર તો એ જ્ઞાન જ છે. જ્ઞાનમાં જ્ઞાન સિવાય બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :– તારા પાણીની જ પ્રસિદ્ધિ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનને જ પ્રસિદ્ધ કરે છે. જો ત્યાં જ્ઞાન ન હોત તો ક્યાંથી પ્રતિબિંબ પડત ? જ્ઞાનને બદલે ત્યાં પુદ્‌ગલ હોય તો કાંઈ પ્રતિબિંબ પડે ? એ તો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :– આમાં ચોખ્ખું લખ્યું છે .. જણાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– સીધી વાત છે.

મુમુક્ષુ :– અસ્તિત્વ...

પૂજ્ય ભાઈશ્રી :– એ અસ્તિત્વ હું.. હું.. હું.. હું.. હુંપણું.. હુંપણું.. હુંપણું.. હુંપણું. અસ્તિત્વ છે એ આધારનો વિષય છે. જીવ કોનો આધાર લ્યે છે ? જીવની પર્યાયમાં છે બન્ને–રાગ અને જ્ઞાન. હવે જીવ કોનો આધાર લ્યે છે ? આના ઉપર બધો પરિણમનનો દોર ચાલે છે. અનાદિથી જીવ જ્ઞાન વડે કરીને 'રાગ તે હું' એમ આધાર લ્યે છે તો એને અનંત પરિભ્રમણ એમાંથી પાંગરે છે. હવે 'જ્ઞાન તે હું, રાગના આધારે હું નહિ' એમ જો પોતાનો, સ્વયંનો આધાર લે તો એનું પરિભ્રમણ બંધ થાય.

મુમુક્ષુ :– ટૂંકી જ વાત છે. ટૂંકી જ વાત લીધી.

પૂજ્ય ભાઈશ્રી :– ટૂંકી એટલે કેટલી ટૂંકી ? એ વિષયમાં 'શ્રીમદ્‌જી' (એ) એક બોલ લીધો છે. નિજમાં નિજ બુદ્ધિ કરવી અને પરમાં પરબુદ્ધિ કરવી. બસ ! આટલી જ વાત છે. ૫૩૯ (પત્ર છે). **'સર્વ જીવ આત્માપણે સમસ્વભાવી છે.'** અનાદિ અનંત કોઈ ફેરફાર નથી. હવે **'બીજા પદાર્થમાં જીવ જો નિજબુદ્ધિ કરે...'** જ્યારે બીજા પદાર્થનું પ્રતિબિંબ સ્વ-પરપ્રકાશકપણાને લીધે આવે છે ત્યારે **'જીવ જો નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણદશા પામે છે; અને નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે.'** તારું પ્રયોજન શું છે ? તારામાં તને જોવાનું છે કે તારામાં પરને જોવાનું છે ?

પરિભ્રમણદશા ટળે એનો ઉપાય એટલે માર્ગ, **'જેના ચિત્તમાં...'** જેના લક્ષમાં **'એવો માર્ગ વિચારવો અવશ્યનો છે...'** કે જેને આવશ્યકતા ભાસી કે અરેરે..! મારે જન્મ-મરણ ન જોઈએ. અનંતકાળથી હું દુઃખી થઈ રહ્યો છું. મારી દયા મેં પાળી

નથી. એવો **'જેના ચિત્તમાં એવો માર્ગ વિચારવો અવશ્યનો છે,...'** જરૂરિયાત જેને લાગી છે **'તેણે તે જ્ઞાન જેના આત્મામાં પ્રકાશ પામ્યું છે, તેની દાસાનુદાસપણે અનન્ય ભક્તિ કરવી, એ પરમ શ્રેય છે;...'** આ સાથે સાથે એને બતાવી દીધું કે તારે જો તારું હિત કરવું હોય, શ્રેય કરવું હોય તો તારે આ જ્ઞાનની જરૂર છે કે નિજમાં નિજબુદ્ધિ કેમ થાય અને પરમાંથી નિજબુદ્ધિ કેમ છૂટે ! આ જો તારે કાર્ય કરવું હોય તો એવું જ્ઞાન, એવો માર્ગ જેને મળ્યો છે એનો એકવાર તું દાસાનુદાસ થઈ જા. તને જ્ઞાન આપોઆપ થઈ જશે. એમ કહે છે કે તને જ્ઞાન આપોઆપ થઈ જશે.

મુમુક્ષુ :– સાચો હીરો જ્યારે છે ત્યારે એની ચમક તો છે જ.

પૂજ્ય ભાઈશ્રી :– એ એના સ્વભાવને કેમ છોડે ? કેવી રીતે ત્યાગ કરે ? ત્યાગ કરે તો હીરો ક્યાંથી રહે એ ? કાં થાય કાંકરો. જો એની ચમકને એ છોડે તો એ કાંકરો થઈ જાય, હીરો ન રહે. સીધી વાત છે. છે તો પત્થર. એક જ પત્થર કાંકરો છે ને એક પત્થર હીરો છે. એના સ્વભાવને લઈને. એને Stone જ કહેવામાં આવે છે. White stone. હીરાને શું કહે છે ? White stone. અને આ રંગીન જે હોય છે પન્ના, માણેક એને Coloured stone કહે છે. મૂળ Stone એટલે પથરો છે, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :– પત્થર ઇ પત્થર જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– પત્થર ઇ પત્થર છે પણ જીવને મોહ થાય છે. આ એક એ વિશેની એને મોટી વિટંબણા છે. ઊચી જાતના કાંકરા ! ઊંચી જાતના કાંકરા ! એમ છે. જ્ઞાનીની જ્ઞાનદૃષ્ટિ છે એ. જ્ઞાનીની જ્ઞાનદૃષ્ટિમાં એ કાંકરા છે એમ કહેવું છે. ખબર છે અમને કે આમાં આની જાત ને આની જાતમાં ફેર છે, પણ છે કાંકરા. આખરમાં જાત છે કાંકરા. બસ ! મૂકી દીધો સરવાળો.

મુમુક્ષુ :– બરાબર લક્ષણ વડે ઓળખીએ તો કામ બને ?

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર લક્ષણ વડે ઓળખીને આગળ ચાલવાનું છે.

એ રીતે **'સૂક્ષ્મ ઉપયોગ કરી...'** બીજા પેરેગ્રાફમાં ત્રીજી લીટી. પહેલાં તો અબરખના પડનું દૃષ્ટાંત છે. (હવે) સિદ્ધાંત કહે છે. **'તેમ સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ-વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ.'** જેમ જ્ઞાન અને રાગ લીધા હતા, હવે જ્ઞાનની જગ્યાએ સ્વભાવ લીધો, રાગની જગ્યાએ વિભાવ લીધો.

મુમુક્ષુ :– ફેર પડ્યો ઉપર કરતાં.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ કહેવામાં પહેલાં સ્વભાવ-વિભાવ ન સમજત એટલે જ્ઞાન ને રાગ ચાલતો પર્યાય પકડાવ્યો. હવે ચાલતાં પર્યાયમાં જ્ઞાનમાંથી સ્વભાવ પકડ અને રાગમાંથી વિભાવ પકડ. પછી વિભાવની જાત તને જો સમજાઈ જશે તો વિભાવ ગમે એવું રૂપ ધારણ કરીને આવશે તો તું ઓળખી લઈશ કે આ વિભાવ છે. કેમકે વિભાવ છે બહુરૂપિયો. વિભાવ બહુરૂપિયો છે. જેમ બહુરૂપી અનેક વેશ ધારણ કરે છે એમ વિભાવ નવા નવા વેશ ધારણ કરીને આવે છે અને જીવ એમાં વ્યામોહ પામે છે કે આ વિભાવ બહુ સારો, હોં ! આ વિભાવ બહુ સારો. આજે મને જે ભાવ આવ્યો તે બહુ સારો ભાવ આવ્યો. કહે છે કે પણ વિભાવ છે કે સ્વભાવ છે એ તો ઓળખ. નહિતર વિભાવ સારો ગણીને વિભાવને સાધીશ. એ તો અનાદિથી તારી વિભાવની સાધના ચાલુ જ છે.

પ્રશ્ન :– વિભાવની છેતરામણી ક્યાં થાય છે ?

સમાધાન :– વિભાવની છેતરામણી મંદ કષાયમાં થાય છે. 'ગુરુદેવે' એ પ્રકરણ સ્પષ્ટ કર્યું કે ભાઈ ! તું છેતરાણો છો. જેટલીવાર તું તીવ્ર કષાયમાં છેતરાણો છો એના કરતાં અનંતવાર તું મંદ કષાયમાં છેતરાણો છો કેમકે તેં વિભાવની જાત ઓળખી નથી.

એક વખત 'સોનગઢ'માં એક ભાઈ આવ્યા હતા. (એ કહે), આ આત્મા છે એ આત્મા જ્ઞાનસ્વરૂપી છે એનો વિચાર કરીને કોઈવાર એ વિચારમાં ને વિચારમાં એના જાપ જેવું થઈ જાય છે. એનો જાપ જ કર્યા કરીએ... જાપ જ કર્યા કરીએ. તો એવો જાપ કરતાં કરતાં કરતાં કરતાં કરતાં ઘણી શાંતિ થાય ત્યારે આત્માનો અનુભવ ગણવો કે ન ગણવો ? એ કષાયની મંદતામાં તને આકુળતા ઘટી, વિભાવે રૂપ બદલ્યું અને તું ભૂલવણીમાં પડ્યો, ભૂલો પડી ગયો. ક્યાંય પણ વિભાવની જાતિમાં સ્વભાવની જાતિ નથી, સ્વભાવની જાતિમાં વિભાવની જાતિ નથી. ચાલતાં પરિણમનમાં બે ધારા છે. એ બે જુદી જુદી સ્વભાવવાળી ધારા છે. તું એને ઓળખી લે તો ભૂલો નહિ પડ, નહિતર ભૂલો પડી જઈશ. પત્તો લાગશે નહિ. તને નહિ ખબર પડે.

એમ **'સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ-વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ.'** પ્રજ્ઞાથી એટલે જ્ઞાનથી ભેદ પાડ, જ્ઞાનથી ઓળખ. જ્ઞાનથી જુદાંને જુદાં જાણ. પાડવું એટલે જાણવું. જાણવું એનું નામ પાડવું એમ છે અહીંયાં. છે તો જુદાં જ પણ હું રાગરૂપ છું, હું વિભાવરૂપ છું એમાં જુદાં હોવા છતાં ભાવે જુદાં રહેતાં નથી. દ્રવ્યે જુદાં હોવા

છતાં ભાવે જુદાં રહેતાં નથી. તેથી એને એમ કહે છે કે તું જુદાં પાડ. અહીં સુધી કાલે ચાલ્યું હતું.

પ્રશ્ન :– જુદાં પાડીને પછી કોઈ કાર્ય કરવું હોય તો શું કરવું ?

સમાધાન :– જુદાં પડતાં આપોઆપ આત્મામાં નિરાકુળ જ્ઞાન અને શાંતિનું કાર્ય ઉત્પન્ન થયા કરે છે અને આત્મા એમાં મોજ કરે છે. આખરમાં આત્માને આત્માની શાંતિ જોઈએ છે, આત્માનું સુખ જોઈએ છે, કાંઈ પણ કરીને. બીજું કરતાં મળતું નથી, આ કરતાં મળે છે. આટલી વાત છે આની અંદર. આ રીતે જુદાં પાડતાં મળે છે અને બીજી કોઈ રીતે મળતું નથી. વિષય બહુ સ્પષ્ટ છે, એકદમ સ્પષ્ટ વિષય છે.

**'જે ક્ષણે વિભાવભાવ વર્તે છે તે જ સમયે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે.'** અહીંથી આ ('નિર્ભ્રાંત દર્શનની કેડીએ' નું) ૫૬ નંબરનું પાનું આવે છે. શું કહે છે ? – કે જે ક્ષણે વિભાવ વર્તે છે તે જ સમયે એ વિભાવ જ્ઞાનની ધારાને વિકૃત કરી શકતો નથી. તેથી તું જ્ઞાતાધારા વડે સતત જ્ઞાન જ્ઞાનરૂપે જ રહે છે એને જ્ઞાતાધારા કહે છે, તેના દ્વારા–વડે તું સ્વભાવને જુદો જાણી લે. અંદરમાં રહેલો જે સ્વભાવ સતત જ્ઞાતાધારા વડે તું સ્વભાવનું જે અનંતું પ્રમાણ છે એને માપી લે.

જેમ સતત બળતો ગેસ તેનાથી એના પેટાળમાં રહેલા જે જથ્થાનું પ્રમાણ છે, ગેસના જથ્થાનું પ્રમાણ છે એને માપવામાં આવે છે એમ, તું સ્વભાવને માપી લે, સ્વભાવે જાણી લે કે એ જુદો જ છે, જુદો જ રહેશે. ક્યારેય પણ જ્ઞાન સ્વભાવ રાગ સાથે, જ્ઞેય સાથે ભળશે નહિ.

ભલે જ્ઞાનમાં જ્ઞેય પ્રતિબિંબિત થશે, પણ તું જોર શું કરવા દે છે એના ઉપર ? આ સવાલ છે. તું જ્ઞાન ઉપર જોર દે ને ! ભિન્ન જ્ઞાન ઉપર જોર દે ને ! જ્ઞાનમાં જ્ઞાન પણ છે અને જ્ઞાનમાં જ્ઞેયાકાર પણ છે. હવે તારે ક્યાં જોર દેવાનું છે ? – કે તારા શ્રેયને અર્થે તારે જ્ઞાન ઉપર જોર દેવાનું છે, જ્ઞાનાકાર ઉપર નહિ એટલે જ્ઞેયાકાર ઉપર નહિ એટલે રાગ અને જ્ઞેય ઉપર નહિ. આ સીધી વાત છે.

મુમુક્ષુ :– ગમે તે અપેક્ષા લઈએ તો જ્ઞાન જ જણાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– પણ એ તો ટંકોત્કીર્ણ વસ્તુ છે. જ્ઞાન છે એને એક વિશેષણ ટંકોત્કીર્ણનું લાગે છે. ટંકોત્કીર્ણનો અર્થ શું ? ટાંકણા વડે ઉત્કીર્ણ એટલે કોતરી નાખ્યું હોય એને ટંકોત્કીર્ણ કહે છે. પાણીમાં લખેલું ભૂંસાઈ જાય. આ સમજણથી ઘડ પડી

હોય ને ઇ ઘડ ઊખળી જાય. ટંકોત્કીર્ણ ન થાય ત્યાં સુધી. જ્ઞાન તો ટંકોત્કીર્ણ છે. ટંકોત્કીર્ણ જ્ઞાનને ટંકોત્કીર્ણપણે જ અનુભવમાં લેવું. પતી ગયું. આ ઘડ નહિ જાય હવે. પાણીમાં લીટો કર્યો હશે એ ભૂંસાઈ જશે, શાહીનો લીટો ભૂંસાઈ જશે, પેન્સિલનો લીટો ભૂંસાઈ જશે, કોઈ રંગથી રંગ્યો હશે (તે) ઝાંખો પડી જશે. ટાંકણાથી કોતર્યું હશે એ નહિ જાય. એટલે શિલાલેખને પત્થર ઉપર ટાંકણાથી કોતરાવવામાં આવે છે. એમ જ્ઞાન છે એ ટંકોત્કીર્ણ છે. ન ભૂંસાય, જ્ઞાનનું જ્ઞાનત્વ ન ભૂંસાય એવું એનું સ્વરૂપ છે. મિથ્યાદૃષ્ટિ છતાં પણ મિથ્યાત્વના કાળમાં એનું ઉલ્લંઘન કરે છે. પણ એ ભૂંસાતું નથી, તોપણ એ ભૂંસાતું નથી. જ્ઞાની એમ જુએ છે કે તોપણ એ ભૂંસાતું નથી. આમ છે. એવું જ્ઞાનનું સ્વરૂપ છે. ટંકોત્કીર્ણ જ્ઞાનનું સ્વરૂપ છે. નહિ ભૂંસાય.

એટલા માટે દૃષ્ટાંત લઈએ છીએ કે માણસ રોજ જમવા બેસે છે. જમવાના સમયે મીઠું ભૂલી ગયા હોય તો તરત લાઇટ થાય છે એને કે દાળમાં મીઠું નથી કે શાકમાં મીઠું નથી. તરત જ એને લાઇટ થાય છે. હવે ઇ મીઠું છે કે નહિ એ જોવા માટે એની તપાસમાં ઇ વખતે ગયો નથી કાંઈ. એનો કંઈ એવો ઇ વખતે ઉપયોગ નથી ચાલતો કે પહેલાં તપાસી લઉં કે આમાં મીઠું નાખ્યું છે કે નથી નાખ્યું ? એ તો એને Conception માં જ છે. એનું પહેલેથી Prior conception છે કે મીઠું તો નાખ્યું જ હોય ને ! શાક-દાળ બનાવે તો મીઠું નાખ્યું જ હોય. ન નાખવાનો પ્રશ્ન ક્યાં છે ? એમ સમજીને ખાય છે. જેવો પહેલો સબડકો લે છે અને તરત જ એને લાઇટ થાય છે કે મીઠું નથી. આ જ્ઞાનનો કેટલો ચિકિત્સક સ્વભાવ છે કે એક મીઠાની ગેરહાજરી વગર તપાસે સીધી જ એને પકડાઈ જાય છે. તો તને તારી ગેરહાજરી પકડાતી નથી ? આ તે કઈ જાતની વાત છે ? જે ટંકોત્કીર્ણ વસ્તુ છે, ભૂંસાય નહિ એવી વસ્તુ છે અને જ્ઞાનને તું ભૂલી જા છો ? આ તે કઈ જાતની વાત છે. આ એક થોડો તપાસવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- જ્ઞેયલુબ્ધ જ થઈ ગયો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલો જ્ઞેયલુબ્ધ થાય છે, એટલો જ્ઞેયલુબ્ધ થાય છે... તત્ત્વજ્ઞાન શીખીને જ્ઞેય ઉપર જોર દયે ! તત્ત્વજ્ઞાન શીખીને !

મુમુક્ષુ :- વાંચી લીધું હોય ને.

પૂજ્ય ભાઈશ્રી :- વાંચી લીધું એટલે કે હવે ખબર છે, મને ખબર છે. પણ

અહીંયાં જોર શેના ઉપર દેવું છે એ સવાલ છે. એ બધી આખી ગડબડ છે.

શું કહે છે ? – કે એ રીતે જુદાં છે એને જુદાં જાણ, જુદાં પાડ. **'જે ક્ષણે વિભાવભાવ વર્તે છે તે જ સમયે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે.'** જુઓ ! આમાં વિચાર કરીને જુદો જાણી લે એમ કહ્યું નથી. વિચાર વડે તું જુદો જાણી લે એમ નહિ કહેતાં, જ્ઞાતાધારા વડે જુદો જાણી લે એમ કહે છે. તારી જે ચાલતી જ્ઞાનની ઉપયોગની ધારા છે એ જ્ઞાનધારા જ છે. ચોખ્ખે ચોખ્ખી કેવળજ્ઞાનની જ ધારા છે. એમાં રાગનો પ્રવેશ, જ્ઞેયનો પ્રવેશ અશક્ય છે. આકારો ઊઠે એનું કંઈ મૂલ્ય નથી, જે કોઈ પર જ્ઞેયો ને જ્ઞાનના આકારો ઊઠે એનું કોઈ મૂલ્ય નથી. એને કોઈ પકડવાની જરૂર નથી, એના ઉપર કોઈ જોર દેવાની જરૂર નથી. તું જ્ઞાતાધારા વડે જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન એકલું જ્ઞાન જ છે. જ્ઞાનમાં એકલું જ્ઞાન છે એમ જ્ઞાતાધારા વડે એને તું રાગથી જુદો પાડી દે, જુદો જાણી લે. વિભાવ તને જુદો જણાશે. તારું સ્વરૂપ, સ્વભાવરૂપ તને જુદું જણાશે.

**'જુદો જ છે પણ તને ભાસતો નથી.'** કેમકે તેં તેને જુદો જોવાનો કદી પ્રયત્ન કર્યો નથી. છે તો જુદો જ. અજ્ઞાન દશામાં પણ સ્વભાવ તો જુદો જ છે પણ તને તે જુદો ભાસતો નથી. તને જુદો નથી ભાસતો કેમકે તું આખે આખો જ્ઞેયલુબ્ધ થઈને તારી આખી જાતને જ્ઞેયમાં હોમી દીધી છે, સ્વાહા કરી નાખી છે અને આખો તારો સ્વભાવ તું ચૂકી ગયો છે. આમાંથી જન્મ-મરણ અને ચાર ગતિના દુઃખ પાંગર્યા છે. આમાંથી બચવું હોય તો આ અધ્યાત્મનું રહસ્ય છે. આ ભેદજ્ઞાન છે એ અધ્યાત્મનું રહસ્ય છે.

**'વિભાવ અને જ્ઞાયક...'** વિભાવ અને સ્વભાવ. જ્ઞાયક કહેતાં સ્વભાવ. **'વિભાવ અને જ્ઞાયક છે તો જુદેજુદાં જ;...'** વિભાવ અને જ્ઞાયક એ જુદાં જ છે, સદાને માટે જુદાં છે, એક થઈ શકે એવી કોઈ પરિસ્થિતિ નથી. જેમ પાષાણ અને સોનું ખાણની અંદર ભેગા દેખાય પણ જુદાં જ છે. સોનાનાં રજકણો છે તે પત્થરનાં રજકણો નથી, પત્થરનાં રજકણો છે તે સોનાનાં રજકણો નથી. એને ગરમી આપતાં પત્થરનાં રજકણોની રાખ થઈને એકલું સોનું જુદું તરી આવે છે. જો સોનાના રજકણો પત્થરનાં હોત તો આવી રીતે જુદું પડત નહિ. જુદું પડ્યું એનો અર્થ એ કે જુદું હતું તે જુદું પડ્યું. અવસ્થા ભેદ થયો. પહેલાં સોના અને પત્થરના રજકણોનો એવી રીતે એનો

સંયોગ હતો કે ચોખ્ખું સોનું દાગીના ઘડાય એવી રીતે અવસ્થામાં ઉપલબ્ધ નહોતું. એમ અજ્ઞાન અવસ્થામાં રાગમાં હુંપણું કર્યું છે, પરજ્ઞેયમાં હુંપણું કર્યું છે ત્યાં સુધી એકલા જ્ઞાનનો અનુભવ કરીને શાંતિનો, સુખનો અનુભવ કરી શકાય એવી અવસ્થા નહોતી. આ અવસ્થા ફેર કરી. છે તો જુદું જ પણ અવસ્થા ફેર થઈ. અવસ્થા ફેર થઈ તો સુખ-શાંતિની પ્રાપ્તિ થઈ નહિતર દુઃખની પ્રાપ્તિ હતી. વસ્તુ તો જે છે તે છે. વસ્તુને બદલી શકાતી નથી.

મુમુક્ષુ :- જ્ઞાતાધારા તો અવિરત ચાલુ જ છે, અવિરત. આબાલ ગોપાલ સૌને.

પૂજ્ય ભાઈશ્રી :- સદાય ચાલુ છે, ધારાવાહીપણે સર્વને ચાલુ છે. ધ્યાન દેવાની જરૂર છે.

મુમુક્ષુ :- મને પણ ચાલુ છે પણ જોતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- જોતો નથી, ધ્યાન દેતો નથી. એટલું ધ્યાન એ બીજે દે છે. પોતાની જ્ઞાતાધારાને છોડીને એટલું ધ્યાન બીજે દે છે કે અહીંયાં ધ્યાન દેવા માટે એને એક ક્ષણ પણ મળતી નથી. એટલા માટે કહે છે...

મુમુક્ષુ :- ઇમીટેશન જ્વેલરીના ચળકાટથી છેતરાઈ જવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.. હા.. ક્યાં સુધી ? – કે પરખ નથી ત્યાં સુધી. પરખવાળા છેતરાતાં નથી. ગમે એટલી ઇમીટેશન જ્વેલરી ચળકાટવાળી આવે પણ ઝવેરી જ્યાં Eyeglass આમ મૂકીને જુએ એટલે શું કહે ખબર છે ? શું એનું નામ આપે છે ? આ તો આંધળું છે એમ કહે. ખોટા હીરાને 'આંધળું' શબ્દ બોલાય છે. ઝવેરાતની ભાષામાં, હોં ! બજારમાં આપણે થોડું માથું માર્યું છે એટલે (ખ્યાલ છે). આ તો આંધળું છે. આમ નરી આંખે જુએ (તો) ભારે ચમકે છે. Eyeglass લઈને જુએ તો - આ તો આંધળું છે એમ કહે. શું કહે ? સીધું જ એમ કહે કે આ તો આંધળું છે. એટલે ખોટું છે, અંધારું છે આની અંદર. હીરાનો પ્રકાશ જ નથી. આ પત્થર જ હીરાનો નથી એમ કહે. ચોખ્ખું તરત જ કહી દે. એમાં ગડબડ ચાલતી નથી.

એમ રાગમાં ચૈતન્યનો આભાસ થાય છે. ચૈતન્યની પર્યાયનો વિકાર છે ને ! એટલે એને આભાસ થાય છે. એને એમ લાગે છે કે રાગ પણ ચૈતન્ય જેવો દેખાય છે. રાગ ચેતનાસ્વરૂપ છે, રાગમાં પણ ચેતના છે એમ એને લાગે છે. પણ ભાઈ ! તું એને જ્ઞાન સાથે મીંઢવ. એની જ્ઞાન સાથે મીંઢવણી કર તો તને સમજાશે કે જ્ઞાનમાં

જે ચળકાટ છે તે રાગમાં ચળકાટ નથી. ચૈતન્યનો ચળકાટ જે જ્ઞાનમાં છે તે ચૈતન્યનો ચળકાટ રાગમાં બિલકુલ નથી. જ્ઞાન હીરા જેવું છે, રાગ આંધળો છે. એ તને બરાબર સમજાઈ જશે, નહિ સમજાવાનો પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન ઊઠાવ્યો છે કે **'સોનું તો ચળકે છે એટલે પત્થર ને તે-બન્ને જુદાં જણાય છે.'** સોનું ચળકે છે. ખાણમાં પણ એનાં જે રજકણો ચળકતાં જોવામાં આવે છે ત્યાંથી સોનાની ખાણ નક્કી થાય છે અને ત્યાંથી એ પત્થરોને અથવા માટીને ઉપાડીને પછી એની પ્રક્રિયા કરીને અવસ્થા ભેદે એને જુદાં પાડવામાં આવે છે. તો કહે, ચળકે છે એટલે એમાં એ રીતે ખબર પડે છે ને ! પ્રશ્ન તો સમજીને ઉઠાવ્યો છે. ચળકે છે, ચળકે છે તું એમ કહે છે પણ તને તારું જ્ઞાન ચળકે છે, જો તો ખરો અંદરમાં.

જ્ઞાન જે રીતે ચળકતું જોવામાં આવે છે એ રીતે રાગ ચળકતો જોવામાં આવતો નથી. આ તને કહીએ છીએ એવું તને ન દેખાતું હોય તો તું અમે કહીએ છીએ એ ફરી ફરીને અવલોકન કરીને દેખવાનો પ્રયત્ન કર તો અમે કહીએ છીએ એવું જ તને જરૂર દેખાશે. અત્યારે કદાચ તને ન દેખાતું હોય તો વારંવાર તું જો, જોવાનો પ્રયત્ન કર. અમે કહીએ છીએ એવું જ તને દેખાશે, બીજી રીતે દેખાવાનો પ્રશ્ન રહેતો નથી.

હવે, એનો ઉત્તર આપે છે કે **'આ જ્ઞાન પણ ચળકે જ છે ને ?'** શું આમાં મર્મ છે ? સાદું વાક્ય છે. 'આ જ્ઞાન' એમ લીધું છે. સીધું. તર્ક કરીને, વિચાર કરીને નથી લેવું. આ જ્ઞાન-વિદ્યમાન જ્ઞાન, ચાલતું જ્ઞાન, ઉપયોગધારી જ્ઞાન, સદા ઉપયોગધારી, ઉપયોગ સ્વભાવી આત્મા છે, એમાં આનંદ ભરેલો છે. તો કહે છે કે આ જ્ઞાન છે. આમ વિદ્યમાન લીધું છે. આ જ્ઞાન છે તે પણ ચળકે જ છે ને ! અમને તો આ જ્ઞાન ચળકતું દેખાય છે.

મુમુક્ષુ :- એનો અર્થ એવો થયો કે જ્ઞાન જ જણાય રહ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન જ જણાઈ રહ્યું છે. ખરેખર આત્મા જો પોતાને પોતામાં જોવા ધારે તો એને જ્ઞાનમાં જ્ઞાન જણાય. જ્ઞેય જણાતું હોય તોપણ ગૌણ થઈ જાય, પણ એને મુખ્યપણે જ્ઞાન જ જણાય અને એ જોવું એ એનું પ્રયોજન છે. અનાદિથી જ્ઞેયલુબ્ધ થઈને જ્ઞેયને જોવાના પ્રયોજનથી જ્ઞેયને જોઈને તું તો જ્ઞાનને ભૂલ્યો છો. હવે પડખું ફેરવ અને જ્ઞાનમાં જ્ઞાનને જો. જ્ઞાનને જોવાનું તું ભૂલ્યો છો. એટલે ભાર

દઈને કહેવામાં આવે છે કે તું જ્ઞાનમાં જ્ઞાનને જો. જ્ઞાનમાં જ્ઞેય જણાતું હોવા છતાં એનો ભાર દેતાં નથી કે તું જ્ઞાનમાં જ્ઞેયને જો. એવો ભાર દેતાં નથી. એમ વાત છે.

મુમુક્ષુ :- સોનું ચળકે છે એ વખતે જ્ઞાન ચળકે છે કે સોનું ચળકે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો જ્ઞાન ચળકે છે. શું પ્રશ્ન છે ? સોનું ચળકે છે એમાં જ્ઞાન ચળક્યું કે સોનું ચળક્યું ? – કે પહેલું જ્ઞાન ચળક્યું પછી સોનું ચળકે છે એમ ખબર પડી. પણ પહેલું જ્ઞાન ચળક્યું. તો ઇ મીઠું જ ભૂલી ગયો. સમજ્યા ?

મુમુક્ષુ :- ઘટપટ જણાય છે કે દીવો જણાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- દીવો જણાય, પહેલાં દીવો જણાય છે. ઘટપટની વાત પછી છે. જણાય છે કે નથી જણાતું ઇ વાત પછી છે. પહેલાં આ જણાય છે કે નહિ ઇ પાકું Final કર પહેલાં. આ નક્કી કર. અહીંયાં Agree થા. Subject to condition. આ Agreement કરીને આગળ ચાલ, પછી વાંધો નથી. પણ આ Agreement છોડીને આગળ જવાની હરગિજ વાત નથી. અધ્યાત્મના પ્રકરણમાં તો નથી, નથી ને નથી.

બીજી રીતે કહીએ તો જ્ઞાનનું જે પર જ્ઞેયોનું જાણવું, પ્રતિબિંબિતપણું લીધું છે એ જ્ઞાન સંબંધિત આગમિક સિદ્ધાંત છે અને જ્ઞાનમાં જ્ઞાનના આધારે જ્ઞાનને જોવું તે અધ્યાત્મનો સિદ્ધાંત છે. હવે તારે અધ્યાત્મમાં રહેવું છે કે આગમના જાણપણામાં આંટા મારવા છે ? તું નક્કી કરી લે, તારે જે નક્કી કરવું હોય તે. એક આગમ છે અને એક અધ્યાત્મ છે. અધ્યાત્મમાં આવવું હોય તો અધ્યાત્મના પડખે ચડ. આગમના રવાડે અનંતવાર ચડ્યો. અધ્યાત્મમાં ન આવ્યો તો બધું નિષ્ફળ ગયું. આમ છે.

મુમુક્ષુ :- ખરેખર શુદ્ધિ અધ્યાત્મથી જ થાય છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- અધ્યાત્મ એટલે આત્માનો આધાર લેવો તે. જ્ઞાનનું જ્ઞાનત્વ તે જ્ઞાનનો આત્મા છે. જ્ઞાનનું જ્ઞાનત્વ તે આત્મા છે અને જ્ઞેયત્વમાં એ જ્ઞાનત્વને જોવું છે, જ્ઞેયત્વને જોવું નથી કેમકે એ એનો આત્મા છે. આમ છે. જ્ઞાનનો આત્મા એ છે. જ્ઞાનત્વ જ એનો આત્મા છે. બહુ લીધું છે. ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬ પાંચ ગાથા. 'કર્તા-કર્મ અધિકાર'ની આ વિષય ઉપર જ છે. જ્ઞાનના જ્ઞાનત્વ ઉપર જ આખી ગાથાઓ છે. ઇ પાંચ ગાથામાં જ્ઞાનનું અજ્ઞાનત્વ અને જ્ઞાનનું જ્ઞાનત્વ–આ બે જ વાત સમજાવી છે. અહીં સુધી રાખીએ..

## તા. ૫-૧૦-૧૯૮૭, વચનામૃત-૧૯૭
## પ્રવચન નં. ૧૫૧

૧૯૭ બોલ ચાલે છે, પાનું ૬૨. ભેદજ્ઞાનનું પ્રકરણ છે. જ્ઞાન લક્ષણ દ્વારા આત્માને ઓળખીને જ્ઞાનસ્વભાવી આત્માને વિભાવથી જુદો અનુભવવો એ કાર્ય કેવી રીતે કરવું એ વિષય ઉપર અહીંયાં પ્રકાશ પાડેલો છે. વિભાવ અને જ્ઞાયક પોતપોતાના સ્વરૂપે જુદાં જુદાં સ્વરૂપે છે. એકસાથે એનું અસ્તિત્વ છે તોપણ સ્વરૂપે કરીને બન્ને જુદાં છે.

સોનું અને પાષાણનું અહીંયાં દૃષ્ટાંત લીધું છે. સોનું અને પાષાણ સાથે દેખાય છે, પણ સોનું તે સોનું છે અને પત્થર તે પત્થર છે. ત્યારે એવો પ્રશ્ન ઉઠાવ્યો છે કે સોનું ચળકે છે એટલે જુદું જણાય છે, પત્થર ચળકતો નથી. એમ બે વચ્ચે જુદાં જાણવાનું કારણ ઉપસ્થિત છે એટલે જુદું કરી શકાય છે, જુદું સમજી શકાય છે. એ સંબંધમાં ઉત્તર આપે છે કે આ જ્ઞાન પણ ચળકે જ છે. અમને તો અમારું જ્ઞાન ચળકતું અનુભવાય છે. સ્વ-પરપ્રકાશક એવું જ્ઞાન ચમકી રહ્યું છે, ચળકી રહ્યું છે અને સાથે રહેલો વિભાવભાવ ચળકતો નથી; એટલે એ પોતાને પણ જાણતો નથી, જ્ઞાનને પણ જાણતો નથી. જ્ઞાન પોતાને પણ જાણે છે અને વિભાવને પણ વિભાવ તરીકે જાણે છે. જ્યારે વિભાવ છે એમાં તો એકલું અંધારું છે. જ્ઞાનમાં પ્રકાશ છે, સ્વચ્છતા છે, જ્ઞાનવેદન છે અને જ્ઞાનનું પ્રત્યક્ષપણું છે. વિભાવમાં તો એવું કાંઈ જ નથી.

**'વિભાવભાવ ચળકતાં નથી પણ બધે જ્ઞાન જ ચળકે છે.'** બધે એટલે પર્યાયે પર્યાયે, સર્વ સમયે. કોઈ સમય એવો નથી કે જેમાં જ્ઞાન ચમકતું નથી, ચળકતું નથી, જણાતું નથી, અનુભવાતું નથી, એવો એક પણ સમય નથી. બધે જ જ્ઞાન ચળકે

છે અને બધે જ જ્ઞાન જણાય છે. ચળકે છે એનો અર્થ લીટો કરીને લીધો છે કે બધી પર્યાયમાં જ્ઞાન જણાય છે. જાણનાર એવું જે જ્ઞાન, જણાનાર એવો જે આત્મા જ્ઞાન દ્વારા આત્મા જણાય છે. જ્ઞાન જણાય છે, જ્ઞાન દ્વારા જાણનાર એવો આત્મા જણાય છે. જ્ઞાન દ્વારા જ્ઞાનનો પર્યાય જણાય છે એમ નથી કહેતાં પણ જ્ઞાન દ્વારા આત્મા જાણનાર જણાય છે અને પર્યાયે પર્યાયે આ પ્રક્રિયા થઈ રહી છે. ચળકવાની, પ્રસિદ્ધ થવાની, પ્રગટ થવાની, જાણવાની આ પ્રક્રિયા તો પર્યાયે પર્યાયે થઈ જ રહી છે.

મુમુક્ષુ :– પ્રત્યક્ષ છે એમ આપે લીધું. જ્ઞાન પ્રત્યક્ષ છે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાન પ્રત્યક્ષ છે એટલે જ્ઞાનને જ્ઞાનપણે પરિણમવા માટે કોઈ નિમિત્તની જરૂર નથી. જગતમાં લોકો એમ જાણે છે કે આંખ દ્વારા દેખાય છે, કાન દ્વારા સંભળાય છે, નાક દ્વારા સુંઘાય છે. એમ કોઈ પણ કાર્ય કરવામાં જ્ઞાનને શરીરના અવયવની મદદ લેવી પડે છે. જો આંખ ન હોય તો જાણી ન શકાય, કાન ન હોય તો સાંભળી ન શકાય, નાક ન હોય એ સૂંઘી શકે નહિ એવી પરિસ્થિતિ છે. શું જ્ઞાનનું એવું સ્વરૂપ છે ? પરાધીન એવું જ્ઞાનનું સ્વરૂપ છે ? – કે નહિ, જ્ઞાનનું એવું સ્વરૂપ નથી.

જ્ઞાનની શક્તિમાંથી જ્ઞાનનો ઉપયોગ થવો, જ્ઞાન ગુણમાંથી એનો પર્યાય થવો– જાણવારૂપ પર્યાય થવો એમાં જ્ઞાનને કોઈની મદદની જરૂર નથી. પોતાના નિજ સામર્થ્યથી–નિજ શક્તિથી જ્ઞાન ઊપજી રહ્યું છે. પરોક્ષ તેને કહેવાય કે જેમાં વચ્ચે કોઈ માધ્યમ હોય તેને, પણ આમાં કોઈ માધ્યમ હોતું નથી. પોતાની શક્તિ સ્વયં જાણવારૂપે પરિણમે એમાં કોઈ માધ્યમની વચમાં જરૂર હોતી નથી. પોતે જ સ્વયં જ કોઈપણ ઇન્દ્રિયની મદદ વિના જ્ઞાનનો જે ગુણ છે–શક્તિ છે એ જ્ઞાનના વ્યાપારરૂપે થઈ જાય છે. જો ઇન્દ્રિય હોય તો જ જ્ઞાન જાણવારૂપે કાર્ય કરે એવું હોય તો સિદ્ધ ભગવાનને કાંઈ જણાય નહિ. જો ઇન્દ્રિય હોય તો જ જ્ઞાન જાણવાનું કાર્ય કરે અને નહિતર ન કરી શકે એમ હોય તો, આંખ ન હોય તો ન દેખી શકે એમ હોય તો કેવળજ્ઞાનમાં સિદ્ધ ભગવાનને કાંઈ જણાય નહિ; પણ એવું છે નહિ.

મુમુક્ષુ :– આંખ-કાન-નાકથી જણાતું હોય તો મડદાને બધું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એને બધું છે તો એને જણાવું જોઈતું હતું. (કોઈ) (કહે કે) એમ નહિ. આત્મા તો જાણે. દલીલ શું કરે ? આત્મા તો જાણે પણ આત્મા શરીરના

અવયવની મદદ વિના ન જાણી શકે. જાણે ખરો આત્મા પણ શરીરના અવયવની મદદ વિના ન જાણી શકે, એમ કહે. તો કહે છે, લે ! આ સિદ્ધ ભગવાન. અશરીરી છે અને એના જેટલું કોઈ જાણતું નથી. જગતનો કોઈપણ સંસારી જીવ, સિદ્ધ પરમાત્મા જેટલાં વિકાસવાળા, જ્ઞાનના વિકાસવાળો નથી. સંસારમાં એવો એક્કે જીવ નથી.

મુમુક્ષુ :- પુસ્તક છે માટે જ્ઞાને જાણ્યું એમ નહિ, જ્ઞાને પોતાથી જાણ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાથી જ જ્ઞાન કર્યું છે. 'ગુરુદેવ' ત્યાં સુધી કહેતાં કે 'આ જ્ઞાન' એવો શબ્દ છે એમ અહીંયાં જણાણું એ શબ્દના આધારે જ્ઞાન થયું નથી, શબ્દના કારણે જ્ઞાન થયું નથી. જ્ઞાનમાં તે શબ્દનું જે જ્ઞાન થયું એ પ્રકારે તેવા પર્યાયે પરિણમવાનો જ્ઞાનનો સ્વકાળ હતો. પોતાને કારણે, શબ્દને કારણે હરગિજ નહિ. આમ લીધું છે.

પ્રશ્ન :- એમ કહીને શું બતાવવું છે ?

સમાધાન :- એમ કરીને જ્ઞાનની સ્વતંત્રતા, નિરપેક્ષતા બતાવવી છે કે જ્ઞેય અપેક્ષિત જ્ઞાન નથી. જ્ઞાનને જ્ઞેયની કોઈ અપેક્ષા નથી કેમકે જ્ઞાન એક શક્તિરૂપ ગુણ છે. જે સ્વયં શક્તિરૂપ છે એને બીજાની અપેક્ષા રહે તો એમાં એનું શક્તિપણું ક્યાં રહ્યું ? શું રહ્યું ? – કે એમાં શક્તિપણું જ ન રહ્યું. શક્તિને કોઈ પરની અપેક્ષા હોતી નથી. પોતાની શક્તિથી જ્ઞાન કામ કરે છે. શરીરની શક્તિથી જ્ઞાન કામ કરે છે એમ બિલકુલ નથી.

'શ્રીમદ્જી'એ 'આત્મસિદ્ધિ'માં એ વાત સિદ્ધ કરી કે 'સ્થૂલ દેહ મતિ અલ્પ.' કૃષ દેહે. કૃષ દેહ હોય, દૂબળો દેહ હોય, રોગિષ્ટ દેહ-શરીર હોય અને ઘણી બુદ્ધિ હોય, એનું જ્ઞાન ઘણું હોય અને તંદુરસ્ત શરીર હોય, એકદમ રૂષ્ટપુષ્ટ શરીર હોય (પણ) સ્થૂળ બુદ્ધિવાળો હોય એનું જ્ઞાન અલ્પ હોય. જો દેહ જ આત્મા હોય અથવા દેહને લઈને જ્ઞાન પુષ્ટ થતું હોય, શરીરની પુષ્ટિને લઈને જ્ઞાન પુષ્ટ થતું હોય તો પુષ્ટ શરીરવાળાને ઓછી બુદ્ધિ ન હોય; પણ એ એમ બતાવે છે કે જ્ઞાનનો ધર્મ જ્ઞાનમાં સ્વતંત્ર-જુદો છે, શરીરનો ધર્મ શરીરમાં જુદો-સ્વતંત્ર છે. પોતે શરીરનો દાખલો આપ્યો છે કેમકે લોકો જ્ઞાનને શરીર સાથે જોડે છે. ખરેખર જ્ઞાન સ્વતંત્ર કામ કરે છે. શરીર તો જડ પરમાણુનો પિંડ છે, એને કંઈ જ્ઞાનને મદદ કરવું કે જ્ઞાનને જણાવવું કે જ્ઞાનને પ્રકાશવું કે પ્રગટ કરવું (એવું) કાંઈ સાધન, કાંઈ ગુણ એનામાં બિલકુલ

નથી.

**'વિભાવભાવ ચળકતા નથી પણ બધે જ્ઞાન જ ચળકે છે...'** એમ અમને જણાય છે. પર્યાયે પર્યાયે જ્ઞાન જ જણાય છે. તો કહે કે જ્ઞેય જણાય છે ? તો કહે છે, તને જ્ઞેય જોવાનું પ્રયોજન છે (તેથી) એ જ્ઞેય જણાય છે, એમાં તને જ્ઞાન નથી જણાતું.

મુમુક્ષુ :– જણાય છે તો ખરું.

પૂજ્ય ભાઈશ્રી :– પણ છતાં તારું પ્રયોજન જ્ઞેય જોવાનું હોવાથી તને જ્ઞાન જણાતું નથી અને જ્ઞેય જણાય છે ત્યારે અમારું પ્રયોજન જ્ઞાન જોવાનું હોવાથી અમને જ્ઞાન જણાય છે, અને જ્ઞેય જણાય છે (એ) નહિ જણાવા બરાબર. જ્ઞેય જણાય છે પણ નહિ જણાવા બરાબર. એવું ગૌણ થઈ જાય છે.

**'જ્ઞાનનો ચળકાટ...'** જ્ઞાનનો પ્રકાશ **'ચારે તરફ પ્રસરી રહ્યો છે.'** લ્યો, ઠીક ! ચારે તરફ, અમને તો એમ જ લાગે છે કે ચારે તરફ બધે જ્ઞાન જ પ્રસરી રહ્યું છે. ઇ એમ બતાવે છે, આ વચન એમ પ્રસિદ્ધ કરે છે કે એમ કહેનારનું પરિણમન જ્ઞાનમયપણે થઈ રહ્યું છે. 'સમયસાર'માં એવી ગાથાઓ આવે છે કે જ્ઞાનીના બધા જ ભાવો જ્ઞાનમય છે. જેમ, સોનામાંથી જેટલા ઘાટ અને દાગીના ઘડાય એ બધા સોનામય છે એમ, જ્ઞાનીએ પોતાનું સ્વરૂપ જ્ઞાનમય જાણ્યું છે તો એનાં બધા પર્યાયો જ્ઞાનમય જ છે. એમ અહીંયાં કહે છે કે ચારે તરફ જ્ઞાનનો ચળકાટ પ્રસરી રહ્યો છે. અમને તો જ્ઞાનમયપણું એ એક જ ઇષ્ટ છે, એ એક જ અમને અનુભવાય છે, એના ઉપર અમારું વજન છે અને એની આડે હવે અમને કાંઈ દેખાતું નથી.

મુમુક્ષુ :– ઉપર જે લીધું, પર્યાયે પર્યાયે જ્ઞાન ચળકે છે. પાછું આ જે નીચે આવ્યું તે ક્ષેત્ર ચારે તરફ..

પૂજ્ય ભાઈશ્રી :– ચારે તરફ દેખાય છે એટલે એમાં તન્મયપણું લેવું છે. વ્યાપ્ય-વ્યાપકપણે અમે તો જ્ઞાનમાં જ છીએ. ચારે તરફ એટલે વ્યાપ્ય-વ્યાપકપણે. ક્ષેત્ર..

મુમુક્ષુ :– ક્ષેત્રમાં..

પૂજ્ય ભાઈશ્રી :– હા.. ક્ષેત્રમાં વ્યાપ્યું છે, ક્ષેત્રમાં વ્યાપ્યું છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ ચારે તરફ લઈ લેવા. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ ચારે લઈ લેવા એમાં. 'અર્જુન'ને મત્સ્યવેધ પ્રસંગે 'દ્રોણાચાર્યે' પૂછ્યુ હતું કે તને શું દેખાય છે ? તો કહે, કાંઈ દેખાતું નથી. કાંઈ નહોતું દેખાતું ? 'અર્જુન'ને કાંઈ આંખો નહોતી કે કાંઈ દેખાય નહિ ?

માછલાની આંખ દેખાય અને બીજું કાંઈ ન દેખાય તો માછલાની આંખ તો સૂક્ષ્મ હતી. એ તો પાણીના પ્રતિબિંબમાં એક સૂક્ષ્મ લક્ષથી પકડવું પડે એવું લક્ષ હતું એનું. તો એ દેખાય ને બીજું કંઈ ન દેખાય વચ્ચે ! પાણી પણ ન દેખાય ને થાંભલો પણ ન દેખાય ! બીજું કાંઈ પક્ષી ન દેખાય ને પક્ષીની આંખ જ દેખાય ! એનો અર્થ એ છે કે જે જોવાનું પ્રયોજન છે એના ઉપર અમારું એટલું બધું લક્ષ છે કે એ સિવાય અમને દેખાતું હોવા છતાં કાંઈ દેખાતું નથી, એમ કહેવું છે.

એવી રીતે, એકને મુખ્ય કર્યા વિના અનાદિથી જેને મુખ્ય કર્યું છે એને ગૌણ નહિ કરી શકાય. કહેવા પાછળ, આમ કહેવા પાછળ કોઈ હેતુ છે, કારણ છે તો આ છે. દેખાય છે ને કેમ દેખાતું નથી એવું કહેવું જોઈએ ? તમારે એવું શા માટે કહેવું જોઈએ કે દેખાય છે ને નથી દેખાતું ? દેખાતું હોવા છતાં નથી દેખાતું એમ શું કરવા કહો છો ? – કે અનાદિથી ઇ જે દેખાય છે એને મુખ્ય કર્યું છે અને દેખનારને એણે ગૌણ કર્યો છે. હવે, આ પ્રકારે એને ગૌણ કર્યા વિના જાણનાર એવું જ્ઞાનમય સત્તાધારી તત્ત્વ એને મુખ્ય નહિ કરી શકાય, એ મુખ્ય નહિ થઈ શકે, એવી પરિસ્થિતિ હોવાથી મોતને બાજે તો તાવ આવે - આમ કહે છે કે નહિ ? આ કામ કરવાની Technique છે.

માણસને ખબર પડે કે ભાઈ ! આ માણસ પાસે એક હજાર રૂપિયા લેણા છે. અને એને એમ કહીશું કે મારા એક હજાર લેણા છે તો એ ગમે એમ કરીને હજાર નહિ આપે, ઓછા જ આપશે. એટલે પંદરસોથી (માગવાનું) માંડે. વ્યાજ ગણીએ અને વ્યાજનું વ્યાજ ગણીએ તો પંદરસો થાય છે. અને મને તકલીફ પડી એનો તમારે દંડ કંઈક આપવો પડશે. આટલા તમે મોડા આપ્યા એમાં મને ઘણી તકલીફ પડી છે તો થોડી Penalty પણ આપવી પડશે. તમારે જે આપવું હોય એ આપો. ત્યારે એ એક હજારે આવીને ઊભો રહે. પણ પહેલેથી એમ કહે કે એક હજાર આપવાના છે. તો (કહેશે કે) ઇ તો ન જ થઈ શકે. એમાં તો તમારે કાંઈક ઓછા લેવા જ પડશે. તમે જે બોલો તેમાં તો ઓછા લેવા જ પડશે. આ કામ કઢાવવાની Technique છે કે નહિ ?

'સોગાનીજી' દ્રવ્ય ઉપર બહુ વજન આપતા, પર્યાયની ગૌણતા કરતા. શુદ્ધ પર્યાયની ગૌણતા કરતાં કે શુદ્ધ પર્યાય છે જ નહિ. **'परदव्वं परसहावमिदि हेयं'**

'નિયમસાર'ની ૫૦ ગાથા ને ૩૮ ગાથા છે. એ વિષયથી, એ દષ્ટિકોણથી વાત લેતા કે શુદ્ધ પર્યાય ક્ષાયિક પર્યાય હોય તો **'परदव्वं परसहावमिदि हेयं'** પણ આ તો અમારે સંસાર ટાળીને મોક્ષ તો કરવો હતો અને તમે **'परदव्वं परसहावमिदि हेयं'** નાખી દીધું ? ભાઈ ! મોક્ષ કરવો હોય તોપણ આ જ ઉપાય છે.

ત્રિકાળી પરમ પારિણામિક ધ્રુવભાવમાં એકત્વ કરતા મોક્ષ પ્રગટ થાય છે. સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ પર્યંતની પર્યાય આ એક જ રીતે પર્યાય પ્રગટ થાય છે અને પર્યાયમાં ગુણ પ્રગટાવવા અને દોષ ટાળવાના બહાને પણ પર્યાયનો આશ્રય છૂટતો નથી, એકત્વ છૂટતું નથી. તેથી આટલું બધું જોરથી એને ગૌણ કરવામાં આવે છે, એ યોગ્ય જ છે, સમ્યક્ છે. એમ કહીને એમ કહ્યું કે પર્યાય નથી એમ નથી પણ મોતને બાજે તો તાવ આવે એ ન્યાયે અહીંયાં જોર દેવામાં આવે છે.

પ્રશ્ન :- શુદ્ધ પર્યાયને પરદ્રવ્ય કહી દીધું ?

સમાધાન :- હા, પર દ્રવ્ય કહી દીધું.

મુમુક્ષુ :- સ્વભાવને જાણનારી તો શુદ્ધ પર્યાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવને જાણનાર શુદ્ધ પર્યાય છે.

મુમુક્ષુ :- એને પરદ્રવ્ય કીધું તો જાણે કોણ ?

પૂજ્ય ભાઈશ્રી :- પછી ત્યાં સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનો ભેદ નથી રહેતો, જ્ઞાન-જ્ઞાતા-જ્ઞેયનો ભેદ (નથી રહેતો). સ્વજ્ઞેય આત્મા છે ને જ્ઞાન એનો જાણનાર છે ને આત્મા જ્ઞાતા દ્રવ્ય છે, ઇ ભેદ પછી રહેતો નથી.

મુમુક્ષુ :- એ વાત ઠીક છે પણ પરદ્રવ્ય કહી દે..

પૂજ્ય ભાઈશ્રી :- પરદ્રવ્ય એટલા માટે કહેવામાં આવે છે કે આશ્રય એનો નથી, એનો આશ્રય નથી. બીજું, દ્રવ્યાનુયોગ અનુસાર સિદ્ધાંત એમ છે કે જે ત્રિકાળી પરમ પારિણામિકભાવ છે એનાથી ચારે ભાવો બાહ્ય ભાવો છે. પરમ પારિણામિકભાવ જે કારણપરમાત્મ તત્ત્વ છે એનાથી ઉપશમ, ક્ષયોપશમ, ઉદય અને ક્ષાયિક એ ચારે પર્યાયો એનાથી બહાર છે. તો ('નિયમસાર'ની) ૩૮ ગાથામાં એમ લીધું કે જીવાદિ નવ તત્ત્વો **'बहित्तच्चं'** એ બહિર્તત્ત્વ છે, એક આત્મા જ અંતરંગ તત્ત્વ છે. એ જ સાચો આત્મા છે, એ ખરેખર આત્મા છે. એનું અવલંબન આવ્યું નથી, એને જાણ્યો નથી, એની ખબર નથી, એનાથી અજાણ રહ્યો છે. એટલે એની મુખ્યતા એટલી કરી

કે નવે તત્ત્વોને અહીંયાં ગૌણ કરાવ્યા, બહિર્તત્ત્વ કહીને ગૌણ કરાવ્યા છે. દિગંબરના સાહિત્ય સિવાય આ વાત ક્યાંય નથી.

મુમુક્ષુ :- એક અક્ષર પણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નવ તત્ત્વ બહારની ચીજ છે. ક્યાં વાત છે ? બતાવો ! બધે તો એમ કહેશે કે નવ તત્ત્વનું જ્ઞાન તે સમ્યગ્દર્શન છે. શું કહેશે બહુ બહુ તો નવ તત્ત્વનું જ્ઞાન તે સમ્યગ્દર્શન છે. તો કહે ઊભો રહે. હજી આગળ ચાલવાની જગ્યા છે. એ તો તને જ્ઞાનની મુખ્યતાથી કહ્યું, ભેદની મુખ્યતાથી કહ્યું. એ પણ નવ તત્ત્વનું જ્ઞાન સમ્યગ્દર્શન ક્યારે ? – કે ભૂતાર્થને આશ્રિત હોય ત્યારે.

મુમુક્ષુ :- તો લાગુ પડે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિતર તો નવ તત્ત્વનું જ્ઞાન સમ્યગ્દર્શન રહેતું નથી કે થતું નથી.

મુમુક્ષુ :- શુદ્ધ-પર્યાય નવી નવી પ્રગટે છે.

પૂજ્ય ભાઈશ્રી :- નવી નવી પ્રગટે છે.

મુમુક્ષુ :- એને આત્મા માનીએ તો આત્મા નવો નવો ઉત્પન્ન થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- નવો નવો ઉત્પન્ન થાય અને નાશ થાય ત્યારે આત્માનો નાશ પણ માનવો પડે. આત્માનો નાશ માનવો એટલે પોતાનો નાશ સ્વીકારવો, પોતાનું મૃત્યુ સ્વીકારવું. તો એ વાત ન્યાયસંગત નથી. એમ છે.

ત્યાં ૩૮ ગાથામાં મથાળું બાંધ્યું છે કે આ હેય-ઉપાદેય તત્ત્વનું કથન છે. હેય-ઉપાદેય જે તત્ત્વનું સ્વરૂપ છે એનું આ કથન છે. આ પહેલા Heading બાંધ્યું છે. પછી ગાથાની ટીકા કરે છે કે આ નવ તત્ત્વો છે એ બાહ્ય તત્ત્વ છે અને પરમ પારિણામિકભાવ છે એ એક જ ખરેખર સાચો આત્મા છે. એનો અર્થ એમ કહ્યો કે એ એક આત્મા ઉપાદેય છે. એક સમયની પર્યાય ઉપાદેય નથી, ત્રિકાળી આત્મા ઉપાદેય છે. ભલે ઉપાદેય કરનાર પર્યાય છે પણ એનું ઉપાસ્ય કોણ છે ? ઉપાસના કરનાર પર્યાય છે પણ એનું ઉપાસ્ય કોણ છે ? – કે ઉપાસ્ય દેવાધિદેવ પરમદેવ એવો આત્મા જ્ઞાયકદેવ એવો આત્મા જ ઉપાસ્ય છે. એ સિવાય પર્યાયને પર્યાય ઉપાસ્ય નથી, પણ પર્યાયને ઉપાસ્ય એવો દેવ છે તે આત્મા છે. એમ લેવું છે ખરેખર તો.

મુમુક્ષુ :- પર્યાય ઉપરથી આખું વજન ઊડી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– પર્યાય ઉપરથી આખું (વજન) ઊડી જાય. અને એટલા માટે પાયાના સિદ્ધાંતમાં ‘અમૃતચંદ્રઆચાર્યદેવે’ ‘પ્રવચનસાર’માં એ વાત નાખી છે કે ‘પર્યાય મૂઢાઃ પરસમયા’. પરસમય એટલે જૈનમતની બહાર કાઢ્યો એને. પર્યાયમાં મૂઢ છે, પર્યાયમાં એકત્વ છે, પર્યાયમાં વિમોહિત થયો છે, પર્યાયની મુખ્યતા કરે છે (તો) અમે એને પરસમય કહીએ છીએ, એને સ્વસમયમાં લેતા નથી.

મુમુક્ષુ :– ભેદ પડી ગયો, પર્યાયની મુખ્યતા કરે તો દ્વૈત થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :– પર્યાયને મુખ્ય કરવા જાય તો ત્રિકાળી ગૌણ થઈ જાય છે, આખો પરમાત્મા ગૌણ થઈ જાય છે. સર્વોત્કૃષ્ટ એવું જે પરમાત્મ તત્ત્વ એ કદી પણ, ક્યારેય પણ, કોઈ અપેક્ષાએ પણ ગૌણ કરવાનો પ્રશ્ન રહેતો નથી અને પર્યાયની મુખ્યતા અનાદિથી તને થઈ જ રહી છે અને એમાં તો ચાર ગતિનું પરિભ્રમણ થઈ રહ્યું છે. હવે તારે તેનું તે જ કરવું છે ? શુદ્ધ પર્યાયના બહાને, ધર્મના બહાને, ગુણ-દોષના બહાને, શુદ્ધિ-અશુદ્ધિના બહાને તારે ઇ જ કરવું છે ? તો તને માર્ગ હાથમાં આવશે નહિ.

‘દ્રવ્યદૃષ્ટિપ્રકાશ’માંથી એક સૂર બહુ સરસ નીકળે છે કે સત્ શાસ્ત્રોમાં પણ વિશેષપણે પર્યાયનો વિષય વિસ્તારથી આવશે કેમકે દોષના અનેક ભેદ-પ્રભેદો એનો વિસ્તાર આવે એ કેમ થાય છે એના કારણ-કાર્યમાં Logic માં જઈને એનો વિસ્તાર આવે અને ગુણમાં પણ અનેક ગુણની શુદ્ધ પર્યાય, શ્રદ્ધા કેમ થાય, જ્ઞાન કેમ થાય, આચરણ કેમ થાય, આનંદ કેમ થાય અને તેના પણ જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ ગુણસ્થાન અનુસારના શુદ્ધિના ભેદ-પ્રભેદો અને એ થવાના કારણ-કાર્યનું જે Logic એ બધો વિસ્તાર ઘણો આવશે; અને એ રીતે જો શ્રુતને તપાસવામાં, દ્રવ્યશ્રુતને તપાસવામાં આવે તો પર્યાયના વિષયનો વિસ્તાર ઘણો છે. તોપણ અહીંયાં લાલબત્તી મૂકવામાં આવે છે કે પર્યાયથી એકત્વ છોડવાનું છે, પર્યાયની મુખ્યતા છોડવાની છે, પર્યાયનું એકત્વ છૂટ્યે સમ્યગ્દર્શન છે, ત્યાં સુધી સમ્યગ્દર્શન પણ નથી અને ત્યાં સુધી કોઈ વાત સમ્યક્ નહિ હોવાથી બધી જ વાત અસમ્યક્ છે. આ એક જે સૂર નીકળે છે તે પાયાના સિદ્ધાંતની અંદર બહુ ધ્યાનમાં, લક્ષમાંથી નહિ છોડવા જેવો સિદ્ધાંત છે.

મુમુક્ષુ :– જ્ઞાન તો પર્યાય સહિત છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– મૂળ તો ભૂલ્યો છે પદાર્થને. ‘જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો

દુઃખ અનંત' એમાં આ વાત છે. જે સ્વરૂપ એટલે ત્રિકાળી જે પરમાત્મા એને જાણ્યા વિના 'પામ્યો દુઃખ અનંત. સમજાવ્યું તે પદ નમું' તે ક્યુ પદ સમજાવ્યું ? – કે આ ત્રિકાળી પદ સમજાવ્યું. જેણે આ ત્રિકાળી પદ સમજાવ્યું એ સમજાવનાર, એવા સમજાવનાર ભલે ચોથા ગુણસ્થાને હોય, પાંચમાં ગુણસ્થાને હોય, છઠ્ઠા ગુણસ્થાને હોય 'સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત' એ મારા માટે સદ્‌ગુરુ અને એ જ ભગવાન છે. એ ભગવાન છે અને એ સદ્‌ગુરુ છે. આમ છે. કેમકે ભગવાન તો એ જ બતાવે છે, ત્રિકાળી આત્માને બતાવે છે. આ પણ એ જ બતાવે છે, બસ ! મારા માટે તો અનાદિથી હું ભૂલેલો છું એ ચીજ બતાવે છે. મારું જ સ્વતત્ત્વ બતાવે છે. ભગવાનસ્વરૂપ આત્માને બતાવનારને પણ ભગવાનના સ્થાને સ્થાપવામાં આવે છે.

મુમુક્ષુ :– જેનાથી સમજ્યા એ ... થી પણ અધિક છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અધિક છે. એમ જ છે.

મુમુક્ષુ :– ત્રણે ત્રણનું આવી ગયું. 'સોગાનીજી'એ કીધું ને કે અનંત તીર્થંકરથી અધિક છે.

પૂજ્ય ભાઈશ્રી :– બધા એક જ વાત કરે છે. ત્રણે કાળના જ્ઞાનીઓનો એક અભિપ્રાય હોય. બીજો અભિપ્રાય હોઈ શકે નહિ.

(અહીંયાં) શું કહે છે ? – કે **'જ્ઞાનનો ચળકાટ ચારે તરફ પ્રસરી રહ્યો છે'** એટલે અમને તો સદા સર્વદા સર્વથા જ્ઞાનમયપણું જ જોવામાં આવે છે. આ સિવાય અમને કાંઈ જ દેખાતું નથી. **'જ્ઞાનના ચળકાટ વિના સોનાનો ચળકાટ શેમાં જણાય ?'** તેં કહ્યું કે સોનું ચળકે છે. અમે પૂછીએ છીએ કે સોનું ચળકે છે એવી ક્યાં ખબર પડી તને ? કોની હયાતીમાં તેં નક્કી કર્યું કે સોનું ચળકે છે ? જ્ઞાનની હયાતી સિવાય ક્યાંય નક્કી થાતું નથી. તો પહેલું સોનું કે પહેલું જ્ઞાન ? આ પ્રશ્ન છે ! જગતની, સંસારની અંદર સોનાની કિંમત છે અથવા જે પદાર્થ જણાય એની કિંમત (કરે) છે અને જાણનારની કિંમત ઉડાવી છે અને આમ આખો સંસાર ચાલે છે. આ સર્વજ્ઞ અનુસારીણી વાણીમાં આ બધું એક-બે લીટીમાં આખા સંસારનું સ્વરૂપ આવી જાય છે. જે જણાય છે એની કિંમત આંકે છે અને જાણનારની બિલકુલ કિંમત આંકતો નથી અથવા એને નિર્મૂલ્ય ગણીને ચાલે છે. એની તો જાણે કાંઈ કિંમત જ નહિ હોય.

એક આંખ છે, એનો પરદો કે કોઈ એવો મહત્ત્વનો અવયવ Ratina કહે છે. મહત્ત્વનો અવયવ ખરાબ થાય એને સરખું કરાવવા 'ઇંગ્લેન્ડ', 'અમેરિકા' જો ક્યાંય થતું હોય કે 'મદ્રાસ'ની પાસે 'વેલુર' છે જ્યાં થતું હોય ત્યાં ખૂણેખાંચરે ગોતીને પણ જાય ખરો. વાત તો હોય એક દોરાવા જેટલા અવયવને ઠીક કરવાની. એટલી કિંમત એને શરીરના અવયવની છે, પણ અંદર જે જાણનાર તત્ત્વ છે (એની કિંમત કરતો નથી). પરદો તારો એમ ને એમ રહી જશે, જાણનાર તત્ત્વ ચાલ્યું જશે તો પરદો એમ ને એમ રહી જશે ને કંઈ જણાશે (નહિ), પરદા ઉપર કંઈ જણાશે નહિ. પણ એને ઠીક કરવા માટે કંઈ કરતો નથી.

મુમુક્ષુ :– જ્ઞાનને ઠીક કરવા માટે કંઈ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનને સમ્યક્ કરવા માટે, જ્ઞાનને ઠીક કરવા માટે, જ્ઞાનને સમીચીન કરવા માટે એનો કંઈ પ્રયત્ન જોવામાં આવતો નથી અને જો એક નાનામાં નાનો અવયવ ઠીક કરવો હોય તો ભલે હજારોનો ખર્ચ થાય અને ગમે એટલી પ્રતિકૂળતા વેઠીને પણ ત્યાં પહોંચવું. આ ઠીક કરાવવો પડશે, નહિતર આ તો બહુ કિંમતી વસ્તુ છે, આંખ ચાલી જશે. આંખ વહી જશે, આંખ. આંખ ચાલી જશે એની ચિંતા થાય છે, જ્ઞાન ચાલ્યું જશે એની ચિંતા થાતી નથી. આ તકલીફ છે.

જ્ઞાન ચાલ્યું જાશે એટલે જ્ઞાન મૂંઢાઈ જશે. જે દોષ કરતાં જ્ઞાન મૂંઢાઈ જાશે એની દરકાર કરતો નથી અને એક આંખનું ઑપરેશન કરવું હોય તો ગંભીર થઈને ક્યાંયના ક્યાંય સુધી એની ગંભીરતા સમજીને સરખો કરવા માટે એ પ્રશ્નને હાથમાં લ્યે છે. આવી બધી ગરબડ ચાલી છે.

ચક્રવર્તીઓએ છ ખંડ છોડ્યા. 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ' તીર્થંકરો હતા. 'ભરત' ચક્રવર્તી ચોથા ચક્રવર્તી, એ પ્રસિદ્ધ છે, એ આ જ્ઞાનને ઠીક કરવા માટે છ ખંડ છોડ્યા. જ્યારે એમને મૂલ્ય આવ્યું છે કે જ્ઞાનને ઠીક કરવું જોઈએ, બીજું બધું ઠીક-અઠીકનો કાંઈ પ્રશ્ન નથી, જ્ઞાનને ઠીક કરવું જોઈએ તો એ છ ખંડને છોડવા તૈયાર થયા. એમને કોઈ સગા-સંબંધી કોઈ નહિ હોય ?

મુમુક્ષુ :– સાડા ત્રણ કરોડ હતા. દીકરા-દીકરી, વેવાઈ બધા મળીને સાડા ત્રણ કરોડ હતા.

પૂજ્ય ભાઈશ્રી :– અત્યારે શું છે કે સગા-સંબંધી માટે માણસ (એમ કહે કે)

અમારે વેવાઈ છે ને એટલે હવે એનો પક્ષ કર્યા વગર અમારે ચાલે એવું નથી. એવું છે. મૂળમાં, પાયામાં આ અભિપ્રાય છે. 'કાગ વિટ સમ જાનત હૈ સમ્યક્દૃષ્ટિ લોગ'. જ્ઞાનને ઠીક કરવા માટે કાગડાની વિષ્ટા જેટલી કિંમત મૂકી દીધી. આ કહે છે કે આ અમારા સગા છે, આ અમારો સમાજ છે, સમાજને મુખ્ય કરીએ, સગાને મુખ્ય કરીએ, સંબંધોને મુખ્ય કરીએ પછી થાય એટલું કરીએ.

મુમુક્ષુ :- દીકરાની સાથે તો રહેવું જોઈએ ને ?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ પ્રશ્ન નથી. તારા જ્ઞાનને ઠીક કરવા માટે તારા જ્ઞાનની મુખ્યતા કર અને બાકી બધું - તારી પર્યાયને ગૌણ કરવાની વાત છે ને પછી ક્યાં સવાલ છે. એથી ક્યુ તારું નજીકનું સંબંધી છે ? હેં ! એથી કોઈ નજીકનો સંબંધી છે નહિ.

મુમુક્ષુ :- પર્યાય તો સાથે રહેવાની જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તોપણ એને ગૌણ કરવાની વાત છે. એવો ત્રિકાળી પરમાત્મા મહાન છે. ગુણભંડાર છે કે એની પાસે બધું હેઠ છે, એનાથી બધું હેઠ છે. આ સીધી વાત છે. 'એક જાનીયે, એક દેખીયે, રમી રહીએ એક ઠૌર' પર્યાયમાં. 'સમલ વિમલ ન વિચારીએ એહી સિદ્ધિ નહિ ઔર' પર્યાયમાં સમલતા, વિમલતા છે એને ગૌણ કરવી છે, આ એકને જ મુખ્ય કરવાની વાત છે.

**'જેમ સાચાં મોતી અને ખોટાં મોતી ભેગાં હોય તો મોતીનો પારખું એમાંથી સાચાં મોતીને જુદાં પાડી લે છે,'** શું છે ? **'તેમ આત્માને પ્રજ્ઞાથી ગ્રહવો.'** શું કહે છે ? આત્મા જ્ઞાન તત્ત્વ છે એ જ્ઞાન સ્વભાવી આત્માને જ્ઞાનથી ગ્રહણ કરવો કે આ હું છું. બાકી જેમ સાચું-ખોટું જુદું પાડે એમ આ એક સાચું છે આ એક પરમ સત્ય સ્વરૂપ છે આત્મા પોતે જ પરમ સત્ય સ્વરૂપ છે એને જુદો પાડી લેવો. 'સર્વ અવસ્થાને વિશે ન્યારો સદા જણાય.' આત્મા ચૈતન્ય ગુણ દ્વારા નિરંતર પ્રગટપણે અનુભવમાં આવી રહ્યો છે. ૪૯ ગાથામાં, 'સમયસાર'ની ૪૯ ગાથામાં ચૈતન્યગુણ દ્વારા આત્મા નિરંતર અનુભવમાં આવી રહ્યો છે, પ્રકાશમાન થઈ જ રહ્યો છે. નિરંતર થઈ રહ્યો છે. તે સર્વ અવસ્થાને વિશે ન્યારો ને ન્યારો જ છે. અવસ્થાથી પણ ન્યારો - અવસ્થાને વિશે અને અવસ્થામાં ન્યારો. આમ છે. એમ કહીને પર્યાય એટલો છૂટું પાડી દે છે. એમ એને ગ્રહણ કરવો. **'જે જાણનારો છે તે હું, જે દેખનારો છે તે**

**હું - એમ ઉપયોગ સૂક્ષ્મ કરીને**'. હવે, સ્વભાવ શબ્દ બદલી નાખ્યો અહીંયાં પાછો જુઓ ! અહીંયાં આત્મા લઈ લીધો. સ્વભાવ એટલે કોકની વાત નથી. **'એમ ઉપયોગ સૂક્ષ્મ કરીને આત્માને અને વિભાવને જુદાં પાડી શકાય છે.'** બદલાણો, શબ્દ બદલાણો છે ને.

મુમુક્ષુ :– શુભાશુભ લીધાં છે પછી સ્વભાવ લીધો છે ?

પૂજ્ય ભાઈશ્રી :– પહેલાં અહીંયાં શુભાશુભની સામે જ્ઞાન લીધું, પછી વિભાવની સામે સ્વભાવ લીધો. અહીંયાં વિભાવની સામે હવે પોતે આત્મા લીધો. જે જાણનારો છે તે જ હું, જે દેખનારો છે તે જ હું – એમ ઉપયોગ સૂક્ષ્મ કરીને જ્ઞાન-દર્શન દ્વારમાં સ્વભાવ શક્તિને દેખવી.

'દિપચંદજી' કહે છે, જ્ઞાન-દર્શનના દ્વારમાં ઉપયોગ–દ્વારમાં સ્વભાવ શક્તિને દેખવી. એમાં શક્તિ શું છે ? એનું જ્ઞાન કરવું. શક્તિને પકડવી. પર્યાયને પકડવી એમ કીધું નથી. શક્તિને પકડવી શક્તિ શું છે ? એના ઉપરથી તત્ત્વ પકડાય છે. એ આત્મા છે. એ જાણનારો તે હું, જે દેખનારો તે હું સામાન્ય **'એમ ઉપયોગ સૂક્ષ્મ કરીને આત્માને અને વિભાવને જુદાં પાડી શકાય છે.'** અથવા અનાદિથી વિભાવનો પોતારૂપપણે અનુભવ થઈ રહ્યો છે. એ અનુભવ છૂટીને જ્ઞાન-દર્શનમય હું આત્મા છું એમ પોતાનો સ્વાનુભવ, સ્વભાવથી કરી શકાય છે અને એ સ્વાનુભવ કરતાં વિભાવનો પોતારૂપે અનુભવ થતો નથી. એ વિભાવ જુદો પડી ગયો. ત્યાં આગળ વિભાવ જુદો પડી ગયો. **'આ જુદાં પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે.'** સાધન પ્રજ્ઞા છે. જ્ઞાન સાધન છે. એ મુદ્દો અહીંયાં ઉઠાવવો છે. આ જુદાં પાડવાનું કાર્ય જ્ઞાનથી થાય છે અથવા પ્રજ્ઞાથી થાય છે. અંતર્મુખ જે જ્ઞાન વળે, પોતે પોતાના સ્વસંવેદનમાં જે જ્ઞાન આવે તે જ્ઞાન જુદું પડે. જ્ઞાન જ્ઞાન વેદનમાં ન આવે તો એ જ્ઞાન પરવેદનથી છૂટું પડીને પોતાનો આશ્રય લઈ શકતો નથી. એટલે **'આ જુદાં પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે. વ્રત-તપ કે ત્યાગાદિ ભલે હો, પણ તે સાધન ન થાય; સાધન તો પ્રજ્ઞા જ છે.'** આ એક વિશિષ્ટ વાત કરી છે કે ધર્મના ક્ષેત્રમાં ધર્મ કરવાની વિધિને, સમજણને ભૂલેલાં જીવો વ્રત-તપ અને ત્યાગાદિ કરે છે, એને સાધન માને છે. એ કહે છે કે એ સાધન મોક્ષમાર્ગમાં જેને તું સાધન માને છે એવું હોય છે. મોક્ષમાર્ગીને એવું હોય છે, પણ એ સાધન નથી. એમ કહેવું છે.

મુમુક્ષુ :– સાધન તો પ્રજ્ઞા જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– સાધન તો પ્રજ્ઞા જ છે. પણ જીવ પ્રજ્ઞા સ્વરૂપમાં સ્થિર થાય છે. તે પ્રજ્ઞા સંયમિત થઈ ગઈ અને એ પ્રજ્ઞા સંયમિત થઈ જવાને લીધે વિભાવથી ભિન્ન પડેલી પ્રજ્ઞા વિભાવને ગાળી નાખતી હોવાથી વિભાવપણે ઊપજતાં જે અવ્રત અને અસંયમના પરિણામ છે એ છૂટી જાય છે, તૂટી જાય છે. એ રીતે એ તો સ્વયં આપોઆપ ઊભા થાય છે. પ્રજ્ઞાના સાધન વડે એના બદલે પ્રજ્ઞાને મૂક પડતી અને વ્રત-તપ ને ત્યાગ કરે તો એનાથી કાંઈ તે સાધન થાય નહિ. એને સાધન માનીને પ્રવર્તે એથી કાંઈ એ સાધન થઈને આત્મહિત કરી શકાય નહિ.

પ્રશ્ન :– આ ન લઈએ ને અસ્તિત્વથી લઈએ અને પરમ પારિણામિકભાવથી લઈએ એ સાધન થાય કે નહિ ? અસ્તિત્વથી ?

સમાધાન :– નહિ, નહિ. પ્રજ્ઞા જ સાધન છે, પ્રજ્ઞા જ સાધન છે. અસ્તિત્વની પર્યાય છે તે પોતાને જાણતી નથી અને પરને પણ જાણતી નથી. એમ છે. જ્ઞાન જ એક એવું છે સાધન કે જે પોતાને પણ જાણે છે અને બધા ગુણોને જાણે છે, બહારના સંયોગ નિમિત્ત આદિને જાણે છે, વિકાર–અવિકારને જાણે છે, એ જાણવાનું સાધન પ્રજ્ઞા જ છે. બીજું કાંઈ સાધન નથી.

પ્રશ્ન :– પરમ પારિણામિકભાવ જે 'નિયમસાર'માં કીધો તેને લક્ષણ કીધું ને ?

સમાધાન :– લક્ષણ એટલે સ્વરૂપ છે. લક્ષણ એટલે અહીંયાં લક્ષણ–લક્ષની ચર્ચા નથી. ઓળખવાની ચર્ચા જ નથી ત્યાં. આવો જીવ સાધક–આત્મા છે, મોક્ષમાર્ગી ધર્માત્મા છે. એ પોતે સ્વરૂપની ભાવના, પરમ પારિણામિકભાવની ભાવનામાં આવે છે. આત્મા ઓળખવાનો એ સ્ટેજ નથી ત્યાં. એ તો જ્ઞાની થઈ ગયા છે એની વાત છે. ઓળખવાનું તો જ્ઞાની થઈ ગયા પહેલાંનું સ્ટેજ છે. અને ક્યા સ્ટેજની વાત ચાલે છે એ ન સમજે તો લક્ષણનો અર્થ શું કરે ! લક્ષણનો અર્થ ત્યાં 'સ્વરૂપ' થાય છે. આત્મા પરમ પારિણામિકભાવ સ્વરૂપ છે. લક્ષ–લક્ષણની ચર્ચા ત્યાં ચાલી જ નથી. એ વિષય જ ત્યાં ચાલતો નથી. એટલે એ સ્વરૂપે છે એમ ત્યાં કહેવું છે લક્ષણ કહીને. લક્ષણ શબ્દ બે અર્થમાં વપરાય છે. એક ચિહ્નના રૂપમાં અને એક સ્વરૂપના રૂપમાં. ચિહ્નમાં એનું સ્વરૂપ જ બતાવવું છે. પણ ક્યાંક ચિહ્નનું પ્રકરણ ચાલે છે, ક્યાંક સ્વરૂપનું પ્રકરણ ચાલે છે અને બન્ને જગ્યાએ લક્ષણ શબ્દનો પ્રયોગ થાય છે.

મુમુક્ષુ :- ચર્ચા કરી છે આપશ્રીએ 'નિર્ભ્રાંત દર્શનની કેડીએ'માં એટલે યાદ આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- 'નિર્ભ્રાંત દર્શનની કેડીએ' માં ચર્ચા કરી છે. પ્રશ્ન ઉઠાવ્યો છે. અમારે વિદ્વાનોમાં એક વખત ચર્ચા ચાલી ગયેલી કે આત્માનું જ્ઞાન લક્ષણ તો વ્યવહાર છે અને આત્માનું પરમ પારિણામિકભાવ લક્ષણ જે 'નિયમસાર'માં છે એ નિશ્ચય છે; તો નિશ્ચય લક્ષણ પકડવું, વ્યવહાર લક્ષણ પકડવું નહિ. એ ભૂલ પડી ગઈ. તત્ત્વની ભૂલ છે એમાં. ઓળખાણમાં પરમ પારિણામિકભાવ ક્યાંથી ઓળખશે ? એ તો અપ્રગટ અને અવ્યક્ત છે.

૨૪૬મા કળશમાં એ કહ્યું કે ચૈતન્ય શક્તિ તે દ્વારા પણ આત્મા ઓળખાતો નથી કેમકે તે અપ્રગટ છે. ચૈતન્યશક્તિ દ્વારા પણ આત્મા ઓળખાતો નથી. ચૈતન્યશક્તિ કહો કે પરમ પારિણામિકભાવ કહો - એના દ્વારા પણ આત્મા ઓળખાતો નથી. કેમકે તે અપ્રગટ છે. અને જ્ઞાન, દર્શનમાં દર્શન સૂક્ષ્મ છે, પકડાતું નથી. એ જ્ઞાન સાકાર છે, પ્રગટ છે અને અનુભવગોચર છે તેથી તેના દ્વારા જ આત્માની ઓળખાણ થઈ શકે છે. એ વાત ત્યાં 'જયચંદજી'એ સ્થાપી છે. ૨૪૬ કળશમાં. અને આખા 'સમયસાર'ના સારરૂપે એ વાત લીધી છે કે પ્રથમ તો અમારે આત્મા ઓળખાવવો છે, અનુભવ તો પછી થશે તો ૪૧૫ ગાથા પૂરી કર્યા પછી આ પદ સરવાળો મારીને કીધો છે કે 'ઇતિ ઇદમ આત્મનઃ તત્ત્વં જ્ઞાનમાત્રમ્ અવસ્થિતમ્.' આત્મા જે છે એ તત્ત્વ છે એ તત્ત્વનું તત્ત્વ આત્મનઃ તત્ત્વ એ છે કે તે જ્ઞાનમાત્રપણે અવસ્થિત રહેલું છે અને આ જ્ઞાનમાત્ર એટલે જ્ઞાન લક્ષણથી આત્માને માત્ર જ્ઞાનના લક્ષણથી આત્માને ઓળખવો, એ સિવાય આત્માને ઓળખવાનું કોઈ સાધન નથી. આ ૨૪૬ કળશમાં સરવાળો મારીને આ વાત લીધી છે. સરવાળે આમ કહેવા માગીએ છીએ. 'અમૃતચંદ્રઆચાર્ય'નો કહેવાનો આ અભિપ્રાય છે એમ કાઢ્યું છે..

પ્રશ્ન :- ચૈતન્ય અને જાણનારમાં ભેદ શો છે ?

સમાધાન :- ચૈતન્યમાં જ્ઞાન અને દર્શન બન્ને આવી જાય છે. ચૈતન્ય કહેતાં એમાં જ્ઞાન અને દર્શન બન્ને આવી જાય છે. શું ? – ચિતિ શક્તિ. દર્શન-જ્ઞાનમયી ચિતિશક્તિ. એ ચૈતન્યમાં જ્ઞાન ને દર્શન બન્ને આવી જાય છે. ચૈતન્યની પર્યાય કહો તોપણ એમાં જ્ઞાન ને દર્શન બેય લેવાં જ્યારે, જ્ઞાનમાં જ્ઞાન અને દર્શનમાં દર્શન

બે જુદાં જુદાં લેવાના.

મુમુક્ષુ :- ચિતિ શક્તિ કેમ કહ્યું ? જે જ્ઞાન છે ઇક સીધું ઓળખાય..

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન જ્ઞાનથી ઓળખાય, દર્શન દર્શનથી ઓળખાય. જ્ઞાનશક્તિમાં એમ લીધું કે આત્મજ્ઞાનમયી જ્ઞાનશક્તિ છે એ આત્મજ્ઞાનમયી છે. એમ આત્મદર્શનમયી દર્શન શક્તિ છે એમ. તો એવા જ્ઞાન-દર્શન સ્વરૂપે ચૈતન્યશક્તિ છે. એમાં શું છે કે આ શબ્દો તો શબ્દો છે. અન્યમતમાં જ્ઞાન શબ્દ અને ચૈતન્ય શબ્દ પ્રસિદ્ધ છે, ખાસ કરીને વેદાંતમાં. આખા વિશ્વમાં તત્ત્વજ્ઞાનમાં જૈનદર્શન પછી કોઈ બીજો નંબર આવતો હોય તો તે વેદાંતનો છે. જો કે જૈનદર્શન પાસે અનંતમાં ભાગે છે અથવા એનો કોઈ ક્લાસ નથી પણ છતાંય તે કોઈ વધારે તત્ત્વજ્ઞાનનાં ક્ષેત્રમાં કોઈએ વિકાસ કર્યો હોય તો વેદાંત સંપ્રદાયવાળાએ કર્યો છે. ત્યાં બુદ્ધિની પહોંચ થઈ છે. ત્યાં સુધીની એ લોકોએ વાત કરી છે કે આત્મા સત્ ચિદાનંદ સ્વરૂપ છે. સત્ એટલે અસ્તિત્વ લીધું છે, ચિત્ એટલે ચૈતન્ય લીધું છે અને આનંદમાં આનંદ લીધો છે. ત્રણે મુખ્ય ગુણ લીધાં છે – અને એ રીતે આત્માનું તત્ત્વ-આત્માનું સ્વરૂપ સ્થાપ્યું છે. શું ? – આત્માને બ્રહ્મ કહ્યો છે, પરમબ્રહ્મ કહ્યો છે અને પ્રજ્ઞાબ્રહ્મ આત્માને કહ્યો છે. એને પ્રજ્ઞાબ્રહ્મ પણ કહ્યો છે. ત્યાં પ્રજ્ઞા શબ્દોનો ઉપયોગ કર્યો છે. પ્રજ્ઞાબ્રહ્મ આત્માને કહ્યો છે.

'ગુરુદેવ' શબ્દ વાપરતાં હતા કે આત્મા પ્રજ્ઞાબ્રહ્મ છે. વેદાંતમાં એ શબ્દ છે. પણ દર્શનને એ લોકો સ્વીકારતા નથી કેમકે દર્શન તો પકડાતું નથી બુદ્ધિમાં. એ કેવળજ્ઞાન ગોચર છે એટલે ન પકડાય. એનામાં એ આવે નહિ. એટલે 'ધવલ' આદિ ગ્રંથોમાં 'વીરસેનસ્વામી'એ એ વાત જોરથી ઉપાડી છે. વેદાંતની સામે કે દર્શનને ન માનો તો આત્માને નહિ માનવા બરાબર છે. એક ગુણને ન માનો એટલે આત્માનું આખાનું ખૂન થઈ ગયું.

એ તો 'ગુરુદેવ' પણ કહેતાં કે એક ગુણને ન માને, એક પર્યાયને ન માને એ આખા આત્માનું ખૂન થઈ જાય છે. એમાં એ વાત લીધી છે. બહુ જોરથી ઉપાડી છે. ઠામ ઠામ એની ચર્ચા કરી છે. 'ધવલ'ના ગ્રંથોમાં બહુ ચર્ચા કરી છે. એ વેદાંતની સામે છે. એ મોટો ફરક છે. આમાં જરાય ગરબડ ચાલે એવું નથી. એવો સિદ્ધાંત છે. તત્ત્વ આખું ફરી જાય છે એમ કહે છે. એમાં આંશિક ભૂલ છે માટે, અંશે ભૂલ

છે એમ નથી લેવાતું, આખે આખી ભૂલ છે એમ લેવાય છે.

મુમુક્ષુ :– ભૂલ હોય તે તો માનવી પડે કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :– તો જ વસ્તુની પ્રાપ્તિ થાય, નહિતર કેમ થાય ? એમ. બીજું ન્યાયથી તર્કથી બધું સિદ્ધ થાય છે. એ તો સ્થૂળ વિષય છે. અનુભવનો વિષય સૂક્ષ્મ છે. પણ તર્ક ન્યાય યુક્તિનો વિષય તો સ્થૂળ છે એની પાસે, અનુભવની પાસે; તો એ તને સ્વીકાર્ય હોવો જોઈએ. તો જૈનાગમની અંદર એ બધું તર્ક ન્યાયથી સિદ્ધ કરેલું છે. યુક્તિ, તર્ક ને ન્યાયથી સિદ્ધ કરેલું છે. વિસ્પષ્ટ તર્કણાથી સિદ્ધ થયેલો વિષય છે. હવે એ પણ જો તને ન્યાયમાં ન બેસતો હોય અને તને બીજું સૂઝતું હોય કે આમ (પણ) હોય ને આમ (પણ) હોય તો અનુભવની વાત તો બહુ આઘી છે, અનુભવ સુધી પહોંચવાનો કોઈ ક્લાસ નથી. એમ વાત છે. એવી રીતે વાત છે. એ તો ખબર પડે એવી વાત છે. તમારો ખ્યાલ ન જાય પણ અમે તો એ બાજુથી આવ્યા છીએ એટલે એ ખ્યાલ જાય છે કે જીવ ક્યાં કેવી રીતે ? પહેલાં તો એમાંય દ્વંદ્વયુદ્ધ ચાલે છે. આ સાચું કે આ સાચું ? આ સાચું કે આ સાચું ? આ કેમ સાચું નહિ ? આ કેમ સાચું ? આ સાચું શા માટે ? આમાં ન્યાય શું છે ? આમાં ન્યાય ક્યાં તૂટે છે ? સિદ્ધાંત ક્યાં છૂટે છે ? બધું વિચારવું પડે છે. બહુ મંથનનો વિષય એક કાળમાં થઈ પડે છે શું ? પણ જેને હિત કરવું છે એને તો ન્યાય ગ્રહણ કરવો પડે. જેને હિત કરવું છે એને જો ન્યાય પણ ગ્રહણ ન કરવો હોય તો પછી આગળની વાત કોઈ રહેતી, વિચારવાની જ રહેતી નથી. એમ છે.

શું કહે છે હવે ? – કે **'આ જુદાં પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે. વ્રત-તપ કે ત્યાગાદિ ભલે હો.'** ભલે હો એટલે એ મોક્ષમાર્ગમાં ઉત્પન્ન થાય છે અમારો ખ્યાલ છે. કેવી રીતે થાય છે એ ખ્યાલ છે. **'પણ તે સાધન ન થાય.'** તું પ્રજ્ઞાને છોડીને વ્રત-તપ-ત્યાગને સાધન બનાવી લે તો તને મોક્ષમાર્ગમાં કાંઈ પ્રગતિ થાય છે કે મોક્ષમાર્ગનો પત્તો લાગે એમ બનવાનું નથી. એવું નહિ બની શકે.

મુમુક્ષુ :– સાધન ન થાય કોક વાર તો....?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એને કાંઈક એ બાહ્ય દેખાવ છે. એ બહારનો દેખાવ છે. જ્યારે સ્વરૂપ સ્થિરતા ધર્માત્માને વધી જાય છે ત્યારે એ બહારનો દેખાવ ઊભો થાય છે. શું ? જેમ કોઈ માણસ પાસે શ્રીમંતાઈ થાય છે ત્યારે એ રહેવા માટે ભલે

બહુ આડંબરવાળું શું ? બહુ નક્શી ડીઝાઈનવાળું ઘર ન બનાવે પણ એમ થાય કે વરસાદ પડે નહિ, તડકો લાગે નહિ, ટાઢ વાય નહિ એવી જાતનું સરખું ઘર બનાવો. તો એવું બનાવવા જાતાં તે એ જે મટીરીયલ વાપરે એમાંથી એની શ્રીમંતાઈ અછાની રહેતી નથી. રહે ? – ન રહે.

મુમુક્ષુ :– એ તો પ્રશ્ન એ છે કે વર વગરની જાન હોય એને શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, હા, હા, હા, એને જાન કહેવી કે ન કહેવી ? ઠીક. હા, હા, હા, હા, અંદરમાં પ્રજ્ઞા હોય નહિ. ધર્મની પ્રજ્ઞા હોય નહિ. હવે, વ્રત-તપને ત્યાગ કરે તો ઈ કહે છે કે વર વગરની જાન હોય તો એને શું કહેવું ? – કે ટોળું કહેવું. એ જાન ન કહેવાય. વર ન હોય તો એને કંઈ જાન ન કહેવાય. એ ટોળું કહેવું કે ક્યાં ઊપડ્યું છે ? – કે ટોળાને ખબર નથી કે અમે ક્યાં ઊપડ્યા છીએ ઈ ? જાન હોય તો એમ કહેવાય કે અમે વરરાજાને પરણાવવા લઈ જઈએ છીએ કે ભાઈ ફલાણાની કન્યા છે એને વરવાનો છે અને લગન કરીને પાછા આવશું શું ? પણ આ તો વર જ નથી. ત્યાં આખું ટોળું ઊપડ્યું, ક્યાં ઊપડ્યું કે એને ખબર નથી ! ક્યાં ઊપડ્યું ઇ ટોળાને કોઈને ખબર નથી કે ક્યાં જઈએ છીએ અમે ! તો આ એવી રીતે ટોળું ઊપડ્યું છે.

મુમુક્ષુ :– પુણ્યનું સાધન કરે છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– પુણ્યનું સાધન તો નિગોદિયો જીવ કરે છે. કષાયમંદ કરે છે એમાં વ્રત-તપ-ત્યાગ કાંઈ નથી હોતા અને એકેન્દ્રિયમાંથી પંચેન્દ્રિય થાય. ક્યુ વ્રત કર્યું ? ક્યો ત્યાગ કર્યો હતો ? કષાય તો કોઈપણ કારણે મંદ થાય છે. જીવને અબુદ્ધિપૂર્વક પણ મંદ થાય છે. મન નથી ને મંદ થાય છે અને ત્યારે તો એકેન્દ્રિયમાંથી પંચેન્દ્રિય થયો. બરાબર છે ? તો એની શું કિંમત છે ? અનંતવાર પુણ્ય કર્યા. જગતમાં મિથ્યાદષ્ટિ જેટલાં પુણ્ય કરે, જેવા જેવા પુણ્ય કરે તે અનંતવાર કર્યા અને એના ભોગ્ય સ્થાનોમાં ભોગવ્યા. અનંતવાર ભોગવ્યા. આત્માનું કલ્યાણ થયું કાંઈ ? – કે એ પુણ્ય ભોગવતાં પાપ બાંધ્યા. શું કર્યું ? પાપ બાંધ્યા. દિવસ પછી રાત્રી આવે એમ પુણ્ય પછી પાપ આવ્યા વિના રહે નહિ. આ પરિસ્થિતિ ઊભી થાય છે. તો એથી શું કરવાનું ? પુણ્યના સાધનને શું કરવાનું ? તું મોક્ષ મેળવવા નીકળ્યો છો ! સંસારથી છૂટવા નીકળ્યો છો કે પુણ્યથી બંધાવા નીકળ્યો છો ? તે નક્કી કરો. નક્કી

કરો. શું ? પુણ્યથી બંધાવું છે કે કર્મથી છૂટવું છે ? પુણ્યકર્મથી બંધાયેલું છે કે કર્મથી છૂટવું છે ? ધ્યેય શું છે ? જે ધ્યેય હોય એ રસ્તો પકડાશે. જગતમાં કર્મ બંધનના જે સાધન છે એને મોક્ષનું સાધન માનીને લોકો ચાલે છે. આ મોટી ભૂલ છે. અને આ મિથ્યાત્વની ભૂલ છે.

મુમુક્ષુ :- પુણ્યની વાત જ છોડાવાય એમ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નો છોડાય તો રખડે, તો સંસારમાં રખડે. કોણ ના પાડે એને ? અને કોઈ આપણું માની લ્યે એમ છે ? તીર્થંકરોનું માન્યું નથી. તીર્થંકરો, અનંતા તીર્થંકરો પોકારી પોકારીને સત્યને પ્રસિદ્ધ કરતાં ગયાં. છતાં ન માનવાવાળા તે ન જ માને, માનવાવાળા સહજમાત્રમાં માને. હિત કરવું કે અહિત કરવું એનો નિર્ણય તો પોતાને કરવાનો છે. પોતાનો ધણી પોતે છે અને પોતાનો ધણી બીજો કોઈ નથી. આ સીધી વાત છે. સ્વતંત્રપણે પોતાની સ્વતંત્રતા તીર્થંકર પણ લઈ જાય એવું નથી. એ પણ એમ કહે છે કે જીવ સ્વતંત્ર છે, એને જેમ કરવું હશે તેમ કરશે. અહીં તો વાણી એના કારણે છૂટે છે, અમારે એ વાણી સાથે પણ લેવાદેવા નથી પોતાની વાણી સાથે લેવાદેવા નથી. એની કહેવાય પણ એમને લેવાદેવા નથી. અનિચ્છાએ થાય છે.

મુમુક્ષુ :- બીજા ઉપર લાગણી હોય તો ભાવ તો થાયને કે ભાઈ ઇ બધા પામો ?

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક છે, સારી વાત છે, એવા ભાવ થાય; પણ એનો અર્થ એમ નથી કે એનો આગ્રહ રાખી શકાય. એક ભાવના થવી - સદ્ભાવના થવી એક વાત છે અને આગ્રહ રાખવો એ બીજી વાત છે. આગ્રહ રાખતાં કષાય થાય છે. એ તો કંઈ કરવા યોગ્ય નથી.

મુમુક્ષુ :- સાચા જ્ઞાની ઉપદેશ જ આપે આદેશ આપે જ નહિ. તીર્થંકરથી માંડી ચતુર્થગુણસ્થાન સુધીના બધાં...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, પ્રશ્ન જ નથી. પણ આપણે 'ગુરુદેવ'નો દૃષ્ટાંત લ્યો ને ! 'ગુરુદેવે' કોઈ એક જીવને આદેશ આપ્યો હોય તો બતાવો ! સામુનું ઉઘાડું એમ કહેતાં કે અમે કોઈને કહેતાં નથી કે તમે અહીંયાં આવીને સાંભળો. અને સાંભળવા આવ્યા હોય એને એમ કહેતાં નથી કે તમે અહીં રોકાઈ જાવ, હવે કાલ જજો, આજ

ન જાતા. એવું કોઈને કીધું છે હેં ? આવે સાહેબ ! બસ આજ જવું છે કે બસ જવું છે ! તો કહે, હા, જવું છે બહુ સારું. એમ ન કહે કે તું રોકાઈ જા. કાલે સારી ગાથા આવવાની છે એમેય ન કહે, શું ? કાલની ગાથા બહુ ઊંચી આવવાની છે ને વ્યાખ્યાન બહુ ઊંચું આવવાનું છે માટે એક દી' કાલ રોકાઈ જાવ એવું કોઈને કીધું નથી, રેકોર્ડ છે, શું ? રેકોર્ડ છે એમનો.

મુમુક્ષુ :– એમાં શું રહસ્ય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– રહસ્ય એ છે કે અમે તો જે સત્ય જાણ્યું છે એનો પ્રકાશ કરીએ છીએ. તમે ધર્મના લોભી હોવ તો રોકાવ તમારા લોભ ખાતર. અમારે કાંઈ અપેક્ષા છે નહિ. એનું કારણ પોતાની નિસ્પૃહતા અને નિરપેક્ષતા. એ એનું કારણ છે. કોઈ જાતની કાંઈ નહિ ને. એ તો એમ કહે છે, ખરેખર તો અમે તો અમારું સાધન સાધીયે છીએ. અંદર બેઠાં બેઠાં. વળી સાથે સાથે આ રાગ છે એટલે આટલું કહેવાઈ જાય છે. પણ એનો જરા પણ અમને આગ્રહ નથી. એટલી વાત છે. એટલે કોઈ અપેક્ષા સામાવાળા પાસે રાખતાં નથી. તમે રોકાવ એટલી અપેક્ષા નહિ. તમે સાંભળો એટલી અપેક્ષા નહિ. આવો તો તમારા કારણે, રોકાવ તો તમારા કારણે, જાવ તો તમારા કારણે. આમ છે.

મુમુક્ષુ :– આ વ્રત-તપ અને ત્યાગાદિ ભલે હો ...

પૂજ્ય ભાઈશ્રી :– વ્રત-તપ કે ત્યાગાદિ ભલે હો. એટલે જ્યારે પ્રજ્ઞા સંયમિત થઈ જશે અને વિભાવથી છૂટો પડીને વિભાવ મરવા માંડશે.

મુમુક્ષુ :– પદાર્થ પોતે જ એ સ્વરૂપે છે.

પૂજ્ય ભાઈશ્રીઃ– પ્રજ્ઞા સ્વરૂપે છે. પ્રજ્ઞાબ્રહ્મ છે પોતે.

મુમુક્ષુ :– ગ્રહણ–ત્યાગ વગરનો ..

પૂજ્ય ભાઈશ્રી :– હા, ગ્રહણ–ત્યાગ વગરનો છે એટલે શું છે કે પહેલાં મિથ્યાત્વ અવસ્થામાં, અવ્રત અવસ્થામાં, અસંયમ અવસ્થામાં એને પર પદાર્થોનું ગ્રહણ દેખાતું હતું. મોક્ષમાર્ગમાં આગળ ચાલતાં સંયમિત થતાં બહારનો દેખાવ બદલાઈ જશે. તો એ હો તો ભલે હો. એમ નથી કહેતા કે વ્રત છોડીને અવ્રતમાં જ તમે રહો. સંયમ છોડીને તમે અસંયમમાં રહો અને ત્યાગ નહિ કરીને બધું ઝાપટે રાખો. એવું કંઈ અમે કહેતાં નથી. એ કહેવાનો અહીંયાં અભિપ્રાય નથી. એ તો તમારી વૃતિ સંયમિત

થતાં આપોઆપ એ પરિસ્થિતિ ઊભી થશે પણ એને સાધન તરીકે પકડીને મુખ્ય કરવા જશો તો પ્રજ્ઞા છૂટી જશે. પ્રજ્ઞાનું સાધન હાથમાં નહિ રહે અને કોઈ રીતે મોક્ષમાર્ગનું કાર્ય થશે નહિ.

મુમુક્ષુ :– ... એ પ્રમાણે જ થતું હોય છે. ગ્રહણ–ત્યાગ હોતો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો બરાબર છે. એ તો બહારથી તો ત્યાગ દેખાય છે ને ! એને પોતાને અંદરમાં સમજણ છે કે ગ્રહણ–ત્યાગથી રહિત છું. ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ સ્વરૂપ છું શું ? ઉપાદાન એટલે ગ્રહણ. ત્યાગ-ઉપાદાન શૂન્ય સ્વરૂપે હું છું. એ શક્તિનું પ્રગટ એનું પરિણમન ચાલી રહ્યું છે. પણ બહારના દેખાવમાં ફેર શું પડ્યો ? – કે પહેલાં લોકો જોતા હતા કે આ ગ્રહણ કરતો હતો, હવે ગ્રહણ કરતો નથી શું ? ના પાડે છે. કોઈ આપે તો પણ ના પાડે છે કે મારે ન જોઈએ. એને લોકો તો ત્યાગ સમજે ને ! એને ત્યાગ સમજે છે તો કે એવું બધું ભલે હો ! એનો અર્થ એમ નથી કે ત્યાગ ન કરે. વ્રત ન લ્યે - એવું કાંઈ નથી. એવો વિકલ્પ આવશે. પંચમહાવ્રતનો વિકલ્પ આવશે. પાંચમાં ગુણસ્થાને પ્રતિમા આદિનો વિકલ્પ આવશે, ત્યાગાદિનો વિકલ્પ આવશે. ગ્રહણ-ત્યાગ રહિત છું એ સમજ્યા પછી પણ વિકલ્પ આવશે. શું ? એટલે એવું બધું હોય. ઠીક છે હોય. એના સ્થાનમાં, એના કાળમાં હોય પણ એ કંઈ સાધન છે નહિ. એમ કહેવું છે કે એટલા માટે કે આ વ્રત-તપ-ત્યાગાદિના બહાને સંપ્રદાયો ભૂલ્યાં છે. ટોળાના ટોળા ભૂલ્યાં છે. વર વગરની જાન ચાલી છે બધે સમજ્યા ! એમ એને સમજાવવું છે કે સાધન કોઈક બીજું છે. તમારું ધ્યાન ખેંચીએ છીએ કે આ સાધન નથી. સાધન કોઈક બીજું છે. એ સાધન નથી, તમે આગળ ચાલો; નહિ તો ભૂલા પડી જશો. અને પરિભ્રમણ વૃદ્ધિનો એ હેતુ થશે.

## તા. ૬-૧૦-૧૯૮૭, વચનામૃત–૧૯૭
## પ્રવચન નં. ૧૫૨

'બહેનશ્રીનાં વચનામૃત'. પાનું ૬૩. ૧૯૭ બોલનો છેલ્લેથી ઉપરનો પેરેગ્રાફ છે. **'જુદાં પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે.'** છેલ્લેથી બીજી લીટી ચાલે છે. **'આ જુદાં પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે.'** એટલે જ્ઞાનને, સ્વભાવને, સ્વરૂપને ભિન્ન અનુભવવાનું કાર્ય જ્ઞાનથી જ થાય છે. અનાદિથી જુદાં પદાર્થને પોતારૂપે, એકરૂપે મિથ્યા અનુભવ કરતો હતો, જે સંસાર પરિભ્રમણનું અથવા જન્મ મરણનું કારણ છે, એ કારણને તોડવું અને ભિન્ન ને ભિન્ન અનુભવવું. **'વ્રત, તપ કે ત્યાગાદિ ભલે હો,...'** આ ઉપર વિશેષ વાત એ છે કે અજ્ઞાનદશામાં વ્રત સંબંધીનો શુભરાગ થાય છે, તપ અને ત્યાગ સંબંધીનો શુભરાગ થાય છે. એ શુભરાગ છે એનાથી તો ભિન્ન પડવાનું અથવા સમસ્ત રાગથી ભિન્ન પડવાનું તો અહીંયાં પ્રકરણ ચાલે છે. જો ધર્મ કરવો હોય અથવા જન્મ-મરણથી છૂટવું હોય તો રાગથી ભિન્ન પડયા વિના રાગના ફળ સ્વરૂપ જે જન્મ-મરણ છે એનાથી છુટાશે નહિ. તો વ્રત, તપ અને ત્યાગાદિનો જે રાગ ઉત્પન્ન થાય છે એ રાગાદિને જ સાધન માનવામાં આવે તો એનાથી ધર્મનું સાધન થયું, મોક્ષનું સાધન થયું એમ ગણવામાં આવે એ તો ચોખ્ખે ચોખ્ખું મિથ્યાત્વ છે, સ્પષ્ટપણે એ મિથ્યાત્વ છે, મનુષ્ય પર્યાયમાં–મનુષ્ય ગતિમાં જીવ બુદ્ધિપૂર્વક એવી ભૂલ કરે છે ત્યારે એને ગૃહીત મિથ્યાત્વ કહે છે.

'ટોડરમલજી'એ શ્વેતાંબર સંપ્રદાયને ગૃહીત મિથ્યાત્વમાં લેવાનું કારણ આ જ છે, બીજું કોઈ નથી. એમને શ્વેતાંબર અને મૂર્તિપૂજક અને સ્થાનકવાસી બન્નેનો વિષય ગૃહીત મિથ્યાત્વમાં છઠ્ઠા પ્રકરણમાં લીધો. સાતમું–જૈનાભાસમાં એને નથી લીધા.

જૈનના આભાસથી નીચે લીધા. જૈનનો આભાસ છે એ જુદો વિષય છે અને ગૃહીત મિથ્યાત્વ છે એ જુદો વિષય છે. એ તો અન્યમત સમાન છે. એને અન્યમત સમાન લીધા એટલા માટે કે, એ સંપ્રદાય ભલે જૈનના નામે ચાલે છે તોપણ વ્રત, તપ, ત્યાગાદિના શુભરાગથી ધર્મનું સાધન અથવા ધર્મ જ માનવામાં આવે છે. આ કારણ છે. જો કે કહેવું પડે છે કે, દિગંબર સંપ્રદાયની હાલત આવી જ થઈ ગઈ છે, અન્ય મત જેવી થઈ ગઈ છે. એ લોકો પણ પૂજા કરે, ભક્તિ કરે, ઉપવાસ કરે. આ દશલક્ષણમાં દસ દિવસના ઉપવાસ કરે છે ને ? તો એવો એવો શુભરાગ ઠેકાણા વગરનો હોય હો ! પાછો શુભરાગનું પણ ઠેકાણું હોતું નથી, તોપણ એને ધર્મ માને છે, ધર્મનું સાધન માને છે, દીક્ષા લે છે, પડિમા લે છે, દીક્ષા લે છે. સમ્યગ્દર્શન વગર કેવળ શુભરાગ જ હોય છે એ તો. કહે છે કે, **'એ સાધન ન થાય.'** કેમકે એ રાગ છે. વ્રત, તપ અને ત્યાગાદિ સંબંધીનો રાગ છે, રાગ સાધન થતું નથી. બહુ સ્પષ્ટ વાત છે કે જ્ઞાન જ સાધન થાય છે. રાગ અને જ્ઞાનમાં જ્ઞાન સાધન છે, રાગ હરગિજ સાધન નથી. સાધન તો નથી, ઊલટાનો રાગને ટાળવાનો પુરુષાર્થ અને પ્રયત્ન હોવો એ જરૂરી છે અને એ પુરુષાર્થને સમ્યક્ પુરુષાર્થ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– .. વ્રત, તપને મંદ કષાય કહેવો અને આત્મા પોતે ત્યાગ સ્વરૂપ છે.

પૂજ્ય ભાઈશ્રી :– આત્મા પોતે તો ગ્રહણ–ત્યાગના અભાવ સ્વરૂપે છે.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– એવો શુભરાગ આવી જશે. પણ ત્યારે પણ..

મુમુક્ષુ :– મંદ કષાય કેમ કીધું વ્રત, તપને..

પૂજ્ય ભાઈશ્રી :– એ વખતે કષાય મંદ પડે છે. જ્યારે કોઈ વ્રત અંગીકાર કરવાનો શુભભાવ કરે, ત્યાગ આદિનો શુભભાવ કરે ત્યારે એને કષાય મંદ હોય છે પણ એ શુભરાગ છે. એક જાતનો એક રાગ છે અને રાગ સાધન થતું નથી એમ કહેવું છે.

મુમુક્ષુ :– ઇ બરોબર છે પણ આત્મા તો ત્યાગ સ્વરૂપ છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– આત્મા છે એનાથી એ તદ્દન જુદો જ છે. ખરેખર તો ત્યાગ સ્વરૂપ કહેવું ઇ એ તે એને નામ જ દેવાની વાત છે. ખરેખર તો ગ્રહણ–ત્યાગ સાથે આત્માને લેવા દેવા નથી જ કેમકે આત્મા દ્વારા જે વસ્તુ થઈ શકતી નથી, પર પદાર્થનો

ગ્રહણ-ત્યાગ થઈ શકતો નથી એને એની અપેક્ષા કેમ લગાડવી ! કે એ તો કહેવા માત્ર છે.

મુમુક્ષુ :- .. બાહ્ય ઉપચારથી કહેવામાં આવે છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. અહીંયાં તો શું કહેવું છે કે જગતના જીવો વ્રત, તપ અને ત્યાગાદિનો શુભરાગ કરે છે એને ધર્મનું સાધન માને છે. હમણાં એક પુસ્તક હાથમાં આવ્યું. એક ભાઈ લઈ આવ્યા. કે, આ જૈનધર્મમાં રસ છે એટલે આપો. પુસ્તકનું નામ છે સમ્યગ્દર્શનના મૂળ બાર વ્રત. સમ્યગ્દર્શનના મૂળ બાર વ્રત. ઠીક ! બાર વ્રત - સમ્યગ્દર્શનના મૂળ બાર વ્રત. પુસ્તકનું નામ છે. એ નંદીષેણવિજય કરીને મહારાજ છે, એના પ્રવચનો છે, સમજ્યા. એમને થોડાક ભાંગા આવડે છે કે મિથ્યાત્વના આટલા ભેદ, આઠ કર્મના આટલા ભેદ, આ ફલાણાં પ્રકૃતિનું આમ, ઢીકણું આમ, એવા થોડા ભેદ-પ્રભેદો આવડે છે. એ તો શાસ્ત્રની ધારણા થઈ શકે છે. પણ ખરેખર તો બાર વ્રતનું મૂળ સમ્યગ્દર્શન છે, સમ્યગ્દર્શનનું મૂળ બાર વ્રત નથી. એમને શું લેવું છે કે, તમે વ્રત કરો તો તમને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય. એ બાર વ્રત અંગીકાર કરો, શ્રાવક છો દીક્ષા ન લઈ શકો તો ઠીક છે પણ તમે વ્રત તો લ્યો. શ્રાવકની દશામાં તમે વ્રત તો અંગીકાર કરો તો તમને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય-એ સિદ્ધાંતની ભૂલ છે. એનો અર્થ શું થયો ? કે એવો જે મિથ્યાત્વ સહિતનો શુભરાગ - વ્રત પાળવાનો, તપ કરવાનો કે ત્યાગ કરવાનો એવો જે શુભરાગ છે, એ શુભરાગને અનાદિથી જીવે સાધન માન્યું છે અને એ સાધન માનતા જૈનમતથી, ભગવાન જિનેશ્વરના અભિપ્રાયથી, એના મતથી વિપરીત મત છે એટલે એને અન્યમત કહેવામાં આવે છે. આમ વાત છે. અન્યમત એટલે કહેવામાં આવે છે. કે જગતના બધા ધર્મના સંપ્રદાયો મિથ્યાત્વ સહિતના શુભરાગથી ધર્મ માને છે ને મનાવે છે. જો જૈન નામધારી પણ એમ કહે તો એ પણ અન્યમતમાં જ જાય છે, એને કાંઈ જૈનમતમાં ગણી શકાય નહિ. પછી ચાહે નામ દિગંબર સંપ્રદાયનું હોય કે ચાહે નામ શ્વેતાંબર સંપ્રદાયનું હોય, કોઈપણ નામ હો પણ એ અન્ય મતમાં જાય છે. આમ વાત છે.

મુમુક્ષુ :- મારું કહેવું એમ થાય છે કે ગ્રહણ-ત્યાગ વગરનું તપ હોય અને અહીંયાં વ્રત-તપ છે એટલે વ્રત-તપ અર્થ એમ થાય છે કે ગ્રહણ-ત્યાગ વગરનો. તો એમાં મંદકષાય કેવી રીતે ? કારણ કે સ્વરૂપ તો ગ્રહણ-ત્યાગ વગરનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. વ્રત, તપ અને ત્યાગનો શુભરાગ આવે છે, રાગ આવે છે. એ રાગના કાળમાં, એ રાગમાં કષાય મંદ હોય છે. જે મિથ્યાત્વ અવસ્થામાં વ્રતનો રાગ ઉત્પન્ન થાય છે, તપનો રાગ ઉત્પન્ન થાય છે, ત્યાગનો રાગ આવે છે. સંસારી જીવને મિથ્યાત્વદશામાં ત્યારે એનો કષાય તીવ્ર નથી હોતો પણ કષાય મંદ હોય છે, પણ છે એ રાગ અને રાગ સાધન ન થાય. અહીં મુદ્દો શું છે ? કે તારી અવસ્થામાં રાગ પણ છે અને જ્ઞાન પણ છે. આ ભેદજ્ઞાનનું પ્રકરણ ચાલે છે ને ! તારી અવસ્થામાં રાગ પણ છે અને જ્ઞાન પણ છે. હવે જ્ઞાનને સાધન બનાવવું છે કે રાગને સાધન બનાવવું છે. તે રાગનો આધાર લઈને અનાદિથી રાગને સાધન બનાવીને રાગથી છૂટો પડ્યો નથી અને તેથી તને વીતરાગતા ઉત્પન્ન થઈ નથી. આ પાયાની વાત છે. એ અહીંયાં નિર્દેશ, અહીંયાં ધ્યાન ઇ ખેંચવું છે. ભૂલ શું કરી છે ઇ ધ્યાન ખેંચવું છે કે વિભાવને અને આત્માને જુદાં પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે. વ્રત, તપ કે ત્યાગાદિ ભલે હો. કોઈને મિથ્યાત્વ અવસ્થામાં હો તો અમને કાંઈ એનો એટલો વાંધો નથી, પણ એ સાધન માને એનો વાંધો છે. હોય તો એનો વાંધો નથી પણ સાધન માને તો એનો બરાબર વાંધો છે. એ સાધન નહિ થાય.

પ્રજ્ઞાને સાધન બનાવ, તને રાગાદિ તપ, ત્યાગ, વ્રત ના હો ઠીક છે; એની સાથે બહુ માથાકૂટ નથી. જ્ઞાનદશામાં પણ એવો, જ્ઞાનદશા પ્રગટ થતાં પંચમ ગુણસ્થાનમાં કે છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનમાં એ તપ ને ત્યાગના રાગાદિ ભાવ ઉત્પન્ન થશે, તને કદાચ આવશે, તોપણ એનાથી કાંઈ ધર્મ છે એમ ત્યાં કાંઈ ધર્મી તો માનતા નથી અને બીજાએ પણ માનવાની જરૂર નથી કે આ ધર્મી છે છતાં ત્યાગ તો કરે છે, તપ તો કરે છે, વ્રત તો કરે છે. એને તારે સાધન એ રીતે માનવાની જરૂર નથી. એ ભૂલાવામાં પડવાની વાત છે.

મુમુક્ષુ :- ત્યાગનો વિકલ્પ ઇ રાગ ?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાગનો વિકલ્પ ઇ રાગ. વિકલ્પપૂર્વક ત્યાગ થાય ને ! પહેલાં જીવ ગ્રહણ કરતો હતો, હવે નથી ગ્રહણ કરવું એવો વિકલ્પ તો પહેલાં આવે છે ને ! પછી એ ક્રિયા બંધ થાય છે, એમ ને એમ સીધી બંધ નથી થતી. પહેલાં વિકલ્પ આવે છે, એમ. પછી ભલે એ સંબંધીનો વિકલ્પ ન આવે ને ક્રિયા ન થાય પણ પહેલાં વિકલ્પ આવે છે. એ તો બરાબર છે ને ! એટલી વાત છે.

(એટલે કહે છે), **'સાધન તો પ્રજ્ઞા જ છે.'** હવે, જે છેલ્લો પેરગ્રાફ છે ઇ આ વિષયની ભૂમિકાનો છે કે, જે જીવ અંતરંગમાં સૂક્ષ્મ અનુભવ દષ્ટિથી ભેદજ્ઞાનને પ્રાપ્ત કરે છે એવા જીવને કેવી ભૂમિકા હોય છે ? તો એવા (અનુભવ દષ્ટિવાન જીવ) ભેદજ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે. આ છેલ્લા પેરેગ્રાફ(માં) એ વિષય લીધો છે.

કે, જે જીવને **'સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ અને સુખબુદ્ધિ તૂટી જાય છે.'** એમાં એ અપેક્ષા છે કે, કેટલાક જીવોને પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ અને સુખબુદ્ધિ તૂટીને ઉદાસીનતા અને વૈરાગ્ય આવે છે પરંતુ એને સ્વભાવનો મહિમા હોતો નથી. તોપણ એવો વૈરાગ્ય છે કે ઉદાસીનતા છે કે રાગમાં લુખાશ છે –એવી લુખાશ શુકલલેશ્યા સુધીની થાય છે. કેવી ? શુકલલેશ્યા સુધીની થાય છે. એટલે ઉદાસ... ઉદાસ... ઉદાસ... ઉદાસ... ઉદાસીનતાની મૂર્તિ દેખાય છે. બહારમાં શાંતિ એટલી દેખાય, પણ અંદરમાં જો સ્વભાવનો મહિમા ન હોય તોપણ તે ધર્મ અર્થે, આત્મહિત અર્થે, કલ્યાણ અર્થે, મોક્ષ અર્થે નિષ્ફળ જાય છે. એ કોઈ કાર્ય સાધક નથી. એટલે અહીંયાં એ વાત સ્પષ્ટ કરી છે કે સ્વભાવના મહિમાથી (રસબુદ્ધિ આદિ તૂટી જાય છે.) વાત ઉપર ઉપરથી ભલે સીધી સાદી લાગે પણ બહુ એની અંદર મર્મ છે. જેને **'સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ અને સુખબુદ્ધિ તૂટી જાય છે.'** જેને સ્વભાવના રસને લીધે, પરપદાર્થ પ્રત્યે રસ નથી અને જેને સુખ નથી, સુખબુદ્ધિ નથી અને જેને **'સ્વભાવમાં જ રસ લાગે છે અને બીજું બધું નીરસ લાગે.'** સ્વભાવના રસપૂર્વક બીજું બધું નીરસ લાગે છે ત્યારે જ એને પ્રથમમાં પ્રથમ અંતરંગમાં રાગ અને જ્ઞાન વચ્ચેની સાંધ છે એ જોવામાં આવે છે. સૂક્ષ્મ સંધિ એને સાંધ કહે છે.

'ગુરુદેવશ્રી' દષ્ટાંત આપતા હતા કે જેમ આરસના પત્થરમાં અથવા કોઈપણ કાળા-સફેદ ગમે તે પત્થરમાં વચ્ચે ત્યાં (આગળ) રગ પડેલી હોય છે. ત્યાંથી પત્થરને તોડવો સહેલો પડે છે. કેમકે સાંધો એટલો વાંધો. અખંડ એ અખંડ ને ખંડિત તે ખંડિત ! એ સાંધમાં દારૂગોળો મૂકી અને તોડવામાં આવે તો પત્થર ત્યાંથી સહેલાઈથી તૂટે છે. નહિતર એવી સાંધ ન મળે તો પત્થરને ખોદવો પડે. કોઈ સાધનથી ખોદી એના ઊંડાણમાં દારૂગોળાની વાટ મૂકીને તોડે. પણ એ પત્થર તૂટે અને આ તૂટે એમાં ઘણો ફેર છે. આમાં ઘણું નોખું પડી જાય, ઓલામાં થોડુંક તૂટે, આમાં ઘણું તૂટી જાય. એવી જ રીતે અહીંયાં મૂળમાં તો સ્વભાવનો રસ હોતો નથી. એ પૂર્વકની

નીરસતા, બાહ્ય રાગરસમાં નીરસતા આવતી નથી. ઉદયમાં ને રાગરસમાં એ પ્રકારની નીરસતા આવતી નથી. તો ત્યાં ઉપયોગ એટલો સ્થૂળપણું ભજે છે કે એને અંદરમાં સાંધ જ દેખાતી નથી.

પ્રજ્ઞાછીણીથી ભેદજ્ઞાન કરવું એ વાત સાચી પણ સાંધ દેખાય ત્યારે ને ! સાંધ ન દેખાય તો ક્યાં ભેદજ્ઞાન કરશે ? વિકલ્પ કરશે કે હું રાગ નથી, હું જ્ઞાન સ્વરૂપે છું, હું રાગ નથી હું જ્ઞાન સ્વરૂપે છું. એવું રટણ કરશે એ રટણ એનાથી કોઈ ભેદજ્ઞાન થતું નથી અને એ કોઈ ભેદજ્ઞાનનો ખરેખર પ્રયત્ન નથી.

મુમુક્ષુ :- અસ્તિપૂર્વક નાસ્તિ લીધું

પૂજ્ય ભાઈશ્રી :- અસ્તિપૂર્વક નાસ્તિ છે અને અહીંયાં જે રસનો વિષય લીધો છે કે જ્યાં વિભાવરસ ગળે છે અને જ્યાં સ્વભાવરસ ઉત્પન્ન થાય છે ત્યાં ઉપયોગ સૂક્ષ્મતા ધારણ કરી શકે છે. તે ઉપયોગની સૂક્ષ્મતા આ પ્રકારની કે, સ્વભાવ અને વિભાવ વચ્ચેની સાંધ એને જણાય છે. જેમ નરી આંખે પત્થરની બે સાંધ જણાય અથવા લોઢાને આ વેલ્ડીંગ કરીને સાંધ્યું હોય તો એની સાંધ જણાય કે ભાઈ ! આ પતરું અને લોઢું બન્નેને સાંધો. બન્ને લોઢું જ છે. પતરુંય લોઢા જેવું છે ને આને બન્નેને સાંધો. વેલ્ડીંગથી જોઈન્ટ કરી દ્યો. ઇ જેમ સાંધ દેખાય એમ આની પણ સાંધ અંદરમાં દેખાય છે.

મુમુક્ષુ :- ક્યારે દેખાય ?

પૂજ્ય ભાઈશ્રી :- આ સ્થિતિ આવે ત્યારે. આ સ્થિતિ ન આવે તો સાંધ દેખાય નહિ અને સાંધ દેખાય નહિ તો ભેદજ્ઞાન પ્રજ્ઞાછીણીને ક્યાં પટકવી એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એ તો અંધારામાં ચાલે છે. ક્યાં ચાલે છે એની એને ખબર નથી. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- પહેલાં શું કરવું જોઈએ ?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવને ઓળખવો તો સ્વભાવનો મહિમા આવશે. સ્વભાવના મહિમાથી સ્વભાવનો રસ ઉત્પન્ન થશે ને ! અને સ્વભાવનો રસ ઉત્પન્ન થશે તો આખા જગતનો રસ જશે ને ! તો એમ કહેવું છે (કે) એ મહિમા ક્યારે આવશે ?-કે જ્યારે સ્વરૂપ ઓળખાશે ત્યારે, ત્યાં સુધી આવતો નથી. એટલે પ્રથમમાં પ્રથમ પ્રયત્ન સ્વરૂપની ઓળખાણ સંબંધીનો છે. એ તો કેટલાય બોલમાં એ વાત

લે છે. અહીંયાં પણ પહેલા પેરેગ્રાફમાં એ લીધું, પહેલા પેરેગ્રાફની છેલ્લી લીટી કે **'સાવધાન થઈને એટલે બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને, બરાબર લક્ષણ વડે ઓળખીને'** જ્યાં સુધી જ્ઞાન લક્ષણ દ્વારા જ્ઞાન સ્વભાવી આત્માનું ઓળખાણ ન થાય ત્યાં સુધી એને સ્વભાવનો મહિમા આવે નહિ. સ્વભાવનો મહિમા આવે નહિ ને જગતનો મહિમા ત્યાં સુધી નિશ્ચિત કરેલો છે એ જાય નહિ (અને) ત્યાં સુધી એને સ્વભાવરસ અને વિભાવરસના ફેરફારો ઉત્પન્ન થાય નહિ, ત્યાં સુધી એના જ્ઞાનમાં (એ) સૂક્ષ્મ સંધિ સ્વભાવ-વિભાવની જણાય નહિ અને ત્યાં સુધી પ્રજ્ઞાછીણી છે એનાથી જુદાં પાડવાનું કોઈ કાર્ય થતું નથી. અનુભવનું કાર્ય ત્યારપછીનું છે.

મુમુક્ષુ :- એક ઘડો ઊંધો મૂકે એટલે બધા ઊંધા જ મુકાય.

પૂજ્ય ભાઈશ્રી :- સીધી વાત છે. લાઇન સંધાય તો બધી સવળી સંધાય, ન સંધાય તો અવળી રહી જાય. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- સ્વભાવનો મહિમા તો અમને આવ્યો છે, લક્ષણ વડે ઓળખ્યું છે પણ રસ બહારનો છૂટતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એવું બને નહિ. કોઈ દિવસ એવું બને નહિ. કદાચ ગોળ નાખો અને ગળ્યું ન થાય પણ આમાં તો એવું બને નહિ. લક્ષણ વડે આત્માને ઓળખે અને સ્વભાવનો રસ આવે અને બીજું બધું નીરસ ન લાગે-ન ભૂતો ન ભવિષ્યતી ! કોઈ દિવસ (એવું) બની શકે નહિ.

મુમુક્ષુ :- કચાશ છે એમ સમજવું ને ? (ત્યાં સુધી હજી) આવ્યો જ નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં ભૂલ પડી છે. ઓળખ્યો નથી ને ઓળખ્યું છે એમ માન્યું છે. આમ છે. સ્વભાવનો મહિમા ખરેખર સ્વભાવ જ્ઞાનમાં ભાસ્યમાન થાય તો આવે. એના બદલે માત્ર એમ જાણ્યું છે કે સ્વભાવનો મહિમા કરવા જેવો છે એટલે કૃત્રિમ વિકલ્પ સ્વભાવના મહિમાના એ કરે છે, તે પણ કર્તાબુદ્ધિ વડે કરે છે. એમાં કાંઈ કોઈ રીતે એ સાધન થાય એવું નથી. જેમ વ્રત, તપ ત્યાગનો વિકલ્પ સાધન ન થાય એમ આ વિકલ્પ પણ સાધન ન થાય. કોઈ વિકલ્પ સાધન ન થાય. જેનું નામ વિકલ્પ આપીએ એવો કોઈ વિકલ્પ સાધન થઈ શકે નહિ. આ સીધે સીધી વાત છે.

મુમુક્ષુ :- ઇ તો સામે પક્ષે છે ઇ ક્યાંથી સાધન થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- એને તો ટાળવાનો છે ને એનાથી જુદાં પડવાનું છે. ઇ તો

પ્રકરણ ચાલે છે અહીંયાં. એને સાધન બનાવવાની વાત ક્યાંય છે નહિ. **'ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય. એમ ન હોય કે...'** એટલે એવું ત્રણ કાળમાં બને નહિ. આ સિદ્ધાંત છે, ત્રિકાળી સિદ્ધાંત છે, અફળ સિદ્ધાંત છે કે **'પરમાં તીવ્ર રુચિ હોય,...'** પરમાં રસ હોય, રુચિ હોય એટલે અહીંયાં રસ હોય અને **'ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે.'** એવું કોઈ દિવસ ન બને. જ્યાં સુધી જીવને પરમાં સુખબુદ્ધિએ કરીને રસ હોય છે ત્યાં સુધી ઉપયોગ અવશ્ય અવશ્ય સ્થૂળ જ રહે છે, એનો ઉપયોગ સૂક્ષ્મ થઈ શકે નહિ. હા, બુદ્ધિનો ઉઘાડ હોય, શાસ્ત્રના શાસ્ત્ર કંઠસ્થ કરી લે, અપેક્ષા-વિવિક્ષા બધી જાણી લે, પણ એ બધો સ્થૂળ ઉપયોગ છે. અગિયાર અંગ ને નવ પૂર્વધારી મિથ્યાદૃષ્ટિનો ઉપયોગ સ્થૂળ છે અને એક ચકલું ને દેડકું જેને સ્વાનુભૂતિ પ્રગટ કરી એનો ઉપયોગ સૂક્ષ્મ છે. આમ ઉપયોગના સૂક્ષ્મ અને સ્થૂળનો વિષય ઉઘાડથી સાવ જુદો છે. ઉઘાડની સાથે એને એ જાતનો સંબંધ નથી કે ઉઘાડ ઘણો હોય તો ઉપયોગ સૂક્ષ્મ હોય, ઉઘાડ ઓછો હોય તો ઉપયોગ સ્થૂળ હોય-એવી રીતે અહીંયાં સંબંધ હોતો નથી. આમ વાત છે.

મુમુક્ષુ :- આ વાત 'ગુરુદેવ' સિવાય કોઈએ ભૂતકાળમાં બહાર પાડી હોય એવું ક્યાંય બન્યું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ઇ તો 'ગુરુદેવ'નો જેટલો ઉપકાર માનીએ એટલો ઓછો છે. ધ્યાન ખેંચ્યું છે.

મુમુક્ષુ :- અગિયાર અંગ ને ચકલા વચ્ચે સરખામણી ક્યાંય જોવા મળતી નથી !

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ગજબ કરી છે ! ગજબની વાત છે એ તો. લગભગ જીવ ભૂલો જ પડ્યો છે. અનંતકાળથી ભૂલો જ પડ્યો છે. આજનો ભૂલો પડ્યો છે એવું નથી પણ અનંતકાળથી ભૂલો પડ્યો છે અને એનું કારણ એ છે કે એને જ્ઞાનમાં જ્ઞાન તત્ત્વ જોયું નથી, રાગમાં એને વિભાવ તત્ત્વ જોયું નથી. બસ ! તત્ત્વ જોયું નથી. એમાં તે પણું શું છે ? એ એને જોયું નથી. એ સૂક્ષ્મ ઉપયોગનો વિષય છે, સ્થૂળ ઉપયોગે તત્ત્વનું ગ્રહણ થતું નથી. એટલે એ વિષય બહુ સ્પષ્ટ કર્યો છે કે તું ભલે શાસ્ત્ર અભ્યાસ કર, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર, અધ્યયન કર પણ તારા રસ ઉપર બધો આધાર છે. તત્ત્વને ગ્રહણ કરવાનો આધાર તારા રસ ઉપર છે. રસ છે એને 'ધવલા' આદિ શાસ્ત્રમાં તો કષાયશક્તિ કહી છે, જુદી પાડે છે.

'વીરસેનસ્વામી' બે વાતને જુદી પાડે છે. કષાય અને કષાયશક્તિ. કષાય હોવો એક વાત છે અને એમાં રસ હોવો તે બીજી વાત છે. સમ્યક્દૃષ્ટિને કષાય હોય છે, રસ નથી હોતો. લૂખો છે, નીરસ છે એમ કહે છે. (કષાય) તીવ્ર દેખાય ત્યારે પણ. તીવ્રતા મંદતા સાથે સંબંધ નથી. કષાય મંદ દેખાય (પણ) કષાયનો રસ અંદર ઘણો પડ્યો હોય. કષાય તીવ્ર દેખાય (છતાં) કષાયનો રસ ન પણ હોય. એની ચોભંગી છે. કષાય મંદ હોય કષાય રસ મંદ પણ હોય, કષાય તીવ્ર હોય કષાય રસ તીવ્ર પણ હોય. એના ચાર ભાંગા છે. એ ચોભંગીમાંથી મુદ્દો આ છે કે કષાય તીવ્ર હોય કે મંદ્ર હોય એનો રસ ઊડી જવો જોઈએ. આ વાત છે. નહિતર જ્ઞાનમાં, જ્ઞાન રંગાય છે કષાય રસથી. એ કષાયશક્તિ છે એ કષાયની શક્તિ સ્વભાવને હણે છે. સ્વભાવની શક્તિ કષાયને હણે છે, કષાયની શક્તિ સ્વભાવને હણે છે. બે પરસ્પર દુશ્મન છે, બે પરસ્પર વેરી છે. હવે તારે વેરીને સાધન મનાવવું છે ? કોઈ રાગને સાધન બનાવવું છે એમ કહે છે. એ તો વાત જ ભૂલી જા તું.

મુમુક્ષુ :– કષાય ને શક્તિ કીધી પણ આ જે સુડતાલીસ શક્તિ છે એ ...

પૂજ્ય ભાઈશ્રી :– કષાય રસને શક્તિ કીધી છે. શક્તિ એટલે તાકાત.

મુમુક્ષુ :– વીર્ય ગુણ ?

પૂજ્ય ભાઈશ્રી :– શક્તિ એટલે વીર્યગુણ નહિ. કષાયમાં જે તાકાત છે કે જેને લઈને સ્વભાવ ઉત્પન્ન થતો નથી. સ્વભાવમાં તો સ્વભાવરૂપે પરિણમવાની શક્તિ છે, પણ એનું ગળું દાબે છે. કષાયશક્તિ એનું ગળું દાબે છે. આવી વાત છે. આત્મામાં શાંત સ્વભાવ છે, તો શાંતરૂપે પરિણમવાનો એનો સ્વભાવ છે. પણ એનું ગળું દાબીને અશાંતિ ઊભી થાય છે. શાંતિનું ગળું દબાય છે.

મુમુક્ષુ :– કષાય એટલે વિભાવ પરિણામને લેવા ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, આ તમામ વિભાવમાં કષાય છે. વિભાવમાં કષાય છે, કષાયમાં વિભાવ છે. કષાયની જાત વિભાવની જાત છે. પણ એમાં એક મુદ્દો જુદો પાડ્યો, ફેકટર જુદો પાડ્યો કે કષાયરસને પકડ તું. શું ? કષાયરસ છે એ સ્વભાવને તોડવાનું, સ્વભાવને તૂટવાનું મોટામાં મોટું દુશ્મનરૂપી કાર્ય એ કષાયરસ કરે છે. એટલે આ પેરેગ્રાફની અંદર પૂજ્ય 'બહેનશ્રી' એ વિષય ઉપર ધ્યાન ખેંચે છે કે સ્વભાવરસ પૂર્વક તું વિભાવરસને તોડ, ઉપયોગ સૂક્ષ્મ થઈને આત્માનું ગ્રહણ કરશે, વિભાવથી

જુદો પડશે. એવું ત્રણ કાળમાં નહિ બને કે વિભાવરસ તીવ્ર હશે અને ઉપયોગ સૂક્ષ્મતામાં આવીને બે સાંધને પણ પકડશે, એટલી વાત બનશે નહિ, એવું કદી નહિ બની શકે. આ પેન્સિલની અણી કાઢે છે ને ? સંચો વાપરે છે. તો પેન્સિલની અણીનું જે પૉઈન્ટ છે એને સૂક્ષ્મ કરવા માટે સંચો છે. એમ તારા ઉપયોગને સૂક્ષ્મ કરવા માટેનો સંચો છે ?–કે હા, છે ! સ્વભાવરસને ઉત્પન્ન કરવો અને વિભાવરસને ટાળવો, તોડવો ! આ ઉપયોગને સૂક્ષ્મ કરવાનો સંચો છે, મશીનરી છે. આ વગર કોઈ કાળે ઉપયોગ સૂક્ષ્મ થાય નહિ અને ઉપયોગ સૂક્ષ્મ થાય નહિ, (તો) સ્થૂળ ઉપયોગે કદી કાર્ય થાય નહિ. એરું પકડવાના સાણસાથી મોતી પોરવાય (નહીં), મોતી પકડાય નહિ 'ગુરુદેવ' દૃષ્ટાંત આપતા. એના માટે સમાણી જોઈએ. સૂક્ષ્માતીસૂક્ષ્મ સ્વભાવ છે એને ગ્રહણ કરવા માટે ઉપયોગનું સૂક્ષ્મ થવું અનિવાર્ય છે. એ અવશ્ય થવો જ જોઈએ નહિતર કોઈ રીતે કાર્ય થાય એવું નથી. એ તો કાલે લીધું હતું કે સ્થૂળ ઉપયોગે તો શાસ્ત્ર અધ્યયન કરવા જેવું નથી. શાસ્ત્ર સ્વાધ્યાય સૂક્ષ્મ ઉપયોગે કરવા જેવો છે. ઉપર ઉપરથી વાંચી લે, સ્થૂળ ઉપયોગે તો કોઈ દિવસ કામ થાય નહિ.

મુમુક્ષુ :– કષાયરસ તીવ્ર છે કે નહિ એની ખાતરી માટે જલ્દી પાછો વળી જાય તો.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ પણ એનું એક લક્ષણ છે ખરું. પણ અહીંયાં તો એક બીજી વાત કરી છે પૂજ્ય 'બહેનશ્રી'એ કે જીવનો કષાયરસ પણ અનુચિતપણે મંદ થયો છે. જીવ શુક્લલેશ્યામાં આવેલો છે. દ્રવ્યલિંગી શુક્લલેશ્યામાં આવ્યો છે. એ વગર એના ફળમાં નવમી ગ્રૈવેયકે ન જાય કાંઈ. શું ? પણ અહીંયાં એક બીજી અપેક્ષા છે કે સ્વભાવના મહિમાપૂર્વક, સ્વભાવરસપૂર્વક – આ અસ્તિ સહિતની નાસ્તિ હોવી જોઈએ. કષાયરસની નાસ્તિ કરી તોપણ કેવી રીતે ?–કે સ્વભાવના મહિમાની અસ્તિથી. આ અમારી શરત છે. નહિતર કાંઈ કષાયરસ મંદ જ નથી પડ્યો એવું નથી. શુક્લલેશ્યામાં આવ્યો છે. લેશ્યા છે એ બધી રસને સૂચવનારા પરિણામ છે. લેશ્યાનું જે પ્રકરણ છે, છ લેશ્યાનું એ તીવ્રરસ અને મંદરસ, કષાયના તીવ્રરસ અને મંદરસને સૂચવે છે. તો શુક્લલેશ્યામાં આવ્યો છે જીવ પણ ઊચિતપણે નહિ. સ્વભાવના રસથી જે આવવું જોઈએ એ કાર્ય એણે કર્યું નથી. તેથી એનો ઉપયોગ સૂક્ષ્મ થયો નથી.

મુમુક્ષુ :– બેમાં ઘણો ફેર છે પેલામાં ને આમાં ઘણો ફેર છે. પેલા સ્વભાવના આશ્રયે નિરંતર જર્જરીત થતો જાય છે અને આ દબાયેલો રહે..

પૂજ્ય ભાઈશ્રી :– એમાં શું છે કે શુક્લલેશ્યામાં કષાયરસ મંદ થાય છે પણ મિથ્યાત્વનું શલ્ય (રહી ગયું.) સાચું સાધન છોડી દીધું. સ્વભાવની ઉપેક્ષા અને અનાદર કર્યો અને વિભાવનો આદર થઈ ગયો. ભલે લેશ્યા શુક્લ થઈ તોપણ. એટલે એમ કહ્યું કે જેટલો પુરુષાર્થ દ્રવ્યલિંગ પ્રાપ્ત કરવામાં થયો છે એથી વધુ પુરુષાર્થ, અધિક પુરુષાર્થ સ્વભાવ પ્રત્યેનો થશે ત્યારે જીવ પાછો વળી શકશે. એથી એમ કહેવામાં આવે છે. એ ૧૯૭ મા..

મુમુક્ષુ :– કષાયરસ અમારે તોડવો છે તો કેમ કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :– સ્વભાવરસપૂર્વક તોડવો એ તો અહીંયાં વાત છે. સ્વભાવરસ ત્યારે જ ઉત્પન્ન થશે કે સ્વભાવ ઓળખાશે ત્યારે. એ તો ગમે એટલી વાર પૂછો તો એમાં કાર્યની પદ્ધતિમાં બીજો ફેર પડે એવું નથી.

મુમુક્ષુ :– બંધ અધિકારમાં કષાયની રસની વાત આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ કષાયરસની જ વાત છે. 'રાગોદ્‌ગાર મહારસેન', એને બંધ તત્ત્વ કહ્યું છે. 'ધવલ'માં એને કષાયશક્તિ કહી છે, તો 'સમયસાર'માં એને બંધ તત્ત્વ કહ્યું છે. એટલે તો કહ્યું કે વિભાવમાં તત્ત્વ પકડવાનું છે. ક્યુ ? બંધ તત્ત્વ. આ કષાયરસ છે એ બંધ તત્ત્વ છે. સ્વભાવમાં જ્ઞાન તત્ત્વ પકડવાનું છે, આત્મતત્ત્વ પકડવાનું છે. સ્વભાવ તત્ત્વ પકડવાનું છે અને એ તત્ત્વ સ્વ-તત્ત્વ છે. એ તત્ત્વ પકડતાં આખી જે લાઇન છે ઇ પરિણામની સમ્યક્ થઈ જાય છે, દિશા બદલી જાય છે.

મુમુક્ષુ :– સ્વભાવને ઓળખવા ક્યાંથી ઊપડવું ?

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાન લક્ષણથી (સ્વભાવને ઓળખવો). બહુ ચોખ્ખી વાત કરી છે. આખું 'સમયસાર' 'અમૃતચંદ્રઆચાર્યદેવે' કહ્યું કે આખા 'સમયસાર'માં આત્માને જ્ઞાનમાત્ર કહેવાનું પ્રયોજન જ અમારે આ છે (કે) આત્માને પહેલાં ઓળખાવો છે. એટલા માટે પરિશિષ્ટ લખ્યું. ટીકા કર્યા પછી પણ વિકલ્પ થયો કે આ ચોખવટ કરી દઉં. એટલે પરિશિષ્ટ લખ્યું કે જ્ઞાન લક્ષણથી જ્ઞાન સ્વભાવી આત્માની ઓળખાણ કરવી.

મુમુક્ષુ :– વર્તમાન પરિસ્થિતિમાં ઊભા રહીને નક્કી કરે કે આ કેવી રીતે ઓળખવું ? કેવી રીતે ઓળખવું ? તો કોઈ દિવસ ન ઓળખાય.

પૂજ્ય ભાઈશ્રી :– એ પ્રશ્ન છે, ઇ તો જિજ્ઞાસા છે. પણ ચાલતાં જ્ઞાનના ઉપયોગમાં જ્ઞાનતત્ત્વને પકડવું. જ્ઞાનતત્ત્વ છે ઇ જ્ઞાનસ્વભાવ છે. ઇ જ્ઞાનસ્વભાવને ઓળખવો

છે. ચાલતાં જ્ઞાનના ઉપયોગમાં હયાતી ભાસે છે કે નહિ ? આટલો સવાલ છે. ચાલતાં જ્ઞાનના ઉપયોગમાં (હયાતી છે.) કેમકે સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે. આવે છે ને ? 'પરમાગમસાર' ૭૩૩ બોલમાં ભેદજ્ઞાનનું પ્રકરણ લીધું. 'અનુભવપ્રકાશ'નો બોલ છે. ત્યાં 'ગુરુદેવ'શ્રી એમ કહે છે કે સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે, આ જ સ્વ-સંવેદનની કળા છે, આનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. તો અહીંયાં કહે છે કે જ્ઞાન તો છે તારી પાસે પણ જ્ઞાનમાં તે સ્વપણું ક્યારેય પણ અનુભવગોચર કર્યું નથી. ઇ તો જ્ઞાનની જાગતી જ્યોત જ છે, ઇ જ જાગતો જીવ છે. સત્પુરુષોએ એટલો બધો નિર્દેશ કર્યો છે કે ઇ તારી જાગતી જ્યોત છે, એ જ તારો આત્મા છે, એને સ્વપણે જો એટલી જ વાર છે. રાગને સ્વપણે અનુભવ કરે છે આ મોટી મિથ્યાત્વની, જન્મ-મરણની ગાંઠ છે. ત્રિકાળીના લક્ષે જ્ઞાનમાં સ્વપણાનો અનુભવ કર. બસ ! આ જ આત્મા છે. આ પાધરી પાટી છે, સીધે સીધી પાટી છે, સીધી લાઇન આ છે. એ તો આખું પ્રકરણ છે. આખું પરિશિષ્ટનું પ્રકરણ આખું જુદું પાડીને લીધું છે.

મુમુક્ષુ :- જ્ઞાનમાં સ્વપણાનો અનુભવ.. કોઈ દષ્ટાંતથી બરાબર બેસી જાય એવી રીતે..

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો એવું છે કે આત્માનું સ્વપણું તો જ્ઞાનમાં જ છે, પણ પોતે ચૂકી જતો હોવાથી (રાગમાં સ્વપણું કરે છે). પોતે પોતાને ચૂકીને રાગમાં સ્વપણું કરે છે એને ભગવાન મિથ્યાભાવ કહે છે, મિથ્યાત્વ કહે છે, કેમકે એ સાચું નથી. એનું અસ્તિત્વ રાગમાં છે નહિ ને રાગમાં અસ્તિત્વ હોય તો રાગનો વ્યય થતાં પોતાનો નાશ થાય પણ પોતે તો ઊભો રહે છે. રાગ વ્યતીત થાય છે ને પોતે ઊભો રહે છે, પણ એની એ ભૂલ થાય છે. મિથ્યાત્વને 'શ્રીમદ્જી'એ ભૂલ કહી. ક્રિયા તે કર્મ, મિથ્યાત્વ તે ભૂલ, ઉપયોગ તે ધર્મ – આ બધા સૂત્રો લીધા છે. મિથ્યાત્વને ભૂલ કહી છે ને આ ભૂલ થાય છે. હવે ભૂલને ભાંગવાની છે.

મુમુક્ષુ :- ભાંગવી છે પણ થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- થઈ જાય છે તો ભાંગવા માટે વધારે ભાવનામાં આવવું, જિજ્ઞાસામાં આવવું, લગનીમાં આવવું એ બધી લાઇનદોરી આ ગ્રંથમાં મળી છે. પૂજ્ય 'બહેનશ્રી'ના ગ્રંથમાં, આ ગ્રંથમાં એટલી લાઇનદોરી છે કે તું ફરીયાદ કરે છો કે મારે કરવું છે ને થતું નથી, કરવું છે ને થતું નથી, કરવું છે ને થતું નથી પણ ઊભો રહે

બાપુ ! તને પૂછીએ કે, તારી આમાં ભાવના કેટલી છે ? આ કરવાની તારી લગની કેટલી છે ? આ કરવાની તને તાલાવેલી કેટલી લાગી છે ? આ અમે તને પૂછીએ છીએ.

મુમુક્ષુ :- એવા જીવને જ આમાં જવાબ ઘણાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- અને એને તો ચોખ્ખે ચોખ્ખી લાઇન મળી જાય એવી છે, સીધી વાત છે.

મુમુક્ષુ :- પરિશિષ્ટ જે આખું લખ્યું, પરિશિષ્ટ, એમાં ખાસ શું મુદ્દો છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં ચર્ચા કરીને જ્ઞાન તત્ત્વને સમજાવવું છે. અનેક જાતના પરસ્પર વિરુદ્ધ ધર્મો પણ આત્મામાં છે અને એ વિરુદ્ધ ધર્મો છે એવા અનેક ધર્મોથી આત્માને અનેક ધર્મ સ્વભાવી અનેકાંતવાદથી વર્ણવામાં આવ્યો છે અને એમાંથી પણ-અનેકાંતમાંથી પણ અમૃત કેવી રીતે કાઢવું એ શિક્ષા અને એ ઉપદેશ આચાર્ય ભગવાને ત્યાં પરિશિષ્ટમાં આપ્યો છે. એક પ્રકરણ એ લીધું છે. બીજું પ્રકરણ લીધું છે ઓળખાણનું જ્ઞાનથી, જ્ઞાન લક્ષણથી. ત્રીજી વાત કરી છે ઉપાય-ઉપેય ભાવની. ઉપાય એટલે ? શું ઉપાય કરવો અને શું સાધ્ય કરવું ? એ વાત લીધી છે. ઉપાય-ઉપેય ભાવમાં જ્ઞાન જ ઉપાય છે ને જ્ઞાન જ ઉપેય છે. જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય ત્રણેય એક આત્મા હોવાથી જ્ઞાન જ ઉપાય છે ને જ્ઞાન જ ઉપેય છે. છેલ્લેછેલ્લે, છેલ્લા કળશોમાં આ વાત એમણે કરી છે. એ ત્રણ મુખ્ય પ્રકરણ એ વિષયના પરિશિષ્ટના છે.

મુમુક્ષુ :- વ્રત, તપ, ત્યાગ ભલે હો.. મુમુક્ષુને... સામે મુનિને નીચેની વાત કહેવી છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ નીચેની વાત તો પહેલાં કહેવી છે. ખરેખર તો જે છેલ્લી વાત આવી છે એ તો એ પૂર્વ શરત છે. subject to condition છે (તો) ભેદજ્ઞાન થાશે. આટલી જે ભેદજ્ઞાનની, પહેલી જે વાત કરી કે **'પ્રજ્ઞાછીણી શુભાશુભ ભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પટકવી'**. પણ એ ક્યારે થશે ?-કે આ પહેલી જે શરત છે એ હશે તો, નહિતર થવાનો પ્રશ્ન (કે) પટકવાનો પ્રશ્ન (ઉત્પન્ન થતો નથી). કેમકે સંધિ જ જણાતી નથી. ક્યાં પટકવી ? ને ક્યાં પ્રશ્ન છે એ વાત. કોઈ વાત જ રહેતી નથી. એ તો વ્રત, તપ, ત્યાગ આદિની વાત તો બહુ વિચક્ષણતાથી અહીંયાં લીધી છે, ધ્યાન ખેંચ્યું છે કે સામાન્ય રીતે જીવને આ વાત સહેલી થઈ પડી છે. અનાદિથી જીવે રાગનો આધાર લીધો છે. રાગી એવો જીવ ફટ લઈને, ફટ

લઈને, ઝટ લઈને ત્યાગ કરી નાખે છે ને ઝટ લઈને વ્રત લઈ લે છે અને ઝટ લઈને તપ કરી લે છે. શું ? કહે છે કે બાપુ ! એ તારા બધા મંદ રાગના–મંદ કષાયના રાગને તું સાધન માને ! કે કાંઈ કર્યું એવું માને ! એ સાધન હરગિજ નથી. પ્રજ્ઞા જ સાધન છે અને આ બિલકુલ સાધન નથી એમ જરાક ધ્યાન ખેંચી લીધું છે. કેમકે ધર્મના ક્ષેત્રમાં આવ્યા પછી આ સહેલું પડે છે. પ્રજ્ઞાછીણી અંદર લઈ જવી ઇ અઘરું પડે છે અને આ ફટ લઈને કરવા માંડે છે. નાનું બાળક હોય તો કે આઠ દીના ખેંચી કાઢો (ઉપવાસ અને) કરી એને તપશ્ચર્યા અથવા ન સમજે તોપણ વ્રત લઈ લે, સંયમ લઈ લે. ન સમજે તોપણ કે આ ન જોઈએ આનો ત્યાગ કરો, આ ચીજ નહિ વાપરવાની આનો ત્યાગ કરી નાખો, આનો ત્યાગ કરી નાખો. આ બધું બહુ સહેલું પડે છે. કેમ એને સહેલું પડે છે ?–કે રાગથી ટેવાયેલો છે. રાગનો આધાર તો અનાદિનો લઈ રહ્યો છે અને આ બધા રાગના કાર્ય છે એટલે ફટાફટ થવા માંડે છે. રાગથી કરવું એને કાંઈ અઘરું નથી પડતું. (કહે છે કે) ભાઈ ! આ કાંઈ રસ્તો જ જુદો છે. તારું કલ્યાણ કરવાનો રસ્તો જ કો’ક જુદો છે. આ સીધી વાત છે. આ વાત જો તને સમજાય તો પડખું ફેરવવાનું છે. પ્રજ્ઞા જ સાધન છે, કોઈ રાગનો વિકલ્પ સાધન નથી. આ વાત સ્પષ્ટ છે.

મુમુક્ષુ :– અધ્યાત્મનો વ્યવહાર પણ જાણતો નથી આ આગમ વ્યવહાર સરળ લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ ઇ તો આગમનો એ વ્યવહાર પણ જાણતો નથી અને અધ્યાત્મનો વ્યવહાર પણ જાણતો નથી. જે વ્યવહાર જાણે ઇ તો બન્નેને યથાસ્થિત જાણે એ નિશ્ચયને જાણે. કેમકે ખરેખર તો વ્યવહાર ધ્યાનમાં પ્રગટ થાય છે. ‘ગુરુદેવશ્રી’એ તો પ્રવચને પ્રવચને એ વાત કરી છે કે મોક્ષમાર્ગ જે બે પ્રકારે વર્ણવવામાં આવે છે છે એક અને પ્રકાર બેથી કહેવામાં આવે છે. તો એ જે બન્ને પ્રકાર છે એ ધ્યાનમાં ઉત્પન્ન થયા છે. પ્રથમ સમ્યગ્દર્શનમાં ઉત્પન્ન થયા છે. નિશ્ચય ઉત્પન્ન થયા વિના કોઈને વ્યવહાર ઉત્પન્ન થયો જ નથી. એટલે જે નિશ્ચયને જાણતો નથી તે વ્યવહારને પણ જાણતો નથી, જે વ્યવહારને જાણતો નથી તે અધ્યાત્મના વ્યવહારને જાણતો નથી અને તે આગમના વ્યવહારને પણ જાણતો નથી.

મુમુક્ષુ :– ધ્યાનમાં પ્રગટ થાય છે ઇ કઈ રીતે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ધ્યાનમાં એમ છે કે જ્યારે શુદ્ધોપયોગ થાય છે ત્યારે એને નિશ્ચય પ્રગટ થાય છે. સમ્યગ્દર્શનના કાળમાં નિશ્ચય પ્રગટ્યો ત્યારે પરિપૂર્ણ નિશ્ચય તો પ્રગટ્યો નથી. કોઈને સમ્યગ્દર્શન પ્રગટે એ જ કાળમાં એને મોક્ષદશા હોય એવું તો બનતું નથી. તો બાકી શું રહ્યું ? નિશ્ચય સિવાયનો વિભાગ બાકી રહ્યો ઇ શું ? એ વ્યવહાર. સમજાણું ? ફરીને. કે જે નિશ્ચય છે અંદર પ્રગટી ગયો, તો નિશ્ચય તો સંપૂર્ણ સમ્યગ્દર્શનના કાળમાં પ્રગટ્યો નથી. ઇ તો કોઈપણ જીવ દ્રવ્યલિંગી થયો હોય ને ભાવલિંગી થાય તો અંતર્મુહૂર્ત તો લાગે જ એને. તો જ્યારે એને નિશ્ચય પ્રગટ્યો ત્યારે જ એને વ્યવહાર અંદરમાં પ્રગટ્યો છે. બાકી રહી ગયો જે રાગનો ભાગ તે વ્યવહાર છે. જેટલો રાગ રહી ગયો તે વ્યવહાર છે. સંપૂર્ણ વીતરાગ થયો નથી, વીતરાગતા થઈ તેટલો નિશ્ચય બાકી રહ્યો તે રાગ.

મુમુક્ષુ :– અસ્થિરતા એટલો દોષ..

પૂજ્ય ભાઈશ્રી :– હા, જેટલી અસ્થિરતા કહો, રાગનો ભાગ કહો. વીતરાગતા સિવાય બાકી રહ્યું તો રાગ જ રહ્યો ભલે અબુદ્ધિપૂર્વકનો છે ત્યાં, પણ ત્યાંથી વ્યવહાર મોક્ષમાર્ગ પ્રગટ્યો છે. વ્યવહાર પણ ત્યાંથી પ્રગટ્યો, નિશ્ચય પણ ત્યાંથી પ્રગટ્યો – બન્ને સાથે રહે. એકાંતે નિશ્ચય પણ હોય નહિ, એકાંતે વ્યવહાર પણ હોય નહિ ! મોક્ષમાર્ગમાં તો બન્ને સાથે જ હોય છે. સાથે જ પ્રગટ થાય છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :– ઇ યથાર્થ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમ જ... ઇ તો વસ્તુસ્થિતિ જ એમ છે. યથાર્થ ક્યાં છે ? વસ્તુસ્થિતિ જ એમ છે. એમાં આઘુંપાછું ચાલે એવું જ નથી. કોઈ કરવા માગે તો મિથ્યાત્વ થાય, બીજું કાંઈ થાય નહિ, એમ છે.

મુમુક્ષુ :– અજ્ઞાનીને વ્યવહાર હોય નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :– ના, વ્યવહારાભાસ છે. અજ્ઞાનીને વ્યવહાર નથી વ્યવહારાભાસ છે.

મુમુક્ષુ :– પ્રજ્ઞા છે એને ભગવતી કેમ કહી ? શાસ્ત્રમાં ભગવતી (કહી છે) ?

પૂજ્ય ભાઈશ્રી :– સારી વાત છે. ભગવતી એટલે પવિત્ર ! જન્મ-મરણને તોડનારી !! એટલે એને ભગવતી પ્રજ્ઞા કહેવામાં આવે છે. ભગવતી એટલે પૂજ્ય !! એ પ્રજ્ઞા છે એ પૂજ્ય છે. એવી ભગવતી છે એ પૂજ્ય છે. પવિત્ર છે, એ પૂજ્ય છે, આદરણીય છે, સ્તુતિ કરવા યોગ્ય છે, વંદન કરવા યોગ્ય છે, પૂજવા યોગ્ય છે –

જે કહો તે બધું એમાં લાગુ પડે છે, બધા વિશેષણો લાગુ પડે છે. એની મહાનતા બતાવવી છે. પ્રજ્ઞાની મહાનતા બતાવવી છે. 'સમયસાર'ની ૧૪૪ ગાથાની ટીકામાં આચાર્ય ભગવાન એમ કહે છે કે આખાય વિશ્વની જાણે ઉપર તરતો હોય. કેવો થયો જુદો પડ્યો ત્યારે કે આખા વિશ્વની જાણે કે ઉપર તરતો હોય, અધિક થઈ ગયો. જ્ઞાન સ્વભાવથી જે અધિકપણે પોતાને અનુભવવા લાગ્યો એ આખા વિશ્વથી ઉપર તરી ગયો. વિશ્વ જુદું રહી ગયું અને પોતે ઉપર તરવા મંડ્યો. ઉપર તરતો... તરતો... તરતો... તરતો મોક્ષમાં ચાલ્યો જશે.

મુમુક્ષુ :- સપ્તં દ્રવ્ય થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- સપ્તં દ્રવ્ય થઈ ગયું. આવું છે. આગમમાં તો છ જ દ્રવ્ય છે.

મુમુક્ષુ :- આ સાતમું ક્યાંથી કાઢ્યું ?

પૂજ્ય ભાઈશ્રી :- કે આ અધ્યાત્મમાંથી કાઢ્યું. આગમમાં છ જ દ્રવ્ય છે. અધ્યાત્મમાં કહે છે કે હું સપ્તં દ્રવ્ય છું. એનો અર્થ કે, હું છએ દ્રવ્યથી ભિન્ન છું, પાર છું, ભિન્ન છું, જુદો છું એમ લેવું. ૧૯૭ થયો. ૧૯૮.

મુમુક્ષુ :- બહુ સરસ બોલ આવ્યો આ તો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચાર પાંચ 'દી થી આપણે સ્વાધ્યાય ચાલે છે, બહુ અધ્યાત્મનું રહસ્ય જેને કહીએ અથવા જ્ઞાનીઓના હૃદયમાં રહેલી જે વાત છે એ છડે ચોક, છડે ચોક ખુલ્લી કરીને મૂકી છે. ૧૯૮.

મુમુક્ષુ :- ચાલુ જ છે, ૧૯૮ મો પાછો એવો જ આવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- એ વિધિનો બોલ છે. અંતરંગમાં કેવી રીતે કાર્યની પદ્ધતિ હોય કે જેને વિધિ કહેવામાં આવે છે એ વિષય ઉપર આ ૧૯૮મો બોલ છે. આપણે વર્ગીકરણ કરેલું છે ને ? એમાં આ વિધિના વર્ગમાં જાય છે.

મુમુક્ષુ :- ઉપરનો ભેદજ્ઞાનનો આવ્યો ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભેદજ્ઞાનનો આવ્યો. ભેદજ્ઞાન એક વિધિ જ છે પણ છતાં ભેદજ્ઞાન જે પ્રસિદ્ધ છે એ મુદ્દો એમાં લીધો છે. શું ? **'જ્ઞાતાપણાના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થતાં કર્તાપણું છૂટે છે.** 'હવે, એક બીજા પડખેથી વાત લેવી છે કે જીવને સમયે સમયે રાગાદિ ભાવ થાય છે, એટલું જ નહિ પણ કર્તાપણે તે રાગાદિ ભાવ થાય છે. સમ્યગ્દર્શન પહેલાં જે રાગાદિ ભાવ સમયે સમયે થઈ રહ્યા છે (તે

કર્તાપણે થાય છે). કોઈપણ અવસ્થામાં જીવ હોય એને જે સમયે સમયે રાગાદિની ઉત્પત્તિ થઈ રહી છે એમાં માત્ર રાગ થાય છે એમ નથી, પણ કર્તાપણે (થાય છે), કર્તાબુદ્ધિએ તે રાગ થઈ રહ્યા છે. આમ આટલી વિશેષતા છે એની અંદર. એ કર્તાપણું છે એ પણ મિથ્યાત્વભાવ છે. જે કર્તાપણું છે તે મિથ્યાત્વભાવ છે. કેમ કર્તાપણું મિથ્યાત્વભાવ છે ?-કે આત્માનો સ્વભાવ જોવામાં આવે તો સ્વભાવે કરીને આત્મા રાગાદિનો અકર્તા છે. એટલે સુડતાલીસ શક્તિમાં આચાર્યદેવે એક 'અકર્તૃત્વ' નામની શક્તિ લીધી છે. લ્યો, આ પરિશિષ્ટમાં એક પ્રકરણ આ શક્તિઓનું પણ છે. શક્તિથી સ્વભાવ સ્વરૂપ આત્મા બતાવવો છે, એ પ્રકરણ પણ છે. કેમકે ગાથાઓમાં તો જે વિષય ચાલે છે એને અનુસરીને ટીકા કરવામાં આવે છે. તો આ વધારાની વાત કહી છે એમણે. જેમ લક્ષણની વાત વધારાની કહી, અનેકાંતના અપેક્ષિત ધર્મોની વાત વધારાની કહી, ઉપાય-ઉપેયભાવની વધારાની કહી એમ, સુડતાલીસ શક્તિની વાત પણ કરી છે. એમાં એક અકર્તૃત્વ નામની શક્તિ છે કે, આત્મા રાગાદિનો અને પરપદાર્થના કાર્યનો અકર્તા છે. સ્વભાવે કરીને કરી શકતો નથી, સ્વભાવ વડે કરી શકતો નથી, સ્વભાવ દ્વારા તે થઈ શકતા નથી. એવા સ્વભાવનો અજાણ જીવ અનાદિથી રાગરૂપે પરિણમે છે, એની અવસ્થામાં રાગ અનાદિથી થઈ રહ્યો છે. એમાં 'હું રાગને કરું છું' એવા ભાવે એ રાગને કર્તા થઈને કરે છે. આમાં સ્વભાવને ચૂકી જવાનું અને સ્વભાવને એટલે આત્માને, પોતાને રાગાદિનો કર્તા હોવાની માન્યતા આવી જાય છે. એને માન્યતાનો વિકલ્પ કરવો પડતો નથી, માન્યતા આવી જાય છે. આ મિથ્યા માન્યતા છે, આ જ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- અસ્તિ બાજુ જોઈએ તો સ્વભાવ પ્રગટ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવ સ્વભાવમાં છે.

મુમુક્ષુ :- તો એમાંથી જે કર્તા થઈને પરિણમે છે સ્વભાવની રચના..

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવની રચના કર્તા થઈને નથી કરવી પડતી. જ્યારે જ્ઞાતા-દૃષ્ટા એવા સ્વભાવનો અનુભવ કરવામાં આવે છે ત્યારે સહજ જ પરિણમન થાય છે. ત્યારે ન તો રાગાદિનું કર્તાપણું થાય છે, પરંતુ શુદ્ધ પર્યાય જે રચાય છે એનું પણ કર્તાપણું થતું નથી. પર્યાય માત્રનું કર્તાપણું થતું નથી. ચાહે સ્વભાવિક હોય કે ચાહે વિભાવિક હોય, એક પણ પર્યાયનું, પર્યાય અંશ માત્રનું પણ કર્તાપણું થતું

નથી. એટલે પર્યાય બુદ્ધિ જ ખલાસ થાય છે.

મુમુક્ષુ :- વીર્યગુણનું કાર્ય સ્વભાવની રચના કરવી તે છે એમ કહે છે તો ઇ કેવી રીતે કર્તાપણા ..

પૂજ્ય ભાઈશ્રી :- કર્તાપણું બીજી વાત છે, કાર્ય થાય છે એ બીજી વાત છે.

મુમુક્ષુ :- શક્તિ બે જુદી છે ને-વીર્ય શક્તિ અને અકર્તૃત્વ શક્તિ ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એમને વાત શું કહેવી છે ? પ્રશ્ન એ છે એમાં સ્પષ્ટ લઈએ તો કે, સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણી મોક્ષમાર્ગ છે. એ આત્માની શુદ્ધ પર્યાયરૂપ કાર્ય છે. આત્મામાં આનંદ આદિ શુદ્ધ પર્યાય પ્રગટ્યો, તો એ કાર્ય આત્માએ કર્યું કે ન કર્યું ? કાર્ય થયું તો એનો કરનાર કોઈ છે કે નહિ ?-કે કરનાર છે, કર્તા વિના કાર્ય હોય નહિ. બરાબર છે. તો આખા દ્રવ્યની અપેક્ષાએ લેવામાં આવે તો આત્મામાં, ષટ્કારકમાં એક કર્તાશક્તિ પણ છે. છે ? સુડતાલીસ શક્તિમાં જ એક છે. આગળ છેલ્લે છેલ્લે જે ષટ્કારકની શક્તિ આવી એમાં એક આ શક્તિ છે. કર્તાશક્તિ એનામાં છે. તો આત્મામાં કર્તાશક્તિ પણ છે અને આત્મામાં અકર્તૃત્વ શક્તિ પણ છે. બન્નેની વિવિક્ષા જુદી છે. પણ કર્તાશક્તિ છે માટે કર્તાબુદ્ધિએ તે કાર્ય કરાય છે, પર્યાયની કર્તાબુદ્ધિ થઈને તે કાર્ય કરાય છે એમ તો જરાપણ વિચારવાનું નથી. એ તો કાર્યનો કરનારો પદાર્થ પોતે જ છે એ વાતને ત્યાં સાબિત કરવા માટે કર્તાશક્તિની ઓળખાણ કરાવી કે કર્તાશક્તિ પણ છે, કરણશક્તિ પણ છે, કર્મશક્તિ પણ છે, સંપ્રદાનશક્તિ પણ છે, અપાદાનશક્તિ છે અને અધિકરણશક્તિ છે. 'ગુરુદેવ' તો એ વિષયને બહુ સૂક્ષ્મ કાંતતા હતા..

મુમુક્ષુ :- ભાવ તો સ્વયં સ્ફૂરે છે. તો ઉપયોગ એને ગ્રહણ કરે છે ત્યારે કર્તા તરીકે કહેવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- કાર્ય આપોઆપ થઈ જાય છે. કેમકે એનામાં કર્તા નામનો ગુણ છે, ગુણનું કાર્ય થઈ જાય છે.

મુમુક્ષુ :- થઈ જાય છે એ બરોબર છે પણ ઇ વસ્તુને કર્તાપણું કહેવાય કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- કર્તાપણું ત્યાં એટલા માટે નથી કહેવાતું કે કર્તાપણાનો રૂઢિ અર્થ એવો છે કે કર્તાબુદ્ધિએ કાર્ય કરે એને કર્તાપણું કહેવાય.

મુમુક્ષુ :- ત્યાં ઉપયોગ ઢળી જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- પણ જે કાર્ય કરે છે એમાં પદાર્થ પોતે તે કાર્યનો કરનારો છે. શુદ્ધ પર્યાયનો કરનારો કોણ ?-કે આત્મા પોતે. ભોગવનારો કોણ ?-કે આત્મા પોતે; પણ રાગાદિની ને પરની અભોક્તૃત્વ શક્તિ છે અને આનંદ આદિ, જ્ઞાન આનંદ આદિની ભોક્તૃત્વ શક્તિ છે. બન્નેની શક્તિ છે. બન્નેની વિવિક્ષા જુદી જુદી છે.

મુમુક્ષુ :- સહજ થાય છે અને પુરુષાર્થ પણ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પુરુષાર્થનું સ્વરૂપ જ સહજ છે. એટલે પુરુષાર્થ પણ છે અને સહજ પણ છે એ પ્રશ્ન તો સમજણથી નથી. કેમકે પુરુષાર્થનું સ્વરૂપ જ સહજ છે. હા, એમ પ્રશ્ન થઈ શકે કે પુરુષાર્થને અસહજતા કેમ હોય ? પુરુષાર્થને સહજતા કેમ હોય ? એ પ્રશ્ન અસ્થાને છે. કેમકે સહજપણે થવું એ જ પુરુષાર્થનું સ્વરૂપ છે, કૃત્રિમપણે થવું એ પુરુષાર્થનું સ્વરૂપ નથી, એ તો અપુરુષાર્થનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- સહેજે થાય છે

પૂજ્ય ભાઈશ્રી :- સહેજે થાય છે અને પુરુષાર્થનો અર્થ શું છે ?-કે ત્યાં વેગ છે. સ્વકાર્ય કરવા સંબંધીનો વેગ છે એ બતાવે છે. અહીંયાં એ વાત બતાવી છે. પટકવી શબ્દ લીધો બીજી લીટીમાં અને ત્રીજી પંક્તિમાં લીધું કે પ્રહાર કરવો. તો જ્ઞાન ભલે ત્યાં શાંત સ્વરૂપે છે, શાંતિ ઉત્પન્ન થઈ છે, શાંતતા વર્તે છે તોપણ એની અંદરમાં વેગ છે, અંતર્મુખનો વેગ છે. જ્યારે પોતાના અનંત ગુણના નિધાનને પોતે જોવે છે ત્યારે જોનાર જ્ઞાનનો પર્યાય અંદર વેગથી ધસે છે એમ કહેવું છે. અંતર્મુખ થાય છે એમાં વેગ છે અને એવા વેગ વિના પરથી છૂટું પડવું સહેલું નથી. અંતર્મુખના વેગ વિના બહિર્મુખભાવમાં જે રાગાદિ સાથે એકત્વ અનુસંધાન થઈ રહ્યું છે એથી છૂટું પડવું સહેલું નથી. અહીંયાં એમ કહે છે કે કર્તાપણું છોડવું અથવા એકત્વ છોડવું (સહેલું નથી) કેમકે કર્તા-કર્મ એકત્વપણાથી થાય છે, ભેદપણામાં થાય નહિ તો એ છૂટવું સહેલું નથી. અનાદિનું કર્તા-કર્મપણું અથવા રાગાદિનું એકત્વ છૂટ્યું નથી. એ એમ બતાવે છે કે એટલું સહેલું નથી.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- ઇ તો એક એક વાતમાં ઘણું ભર્યું છે. અનુભવ ભર્યો છે. સમય થઈ ગયો.

જ્ઞાતાપણાના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થતાં કર્તાપણું છૂટે છે. વિભાવ પોતાનો સ્વભાવ નથી તેથી આત્મદ્રવ્ય કાંઈ પોતે ઊછળીને વિભાવમાં એકમેક થઈ જતું નથી, દ્રવ્ય તો શુદ્ધ રહે છે; માત્ર અનાદિ કાળની માન્યતાને લીધે 'પર એવા જડ પદાર્થને હું કરું છું, રાગાદિ મારું સ્વરૂપ છે, હું વિભાવનો ખરેખર કર્તા છું.' વગેરે ભ્રમણા થઈ રહી છે. યથાર્થ જ્ઞાતાધારા પ્રગટ થાય તો કર્તાપણું છૂટે છે. ૧૯૮.

તા. ૭-૧૦-૧૯૮૭, વચનામૃત–૧૯૮
પ્રવચન નં. ૧૫૩

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૬૩. (અજ્ઞાની) ...રાગ કર્તાપણે થાય છે. રાગ થાય છે એટલું નહિ પણ રાગ કર્તાબુદ્ધિએ થાય છે. કર્તાપણે થાય છે એટલે રાગ સાથે અભેદપણું.. તન્મયપણું.. કર્તાપણું ન સમજાય પણ રાગમાં લીનતા થાય છે, તન્મયતા થાય છે એ તો અનુભવનો વિષય છે. એવું જે રાગાદિ વિભાવભાવો સાથે તન્મયપણું, લીનપણું મિથ્યાત્વ હોવાને લીધે થાય છે એ મિથ્યાત્વ સ્વરૂપ છે અને તેને છૂટવાનો, તેનો નાશ થવાનો, તેનો અભાવ થવાનો (ઉપાય શું ?) વિધિ શું છે ? કાર્યપદ્ધતિ શું છે ? એ આ વિષયનો, આ બોલનો વિષય છે.

પહેલા જ એ વાત લીધી કે **'જ્ઞાતાપણાના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થતાં**

**કર્તાપણું છૂટે છે.'** જ્ઞાતાપણાના અભ્યાસથી હું આત્મા જ્ઞાયક દ્રવ્ય છું ! જ્ઞાતાપણે રહેવું એટલે માત્ર જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું, વીતરાગભાવે એમ રહેવાનો અભ્યાસ કે પ્રયત્ન (કરવો). વારંવારનો પ્રયત્ન એને અહીંયાં અભ્યાસ કહે છે. અભ્યાસ શબ્દનો પ્રયોગ એ અર્થમાં વાંચવો. વારંવાર પ્રયોગ કરવો એને, વારંવાર પુરુષાર્થ કરવો એને અભ્યાસ કહે છે. જ્ઞાતાપણે રહેવાના પ્રયત્નરૂપ વારંવારના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થતાં કર્તાપણું છૂટે છે.

એક લીટીમાં બહુ સીધી ટૂંકી વાત કરી છે કે જ્ઞાતાદૃષ્ટાપણું કેવી રીતે પ્રગટ થશે ?-કે જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવાનો પ્રયત્ન વારંવાર કરવામાં આવશે તો. એવું ન કહ્યું કે વારંવાર શાસ્ત્ર વાંચન કરવામાં આવશે તો જ્ઞાતાપણું પ્રગટ થશે. એવું પણ ન કહ્યું કે કોઈ ત્યાગ, વ્રત અંગીકાર કરી લેશે તો જ્ઞાતાપણું પ્રગટ થશે કે તમે ક્યાંય દયા-દાન કરી લેશો તો તમને જ્ઞાતાપણું પ્રગટ થશે-એવી કોઈ વાત કરી નથી. જ્ઞાતાપણાના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થાય છે, આમ છે. સીધી જે વાત છે એ આટલી છે. જ્ઞાતાપણાનો અભ્યાસ એટલે 'હું માત્ર જ્ઞાતાદૃષ્ટા છું' એમ માત્ર જ્ઞાતા દૃષ્ટાપણે રહેવાનો વારંવાર પ્રયત્ન કરવો, પ્રસંગે પ્રસંગે ઉદયમાં પ્રયત્ન કરવો એને જ્ઞાતાદૃષ્ટાપણાનો અભ્યાસ કહે છે અને એ એક માત્ર જ્ઞાતાપણે જ્ઞાતાપણું પ્રગટ કરવાનું, જ્ઞાતાદૃષ્ટાપણું પ્રગટપણે એ સ્થિતિ આવવાનું કારણ છે. અને એમ થાય તો જ ચાલતા રાગાદિભાવનું કર્તાપણું ન થાય.

રાગનું કર્તાપણું અને જ્ઞાતાપણું બન્ને વિરુદ્ધ છે. કોઈ જીવને કદી પણ એક અવસ્થામાં બન્ને સાથે હોય શકે કે રહી શકે નહિ. રાગ અને વીતરાગતા સાથે રહી શકે. સ્પષ્ટ કરીએ તો સાધક અવસ્થામાં રાગનો પણ અંશ પ્રગટ હોય અને વીતરાગતાનો પણ અંશ પ્રગટ હોય શકે, રહી શકે; પણ એને જ્ઞાતાપણું પણ વીતરાગ ભાવે જ્ઞાતા-દૃષ્ટાપણું પણ રહે અને રાગનું કર્તાપણું પણ રહે - બે વાત સંભવી શકે નહિ, કેમકે એનો સબંધ સમ્યક્-મિથ્યાત્વ સાથે છે. સમ્યક્ પણ રહે અને મિથ્યાત્વ પણ રહે એવું ન બને. રાગ અને વીતરાગતા રહે પણ સમ્યક્ - મિથ્યાત્વ સાથે રહે નહિ. આમ છે. રાગ વીતરાગતા વિરુદ્ધ ભાવ છે, સમ્યક્-મિથ્યાત્વ વિરુદ્ધ ભાવ છે તોપણ એકનું સાથે રહેવું સંભવિત છે બીજાનું સાથે રહેવું સંભવિત નથી.

મુમુક્ષુ :- જ્ઞાની છે એ રાગના જ્ઞાતાદૃષ્ટા છે એટલે એ તો સાથે રહે એ સંભવિત

છે; આ સંભવિત નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે કર્તાપણું હોય તો જ્ઞાતાપણું ન હોય અને જ્ઞાતાપણું હોય તો કર્તાપણું ન હોય. બે વાત બની શકતી નથી, બની શકતી જ નથી. તો એમ કહે છે કે અનાદિનું જે કર્તાપણું થઈ રહ્યું છે એ કર્તાપણું કેમ છૂટે ? પ્રશ્ન થાય છે કે વિચાર કરીએ એ પહેલા તો રાગનું કર્તાપણું થઈ જાય છે. રાગ કર્તાપણે જ થઈ જાય છે. રાગનો કર્તા નથી થવું એવો વિચાર કાંઈ એમાં સફળ થતો નથી, કામિયાબ થતો નથી. તો પછી શું કરવું ?-કે જ્ઞાન જે પરિણમી રહ્યું છે એ જ્ઞાનમાં હું માત્ર જ્ઞાનનો જ્ઞાતા છું, માત્ર જ્ઞાતા જ છું. જ્ઞાતાપણે રહેવાનો, ઇષ્ટ-અનિષ્ટબુદ્ધિ છોડીને જ્ઞાતાપણે રહેવાનો પ્રયત્ન-પુરુષાર્થ કરવો જોઈએ. જે કાંઈ જણાય છે તે સારું પણ નથી, ખરાબ પણ નથી. હું સ્વભાવે કરીને જ્ઞાતા છું એમ જાણીને સ્વભાવ સ્વરૂપ જ્ઞાતાપણે રહેવું એ એક જ કર્તાપણું છૂટવાનો ઉપાય છે. બીજો કોઈ, રાગના કર્તાપણાનો છૂટવાનો બીજો કોઈ ઉપાય નથી.

પ્રશ્ન :- સમકિત મોહનીય કોને કહેવાય છે ?

સમાધાન :- સમકિત મોહનીય છે એ સમકિતને ઘાતકી નથી. ક્ષયોપશમ સમકિતના કાળમાં સમકિત મોહનીયનો ઉદય હોય છે પણ એ સમકિતનો નાશ કરતો નથી. કરણાનુયોગનો વિષય છે. ભાવ પકડાય એવું નથી કાંઈ.

મુમુક્ષુ :- રાગનું કર્તાપણું કહેવામાં આવે છે પણ ખરેખર તો રાગનું કર્તાપણું વ્યવહારથી જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- રાગનું કર્તાપણું વ્યવહારથી (પણ) છે અને અશુદ્ધ નિશ્ચયથી પણ છે. જેમ રાગ વ્યવહારથી છે અને રાગ અશુદ્ધ નિશ્ચયથી પણ છે. જીવને, શરીરવાળો આ જીવ છે, મનુષ્ય દેહવાળો આ જીવ છે એવો વ્યવહાર ત્યાં લાગુ પડતો નથી; કેમકે એ સંયોગરૂપ છે, આ એની અવસ્થામાં છે. એટલે રાગનું કર્તાપણું મિથ્યાત્વ અવસ્થામાં છે. વ્યવહાર કોને છે ?-નિશ્ચય પ્રગટ્યો છે એને, પણ જેને રાગનું કર્તાપણું છે એને તો નિશ્ચય પ્રગટ્યો નથી.

મુમુક્ષુ :- ભલે નિશ્ચય ન પ્રગટ્યો હોય પણ વસ્તુનું સ્વરૂપ તો ..

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુનું સ્વરૂપ તો જ્ઞાની જાણે છે કે પ્રત્યેક આત્મા શુદ્ધ છે ! પરમાત્મ સ્વરૂપે છે ! પણ જ્યાં સુધી એવું પરમાત્મ સ્વરૂપ અવસ્થામાં પ્રગટ

ન કરે ત્યાં સુધી એને માટે એ નથી, એને માટે નથી. બરોબર ? જેના ઘરમાં દોલત દટાયેલી છે, એ તો હકીકત છે કે એના ઘરમાં દાટેલું ધન છે પણ એને ખબર નથી. તો એક એક નાની ચીજ માટે બટકું રોટલા માટે એ લાચારી કરે છે. એના માટે તો નહિ હોવા બરાબર છે. એમ જે કર્તાપણે પરિણમે છે એને તો એ જ એનો આત્મા છે. રાગ એનો આત્મા છે. હવે જે સમજણ, એને સમજવા માટે એક પદ્ધતિ અપનાવવા જેવી છે કે જે જીવ પોતે મિથ્યાત્વ અવસ્થામાં છે એને રાગ કેવી રીતે સર્વસ્વ થઈ પડ્યો છે ? એ વાતને પોતાના સ્વાનુભવથી (નક્કી કરવી). સામાન્ય ઉદયમાં ખબર નહિ પડે પણ કોઈ એવો વિશેષ ઉદય હોય તો જે રાગ એને જોર કર્યા કરતો હોય, જે રાગ એને જોરથી આવતો હોય, રસથી આવતો હોય, તીવ્ર રસથી આવતો હોય ત્યારે એ રાગની વિરુદ્ધતા, વિરુદ્ધ પરિસ્થિતિ અને એ રાગની અનુકૂળ પરિસ્થિતિ – એ બન્ને પરિસ્થિતિમાં પોતાના પરિણામનો અભ્યાસ, અવલોકનનો, જોવે તો એને ખ્યાલમાં આવે કે રાગની સાથે ઉપયોગ કઈ રીતે આખે આખો બંધાયેલો છે. તો એને તો સર્વસ્વપણે રાગ જ એનો આત્મા છે. કર્તાબુદ્ધિએ થતો રાગ એ જ અજ્ઞાની મિથ્યાદષ્ટિ જીવને પોતાનો આત્મા થઈ ગયો છે એટલે એને નથી કોઈ વ્યવહાર, એને નથી કોઈ નિશ્ચય.

વ્યવહાર છે એમાં વિચારવા જેવો વિષય છે કે સમ્યક્દૃષ્ટિ જીવને વ્યવહાર છે તોપણ એનો શુભરાગ જ વ્યવહાર છે, અશુભરાગ એનો વ્યવહાર નથી. કર્તાપણું તો એને છે નહિ એટલે વ્યવહારે એને કર્તાપણું છે એ લાગુ પડતું નથી. સમ્યક્દૃષ્ટિ જીવને રાગનું કર્તાપણું નથી, તેથી રાગનું કર્તાપણું જીવને વ્યવહારે છે એમ તો લાગુ પડતું નથી. હવે, જે સમ્યક્દૃષ્ટિ જીવને અવસ્થામાં નિશ્ચય-વ્યવહાર બન્ને છે નહિ. નિશ્ચયરૂપ પરિણતિ એટલે વીતરાગદશા-સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર અને શુભભાવ આદિ જે વ્યવહારને યોગ્ય પરિણામ છે એટલો જ વ્યવહાર છે. એ જ સમ્યક્દૃષ્ટિનો ગ્રહસ્થી આદિના અશુભભાવોના જે પરિણામ એ વ્યવહાર નથી. ઇ એનો વ્યવહાર નથી. અને રાગનું કર્તાપણું એને છે નહિ માટે વ્યવહાર એનો એને છે ઈ વાત લાગુ પડતી નથી. તો નિશ્ચય સહિતનો જે વ્યવહાર છે ત્યાં તો આમ છે. હવે વાત રહી જનરલ વસ્તુ-વ્યવસ્થાની કે નિશ્ચય સ્વરૂપ છે, આત્માનું જે નિશ્ચય સ્વરૂપ છે તે જે આત્મા છે તે જ ખરેખર આત્મા છે. પરમ પારિણામિક ભાવ સ્વરૂપ પરમાત્મપદ

તે આત્માનું નિશ્ચય સ્વરૂપ છે. એ સિવાય બીજા કોઈવાળો આત્માને કહેવો તે વ્યવહાર છે. શું ? આત્માને રાગવાળો કહેવો, આત્માને મિથ્યાત્વવાળો કહેવો, આત્માને કર્તાપણાવાળો કહેવો, આત્માને દેહવાળો કહેવો, આત્માને ગૃહસ્થી કહેવો, આત્માને સંસારી કહેવો, આત્માને ત્યાગી કહેવો, આત્માને મુનિ કહેવો, આત્માને અરિહંતપણું કહેવું, આત્માને સિદ્ધપણું કહેવું આ બધું વ્યવહારે કહેવાય છે.

પ્રશ્ન :- ઇ બધું વ્યવહાર લેવું કે અજ્ઞાન લેવું ?

સમાધાન :- ના, એમ વ્યવહારે કહેવાય છે, અજ્ઞાન નથી એ. વ્યવહાર, વ્યવહાર અપેક્ષાએ સત્ય છે.

મુમુક્ષુ :- નથી એને છે એમ માનવું એ અજ્ઞાન નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- મૂળ સ્વરૂપમાં માને તો અજ્ઞાન. અજ્ઞાન ક્યારે ?-મૂળ સ્વરૂપમાં માને તો. જે ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ છે એને એમ માનવો કે આ રાગવાળો છે કે કર્તાપણાવાળો છે કે સિદ્ધપદવાળો છે કે અરિહંતપદવાળો છે કે મુનિ છે કે ગૃહસ્થી છે કે સમ્યક્દૃષ્ટિ છે. એમ મૂળ પદમાં માને તો.

મુમુક્ષુ :- મૂળ સ્વરૂપની પ્રાપ્તિ કરવી હોય તો મૂળ સ્વરૂપનો જ વારંવાર વિચાર કરવો ને ?

પૂજ્ય ભાઈશ્રી :- મૂળ સ્વરૂપનું અવલંબન કરવું અને મૂળ સ્વરૂપનું અવલંબન કરતાં વ્યવહારનું યથાયોગ્ય જ્ઞાન થશે. શું ? વ્યવહારનું યથાયોગ્ય જ્ઞાન થશે.

મુમુક્ષુ :- જ્ઞાની થવા પહેલાં ભેદજ્ઞાની માને છે એમ જ વિચારવું અને માનવામાં લેવું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- ઇ બરાબર છે પણ જે નિશ્ચયનયનો વિષય છે જ્ઞાનનો એટલો શ્રદ્ધાનનો વિષય છે અને એટલો જ ચારિત્રમાં અવલંબનનો વિષય છે. એ ઉપરાંત વર્તમાન અવસ્થાનો જે જ્ઞાનનો વિષય છે એને એના સ્થાનમાં જો માનવામાં ન આવે અને એને એના સ્થાનમાં નહિ જાણતાં અન્યથા પ્રકારે જાણે ઇ સ્થૂળ વિષય છે. તો એનો નિશ્ચય સાચો ન હોય, એનું શ્રદ્ધાન સાચું ન હોય, એનું નિશ્ચયજ્ઞાન પણ સાચું ન હોય.

મુમુક્ષુ :- અજ્ઞાનીને તો ન જ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, કોઈને નહિ. જ્ઞાનીને તો બીજી રીતે બનતું નથી.

મુમુક્ષુ :- તો અજ્ઞાનીને તો નિશ્ચય પણ સાચો નથી ને વ્યવહાર પણ સાચો નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઇ બરાબર છે. હવે પ્રશ્ન શું છે કહો ? તો પ્રશ્ન શું છે ?

મુમુક્ષુ :- પ્રશ્ન ઇ છે કે જે જ્ઞાની વિચારે છે, માને છે, અનુભવે છે એમ જ અજ્ઞાનીએ માનવું, વિચારવું અને અનુભવવું કરે એજ પછી જ્ઞાન થયા પહેલા એ જ માની લે...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, તો એમ કહે છે કે, ઇ એટલા માટે ગાથા કાઢી...

મુમુક્ષુ :- જેવું થાવું છે એવું જ માનવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચૌદમી ગાથા છે, ચૌદમી ગાથામાં એટલા માટે એ વાત લીધી છે કે આત્માનો વૃદ્ધિ-હાનિરૂપ પર્યાયભેદોથી અનુભવ કરતાં અનિત્યપણું ભૂતાર્થ છે. આત્માના સ્વભાવની સમીપ જઈને જોવામાં આવે તો નિત્યપણું સત્યાર્થ છે અને એવી જ રીતે વૃદ્ધિ-હાનિરૂપ પર્યાયભેદોથી અનુભવ કરવામાં આવે તો અનિયતપણું ભૂતાર્થ છે અને સત્યાર્થ છે. તો જે અવસ્થાની અંદર અનિયતપણું છે, રાગ છે, કર્તાપણું છે, મુનિપણું છે, સમ્યક્દષ્ટિપણું છે, સિદ્ધપણું છે, સંસારીપણું છે એ જે કાંઈ ભાવો પર્યાયમાં છે તો તે ભાવોની અપેક્ષાએ સત્યાર્થ છે. એમાં તે ભાવો નથી, તે તે ભાવો ત્યાં પણ નથી, પર્યાયમાં પણ નથી એમ કોઈ માને તો એ માન્યતા સમ્યક્દષ્ટિની નથી. એ માન્યતા સમ્યક્દષ્ટિની હોતી નથી.

મુમુક્ષુ :- મિથ્યાદષ્ટિની એકેય માન્યતા સાચી હોતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, મિથ્યાદષ્ટિની એકેય માન્યતા સાચી હોતી નથી. હવે સમ્યક્દષ્ટિની માન્યતાનો જે વિષય છે, શ્રદ્ધાનનો વિષય છે એ તો ત્રિકાળી આત્મદ્રવ્ય છે. અચ્છા, હવે બીજો વિષય રહ્યો એની અવસ્થાનો. કારણ કે એકલું દ્રવ્ય નથી. જો એકલું દ્રવ્ય હોય, જો શ્રદ્ધાનનો વિષય છે એટલું જ દ્રવ્ય હોય તો સાંખ્યમત થઈ જાય છે. કૂટસ્થ ધ્રુવ અપરિણામી. તો કે દ્રવ્ય છે એ પ્રમાણ, એની જે અવસ્થા છે એ અવસ્થામાં વીતરાગતા પણ થાય છે, સરાગતા પણ થાય છે, સમ્યક્ત્વ પણ થાય છે, મિથ્યાત્વ પણ થાય છે, સિદ્ધપણું થાય છે, બધું થાય છે. ભલે એ શુદ્ધ માન્યતાનો વિષય નથી, પણ જ્ઞાન જાણે છે કે આ બધું થાય છે એ એક સત્યાર્થ છે, એ સ્થાનમાં એક સત્યાર્થ છે અને એ સત્યાર્થને સત્યાર્થપણે જ્ઞાન સ્વીકારે છે.

જ્ઞાનમાં જે સ્વીકાર કરવાનો એક ધર્મ છે કે આ આમ છે, સંમત કરવાનો જે ધર્મ છે આ આમ છે, એ જે જેમ છે તેમ સ્વીકારવું.

મુમુક્ષુ :– જ્ઞાન સ્વીકાર કરે છે કે આ તો બધું પુદ્ગલમાં જાય છે, મારામાં નથી.

પૂજ્ય ભાઈશ્રી :– જીવની પર્યાયમાં થાય છે.

મુમુક્ષુ :– ... ?

પૂજ્ય ભાઈશ્રી :– જો એકાંત કહીએ તો પુદ્ગલની પર્યાયમાં થાય તો પછી સંસારી ને સિદ્ધપણું એમ બે વાત રહેતી નથી.

મુમુક્ષુ :– એને ભ્રમ થઈ ગયો છે કે આ બધું મારામાં જ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, એને તો એમ થઈ ગયું છે કે મારામાં થાય છે એટલે નિશ્ચયના વિષયને ભ્રમવાળો તો ઉડાડે છે. ભ્રમવાળો તો શ્રદ્ધાનો વિષય અને નિશ્ચયનો વિષય જે શુદ્ધાત્મા છે મારામાં થાય છે એમ માનીને ઇ વિષયને તો ઉડાડે છે, મૂળ આત્માને ઉડાડે છે. ત્યારે સમ્યક્દૃષ્ટિ મૂળ આત્માને શ્રદ્ધાજ્ઞાનમાં રાખીને પછી એ અવસ્થાનું યથાયોગ્ય જ્ઞાન કરે છે અને એ જાણેલો પ્રયોજનવાન છે. એટલા માટે બારમી ગાથા (લીધી.) અગિયારમી ગાથા જોરથી સ્થાપી કે 'व्यववहारोभूयत्थो' व्यववहारोभूयत्थो – સઘળો વ્યવહાર અભૂતાર્થ છે. તો સઘળા વ્યવહારમાં અધ્યાત્મનો વ્યવહાર આવી ગયો. તો અભૂતાર્થ છે ? તો કે હા ! જે અપેક્ષાએ કહેવા માગે છે તે અપેક્ષાએ અભૂતાર્થ છે, એટલે ત્રિકાળીમાં નથી. અધ્યાત્મના વ્યવહારના કોઈ ગુણસ્થાન ત્રિકાળીમાં નથી. સમ્યક્દર્શનની પર્યાય પણ ત્રિકાળીમાં નથી અને કેવળજ્ઞાનની પર્યાય પણ ત્રિકાળીમાં નથી. તો કે अभूयत्थो. ત્યાં તો એની હસ્તી જ નથી. આટલી જોરથી અગિયારમી ગાથા સ્થાપ્યા પછી અને એવા ભૂતાર્થને આશ્રિત સમ્યક્દર્શન થાય છે કે જે સમ્યક્દર્શન ભૂતાર્થમાં નથી. શું કહ્યું ? भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो. આમ લીધું, કે એ ભૂતાર્થને આશ્રિત સમ્યક્દર્શન થાય છે પણ ભૂતાર્થમાં ઇ સમ્યક્દર્શન નથી, ઠીક ! ભૂતાર્થમાં ઇ સમ્યક્દર્શન નથી. એવી રીતે ભૂતાર્થને થાય છે. (એટલે પછી) સીધી બારમી ગાથા લીધી. તરત જ બારમી ગાથા લીધી કે અહીંયાંથી કોઈ સાંખ્યમત કે વ્યવહાર વ્યવહારના સ્થાનમાં જાણેલો પ્રયોજનવાન છે. તે પડખાને નિશ્ચયનું આવું જોર દીધું માટે સદંતર ઉડાડવામાં આવે

તો આ પડખું ખોટું પડી જશે. આ પડખું સાચું નહિ રહે. આ પરિસ્થિતિ થશે. એટલે મોક્ષમાર્ગની અંદર આવું અધ્યાત્મનું સમતોલપણું હોય છે. બીજી રીતે વિચારીએ તો જે આગમનો વિષય છે અને જે અધ્યાત્મનો વિષય છે એની સમતુલા ગુમાવ્યા વિના મોક્ષમાર્ગી મોક્ષમાર્ગના પંથ ઉપર ચાલે છે. સમતુલા ગુમાવે (તો) જાય માર્ગથી ભ્રષ્ટ થઈને નીચે.

મુમુક્ષુ :– વ્યવહાર જાણવા માટે તો બરાબર છે, (પરંતુ) ઉપાસવા માટે તો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– નથી, ઉપાસવા માટે નથી. વ્યવહાર ઉપાસવા માટે નથી. આ ઉપાસવાનો આટલો ભેદ છે. વ્યવહારમાં બે ભેદ. એક અધ્યાત્મનો વ્યવહાર (અને) એક આગમનો વ્યવહાર. વ્યવહાર રત્નત્રય તે આગમનો વ્યવહાર, નિશ્ચય રત્નત્રય તે અધ્યાત્મનો વ્યવહાર. તો નિશ્ચય ઉપાદેય છે એમાં અધ્યાત્મનો વ્યવહાર કથંચિત્ ઉપાદેય થઈ જાય છે. કેમકે નિશ્ચયનો આશ્રય કોણ કરે છે ? અધ્યાત્મની પરિણતિ. ઇ તો વ્યવહારરૂપ છે, એટલે એ કથંચિત્ ઉપાદેય થઈ જાય છે. નિશ્ચયનો આશ્રય કરતાં અધ્યાત્મનો વ્યવહાર કથંચિત્ ઉપાદેય થાય છે અને આગમનો વ્યવહાર છે એનો નાશ થતો જાય છે. તે 'તે ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં, અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો.' આગમનો વ્યવહાર છે એ ઘટતો જાય છે, એનો સરવાળે સર્વથા અભાવ થાય છે અને અધ્યાત્મ પરિણતિ છે એ સાદી અનંત (કાળ વર્તે છે.) ભલે ક્ષણ ક્ષણ વર્તે છે તોપણ સાદી અનંતકાળ વર્તે છે. એનો સર્વથા નાશ થાય તો પર્યાયનો નાશ થાય, પર્યાયનો નાશ થાય તો દ્રવ્યનો નાશ થાય છે. માન્યતા.. માન્યતાનો વિષય ભલે ત્રિકાળી ધ્રુવ સામાન્ય છે તોપણ યથાયોગ્ય પર્યાયના સ્થાનમાં પર્યાયને જ્ઞાન સ્વીકારે નહિ તો માન્યતા જૂઠી થઈ જાય. આટલો લગવાડ અથવા અવિનાભાવી સંબંધ શ્રદ્ધા ને જ્ઞાનને છે.

જો શ્રદ્ધા ને જ્ઞાનને આટલો સંબંધ ન રહે તો અન્ય મત થઈ જાય; કાં બૌદ્ધમાં જાય કાં સાંખ્યમાં જાય. બેમાંથી એકમાં ચાલ્યો જાય. એ ચૌદમી ગાથામાં એ વિશે પાંચ બોલ સુધી ગયા છે. પાંચ બોલથી આત્મા એમ કહ્યું કે આત્મા બંધરહિત છે, ચળાચળ રહિત છે, વિશેષ રહિત છે. વિશેષમાં ભેદો લઈ લીધા, ગુણભેદો લઈ લીધા કે આત્મા ગુણભેદ રહિત છે, અભેદ આત્મા છે. હા ! અવલંબનનો વિષય અભેદ છે. છતાં ભેદના સ્થાનમાં ભેદ જાણેલો પ્રયોજનવાન છે, નહિતર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર

રહેતા નથી. એમ છે. એક એક બોલમાં એ વાત બતાવી છે કે આ અપેક્ષાએ ભૂતાર્થ છે, આ અપેક્ષાએ અભૂતાર્થ છે. એના સ્થાનમાં ભૂતાર્થ છે. તેમાં જ્ઞાનને સાથે જોડે છે. ભૂતાર્થ જ્ઞાનનો વિષય એટલા માટે લે છે કે, કોઈ ભૂલથી એકાંત કરી જાય નહિ. એટલા માટે 'સમયસાર'માં પદ્ધતિ છે નિરૂપણની, દ્રવ્યની એ દૃષ્ટિ એવી સુંદર છે કે કોઈ જીવ મિથ્યાભાસમાં ન જાય. 'સમયસાર' વાંચે એ કોઈ દિવસ મિથ્યાભાસમાં ન આવે. આચાર્ય મહારાજ એ બન્ને વાત સાથે સાથે જ કહેતા આવે છે. તરત જ કહે છે.

મુમુક્ષુ :– નિશ્ચયની સાથે વ્યવહાર અનુષંગિક હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– મોક્ષમાર્ગમાં તો નિશ્ચય અને વ્યવહાર બન્ને પરિણામ છે. નિશ્ચય વીતરાગ પરિણામ છે, વ્યવહાર સરાગ પરિણામ છે અને બન્ને સાથે રહે છે, એનું નામ જ મોક્ષમાર્ગ અથવા સાધકપણું છે. બાધકપણું, મિથ્યાત્વ અવસ્થામાં વીતરાગ પરિણામ હોતા નથી, એકલું રાગમાં તન્મયપણું જ હોય છે. સિદ્ધ અવસ્થામાં રાગાદિ પરિણામ હોતા નથી, એકલી વીતરાગતા જ હોય છે. વચ્ચે જે કટકો રહ્યો સાધક અવસ્થાનો એમાં સરાગતા ને વીતરાગતા બન્ને સાથે રહે છે. વીતરાગતા વધતી જાય છે, સરાગતા ઘટતી જાય છે. બસ !

પ્રશ્ન :– તો હવે થોડીક સ્પષ્ટતા રહી ગઈ કે સ્ફટિકને લાલપણું જણાતું જ નથી તો તો સ્ફટિક ખોટું પડે છે. સ્ફટિકમાં લાલપણું સર્વથા જણાતું જ નથી તો સ્ફટિક ખોટું પડે છે અને સ્ફટિક લાલ જણાય છે એમ કહે તો લાલપણું કોઈ પકડાતું જ નથી. એ તો શુદ્ધ જ છે. આમ, અપેક્ષાએ બરાબર છે ને ! તો એમાં શું કરવાનું ?

સમાધાન :– કે બે વિભાગ પાડવા. આ અધ્યાત્મનું કથન છે કે આગમનું કથન છે ? અથવા નિશ્ચયથી સ્ફટિકને જોવો છે કે સર્વાંગે સ્ફટિકને જોવો છે. કથન અને જ્ઞાન બન્ને લઈ લઈએ આપણે તો અધ્યાત્મથી જોઈએ તો રાગ આત્મામાં થતો હોવા છતાં અધ્યાત્મની દૃષ્ટિએ રાગ આત્મામાં થતો નથી કેમકે અધ્યાત્મની દૃષ્ટિએ તો આત્મા રાગને કરે એવો આત્મામાં કોઈ ગુણ–સ્વભાવ નથી. કેવી રીતે આત્મામાં રાગ થાય ? સ્વભાવ દૃષ્ટિએ તો આત્મા રાગને કરી શકતો નથી. તો કે આત્મામાં રાગ થાય એ વાત ભુલાય એવી નથી. તો કે સમ્યક્દૃષ્ટિને રાગ છે ? તો કે નહિ બહાર છે એને, રાગનો એ સ્વામી નથી. ઇ એમ કહે છે કે પરજ્ઞેય છે. ઇ પર જ છે. ક્યાં થાય છે રાગ ? તો કે જડમાં થાય છે જાવ, ઇ એમ કહી દેશે. ઇ અધ્યાત્મનું કથન છે.

આગમથી એ સમ્યક્દૃષ્ટિ જાણે છે કે આગમની વિવિક્ષાને કે રાગ મારી અવસ્થામાં થાય છે, મારો અપરાધ છે અને વીતરાગ સ્વરૂપી મારું જે દ્રવ્ય છે એના આશ્રયે મારે એને ટાળવો જોઈએ. ઇ વાત એને સ્વીકારી આગમથી છે. બન્ને વાત એક સાથે છે અને બન્નેનું સમતોલપણું છે. ક્યાંય પણ એ સમતુલા, સમતુલા ગુમાવીને પરિણમતો નથી. હવે એ જ્ઞાનનો વિષય થઈ ગયો એનો. કથનની અંદર એમ કહેવાય જો આગમથી કહેવું હોય તો 'પંચાસ્તિકાય'માં કહ્યું કે નિશ્ચયથી રાગ આત્માને થાય છે. ત્યાં નિશ્ચય શબ્દ વાપર્યો. એ અશુદ્ધ હોવાથી એને અશુદ્ધ નિશ્ચય કહ્યો, પણ ત્યાં વ્યવહાર શબ્દ ન વાપર્યો. નહિતર તો ખરેખર વ્યવહારે રાગ આત્માને થાય છે. પણ ત્યાં વ્યવહાર શબ્દ ન વાપર્યો. નિશ્ચયથી રાગ આત્માને થાય છે એમ કહ્યું, કેમકે એની અવસ્થામાં રાગાદિભાવની ઉત્પત્તિ તે એક હકીકત છે. એની જીવની અવસ્થામાં રાગ નથી થતો અને કાંઈક કલ્પના છે, શૂન્ય છે એવું નથી એ એક હકીકત છે. સ્ફટિકમાં લાલ ઝાંય પડી છે એ એક હકીકત છે. પત્થર ઉપર લાલ ઝાંય ન પડી હોત, પણ સ્વભાવ દૃષ્ટિએ જો સ્ફટિકને જોવું હોય તો લાલ ઝાંયને નહિ જોવાય (પરંતુ) તેની પારદર્શકતાને તારે જોવી પડશે. તારું પ્રયોજન એના સ્વભાવને સમજવાનું હોય તો, સ્ફટિકના સ્વભાવને સમજવાનું હોય તો એની પારદર્શકતાને તારે જોવી પડશે અને તો તને ઝાંયનું જ્ઞાન બરાબર દેખાશે અને જણાશે.

મુમુક્ષુ :- ઝાંય પડે છે તોય સ્થાપવી છે કે આ સ્ફટિક છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ સ્ફટિક છે. ઝાંય પડી જ નથી એમ પણ નથી અને પડી છે (છતાં) એની છે તો એમાંથી ટળે નહિ, માટે એ એની નથી.

મુમુક્ષુ :- અહીંયાં ભૂલ છે..

પૂજ્ય ભાઈશ્રી :- બે વાત છે. બે વાત જેમ છે એમ સમજવી જોઈએ.

મુમુક્ષુ :- બેમાંથી એક વાત છોડી દે તો ?

પૂજ્ય ભાઈશ્રી :- એક વાત સર્વથા છોડી દેવાય એવું નથી. સર્વથા છોડી દેવાય તો ભૂલો પડી જાય. પણ જ્યાં અધ્યાત્મની વિવિક્ષા ચાલતી હોય ત્યાં આગમની ટાંગ વચ્ચે ન મરાય. જ્યાં અધ્યાત્મની વિવિક્ષા ચાલતી હોય અને જ્યાં અધ્યાત્મનો ઉપદેશ ચાલતો હોય અને જ્યાં અધ્યાત્મનું જોર આત્માએ કેળવવું હોય ત્યારે વચ્ચે આગમનો વિષય લાવીને જોર ન કરાય. એમ જ્યારે આગમથી વસ્તુ વ્યવસ્થાનો

વિચાર કરાતો હોય ત્યારે અધ્યાત્મની ઉપાસનાની વિધિ શું છે એ એની સમજણમાં હોય, તો એને એના ઉપર જોર નહિ આવે. પોતાની અવસ્થામાં રહેલા રાગાદિનું જ્ઞાન કરશે જીવ, પણ એના ઉપર જોર નહિ મારે કે રાગ મારો છે, રાગ મારો છે, રાગ મારો છે એમ નહિ આવે. રાગ થાય છે (એ) અપરાધ થાય છે, મટાડવો જોઈએ, નહિતર... આ અપરાધ છે એ સારો નથી, એ મલિન છે, વિકૃત છે અને મારા સ્વરૂપથી વિપરીત છે એ મને પોસાય નહીં, મને એ પોસાતો નથી. જેમ વિષ્ટા પણ થોડી કપાળે રાખવી ન જોઈએ ? ના, ના ! ઝીણો ચાંલ્લો પણ એ ન પોસાય, ન પોસાય એટલે ન પોસાય. થોડું છે માટે ભલે રહ્યું એ પણ પ્રશ્ન નથી. ભલે જ્ઞાનીને થોડી છે મલિનતા (પણ) જ્ઞાની એ રાખવા માગે તો તે જ્ઞાની નહિ. રાખવા માગે તો તે જ્ઞાની જ નહિ. અને એ થોડી નથી પણ ત્યાં એને પૂરી છે. એમ છે.

મુમુક્ષુ :- અશુદ્ધ નિશ્ચયનય અને વ્યવહારનય બન્નેનો અર્થ એક ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, બન્ને એકાર્થમાં હોય છે. અશુદ્ધ નિશ્ચયને વ્યવહાર કહેવાય છે. કહેવાય છે વ્યવહાર.

મુમુક્ષુ :- રાગ નિશ્ચય છે એ પણ 'કુંદકુંદઆચાર્યે' જ કીધું અને 'સમયસાર'માં રાગ નિશ્ચય નથી ..

પૂજ્ય ભાઈશ્રી :- રાગ જડનો છે એમ પણ 'કુંદકુંદઆચાર્યે' કહ્યું છે. એક વખત અમારે 'શ્રીમદ્જી'ના અનુયાયી મુમુક્ષુ સાથે ચર્ચા ચાલી. એમાં એક જગ્યાએ એવું કહ્યું કે સત્પુરુષને સ્વીકારે છો ? તો કે હા, સત્પુરુષને માને છો ? તો કે હા. એટલે એક બે જગ્યાએ પ્રશ્ન ઉઠાવ્યો કે અહીંયાં તો 'શ્રીમદ્' આમ કહે છે, અહીંયાં તો 'શ્રીમદ્' આમ કહે છે ! તો કે અમે તો ધાકડે ધાકડ માનવાવાળા છીએ. તો નિશ્ચય અને વ્યવહારની વિવિક્ષાઓ સામે-સામે છે. રાગ આત્માનો પણ છે હવે, રાગ આત્માનો નથી – બન્ને વાત સત્પુરુષોની છે. હવે, ધાકડે ધાકડ માનવા જઈશ તો તું શું માનીશ ? એટલે જે અપેક્ષાએ, જે દૃષ્ટિકોણથી, જે વાત કરે છે તે અપેક્ષાએ, તે દૃષ્ટિકોણથી સ્વીકાર કરે તો ધાકડે ધાકડ માન્યું કહેવાય. તો બન્ને વાતને તે માની. તો કે કાંઈ માન્યું નથી ને કાંઈ સમજ્યો નથી, આ પરિસ્થિતિ થઈ છે. ધાકડે ધાકડે માનવામાં. એક વખત વવાણિયા એવી ચર્ચા થઈ હતી, એક અગાસમાં એવી ચર્ચા થઈ હતી. હું તો ધાકડે ધાકડ માનું છું. એવું નથી. કહેનારનો અભિપ્રાય સમજવો પડે, કહેનારની

ત્યાં કહેવા ધારેલી વાતને સમજવી પડે, પછી એ સમજીને સ્વીકારતાં એને માન્યું કહેવાય, નહિતર માનવાની વાત રહેતી નથી, એ માનતો જ નથી.

મુમુક્ષુ :– ધાકડે ધાકડ શબ્દ નવો વાપર્યો.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ મૂળ કાઠિયાવાડી શબ્દ છે. 'શ્રીમદ્જી'એ પોતે વાપર્યો છે. પત્રની અંદર તો એમની ભાષા એકદમ કાઠીયાવાડી છે. હિન્દીભાષી ભાઈઓ વાંચે છે એને ઘણું નથી સમજાતું. 'શ્રીમદ્'ના ઓરીજનલ પત્રો વાંચે છે તો ઘણા શબ્દો એ નથી સમજતા. કે આ શું કહેવા માગે છે.

મુમુક્ષુ :– સમકિત મોહનીય, તો સમકિત સાથે મોહનીય ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, એનું નામ એવું છે. એનું નામ એવું છે. જેવી રીતે પ્રકૃતિના નામ હોય ને ? પ્રકૃતિનું નામ હોય છે. શું કહે છે ?–કે જ્ઞાતાપણે રહેવાનો પ્રયત્ન કરવાથી, એટલે કે જ્ઞાનમાત્રપણે જ્ઞાયક સ્વભાવને હુંપણે અનુભવ કરવાનો પ્રયત્ન કરવાથી જ્ઞાતાપણું પ્રગટ થાય છે અને જ્યારે જ્ઞાતાપણું પ્રગટ થાય છે ત્યારે કર્તાપણું છૂટે છે. ત્યાં સુધી રાગનું કર્તાપણું, રાગનું એકત્વ, રાગમાં તન્મયતા અને લીનતા ત્યાં સુધી છૂટતી નથી. **'વિભાવ પોતાનો સ્વભાવ નથી.'** **'વિભાવ** છે એ આત્માનો **પોતાનો સ્વભાવ નથી તેથી આત્મદ્રવ્ય કાંઈ પોતે ઊછળીને વિભાવમાં એકમેક થઈ જતું નથી.'** ત્રિકાળી આત્મદ્રવ્ય એ પોતાનો સ્વરૂપનો ત્યાગ કરી દે અને એક સમયના રાગરૂપે કે વિભાવરૂપે થઈ જાય એવું તો બની શકતું નથી, એવું તો કદી થતું નથી, જ્ઞાનીને કે અજ્ઞાનીને બન્નેને. અજ્ઞાનીને ખબર નથી પણ વસ્તુસ્થિતિ એ છે કે એવું કદી બનતું નથી.

**'દ્રવ્ય તો શુદ્ધ રહે છે;...'** એટલે કે જેવું છે તેવું જ રહે છે (એટલે કે) શુદ્ધ રહે છે. એનો અર્થ કે એમાં કોઈ વિભાવભાવ અથવા વિજાતિયભાવ કે દ્રવ્ય એની અંદર મેળવણી કે મિલાવટ થતી નથી, એટલે અશુદ્ધતા થતી નથી, જેવું એ એવું શુદ્ધ જ રહે છે. આમ તો વસ્તુસ્થિતિ છે. પરંતુ **'અનાદિ કાળની માન્યતાને લીધે...'** આ તો માત્ર માન્યતા છે, ખોટી માન્યતા છે, મિથ્યા માન્યતા છે, જૂઠી માન્યતા છે. **'માત્ર અનાદિ કાળની માન્યતાને લીધે પર એવા જડ પદાર્થને હું કરું છું,...'** એક તો જીવને આવો ભાવ આવે છે કે, હું ખાવ છું, હું પાણી પીવ છું, હું ખોરાક ખાવ છું, હું શરીરના કાર્યો કરું છું અને બીજા પણ મારા રોજીંદા જે કાર્યો છે એ જડ પદાર્થ

સાથેનો વ્યવહાર છે એ બધા કાર્યો હું કરું છું, એ પદાર્થોના કાર્યો પણ હું કરું છું એવી એની મિથ્યા માન્યતા છે. કોઈ ચૈતન્ય આત્મા કોઈપણ, એક પણ જડ રજકણની કોઈ અવસ્થાને કરી શકે એ વસ્તુસ્થિતિની બહારની વાત છે. વસ્તુના વિજ્ઞાનની બહારની વાત છે. પણ એને એવી મિથ્યા માન્યતા છે કે હું જડ પદાર્થને કરું છું.

તેથી તો 'ગુરુદેવશ્રી' એવી વાત લેતા હતા – સંપ્રદાયની અંદર ઉપવાસને તપ કહે છે. તપ ને ઉપવાસ કરે તો એને તપ કહેવાય. એ સામાન્ય રીતે એ તપનો પ્રકાર સંપ્રદાયની અંદર વિશેષ ચાલે છે, સંપ્રદાયમાં એની મહત્તા પણ વિશેષ આંકી છે. તો એને એમ કહે કે, જે આહારના જડ રજકણો છે, જડ રજકણો છે જે આહારના એની અવસ્થાને આત્મા કરે છે એમ માનીને તે તપ કર્યું ? આમ વાત છે. એ માન્યતામાં એ વાત સ્પષ્ટ હોવી જોઈએ કે, આત્મા જડ પદાર્થ, આહારના કોઈ પરમાણુને ગ્રહણ કરી શકે, ત્યાગ કરી શકે, લઈ શકે, મૂકી શકે, છોડી શકે એ વસ્તુનું (સ્વરૂપ) નથી. એટલે ગ્રહણ કરતી વખતે તારો રસ ઊડી જવો જોઈએ અને ત્યાગ કરતી વખતે કર્તાપણાનું અભિમાન તારું હોવું જોઈએ નહિ. બન્ને વાત તો બની શકશે નહિતર બેમાંથી એક પણ વાત બનશે નહિ. ત્યાગ કરીશ તોપણ રસ નહિ તૂટે. વાસ્તવિક રીતે આહારનો રસ તૂટશે નહિ. અને એ વિકૃતિ સ્પષ્ટ જોવામાં આવે છે કે આહાર બંધ કરવાનો જે ઉપવાસનો વિકલ્પ છે, પચ્ચખાણ છે એની આગળ અને એની પાછળ પરિસ્થિતિ વિપરીત જોવામાં આવે છે, પરિસ્થિતિ અનુકૂળ જોવામાં આવતી નથી. ક્યાંથી એ પરિસ્થિતિ ઊભી થઈ કે આત્મા ખાય શકતો પણ નથી અને ખાય નથી શકતો એ પણ આત્માને નથી – એ બન્ને વાત, બે વાત સમજાણી નથી એટલે આત્માને પર–જડ પદાર્થના કાર્યનું અકર્તાપણું છે–એ વાત નથી સમજાણી. એટલે એમાંથી આ વિકલ્પ ઊપજે છે. ઉપવાસ કરવો એટલે ચોવીસ કલાક આહાર-પાણી ન લે એ બરાબર છે. પણ આગળ અને પાછળ પરિસ્થિતિ એકમાંથી બીજી જ જોવામાં આવે છે. કેમકે આત્મા ખાય શકતો નથી અને નથી ખાય શકતો–બેમાંથી એકેય વાત આત્માને વિશે નથી એ વાત મૂળથી અજાણ છે, એનાથી અજાણ રહી ગયા. એટલે જ્યારે ખાય છે ત્યારે હું ખાય શકું છું એમ માનીને ખાય છે અને જ્યારે નથી ખાતો ત્યારે પણ એનો ત્યાગ કરી શકું છું એમ માનીને કરે છે.

મુમુક્ષુ :– સમ્યક્ત્વપણું કાયમ રાખીને ત્યાગ કરવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે મિથ્યાત્વ તો એ વખતે દઢ થાય જ છે. શું થાય છે ? ચારિત્રનો કષાય કદાચ મંદ થાય છે. (પચ્ચખાણ) લ્યે આહાર છોડવાનો. પણ મિથ્યાત્વ દઢ થાય છે. તો એ દર્શનમોહનું ધ્યાન ન રાખે અને ચારિત્રમોહને મંદ કરવા પ્રત્યે ધ્યાન રાખવું એ વાત તો મૂડી ગુમાવીને વ્યાજ લેવાની વાત છે. શું ? આખે આખી મૂડી ભલે ચાલી જતી, વ્યાજ તો મળશે. ઓલો દેનાર સમજે છે કે ટેમ્પરરી વ્યાજ દેવું છે, બે-ચાર છ મહિના વ્યાજ દેવું છે પછી કોને વ્યાજ દેવું છે ? ને કોને મૂડી દેવી છે ? તું તારે વ્યાજે દેને ભાઈ ! એમ ટેમ્પરરી કષાય મંદ થશે. પછી તો વ્યાજ ને મુદલ બેય ગયા છે. એ પરિસ્થિતિ છે.

**'માત્ર અનાદિ કાળની માન્યતાને લીધે 'પર એવા જડ પદાર્થને હું કરું છું અને રાગાદિ મારું સ્વરૂપ છે...'** રાગાદિને પોતા સ્વરૂપે અનુભવે છે, હું રાગી છું, હું ગૃહસ્થી છું, હું સંસારી છું, હું મનુષ્ય છું, હું રાગી છું, હું રંક છું, હું રાજા છું, હું વિદ્વાન છું ને હું મૂર્ખ છું આ બધું એમાં આવી જાય. (એકસાથે) લઈ લેવું, એ બધું વિભાવ છે. એ વિભાવ મારું સ્વરૂપ છે અને મારું સ્વરૂપ હોવાથી, **'હું વિભાવનો ખરેખર કર્તા છું.'** હવે આમાં શું લેવું છે ?-કે ખરેખર કર્તા થાય તો પોતે નિશ્ચય સ્વરૂપને ભેળવી દે છે અને પરિણામ અપેક્ષાએ તે કાર્ય આત્માનું પરિણામ હોવાથી આત્મા એનો કર્તા છે એ જાણવાનો વિષય છે, જોર મારવાનો વિષય નથી. જાણવાનો વિષય અને આશ્રય કરીને જોર મારવાનો વિષય – એ બે જુદી જુદી વાત છે. જોર મારવાનો વિષય ઉપાસનામાં જાય છે અને જાણવાનો વિષય હેયપણાના ખાતામાં જાય છે. રાગને જાણીને એનું હેયપણું કરવું, નિશ્ચય સ્વરૂપને જાણીને એનું ઉપાદેયપણું કરવું. આ જ્ઞાનનો વિવેક છે. જ્ઞાન બન્નેને જાણે છે. જ્ઞાનમાં વિવેક કરવાનો ધર્મ છે તો એ સ્વરૂપને જાણે ત્યારે એની ઉપાસનામાં આવે અને રાગને જાણે ત્યારે એના હેયપણામાં આવે. આ બન્ને કાર્ય જાણવાપૂર્વક થાય છે. તેથી, જ્ઞાનની ત્યાં પ્રધાનતા લીધી છે.

ફરીથી **'માત્ર અનાદિ કાળની માન્યતાને લીધે 'પર એવા જડ પદાર્થને હું કરું છું, રાગાદિ મારું સ્વરૂપ છે, હું વિભાવનો ખરેખર કર્તા છું,...'** આ જેટલું અવતરણ ચિહ્નમાં છે એટલી મિથ્યા માન્યતાનો વિષય થાય છે. જ્યારે જીવ જડ પદાર્થને પોતે કરે છે, એની અવસ્થાને પોતે કરે છે – એમ ખરેખર માની બેસે છે, જૂઠી માન્યતા

હોવા છતાં ત્યારે એ પર પદાર્થના કાર્ય કરવા સંબંધિત જે ભાવ તે રાગાદિ વિભાવભાવ છે અને જ્યારે એ પર પદાર્થની સાથે કાર્ય કરવાના નિમિત્તે એકતા કરે છે ત્યારે જે ભાવ એ ઉત્પન્ન કરે છે એ કાર્ય કરવામાં એ ભાવને ખરેખર એ પોતાનું સ્વરૂપ માને છે. એટલે 'હું આ કાર્ય કરનારો' એમ ઇ માને છે, હું રાગ કરનારો. ઘણાં એમ કહે છે ને ? અમે તો હજી કાંઈ વીતરાગ થયા નથી (અને હજી) રાગી તો છીએ જ. તો એમ કરતાં એમાં જોર આવી ગયું, માટે અમને રાગ થાય તો થાય. અમે ક્યાં હજી વીતરાગ થયા છીએ ? તો એમ લેવાય નહિ. એમ લેવા જતાં તો રાગ ઉપર જોર આવી ગયું. ભલે અવસ્થામાં વીતરાગ થયો નથી પણ સ્વરૂપે કરીને હું વીતરાગ હોવાથી એના જોરમાં મારે રાગાદિ ટાળવા જોઈએ. રાગાદિનો નાશ કરવા યોગ્ય છે, એનો અભાવ કરવા યોગ્ય છે એમ લેવું જોઈએ અને એ અભાવ કરવા યોગ્ય છે છતાં અભાવ નથી થયા અને એનો સદ્‌ભાવ રહ્યો છે તો એ સદ્‌ભાવ છે એ ખેદનો વિષય છે, એ નિષેધનો વિષય છે. એ ભલે રહ્યા એમ હોઈ શકે નહિ. એ થયા તો બરાબર થયા છે એમ હોઈ શકે નહિ. એ નિષેધનો વિષય થઈ જવો જોઈએ. એટલે રાગાદિ એને પોતાના સ્વરૂપે અનુભવાય છે અને જ્યારે રાગાદિ પોતાના સ્વરૂપે અનુભવાય છે ત્યારે નિશ્ચય ત્રિકાળી ધ્રુવ જરાપણ લક્ષમાં પણ જરાય રહેતો નથી. એ એણે જાણ્યું હોય આગમથી તો એ પછી ક્યાંય... એટલે કે નહિવત્ જ છે. એ જાણેલું એનું નહિવત્ પડ્યું રહેશે એકબાજું એનો કોઈ ઉપયોગ જ રહેતો નથી. ઉપયોગ જ થતો નથી અને એકાકારપણે જીવ રાગને પોતાના સ્વરૂપે અનુભવે છે અને વિભાવનો અભેદભાવે કર્તા થઈને પરિણમે છે.

આ કર્તાપણું છે એ અનાદિનું જીવને મટ્યું નથી અને એ કર્તાપણું મટાડવા માટે ભગવાન 'કુંદકુંદઆચાર્યે' 'સમયસાર'માં વધુમાં વધુ આ દૃષ્ટિકોણ અપનાવ્યો છે. દરેક અધિકારમાં લોજીક આ દૃષ્ટિએ લીધું છે, બધા જ અધિકારમાં અને બે તો મુખ્ય અધિકાર લીધા - એક 'કર્તા-કર્મ અધિકાર' અને એક 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' - એ બન્ને એક જ દૃષ્ટિકોણ ઉપર, એક જ કર્તાપણાના પડખાં ઉપર આખા બે અધિકાર લેવામાં આવ્યા છે. એટલે લગભગ પૂરા શાસ્ત્રનો ૧/૩ વિભાગ બે અધિકારમાં આવી જાય છે. આ બન્ને અધિકાર મોટા છે. ૬૯ થી ૧૪૪ ગાથા, ગાથા ૭૭ ને ૭૮ એ એક અધિકારની ગાથા થઈ. ૭૬ ગાથા. અને ૩૦૮ થી ૪૧૫ -

એકસોને સાત ગાથા બીજી. ૧૦૭ ને ૭૬, ૧૮૩ ગાથા. ૪૧૫ માંથી ૧૮૩ ગાથા એક જ વિષય ઉપર લખી છે. નામ બે અધિકારના આપ્યા છે પણ એક જ અધિકાર છે, એ સિવાય બાકીના અધિકારમાં જે ન્યાયનો વિષય, લોજીકનો વિષય લીધો છે એ કર્તા-કર્મના દૃષ્ટિકોણથી લીધો છે કે 'જીવ અધિકાર' કે જીવ અજીવનો કર્તા થાય કે ન થાય ? 'અજીવ અધિકાર' કે રાગાદિનો કર્તા જીવ થાય કે ન થાય ? આ વાત તો પાછી બધે ચાલુને ચાલુ જ છે. એનો અર્થ શું થાય છે ? એનો અર્થ એ થાય છે કે શાસ્ત્રકર્તા આચાર્ય ભગવાનને જીવનું જે કર્તાપણું છે એ રૂપ જે મિથ્યા માન્યતા છે એના ઉપર પ્રહાર કરીને છોડાવવું છે. કોઈપણ રીતે એનો નાશ કરાવવો છે અને જ્ઞાતાદૃષ્ટાપણું પ્રગટ કરાવવું છે. એટલું વજન છે એ વિષય ઉપર અને એ મુખ્ય એજંડાનો વિષય લીધો છે.

મુમુક્ષુ :- વજન હોવાનું કારણ છે કે બધાય જીવો કર્તાબુદ્ધિએ જ પરિણમે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કર્તાબુદ્ધિએ જ પરિણમે છે અને એ કર્તાબુદ્ધિએ પરિણમે છે એ વાતથી અજાણ્યા રહે છે. જો કાંઈક એ વિષય ઉપર પ્રકાશ પાડ્યો હોય સારી રીતે તો માણસ ચેતે, જીવ ચેતે. રાગ થાય એ બીજી વાત છે અને કર્તાપણે થાય એ બીજી વાત છે. જ્યારે જીવ કર્તાપણે રાગને કરે છે ત્યારે રાગનો અનંતો રસ રેડાઈ જાય છે. એને 'બંધ અધિકાર'માં બંધતત્ત્વ કીધું. **'रागोद्‌गारमहारसेन'** રાગ રસ છે એ બંધ રસ છે. એટલે તો ઉપરના બોલમાં એ વાત લીધી છે કે તારા રસનું શું ? તારા વિભાવરસનું શું ? નીરસ કેમ નથી થતો ? જો તારે સૂક્ષ્મ ઉપયોગ કરીને પ્રજ્ઞાછીણીને ભેદજ્ઞાનમાં લઈ જવી હોય તો તારા રાગને, રાગરસને તોડવો પડશે. રાગરસને કર્તાપણું બન્ને એક સાથે છે. કર્તાપણામાં રાગરસ ઉત્પન્ન થયા વિના રહે નહિ. એકલો રાગ નથી, રાગરસ છે એને છોડી દે.

મુમુક્ષુ :- રસ હોય ત્યાં કર્તાપણું હોય જ ?

પૂજ્ય ભાઈશ્રી :- હોય જ. કર્તાપણું થાય ત્યાં રસ થયા વિના રહે નહિ, આ સીધી વાત છે. એ **'વગેરે ભ્રમણા થઈ રહી છે...'** મિથ્યા માન્યતા કહો કે ભ્રમણા થઈ રહી છે.

મુમુક્ષુ :- સરવાળો કાઢ્યો. આ ભ્રમણા શબ્દથી સરવાળો બધાયનો...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ભ્રમણાથી એ અવતરણ ચિહ્નમાં વાત લીધી છે કે

પર પદાર્થને હું કરું છું, પર પદાર્થના કાર્યો મારાથી થાય છે, રાગ પણ હું છું અને હું વિભાવનો ખરેખર કર્તા થાવ છું.-આ બધા ભાવો છે એ બધા ભ્રમણારૂપ ભાવો છે અને વસ્તુસ્થિતિ ખરેખર નથી. **'યથાર્થ જ્ઞાતાધારા પ્રગટ થાય તો કર્તાપણું છૂટે.'** વાક્યમાં સૂક્ષ્મતા ઘણી લીધી છે. જ્ઞાતાધારા પ્રગટ થાય એમ નહિ. જ્ઞાતાની જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાનની જ્ઞાતાધારા ચાલુ જ છે. પણ યથાર્થ ! એ જ્ઞાન તે હું એમ. એમાં અસ્તિત્વ આવ્યું અને જ્ઞાતાદૃષ્ટાપણે થઈને રહેવું, જ્ઞાતાદૃષ્ટાપણું આવી જવું, પ્રગટપણે થઈ જવું એને યથાર્થ જ્ઞાતાધારા કહેવામાં આવે છે. એ યથાર્થ વિશેષણ લગાડેલ છે. યથાર્થ જ્ઞાતાધારા પ્રગટ થાય એ શૈલી ઘણી જગ્યાએ આની અંદર (લીધી છે). યથાર્થતાને વારંવાર લે છે. એક જગ્યાએ એવું જે યથાર્થ લક્ષ થાય, જ્ઞાનનું યથાર્થ લક્ષ થાય (એમ લીધું છે). દોરો બાંધવાની વાત આવે છે. ગોસળિયાના હાથમાં, ત્યાં એ વાત (લીધી છે.)

મુમુક્ષુ :- યથાર્થતા એટલે નિશ્ચય એમ ?

પૂજ્ય ભાઈશ્રી :- યથાર્થ એટલે યોગ્યરૂપે, સમ્યક્ પ્રકારે એમ લેવું, સમ્યક્ પ્રકારે એમ લેવું.

મુમુક્ષુ :- નિશ્ચય જ થયું ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નિશ્ચય ખરું, પણ એમ છે કે, જ્ઞાનની જે ધારા છે એ તો નિશ્ચય ધારા છે અને યથાર્થતાનું વિશેષણ લગાડીને શું ફેર પાડ્યો ?

મુમુક્ષુ :- જેવું છે તેવું.

પૂજ્ય ભાઈશ્રી :- કે એમાં પ્રગટપણે જ્ઞાતાદૃષ્ટાપણું થઈ જવું, જ્ઞાતાદૃષ્ટા થઈ જવું. નહિતર તો જ્ઞાનની ધારા જ્ઞાન... જ્ઞાન... ચાલે છે. એમાં એને યથાર્થતા આવી નથી. યથાર્થતા આવતા શું થયું ? પ્રગટ જ્ઞાતાદૃષ્ટાપણું થઈ ગયું. હું માત્ર જ્ઞાતાદૃષ્ટા છું એવું જે પ્રગટ જ્ઞાતાદૃષ્ટાપણું થઈ ગયું ત્યારે જ્ઞાતાધારા એની યથાર્થ થઈ. 'દિપચંદજી કાસલીવાલે' 'અનુભવપ્રકાશ'માં એ વિષય લીધો છે કે ઉપયોગને યોગ્ય સ્થાનમાં ફેરવ. ઠીક ! ઉપયોગને યોગ્ય સ્થાનમાં ફેરવ. ઉપયોગ સ્વરૂપમાં જાય ત્યારે તો ખરેખર યોગ્ય સ્થાનમાં આવ્યો છે, પણ સમ્યક્દૃષ્ટિનો ઉપયોગ બહાર નીકળ્યો ત્યારે તો કે ભિન્ન રહેવા માટે યોગ્ય સ્થાનમાં ફેરવ. બહાર ગયો (તો) એ ઉપયોગને પર પદાર્થ સાથે સંપર્ક થયો, એ પર પદાર્થનો સંપર્ક થયો ત્યારે ભાનમાં રહ્યો કે હું વ્યાપ્ય-

વ્યાપકપણે મારામાં છું, વ્યાપ્ય-વ્યાપકપણે પરમાં જતો નથી તેથી પરના કાર્ય કરી શકતો નથી. વ્યાપ્ય-વ્યાપકપણે રાગમાં જઈ શકતો નથી, તેથી રાગને કરી શકતો નથી. તે યોગ્ય સ્થાનભૂત કર્યો, ઉપયોગને યોગ્ય સ્થાનભૂત કર્યો. એ સમ્યક્જ્ઞાન કહો, જ્ઞાતાદષ્ટાપણું કહો, યથાર્થ જ્ઞાતાધારા કહો એ બધું એકાર્થ છે.

**'યથાર્થ જ્ઞાતાધારા પ્રગટ થાય તો કર્તાપણું છૂટે છે.'** તો એને રાગ છે. એ થાય તોપણ કર્તાપણું ન થાય એવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. જો યથાર્થ જ્ઞાતાપણાનો સદ્ભાવ થાય અવસ્થામાં, (તો) રાગ થશે, જ્યાં સુધી સાધક અવસ્થા હશે ત્યાં સુધી રાગ થશે; પણ કર્તાપણે રાગ થશે નહિ. કર્તા નહિ થાય તો એનો સ્વામી નહિ થાય. કર્તા નહિ થાય તો રાગમાં પોતાની હયાતી નહિ વેદાય, હયાતી નહિ અનુભવાય અને તેથી એ રાગ આધાર વિનાનો થઈને નિષ્ચેતન થઈને તૂટતો, જરતો, ગળતો નાશ પામી જશે. પછી એ ટકી શકશે નહિ.

મુમુક્ષુ :- ગોસળિયાનું ૩૧૨મા છે.

પૂજ્ય ભાઈશ્રી :- **'અનાદિ કાળથી એકત્વપરિણમનમાં બધું એકમેક થઈ રહ્યું છે.'** આ તારી ચાલતી સ્થિતિ છે. આ વર્તમાન તારી સ્થિતિ આ છે કે અનાદિથી અત્યાર સુધીમાં એકમેક થઈ રહ્યું છે. જુદાંપણાનો વિકલ્પ થાય એ પહેલા તો એકમેક થઈ ગયું છે, થઈ રહ્યું છે. તેમાંથી હવે આ પરિસ્થિતિમાંથી ! બહુ સુંદર માર્ગદર્શન છે **'તેમાંથી...'** એ સ્થિતિમાંથી તને બહાર કાઢવા માગે છે. માટે કે **'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું, એમ જુદું પડવાનું છે.'** હું જ્ઞાનમાત્ર, આમ જુદું પડી જવાનું છે. જ્ઞાન તો છે જ. તો ન્યાં એકદમ ત્યાં આવી જા સાવધાન થઈને કે જ્ઞાનમાત્ર તે હું છું. અંતર સાવધાની પકડ કે જ્ઞાનમાત્ર હું છું. જ્ઞાનમાત્ર હું એમ સાવધાની પકડ. આ આજ્ઞા છે, આ ઉપદેશ છે, આ ફરમાન છે અનંત જ્ઞાનીઓનું અનુભવથી આવેલું. **'ગોસળિયાની જેમ જીવ વિભાવમાં ભેળસેળ થઈ ગયો છે.'** જેમ ગોસળિયાએ કાંડે બાંધેલા દોરા તરફ નજર કરી, પોતાને જુદો ઓળખી લીધો, તેમ જ્ઞાનદોરા તરફ યથાર્થ લક્ષ કરી ને ! આ શબ્દ વાપર્યો છે. છે ? .. લક્ષ કરવું નહિ, જ્ઞાનદોરા તરફ લક્ષ કરીને એમ નથી લીધું. યથાર્થ લક્ષ કરીને ! યથાર્થ શબ્દ તો અનેક ગ્રંથોમાં અનેક જગ્યાએ વપરાય છે. વ્યવહારની ભાષામાં.. પણ આમાં તો એટલું બધું .. કે યથાર્થની અંદરની ત્રિકાળી ઉપર તારું લક્ષ હોવું જોઈએ અને પર્યાયમાં સ્વસન્મુખતા થવી જોઈએ અને

તારું પરિપૂર્ણતાનું ધ્યેય હોવું જોઈએ; આ બધું એક લાઇનમાં આવે ત્યારે યથાર્થ થાય, નહિતર યથાર્થ થાય નહિ. કેટલો બધો ભાવ યથાર્થની અંદર (છે).

**'તેમ 'જ્ઞાનદોરા' તરફ યથાર્થ લક્ષ કરીને હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું...'** આવ્યું ? **'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું એમ પોતાને જુદો ઓળખી લેવાનો છે.'** પહેલાં ઓળખવાની પ્રક્રિયા છે, પછી અનુભવની પ્રક્રિયા છે. પણ પહેલાં જ્ઞાનમાત્રપણે જુદો ઓળખવો જોઈએ. એ યથાર્થ લક્ષની વાત છે ને યથાર્થ લક્ષને સ્વલક્ષ પણ કહેવામાં આવે છે અથવા આત્મ સન્મુખતા.. એને પોતાનો જ્ઞાનમાત્ર ભાવ લક્ષમાં આવે નહિ, પકડાય નહિ ને જ્ઞાનમાત્ર.. જ્ઞાનમાત્ર... વિકલ્પ ચાલે એ કોઈ યથાર્થ લક્ષ નથી, એમ કહેવું છે. જ્ઞાનમાત્ર એમ લેવું, જ્ઞાન માત્ર એમ લેવું. ઈ તો સમજાઈ ગયું કે હું જ્ઞાનમાત્ર જ્ઞાનમાત્ર, હું જ્ઞાનમાત્ર, હું એમ વિકલ્પ ચાલ્યા કરે. ચાલતાં જ્ઞાનમાં લક્ષ આવે નહિ. એના ઉપરથી જે ઓળખવાની ત્રિકાળી લક્ષભૂત છે એ પણ એના લક્ષમાં આવે નહિ અને સન્મુખતા ન થાય તો એ યથાર્થતા (થાય નહિ.)

મુમુક્ષુ :– જ્ઞાનમાત્ર, જ્ઞાનમાત્ર વિચાર કરે એ તો ઉપરની સપાટી છે અને અંદર પરિણામને તપાસીએ તો જ જ્ઞાનમાત્ર ..

પૂજ્ય ભાઈશ્રી :– મૂળ ઉપરની સપાટીમાં પરલક્ષ છે. ઉપરની સપાટી એકલું નથી; પરલક્ષે જ્ઞાનમાત્ર, જ્ઞાનમાત્ર કરે છે. અહીંયાં સ્વલક્ષની વાત છે, તો યથાર્થ થાય, પરલક્ષે યથાર્થ થાય નહિ. ભલે જ્ઞાનમાત્ર કર્યા કરે તોપણ યથાર્થ ન થાય. ઘણી જગ્યાએ એ શબ્દનો પ્રયોગ કર્યો છે.

પ્રશ્ન :– જ્ઞાનદોરો એટલે શું ?

સમાધાન :– જ્ઞાન-દોરો એટલે જ્ઞાનનો પર્યાય. જ્ઞાન-દોરો એટલે વર્તમાન ચાલતી જ્ઞાનધારામાં જે લક્ષણ જ્ઞાન છે એ જ્ઞાનનો દોરો છે, ત્યાંથી ઓળખવાનો છે. જેમ પેલા ગોસળિયાએ લાલ દોરો (ઓળખયો) .. તો કે આ ગોસળિયો તો હું જ છું, આ રહ્યો ગોસળિયો ! ક્યાં ખોવાઈ ગયો છે ? આ રહ્યો ગોસળિયો ! એમ અહીંયાં જ્ઞાન ચાલે છે તો આ જ્ઞાન તે હું ! આ જ્ઞાન તે હું ! એમ કરીને જ્ઞાનમાત્રપણે હું છું, રાગાદિપણે હું નથી – એમ જુદો પડવાનો જે પુરુષાર્થ થાય, પ્રયત્ન થાય, સ્વલક્ષે પુરુષાર્થ થાય, ભાવને પકડીને માત્ર અદ્ધરથી વિકલ્પ ચાલે એમ નહિ. ત્યારે એને યથાર્થ થાય છે. એ અભ્યાસથી (પ્રયત્ન થાય છે.) અહીં સુધી રાખીએ.

જીવને અટકવાના જે અનેક પ્રકાર છે તે બધામાંથી પાછો વળ અને માત્ર ચૈતન્યદરબારમાં જ ઉપયોગને લગાડી દે; ચોક્કસ પ્રાપ્તિ થશે જ. અનંત અનંત કાળથી અનંત જીવોએ આવી જ રીતે પુરુષાર્થ કર્યો છે, માટે તું પણ આમ કર.

અનંત અનંત કાળ ગયો, જીવ ક્યાંક ક્યાંક અટકે જ છે ને ? અટકવાના તો અનેક અનેક પ્રકાર; સફળ થવાનો એક જ પ્રકાર – ચૈતન્યદરબારમાં જવું તે. પોતે ક્યાં અટકે છે તે જો પોતે ખ્યાલ કરે તો બરાબર જાણી શકે.

દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જીવ ક્યાંક સૂક્ષ્મપણે અટકી જાય છે, શુભ ભાવની મીઠાશમાં રોકાઈ જાય છે, 'આ રાગની મંદતા, આ અઠ્યાવીસ મૂળગુણ, બસ આ જ હું, આ જ મોક્ષનો માર્ગ,' ઇત્યાદિ કોઈ પ્રકારે સંતોષાઈ અટકી જાય છે; પણ આ અંદરમાં વિકલ્પો સાથે એકતાબુદ્ધિ તો પડી જ છે તેને કાં જોતો નથી ? આ અંતરમાં શાન્તિ કેમ દેખાતી નથી ? પાપ-ભાવ ત્યાગી 'સર્વસ્વ કર્યું' માની સંતોષાઈ જાય છે. સાચા આત્માર્થીને અને સમ્યગ્દષ્ટિને તો 'ઘણું બાકી છે, ઘણું બાકી છે' એમ પૂર્ણતા સુધી ઘણું બાકી છે એમ જ ભાવના રહે અને તો જ પુરુષાર્થ અખંડ ટકી શકે.

ગૃહસ્થાશ્રમમાં સમકિતીએ મૂળિયાં પકડી લીધાં. (દૃષ્ટિ-અપેક્ષાએ) બધું કરી લીધું, અસ્થિરતારૂપ ડાળાં-પાંદડાં જરૂર સુકાઈ જશે. દ્રવ્યલિંગી સાધુએ મૂળ જ પકડ્યું નથી, એણે કાંઈ કર્યું જ નથી. 'સમકિતીને ઘણું બાકી છે ને દ્રવ્યલિંગી મુનિએ ઘણું કરી લીધું' – એમ બાહ્યદૃષ્ટિ લોકોને ભલે લાગે; પણ એમ નથી. પરિષહ સહન કરે પણ અંદરમાં કર્તૃત્વબુદ્ધિ તૂટી નથી, આકુળતા વેદાય છે, તેણે કાંઈ કર્યું જ નથી. ૧૯૯.

**તા. ૯-૧૦-૧૯૮૭, વચનામૃત-૧૯૯**
**પ્રવચન નં. ૧૫૪**

**'જીવને અટકવાના જે અનેક પ્રકાર છે તે બધામાંથી પાછો વળ અને માત્ર ચૈતન્ય દરબારમાં જ ઉપયોગને લગાડી દે; ચોક્કસ પ્રાપ્તિ થશે જ.'** આ વચન તો મુમુક્ષુ જીવને પ્રેરણાત્મક છે. અસ્તિ અને નાસ્તિથી શું કર્તવ્ય છે ? એ વાત કહી છે. મુખ્યપણે તો જ્ઞાનીનું સ્વરૂપ, એથી વિરુદ્ધ એવું જે અજ્ઞાની(નું) સ્વરૂપ એ વિષયની સમીક્ષા કરી છે આ બોલમાં. વિસ્તારવાળો બોલ છે એટલે એ સિવાયના બીજા વિષય પણ એની અંદર આવે છે. એમાં પ્રથમ પ્રેરણા કરી છે કે, **'જીવને અટકવાના જે અનેક પ્રકાર છે તે બધામાંથી પાછો વળ'.** અટકવાના પ્રકાર અનેક છે અથવા હજાર ગમે જીવ ભૂલો પડે છે. એવી દશામાં એ ભૂલો પડે છે કે, જે દશામાં એ ભૂલો પડ્યો છે એની એને ખબર પડતી નથી કે ખબર હોતી નથી. કરવું શું ? આ પ્રશ્ન થાય એવું છે. એક તો પોતે અનાદિથી ભૂલેલો છે, એમાં વીતરાગ દેવ, ગુરુ, શાસ્ત્ર મળ્યા, સત્પુરુષ મળ્યા એટલે કે સાચો રાહ દેખાડનાર મળ્યા. એ સાચો રાહ દેખાડનાર મળ્યા (એટલે) જીવને પણ એવી ભાવના થઈ કે આવા નિમિત્તો મળ્યા છે તો હું પણ એમના રસ્તે, એમના ચીંધેલા રસ્તે ચાલું. તોપણ ભૂલવાના, અટકવાના જે અનેક પ્રકાર છે એ પ્રકારમાં ક્યાંક ને ક્યાંક જીવ અટકી જાય છે. કોઈપણ પ્રકારમાં ન અટકે એ માટેની એક માસ્ટર કી જેને કહેવામાં આવે એ આ વાત કરી કે **'માત્ર ચૈતન્યદરબારમાં જ ઉપયોગને લગાડી દે;...'** અનંત ગુણનું નિધાન, ચૈતન્ય સ્વરૂપ, શાક્ષાત પરમેશ્વરપદ પોતે જ છે ત્યાં ઉપયોગને લગાવ. ત્યાં ઉપયોગને લગાવવા માટે સર્વ ઉદ્યમ કર, એક જ લક્ષે કાર્ય કર, તો ક્યાંય ભૂલો પડીશ નહિ. વિચારણીય

વિષય એ છે કે શાસ્ત્રની અંદર એવી પણ અનેક પડખાંથી વાતો આવે છે કે મુમુક્ષુજીવને પણ એની ભૂમિકા અનુસારનો શુભરાગ હોય છે. એક બાજુથી શુભરાગનો નિષેધ કરે અને બીજી બાજુથી એમ કહે કે એની ભૂમિકા અનુસારનો શુભરાગ ન આવે તો તે મુમુક્ષુ તે મુમુક્ષુતાની ભૂમિકાનો ત્યાગ કરે છે; આગળ વધવાનો પ્રશ્ન રહેતો નથી. ત્યારે એની ભૂમિકા અનુસારના શુભરાગો આવે એમાં અટકે નહિ એટલા માટે એમ કહ્યું કે એનો નિષેધ છે. આવ્યા વગર રહે નહિ અને એનાથી કાર્ય સિદ્ધિ થાય નહિ.

જેમ 'ગુરુદેવશ્રી' એક વાત કહેતા ને ? નિમિત્ત ઉપાદનનો વિવાદ ચાલ્યો કે નિમિત્તથી તો કાર્ય હરગિજ થાય નહિ અને નિમિત્ત વગર પણ કાર્ય થાય નહિ. એક સાથે બે વાત કહેતા. નિમિત્તથી પણ નહિ અને નિમિત્ત વગર પણ નહિ. પરસ્પર વિરુદ્ધ વાત ! તો કેવી રીતે થાય છે ? આ એક સમસ્યા થઈ પડે છે. અને આવી વાત કોઈ ઊંડી હોવાને લીધે અનાદિથી જીવને લક્ષમાં આવી નથી. એનું કારણ એ છે કે આવી વાત કોઈ અંદર ઊંડી વાત છે. એટલે એમ કહ્યું કે ચૈતન્ય દરબારમાં ઉપયોગને લગાડવા માટે એ જ લક્ષે, એ લક્ષે તારા પરિણમનમાં જે કાંઈ શુભ પરિણામો થવા, ભૂમિકાને યોગ્ય પરિણામ થશે તો તું અટકીશ નહિ, કેમકે તારે તારા સ્વરૂપમાં જ ઉપયોગને લગાવવો છે એ હેતુને, એ પ્રયોજનને તું છોડ્યા વિના પ્રવર્તે છો તો ભૂલ થવાનો સંભવ નથી અને એ પ્રયોજન ચુકાઈ ગયું તો ભૂલ થયા વિના ભાગ્યે જ રહેશે. ભૂલ ક્યારે થઈ જશે તને ખ્યાલ નહિ આવે. અહીંયાં તો ખાલી માર્ગદર્શન આપ્યું છે એમ નહિ પણ ખાતરી પણ આપી છે કે, જો આ પ્રકારે તું ચૈતન્ય દરબારમાં ઉપયોગને લગાડવાના લક્ષે પ્રયત્ન કરીશ, પ્રયત્નની સફળતા નહિ થાય ત્યાં સુધી શુભભાવ આવશે અથવા પરિપૂર્ણદશા નહિ થાય ત્યાં સુધી શુભભાવ આવશે તો પણ તને અટકવાનું બનશે નહિ અને તારા સ્વરૂપની પ્રાપ્તિ નિયમથી, અવશ્ય થશે જ ! નહિ થાય એમ બનશે નહિ. ખાતરી બંધ વાત કરી છે. Gauranteed વાત છે. **'ચોક્કસ પ્રાપ્તિ થશે જ.'** તારો પ્રયત્ન તારા હિતને અર્થે હોય અને તને પ્રાપ્તિ ન થાય એવું કદી બને નહિ. આ સ્પષ્ટ વાત છે.

મુમુક્ષુ :– ચૈતન્યમાં જ કીધું અને ચૈતન્ય દરબાર એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :– ચૈતન્ય દરબાર એટલે જેમ દરબારમાં અનેક શ્રીમંતો, અનેક

દરબારીઓ, વૈભવ હોય છે – રાજાના દરબારને વૈભવ હોય છે, એમ,ા ચૈતન્ય અંદરથી વૈભવથી ભરેલો પદાર્થ છે. ચૈતન્યની અનંત વિભૂતિઓ, અલૌકિક અનંત વિભૂતિઓથી ભરેલો પદાર્થ છે ! એવો એ વિભૂતિથી ભરેલો પદાર્થ છે કે એની સન્મુખ થઈને જોનાર છે એ એને જોવામાં થંભી જાય છે !! આખા જગતને એકવાર એ વિસ્મૃત કરી જાય છે અને ચૈતન્યની વિભૂતિને જોવામાં એ ઉપયોગ ખોડાઈ જાય છે ! થંભી જાય છે ! રોકાઈ જાય છે; એવો અદ્ભુતથી અદ્ભુત વૈભવશાળી પદાર્થ છે !! એટલે તો ૪૭ શક્તિઓના પ્રવચનોનું નામ આત્મવૈભવ આપ્યું. આત્માનો એ વૈભવ છે !! અને ખરેખર એ વૈભવ જ છે એમાં કાંઈ પ્રશ્ન નથી.

**'ચોક્કસ પ્રાપ્તિ થશે જ'** એમ કરીને એમ કહ્યું છે કે તારો પ્રયત્ન નિષ્ફળ નહિ જાય. અમે અમારા અનુભવથી કહીએ છીએ કે યથાર્થ પ્રયત્ન કરનારને એનો પ્રયત્ન નિષ્ફળ જતો નથી. ત્રણેય કાળને વિશે. ભૂતકાળમાં કોઈ નિષ્ફળ ગયા નથી, વર્તમાને જતાં નથી, ભવિષ્યમાં કોઈ જશે નહિ.

મુમુક્ષુ :- હાજર જ છે. જુએ એટલી વાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જુએ એટલી વાર છે. હાજર છે એટલું તો નહિ પણ એ કારણપરમાત્મા હાજરાહજૂર પરમાત્મા એના દરવાજાને ખખડાવે છે, ખોલ દરવાજો !! તારે દર્શન કરવા હોય તો હું ઊભો છું ! અનાદિથી ઊભો છું, અનંતકાળ ઊભો રહેવાનો છું, ઊભો રહેતાં હું થાકીશ નહિ એટલું સામર્થ્ય છે. આમ છે.

મુમુક્ષુ :- વ્યક્ત જ્ઞાન છે એ દરવાજો ખખડાવે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ખખડાવે જ છે. હા, વ્યક્ત જ્ઞાન છે એ દરવાજો ખખડાવે જ છે.

મુમુક્ષુ :- ઈ દરવાજો બંધ થાય તો જીવનો નાશ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ખલાસ થઈ જાય, પછી કોઈ આરોવારો નથી. એટલે દર્શનમોહથી જ્ઞાન મુંઢાય છે. એ જ્ઞાનને મુંઢાવાનું આ એક જ મોટું કારણ છે દર્શનમોહ. અને એ દર્શનમોહ કેમ ન થાય ? એ દર્શનમોહ કેમ ન વધે ? એ દર્શનમોહ કેમ ગળે ? એના જ બધા ઉપાયો લેવામાં આવે છે. ખરેખર તો બીજી વિધિએ પણ indirectly પણ એ જ વાત છે. એટલે વ્યવહારની કોઈ વાત કરી હોય તો એમાં પણ એ જ વાત છે. નિશ્ચયમાં તો એ વાત છે જ ચોખ્ખે ચોખ્ખી, ખુલ્લમ ખુલ્લી !

પણ વ્યવહારમાં પણ એ જ વાત છે. બીજી વાત કરી નથી. જેમકે એમ કહ્યું કે તું સ્વાધ્યાય (કર), નિત્ય સ્વાધ્યાય કર, સત્ શાસ્ત્રનો નિત્ય સ્વાધ્યાય કર, સત્પુરુષનો તું સમાગમ કર; તો એમાં શુભભાવ કરાવવા માટે એવી વાત કરી નથી પણ એ ભૂમિકામાં તને એ ભાવ આવવો જરૂરી છે અને એ ભાવ આવતાં એમાં નહિ અટકતાં દર્શનમોહ કેમ ગળે ? એ વિષય ઉપર તારું લક્ષ જવું જોઈએ અને એ અનુસાર તારી પ્રવૃત્તિ હોવી જોઈએ. એમ વાત છે.

**'અનંત અનંત કાળથી અનંત જીવોએ આવી જ રીતે પુરુષાર્થ કર્યો છે, માટે તું પણ આમ કર.'** અનંત અનંત કાળથી – અનાદિકાળથી થતા આવે છે ને સિદ્ધો, ધર્માત્માઓ અનાદિકાળથી થતા જ આવે છે. અનંત અનંતકાળથી અનંત જીવો થયા. એ સર્વ જીવોએ આવી જ રીતે પુરુષાર્થ કર્યો છે, આ જ પ્રકારે પુરુષાર્થ કર્યો છે, બીજા પ્રકારે પુરુષાર્થ કર્યો નથી. ચૈતન્યમાં ઉપયોગને લગાવવાનો પુરુષાર્થ કર્યો છે. એક જ વાત છે. **'માટે તું પણ આમ કર.'** તને તારી ભૂમિકાના પરિણામો આવશે પણ યથાર્થ હશે તો તને અટકવાનું કારણ બનશે નહિ. ભૂમિકા અનુસારના શુભાશુભભાવો આવવા એક વાત છે અને તેમાં અટકી જવું તે બીજી વાત છે.

'શ્રીમદ્જી'એ લીધું છે 'આત્મસિદ્ધિ'માં કે **'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન; અટકે ત્યાગ વૈરાગ્યમાં તો ભૂલે નિજ ભાન.'** એક ગાથાની અંદર કેટલું માર્ગદર્શન છે કે જેના ચિત્તમાં પર પદાર્થ ને રાગથી વિરક્ત થવું નથી, ઉદાસીન થવું નથી, પર પદાર્થનો અને રાગનો રસ જેને છોડવો નથી; ચિત્ત એટલે એનો અભિપ્રાય. એવો જેનો અભિપ્રાય નથી, એવું જેને વલણ નથી એને આત્મજ્ઞાન થવાનો કોઈ પ્રશ્ન નથી. એને આત્મજ્ઞાન ન થાય એટલે એને સમ્યક્દર્શન ન થાય અને એવા હેતુથી ત્યાગ-વૈરાગ્યમાં ન આવે અને બાહ્ય ત્યાગ-વૈરાગ્યને જ સર્વસ્વ માનીને, ધર્મ માનીને, ધર્મનું કારણ માનીને અટકી જાય; તો અંદરમાં જે સ્વરૂપના લક્ષે એ ત્યાગ-વૈરાગ્ય કરવાનો હતો એનું ભાન ભૂલી જાય છે, એ રસ્તો છૂટી જાય છે. એ તો ત્યાગ-વૈરાગ્યનું દૃષ્ટાંત લીધું છે, પણ એવી જ રીતે સ્વાધ્યાય આદિમાં પણ સમજી લેવું. આપણે સ્વાધ્યાયની મુખ્ય પ્રવૃત્તિ છે તો એમાં એ રીતે સમજી લેવું. સ્વાધ્યાય છે તે આત્મભાન કરવા માટે છે. સ્વાધ્યાય છે એ સ્વાધ્યાયની પ્રવૃત્તિમાં અટકવા માટે નથી. મેં કેટલા કલાક સ્વાધ્યાય કર્યો ? કેટલું વાંચ્યું ? કેટલા પાના

વાંચ્યા ? કેટલા સમય સુધી વાંચ્યું ? કેટલું કામ કર્યું ?–એ પ્રશ્ન નથી. અંદરમાં આત્મભાન થવા માટે આ સ્વાધ્યાય કરતાં કરતાં મારો પ્રયત્ન ચાલ્યો કે નહિ ? અને ચાલ્યો તો કેવી રીતે ચાલ્યો ? આ એની જાગૃતિનો વિષય અને આ એના સંશોધનનો વિષય થઈ પડવો જોઈએ; નહિતર આ જેમ ત્યાગ–વૈરાગ્ય બાહ્ય ક્રિયાનું ખોખું છે એમ આ સ્વાધ્યાય પણ એક બાહ્ય ક્રિયાનું ખોખું થઈ પડશે, માલ વગરનું ખોખું, બારદાન ! ખોખું એટલે બારદાન. એમાં કાંઈ માલ હોતો નથી.

મુમુક્ષુ :– પ્રયોજન સિદ્ધ ન થાય તો એ શાસ્ત્ર ને જાણે છાપા જ વાંચે છે.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રયોજન ચુકાઈ ગયું. છાપા એટલા માટે વાંચે છે કે છાપામાં બે પરસ્પર વિરુદ્ધ વાત આવે. એક જગ્યાએ એમ સમાચાર આવે કે ફલાણાંએ આમ કર્યું. બીજી કોલમમાં એમ સમાચાર આવે (એની) વિરુદ્ધ કે એની સામે ફલાણાંએ આમ કર્યું, સમજ્યા. બેયનું છાપે, વી.પી. સિંહનું પણ છાપે અને રાજીવ ગાંધીનું પણ છાપે. એમ ઘણાંના પરિણામ છાપા જેવા હોય છે, સમજ્યા. બધાને પાર્કિંગ આપે. એને એક છાપાની ઉપમા આપે છે ને એક પાર્કિંગ પ્લેસની ઉપમા આપવામાં આવે છે, કે તમારી ગાડી તો કે રૂપિયો આપો તો તમારી ગાડી ઊભી રહેવા દઉં, બીજો રૂપિયો આપે તો તમારી પણ ગાડી ઊભી રહેવા દઉં. એવું થઈ જાય છે.

મુમુક્ષુ :– મારું કહેવું એમ છે કે પ્રયોજનની સિદ્ધિ ન થાય એટલે શાસ્ત્ર વાંચે કે છાપા વાંચે બેય સરખું.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રયોજનનું લક્ષ જ હોતું નથી એમાં. પ્રયોજનની સિદ્ધિ ક્યાં થાય છે ?–કે જ્યાં પ્રયોજનનું લક્ષ નિરંતર રહે છે. જેમ વેપાર કરનાર વેપારીને નફાનું, નુકસાનનું લક્ષ સદાય રહે છે; ચાહે માલ ખરીદ કરે, ચાહે માલ વેચે, ચાહે નામુ લખે, ચાહે નાણા વ્યાજે લાવે કે ચાહે નાણા ધીરે. ગમે તે પ્રકારની પ્રવૃત્તિમાં વિધ–વિધપણું હોય છે (પરંતુ) પ્રયોજનમાં સળંગપણે એક જ સરખું પ્રયોજન હોય છે, પ્રયોજનમાં વિધ-વિધપણું ક્યાંય આવતું નથી. તો અહીંયાં સ્વાધ્યાય થાય કે પૂજા થાય, જિનેન્દ્રના દર્શન કરવામાં આવે કે કોઈપણ બાહ્ય પ્રવૃત્તિ ભૂમિકા અનુસારની આવશે સામે, પંચકલ્યાણકના પ્રસંગો આવશે, ગમે ઇ પ્રસંગો આવશે – તો એ પ્રસંગોની અંદર આત્મલાભ સીધી કે આડકતરી રીતે મારો ક્યાં છે ? બસ ! એના ઉપર એનું પરિણામ ઢળે છે. એના ઉપર એ લક્ષે એ રસ્તો પકડે છે. એ લક્ષમાં

હોય તો એનો રસ્તો બરાબર છે, એ લક્ષમાં ન હોય તો પ્રયોજન ચુકાઈ ગયું, એ અટકી ગયો અથવા ઊંધે રસ્તે ગયો–બેમાંથી એક અવશ્ય થાય, થાય ને થાય જ.

મુમુક્ષુ :– 'સોગાનીજી'એ કીધું છે ને દુકાનના ચોપડા વાંચો કે આ ચોપડા વાંચો.

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈ ફેર નથી, બેમાંથી કાંઈ ફેર પડતો નથી. એ તો કાલે રાત્રે ચર્ચામાં એ વાત નીકળી હતી કે 'ગુરુદેવ' એમ કહે છે કે જેણે શાસ્ત્રમાંથી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો, શાસ્ત્રને, સત્સંગને નિમિત્તે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો એ પછી અંતરમાં જો અંતર્મુખ થવાનો, સ્વ-સન્મુખ થવાનો પ્રયત્ન કરવામાં ન લાગે તો એ જે અભ્યાસમાં પ્રાપ્ત થયેલું જે જ્ઞાન, એ જ્ઞાનમાં શુષ્કતા આવ્યા વિના રહે નહિ. કાલ રાત્રે એક વાત ચાલી હતી. આ નિયમબદ્ધ વાત છે. એટલે શાસ્ત્ર જ્ઞાન કરનારની, શાસ્ત્ર અધ્યયન કરનારની આ એક જવાબદારી ઊભી થાય છે કે આ સમજીને તેં અંતર્મુખ થવાના પ્રયત્નની શરૂઆત કરી છે કે નહિ ? જો તેં એ પ્રયત્નની શરૂઆત કરી છે, એ લક્ષ બરાબર જળવાઈ રહ્યું છે તો તને શુષ્કતા નહિ આવે, તો તને જે અટકવાના અનેક પ્રકાર છે એમાંથી કોઈ પ્રકાર નહિ આવે. નહિતર તો કોઈને કોઈ પ્રકાર ઊભો થઈ જશે. તું અટકી જઈશ, ઊંધે રસ્તે ચડી જઈશ. આ પરિસ્થિતિ ઊભી થાય છે. એટલે શાસ્ત્ર સ્વાધ્યાય કરવો એમ નહિ, શાસ્ત્ર સ્વાધ્યાય કરનારને આ વાતની જવાબદારીમાં નાખવામાં આવે છે.

જેમ કોઈ એમ કહે કે ભાઈ ! તમે આ કંપનીના મેનેજીંગ ડાયરેક્ટર થાવ ! ચેરમેન થાવ ! તો જગ્યા તો બહુ સારી છે, હોદ્દો મોટો મળે છે પણ એ મોટો હોદ્દો મળીને કાંઈ રાજી થવાનું નથી. એના બધા કાર્યોની જવાબદારી એને ઊભી થાય છે. એમ તું વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પાસે આવ્યો, સત્ શાસ્ત્રથી તું સ્વાધ્યાય કરવા લાગ્યો તો હવે તારી કોઈ જવાબદારી ખરી કે નહિ ? કે તારી જવાબદારી વધી. બીજો ભૂલે તો ક્ષમ્ય છે, તું ભૂલીશ તો તને જલ્દી ક્ષમા કુદરત આપશે નહિ, એ પરિસ્થિતિ થશે. એટલે એ વાત છે કે અનંતકાળથી અનંત જીવોએ ચૈતન્યમાં ઉપયોગને લગાવવાનો ખ્યાલ રાખીને, લક્ષ રાખીને પ્રયત્ન કર્યો છે. આ જ રીતે આવી જ રીતે એટલે કઈ રીતે ?–કે મારો ઉપયોગ મારે મારા સ્વરૂપમાં લગાવવો છે, મારે અંતર્મુખ થવું છે, અંતર્મુખ થઈશ ત્યાંથી મારા કાર્યનો પ્રારંભ થશે, એ પહેલાં મારા

કોઈ કાર્યનો પ્રારંભ થતો નથી; અને થતો નથી ત્યાં સુધી મને કોઈ વાતે સંતોષ થાય એવું નથી. મોટો ભુલાવો તો સંતોષનો થાય છે, અટકવાનું મોટું કારણ સંતોષ થાય છે. અનાદિથી પર્યાયબુદ્ધિ હોવાને લીધે, સંતોષ થવો એ પણ પર્યાયબુદ્ધિની જ એક પ્રવૃત્તિ છે. એટલે એ સહેજે – સહેજે, જાણે – અજાણ્યે પણ થઈ જાય છે. એક કોને નથી થતો ?–કે જેણે લક્ષ રાખ્યું છે કે અંતર્મુખ ઉપયોગે કરીને જ્યાં સુધી સ્વ-સંવેદન અને સ્વરૂપના આનંદને પ્રગટ ન કરું ત્યાં સુધી કોઈપણ બાહ્ય પરિણામ છે એ પરિણામને વિશે મારે જરા પણ સંતોષ પકડવાનો પ્રશ્ન રહેતો નથી. અને જે જીવ એ સ્થિતિમાં આવે છે એને પરિપૂર્ણ દ્રવ્યનો આશ્રય થતાં એ સ્થિતિમાં આવવાનું થાય છે. એટલે જ્યાં સુધી જેવા પરિપૂર્ણ દ્રવ્યનો આશ્રય લીધો છે એવી જ પરિપૂર્ણ અવસ્થા ન થાય ત્યાં સુધી તેનો પ્રયત્ન એ નિરાંતવાળીને બેસે એવું કદી બનતું નથી.

જ્ઞાનીઓ તો ત્યાં સુધી કહે છે કે આ પરિસ્થિતિમાં – જે પરિસ્થિતિમાં અમે મોક્ષમાર્ગમાં પ્રવેશ કર્યો એ પરિસ્થિતિમાં એમ દેખાય છે કે જેવું અમારું પૂર્ણ પરમાત્મ દ્રવ્ય છે, એવી પૂર્ણ પરમાત્મદશા ન થાય ત્યાં સુધી સ્વપ્ને પણ, ઉદ્યમ છોડીને નિરાંતવાળીને બેસવું એક સમય પણ એ અમારા સ્વપ્નમાં પણ એ વાત નથી. જાગતા તો એ વાત નથી પણ અમારા સ્વપ્નમાં પણ એ વાત નથી. એટલા બધા પુરુષાર્થના પ્રેરણાત્મક વચનો શાસ્ત્રોની અંદર જોવા મળે છે

**'માટે તું પણ આમ કર. અનંત અનંત કાળ ગયો,...'** હવે ભૂતકાળ ઉપર એક દૃષ્ટિપાત કરાવે છે કે જો ભાઈ ! **'અનંત અનંત કાળ ગયો, જીવ ક્યાંક ક્યાંક અટકે જ છે ને ?'** જો ન અટક્યો હોય તો એને દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ તો અનંતવાર મળ્યા છે. એણે ઇચ્છા પણ કરી છે કે આ બધા મળ્યા તો હવે મારું કાંઈક કલ્યાણ થઈ જાય તો સારું એવો ભાવ એણે કર્યો છે; છતાં પણ ક્યાંક ક્યાંક અટકે છે (એટલે જ) અનંત અનંતકાળ ગયો. અને જે અટક્યો છે એટલે જ અનંતકાળ ગયો છે. થોડો કાળ ગયો નથી, પાંચ–પચીસ–પચાસ કે હજાર વર્ષ ગયા છે એમ નથી પણ અનંતકાળ ગયો છે. જેની હદ નથી એટલો કાળ ગયો છે અને એનું કારણ જીવ અટક્યો છે તે છે. **'અટકવાના તો અનેક અનેક પ્રકાર;...'** એ તો પહેલાં જ કહી દીધું કે અનેક પ્રકારે જીવ અટકે છે. એમાં વિધ વિધ પ્રકાર છે – કોઈ કોઈ પ્રકારે અટકે છે, કોઈ

કોઈ પ્રકારે અટકે છે, કોઈ કોઈ પ્રકારે અટકે છે. તમામ પ્રકારનો સંક્ષેપ એક જગ્યાએ લાવીએ તો એટલો છે કે જીવ ઉદયમાં અટકે છે. ક્યાં અટકે છે ?–કે જીવ ઉદયમાં અટકે છે. જે પ્રકારના સંયોગ–વિયોગ ઊભા થાય છે એમાં સર્વસ્વપણું માનીને જીવ એમાં અટકે છે.

**'અનંત અનંત કાળ ગયો, જીવ ક્યાંક ક્યાંક અટકે જ છે ને ?'** અને ક્યાંયને ક્યાંય એ અટકી જાય છે. ખાસ કરીને દરેક જીવ પોતાના ચાલતાં ઉદયમાં અટકી જાય છે. ઉદયમાં અટકે છે એનું કારણ એને ઉદય અને ઉદયભાવમાં ઉદાસીનતા આવી નથી, આ મુખ્ય વાત છે. ચૈતન્યની પ્રાપ્તિની અપેક્ષાએ કરીને આ અસ્તિ છે એની. ઉપેક્ષા તો નાસ્તિનો વિષય છે પણ ચૈતન્ય સ્વભાવની પ્રાપ્તિની અપેક્ષાએ કરીને એને ઉદયભાવમાં ઉપેક્ષા આવી નથી.

શું કહે છે ?–કે, **'અટકવાના તો અનેક અનેક પ્રકાર; સફળ થવાનો એક જ પ્રકાર.'** અનેક પ્રકાર(ના) શુભાશુભભાવ, અંદરમાં દ્રવ્ય કર્મનો પૂર્વ સંચિત કર્મનો ઉદય છે, વિપાક છે. બહારમાં તદ્ અનુસાર અનેક પ્રકારના નિમિત્તો સ્વયં પોતાને કારણે ઉપસ્થિત હોય જ છે. જીવ પોતાના લક્ષથી ચ્યૂત હોવાને લીધે એમાં અટકે છે, એમાં એકાકાર થાય છે અને દર્શનમોહથી વધારે ઘેરાય છે. **'અટકવાના તો અનેક અનેક પ્રકાર; સફળ થવાનો એક જ પ્રકાર --- ચૈતન્યદરબારમાં જવું તે.'** સફળ થવાનો (આ એક પ્રકાર છે.) ઉપર પણ એ જ વાત માત્ર ચૈતન્ય દરબારમાં જ ઉપયોગને લગાડી દે. બસ ! એક જ રસ્તો છે. એક જ (રસ્તો છે.) અનેક રસ્તા હોય તો કદાચ આ રસ્તો કે આ રસ્તો, આ રસ્તો કે આ રસ્તો, આ રસ્તો કે આ રસ્તો ભૂલ થાત પણ અહીંયાં તો કહે છે કે ચૈતન્ય દરબારમાં ઉપયોગ લગાડી દે એટલે ઉપયોગને અંતર્મુખ કર ! ઉપયોગને અંતર્મુખ કર ! બસ ! એક જ વાત છે. તારો સર્વ ઉદ્યમ ઉપયોગને અંતર્મુખ થાય એ લક્ષે છે કે નહિ ? એટલી જ વાત તું લક્ષમાં રાખ, એટલું જ ધ્યાન રાખ તો ક્યાંય ભુલાવામાં પડીશ નહિ.

**'પોતે ક્યાં અટકે છે ?...'** હવે, એ જરા વધારે એ વિષયને સ્પષ્ટ કરે છે કે **'પોતે ક્યાં અટકે છે તે જો પોતે ખ્યાલ કરે તો બરાબર જાણી શકે.'** 'પૂજ્ય બહેનશ્રી'એ આ એક વાત માર્મિક કરી છે કે સામાન્ય રીતે તો જે જીવ ભૂલે છે, અટકે છે, એને ખ્યાલ રહેતો નથી કે હું ક્યાં ભૂલું છું ? કેમ ભૂલું છું ? કેવી રીતે અટકું છું ? એક

તો એવા વર્ગમાં મુમુક્ષુઓનો બહુભાગ હોય છે. બહુ થોડો ભાગ અથવા વિરલ જીવો એવા હોય છે કે, એટલા જાગૃત હોય છે કે મને પ્રાપ્તિ નથી, હજી મને પ્રાપ્તિ નથી, તો હું કાંઈક અટકું છું, હું કાંઈક અટકું છું તો ક્યાં અટકું છું ? એ જો મને ખબર નહિ પડે તો મને ત્યાંથી છૂટવાનો પણ અવસર મળશે નહિ. તો એવા જીવો અંતર તપાસ કરે છે. અંતર અવલોકન કરતાં રહે છે. જે જીવો અંતર તપાસ કરે છે, અંતર અવલોકન કરે છે એને એમ કહે છે કે એ જીવો બરાબર જાણી શકે છે કે હું અહીંયાં અટક્યો છું. બે પ્રકાર છે – આ વાત એક નિમિત્તથી આવે છે, આ જ વાત એક ઉપાદાનથી આવે છે. આ વાત અહીંયાં ઉપાદાનથી ચાલી છે. 'શ્રીમદ્જી'ની શૈલી એવી છે કે જો તું સત્પુરુષના ચરણમાં જા, ક્યાંય અટકતો હોઈશ તો તને અટકવા દેશે નહિ. તને સૂચના આપશે, તને માર્ગદર્શન આપશે કે આમ ન થાય, આમ ન કરાય, આ રીતે અહીંયાં આમ ન ચાલે, અહીંયાં આ રીતે આમ ચાલે, આ આમ થાય, આમ થાય, આમ થાય. તો એ તો એને બહુ સુગમ વિષય થઈ પડ્યો. પછી તો તરત જ એનું ધ્યાન ખેંચાય છે કે બરાબર છે. મારું ધ્યાન ન ગયું (પરંતુ) સારું થયું કે માથે સત્પુરુષ હતા, (એમણે) મારું ધ્યાન દોર્યું અને હું અટકતો બચ્યો. તો એ એક જીવને માટે કુદરતી એ પ્રકારની તરવા માટે એક સુગમ વ્યવસ્થા છે. કુદરતી એ પ્રકારનો પુણ્યયોગ હોય પોતાની યોગ્યતા સહિતનો. જો યોગ્યતા સહિતનો પુણ્યયોગ ન હોય તો એ પુણ્યયોગ નિષ્ફળ જાય છે. યોગ્યતા હોય તો એને ખ્યાલ આવે છે, સંકેત કરે ત્યાં ખ્યાલ આવે છે કે હું અટકું છું એમ કહેવા માગે છે.

'સોભાગભાઈ'નાં પત્રો વવાણિયા ગયા ત્યારે વાંચ્યા હતા. એટલું બધું એનું સમર્પણ હતું 'શ્રીમદ્જી' પ્રત્યે કે લગભગ એમણે કોઈવાર રોજે રોજ તો એકાત્રે કાગળ લખ્યા છે. 'શ્રીમદ્જી'નાં વધુમાં વધુ પત્રો 'સોભાગભાઈ' ઉપર છે. એનું કારણ પણ એ જ છે કે એક તો એટલા એ સુપાત્ર હતા અને બીજું એમના તરફથી પત્ર વ્યવહાર સૌથી વધારે હતો. તો એની અંદર એમણે આવતીકાલે બાજુના ગામે ઉઘરાણીએ જાવાનો વિચાર છે, તો 'શ્રીમદ્જી'ને શું કામ છે ? 'સોભાગભાઈ'ને કોઈ (ઉઘરાણીએ જવાનું હોય અથવા કોઈ) મુમુક્ષુ ઉઘરાણીએ જાય એમાં 'શ્રીમદ્જી'ને શું પ્રયોજન છે ? પહેલાં તો એમ લાગે કે આવી સંસારની નિષ્પ્રયોજન વાત કેમ લખતા હશે ? પણ એ તો બહુ સુપાત્ર જીવ હતા. એની અંદર આશય એક બીજો

હતો કે આ સત્પુરુષ છે એ મારા પરમ ગુરુ છે. કેમકે જેનાથી તરે એ તો તીર્થંકરથી પણ અધિક લઈ લીધા. તો મારા એક એક પરિણામની એમને હું જાણ કરું. ક્યાંક એમના તરફથી સંકેત આવશે કે આમ થાય અને આમ ન થાય, એ એમની આજ્ઞા છે. બહુ જબરદસ્ત સમર્પણ છે એમનું. એટલે વાત ભલે સાદી દેખાય છે પણ એમની ભક્તિ અને સમર્પણ અછાની રહેતી નથી. એ પ્રકારે બધી ઢબ ચાલી છે. એટલે એમણે એક નક્કી કરી નાખ્યું છે કે મારા જીવે જ્યાં સુધી મને આત્મજ્ઞાન અને સમ્યક્દર્શનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી, ત્યાં સુધી તો ખચિત કરીને સત્પુરુષની આજ્ઞાએ જ ચાલવું છે. જો હું સત્પુરુષની આજ્ઞાએ ચાલવાનો અભિગમ ન રાખું (તો) સ્વચ્છંદે ચડતાં મને વાર લાગશે નહિ, સ્વચ્છંદ થઈ જશે અને મુમુક્ષુની ભૂમિકામાં આ પ્રકાર સહેજે આવી જાય છે એટલે એમણે એ આખો રસ્તો જ એ અપનાવ્યો છે. મોટો ફાયદો એમને એ થયો છે કે આયુષ્ય છોડતા પહેલાં, આયુષ્ય પૂરું કરતા પહેલાં એમણે ભવભ્રમણનો છેદ કરી નાખ્યો.

જે કાંઈ ગણીએ એમનો પરિચય સાતથી આઠ વર્ષ રહ્યો છે. છથી સાત, સાતેક વર્ષ રહ્યો છે. ઓગણત્રીસમું વર્ષ 'શ્રીમદ્જી'નું છે ત્યારે એમના દેહાંતનો પત્ર જોવામાં આવે છે. ઓગણત્રીસમાં વર્ષમાં વાંચવા મળે છે કે 'શ્રી સોભાગે' આ સંપ્રદાયના મુનિઓને પણ ન હોય એવી સમાધિદશામાં દેહ ત્યાગ કર્યો છે. મોટા મુનિઓની વાત કરી છે. મોટા મુનિ એટલે આ કહેવાતા મુનિઓ. સમજ્યા ? એમ કરીને પ્રશંસા કરી છે એમના મૃત્યુના પ્રસંગની. અને એ ત્રેવીસની સાલમાં લગભગ પહેલાં વહેલાં (મળ્યા છે.) ત્રેવીસમાં વર્ષે પહેલાં વહેલાં એમને મળ્યા છે; મોરબી ગયા છે અને ત્યાં એમને મળ્યા છે. ત્રેવીસ, ચોવીસ, પચ્ચીસ, છવ્વીસ, સત્યાવીશ, અઠ્યાવીસ, ઓગણત્રીસ. સાતેક વર્ષનો પરિચય છે. આ કાળમાં સાત વર્ષનો પરિચય એ કાંઈ એટલો લાંબો પરિચય ન કહેવાય. આપણે વિચારીએ તો, આપણો ભૂતકાળ વિચારીએ બરાબર છે ? યુવાન ઉંમરમાં આપણે 'ગુરુદેવશ્રી'ના પરિચયમાં આવ્યા અને વૃદ્ધા અવસ્થામાં, આપણે પ્રૌઢ અવસ્થામાં પહોંચી ગયા. સાત જ વર્ષનો પરિચય છે. એમની મોટી ઉંમર હતી. 'સોભાગભાઈ'ની ઉંમર તો ઘણી મોટી હતી પણ ઇ ઉંમર સાથે આને કાંઈ પ્રશ્ન નથી. આ પ્રશ્ન તો પ્રયત્નનો છે. સાત વર્ષના ટૂંકા ગાળામાં એટલું મોટું સમર્પણ છે એમનું, એટલી અત્યંત ભક્તિ છે કે દેહ છોડતા પહેલાં અગિયારમેં

દિવસે ભવભ્રમણનો નાશ કરી અને અહીંથી સ્વર્ગમાં ગયા.

મુમુક્ષુ :– 'સોગાનીજી'ને એક જ કલાકનો પરિચય હતો તો પણ થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર છે, પણ ઇ તો હવે ગજબનો વિષય છે. 'સોગાનીજી'ને જ્યારે યાદ કરીએ છીએ ત્યારે તો એમની જે પુરુષાર્થની જે પરિસ્થિતિ છે ! છલાંગ જ મારતા હતા એ તો ! કોઈ પ્રવેશ પણ છલાંગ મારીને કર્યો છે અને ત્યારપછીની સ્થિતિમાં એમણે બધે છલાંગ મારી છે. (મને) અંગત પરિચય ઘણો હતો એટલે બધો ખ્યાલ છે.

અસાધારણ પ્રકાર હતો. આ તો એક સામાન્ય મુમુક્ષુની દૃષ્ટિએ વિચારવામાં આવે તોપણ જે જીવ પોતે પોતાની તપાસ રાખે છે, પોતામાં અંતર અવલોકન પોતાનું રાખે છે, પોતાના પરિણામનું (અંતર અવલોકન રાખે છે) ત્યાં એને સ્વલક્ષે વિચારણા, સુવિચારણા ચાલે છે, હિત–અહિતની જાગૃતિ રહે છે અને તેથી કરીને એ પોતે ક્યાં અટકે છે ? એ તે બરાબર જાણી શકે છે અને ઇ બરાબર જાણી શકે છે ત્યારે ઇ અટકવા માટે તો આ ક્ષેત્રમાં આવ્યો નથી, આ લાઇન પકડી નથી એણે; એટલે જેને ભૂલનો ખ્યાલ આવે ઇ ભૂલ ભાંગ્યા વિના રહે નહિ, ભૂલ સુધાર્યા વિના રહે નહિ. એટલે એ વાત પણ સાથે સાથે લીધી છે. જ્યારે એમ કહ્યું કે જીવને અનેક પ્રકારે અટકવું બને છે ત્યારે એ અનેક પ્રકારમાંથી અટકવાનો એક માત્ર ઉપાય બતાવ્યો અને એ ઉપાય કોઈ એમ ત્યાં તર્ક કરી શકે છે, પ્રશ્ન કરી શકે છે કે ચૈતન્ય દરબારમાં ઉપયોગ લગાડવો વાત સાચી અમને કબૂલ છે ને મંજૂર છે પણ લાગતો નથી એનું શું ? આ પ્રશ્ન થઈ શકવા યોગ્ય છે. અમારે તો ઘણોય લગાડવો છે, ચૈતન્ય દરબારમાં ઉપયોગ લગાડવો છે આપની વાત સોના જેવી છે. તો પોતાને ને પોતાને નિંદવા જેવું છે કે ભાઈ ! તું ખોટો છો, તને તારી ઇચ્છા થાય છે પણ તું ખોટો છો. કેમકે તે તને તપાસીને ક્યાં અટક્યો છો ? એ વાત તે જાણી નથી અને અટક્યો છો ત્યાંથી એ ફસામણમાંથી નીકળવા માટેનો કોઈ પ્રયત્ન તપાસ કે અવલોકનનો તેં શરૂ કર્યો નથી. એક ઉપાદાન રીતે એ કામ કર્યું નથી (અને) નિમિત્ત અપેક્ષાએ જે તારું સમર્પણ હોવું જોઈએ, પરિપૂર્ણ સમર્પણ હોવું જોઈએ એ પરિપૂર્ણ સમર્પણ આવ્યું નથી. એમાં વંચનાબુદ્ધિએ સમર્પણ આવે છે એટલે કે ક્ષતિ રહે છે અને જીવને લાગે છે કે હું સમર્પણ કરું છું. તો એ રીતે પણ પોતે ભૂલ્યો છે. ત્રીજું કે જ્યારે એ સત્પુરુષ

કહે ત્યારે પણ એને જે અંતર તપાસ તો એ વખતે પણ થવી જ જોશે; કહેવું એ તો નિમિત્ત માત્ર છે, દર્શાવવું એ તો નિમિત્ત માત્ર છે પણ નિમિત્ત ત્યારે લાગુ પડે છે કે જ્યારે જીવને સત્પુરુષના સમાગમમાં પોતાનું હિત કરવાની અત્યંત જાગૃતિ હોય ત્યારે જ નિમિત્તપણું લાગુ પડે છે અને તેથી તે કહે છે કે એના ઉપર એનું ધ્યાન ખેંચાય જાય છે. નહિતર એમાંય બે પ્રકાર થાય છે. કહે છે (પણ) ઘણાનું ધ્યાન ખેંચાતું નથી, કહે છે કોકનું ધ્યાન ખેંચાય છે. તો એ ધ્યાન ખેંચાય છે. ત્યાં પાછો આ ઉપાદાનની પ્રવૃત્તિ આવી. ધ્યાન નથી ખેંચાતું, કહે છતાં ધ્યાન ન ખેંચાય એને તો પોતાની મેળે અંતર તપાસ થાય અને એ અટકવાનું મટે એવું તો કોઈ દિવસ બની શકવાનું નથી જ.

એક બસો-પાંચસો કરોડનો પ્લાન્ટ નાંખ્યો હોય, કારખાનું નાખે છે ને ? તો એના જે અર્થશાસ્ત્રીઓની Advice લેવામાં આવે છે, ઇકોનોમિકની દૃષ્ટિએ. તો અર્થશાસ્ત્રીઓ એને આખો ચાર્ટ કાઢીને દે કે એક વર્ષ મોડું થાય તો આટલું નુકસાન, બે વર્ષ આ પ્લાનને પ્રોડક્શનમાં જતા વાર લાગે તો આટલું નુકસાન. કેમકે ? નફો, નફાનું વ્યાજ, રોકાણ, રોકાણનું વ્યાજ. આ બધો હિસાબ ગણીને આપે. ચક્રવૃદ્ધિ વ્યાજની જેમ. અને એને ચિત્ર દેખાડે કે જુઓ ભાઈ ! આ જલદી ઉત્પાદનમાં જવા માટે તને આટલો લાભ છે અને નહિતર આટલું નુકસાન છે એટલે એ બાબતમાં જીવને શું કરવું ? એ પછી સમજાવવાની જરૂર રહેતી નથી. એવી માત્ર કાગળિયા ઉપર સલાહ લખીને દ્યે, તો એને હજારો રૂપિયા ચૂકવવા પડે, લાખો રૂપિયા ચૂકવવા પડે. આવડો મોટો પ્લાન્ટ હોય તો લાખો રૂપિયા ચૂકવવા પડે. અત્યારે તો ટકાવારી લે છે, Percentage આપવા પડે છે કે મારો કન્સલ્ટન્સીનો ચાર્જ એક ટકાનો લાગશે. કેટલા કરોડનો પ્લાન્ટ છે ?-કે બસો કરોડનો. તો બસો કરોડના એક ટકા લેખે તો બસો લાખ - બે કરોડ મને આપો. ઠીક ! આમ લાગે છે. આ અનંત જન્મ-મરણ છૂટી જાય એની સલાહ, સૂચના ને માર્ગદર્શન, તો કે નિષ્પૃહ હો !! કાંઈ જોઈને નહિ અમારે, અમારે કાંઈ ખપે નહિ. આ કેમ કહેનાર પ્રત્યે મસ્તક નમે છે ? એનું આ કારણ છે કે, જગતનો વ્યવહાર જે રીતે ચાલે છે, એ રીતે જ્યારે વિચાર કરવામાં આવે છે અને સત્પુરુષોની જે નિષ્પૃહતા જોવામાં આવે છે અને એનો જ્યારે વિચાર કરવામાં આવે છે ત્યારે કહેનાર પ્રત્યે નમન થયા વિના રહે નહિ. એનું હૃદય નમે !

એનું મસ્તક નમે !! જે કહો તે. સમર્પણ આવ્યા વિના રહે નહિ. મુમુક્ષુને સમર્પણ આવે છે એ કોઈ મુર્ખામી નથી, એ મહાવિવેક છે. કેમ ? કે બહારમાં તો એને રીતસર પહેલા બંધાવું પડે છે કે કરો સહી કે મારે તમને આટલા આપવા પડશે. શરૂઆતમાં આટલા, આગળ જતા આટલા, પછી આગળ જતા આટલા ને પછી આગળ જતા પૂરેપૂરા તમારે દેવા પડશે. અહીંયાં કહે છે કે, પહેલી શરત એ છે અમે અમારા રસ્તે જઈએ છીએ નિષ્કારણ કરુણાથી, કરુણા અમારા હૃદયમાં ભરી છે એટલે કેટલીક વાત આ રસ્તો કેમ પ્રાપ્ત કરાય એ બહાર આવી જાય છે આથી વધારે અમારે કાંઈ લેવા દેવા નથી. તો એની મહાનતા કેટલી !! આ એક વિચારવાનો વિષય થઈ પડે છે. એ આવી આવી વાતો કરીને બહાર કાઢ્યા છે કે પોતે જો તપાસ કરે અંતરમાં તો એ બરાબર જાણી શકે કે પોતે ક્યાં અટકે છે ? આટલી વાત તો મુમુક્ષુને પ્રેરણા અને માર્ગદર્શનની બે પેરેગ્રાફમાં આ બોલમાં લીધી છે. હવે જે વિષય ચાલે છે એ સરખામણીનો વિષય લીધો છે, સમીક્ષાનો વિષય લીધો છે. એ અટકવાની વાત લીધીને તો સમર્થમાં સમર્થ દૃષ્ટાંત દ્રવ્યલિંગી સાધુનું છે.

**'દ્રવ્યલિંગી સાધુ થઈને...'** પછી એના પેટામાં બધા અટકવાના સ્થૂળ પ્રકારો આવી જાય છે. **'દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જીવ ક્યાંક સૂક્ષ્મપણે અટકી જાય છે.'** દ્રવ્યલિંગી સાધુ થાય છે એટલે શાસ્ત્રોના શાસ્ત્રો અવગાહન કરવાની જેને લબ્ધિ પ્રગટ થઈ હોય છે, અગિયાર અંગ અને નવ પૂર્વ પર્યંતની નંબર એક. બીજા નંબરમાં કષાયની મંદતા એટલી કે નિરઅતિચાર પંચ મહાવ્રત અઠ્ઠાવીસ મૂળગુણ પાળતા જેના ફળમાં નવમી ગ્રૈવેયકનું ભવ મળે એટલા ફળને પ્રાપ્ત થાય. એવો જીવ પણ પરમાર્થના માર્ગથી વંચિત રહે છે અને અટકે છે તો એનો પ્રકાર કયો ? કેવી રીતે ? ભલેને સૂક્ષ્મપણે અટકે છે, એમાંને એમાં બીજા સ્થૂળપણે અટકે છે. છે તો અટકવાનું સ્થાન તો જે છે તે છે, પણ આ સૂક્ષ્મપણે અટકે છે તેથી ઓછો અટકે છે એમ નથી પણ પૂરેપૂરો અટકે છે અને સ્થૂળપણે અટકે છે એ તો પૂરો અટકેલો જ છે એની કોઈ ચર્ચા કરવાનો પ્રશ્ન રહેતો નથી. એ **'શુભ ભાવની મીઠાશમાં રોકાઈ જાય છે.'** જે શુભભાવ એને ઉત્પન્ન થાય છે, જેને જેટલી યોગ્યતા હોય એટલો. એ ભાવ એને સારો લાગે છે, મીઠો લાગે છે અને ત્યાં એને સંતોષ પકડાય છે કે હું આટલું આટલું મારા આત્મહિતને અર્થે કરું છું, પૂજા કરું છું, સ્વાધ્યાય કરું છું, દયા-દાન પાળું

છું, યાત્રાએ પણ ક્યારેક જાવ છું.

મુમુક્ષુ :- બીજા તો કરતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હું તો કરું છું. ખરી વાત છે. એક (મુમુક્ષુભાઈ) જ આવે છે, બીજા પુરુષોમાં તો કોઈ આવી શકતા નથી. નજીક રહે છે ને. દરરોજ પૂજામાં હોય છે. આપણે બધા તો દૂર રહેવાવાળા છીએ અને ટાઇમ એટલો નથી આપી શકતા. તો બીજા નથી કરતા ને હું તો કરું છું. તારું ધ્યાન બીજા ઉપર ગયું. આ વાત વ્યાજબી નથી. અટક્યો !

મુમુક્ષુ :- દ્રવ્યલિંગીને સારું નિમિત્ત મળે તો ભાવલિંગી થાય ખરો ?

પૂજ્ય ભાઈશ્રી :- સારું નિમિત્ત (એમ) નહિ. એ મિથ્યાત્વ છોડે તો ભાવલિંગમાં આવતા એને વાર ન લાગે કેમકે બાકીની બહારની જે પરિસ્થિતિ છે એને બહુ સાનુકૂળ છે અથવા એનો જે પુરુષાર્થ છે ઘણો ઉગ્ર છે, પણ અંતર્મુખની સાચી દિશામાં એનો પુરુષાર્થ નથી, બાકી ઉગ્રતા ઘણી છે; એટલે ભાવલિંગ આવવા માટે તો ઉગ્ર પુરુષાર્થ જોઈએ જ તો ઇ તો એની પાસે એડવાન્સમાં છે. પણ દિશા ફેર છે એટલે ઊંધે રસ્તે જાય છે. દિશા સવળી પકડતા એને ભાવલિંગમાં આવતા વાર લાગતી નથી, ને સમોસરણમાં એમ જાજું બને છે કે દ્રવ્યલિંગમાં ઘણા આવી ગયા હોય છે અને જેવું અંદરમાં અટકવાનો જે પ્રકાર છે એ આડશ નીકળી જાય છે, અવરોધ નીકળી જાય છે (અને) ભાવલિંગમાં, અનેક મુનિઓ થઈ જાય છે ભાવલિંગી. વાર લાગતી નથી એને ભાવલિંગમાં આવતા. એમ થાય છે.

**'શુભ ભાવની મીઠાશમાં રોકાઈ જાય છે.'** કોણ ? પોતે. દ્રવ્યલિંગી પણ નહિ અને બીજો કોઈપણ નહિ. પોતે રોકાઈ જાય છે એમ લેવું છે. પોતે **'શુભ ભાવની મીઠાશમાં રોકાઈ જાય છે.'** દ્રવ્યલિંગીનું તો દૃષ્ટાંત છે. પણ જ્યારે જ્યારે કોઈ ભાવની મીઠાશ આવે ત્યારે એને અવશ્ય અવશ્ય ચેતી જાવું કે, આ કોઈપણ પ્રકારનો શુભભાવ હો, મારે એની મીઠાશ, એની મહત્તા, એની મુખ્યતા અને એમાં સંતોષ થાય એવી ભૂલ કદી મારાથી થવી જોઈએ નહિ. આ વસ્તુ એની જાગૃત્તિનો વિષય હોવો જોઈએ.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- તો મુનિદશાની વાત લીધી. મુમુક્ષુને પણ આગળ ન વધે તો અંતર્મુખ થવામાં ઉદ્યમ ન લગાડે તો એને શુષ્કતા આવ્યા વિના રહે નહિ. સ્વચ્છંદ

આવ્યા વિના રહે નહિ, ભૂલ થયા વિના રહે નહિ, અટક્યા વિના રહે નહિ, પાછો પડ્યા વિના રહે નહિ. આ પરિસ્થિતિ થાય. આ કુદરતી વ્યવસ્થા છે કેમકે પરિણામ તો ચાલ છે. પરિણામને ચાલ કહી. છે (પરિણામને) ચાલની ઉપમા આપી. તું ચાલે છો. કઈ દિશામાં ? નક્કી કર. દિશા બે જ છે, ત્રીજી દિશા નથી. આગળ ચાલે છે કે પાછળ ? તપાસી લે તું. જો આગળ નહિ ચાલ તો નિયમથી પાછળ જઈશ. માટે આગળ ચાલવા માટે સતત ઉદ્યમવંત રહે, સતત જાગ્રત રહે નહિતર પાછો ચાલ્યો જઈશ. આ પરિસ્થિતિ છે...

મુમુક્ષુ :- પાછળ એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- પાછળ એટલે પરિણામનું સ્તર ઘટવું. પરિણામના નીચેના સ્તરના પરિણામ થવા, દર્શનમોહથી આવરિત થવું, કદાચ ચારિત્રમોહમાં કોઈ આગળ વધતો દેખાય. પહેલાં તો ધંધો કરતો હતો, હવે નિવૃત્તિ લઈ લીધી છે. પહેલાં તો આટલો ત્યાગ નહોતો હવે આટલો ત્યાગ કર્યો છે. પહેલા તો આટલું ખાતા હતા હવે નહોતા ખાતા. પહેલા બ્રહ્મચર્યઆદિનું આટલું વ્રત નહોતું લીધું હવે વ્રત લીધું છે. અનેક પ્રકારે બહારમાં ચારિત્રમોહમાં એમ લાગે કે ના ના વિકાસ કર્યો છે (પરંતુ) બધું અટકવાનું કારણ થશે. આ તો કર્યું ને ? આ તો કર્યું ને ? આ તો છોડ્યું ને ? આટલા શાસ્ત્રો તો વાંચ્યા ને ? આટલું જ્ઞાન તો મેળવ્યું ને ? કે મરી ગયો. બધે અટકી ગયો ખલાસ.

પ્રશ્ન :- ચોથામાં અટકી ગયો ?

સમાધાન :- ચોથું તો હજી આવ્યું જ નથી. પહેલામાં ને પહેલામાં ભવભ્રમણની વૃદ્ધિનું કારણ થાય. જે ઘટવાના નિમિત્તો છે તે એને વધવાના નિમિત્તો થઈ પડે. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- ચોથામાં પુરુષાર્થની ઉગ્રતા થાય છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, તીવ્રતા ઘણી છે. એટલે શું થાય છે કે જ્યાં દિશા બદલાઈ જાય છે (ત્યાં) એ જ તીવ્રતા જોરથી કામ કરે.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- Responsibility. જેટલો આગળ જાય એટલી જવાબદારી વધે. ઇ તો પહેલા કહ્યું કે મુમુક્ષુ ન હોય, મુમુક્ષુ થાય, જવાબદારી વધી. મુમુક્ષુતામાંથી

આગળ વધે જ્ઞાનદશામાં આવે જવાબદારી વધી. દ્રવ્યલિંગી થાય જવાબદારી વધી. ભાવલિંગી થાય જવાબદારી વધી. જેટલો આગળ ચાલે એટલી જવાબદારી વધે અને એ તો સંસારમાં પણ એમ જ છે. પટ્ટાવાળા કરતા બેંકના મેનેજરની જવાબદારી વધારે હોય અને બેંકના મેનેજર કરતા બેંકના ચેરમેનની જવાબદારી વધારે હોય (એ તો) સીધી વાત છે.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– તીવ્ર કષાય નથી થતો. પુરુષાર્થ પુરુષાર્થ છે. મિથ્યાત્વ તીવ્ર થાય છે. કષાય તીવ્ર નથી થતો. કષાય તો મંદ કરે છે એટલે તો નવમી ગૈવેકે એના ફળમાં જાય છે. મિથ્યાત્વ તીવ્ર કરે છે. કષાય મંદ કરે અને મિથ્યાત્વ તીવ્ર કરે એ ધર્મના ક્ષેત્રમાં ભૂલેલા જીવોનું સામાન્ય, સામાન્ય એટલે કોમન, સામાન્ય પરિણમન છે. દરેક ધર્મના ક્ષેત્રમાં આમ બને છે. પછી ચાહે તે મસ્જિદમાં જાય, ખ્રિસ્તીના દેવળમાં જાય કે જૈનના દેરાસરમાં જાય. પણ એ ભૂલે છે ત્યાં શું કરે છે ? ધર્મના ક્ષેત્રમાં જઈને શું કરે છે ? કષાય તો મંદ કરે છે. કેમકે તીવ્ર કષાય તો સ્થૂળ એવું પરિણમન છે કે બીજાને (પણ) ખબર પડે છે. અને બીજાને ખબર પડે છે એટલે બીજા પણ એમ કહે છે કે આ તો ન ચાલે. તમારે તીવ્ર કષાયનું પરિણમન અહીંયાં ધર્મના ક્ષેત્રમાં તો ન ચાલે, ઇ તો તમે દુનિયામાં ઘણું છે કોક બીજું ક્ષેત્ર પકડો. પણ એટલે જીવ તો સામાન્ય રીતે દર્શનમોહના માર્ગથી અજાણ્યો છે, સમ્યક્દર્શનના માર્ગથી અજાણ્યો છે, એટલે સામાન્ય રીતે મંદ કષાયના માર્ગને પકડે છે. અને મંદ કષાયના માર્ગને પકડવા માટે ત્યાગ, વૈરાગ્ય અને શાસ્ત્ર આદિની પ્રવૃત્તિ કરે છે. એ ક્યાં સુધી કરે છે ? દ્રવ્યલિંગી પર્યંતની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ કરે છે. એમાં કષાય મંદ કરી જાય છે કષાય તીવ્ર નથી કરતો (પરંતુ) દર્શનમોહ તીવ્ર કરે છે, આ તકલીફ છે. એટલે 'સોગાનીજી'એ લખ્યું છે કે દ્રવ્યલિંગી મુનિ જેટલા પુરુષાર્થથી મિથ્યાત્વમાં રહે છે તેથી અધિક પુરુષાર્થે તેને સમ્યક્દર્શન પ્રાપ્ત થશે. એથી ઓછા પુરુષાર્થે થશે નહિ. અને ખરેખર એમ જ છે ત્યાં જ્યારે એ સવળો થાય છે ત્યારે એનો પુરુષાર્થ અધિક જ થાય છે. જે હોય છે એનાથી અધિક થાય છે અને ત્યારે જ એને સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય છે. એમ જ છે. પણ જે પુરુષાર્થની ઉગ્રતાએ દ્રવ્યલિંગ લીધું એથી અધિક પુરુષાર્થની ઉગ્રતાએ સમ્યક્દર્શન લે તો ભાવલિંગ આવતા વાર

ન લાગે એ સીધી સમજી શકાય એવી વાત છે. ભાવલિંગમાં આવી શકે, સહેલાઈથી આવી શકે છે. એમ વાત છે.

**'શુભ ભાવની મીઠાશમાં રોકાઈ જાય છે.'** તેમાં એને એમ આ પોતાના રાગની મંદતા, અત્યંત કષાયની મંદતા હોય છે. અત્યારે તો જોવા મળે નહિ એટલી કષાયની મંદતા હોય છે, અત્યંત અત્યંત (કષાયની મંદતા હોય છે.) અને એવા મંદ કષાય કોઈ અત્યારે દ્રવ્યલિંગી સાધુ જોવેને તો દુનિયા પાગલ થાય એની પાછળ. ઓહો હો ! શું સાધુ છે ! શું આ સાધુ છે ! એમ લાગે. કારણ કે ભાવલિંગી અને દ્રવ્યલિંગીમાં બીજો બહારથી તો ફેર દેખાય નહિ. અત્યારે તો દ્રવ્યલિંગીપણ કોઈ નથી. છતાંય કોક કડક આચરણ પાળનારા નીકળે છે તો લોકો એની પાછળ પાગલ થાય છે. પણ જો દ્રવ્યલિંગી મળે તો તો બહુ જોવા ન મળે એવી પરિસ્થિતિ તો દ્રવ્યલિંગીની હોય છે. એટલે એને પોતાને એવું થઈ પડે છે, બીજાને થાય એમાં શું ! એને ભૂલ થાય છે કે આ રાગની મંદતા ! આટલી બધી રાગની મંદતા ! અત્યારે હજારમો ભાગ નથી દેખાતો કોઈનો. દ્રવ્યલિંગીમાં અત્યારે જે દીક્ષા લે છે એમાં કોઈને એના હજારમો, સહસ્ત્રાંશ નથી. એવી પરિસ્થિતિ એટલો બધો કષાય એનો મંદ હોય છે દ્રવ્યલિંગપણામાં. તો એને થઈ જાય કે ઓહો હો ! કેટલી શાંતિ છે ! કેટલો કષાય મંદ છે ! ચામડી ઊતરડીને ખાર છાંટે મુખની રેખા ફરે નહિ, આંખનો ખૂણો બદલાય નહિ. કેટલી એની કષાયની મંદતા ! કહે છે કે માર્ગ કોક બીજો છે. આથી હજી માર્ગ કોક બીજો છે. એ વિષય સમજાવવો છે અહીંયાં અને એ વિષય ઉપર અહીંયાં વિશેષ લેશું...

**સ્વભાવના ભાસનથી સહજ ઉત્પન્ન સ્વભાવ પ્રતિનો ઝુકાવ - તે રૂપ પુરુષાર્થ સાથે 'સર્વ ઉદ્યમ' 'પૂરો પ્રયાસ' નો અભિપ્રાય વર્તતાં - પર્યાય સ્વભાવાકારે થઈ જાય - તે સ્વભાવની પ્રાપ્તિ છે, અર્થાત્ સ્વભાવરૂપ થયેલ અવસ્થાનો અનુભવ છે. ત્યાં સ્વભાવ દૃષ્ટિ પ્રગટે છે. ('અનુભવસંજીવની' બોલ નં.૩૮)**

## તા. ૧૦-૧૦-૧૯૮૭, વચનામૃત–૧૯૯
## પ્રવચન નં. ૧૫૫

'બહેનશ્રીનાં વચનામૃત'. ૧૯૯ બોલ ચાલે છે. પાનું ૬૪, ૬૪. છેલ્લો પેરેગ્રાફ. જ્ઞાનીની દશા અને અજ્ઞાની દશામાં ક્યાં તફાવત રહી ગયો છે ? અજ્ઞાનદશામાં દ્રવ્યલિંગી સાધુ થયો તો પણ ક્યાં અટકી ગયો છે ? મૂળ વાત છૂટી જવામાં શું કારણ છે ? અને જ્ઞાનીએ શું કર્યું છે ? એમ પરસ્પર જ્ઞાની વિરુદ્ધ અજ્ઞાનીની દશાની સમીક્ષા છે. અહીંયાં અજ્ઞાની એટલે વેપાર, ધંધા અને જગતના પાંચ ઇન્દ્રિયના વિષયોમાં રચ્યો–પચ્યો છે એ વાત નથી. અજ્ઞાની એટલે ધર્મબુદ્ધિએ, ધર્મક્ષેત્રમાં કાંઈ ને કાંઈ પ્રવૃતિ કરી રહ્યો છે; છતાં એને કલ્યાણનું કારણ મળ્યું નથી, મૂળ એના હાથમાં આવ્યું નથી. ભૂલો પડ્યો છે, ક્યાંક રોકાઈ ગયો છે એ વાતનું અહીંયાં સ્પષ્ટીકરણ કરવું છે. એટલા માટે કે મુમુક્ષુજીવ એના ઉપરથી વિચારી શકે છે કે હું કદાચ આ રીતે તો અટકતો નથી ને ? આ હેતુથી અહીંયાં એ વિષયનું સ્પષ્ટીકરણ છે.

એક તો શુભભાવની મીઠાશ થાય છે. દ્રવ્યલિંગીને ઘણી મંદતા છે એટલે **'આ રાગની મંદતા..'** ત્રીજી લીટી આપણે ચાલતી હતી. **'આ રાગની મંદતા, આ અઠ્યાવીસ મૂળગુણ, –બસ આ જ હું,...'** આવો જ હું, આટલો જ હું, હું જૈન મુનિ, હું જૈન સાધુ, હું ત્યાગી અને આ મૂળગુણ આ બધી રાગની મંદતા, આ મારું કર્તવ્ય, આ ધર્મ. આ જ હું, આવો જ હું, આ જ માર્ગ, આ જ કલ્યાણનો માર્ગ છે, આ કરું છું તે બરાબર કરું છું. **'ઇત્યાદિ કોઈ પ્રકારે સંતોષાઈને...'** અટકી જાય છે. ખાલી એમ થાય છે (એમ) નહિ પણ ત્યાં એને સંતોષ થયા વગર રહેતો નથી. કોઈપણ પરિણામ આશ્રિત, કોઈપણ પર્યાય આશ્રિત જ્યારે જીવને સંતોષ થાય, ત્યારે

પર્યાયબુદ્ધિ વધારે દઢ થાય છે. પર્યાયબુદ્ધિ વધારે દઢ થાય છે એમ કહો કે દર્શનમોહનો રસ ત્યાં વધે છે એમ કહો–બન્ને એકાર્થ છે. એટલે જ્યારે પર્યાયમાં સંતોષ થવાનો પ્રકાર ઊપજે ત્યારે આ જીવે ચેતી જવા જેવું છે, કે અહીંયાં મિથ્યાત્વને દઢ કરવાનું કાર્ય થઈ રહ્યું છે. હા, ચારિત્રમોહ મંદ થવાનો ત્યાં પ્રકાર જરૂર થતો હોય છે. દ્રવ્યલિંગી હોય કે ગૃહસ્થી હોય. ધર્મ કાર્યમાં પ્રવર્તે, વ્યવહારિક ધર્મ કાર્યમાં પ્રવર્તે(તો) કષાય મંદ જરૂર થાય, ચારિત્રમોહ મંદ જરૂર થાય; પણ ચારિત્રમોહ મંદ થવાના કાળે જો દર્શનમોહ તીવ્ર થતો હોય તો એ લાભ નથી પરંતુ નુકસાન છે, નુકસાન ઘણું છે. નુકસાન છે એમ નહિ પણ નુકસાન ઘણું છે એમ લેવું. સંતોષાઈ જાય છે એમાં આ જ હું, આટલો હું, આ ઠીક કરું છું, મને સારા ભાવ આવે છે, મારા ભાવ સારા રહે છે, બીજા કરતાં સારા રહે છે. એ આદિ પ્રકારે પરિણામ ઊપજે છે.

બીજો એક પ્રકાર સંતોષનો એવો પણ છે કે, જે તે શુભભાવયુક્ત પ્રવૃતિ કરતાં જો જીવને તે તે કાર્યની ગણના થાય કે – મેં આટલું કર્યું, મેં આટલું કર્યું, મેં આટલું કર્યું, મેં આટલું કર્યું, કે આજ ચાર કલાક વાંચન કર્યું, કે આજે પૂજા ભક્તિ કરી, કે આજે આટલા દયા–દાન કર્યા, કે આમ કર્યું કે તેમ કર્યું; એવું કાંઈ પણ મેં કર્યું આટલું તો કર્યું મારા હિતને અર્થે, મારા કલ્યાણને અર્થે મેં આટલું તો કર્યું એવું કાંઈ પણ પરિણામ થાય ત્યારે પણ એમ સમજવું કે, આ પણ એક સંતોષાવાનો જ પ્રકાર છે અથવા પર્યાયબુદ્ધિ દઢ થવાનો જ પ્રકાર છે અને અહીંયાં પણ દર્શનમોહ વધે છે, તીવ્ર થાય છે. એ પ્રકાર દ્રવ્યલિંગીને સ્થૂળપણે કે સૂક્ષ્મપણે ભજે છે અને બીજા મિથ્યાદષ્ટિને પણ ભજે છે; તો એ જીવ ત્યાં અટકી ગયો છે અને ત્યાં ફસાઈ ગયો છે, એ ત્યાંથી બહાર નીકળીને મોક્ષમાર્ગની અંદર આવી શકશે નહિ. સ્પષ્ટ વાત એ છે. આ સંતોષાઈ જવાના પરિણામનું જે ખાસ ચિહ્ન છે. આ (સંતોષપણું એ) અટકવાના પરિણામનો કોઈપણ જીવને માટે (ચિહ્ન છે.) એ વિષય ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' પુણ્ય-પાપ અધિકારની ૧૫૪ ગાથામાં એ વાત લીધી છે. ૧૫૪ ગાથા છે એમાં એ મુદ્દો સ્પષ્ટ કર્યો છે અથવા એ ચિહ્ન લીધું છે અને ત્યાં પણ દ્રવ્યલિંગીનું જ દષ્ટાંત લીધું છે એમણે.

**'પ્રતિજ્ઞા લઈને પણ,...'** પ્રતિજ્ઞા એટલે આ પંચમહાવ્રત આદિ દીક્ષામાં **'દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે (અસમર્થતાને લીધે) પરમાર્થભૂત જ્ઞાનના**

**અનુભવનમાત્ર જે સામાયિક તે સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા થકા,...'** દ્રવ્યલિંગીની વાત લીધી છે **'જેમને અત્યંત સ્થૂલ સંકલેશપરિણામરૂપ કર્મો નિવૃત્ત થયાં છે...'** એટલે એને અશુભભાવ નથી **'અને અત્યંત સ્થૂળ વિશુદ્ધપરિણામરૂપ કર્મો પ્રવર્તે છે...'** એટલે શુભભાવ છે પણ બધા સ્થૂળ છે, સૂક્ષ્મ ન કીધા. સમ્યક્દષ્ટિને સ્વભાવના ઉદ્યમમાં કચાશ રહીને જે શુભભાવ ઉત્પન્ન થઈ જાય એ સૂક્ષ્મ શુભ પરિણામ છે અને સ્વભાવના ઉદ્યમ વિના કેવળ બાહ્યક્રિયાને આશ્રયે જે શુભભાવ થાય, ભલે એ અઠ્ઠાવીસ મૂળગુણ-પંચ મહાવ્રતના થાય, એ સ્થૂળ શુભ પરિણામ છે એમ કહેવું છે. **'અત્યંત સ્થૂલ વિશુદ્ધપરિણામરૂપ કર્મો પ્રવર્તે છે એવા તેઓ...'** તેઓ એટલે દ્રવ્યલિંગી મુનિઓ. **'કર્મના અનુભવના ગુરુપણા-લઘુપણાની પ્રાપ્તિમાત્રથી જ...'** એટલે કર્મનો ઉદય તીવ્ર-મંદ થાય છે. એને પણ તીવ્ર મંદ તો થાય છે ભલે એ ભૂમિકાનો તીવ્ર મંદ થાય છે. તેના અનુભવની **'પ્રાપ્તિ માત્રથી જ સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા,...'** આ શબ્દ નાખ્યો છે. જે 'પૂજ્ય બહેનશ્રી'એ ૧૯૯મા બોલમાં શબ્દ વાપર્યો છે એ આચાર્ય મહારાજે અહીંયાં ૧૫૪મા બોલમાં નાખ્યો છે. અહીંયાં પણ એમ જ કહેવું છે કે, આ પુણ્યમાં અટક્યો છે દ્રવ્યલિંગી. તો અહીંયાં સંતુષ્ટ શબ્દ વાપર્યો, અહીંયાં પણ એ જ શબ્દ વાપર્યો છે. જુઓ ! જ્યાં પ્રકરણ ચાલે છે ત્યાં એક જ વાત આવે છે, વિષયમાં ફેર પડતો નથી. એક જ સરખી વાત આવે છે.

**'સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા, (પોતે) સ્થૂળ લક્ષ્યવાળા હોવાને લીધે...'** એનું લક્ષ સૂક્ષ્મ સ્વભાવને ગ્રહણ કરવાનું છે નહિ. **'સંક્લેશ પરિણામો ને છોડતા હોવા છતાં...'** અશુભભાવોને છોડતા હોવા છતાં, સર્વ સ્થાવર યોગનો ત્યાગ કર્યો છે ને ? **'સમસ્ત કર્મકાંડને મૂળથી ઊખેડતા નથી.'** કર્મકાંડમાં ને કર્મકાંડમાં રોકાઈ જાય છે. **'આ રીતે તેઓ, પોતે પોતાના અજ્ઞાનથી કેવળ અશુભ કર્મને જ બંધનું કારણ માનીને,... '** ભલે પ્રરૂપણામાં એમ કહે કે શુભ પણ બંધનું કારણ છે, પણ એની માન્યતામાં તો અશુભને જ બંધનું કારણ માનીને **'વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મો પણ બંધનાં કારણ હોવા છતાં તેમને બંધના કારણ નહિ જાણતા થકા,...'** એ વખત આ મારું કલ્યાણનું કારણ છે, આ પરિણામથી મને કલ્યાણ (થશે), આમ કરતાં કરતાં મારું કલ્યાણ થશે, એ કલ્યાણના કારણ જાણતા થકા **'મોક્ષના કારણ તરીકે તેમને અંગીકાર કરે છે – અને મોક્ષના કારણ તરીકે તેમનો આશ્રય કરે છે.'** આ ભૂલ

છે. આ પુણ્ય પાપ અધિકારની ૧૫૪મી ગાથામાં સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા એવો શબ્દ વાપર્યો છે. અહીંયાં કહે છે કે, એ સંતોષાઈને અટકી જાય છે. જાણ્યે અજાણ્યે જરૂર એને સંતોષ થાય છે કાં ગણના થાય છે કે હું આટલું કરું છું, હું આટલું પાળું છું, આટલું કરું છું ને આટલું પાળું છું. બહારમાં આટલો વ્યવહાર પાળું છું ને અંદરમાં આટલો સ્વાધ્યાય આદિનું ક્રિયા-કાર્ય કરું છું એમ કરું છું, કરું છું, આટલું કરું છું એ સંતોષનો જ પ્રકાર છે, બીજો કોઈ પ્રકાર નથી અને તે દર્શનમોહની વૃદ્ધિનું કારણ છે.

એવા જીવને એમ કહે છે હવે, બહાર કાઢવાનો ઉપાય હારોહાર બતાવે છે. બહુ થોડામાં પણ માલ ઘણો ભર્યો છે. **'પણ આ અંદરમાં વિકલ્પો સાથે એકતાબુદ્ધિ તો પડી જ છે તેને કાં જોતો નથી ?** ' જુઓ! અવલોકનનો વિષય આવ્યો. વિચાર કરવાની વાત નથી. જોતો નથી, તપાસતો નથી, અંતર અવલોકન કરતો નથી એમ કહે છે. ક્યાં? કે હજી વિકલ્પોથી ભિન્ન જ્ઞાનનો અનુભવ તને થતો નથી. જ્ઞાન છૂટું તરતું તને અનુભવાતું નથી એમ કાં તું જોતો નથી ? જે વિકલ્પ ઉત્પન્ન થાય છે એનાથી જરાય જુદાંઈ પોતાને અનુભવમાં આવતી નથી કે લાગતી પણ નથી; વિકલ્પ ઊઠ્યો કે એકમેક થઈ ગયો એની સાથે, આ પરિસ્થિતિ છે એને અહીંયાં એકતાબુદ્ધિ કહી છે. વિકલ્પ સાથેના હુંપણાનું પરિણમન એને એકતાબુદ્ધિ કહી છે. વિકલ્પથી ત્યાં જરાપણ જુદું જ્ઞાનનો અથવા પોતાનો, જ્ઞાનનો એટલે પોતાનો, પોતાનો એટલે જ્ઞાનનો અનુભવ થતો નથી એમ તું કાં જોતો નથી ? એમ તું કાં તપાસ કરતો નથી ? કેમ તું આ તપાસ કરવી ભૂલી જાય છે ? શું કહેવું છે અહીંયાં ?–કે તું શાસ્ત્ર અધ્યયન ઘણું કરે છે, સિદ્ધાંતોને તું જોવે છે, જૈન સિદ્ધાંતોને, જિનોક્ત વ્યવહાર પાળે છે. આ બધું કરવા છતાં જે જે રાગાદિ વિકલ્પ ઊઠે છે એની સાથે એકત્વરૂપ પરિણામ થઈ જાય છે એના પર તારું ધ્યાન કેમ જતું નથી ? આ એક બહુ મહત્વનો વિષય છે. જે અંતર અવલોકન કરે છે એના માટેનો છે.

જેને એ સાઈડ જ નથી એને એ વિચાર નહિ આવે કે આ વાત આવી રીતે તપાસવી જોઈએ. એ વિચાર જ એને નહિ આવે. એ તો એ જે કાર્ય કરે છે એ કરે જ જશે, કરે જ જશે, કરે જ જશે અને બહુભાગ તો જે રીતે જે કાર્ય કરવાનો જેને વિચાર, નિશ્ચય થઈ ગયો છે એને રુટિન થઈ જાય છે અને ડેઇલી રુટિનની અંદર પછી ઈ પ્રમાણે કર્યે જ જાય. તપાસવા ઊભો ન રહે પણ આ એકતાબુદ્ધિ

થાય છે એનું શું ? આ અહીંયાં સીધી લાલબત્તી મૂકી છે કે અંદરમાં વિકલ્પો સાથે એકતાબુદ્ધિ તો પડી જ છે. અનાદિની જે ચાલી આવી છે એ ચાલુ ને ચાલુ રહે છે. પડી છે એનો અર્થ શું ? કે ચાલુ રહી છે. થાય છે ક્ષણે ક્ષણે નવું જ પરિણમન થાય છે, પણ એમાં કાંઈ ફેર પડ્યો નથી એટલે એમ કહે છે કે એ તો હજી એમ ને એમ પડ્યું છે. તારું એકતાબુદ્ધિનું પ્રકરણ જુઓ ! બધું એમ ને એમ જ પડ્યું છે. એને કાં જોતો નથી તું ? એને કેમ તપાસતો નથી ? તારું એના ઉપર કેમ લક્ષ જતું નથી ? આ એકત્વ છૂટવા માટે શું ? રાગાદિ વિકલ્પ સાથેનું એકત્વ મટવા માટે શું ? ત્રિકાળીનો આશ્રય વિના રાગાદિનું એકત્વ છૂટશે નહિ. આ સીધો, સીધે સીધો કોઈ પ્રકાર હોય તો આ છે કે ત્રિકાળીનો આશ્રય વિના, ધ્રુવના આશ્રય વિના પરિણામ બુદ્ધિ - અનાદિથી પર્યાયબુદ્ધિ **પર્યાય મૂઢાઃ પરસમયા.** ભગવાને તો જૈનમતની બહાર મૂકી દીધા. પર સમય કહીને ! પરસમય-અન્યમત છે એમ કહી દીધું. છે અગૃહિત મિથ્યાત્વ હજી ત્યાં પણ છતાંય તે જૈનમત નથી એ વાત બહુ સ્પષ્ટ છે.

નંબર એક તો એ છે કે એકતાબુદ્ધિને કાં જોતો નથી ? બીજા નંબરમાં **'અંતરમાં શાન્તિ કેમ દેખાતી નથી ?'** દ્રવ્યલિંગી મુનિ તો છેતરાય છે કેમકે એનો કષાય એટલો બધો મંદ છે, એટલો બધો મંદ છે કે એને તો એ કષાયની મંદથી મંદતામાં શાતાની શાંતિને આત્માની શાંતિ તરીકે એ જાણી લે છે, ભૂલ ખાય જાય છે. પણ આ વિષય મુમુક્ષુ માટે વિચારણીય જરૂર છે, કે મુમુક્ષુના પરિણામમાં એટલી શાંતિ હોતી નથી. એમાં આ કાળની અંદર તો અનેક પ્રકારના જે ચિત્ર વિચિત્ર પ્રસંગો ઉત્પન્ન થાય છે એમાં એને શાંતિ રહેવાનો પ્રશ્ન નથી. કાંઈને કાંઈ ઉપાધિથી ગ્રસિત જ છે એ તો. સંસારના જે કાર્યો, સંસારના જે સંયોગો - એ સંયોગોની જે આધારબુદ્ધિ, એને લઈને એને એની ઉપાધિ, એ સંબંધીનો ભય, એ સંબંધીની જાળવણી, સાચવણી, વૃદ્ધિ કરવી આદિ કાંઈને કાંઈ પરિણામની ઉપાધિ ચાલતી હોય છે, ચાલતી જ રહે છે. અને એ આત્માની શાંતિને લૂંટે છે. ત્યારે એને અશાંતિ હોય છે અને એ અશાંતિ છે, અને શાંતિ કેમ દેખાતી નથી ? અથવા ચાલતા પરિણમનમાં એટલી અશાંતિ થતી ન હોય અને સ્વાભાવિક રીતે થોડીક શાંતિ રહેતી હોય, સર્વથા રહેવાનો તો પ્રશ્ન નથી તો એક બીજો વિચાર કરવા જેવો છે.

અહીંયાં એ શાંતિનો મુદ્દો લીધો છે કે, સમ્યક્દર્શન તો નિર્વિકલ્પ આનંદ સાથે

શરૂ થાય છે. જ્યારે સમ્યક્દર્શન પ્રગટ થાય છે, મોક્ષમાર્ગ પ્રગટ થાય છે ત્યારે નિર્વિકલ્પ દશામાં જે આનંદ ઉત્પન્ન થાય છે એ સહિત ઉત્પન્ન થાય છે, તો હજી તને એ આનંદની દશા નથી પ્રગટ થઈ ત્યાં સુધી એકત્વબુદ્ધિ પડી છે એ વાત નક્કી છે, અજ્ઞાનદશા વર્તે છે એ વાત નક્કી છે અને જે કાંઈ આત્મા સંબંધીની સમજણ, ધારણા, વિચાર જે કાંઈ છે એમાં કોઈ ભલે એ વાત સમજાણી હોય તો પણ કપડાંની ઘડ પડી એટલી જ વાત છે, આ ઘડને ખુલી જતાં વાર લાગશે નહિ. ક્ષયોપશમમાં જે બેસેલી ઘડ છે એ વિખાઈ જતાં વાર લાગતી નથી. જેમ, સુતરાઉ કપડાંની ઘડ વિખાઈ જતાં વાર લાગતી નથી. એટલા બધા બળરહિતના એ ક્ષયોપશમ જ્ઞાનના પરિણામ હોય છે. એમાં બળ નથી હોતું કાંઈ.

એટલે બીજા લાકડા દૂર થાય ત્યારે સમજાય છે, સંમત થાય છે, ઘડ પડે છે કે વાત બરાબર છે. પણ એમાં સંતોષ માનવા જેવું નથી કે મને સમજાઈ ગયું. સંતોષ માનવા જતાં જ સીધો દર્શનમોહ તીવ્ર થશે. એટલે એ ઘડમાં - એ ઘડ પડી છે તો વિખાઈ જાય એ પહેલાં, એ ઘડ પડી છે એ વિખાઈ જાય પહેલાં આ જીવે અંતર્મુખ થવા માટેની એટલી પ્રગતિ અવશ્ય અવશ્ય કરવા યોગ્ય છે કે જેને લઈને કોઈ એનું કાયમી સ્થિર પરિણામ આવે, એમાંથી શાશ્વત પરિણામ, સાદી અનંત પરિણામ ઉત્પન્ન થાય એવું તો એને આગળ વધીને કરી લેવું જોઈએ. એટલે અંદરમાં આનંદ અને શાંતિ કેમ ઉત્પન્ન થયા નથી ? એ વાત પણ એણે તપાસીને પોતાની દશાને નક્કી કરવા જેવી છે.

માત્ર **'પાપ-ભાવ ત્યાગી 'સર્વસ્વ કર્યું' એમ માની સંતોષાઈ જાય છે.'** આ ફરીને લીધું. દ્રવ્યલિંગી મુનિએ ગૃહસ્થી, રાજપાટ જે કાંઈ હોય તે છોડી દીધું છે. મુમુક્ષુ પણ કોઈ અંશે, તો કોઈ પૂર્ણપણે નિવૃત્તિ લે છે. કોઈ અંશે પ્રવૃત્તિ ઘટાડે છે, કોઈ સર્વથા સંસારીક પ્રવૃત્તિ ઘટાડી નાખે છે. તોપણ એથી કાંઈ સર્વસ્વ કર્યું અથવા મેં ઠીક ઠીક કર્યું, મેં ઘણું કર્યું, મેં આટલું તો કર્યું એ એને સંતોષનો વિષય હરગિજ થવો જોઈએ નહિ.

મુમુક્ષુ :- અજ્ઞાન કેટલું છે એ ખબર ન હોય એટલે સંતોષાઈ જાય..

પૂજ્ય ભાઈશ્રી :- ભૂલથી સંતોષાઈ જાય છે.

મુમુક્ષુ :- અંદર કેટલું ઊંડું છે તત્ત્વ..

પૂજ્ય ભાઈશ્રી :- એ એને ખબર જ નથી. એને એની ખબર જ નથી કે કેટલું ઊંડે જાવાનું છે ? હજી કેટલું બધું બાકી છે ઇ એને ખબર નથી. કેટલો રસ્તો કાપવાનો છે, (ઇ) રસ્તો હજી તો હાથ ચડ્યો પણ નથી. રસ્તો ચડ્યા પછી કેટલો કાપવો ઇ વળી બીજી વાત છે પાછી. શું ? સમ્યક્દૃષ્ટિ રસ્તે ચડ્યા પછી એમ વિચારે છે, સમ્યક્દર્શન થઈ ગયા પછી કે ઓહો..હો ! ક્યાં મુનિદશા ! શું મુનિદશા છે ! અદ્ભુત અને આશ્ચર્યકારી ! મારો પુરુષાર્થ કાંઈ નથી આની પાસે તો, હું તો કાંઈ નથી આની પાસે. એમ એને લાગ્યા કરે. અને મારું પૂર્ણ દ્રવ્ય ઓહો ! આ તો ઘણું બાકી છે; આ પૂર્ણતાને જોતાં અવસ્થામાં બરાબર સદૃશ અવસ્થા પૂર્ણ થઈ, ઘણું બાકી છે આમાં તો. આ તો અનંતમાં ભાગે છે હજી તો, એટલે એને સંતોષ થવાનો પ્રશ્ન જ નથી. એ તો લેશે અહીંયાં કે સમ્યક્દૃષ્ટિ અને આત્માર્થીને તો ઘણું બાકી છે, ઘણું બાકી છે એમ પૂર્ણતા સુધી થવાનું છે. એટલે એની આખી પરિણમનની લાઇન જુદી છે, આની પરિણમનની લાઇન જુદી છે આખી. એમ કહેવું છે.

**'પાપ ભાવ ત્યાગી...'** જેટલો ટાઈમ ત્યાગ્યો હોય, જેટલો છોડ્યો હોય એટલો. **'પાપ ભાવ ત્યાગી 'સર્વસ્વ કર્યું'...'** કોઈ કહે કે ના ના અમે સર્વસ્વ નથી માનતા પણ થોડુંક થઈ જાય છે કે આટલું કર્યું; તો કે ઇ સર્વસ્વ માની લીધું છે તે. કેમકે તું પૂરો અટક્યો છો એમાં એમ માનતા, એમ સંતોષાતા તું તો પૂરો અટક્યો છો. તને ખબર નથી કે મેં સર્વસ્વપણે માન્યું છે કે થોડુંક માન્યું છે. અમે તને કહીએ છીએ કે ઇ સર્વસ્વ થઈ પડ્યું છે તને, માટે તું પૂરેપૂરો ફસાયેલો છો અને તું ત્યાંથી બહાર નીકળવા માટે સમર્થ નથી, અસમર્થ છો.

મુમુક્ષુ :- .. ત્યાગ કરે અને આ ત્યાગ થઈ જાય. પેલાને કર્તાબુદ્ધિએ થાય...

પૂજ્ય ભાઈશ્રી :- થઈ જાય છે. કર્તાબુદ્ધિએ કરે છે, આને તો થઈ જાય છે. સ્થિરતા વધતા વિકલ્પ મટે છે. પાપભાવ ત્યાગના વિકલ્પ મટવાની શરૂઆત એની મુખ્યપણે (પંચમ ગુણસ્થાનથી થાય છે.) પાપના વિકલ્પો મટવાની શરૂઆત એને પંચમ ગુણસ્થાનથી થાય છે. ચોથા ગુણસ્થાને તો પૂર્વે અજ્ઞાનભાવે બાંધેલા કર્મો લગભગ ઉદયમાં આવે છે. ચારેય ગતિમાં સમ્યક્દર્શન થાય છે. ચારેય ગતિમાં તે પહેલા અજ્ઞાનભાવે બાંધેલા કર્મોનો એને ઉદય હોય છે અને એની સમ્યક્દૃષ્ટિની બહારની પરિસ્થિતિ એટલી બધી ચિત્ર વિચિત્ર હોય છે કે, સામાન્ય જીવને અથવા

મધ્યમ કક્ષાના જીવને આ સમ્યક્દૃષ્ટિ છે એવી પ્રતીતિ આવતી નથી. જે ઉપરની કક્ષામાં એકદમ તીવ્ર મુમુક્ષુતામાં આવેલા છે એવા જ જીવોને સમ્યક્દૃષ્ટિની ઓળખાણ થાય છે. બાકી તો ઓળખાણ થવી મુશ્કેલ છે. અને એટલે જ આ સંસારમાં જીવને સમ્યક્દૃષ્ટિનો ભેટો થયા પછી પણ એણે સમ્યક્દૃષ્ટિને ઓળખ્યા નથી એ જીવનો મોટામાં મોટો દોષ છે. આ 'શ્રીમદ્જી'નો એક પત્ર છે. જીવનો મોટો દોષ ક્યો ? તો સામાન્ય રીતે આપણે એમ કહીએ કે એને આ પોતાના આત્મસ્વરૂપને પામ્યો નહિ એ એનો મોટામાં મોટો દોષ છે. એમણે એમ ન લીધું. એમણે આમ લીધું કે, આ તો અપ્રગટ સત્ છે. પામવું સહેલું નથી, કેમકે અંતર્મુખ થવાનો રસ્તો બહુ અજાણ્યો છે અને એ સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વ છે. પણ બહારમાં જેને પ્રગટ સત્ વર્તે છે એનો તને સંપર્ક થયા પછી કેમ તને સમજણ ન પડી ? આ તારો મોટામાં મોટો દોષ છે. આમ લીધું.

એટલે અહીંયાં એમ કહ્યું છે કે **'સાચા આત્માર્થીને અને સમ્યક્દૃષ્ટિને...'** સાચા આત્માર્થીને એટલે શું ? કે બધા મુમુક્ષુ સાચા આત્માર્થી નથી. જે કોઈ કો'ક કો'ક છે...

મુમુક્ષુ :– લવાજમ તો ભરીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :– ભાઈ ! કહે છે કે અમે સભ્ય તો... મુમુક્ષુનું (લવાજમ) ભરીએ છીએ એવું આમાં ચાલતું નથી. આમાં તો સમ્યક્દૃષ્ટિ થવાને પાત્ર હોય છે, એવી જે પાત્રતામાં આવ્યા છે એ સાચા આત્માર્થી છે. પાત્રતાથી પમાશે, આ સિવાય પામવાનો બીજો કોઈ પરિણામની અંદર સુયોગ્ય કારણ નથી. ન તો પાત્ર વર્તીનો ત્યાગ તે પામવાનું કારણ છે, ન તો શુભાચરણ એ કોઈ પામવાનું કારણ છે કે શાસ્ત્ર અધ્યયન પામવાનું કારણ છે; પામવાનું કારણ કેવળ પાત્રતા જ છે. પાત્ર થયા વિના વસ્તુ રહેતી નથી. પાત્રતા એ પરમાત્માને પધારવાનું સાફસૂફ ને શુદ્ધ થયેલું આંગણું છે. ત્યાં સુધી પરમાત્માનો અવતાર થતો નથી. પર્યાયમાં પરમાત્માનો અવતાર થતો નથી.

પ્રશ્ન :– પાત્રતામાં શું શું લેવું ?

સમાધાન :– બહુ મોટું પ્રકરણ છે. આધાર લઈએ 'શ્રીમદ્જી'નો તો ૧૦૫ નંબરનો આંક છે. દસ બોલ લીધા છે. પહેલો બોલ લીધો છે કે સત્પુરુષના ચરણનો ઇચ્છુક.

લીધો છે ને ? ત્યારથી માંડીને નવ બોલ લીધા છે. નવ બોલ પૂરા કરીને પાછું કહ્યું છે કે પહેલાં જેવું એકેય નથી. તો મુમુક્ષુજીવને સહેલામાં સહેલી પાત્ર થવા અંગેની અને દર્શનમોહનો રસ ગળવા અંગેની જે કોઈ કાર્ય પદ્ધતિ છે, એનો આમાં નિર્દેશ કરેલો છે. કેવળ મુમુક્ષુનું ભલું થાય તે અર્થે જ એમણે જે વાત કરી છે તે કરી છે, બીજું કોઈ એમાં કારણ-બારણ છે નહિ.

હવે, સાચા આત્માર્થીને કેવા પરિણામ રહે છે ? અથવા સમ્યક્દ્દષ્ટિને કેવા પરિણામ રહે છે ? જુઓ ! બન્નેની એક લાઇન છે, એમ કીધું. બન્નેની લાઇન એક સરખી છે કે **'એને તો ઘણું બાકી છે, ઘણું બાકી છે એમ પૂર્ણતા સુધી...'** પરિપૂર્ણ ન થાય ત્યાં સુધી **'ઘણું બાકી છે એમ જ ભાવના રહે...'** કેવળ ઇચ્છા રહે એમ નહિ ભાવના રહે અને ભાવના રહે **'તો એનો પુરુષાર્થ અખંડ ટકી શકે.'** જુઓ ! ભાવનાની સાથે પુરુષાર્થનો બોલ લીધો છે.

અમારે પ્રશ્ન ચાલેલો છે કે ભાવના ને ઇચ્છામાં શું ફેર ? કોઈ એમ કહે કે અમને મોક્ષ પામવાની ઇચ્છા છે. કોઈ એમ કહે કે અમને મોક્ષ પામવાની ભાવના છે. તો બે એક વાત છે કે ભાવના કોઈ જુદી ચીજ છે. (બન્નેમાં) ફેર શું ? કે ફેર એ કે, એ ભાવના સાથે તદ્દસંબંધિત જો ઉદ્યમ શરૂ થાય તો એ ભાવના છે નહિતર માત્ર ઇચ્છા છે. પછી એને ભાવનાનું નામ આપો જુદી વાત છે પણ એ ખરેખર ભાવના નથી, એ ઇચ્છા છે. આ ભાવના ને ઇચ્છામાં આટલો ફેર છે. ભાવનાથી પ્રયોગ શરૂ થાય, ભાવનાથી ઉદ્યમ-પુરુષાર્થ શરૂ થાય અને ત્યારે જ જીવની ઇચ્છાને ભાવના એવું સારું નામ દેવાય છે. ત્યાં સુધી કહેવાય તો ભલે કહેવાય પણ ભાવના નથી એ ઇચ્છા જ છે, બીજું કાંઈ નથી. અને એવા રાગ માત્રથી, ઇચ્છા માત્રથી કોઈ દિવસ જીવનું કલ્યાણ થયું નથી. એવી ઇચ્છા, એવી ઉપર ઉપરની ભાવના અને ઇચ્છા અનંતવાર જીવને થઈ છે. એકવાર નથી થઈ પણ અનંતવાર જીવને થઈ છે પરતું એનું કોઈ 'દી કલ્યાણ થયું નથી અનંતકાળ ચાલ્યો ગયો છે. આપણે આ પ્રશ્ન ચાલી ગયો છે.

મુમુક્ષુ :- ભાવના છે એ અંદરની ઊંડાણવાળી ઇચ્છા છે..

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના છે એની સાથે ઉદ્યમ શરૂ થાય છે. તો જ એને ભાવના અથવા સાચી ભાવના કહેવાય, નહિતર નામ માત્ર ભાવના છે અથવા એનું

બીજું નામ ઇચ્છા છે, બીજું કાંઈ નથી. એવી જ રીતે 'ગુરુદેવ' આ વાત જેમ ભાવના સાથે જોડે છે, એમ એવી જ રીતે શાસ્ત્રના જ્ઞાન સાથે જોડે છે. કે સત્ શાસ્ત્રનો પરિચય એ સારી ચીજ છે, કરવા જેવી છે. મુમુક્ષુ જીવ સત્ શાસ્ત્ર વાંચે છે, પણ એ સમજણ સાથે જો એ અંતર્મુખ થવાનો પ્રયત્ન શરૂ ન કરે તો તે જ્ઞાનમાં શુષ્કતા આવ્યા વિના રહેશે નહિ અથવા શુષ્કતાને આવતી રોકી શકાશે નહિ. આ પરિણામ સંબંધીનું વિજ્ઞાન છે, નિયમ છે. શું ? બહારનું ખોખું ક્રિયાનું એવું લાગે, એવું ને એવું રહે. પૂજા, ભક્તિ, શાસ્ત્ર સ્વાધ્યાય આદિ અનેક પ્રકારે પ્રવૃત્તિ હોય. પણ જે શાસ્ત્રનું જ્ઞાન મળ્યું છે એમાં શુષ્કતા આવ્યા વિના નહિ રહે, રોકી નહિ શકાય. એટલે આ એક ઉપદેશ અસિધારા જેવો છે કે તું પહેલા નજીક તો આવ ! એમ કહે, સાંભળવા તો બેસ ! હવે કાને તો તને વાત પડશે ને ! કાને વાત પડે પછી જવાબદારી માથે નાખે. જો તને કાને વાત પડી છે ને !! હવે જવાબદારી છે. તારે અંતર્મુખ થવાનો ઉદ્યમ શરૂ જ કરી દેવો પડશે. જો તું શરૂ નહિ કર તો નુકસાનીમાં પાછો વયો જઈશ. જે શુષ્કતા આવશે એમાંથી આગળ વધતા સ્વચ્છંદ ઉત્પન્ન થશે અને એમાંથી આગળ વધતા તમામ દોષો પાંગરી જશે, આ પરિસ્થિતિ ઊભી થઈ જશે. આ ઉપદેશ તલવારની ધાર જેવો છે, અસિધારા જેવો છે. એને આગળ ચાલ્યે છૂટકો. જો કે આ ઉપદેશ સાંભળવા આવ્યો છે, એ ખરેખર આત્મહિતાર્થે આવ્યો છે એને તો આ વાત બધી જ અનુકૂળ પડે છે, પણ આત્મહિતની ભાવના નહિ હોવાને બદલે કોઈ અન્ય પ્રયોજન અર્થે જો આ ક્ષેત્રની અંદર જીવ હોય છે તો એને આ વાત કઠિન લાગે છે. કે વાંચીએ, આપણી શક્તિ પ્રમાણે શાસ્ત્ર અધ્યાયન કરીએ, અભ્યાસ કરીએ, શક્તિ પ્રમાણે બીજા કાર્યો કરીએ (પણ) અંતર્મુખ (ન થઈએ), ન બને તો શું કરીએ ? આ બધું તો, આ બધું તો કર્યા જ કરીએ ને ? બીજું કરવું પણ શું ? બીજું કરવું પણ શું ? આવો એક પ્રશ્ન ઉઠાવ્યો છે.

'સોગાનીજી'ની ચર્ચામાં પણ આવો એક પ્રશ્ન આવો ઊઠ્યો છે. એમાં એવી વાત ઊઠી છે કે શું કરીએ અમે ? અમે તો શાસ્ત્ર અધ્યયન (સિવાય) કરીએ પણ શું ? 'સોગાનીજી'એ બહુ કડક ઉત્તર આપ્યો છે કે આમાં તો તને વ્યવહાર શ્રદ્ધા પણ નથી. શું કીધું ? વાંચવા જેવો બોલ છે ૪૩૯મો બોલ છે. **'અંદરમેં કુછ દિખતા નહિ...'** પ્રશ્નકાર પ્રશ્ન કરે છે કે આત્મા દેખાતો નથી. આપ કહો છો કે આત્મા પ્રગટ

પરમેશ્વર અંદરમાં છે, સાક્ષાત સિદ્ધપદ સ્વરૂપ છે, અનંત ગુણનું નિધાન છે, દૈવી રત્નોનો ખજાનો છે, પણ અંદરમાં કાંઈ દેખાતું નથી. અંદરમાં આવું કાંઈ દેખાતું નથી. પ્રશ્નકારનો પ્રમાણિકતાથી આ પ્રશ્ન છે. **'પણ સ્થિરતા હોતી નહીં.'** કાંઈ દેખાતું નથી એટલે સ્થિરતા અંદરમાં થવાનો, ઉપયોગ સ્થિર થાય એ તો પ્રશ્ન રહેતો નથી. **'ઇસલિયે સુનનેકા ભાવ રહેતા હૈ ક્યા કરે ?'** વાંચવાનો કહો કે સાંભળવાનો કહો આ વાત જ્યાં ચાલે છે ત્યાં સાંભળવા જઈએ છીએ અને આ વાત જ્યાં લખી છે એવા ગ્રંથો વાંચીએ છીએ, શું કરીએ બીજું ? જ્યાં સુધી અંદરમાં આત્મા દેખાય નહિ, સ્થિર થવાય નહિ ત્યાં સુધી આ કરીએ બીજું કરીએ પણ શું અમે ?

ઉત્તર આપે છે કે **'ઇસમેં તો વ્યવહાર શ્રદ્ધા ભી નહીં આઈ.'** ઠીક. એટલો બધો માથામાં હથોડો મારે અને તમ્મર ચડી જાય એવો જવાબ આપે છે, સમજ્યા. શું કહો છો આપ ? અમે આ વાત સાંભળવા જઈએ અને આ ગ્રંથો વાંચીએ, તમે કહો છો કે વ્યવહાર શ્રદ્ધામાંથી કાઢી નાખો છો ? પણ બહુ સૂક્ષ્મતાથી ઉત્તર આપ્યો છે. એમણે જે ઉત્તર આપ્યો છે એમાં સૂક્ષ્મતા ઘણી છે કે તે એક આડ મારી દીધી. શું કર્યું ? વ્યવહાર શ્રદ્ધા કેમ ઉડાડી એની ?–કે તે એક આડ મારી દીધી કે, મને અંદર આત્મા દેખાતો નથી, મને કાંઈ અંદર અંતર્મુખ થવાતું નથી ને સ્થિર થવાતું નથી, તો મારે કાંઈ કરવું તો જોશે ? સંસારના પાપના કાર્યો કરવા ? વેપાર - ધંધા કરવા ? શું કરવું અમારે ? એના કરતાં સત્ શાસ્ત્રો વાંચીએ ! સત્ શાસ્ત્રો સાંભળીએ ! આમાં ઉપલક દૃષ્ટિએ તો એમ લાગે કે ખોટું શું છે આમાં ? કે ભાઈ ! એમ નીચેની દૃષ્ટિથી નથી જોવાનું. હવે તને પારમાર્થિક રીતે વાત કરીએ તો તે આડ મારી છે, તારી વ્યવહાર શ્રદ્ધા ચાલી ગઈ છે. તારી વ્યવહાર શ્રદ્ધા તો એમ હોય કે હું શાસ્ત્ર અધ્યયન સાંભળું કે વાંચું પણ અંતર્મુખ થવાના લક્ષે. આ લક્ષ જ તારું છૂટી ગયું છે. લક્ષ વગરની જે તારી પ્રવૃત્તિ છે એની અંદર વ્યવહાર શ્રદ્ધાનું ઠેકાણું નથી.

**'ઇસમેં તો વ્યવહાર શ્રદ્ધા ભી નહીં આઈ. સુનને કા અભિપ્રાય હી નહીં હોના ચાહીએ.'** શું કહે છે ? કડક પડે એવું છે જરા. એટલે શું છે અહીંયાં અભિપ્રાયમાં શું થઈ જાય છે ? એક રાગ થઈ જાય છે. સાંભળવાનો અથવા વાંચવાનો જીવને રાગ થઈ જાય છે; અને એ કરતાં કરતાં મને લાભ થઈ જશે એ એક અભિપ્રાય થઈ જાય છે. આ જ એને પ્રતિબંધ છે. આખો અભિપ્રાય ઊલટો થઈ જાય છે. આ

જ એને પ્રતિબંધ છે.

મુમુક્ષુ :- વાંચવાનું, સાંભળવાનું થઈ શકતું હોય, ઉદ્યમ ન થઈ શકતો હોય તો ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉદ્યમ ન થઈ શકતો હોય તો ઉદ્યમ કરવાનો પ્રયાસ ચાલું કરવો. પ્રયત્ન તો કરવો કે ન કરવો ? હું પ્રશ્ન પૂછું હવે, તમે મને પ્રશ્ન પૂછો છો, એકાદો હું પૂછી લઉં કે તરસ લાગી હોય ને પાણી ન મળતું હોય તો શું કરવું ? ભજિયા ખાવા, ગાંઠિયા ખાવા, દાળિયા ખાવા શું ખાવું ? હેં ? તરસ લાગી છે અને પાણી મળતું નથી. ક્યાંય પાણી દેખાતું નથી હવે કરવું શું ? હાથ જોડીને બેસી રહેવું ? કે હવે ક્યાંય પાણી દેખાતું નથી. પાણી દેખાતું નથી તો કરવું શું ? હાથ જોડીને બેસી રહેવું. મળવાનું હશે ત્યારે પીશું.

મુમુક્ષુ :- એટલી લગની નથી લાગતી...

પૂજ્ય ભાઈશ્રી :- પાણી જ જોઈએ અને પાણી જ જોઈએ. કેમકે એને ખબર છે કે પાણી નહિ મળે તો મરી જઈશ અને મરવું નથી ઇ વાત નક્કી છે. ઇ પાણીનો પ્રયત્ન કર્યા વગર રહી શકે નહિ (કેમકે) જરૂરત લાગી છે એટલે. રહી શકે જ નહિ. એમ જો તને તરવાની જરૂરત લાગી છે, પ્રયત્ન કરવો એ જરૂરી લાગ્યો છે તો તું પ્રયત્ન કર્યા વગર નહિ રહી શકે, પણ તું પ્રયત્ન કરવા માથે મીંડું વાળી દે છો પહેલેથી જ. તે કે મારાથી પ્રયત્ન થતો નથી, હું પ્રયત્ન કરી શકતો નથી. હવે વાંચ્યા કરો, હવે વાંચ્યા કરો. અનંતકાળ કરને તારો પત્તો નહિ લાગે. અનંતકાળ કરીશ તોય પત્તો નહિ લાગે, એમ કહેવું છે આમાં. કેમકે આમાં તો વ્યવહાર શ્રદ્ધા તારી ગઈ છે તને ખબર નથી. બહુ સરસ વાતો, બહુ માર્મિક વાતો કેટલીક આવી છે.

પ્રશ્ન :- વ્યવહાર શ્રદ્ધાનો શું અર્થ ?

સમાધાન :- વ્યવહાર શ્રદ્ધા એટલે જે સમજણપૂર્વકની માન્યતા છે, બુદ્ધિપૂર્વક વિચારીને જે માન્યતા છે એમાં વિપરીતતા છે, એમ કહેવું છે. આ કરતાં કરતાં થઈ જશે, આ વાંચતા વાંચતા, સાંભળતા સાંભળતા લાભ થઈ જશે એ બુદ્ધિપૂર્વકનો સમજણનો ગોટો છે, અબુદ્ધિપૂર્વકનો નથી. અબુદ્ધિપૂર્વકનો તો અનાદિનો ચાલ્યો આવે છે.

મુમુક્ષુ :- પ્રયત્નની દૃષ્ટિએ જ્ઞાયકનો આશ્રય જ મુક્તિનો માર્ગ છે એવી એને વ્યવહારે શ્રદ્ધા છૂટી ગઈ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે ઇ વ્યવહાર શ્રદ્ધા છૂટી ગઈ અને ખરેખર તો

જો એ વ્યવહાર શ્રદ્ધા છે તને કે જ્ઞાયકના આશ્રયે લાભ થાય છે, એવી જો તને વ્યવહાર શ્રદ્ધા છે તો તારો પ્રયત્ન શરૂ થાય થાય ને થાય જ. સમજ્યા ! એનું નામ વ્યવહાર શ્રદ્ધા છે. આ અસિધારા જેવો માર્ગ છે. ભાઈ ! સાચી સમજણ કોને કહેવી ? કે સાચી સમજણ એને કહેવી કે, સમજણને કામે લગાડે એને કહેવી; નહિતર તો સમજણ સાચી હોય તો પણ સાચી નથી. પોપટ બે ને બે ચાર બોલે. સરવાળો સાચો કે નહિ ?–કે પોપટનો ખોટો. બે ને બે ચારમાં સરવાળામાં શું ભૂલ છે ? તો કે પોપટની ભૂલ છે. સરવાળો સાચો હોવા છતાં પોપટની ભૂલ છે. એમ સાચી સમજણ–સમજણ કામે ન લાગે તો એ સાચી સમજણ સાચી સમજણ નથી. સાચી સમજણનું ખોખું જરૂર છે, સમજણ સાચી નથી એ વાત નક્કી છે.

મુમુક્ષુ :– પ્રયત્ન કરવા છતાં નફો ન મળે !

પૂજ્ય ભાઈશ્રી :– બને નહિ, ત્રણ કાળમાં બને નહિ. જ્ઞાનીઓની guarantee છે. જે જીવ પ્રયત્ન કરે એને લાભ ન થાય (એમ) ત્રણકાળમાં (બન્યું નથી). ભૂતકાળમાં બન્યું નથી, વર્તમાનમાં બનતું નથી, ભવિષ્યમાં બનશે નહિ. guaranteed વાત છે.

મુમુક્ષુ :– બહારમાં તો ન જ મળે, પણ આમાં તો મળે મળે ને મળે જ...

પૂજ્ય ભાઈશ્રી :– મળે મળે ને મળે જ. ન મળવાનો પ્રશ્ન નથી. કેમકે ભાવનાવાળાને પ્રયત્ન થાય છે. ભાવના વગરનાને પ્રયત્ન થતો નથી. ઇચ્છા અને ભાવનામાં ફેર એ વાત કરી છે. ભાવના નિષ્ફળ જતી નથી. મેરુ તૂટી જાય તો તૂટી જાય, ચૌદ બ્રહ્માંડ ઊથલી જાય તો ઊથલી જાય, ભાવનામાં ફેર પડતો નથી. આવી વાત છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' હજારો વાર કહેતા કે પ્રાપ્તની પ્રાપ્તિ થાય જ...

પૂજ્ય ભાઈશ્રી :– સીધી વાત છે.

મુમુક્ષુ :– આ બોલની ત્રીજી લીટી છે, આ જ બોલમાં ચોક્કસ પ્રાપ્તિ થશે જ...

પૂજ્ય ભાઈશ્રી :– હા, ચોક્કસ પ્રાપ્તિ થશે જ, એ વાત લીધી છે. એ તો વાતે વાતે એમણે કહ્યું છે. અનેક બોલમાં, 'પૂજ્ય બહેનશ્રી' તો અનેક બોલમાં કહે છે. થશે જ થશે ! થશે કે નહિ થાય ? કોણ જાણે ? એ વાત અહીંયાં નથી. એમ કહેવા પાછળ હેતુ છે કે તને વિશ્વાસ આવે છે અમારી વાતમાં તો પ્રયત્ન શરૂ કર. જો

એમ કહીએ કે કદાચ થાય, કદાચ કોઈને ન થાય તો ? તો તને વિશ્વાસ નહિ આવે. ને તને એમ થશે કે કદાચ મને નહિ થાય તો ? તારા પ્રયત્નનું જોર નહિ ઊપડે; આમાં જોર ઊપડશે તને. અહીંયાં તો એ સ્પષ્ટીકરણ કર્યું છે. સાંભળવાનો રાગ થવો એક વાત છે, અભિપ્રાય થવો એ બીજી વાત છે, બન્નેમાં બહુ મોટો ફરક છે. **'સુનતે હી...'** અહીંયાં કહે છે કે, હવે **'સુનતે હી ઇધર કા પ્રયાસ ચાલુ હો જાના ચાહીએ.'** આ વાત એમણે જે કરી છે એ બહુ મુદ્દાની કરી છે. મુમુક્ષુ જીવ માટે માર્ગદર્શન બહુ અસાધારણ (માર્ગદર્શન) આપ્યું છે.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ Theoryમાં Theory સમજાણી, પણ એ Theoryને કામે કેમ લગાડવી ઇ વાત કેમ ન સમજાણી ? ઇ Theory નથી આવતી અંદર ?

મુમુક્ષુ :- શાસ્ત્રમા વાંચીએ તો શાસ્ત્રમાં તો એ Theory આવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે; પણ હવે અહીંયાં તો આ બધું એવું છે કે જીવના ભાવોની વાત ચાલે છે. આ જે પ્રકરણો ચાલે છે એમાં જીવના ભાવોની વાત ચાલે છે, પરિણામોની વાત ચાલે છે. બધા પરિણામ તને અનુભવગોચર છે. રાગની વાત ચાલે છે તો તને અનુભવગોચર છે, દ્વેષની વાત ચાલે છે તો તને અનુભવગોચર છે, મોહની વાત ચાલે છે તો તને અનુભવગોચર છે. હવે જે પરિણામ તને અનુભવગોચર છે એની જે Theory ચાલે છે એ વિષયની અંદર તારે ક્યાં શીખવા જાવું છે બીજાના ઘરે હવે ! ચાલતા ભાવો છે એને તું મેળવણી કર, મીંઢવણી કર.

'ટોડરમલજી'એ સંગીત શીખવાવાળાનો દાખલો આપ્યો છે કે કોઈ સંગીત શીખવા જાય છે ત્યારે રાગ-રાગીણીને શીખે છે. એમાં સ્વર, માત્રા અને એ બધું શીખી અને નક્કી કરે છે કે આ ફલાણો છંદ છે કે આ મંદાક્રાંતા છે, આ ભુજંગ છે, આ અનુષ્ટુપ છે, આ શાર્દુલવિક્રીડીત છે, આ વસંતતિલકા છે. બધા છંદો નક્કી કરે છે એની માત્રા અને સ્વર જોઈને. જ્યારે કોઈ ગાય છે ત્યારે એને ખબર નથી પડતી કે આ ક્યુ ગાય છે ? ક્યા છંદમાં ગાય છે ?-તો એણે એ વિષય શીખ્યો છે જરૂર પણ એને ઓળખાણ થઈ નથી. એ છંદની એને ઓળખાણ થઈ નથી. કોઈ જીવ એવો છે કે જેને માત્રા-સ્વરનું જ્ઞાન જેને નથી કે ભાઈ, આ ઓગણીસ માત્રાનું અનુષ્ટુપ હોય અને એકવીસ માત્રાનો ભુજંગ હોય. એવી એને ખબર ન હોય.

મંદાક્રાંતાની કેટલી માત્રા છે ? ને વસંતતિલકાની ? ને શાર્દુલવિક્રીડીતની કેટલી છે ? ઇ એને ખબર ન હોય કેમકે ઇ કવિત્વનો વિષય છે. પણ કોઈપણ જ્યારે ગાય ત્યારે ઇ તરત એમ કહે કે અત્યારે આ રાગ ચાલે છે. જેવો સાંભળે ઇ ભેગો કહે કે અત્યારે આ રાગ ચાલે છે, તો એને રાગની ઓળખાણ છે. એમ તત્ત્વની અંદર તને શાસ્ત્ર-અભ્યાસ હો વા ન હો પણ તને ભાવભાસન હોવું જોઈએ કે રાગ કોને કહેવાય ? આશ્રવ કોને કહેવાય ? સંવર કોને કહેવાય ? આત્મા કોને કહેવાય ? અજીવ કોને કહેવાય ? જીવ કોને કહેવાય ? આ બધા તત્ત્વનું તને ભાવભાસન હોવું જોઈએ. ઇ મુદ્દાની વાત છે. એ વાત એમણે લીધી છે.

મુમુક્ષુ :- ઓળખાણની વાત લીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઓળખાણની વાત લીધી છે.

પ્રશ્ન :- પ્રયોજનની ખામી છે ?

સમાધાન :- પ્રયોજનની ખામી છે, ભાવનાની ખામી છે, પ્રયત્નની ખામી છે. ખામી છે ત્યાં સોએ સો ટકાની બધી ખામી જ છે, એમ છે.

મુમુક્ષુ :- માનીએ કે Theory બેઠી છે પણ ખરેખર નથી બેઠી. બેઠી હોય અને પુરુષાર્થ ન ઊપડે એ..

પૂજ્ય ભાઈશ્રી :- બેઠી છે એ સંતોષ લેવા જેવો નથી. એ તો આ બોલ ચાલે છે.

મુમુક્ષુ :- બેઠી હોય અને પુરુષાર્થ ન ઊપડે એમ કેમ બને ?

પૂજ્ય ભાઈશ્રી :- એમ કેમ બને ? આ ચીજ જ એવી છે કે બેસે એને પુરુષાર્થ ઊપડે છે, બાકી બધું બેઠાનો સંતોષ છે અને દર્શનમોહનું વૃદ્ધિપણું છે ત્યાં જાણે-અજાણ્યે પણ. ઇ તો વાત અહીંયાં લે છે. સંતોષાઈ જાય છે, જીવ સંતોષાઈ જાય છે. જીવ સંતોષાઈ જાય છે ઇ તો પોકાર છે આ બોલનો. બોલમાં વાત જ ઇ મૂળ છે.

**'સાચા આત્માર્થીને અને સમ્યક્દૃષ્ટિને તો 'ઘણું બાકી છે, ઘણું બાકી છે' એમ પૂર્ણતા સુધી ઘણું બાકી છે એમ જ ભાવના રહે અને તો જ પુરુષાર્થ અખંડપણે ટકી શકે.'** તો જ પુરુષાર્થ ચાલુ રહે અને નહિતર પુરુષાર્થ ઉપર પૂર્ણવિરામ લાગી જાય એટલે કે પુરુષાર્થ બંધ થઈ જાય. પુરુષાર્થ બંધ થઈ જાય એટલે વીર્યગુણ પરિણમતો બંધ નહિ થાય પણ ઊંધો પુરુષાર્થ ચાલુ થશે એમ છે. એ વસ્તુસ્થિતિ છે. પરિણામની એ વસ્તુસ્થિતિ છે. હવે, અહીંયાંથી જ્ઞાનીની વાત લીધી છે. અત્યાર

સુધી અજ્ઞાનીની વાત લીધી છે.

કે **'ગૃહસ્થાશ્રમમાં...'** ભલે સમકિતી છે. અહીંયાં દ્રવ્યલિંગીની વાત લીધી દૃષ્ટાંતમાં, સિદ્ધાંતમાં ચોથા, જઘન્ય ગુણસ્થાનવાળાની વાત લે છે. સમર્થ દૃષ્ટાંત લેવું જોઈએ ને ? એટલે. એટલે નિર્જરા અધિકારમાં 'કુંદકુંદાચાર્યદેવે' સમ્યક્દૃષ્ટિની નિર્જરા પકડી છે, પંચમ ગુણસ્થાનવર્તી અને મુનિની નિર્જરા પકડી નથી; કેમકે નિર્જરા તત્ત્વ સમજાવવું છે. તો એ સમર્થમાં સમર્થ દૃષ્ટાંત લે કે સમ્યક્દૃષ્ટિની નિર્જરા ! ક્યો સમ્યક્દૃષ્ટિ ? કે ભોગોપભોગની વચ્ચે દેખાય છે એ સમ્યક્દૃષ્ટિ તને બતાવું છું. શું લીધું ? ક્યાંથી ? ત્યાંથી જ અધિકાર શરૂ કર્યો સંવરનો અધિકાર જરા વિસ્તારવાળો લીધો. પછી સમ્યક્દૃષ્ટિના આઠ અંગ લીધા, સમ્યક્દૃષ્ટિની પ્રશંસા કરી, બધું કર્યું, આગળ નિર્જરા સાબિત કર્યા પછી. પણ ઉપાડી અહીંથી વાત ને. કેમકે નિર્જરા તત્ત્વ છે એમની પાસે. એ તને સમજાય છે તત્ત્વ દૃષ્ટિએ ! એ તત્ત્વ તને સમજાણું ? ભાવ ભાસ્યો ? તો તને નિર્જરા તત્ત્વ સમજાશે. અહીંયાં પણ એ વાત લે છે.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– હા, એની સામે ભાવલિંગી ન લીધા.

મુમુક્ષુ :– ઇ તો બરોબર છે પણ અહીંયાં ભાવલિંગી નહિ લઈને સમ્યક્દૃષ્ટિને લીધા, નીચા સ્ટેજવાળાના જે ભાવો હોય...

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, અહીંયાં અજ્ઞાનીની વાત લેવી છે, દ્રવ્યલિંગી અજ્ઞાનીની વાત લેવી છે. એટલે જેણે ઘણો ત્યાગ કર્યો છે, ઘણા શાસ્ત્રો વાંચ્યા છે એવું સમર્થ દૃષ્ટાંત લીધું, છતાં ભૂલો પડ્યો છે. બીજા ભૂલા પડે એમાં કાંઈ પ્રશ્ન નથી પણ આ પણ ભૂલો પડ્યો છે, આટલું કરવા છતાં ભૂલો પડ્યો છે. તો નીચેના જેને ઓછો ત્યાગ, ઓછું અધ્યયન છે એને તો આવી ભૂલ નથી ને એ જાણી લેવું જોઈએ. એમ વાત છે. **'ગૃહસ્થાશ્રમમાં સમકિતીએ મૂળિયાં પકડી લીધાં,...'** શું ? અને **'દૃષ્ટિ-અપેક્ષાએ...'** તો **'બધું કરી લીધું,...'** જાવ ! કૃત-કૃત્ય થઈ ગયો ! છે જઘન્ય મોક્ષમાર્ગ !! હજી તો એને એમ લાગે છે કે મારે ઘણું બાકી છે. મુનિદશા પણ એને અદ્ભુત અને આશ્ચર્યકારી લાગે છે. અરિહંતદશા તો એથી વિશેષ છે અને એ એનું ધ્યેય છે ત્યાં પહોંચવું છે, પૂર્ણ થવું છે. તો કહે છે કે **'દૃષ્ટિ-અપેક્ષાએ'** તો **'બધું કરી લીધું.'** કેમ ? કે શુદ્ધ પર્યાયને કરવી એ વાત પણ કર્તૃત્વમાંથી ચાલી ગઈ. એટલે એક ન્યાયે

એને કૃત-કૃત્યતા થઈ ગઈ. વળી પોતાનું પરિપૂર્ણ સ્વરૂપ જે છે એ સ્વરૂપે હું છું એનો સ્વાનુભવ–અપરોક્ષ અને પ્રત્યક્ષ સ્વાનુભવ થયો કે જે સ્વાનુભવને લીધે એને હવે હું પરમાત્મા છું એમાં શંકા નથી. ત્રણલોકનો નાથ છું ! આ વિષયમાં એને શંકા નથી. જ્યારે આ વિષયમાં એને શંકા નથી ત્યારે એને હવે કરવું શું ?–કે મારા મૂળ સ્વરૂપમાં તો કરવાનો પ્રશ્ન નથી. અવસ્થા ? તો કે અવસ્થા આપોઆપ શુદ્ધિમાં વૃદ્ધિગત થતી અનુભવગોચર થઈ રહી છે. એમાં કર્તૃત્વનો પ્રશ્ન રહેતો નથી. ભાવશક્તિ પરિણમી જ રહી છે અને અભાવભાવ શક્તિ પણ પરિણમી જ રહી છે. વિભાવનો અભાવ કરીને સ્વરૂપનો સદ્ભાવ થવાની શક્તિ, અનંત શક્તિઓમાં આ બધી શક્તિ મારી પરિણમી જ રહી છે. કરવાનો ક્યાંય મને પ્રશ્ન રહેતો નથી. પુરુષાર્થ કરવું, જ્ઞાન કરવું, દૃષ્ટિ કરવું, ચારિત્ર કરવું–એક ન્યાયે કોઈ એ પ્રશ્ન રહ્યો નથી. થઈ જ રહ્યું છે એને કરવું શું ? અને હું આ છું એનું જોર એને વર્તે છે. આ એને મૂળિયું પકડ્યું છે.

**'ગૃહસ્થાશ્રમમાં સમકિતીએ મૂળિયાં પકડી લીધાં, બધું કરી લીધું.'** એ તો કૌંસમાં ખુલાસો કર્યો છે પંડિતજીએ કે દૃષ્ટિ અપેક્ષાએ બધું કરી લીધું. કેમકે તર્ક–વિતર્ક કરનારા છે કે હજી તો ગુણસ્થાન બધાય બાકી છે, પાંચમાંથી માંડીને ચૌદ સુધીના. તો કે અહીંયાં દૃષ્ટિ અપેક્ષાએ વાત ચાલે છે એટલે કૌંસમાં વાત લઈ લીધી. બાકી બોલવામાં તો સીધું જોર જ માર્યું છે. અપેક્ષા બતાવીને વાતને ઢીલી કરતા નથી. 'સોગાનીજી'ની પદ્ધતિ છે. અપેક્ષા બતાવીને વાતને ઢીલી કરતા નથી. એ વાત તો સીધી જ આવી છે. મૂળ શબ્દોમાં તો સીધી જ આવી છે. ખુલાસો તો પાછળથી કર્યો. **'ગૃહસ્થાશ્રમમાં સમકિતીએ મૂળિયાં પકડી લીધું. બધુ કરી લીધું, અસ્થિરતારૂપ ડાળાં-પાંદડાં જરૂર સુકાઈ જશે.'** એ તો રાગને મરેલો જ જોવે છે. શક્તિહીન, રાગના પ્રાણ હરાઈ ગયા છે. હવે એ રાગ તડફડીયા મારતો મારતો મરી જવાનો છે. આ નજર સામે દેખાય છે. એટલે એને હવે એ સંબંધીનો પુરુષાર્થ ચાલુ વર્તતો હોવાથી કોઈ જાતની ચિંતા એને થતી નથી કે આ રાગ છે એનું શું ? એની ચિંતા સમ્યક્દૃષ્ટિને નથી.

**'અસ્થિરતારૂપ ડાળાં-પાંદડાં જરૂર સુકાઈ જશે.'** વિશ્વાસ છે, પ્રતીતિ છે, સો એ સો ટકાની ધરપત છે કે આ બધું સુકાઈ જવાનું છે. **'દ્રવ્યલિંગી સાધુએ આ મૂળ જ પકડ્યું નથી;...'** આ સરખામણી કરે છે સમકિતી સાથે... દ્રવ્યલિંગી સાધુ– એણે આ પકડ્યું નથી. બહારમાં ઘણું કરેલું દેખાય – અટ્ઠાવીસ મૂળગુણ, પંચ મહાવ્રત,

શાસ્ત્ર અધ્યયન (પણ) મૂળમાં આ વાત પકડી નથી. **'દ્રવ્યલિંગી સાધુએ** આ **મૂળ જ પકડ્યું નથી;...'** મૂળ પકડ્યું નથી એટલે **'એણે કાંઈ કર્યું જ નથી.'** જ્ઞાનીની નજરમાં, એણે–જ્ઞાનીએ એના ઉપર મીંડું મૂક્યું છે. એણે કાંઈ જ કર્યું નથી.

મુમુક્ષુ :– આમાં અમારો ક્લાસ ક્યાં ?

પૂજ્ય ભાઈશ્રી :– છતાંય એમ કહે છે કે ગૃહસ્થાશ્રમમાં સમકિતી મૂળિયું પકડે છે. આપણે ક્લાસમાં આવી શકીએ એમ છીએ. આપણે કાંઈ પ્રતિબંધ મૂકવાની જરૂર નથી કે ન જ આવી શકીએ, એવું કાંઈ નથી. આપણે પ્રયત્ન કરીએ તો આપણે આવી શકીએ. બીજા આપણા જેવા જ જીવો હતા જે પહેલાં અજ્ઞાની હતા અને બધા જ્ઞાની થયા છે. એ કોઈ અનાદિ–અનંત કોઈ જ્ઞાની છે એવું તો છે જ નહિ બધાય સાદી–અનંત જ જ્ઞાની છે. સાદી–અનંત જ સિદ્ધ છે. કોઈ પહેલેથી હોતું નથી, પણ મૂળ પકડવાની વાત છે. આમાં ઇ વાત દેખાડવી છે કે બહારમાં તું ફેરફાર કરવાની હોંશ કરી લે, ઉત્સાહ કરી લે, જોર કરી લે એમ નહિ. તારી શક્તિને અંતર્મુખ થવાના કામમાં લગાડ. મૂળ પકડવામાં એમાં ઉદ્યમ લગાડ. એમાં શક્તિનો સદ્વ્યય કર, એમાં ઉપયોગ, સદ્ઉપયોગ કર એમ કહેવા માગે છે. એમાં માર્ગદર્શનનો વિષય આટલો જ છે એની અંદર.

મુમુક્ષુ :– 'પૂજ્ય બહેનશ્રી'એ લીધું છે. ચૈતન્ય દરબારમાં ઉપયોગને લગાડી દે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, છે ને ! ઉપયોગને લગાડી દે. ચૈતન્ય દરબારમાં ઉપયોગને લગાડી દે. પહેલાં જ આવ્યું છે. પહેલાં પેરેગ્રાફમાં જ એ વાત લીધી છે. **'દ્રવ્યલિંગી સાધુએ** આ **મૂળ જ પકડ્યું નથી; એણે કાંઈ કર્યું જ નથી.** સમકિતીને, જ્યારે **સમકિતીને** તો **ઘણું બાકી છે...'** સમકિતીને પરિણામમાં એમ છે કે ઘણું બાકી છે પરિણામ અપેક્ષાએ અને **'દ્રવ્યલિંગીને...'** પરિણામમાં અભિપ્રાયમાં એમ છે કે મેં **'ઘણું કરી લીધું...'** છે.

મુમુક્ષુ :– બાહ્ય દૃષ્ટિ લોકોને ભલે લાગે.

પૂજ્ય ભાઈશ્રી :– હા **'એમ બાહ્યદૃષ્ટિ લોકોને ભલે લાગે;'** બીજાને એમ લાગે છે કે આટલું બધું કર્યું, આણે તો આટલું બધું કર્યું, આ તો આણે આટલું બધું કર્યું. (પરંતુ) કાંઈ નથી, એણે કાંઈ કર્યું નથી. અને સમ્યક્દૃષ્ટિ છે (એને માટે) બાહ્ય દૃષ્ટિએ એમ લાગે છે કે એણે તો કાંઈ કર્યું નથી, આ તો વેપાર કરે છે, ધંધો કરે છે, કુટુંબ છે, પરિવાર છે, આ છે, આ છે, આ છે બધું, આ બધું કરે છે. બાહ્યદૃષ્ટિમાં એને

એમ લાગે છે. જેણે ત્યાગ કર્યો છે ઘણું શાસ્ત્ર અધ્યયન છે, ઓહોહો ! શું આનું શાસ્ત્ર(અધ્યયન) ! શું આનું જ્ઞાન ! શું આનો ત્યાગ ! આ બાહ્યદૃષ્ટિનો વિષય થઈ જાય છે. **'પણ એમ નથી.'** ખરેખર એ પરિસ્થિતિ નથી. એ દૃષ્ટિ ઊંધી છે, એ અભિપ્રાય ઊલટો છે. **'બાહ્યદૃષ્ટિ લોકોને એમ લાગે પણ એમ નથી.'** અને જે જીવને પોતાના માટે પણ એમ જ લાગે છે કે મેં ઘણું કર્યું એ અટકી ગયો છે. એ પોતાના માટે બાહ્યદૃષ્ટિ થઈ ગયો છે. બહારમાં જે ફેરફાર થયો અને મેં ઘણું કર્યું. જાણે અજાણે સંતોષ આવ્યો, થોડો આવ્યો કે ઘણો આવ્યો, પૂરેપરો અટકી જાય છે. આખો બોલ જ એના ઉપર છે કે જીવ અટકી જાય છે એને બહાર કાઢવાની વાત છે. આખા બોલમાં જે મુદ્દો છે ઇ આ છે કે આ અટકી જાય છે ને કેમ એને બહાર કાઢવો ? સમસ્યા અને સમાધાન એક સાથે બોલમાં છે આ વિશિષ્ટતા છે. **'પરિષહ સહન કરે પણ અંદરમાં કર્તૃત્વબુદ્ધિ તૂટી નથી,...'** શું કરે છે ? કે સામાન્ય રીતે જેની પ્રકૃતિમાં પરિષહ સહન કરવો એવી પણ એક જાતની તીવ્રતા હોય છે, જોકે એને સાદી ભાષામાં હઠ કહેવામાં આવે છે. ભલે ગમે એટલા દુઃખ પડે, ભલે ગમે તેટલા પરિષહ પડે, મેં ત્યાગ કર્યો છે એ મૂકવાનો નથી. શું ? ત્યાગ એટલે ત્યાગ. પછી એની સામે કાંઈ નહિ. પક્કડ અજ્ઞાનભાવે બાહ્ય ત્યાગની કે શુભાચરણની જે પક્કડ આવે છે એમાં એને કર્તૃત્વ દૃઢ થઈ જાય છે. શું થાય છે ? દર્શનમોહ તીવ્ર થયો હોવાને લીધે અહીંયાં એને કર્તૃત્વ દૃઢ થઈ જાય છે.

પ્રશ્ન :- સમકિતી હોય એને હઠાગ્રહ કે બાહ્ય ત્યાગની પકક્ડ ન હોય ?

સમાધાન :- ના એને પક્કડ નથી એને. મોટી વાત ઇ છે કે એને પક્કડ નથી આવતી.

પ્રશ્ન :- ચોક્કસપણું તો હોય ને ?

સમાધાન :- ચોક્કસપણું એટલે પોતાના સિદ્ધાંતમાં, જ્ઞાન ધ્યાનમાં દૃઢ છે. પક્કડ નથી એટલે એમ એ વાત નથી. શું ? પણ બાહ્ય ક્રિયાનો આગ્રહ નથી. બહારની ક્રિયાની પક્કડ નથી એટલી વાત છે, એમ. શું ? અંદરમાં જે વિવેક છે, જે જ્ઞાન છે, જે સિદ્ધાંત સમજાણો છે, જે સ્વરૂપ સમજાણું છે, એમાં કોઈ એને એ ચળાવી શકે એ વાતમાં કાંઈ માલ નથી. એમાં મેરુવત્ અડગ હોય છે. પણ અહીંયાં એ વિષય નથી અહીંયાં તો જે દ્રવ્યલિંગી છે, જેણે બહારમાં ઘણો ત્યાગ કર્યો છે એણે

હઠથી કર્યો છે. હઠથી કરેલો છે એટલે એને પરિષહ પડે છે, તોપણ એ પરિષહ સહન કરે છે, અંદરમાં કર્તૃત્વબુદ્ધિ એની છૂટી નથી. **'આકુળતા વેદતો જાય છે,'** કર્તૃત્વબુદ્ધિ દૃઢ કરતો જાય છે. એણે શું કર્યું ? કે એણે કાંઈ, મોક્ષાર્થે **'એણે કાંઈ જ કર્યું નથી.'** ખરેખર તો આત્મકલ્યાણ અર્થે, મોક્ષાર્થે એટલે આત્મકલ્યાણ અર્થે એણે કાંઈ જ કર્યું નથી.

પ્રશ્ન :- નિવૃત્ત થઈ ગયો છે ને પણ બહારથી

સમાધાન :- આટલું બધું કર્યું એમ બાહ્યદૃષ્ટિથી દેખાય. એણે અંતર્દૃષ્ટિથી એમ કહે છે કે એણે કાંઈ કર્યું નથી. આમ વાત છે. એટલે આખો માર્ગનો વિષય જુદો પડે છે. બાહ્યદૃષ્ટિથી અંતર્દૃષ્ટિનો માર્ગનો વિષય જુદો પડે છે એ વાત સ્પષ્ટ કરવા માગે છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કહે કે દ્રવ્યલિંગી કાંઈ નિવૃત્ત થયો નથી, જરાય નિવૃત્ત થયો નથી...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એકવાર ચર્ચા ચાલી હતી. ઠલ્લે જતાં, સવારમાં ઠલ્લે જતાં હતા, વહેલી સવારે પાંચ, સાડા પાંચ વાગ્યે. બધા મુંગા મુંગા ચાલતા હતા, એમાંથી પોતે ચર્ચા શરૂ કરી. સમ્યક્દૃષ્ટિ નિવૃત્ત થઈ ગયો છે અને દ્રવ્યલિંગી મુનિ જરાય નિવર્ત્યો નથી. પણ સાહેબ એણે તો રાજપાટ છોડીને નિવૃત્તિ લીધી છે. તો કે ઈ જરાય નિવર્ત્યો જ નથી, અને સમ્યક્દૃષ્ટિ અંદરમાં નિવૃત્ત થઈ ગયો છે; કેમકે કર્તૃત્વ છૂટી ગયું એને. એની ચાલતી પર્યાય રાગની કે વીતરાગતાની એનું કર્તૃત્વ એને છૂટી ગયું છે એટલે એ સર્વથા એને નિવૃત્ત, એક ન્યાયે તો દૃષ્ટિ અપેક્ષાએ એ બધું કરી લીધું છે. એ નિવૃત્ત થઈ ગયો છે. અહીંયાં દ્રવ્યલિંગી છે એ જરાય નિવૃત્ત થયો નથી. સીધો આ પોઇન્ટ શરૂ કર્યો. લ્યો ! આગળ પાછળ કાંઈ વાત નહોતી. બધા મૌન થઈને ચાલતા હતા. એમાંથી પોતે અહીંથી ચર્ચા શરૂ કરી. અંદર ચાલતું હોય ને ! વિચારણા ચાલતી હોય, ચાલતા ચાલતા ચાલતા સીધી અહીંથી શરૂ કરી. એવું છે આ. એ કહે છે કે એણે કાંઈ જ કર્યું નથી. જેમ નિવૃત્ત થયો નથી તો એણે કાંઈ જ કર્યું નથી. એ રીતે અહીંયાં બે સામે સામે વિષય લઈને વિષયને બહુ જ સ્પષ્ટ કર્યો છે. અહીં સુધી રાખીએ.

શુદ્ધનયની અનુભૂતિ અર્થાત્ શુદ્ધનયના વિષયભૂત અબદ્ધસ્પૃષ્ટ-આદિરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. ચૌદ બ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા. મોક્ષમાર્ગ, કેવળજ્ઞાન, મોક્ષ વગેરે બધું જાણી લીધું. 'સર્વગુણાંશ તે સમકિત' – અનંત ગુણોનો અંશ પ્રગટ્યો, આખા લોકાલોકનું સ્વરૂપ જણાઈ ગયું.

જે માર્ગે આ સમકિત થયું તે જ માર્ગે મુનિપણું ને કેવળ થશે–એમ જણાઈ ગયું. પૂર્ણતાના લક્ષે શરૂઆત થઈ; આ જ માર્ગે દેશવિરતિપણું, મુનિપણું, પૂર્ણ ચારિત્ર ને કેવળજ્ઞાન–બધું પ્રગટ થશે.

નમૂનામાં પૂરા માલનો ખ્યાલ આવે, ચંદ્રની બીજની કળામાં આખો ચંદ્રમાં ખ્યાલમાં આવે, ગોળની એક કણીમાં આખા રવાનો ખ્યાલ આવે. ત્યાં (દૃષ્ટાંતમાં) તો જુદાં જુદાં દ્રવ્ય ને આ તો એક જ દ્રવ્ય ! માટે સમકિતમાં ચૌદ બ્રહ્માંડના ભાવો આવી ગયા. એ જ માર્ગે કેવળ. જેમ અંશ પ્રગટ્યો તેમ જ પૂર્ણતા પ્રગટશે. માટે, શુદ્ધનયની અનુભૂતિ એટલે કે શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. ૨૦૦.

## તા. ૧૧-૧૦-૧૯૮૭, વચનામૃત-૨૦૦
## પ્રવચન નં. ૧૫૬

'બહેનશ્રી'નાં વચનામૃત ૨૦૦ નંબરનો બોલ છે. પાનું ૬૫. સ્વાનુભવનો મહિમા કર્યો છે. પરમાગમને વિશે પણ ઠામઠામ સ્વાનુભવનો મહિમા આચાર્યદેવોએ પણ કરેલો છે. શું કહે છે ?–કે **'શુદ્ધનયની અનુભૂતિ અર્થાત્ શુદ્ધનયના વિષયભૂત અબદ્ધસ્પૃષ્ટ-આદિરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે.'** પહેલી જ વાત એ લીધી છે. જે વાત ભગવાન 'કુંદકુંદઆચાર્યે' ૧૫મી ગાથામાં લીધી છે તે અનુસાર વાત લીધી છે કે શુદ્ધનયની અનુભૂતિ એટલે અહીંયાં વિકલ્પાત્મક નય નથી. શુદ્ધોપયોગ પ્રગટ થયો; જે જ્ઞાન માત્ર શુદ્ધ સ્વરૂપને જ અવલંબે છે, શુદ્ધ સ્વરૂપને અવલંબવાના પ્રયોજનથી જે જ્ઞાનનો ઉપયોગ પ્રગટ થયો તેને અહીંયાં શુદ્ધનય કહે છે, તેને નિર્વિકલ્પ શુદ્ધનય કહે છે. અને અહીંયાં નય છે તો નય સાથે નય સંબંધી વિકલ્પ છે, એમ અહીંયાં નથી.

શુદ્ધ ઉપયોગ જે પ્રગટ થયો તે શુદ્ધ ઉપયોગમાં, **'શુદ્ધનયના વિષયભૂત અબદ્ધસ્પૃષ્ટ -આદિ'** એટલે પાંચે પાંચ બોલ પંદરમી ગાથાના લઈ લીધા. અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અનિયત, અવિશેષ અને અસંયુક્ત એ પાંચે પાંચ બોલ લઈ લીધા. એવો જે શુદ્ધ આત્મા છે કે જે કર્મથી બંધાયેલો નથી, અનાદિ અનંત એકરૂપ ધ્રુવ નિયત સ્વરૂપે છે, સામાન્ય સ્વરૂપે છે, રાગના સંયોગ વિનાનું, જોડાણ વિનાનું છે – એવો જે આત્મા, શુદ્ધ આત્મા છે એના અવલંબને 'એવો હું છું' એવું જે જ્ઞાનમાં પરિણમન થાય છે, આવો આ શુદ્ધ આત્મા હું છું એવું જે જ્ઞાનમાં, એવા ભાવે જે જ્ઞાનમાં પરિણમન થાય છે તેને અહીંયાં શુદ્ધનય કહ્યો છે.

પ્રથમમાં પ્રથમ એવા સ્વાનુભવમાં રાગાદિ મલિનભાવનો અભાવ થાય છે. અનંતકાળમાં રાગાદિભાવ તીવ્રતામાંથી મંદતામાં આવ્યા છે પણ એ ભાવનો સમ્યક્ પ્રકારે કદાપી અભાવ થયો નથી. પ્રથમમાં પ્રથમ સમ્યક્દર્શનના કાળમાં શુદ્ધાત્માની અનુભૂતિ થાય છે ત્યારે રાગાદિ ભાવની ચાલી આવતી જે શૃંખલા, એ શૃંખલા પહેલી વહેલી તૂટે છે. અને શુદ્ધાત્માનો અનુભવ થાય છે ત્યારે આચાર્ય ભગવાન કહે છે અથવા જિનેશ્વર ભગવાન કહે છે કે તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે, એમ કહે છે. આને જિનશાસનની અનુભૂતિ છે એટલું નહિ કહેતા, સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે, પૂરેપૂરું જિનશાસન અહીંયાં આવી ગયું છે, એમ કહી દીધું. અનુભૂતિનો મહિમા કેટલી હદે કર્યો છે એ, અહીંથી વિચક્ષણ જીવને વિચારમાં મૂકે એવો પ્રશ્ન છે. એવી વાત છે કે સ્વાનુભવ શું ચીજ છે ?

પ્રશ્ન :- જિનશાસન એટલે સંપૂર્ણમાં શું વધારે લેવું ?

સમાધાન :- સંપૂર્ણમાં પછી પૂરેપૂરું આવી ગયું. વધારે-ઓછું કાંઈ બાકી નથી.

પ્રશ્ન :- આખું જિનશાસન આવી ગયું ?

સમાધાન :- આખું જિનશાસન આવી ગયું. જ્યાં સ્વાનુભવ છે ત્યાં સંપૂર્ણ જિનશાસન છે એમ કહેવું છે. સામાન્ય રીતે બાહ્યદૃષ્ટિએ, બાહ્યદૃષ્ટિ જીવો બહારમાં પૂજા, પ્રભાવના, તત્ત્વ પ્રચાર, દેવ-ગુરુ-શાસ્ત્ર સંબંધી જે કાંઈ કાર્યો થાય છે એને જિનશાસન માને છે. ખરેખર એ જિનશાસન નથી. એવા કાર્યોમાં જ્ઞાનીઓની ઉપસ્થિતિ હોવાને લીધે અને જ્ઞાનીઓને તેવા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ આવતો હોવાને લીધે વ્યવહારે તેને જિનશાસન કહેવામાં આવે છે. તે પણ ક્યાં ? કે જ્યાં જ્ઞાનીનો વિકલ્પ છે ત્યાં. ખરેખર એ જિનશાસન છે, પણ નિશ્ચય જિનશાસન તો એમની સ્વાનુભૂતિ છે.

મુમુક્ષુ :- સ્વાનુભવમાં આખું જિનશાસન તો બરાબર છે, પછી પૂર્ણતા પામ્યા અને આખું જિનશાસન...

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે જે સમસ્ત જિનશાસન છે એનો સાર અહીંયાં સ્વાનુભવમાં છે. પછી અલ્પતા પૂર્ણતાનો ભેદ અહીંયાં ગૌણ છે, અહીંયાં જાતિ અપેક્ષાએ વિચાર છે. જાતિ અપેક્ષાએ વિચાર છે.

મુમુક્ષુ :- બાજરાની ગૂણમાં ડૂંડી મારે છે ને !

પૂજ્ય ભાઈશ્રી :- નમૂનો કાઢે છે. પણ વિચારવા યોગ્ય પ્રશ્ન હોય તો એટલો છે કે, જ્યારે આચાર્ય ભગવાન એમ કહે છે કે શુદ્ધાત્માની અનુભૂતિમાં સંપૂર્ણ જિનશાસન છે ત્યારે જે બહારના કાર્યો છે એની પ્રધાનતા કે સ્વાનુભૂતિની પ્રધાનતા ! આટલું વિચાર યોગ્ય છે. અથવા જે સ્વાનુભૂતિયુક્ત સંપૂર્ણ જિનશાસન જ્યાં છે, એવી હયાતી ત્યાં છે અને બીજા બહારના કાર્યોની પણ હયાતી છે તો જિનશાસન ક્યાં છે ? બહારના કાર્યોમાં જિનશાસન છે કે સ્વાનુભવમાં જિનશાસન છે ? આ વાત વિચારવા યોગ્ય છે, નહિતર ભૂલ થાય એવું છે. સામાન્ય રીતે, સમાજની મુખ્યતામાં સ્વાનુભવ અથવા સ્વાનુભૂતિયુક્ત સત્પુરુષ એને ગૌણ કરવામાં આવે છે, તે એની ઉપેક્ષા થાય છે ત્યાં જિનશાસનના વિષયમાં સમજણ ફેર થઈ ગયો. એ એમ માને છે કે, આ બહારના કાર્યો અને જે સમાજમાં આવેલા જીવો તે જિનશાસન છે, (પણ) એ ખરેખર જિનશાસન નથી. જિનશાસન તો સ્વાનુભવ જ્યાં પ્રગટ થયો ત્યાં સંપૂર્ણ જિનશાસન છે. એની (સ્વાનુભૂતિયુક્ત સત્પુરુષની) મુખ્યતા હોય તો બાકીનાને જિનશાસનનો ઉપચાર આવે; એની મુખ્યતા ન હોય ત્યાં બાકીના કાર્યોમાં જિનશાસન છે એ ઉપચારને યોગ્ય વાત રહેતી નથી. આ પરિસ્થિતિ થઈ છે. એ વિચારવા યોગ્ય વિષય છે.

**'ચૌદ બ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા.'** ચૌદ બ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા ત્યાં તર્ક થવા યોગ્ય છે કે એક ચકલા, દેડકાંને સ્વાનુભવ પ્રગટે; જેને કાંઈ ક્ષયોપશમ નથી અને એના સ્વાનુભવમાં ચૌદ બ્રહ્માંડના ભાવ કેવી રીતે આવી જાય ? કે કેવળજ્ઞાનની જાતિરૂપ જે સમ્યક્જ્ઞાન પ્રગટ્યું, જે સર્વજ્ઞ શક્તિના આધારે જે જ્ઞાન પ્રગટ્યું, આ સ્વાનુભૂતિ કોના આધારે પ્રગટે છે ? સર્વજ્ઞ શક્તિના આધારે જ્યાં સ્વાનુભૂતિ પ્રગટી ત્યારે એ સર્વજ્ઞતાને પ્રગટ કરશે. એ સર્વજ્ઞતાને પ્રગટ કરશે એની જાત, એનું મૂળ, એનો અંકુર અહીંયાં ફૂટ્યો છે. તેથી એમ કહ્યું કે, એમાં ચૌદ બ્રહ્માંડના ભાવો આવી ગયા અથવા ચૌદ બ્રહ્માંડમાં સારભૂત કોઈ એક ભાવ હોય તો એ આ સ્વાનુભવનો ભાવ છે. ચૌદ બ્રહ્માંડમાં સારભૂત આ ભાવ છે. આથી બીજો ભાવ કોઈ સારભૂત નથી.

**'ચૌદ બ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા...'** એમાં પ્રયોજનભૂત, ચૌદ બ્રહ્માંડમાં પણ જે પ્રયોજનભૂત ભાવ છે. મોક્ષમાર્ગ શું છે ? એટલે કે કેવળજ્ઞાનના કારણરૂપ

પરિણામ કેવા છે ? કેવળજ્ઞાન કેવું છે ? કેવળજ્ઞાનની સાથે સાથે સંપૂર્ણ શુદ્ધ બીજી જે મુક્ત અવસ્થાઓ છે બધા ગુણોની, એ મોક્ષ શું છે ? એ વગેરે બધું જાણી લીધું. કોણે ? જેને સ્વાનુભવ થયો તેણે બધું જાણી લીધું. એ તિર્યંચ હોય તોપણ એણે બધું જાણી લીધું. એને ભાવ ભાસ્યો છે મોક્ષનો, એને ભાવ ભાસ્યો છે મોક્ષમાર્ગનો. ભલે શાસ્ત્ર આધારે સંગીત નથી શીખ્યો તે પણ સંગીતને સાંભળતા કહે છે કે આ ફલાણો રાગ છે; એમ ભલે શાસ્ત્ર આધારે તિર્યંચ મોક્ષમાર્ગને અને મોક્ષને નથી સમજ્યો તોપણ એના ભાવને બરાબર સમજ્યો છે.

એટલે **'મોક્ષમાર્ગ અને કેવળજ્ઞાન, મોક્ષ વગેરે બધું જ જાણી લીધું.'** બીજું બધું તો (જાણી લીધું.) બીજાનું તો કાંઈ પ્રયોજન નથી એટલે ચર્ચા કરતાં નથી, વગેરેમાં નાખી દીધું. એ જૈનદર્શનની શૈલી છે કે નવ તત્ત્વ લીધા. તો હેય-ઉપાદેય તત્ત્વનો વિસ્તાર એટલો બધો કર્યો કે હેય તત્ત્વમાં ઊભો છે જીવ તો એના ચાર ભાગ કર્યા. પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ. એક જ વાતને, એક પરિણામને ચાર તત્ત્વમાં વહેંચ્યા. એટલે એક પરિણામે તત્ત્વદૃષ્ટિએ ચાર બાજુથી જોયું. ઉપાદેયરૂપ જે શુદ્ધ પરિણામ એને સંવર, નિર્જરા અને મોક્ષ એવા ત્રણ ઍંગલથી જોયું. એક જ પરિણામને ત્રણ ઍંગલથી જોયું. આ હેય અને ઉપાદેય એવા બે જાતના પરિણામને નવ તત્ત્વમાં સાત સ્થાન આપ્યા. નવમાંથી સાત સ્થાન એને આપ્યા. અજીવ તત્ત્વમાં મોટા આકાશને નાખી દીધું, અનંત પરમાણુઓને નાખી દીધા, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને અસંખ્ય કાળાણુંઓને નાખી દીધા. એક તત્ત્વમાં પાંચ જણને નાખ્યા. આ શું ન્યાય આની અંદર કે, એક અજીવ તત્ત્વમાં એમ કહ્યું કે આ એક તત્ત્વ; તો તમારે પાંચ જણને આ એક તત્ત્વમાં રહેવાનું છે. પેલો એક ભાવ ! તો કે એમાં ચાર ભાગ પાડશું એને ખોલવા માટે. એ શૈલી છે કે પ્રયોજનભૂત વિષય છે એને ચારેય બાજુથી સ્પષ્ટ કરે છે, (અને) અપ્રયોજનભૂતને વગેરે કહીને મૂકી દે છે. અહીંયાં વગેરે કહી દીધું. ચૌદ બ્રહ્માંડના ભાવોમાં મોક્ષમાર્ગ, કેવળજ્ઞાન, મોક્ષ આ બધું પ્રયોજન છે જીવનું. એ બધું જાણી લીધું, બાકી બધું વગેરે વગેરેમાં નાખી દીધું. એ વગેરે બધું જેને સ્વાનુભવ પ્રગટ થયો છે તેણે બધું જાણી લીધું છે અથવા એને મહાવિવેક પ્રગટ્યો છે, એના મહાવિવેક પાસે બીજો કોઈ બુદ્ધિશાળી વધારે વિવેક કરી શકે છે એ વાત રહેતી નથી.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં આધાર ન મળે અને જ્ઞાનીને પૂછીએ અને ઇ કહે..

પૂજ્ય ભાઈશ્રી :- એ એક શાસ્ત્ર આધાર છે. મુમુક્ષુને માટે જ્ઞાની કહે તે શાસ્ત્ર આધાર છે. અમે નવા નવા 'સોનગઢ' આવેલા ત્યારે. 'ગુરુદેવ' પ્રત્યે બહુમાન થયું, ત્યારે એમ કહેતા બપોરે બાર વાગે 'ગુરુદેવ' એમ કહે કે, આજ સૂર્ય નથી માથે તપતો પણ ચંદ્ર તપે છે. એમ કહે કે આ સૂર્ય નથી ઊગ્યો પણ ચંદ્ર છે !! તો અમે એમ કહીએ કે, હાજી સાહેબ. ઇ એમ કહે કે આ કાગડાને સમ્યક્દર્શન થયું છે, એટલે એને નમસ્કાર કરવાના !! એવો વિષય છે. પ્રશ્ન ઊઠવા યોગ્ય છે કે કોઈ જ્ઞાનીની એવી વાત હોય કે જે બુદ્ધિમાં ન બેસતી હોય, આપણી બુદ્ધિ ના પાડતી હોય કે, આ વાત બરાબર લાગતી નથી, બુદ્ધિમાં નથી બેસતી, તો ત્યાં મુમુક્ષુ જીવની શું ફરજ ? એવી સ્થિતિમાં મુમુક્ષુ જીવની શું ફરજ ? કે એવી સ્થિતિમાં એની એ ફરજ કે, પહેલાં એને માન્ય કરવું અને પછી સમજવા માટેનો પ્રયત્ન કરવો. કે આ બેસતી નથી તો આમાં કેમ નથી બેસતી ? હું સમજવા માગું છું, કૃપા કરીને મને સમજાવો, આ એની ફરજ છે. પણ આ બરાબર નથી અને હું કહું છું એ બરાબર છે-એ વાત સ્વચ્છંદમાં જાય છે.

**'બધું જાણી લીધું.'** એમ કહ્યું. જેને સ્વાનુભવ થયો તેણે બધું જાણી લીધું, અપવાદ નથી રાખતા. ઠીક. કેવળજ્ઞાન નથી થયું ને બધું જાણી લીધું ? કે કેવળજ્ઞાનમાં ભેદ પ્રભેદે બધું જણાય છે અહીંયાં અભેદે બધું જણાય છે. એ વિષય લીધો છે ભગવાન 'ઉમાસ્વામી'એ એમના 'તત્ત્વાર્થસૂત્ર'માં કે જેટલો કેવળજ્ઞાનનો વિષય છે તેટલો મતિ-શ્રુતજ્ઞાનનો વિષય છે. સમ્યક્ મતિ-શ્રુતનો હો ! મિથ્યા મતિ-શ્રુતનો નહિ. જેટલો કેવળજ્ઞાનનો વિષય છે તેટલો જ સર્વ ગુણ-ગુણેશું પર્યાયેશું એમ લીધું છે. સર્વ ગુણ પર્યાયો. પણ સર્વને તો જાણતો નથી, બહુ ઓછો ક્ષયોપશમ છે ? તો કે અભેદપણે બધાને જાણે છે. કેવળજ્ઞાન ભેદથી બધાને જાણે છે, આ અભેદપણે બધાને જાણે છે. જેણે કેવળજ્ઞાનને સ્વીકાર્યું, જેણે કેવળજ્ઞાનને જાણ્યું, જેને કેવળજ્ઞાન આવું હોય એવું જ્ઞાન થયું એને કેવળજ્ઞાનના વિષયનું જ્ઞાન થઈ ગયું. જેને એ જ ખબર નથી કે કેવળજ્ઞાન કેવું હોય, એને કેવળજ્ઞાનનો વિષય કેવડો, અને કેમ, હોય એની પણ ખરેખર ખબર હોઈ શકે નહિ. એમ ન્યાય છે.

મુમુક્ષુ :- આગળ જ્ઞાનીઓ થઈ ગયા અને જેમ આગમ રચતા ગયા તો હવે

પછીના જે જ્ઞાનીઓ થશે એ આગમમાં લખાતું જશે ?

પૂજ્ય ભાઈશ્રી :- લખાતું જાય છે. (આ બધા) ગ્રંથો થતાં જાય છે. ગ્રંથો બનતા જાય છે, થતા જાય છે.

મુમુક્ષુ :– ઇ આગમ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઇ આગમ જ છે ને ! આગમ જ છે. આગમ એટલે ભાવશ્રુતજ્ઞાનમાંથી નીકળેલી વાણી. જે આત્મામાંથી, આગમ તો આત્મામાંથી નીકળ્યા છે ને ? તો ભાવશ્રુતજ્ઞાનના નિમિત્તે જે વાણી નીકળી તેને આગમ કહેવાય છે. તો ભાવશ્રુતજ્ઞાનસહિત જે કહે કે, આ આમ જ હોય તો ઇ આગમ જ માનવું પડે ને ? અથવા જે આગમના સિદ્ધાંતો છે, એમાં પ્રમાણનો વિષય ચાલે છે. તો એમાં આગમ પ્રમાણ, યુક્તિ પ્રમાણ, તર્ક પ્રમાણ, અનુમાન પ્રમાણ અને અનુભવ પ્રમાણ એવા પાંચ પ્રમાણોના નામ છે અને ત્યાં અનાદિથી એમ સિદ્ધાંત સ્થાપિત છે કે પાંચેય પ્રમાણમાં અનુભવ પ્રમાણ બળવાન છે. બાકીના ચાર પ્રમાણ એની પાસે બળવાન નથી. તો આગમ પ્રમાણ અને અનુભવ પ્રમાણ બે સામેસામા ઊભા હોય તો અનુભવી કહે તે પ્રમાણ. કેમકે એ જ આગમને સમજે છે, બિનઅનુભવી આગમને સમજતો નથી. એમ છે ખરેખર તો.

મુમુક્ષુ :– આગમમાં પણ એમ જ કહ્યું છે કે અનુભવ પ્રમાણ બળવાન છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એટલે એને–આગમને (મુખ્ય કરે અને) જો એ અનુભવ પ્રમાણને મુખ્ય ન કરે અને એ સિવાય કાંઈ મુખ્ય કરે તો એ આગમને પણ પ્રમાણિક માનતો નથી અથવા આગમને સ્વીકારતો નથી, એમ સ્પષ્ટ થાય છે.

મુમુક્ષુ :– તો ઇ આગમ પ્રમાણ માગ્યું. પછી તરત કહે છે કે હવે જડનું પ્રમાણ જોઈએ ને ? પછી જોરથી કીધું, ચેતનનું પ્રમાણ જોવે છે કે જડનું ?

પૂજ્ય ભાઈશ્રી :– ઇ ચર્ચા એ દિવસોમાં ચાલી હતી. ચર્ચા ચાલી હતી કે આગમમાં પ્રમાણ મળતું નથી. વિરુદ્ધ પ્રમાણ મળે છે એ પ્રશ્ન હોય તો તો વળી બીજી વાત થાય, પણ જ્યારે પ્રમાણ મળતું નથી ત્યારે જે અનુભવ પ્રમાણ કહે છે તે જ આગમ પ્રમાણ માનવું રહ્યું, એ સ્વીકારવું રહ્યું. જો એમ ન સ્વીકારવામાં આવે તો બહુ મોટો અપરાધ થાય.

**'સર્વગુણાંશ તે સમકિત...'** એમ જ્યાં સ્વાનુભવ થયો ત્યાં સર્વ **'અનંત ગુણોનો**

**અંશ પ્રગટ્યો.'** જ્યાં સર્વગુણાંશ તે સમકિત છે એટલે કે અનંતો અનંત ગુણોનો અંશ સમ્યક્પણે, શુદ્ધપણે, જેવો ગુણ છે તેવું જ પરિણમન આંશિકપણે શરૂ થયું. ત્યાં સમકિત થયું છે, ત્યાં સમ્યક્ત્વ ઊપજ્યું છે અને સમ્યક્ત્વ ઊપજ્યું છે ત્યાં સર્વ ગુણો શુદ્ધપણે પરિણમવા લાગ્યા છે. અનંતમાંથી અનંત તો શુદ્ધ જ પરિણમે છે પણ કેટલાક મુખ્ય ગુણો જે અશુદ્ધ પરિણમે છે અને જેને લઈને જીવને સંસાર પરિભ્રમણ છે એ ગુણો પણ શુદ્ધપણે અંશથી પરિણમવા લાગ્યા અને **'આખા લોકાલોકનું સ્વરૂપ જણાઈ ગયું.'** જુઓ ! લોકાલોકનું સ્વરૂપ. છએ દ્રવ્ય એના જ્ઞાનમાં આવી ગયા ને ? છએ દ્રવ્ય જ્ઞાનમાં ભલે એના સર્વ ગુણો અને સર્વ પર્યાયોના ભેદોથી નથી આવ્યા પણ અભેદપણે તો બધા આવી ગયા છે. સોનું છે એ સોની સોનાને પરખે છે કે આ સોનું છે ને પીતળ નથી. તો સોના સંબંધીના જે મેટલના વિજ્ઞાનથી જે મેટલને સમજ્યા હોય, એ એની મેટલીક વિશેષતાઓ છે એને ભલે સોની ન સમજતો હોય, તોપણ એ સોનાને બરાબર સમજે છે. સોનામાં ભૂલ ખાતો નથી. તો એને ધાતુ સંબંધીના વિજ્ઞાનનો ભેદ પ્રભેદોનું જ્ઞાન નહિ હોવા છતાં સોનાનું જે પ્રયોજનભૂત જ્ઞાન છે એ પર્યાપ્ત છે. એ પૂરતું છે અને એમાં એ ક્યારેય પણ છેતરાતો નથી, એમ છે. એમ જ્યાં સ્વાનુભવ થયો ત્યાં એણે લોકાલોકનું સ્વરૂપ જાણ્યું. ભલે લોકાલોકમાં રહેલા સર્વ દ્રવ્યો, એના ગુણ–પર્યાયો સહિત ભલે એના ભેદો ન જાણ્યા પણ અભેદપણે એને જાણી લીધું. અહીંયાં એક પ્રશ્ન ઉપસ્થિત થવા યોગ્ય છે કે, ઉપયોગ તો શુદ્ધાત્મામાં લાગ્યો છે અને આપે એમ કહ્યું કે એને તો લોકાલોકનું જ્ઞાન થઈ ગયું. જ્યાં ઉપયોગ શુદ્ધ થયો ત્યાં લોકાલોકનું જ્ઞાન થઈ ગયું. તો ઇ કેવી રીતે થઈ ગયું ? તો કે એને લબ્ધિ પ્રગટી !! કેવળજ્ઞાનની એને લબ્ધિ પ્રગટી છે અને કેવળજ્ઞાનની લબ્ધિ પ્રગટી હોવાથી એ લબ્ધિને વશ એને એમ કહેવામાં આવે છે કે આખા લોકાલોકાનું સ્વરૂપ એણે જાણી લીધું છે, કાંઈ બાકી નથી રહેતું. આમાં કહેલી કોઈ વાત અતિશયોક્તિ નથી. તેમ રૂપિયાની જગ્યાએ સવા સોળ આના બતાવવા છે એટલી પણ વાત નથી. સમપ્રમાણ છે. ઊણું–અધિક જ્ઞાની કહે નહિ. જેટલું જ્ઞાનમાં આવે તેટલું કહે. એમ છે, એ રીતે વાત છે.

મુમુક્ષુ :– આખા લોકાલોકનું એટલે સાત તત્ત્વ અને નવ પદાર્થનું સ્વરૂપ જાણ્યું એમ કહેવું છે ?

પૂજ્ય ભાઈશ્રી :– આખા લોકાલોક... તિર્યંચ તો શાસ્ત્ર ભણ્યો નથી નવ તત્ત્વનો ? તો કે નવે તત્ત્વનું ભાવભાસન છે, કેવળજ્ઞાનનું ભાવભાસન છે એટલે કેવળજ્ઞાનનો વિષય એની અંદર સમાવેશ થઈ ગયો. છએ દ્રવ્યના નામ આવડતા નથી અને છ દ્રવ્યવાળા જિન શાસ્ત્રો એણે વાંચ્યા નથી. તો (પણ) થઈ ગયું એને, આખા લોકાલોકનું સ્વરૂપ એને જણાઈ ગયું. અથવા એક વિચાર એ તર્ક ફેંકવામાં આવે તો એમ ફેંકી શકાય કે, આખા વિશ્વને જાણ્યા પછી, આખા લોકાલોકને જાણ્યા પછી એ લોકાલોકને જાણવાનું ફળ શું ? અથવા એ જાણ્યા પછી જીવે જે કોઈ વિવેક કરવો ઘટે તે વિવેક એણે પ્રથમ કર્યો છે, માટે એણે લોકાલોકને જાણી લીધા છે. આમ છે. અને એ રીતે ઘણાં પડખેથી એ વાત સિદ્ધ થાય છે કે આખા લોકમાં લોકાલોકનું સ્વરૂપ એને જણાઈ ગયું.

'ગુરુદેવશ્રી'એ 'પરમાગમસાર'માં લીધું છે કે, ચૌદપૂર્વધારી જે ન્યાય કાઢે તે ન્યાય તે ચૌદપૂર્વને ભણ્યા વગર સમ્યક્દૃષ્ટિ કાઢે. 'પરમાગમસાર'માં એક બોલ આવે છે. ક્યાંથી કાઢે છે ? આગમ તો વાંચ્યા નથી એણે ! ક્યાંથી કાઢે છે ? કે એ આત્મામાંથી કાઢે છે. એને આગમ ભણવાની અટક નથી. 'રાજમલજી'એ ના પાડી છે. બંધન નથી લાગુ પડતું. એને આ શાસ્ત્ર વાંચ્યું છે કે નહિ ? એ બંધન એને લાગુ પડતું નથી. એમ છે.

**'આખા લોકાલોકનું સ્વરૂપ જણાઈ ગયું. જે માર્ગે આ સમકિત થયું તે માર્ગે મુનિપણું અને કેવળ થશે એમ જણાઈ ગયું'** પછી આખા લોકની ચર્ચા નથી કરતાં. એ વાત છોડી દીધી, જોયું ? કેમકે એ પ્રયોજનનો વિષય નથી. વિસ્તાર ભલે ગમે એટલો થઈ શકે પણ એ કોઈ પ્રયોજનનો વિષય નથી. પ્રયોજનની વાત કરે છે કે, જે માર્ગે આ સમકિત થયું, જે ઉપાયથી, જે રીતથી, જે વિધિથી, જે પદ્ધતિથી આ સમ્યક્દર્શન થયું; તે જ માર્ગે મુનિદશા પ્રગટ થશે, તે જ પદ્ધતિથી મુનિદશા પ્રગટ થશે અને તે જ વિધિથી કેવળજ્ઞાન પ્રગટ થશે એમ જણાઈ ગયું. એ વાત એને આખેઆખી જ્ઞાનમાં આવી ગઈ. કેવળજ્ઞાન સ્વરૂપે આત્માનો આશ્રય થયો અને સમ્યક્દર્શન થયું અને ખબર પડી કે આમ જ આશ્રય કરતાં મુનિપણું ને કેવળજ્ઞાન આવવાનું છે. આ અંતર્મુખપણાથી કેવળજ્ઞાન થશે, આ જ અંતર્મુખપણામાં રહેતા રહેતા બધી તમામ પ્રકારની પરિણતિ પ્રગટ થઈ જશે, એમ જણાઈ ગયું. એવો વિકલ્પ

કર્યા વગર એ વાત જણાઈ ગઈ, સ્વાનુભવથી એ વાત જણાઈ ગઈ.

**'પૂર્ણતાના લક્ષે શરૂઆત થઈ;...'** અહીંયાં તો અનુભવ થયો એટલે શરૂઆત થઈ ગઈ, **'પૂર્ણતાના લક્ષે શરૂઆત થઈ;** ત્યાં **આ જ માર્ગે દેશવિરતિપણું, મુનિપણું, પૂર્ણ ચારિત્ર ને કેવળજ્ઞાન -- બધું પ્રગટ થશે.'** પૂર્ણતાનું લક્ષ છે, સંપૂર્ણ શુદ્ધ થવાનું લક્ષ છે, ધ્યેય છે. એ જ માર્ગે પોતે પ્રયાણ કર્યું છે, પરિણમન શરૂ કર્યું છે, અંદરમાં પણ પૂર્ણ દ્રવ્યનું લક્ષ વર્તે છે, જરાપણ લક્ષ બહાર પૂર્ણ દ્રવ્ય જતું નથી અને મોક્ષમાર્ગની શરૂઆત થઈ છે. હવે, શરૂઆત થઈ છે એ આ જ પ્રકારે, આવા જ પ્રકારના પરિણમનમાં વૃદ્ધિગતપણું થતાં, દેશવિરતિપણું એટલે પંચમ ગુણસ્થાન પ્રગટ થશે. નાસ્તિથી દેશવિરતિપણાનું નામ છે ગુણસ્થાનનું, અસ્તિથી સ્વભાવની સ્થિરતા જેટલી જેટલી વધતી જશે, વીતરાગતા અને શુદ્ધતા જેટલી જેટલી વધતી જશે તેટલું તેટલું બહારમાં અશુદ્ધપણું અને અશુદ્ધપણાના ગુણ તો છૂટતા જશે. એના એ પ્રકારે આંશિક શરૂઆત, જ્યારે ચતુર્થ ગુણસ્થાનની આગળ ચાલતા થાય છે ત્યારે પંચમ ગુણસ્થાનને દેશવિરતિપણાનું નામ આપવામાં આવે છે. એ દેશવિરતિપણું પણ આ જ માર્ગે પ્રગટ થશે, આ જ માર્ગ એટલે આ જ વિધિએ પ્રગટ થશે. મુનિપણું એટલે સર્વવિરતિપણું ( આ માર્ગે પ્રગટ થશે.) દેશવિરતિપણું અને સર્વવિરતિપણું. મુનિપણું પણ આ જ માર્ગે પ્રગટ થશે, આ જ વિધિએ પ્રગટ થશે. મુનિદશા પણ આ જ વિધિએ આવવાની છે અને આ જ વિધિથી પૂર્ણ ચારિત્ર (એટલે કે) યથાખ્યાત ચારિત્ર – બારમું ગુણસ્થાન અને કેવળજ્ઞાન – તેરમું ગુણસ્થાન અને સિદ્ધપદ એ બધું આ જ વિધિએ પ્રગટ થશે. કોઈપણ કાર્ય પદ્ધતિમાં ફેરફાર કરવાનો પ્રશ્ન રહેતો નથી. એક જ પ્રકારની કાર્ય પદ્ધતિ છે. એક Master key હાથમાં આવી ગઈ, મિથ્યાત્વનું તાળું ખોલી નાખ્યું; હવે આગળ બધું આ જ રીતે કામ ચાલવાનું છે, એમાં બીજો કોઈ પ્રકાર નથી.

આ તો શા માટે ખુલાસો કરે છે ? કે, જ્યાં શુદ્ધાત્માની અનુભૂતિ થઈ ત્યાં સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ થઈ છે એમ કહેવું છે. એટલે કેવળજ્ઞાન અને સિદ્ધપદ પર્યંતની દશા આ સ્વાનુભવ કરતાં કરતાં પ્રગટ થવાની છે, બીજી કોઈ વિધિથી પ્રગટ થવાની નથી. એટલે અહીંયાં સંપૂર્ણ જિનશાસન છે એમ કહેવામાં આવ્યું. કહેવા પાછળ કહેનારનો કાંઈક અભિપ્રાય છે એ પકડવો જોઈએ, એમ અભિપ્રાય પકડવો જોઈએ. મૂળ ગાથામાં લીધું છે, ('સમયસાર'ની) પંદરમી ગાથા છે એમાં **'सव्वं जिनशासणं'**

એમ શબ્દ વાપર્યો છે. સંસ્કૃતમાં **સવ્વં** શબ્દનો અર્થ સમસ્ત કર્યો છે. અહીંયાં પૂજ્ય 'બહેનશ્રી'એ ગુજરાતીમાં સંપૂર્ણ શબ્દ વાપર્યો છે. સર્વ કહેતાં, સમસ્ત કહેતાં. સમસ્ત શબ્દ તો ગુજરાતીમાં પણ છે, સંસ્કૃતમાં છે, ગુજરાતીમાં પણ સમસ્ત શબ્દનો પ્રયોગ છે. પણ અહીંયાં સંપૂર્ણ શબ્દ વાપર્યો છે. સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. એમાં એનું કારણ આ છે.

બહારમાં અરિહંત પરમાત્મા, જૈન પરમેશ્વર સમોસરણમાં બિરાજમાન હોય તીર્થંકરદેવ, ત્યારે એમ કહેવાય કે, સંપૂર્ણ જિનશાસન ફૂલ્યું-ફાલ્યું છે. ત્યાં શું કહેવાય ? સંપૂર્ણ જિનશાસન ફૂલ્યું–ફાલ્યું છે. લાખો સમ્યક્દૃષ્ટિઓ, લાખો મુનિઓ અને લાખો કેવળીઓ થવા માંડે. ક્રમે ક્રમે થાય છે. બધાનો સરવાળો એક સાથે થાય એ પ્રશ્ન નથી. ક્રમે ક્રમે, જ્યાં સુધી બિરાજમાન રહે છે, નવા નવા નવા નવા ફટાફટ થતાં જ જાય છે. જેને કોડિયામાં દિવેલ અને વાટ તૈયાર છે (એના) દીવા (પ્રગટવા) માંડે છે, દીવા પ્રગટવા માંડે છે. વાણી ખરે છે (અને જીવોને) ફટાફટ ફટાફટ અંદરમાં અજવાળા થવા માંડે છે, (અને) લાખો જીવોને એ થાય છે. ત્યારે એમ કહેવાય છે કે, ત્યારે જિનશાસન ફૂલ્યું–ફાલ્યું છે. પછી એ પ્રકાર આ ક્ષેત્રને (એટલે કે ભરતક્ષેત્રને) વિશે, બીજે તો મહાવિદેહ આદિમાં ચાલુ ને ચાલુ રહે છે, પણ આપણા ભરતક્ષેત્રમાં અહીંયાં ક્રમથી એક એક તીર્થંકર થયા છે. વચ્ચે આંતરો પડે છે, ત્યારે થોડી ઓટ આવે છે. વળી પાછી ભરતી આવે છે, પાછી ઓટ આવે છે. ભરતી.. ઓટ, ભરતી.. ઓટ, ભરતી.. ઓટ એમ થયા કરે છે. પણ જ્યારે સાક્ષાત્ ભગવાન બિરાજમાન હોય ત્યારે એમ કહેવાય કે, પૂરેપૂરું જિનશાસન ફૂલ્યું–ફાલ્યું છે. એમ અંદરમાં કેવળજ્ઞાન છે અને એ જાતના બહારમાં પુણ્ય છે. એટલે અંદરના જિનશાસનનો ઉપચાર બહારના સંયોગો ઉપર આવે છે. વાસ્તવિક એમ છે, એમ ને એમ વાત નથી. સંપ્રદાયથી તે જિનશાસન નથી.

બીજી રીતે કહીએ તો કે, આ દિગંબર સંપ્રદાય છે; શ્વેતાંબર સંપ્રદાય તે જિનશાસન નથી પણ દિગંબર સંપ્રદાય જિનશાસન ખરો કે નહિ ? કે નહિ. એમ વાત છે. એ રીતે જિનશાસન નથી. જિનશાસન એ છે કે, જ્યાં જ્ઞાની બિરાજમાન (ત્યાં) સંપૂર્ણ જિનશાસન છે, અનુભૂતિસંપન્ન (જ્ઞાની) બિરાજમાન છે અને એના વિકલ્પ અનુસારની કોઈ બાહ્ય પ્રવૃત્તિ દેવ-ગુરુ-શાસ્ત્રની ચાલતી હોય તો ઉપચારથી એને

જિનશાસન કહેવામાં આવે છે. એટલી વાત છે.

મુમુક્ષુ :- જ્ઞાની પોતે તો જિનશાસન રૂપ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ પોતે તો સંપૂર્ણ જિનશાસન સ્વરૂપ છે, એ રૂપ છે શું ? એ સ્વરૂપ જ છે. એ તો આચાર્ય ભગવાન કહે છે. Authentic વાત છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય'નાં આધારભૂત વચન છે. બીજા કોઈ કહેવા આવે તો લોકો માનવા તૈયાર ન થાય પણ આ તો 'કુંદકુંદાચાર્યદેવ'નો આધારભૂત વચન છે અને 'અમૃતચંદ્રઆચાર્યદેવે' એના ઉપર જે સંસ્કૃત ગાથા રચી એટલે એમના પણ આધારભૂત વચન છે. એમ છે.

મુમુક્ષુ :- ક્ષાયિક સમ્યક્દર્શન થાય એ કેવળીના પાદવદનમાં જ થાય એમ કેમ હશે ?

પૂજ્ય ભાઈશ્રી :- એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એવો જ કોઈ નિમિત્ત-નૈમિતિક સંબંધ છે. સજાતિય સંબંધ હોય તે સજાતિય સંબંધ એવી રીતે જ હોય ને. સજાતિય સંબંધ છે ઇ બધા. વિજાતિય સંબંધ નથી પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ બધા સજાતિય સંબંધ છે. એટલે એવું છે. ટીકામાં શું કહે છે ?

**'येयमबद्धस्पृष्टस्यानन्यस्य नियतस्याविशेषस्यासंयुक्तस्य चात्मनोऽनुभूतिः सा खल्वखिलस्य जिनशासनस्यानुभूतिः'** એમાં અબદ્ધસ્પૃષ્ટ વગેરે એમ શબ્દ લઈ લીધો. વગેરેમાં પાંચેય બોલ લઈ લેવા. ગાથામાં તો ટીકા કરે છે એટલે એક એક બોલ લીધા છે. અબદ્ધસ્પૃષ્ટ આદિ. આદિમાં પાંચેય બોલ લઈ લીધા. **'चात्मनोऽनुभूतिः सा खल्वखिलस्य'** ખરેખર એમ, નિશ્ચયરૂપ એમ. પેલું વ્યવહારમાં જાય છે. **'सा खल्वखिलस्य'** અખિલ શબ્દ વાપર્યો છે. હા, **'सव्वं जिनशासनं'** ગાથામાં **सव्वं** શબ્દ વાપર્યો અને અહીંયાં **'खल्वखिलस्य'** અખિલપણે **'जिनशासनस्यानुभूतिः, श्रुतज्ञानस्य स्वयमात्मत्वात्'** કેમકે શ્રુતજ્ઞાન પોતે જ અહીંયાં આત્મારૂપે થયું છે અથવા સ્વપણે અનુભવાતું શ્રુતજ્ઞાન તે જ આત્મા છે. એ આત્માનો અનુભવ હોવાથી (સંપૂર્ણ જિનશાસન છે.) જો પોતાનો આત્મા, એક બીજી રીતે ન્યાય લાગુ પડે છે કે, જો પોતાનો પરિપૂર્ણ આત્મા જેમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાયો પડી છે અનંતી પરમાનંદની પર્યાયો પડી અને અરે ! અનંતી સિદ્ધપદની પર્યાયો પડી છે. એવો જે આત્મા એનો અનુભવ થયો, તો પછી એને અપૂર્ણ – અનુભવનો વિષય અપૂર્ણ

છે ? તમે ચોથા ગુણસ્થાને અનુભવને અપૂર્ણ કહી શકો પણ અનુભવના વિષયમાં અપૂર્ણતા લાવી શકશો ? તો કહે છે કે અનુભવ તો એનો જ થયો માટે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. આમ વાત છે. હવે બેસે છે ને ?

મુમુક્ષુ :– આત્મા પૂરો છે ને એનો અનુભવ છે...

પૂજ્ય ભાઈશ્રી :– એટલે અનુભવ છે. પૂરેપૂરો આત્મા, જેમાં અનંતી સિદ્ધની પર્યાય પડી છે. અરે ! એક સિદ્ધ પર્યાયનો તો હિસાબ લાગતો નથી, અનંતમાં ભાગે છે. એવો જે અનંત સિદ્ધ પર્યાયોનો ધણી જે અક્ષય પાત્ર છે, અનંત સિદ્ધ પર્યાયનો તો ક્ષય નથી થતો, એનો અનુભવ તે સમસ્ત જિનશાસનનો અનુભવ છે. હવે તો કાંઈ એમાં શંકા રહે એવું (નથી), તર્ક રહે એવું નથી. જ્ઞાન તો ઘણું છે ને ! પોતાની શક્તિ હોય એટલું કાઢે ! ઊંડાણ તો આચાર્ય મહારાજનું ઘણું છે !! અહીંયાં એ સૂત્ર જેવું વચન આપી દીધું. અખિલ શબ્દ વાપર્યો છે.

હવે, બીજા કેટલાક દૃષ્ટાંત આ વિષય ઉપર આપે છે. **'નમુનામાં પૂરા માર્ગનો ખ્યાલ આવે. ચંદ્રની બીજની કળામાં આખો ચંદ્ર ખ્યાલમાં આવે.'** એમ લીધું છે. પહેલાં ચંદ્રનો દૃષ્ટાંત લીધો છે. બીજના ચંદ્રને જોઈને આખા ચંદ્રનો ખ્યાલ આવે છે કે, આખો ચંદ્ર કેવો–કેવડો હોય ? એમ અહીં અંશ ઉપરથી અંશીનો ખ્યાલ આવે છે એમ કહેવું છે. **'ગોળની એક કણીમાં આખા રવાનો ખ્યાલ આવે છે.'** બંબીથી, ચપ્પાથી એક થોડોક ગોળ, કેટલોક ? એક પૈસાભાર ગોળ ચાખે, (અને) આખો રવો સ્વાદમાં આવો જ છે એનો વિશ્વાસ બરાબર આવે છે. **'ત્યાં (દૃષ્ટાંતમાં) તો જુદાં જુદાં દ્રવ્ય ને આ તો એક જ દ્રવ્ય.'** કેમકે સેમ્પલથી રવો જુદો છે. ગોળની કણીથી રવો જુદો છે ને અહીં તો અનુભવીથી, અનુભવથી અનુભવી જુદો નથી. ફેર છે એમ કહે છે. સિદ્ધાંતની અંદર આટલો ફેર છે કે, સિદ્ધાંત વધારે સજ્જડ છે, દૃષ્ટાંત પણ એની પાસે ઓછું પડે છે, દૃષ્ટાંત એની પાસે પૂરું પડતું નથી. જે પોતે કહેવા ધારે છે એમાં દૃષ્ટાંત પૂરું નથી પડતું.

મુમુક્ષુ :– ગોળના નમૂનામાં રજકણ ભિન્ન ભિન્ન છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, જુદાં જુદાં દ્રવ્યો છે. હા, ભિન્ન ભિન્ન છે. આ નમૂનો કણી છે કે, આટલી કણી લીધી, તો ઇ કણી અને આખો રવો તો જુદાં છે, છતાંય તે આખા રવાનો ખ્યાલ આવે છે; તો અહીં તો કહે છે કે અનુભવી અને અનુભવ

જુદાં રહેતા નથી. અભેદભાવે અનુભવ થાય છે. ત્યાં અનુભવી અને અનુભવ જુદાં રહેતા નથી. તો પછી તો અહીંયાં તો અખંડ દ્રવ્યની વાત છે. ત્યાં તો ખંડ ખંડ એક કટકો જુદો, આખો પદાર્થ-આખો રવો જુદો એમ ખંડ વાત છે. અહીંયાં ખંડ પડતો નથી. નમૂનામાં અને આખામાં અહીંયાં ખંડ પડતો નથી. અખંડભાવે અનુભવ છે એમ લેવું છે.

**'ત્યાં દૃષ્ટાંતમાં તો જુદાં જુદાં દ્રવ્ય અને આ તો એક જ દ્રવ્ય.'** પોતે એક જ દ્રવ્ય (છે.) અનુભવમાં તો પોતે એક જ દ્રવ્ય છે, ત્યાં બે દ્રવ્યપણાનો વિષય નથી. **'માટે સમકિતમાં ચૌદ બ્રહ્માંડના ભાવો આવી ગયા.' 'સમકિતમાં ચૌદ બ્રહ્માંડના ભાવો આવી ગયા.'** 'ભાવો બ્રહ્માંડના ભર્યા'. 'સમયસાર'ની સ્તુતિ કરી છે. જે 'સમયસાર'નો દ્યોતક છે અથવા કહેનાર છે એવો જે ગ્રંથ-શાસ્ત્ર-પરમાગમ એમાં બ્રહ્માંડના ભાવો આવી ગયા અને 'સમયસાર'રૂપ શુદ્ધ આત્મા અને એના અનુભવમાં પણ બ્રહ્માંડના ભાવો આવી ગયા. ૧૪૪ ગાથામાં, ૧૪૩ અને ૧૪૪મા સ્વાનુભવને 'સમયસાર' કીધો છે. આ જ 'સમયસાર' છે, આ જ આત્મખ્યાતિ છે એમ કહી દીધું. 'આત્મખ્યાતિ', આત્મપ્રસિદ્ધિ ટીકાનું નામ આપ્યું છે. અહીંયાં અનુભવ થયો તો એ નામ લગાડ્યું કે આ આત્મખ્યાતિ છે. આ અનુભવ કહેવા માટે આ ટીકા કરું છું એમ કહે છે. આચાર્યદેવોએ પણ ગજબ કામ કર્યું છે.

**'માટે સમકિતમાં ચૌદ બ્રહ્માંડના ભાવો આવી ગયા.'** હવે, ચૌદ બ્રહ્માંડના ભાવ જે સમકિતમાં આવી ગયા. હવે શું આથી આગળ તારે કહેવું છે કહે ? કે આથી હવે (આગળ) કાંઈ કહેવાની જગ્યા રહેતી નથી.' **એ જ માર્ગે કેવળ...'** એ જ વિધિએ કેવળ પ્રગટ થશે, બીજી કોઈ કાર્ય પદ્ધતિ નથી. એમ પણ એને-સમકિત પ્રાપ્ત થનારને પ્રતીતિ આવી ગઈ કે, કેવળ આ માર્ગે થવાનું છે, કેવળદશા આ માર્ગે પ્રગટ થશે, કેવળ શુદ્ધદશા આ માર્ગે પ્રગટ થશે એવું એને પ્રતીતિમાં આવી ગયું છે.

મુમુક્ષુ :- સમકિત થતાં એમાં એને પ્રતીતિમાં બધું જ્ઞાન તો આવી જ ગયું છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ એરોપ્લેનમાં બેસે છે, માણસ મુસાફરી કરે છે ને ? એને એરોપ્લેનનું જ્ઞાન છે ? છતાંય એને વિશ્વાસ છે કે, આ મશીનરીમાં અત્યારે ક્યાંય ખોટકો નથી. એને ખબર પડે તો બેસે ખરો ?-ન બેસે. કે ઉપર ગયા પછી ગડબડ થવાની છે તો બેસે કોઈ ?-ન બેસે. એને વિશ્વાસ છે. એને તો કોકપીટમાં જવા

પણ મળતું નથી પણ વિશ્વાસ છે કે, આ મશીનરીમાં ખોટકું નથી. પેટ્રોલ પૂરેપૂરું ભરેલું છે, જે અદ્ધર જાતા ખૂટી પડવાનું નથી અને તોપણ કાંઈ થાવું હોય તો થાય. છતાં વિશ્વાસથી જિંદગીના જોખમે ૨૫૦૦૦–૪૦૦૦૦ ફુટ ઉપર ગયા પછી એનાઉન્સ કરે છે કે અત્યારે ૪૦૦૦૦ હજાર ફુટ ઊંચે ઊડીએ છીએ. આ ફોરેન જેટ જાય છે ને ? ફૉરેનના એ બધા ૩૫૦૦૦-૪૦૦૦૦ ફુટ ઊંચે ઊડે છે. વિશ્વાસનો સવાલ છે. તો અહીંયાં એને ખ્યાલ આવે કે મારામાં અનંતુ સામર્થ્ય છે. પેટ્રોલ પૂરેપૂરું ભરેલું છે ખૂટે નહિ એવું, પેલું તો ફરીને પૂરવું પડશે. અહીંયાં ખૂટે એટલું નથી, પૂરેપૂરું સામર્થ્ય ભર્યું છે અને અનંત ગુણોની મશીનરી વ્યવસ્થિત છે. અનાદિ અનંત નિયત મારું સ્વરૂપ છે. આ નિયતનો તો એને અનુભવ છે. અબદ્ધસ્પૃષ્ટ નિયતનો તો એને અનુભવ (છે.) આખા આત્મામાં અનંત ગુણોની મશીનરી તદ્દન વ્યવસ્થિત છે, અખૂટ સામર્થ્ય ભર્યું છે, એને અવિશ્વાસ આવવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. સ્વાનુભવથી વિશ્વાસ આવે છે. એરોપ્લેનમાં સ્વાનુભવથી નથી બેસતો. એને એકેય બટનની ખબર નથી કે કયુ બટન દબાવે તો શું થાય ? છતાં વિશ્વાસથી બેસે છે. જિંદગીનું જોખમ તો ખરું કે નહિ ? ઉપરથી પડે તો એકેય હાડકું સાજું રહે નહિ, સિવાય કે આયુષ્ય હોય તો બીજી વાત છે. બાકી તો વાત પૂરી જ થાય છે. છતાંય એટલા વિશ્વાસથી બેસે છે. અહીંયાં એમ કહે છે કે, સમ્યક્દૃષ્ટિને કેટલો વિશ્વાસ હોય ? કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય તો એના વિશ્વાસમાં ફેર પડતો નથી. ઘણાં લોકો આવીને એમ કહે કે સાહેબ, આમ જ થાય, આમ ન થાય ને આમ જ થાય. એ અમારા અનુભવના વિષયમાં, અમારા પરમાર્થના વિષયમાં અને અમારા સમજણના વિષયમાં તારી સમજણ કામ આવે એવું નથી.

મુમુક્ષુ :– બધું વ્યવસ્થિત જ છે. આ અંદર અવ્યવસ્થા ઊભી કરવા જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે કેટલો વિશ્વાસ હોય છે ! જોવાની ખૂબી એ છે. સામાન્ય માણસને આટલો વિશ્વાસ આવે છે કે, એને જિંદગીનું જોખમ લાગતું નથી તો જ બેસે છે. તો જેને સ્વાનુભવ થાય એને વિશ્વાસ કેટલો ? કે બેહદ વિશ્વાસ હોય છે એનો. એની કોઈ હદ નથી, એની કોઈ લિમિટ નથી. એવો બેહદ વિશ્વાસ એ વિષયમાં છે.

મુમુક્ષુ :– પેલો વિશ્વાસ તો બીજાનો કરવાનો છે અને આ તો પોતાનો કરવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :– પોતાનો અને અભેદ સ્વાનુભવ. બહુ મોટી ઓથ છે. એટલે 'શ્રીમદ્જી' બોલ્યા કે, હે પરમેશ્વર ! કે જેને જૈનનું કેવળજ્ઞાન પણ જોતું નથી એને હવે તું શું દેવાનો છો ?! જેને મોક્ષ પણ જોતો નથી અને જૈનનું કેવળજ્ઞાન પણ જેને જોતું નથી. એને હવે તું શું દેવાનો હતો !? અમે તો લેવા દેવાની કડાકૂટમાંથી છૂટા થઈ ગયા છીએ. ઠીક છે. શેમાંથી આ બોલે છે ? કે કેવળજ્ઞાન સંપન્ન મારું સ્વરૂપ છે ! અનંત કેવળજ્ઞાનની પર્યાયનો પિંડ જ હું છું ! એનો વિશ્વાસ કેટલો છે ?–કે કોઈ પરમાત્માની પાસે દીનતા કરવાનો પ્રશ્ન નથી. ઠીક ! મને કાંઈક આપજો. ભક્તિ આવે ત્યારે એના જેવી કોઈને ભક્તિ ન આવે હો પાછી. પણ એને ખબર છે કે આ એક રાગ દશામાં રહી ગયો છે એટલે થઈ જાય છે, બાકી મારું સ્વરૂપ એ મારું સ્વરૂપ અને મારો અનુભવ એ મારો અનુભવ છે. એની પાસે બધું હેઠ છે. સ્વચ્છંદ નથી એની પાછળ, કહેવાનો મતલબ ઇ છે. વિશ્વાસમાં ભાષા એવી આવી છે કો'કને એમ થાય, ન સમજે એને હો ! કો'કને એટલે ન સમજે એને એમ થાય કે આવું તે કેમ બોલ્યા હશે ? આવું બોલાય ? એમ. મસ્તીમાં એ બધી વાતો છે. એ બધી મસ્તીની વાતો છે.

મુમુક્ષુ :– આપ ભક્તિની જ્યારે વાત કરો છો ત્યારે એમ લાગે કે, આ તો એકલી ભક્તિની જ વાત, આ તો ઉપડી ગયા લાગે છે મસ્તીમાં અને આપ જે આ વાત કરો છો... એવો પ્રશ્ન થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– બેય ભાવો સાધકદશામાં સાધ્ય હોય છે. બે પ્રકાર ઊપજે છે. જેટલો ભાગ રહી ગયો છે એમાં આવો પ્રકાર હોય અને આ બાજુનો આવો પ્રકાર હોય. એવો પ્રકારનો જો ન હોય તો એથી હઠીને પ્રકાર હોય એ યોગ્ય નથી. એમ છે. એ નિશ્ચયમાં ભૂલ પડે છે. **'એ જ માર્ગે કેવળ...'** આ તો એ જ માર્ગે કેવળ... એ ચાર શબ્દો પણ પાછળ વિશ્વાસ કેટલો છે ? એમ બતાવવું છે. ભાષા ભલે સાદી છે અને બહુ આડંબરવાળી નથી. સાદી છે એટલે બહુ આડંબરવાળી નથી પણ પાછળ અનુભવ તો એટલો બેહદ વિશ્વાસપૂર્વકનો અનુભવ છે.

**'જેમ અંશ પ્રગટ્યો તેમ જ પૂર્ણતા પ્રગટશે.'** જ વાપર્યો છે ને ? **'જેમ અંશ પ્રગટ્યો તેમ જ હવે પૂર્ણતા પ્રગટશે.'** અને પ્રગટશે... પ્રગટશે... ને પ્રગટશે જ, એમાં કોઈ ભેદ નથી. એમ છે. કેટલી બધી પ્રતીતિ હોય છે.

'ગુરુદેવ' તો એમ કહેતા, બહુ શરૂઆતના પ્રવચનો આત્મધર્મના કે સમકિતીને તો પોતાના નિજ પૂર્ણતાની મોક્ષની પ્રતીતિ આવે એમાં શું નવાઈ છે ? પણ આ સમ્યક્દર્શનને અને સમ્યક્દર્શનના વિષયભૂત આત્માને રુચિથી સાંભળનાર મુમુક્ષુ હોય તો એ સાંભળનારને અંદરથી મોક્ષના ભણકારા આવે. કાઠિયાવાડી ભાષામાં મોક્ષના ભણકારા આવે એમ. હિન્દીમાં ભણકારાને શું કહે છે ? ભણકારા જ કહે છે ને ? હે ? ભણકારા આવે છે. અંદરથી મોક્ષના ભણકારા આવે એટલે શું આવે છે ખબર છે ? કે હું નક્કી મોક્ષ પામવાનો છું એમ એને લાગ્યા કરે. એવો વિકલ્પ આવે એમ નહિ, એમ એને લાગે. જેમ ઠંડી લાગે, ગરમી લાગે, મનુષ્ય છું એમ લાગે છે, રાગી છું એમ લાગે છે, ગૃહસ્થી છું એમ લાગે છે, એમ મોક્ષ થઈ જશે એમ લાગે છે. વિકલ્પ આવવો એક વાત છે, લાગવું એ બીજી વાત છે. એવું ભાસન આવે છે, રુચિમાંથી એવું ભાસન આવે છે.

**'જેમ અંશ પ્રગટ્યો તેમ જ પૂર્ણતા પ્રગટશે. માટે, શુદ્ધનયની અનુભૂતિ એટલે કે શુદ્ધાત્માની અનુભૂતિ...** ' આ વાત દોહરાવી છે. જે વાત ઉપર આ વિસ્તાર કર્યો છે, એ વાતને (એટલે કે) જે વિષયનો પ્રારંભ કર્યો છે એને ફરીને એના ઉપર વજન આપે છે કે, માટે શુદ્ધનયની અનુભૂતિ એટલે કે શુદ્ધાત્માની અનુભૂતિ ત્યાં (સંપૂર્ણ જિનશાસન છે.) અર્થાત્ શબ્દ વાપર્યો હતો. સાહિત્ય અર્થાત્. અર્થાત્ એટલે કે શુદ્ધાત્માની અનુભૂતિ **'તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે.'** અહીંયાં અખંડ, પરિપૂર્ણ, જીવંત જિનશાસન આ જ છે, આ જિનશાસનનું સ્વરૂપ છે અને અહીંયાં જિનશાસન છે એ સમજાવ્યા પછી જિનશાસન બાકીનું સમજાય છે. વિસ્તારવાળું, જે બાહ્ય વિસ્તારવાળું જે જિનશાસન છે એ પછી સમજાવવામાં આવે છે. એ વાત જે શરૂઆતમાં લીધી છે, એ જ વાત અહીંયાં ફરીને પાછી લીધી છે. તે વાત કહેવા માટે આટલો વિસ્તાર કર્યો છે. એમાં તો કેવળજ્ઞાન પર્યંતનો બધો ખુલાસો આવી જાય છે. ૨૦૦મો થયો. ૨૦૧.

અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે ત્યાં અપરિણામી એટલે આખો જ્ઞાયક; શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે તે જ આ 'અપરિણામી' નિજાત્મા.

પ્રમાણ-અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી, અપરિણામી તેમ જ પરિણામી છે. પણ અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે; પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. પરિણામ ક્યાં જતા રહે ? પરિણમન તો પર્યાયસ્વભાવને લીધે થયા જ કરે છે, સિદ્ધમાં પણ પરિણતિ તો હોય છે.

પરંતુ અપરિણામી તત્ત્વ ઉપર–જ્ઞાયક ઉપર–દૃષ્ટિ તે જ સમ્યક્ દૃષ્ટિ છે. માટે 'આ મારી જ્ઞાનની પર્યાય', 'આ મારી દ્રવ્યની પર્યાય' એમ પર્યાયમાં શું કામ રોકાય છે ? નિષ્ક્રિય તત્ત્વ ઉપર–તળ ઉપર–દૃષ્ટિ સ્થાપ ને !

પરિણામ તો થયા જ કરશે. પણ, આ મારી અમુક ગુણપર્યાય થઈ, આ મારા આવા પરિણામ થયા – એમ શા માટે જોર આપે છે ? પર્યાયમાં – પલટતા અંશમાં — દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે ? તે પરિપૂર્ણ નિત્ય સામર્થ્યને અવલંબ ને !

જ્ઞાનાનંદસાગરનાં તરંગોને ન જોતાં તેના દળ ઉપર દૃષ્ટિ સ્થાપ. તરંગો તો ઊછળ્યા જ કરશે. તું એમને અવલંબે છે શું કામ ?

અનંત ગુણોના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે. અનંત ગુણમય એક નિત્ય નિજતત્ત્વ–અપરિણામી અભેદ એક દળ–તેમાં દૃષ્ટિ દે, પૂર્ણ નિત્ય અભેદનું જોર લાવ. તું જ્ઞાતાદ્રષ્ટા થઈ જઈશ.

૨૦૧.

૨૦૧ બોલમાં એકદમ દ્રવ્યદષ્ટિનો વિષય લીધો છે. ત્રિકાળી દ્રવ્ય, ધ્રુવ દ્રવ્ય, અપરિણામી જેને અપરિણામીથી પણ આપણે જાણીએ છીએ, ધ્રુવ દ્રવ્યથી જાણીએ છીએ, પરમ પારિણામિક ભાવથી જેને સમજવામાં આવે છે એ બધા વાચક છે, વાચ્ય તો એક જ છે – નિજ આત્મ દ્રવ્ય ! એની દષ્ટિ એ શું ચીજ છે ? કેમ થાય ? અને એના વિષયભૂત આત્મા કેવો છે ? એ વિષય આની અંદર ખોલે છે.

**'અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે...'** એટલે શાસ્ત્રની અંદર એ વિધાન છે. આશ્રય લેવો તે વિધિ છે અને એ વિધિના કથનને વિધાન કહેવામાં આવે છે. **'અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે.'** ફરમાન કર્યું છે, વિધાન કર્યું છે એટલે ભગવાન જિનેશ્વરદેવનું આ ફરમાન છે કે, તું અપરિણામી એવા નિજ પરમાત્મ દ્રવ્યનો આશ્રય કર. આશ્રય બીજાનો કરતો હોવાથી, દેહાદિ અને રાગાદિભાવોનો આશ્રય કરતો હોવાથી એમ કહેવામાં આવે છે કે, અસ્થાનમાં તે આશ્રય કર્યો છે. એનું ફળ સંસાર અને પરિભ્રમણ છે એ આશ્રય છોડ– એ નાસ્તિથી વાત છે અને શુદ્ધ આત્માનો આશ્રય કર, શુદ્ધ ચૈતન્યનો આશ્રય કર એમ.

**'અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે ત્યાં અપરિણામી એટલે આખો જ્ઞાયક;...'** અખંડ જ્ઞાયક પદ ! અખંડ શુદ્ધ ચૈતન્ય પદ !! એને અપરિણામી એમ કહ્યો. અપરિણામી એટલા માટે શબ્દ વાપર્યો (છે કે) આ શબ્દ સાંખ્યની અંદર, વેદાંતની અંદર વધારે વાપર્યો છે. કેમકે ત્યાં પરિણામની માન્યતા નથી એટલે, વસ્તુને અપરિણામી માનવામાં આવે છે, એટલે ત્યાં વિશેષપણે એ શબ્દનો પ્રયોગ થયો છે. મૂળ તો એ વાત દિવ્યધ્વનિમાંથી ઊપજેલી છે અને ભૂલથી બીજી રીતે પકડાયેલી ને મતાંતર ઉત્પન્ન થયેલો (છે.) પણ અપરિણામી શબ્દ કહેતા જેને પરિણામથી જુદાંપણું છે અથવા જેને પરિણામ નથી તે અપરિણામી. જેને પરિણામ નથી તે અપરિણામી. પરિણામનો વિભાગ જુદો, અપરિણામનો વિભાગ જુદો, અપરિણામીનો વિભાગ જુદો, એમ કહેવું છે.

મુમુક્ષુ :– 'સોગાનીજી'એ અપરિણામી અને નિષ્ક્રિય કીધું...

પૂજ્ય ભાઈશ્રી :– હા, અપરિણામી શબ્દનો પ્રયોગ એમની ભાષામાં વધારે આવતો હતો. એ શું છે ? કે ત્યાં એમનો હેતુ શું હતો ?–કે એક સમયના પરિણામોની એકત્વબુદ્ધિએ મિથ્યાત્વ છે અને સંસાર છે. જીવ મોક્ષનો, સમ્યક્દર્શનનો, મોક્ષમાર્ગનો વિચાર કરે છે (પરંતુ) એ બધા પરિણામીનો વિષય છે. પણ એ બધા પરિણામ તો

એવા છે કે (જીવનો આશ્રય નથી). સમ્યક્દર્શન, મોક્ષમાર્ગ અને મોક્ષના પરિણામ એવા છે કે જેમાં એનો આશ્રય નથી, એવા પરિણામ છે. એ જીવમાં – જે પરિણામને પોતાને જ આશ્રય નથી પણ અપરિણામીનો આશ્રય છે એવા એ બધા પરિણામ છે. તો જેને પરિણામનો આશ્રય વર્તે છે એ કદાચિત્ પણ, ભૂલથી પણ સમ્યક્દર્શન, કે મોક્ષમાર્ગ, મુનિપણું કે કેવળજ્ઞાનનો વિચાર કરતાં અને તે તે દશાઓ શુદ્ધ, પવિત્ર અને મહિમાવંત દશાઓ હોવાથી એનો મહિમા કરતાં, પરિણામ ઉપરથી વજન ઉઠાવી લેવાનું છે એ ભૂલ તો નથી ખાતો ને ? આ વાત ઉપર એમનો મુખ્ય દૃષ્ટિકોણ છે. એમના જે કથનનો મુખ્ય દૃષ્ટિકોણ એ આ જગ્યાએ છે.

એ દૃષ્ટિ એ જો તમે 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' વાંચો, તો તમને એમ થાય કે બહુ સુંદર દૃષ્ટિકોણ કુદરતી વ્યક્ત થયો છે. એમનો એ પરિણમનનો એક પ્રકાર જ એવો હતો કે જેથી પોતાના પરિણમનને અનુસરીને, અનુલક્ષીને એ વાત વારંવાર કહેતા હતા. તો ત્યાં સુધી એમને એ વાત લીધી કે ભલે આ બધી શુદ્ધ પર્યાયો છે પણ એ શુદ્ધ પર્યાયો તો ત્રિકાળીના આશ્રયે પ્રગટે છે. ઠીક ! એટલે એનો મહિમા ભલે શાસ્ત્રમાં કરવામાં આવે, અમે કદાચ અમારા મોઢેથી કરીએ, તોપણ એ વાત તો રાખીને જ છે કે તારે જે પર્યાયનું એકત્વ, પર્યાયની મુખ્યતા અને પર્યાય આશ્રિતપણું જે વર્તે છે એને દૃઢ કરવાની તો જરાય પરિસ્થિતિ ઊભી નહિ થવી જોઈએ. એ ધ્યાનમાં રાખીને આ વાત છે. ત્યાં લલચાઈને તું તારી પદ્ધતિને દૃઢ નહિ કરી લેતો. કેમકે પર્યાય આશ્રિતપણું એ તારી કાર્ય પદ્ધતિ હજી ચાલું છે, એ પરિણમન હજી તારું ચાલું છે અને એ તો બદલવાનું છે. એ વિષય અહીંયાં દ્રવ્યદૃષ્ટિના બોલમાં લે છે.

મુમુક્ષુ :- અપરિણામી એને ખ્યાલમાં નથી એટલે પરિણામમાં અટકે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અપરિણામીને ઓળખ્યો નથી, અપરિણામીને જાણ્યો નથી, અપરિણામીને અનુભવ્યો નથી, કાંઈ ખબર નથી, અજાણ્યો છે. અપરિણામીથી અજાણ્યો છે. એમ છે ખરેખર તો.

મુમુક્ષુ :- આખું વજન એની ઉપર છે.

પૂજ્ય ભાઈશ્રી :- સીધો બોલની શરૂઆત અહીંથી કરી છે. આશ્રયથી બોલની શરૂઆત કરી છે, કે અપરિણામીનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે. સત્ શાસ્ત્રોની અંદર આ વાત છે. આશ્રયનું અહીંયાં પ્રકરણ છે ત્યાં આ જ વાત છે, ત્યાં કોઈ બીજી વાત નથી. વિશેષ લઈશું.

## તા. ૧૩-૧૦-૧૯૮૭, વચનામૃત–૨૦૧
## પ્રવચન નં. ૧૫૭

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું ૬૬. બોલનો મુખ્ય વિષય દ્રવ્યદૃષ્ટિનો છે. સાથે સાથે સમ્યક્જ્ઞાન પ્રમાણનો વિષય સ્પષ્ટ કર્યો છે. 'સમયસાર' પરમાગમમાં પણ દ્રવ્યદૃષ્ટિનો વિષય, શુદ્ધ આત્મા, પ્રમત્ત-અપ્રમત્ત રહિત જ્ઞાયક તત્ત્વ અને એની દૃષ્ટિવંત, દૃષ્ટિની મુખ્યતાવાળા પરિણમનનો શું પ્રકાર છે સમ્યક્દૃષ્ટિનો એ વિષય (ચાલ્યો છે) 'સમયસાર' પરમાગમમાં. ત્યાં પણ સમ્યક્જ્ઞાનનો વિષય આચાર્ય ભગવાને સાથે ને સાથે સમજાવ્યો છે. એટલા માટે જ સમજાવ્યો છે કે, રખે કોઈ આ વિષયમાં પણ મિથ્યાત્વને ન સેવે અથવા ગૃહીત મિથ્યાત્વમાં ન આવે.

**'અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે ત્યાં અપરિણામી એટલે આખો જ્ઞાયક; શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે તે જ આ અપરિણામી નિજાત્મા.'** શું કીધું ? નિશ્ચયનય જ્ઞાનનો પર્યાય છે. તમામ નય જ્ઞાનના પર્યાય છે. અનંત નયોમાં મુખ્ય એવો જે નિશ્ચયનય એ પણ જ્ઞાનનો જ પર્યાય છે. સીધો દૃષ્ટિનો વિષય ન સમજાય એટલે જ્ઞાનથી સમજાવે છે કે, શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત નિશ્ચય સ્વરૂપ આત્મા, શુદ્ધ આત્મા, શુદ્ધનયના વિષયભૂત અથવા નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે, ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ દર્શાવ્યો છે તેને અહીંયાં અપરિણામી નિજ આત્મા કહેવો છે. અપરિણામી આત્મા કહેવો છે એમ નથી કહેતાં પણ અપરિણામી નિજ આત્મા કહેવો છે. એક એક શબ્દ પાછળ બહુ મર્મ છે કે કોઈ અન્ય પદાર્થની વાત ચાલતી નથી.

જે કથન કરવામાં આવે છે એ કથન, કથન કરનાર પોતાના આત્માને લક્ષમાં

રાખીને કહે છે, તેથી સહજ ભાષા એમ આવે છે. સમજનારે પણ, સાંભળનારે પણ, વાંચનારે પણ, નિજ આત્મા ઉપર લક્ષ લઈ જઈને એ અપરિણામી તત્ત્વ એટલે શું ? કે અખંડ જ્ઞાયક નિશ્ચયનયનો વિષયભૂત એમ લક્ષમાં લેવું. અપરિણામી એટલે પરિણામ રહિત. પરિણામ જેમાં નથી તેને અપરિણામી કહીએ.

શું એ સ્વરૂપ છે, અને કહેવા પાછળ પરમાર્થ એ છે, એ નામથી કહેવા પાછળ પરમાર્થ એમ છે, હજારો નામ એને લાગુ પડે છે કેમકે એ તો પરમાત્મ પદ છે; સર્વનામના વિશેષણો એને લાગુ પડે છે. અનેક વિશેષતાઓને ધારે છે, તેથી તે તે વિશેષતા અનુસારના બધા નામો એને લાગુ પડે છે. તો અપરિણામી એમ કહેવા પાછળ વસ્તુ સ્વરૂપ તો દર્શાવ્યું છે જ, કે પરિણામ નથી, પણ પરમાર્થ એ છે કે પરિણામ ઉપરનું એકત્વ છે, એ પણ અપરિણામીથી અપરિણામને સમજાવીને છોડાવવું છે, જેમકે પરિણામ મારામાં નથી તો પછી પરિણામ સાથેનું એકમેકપણું જે એકમેકપણાને લીધે મારા સ્વરૂપને હું ભૂલી જાઉં, અપરિણામી સ્વરૂપને જ હું વિસ્મૃત કરી જાઉં કે ચૂકી જાઉં. તેથી એ..બને જ છે કે જ્યાં સુધી પરિણામનું એકત્વપણું કરે છે ત્યાં સુધી અપરિણામી એવું જ્ઞાયક તત્ત્વ એનો આશ્રય બની શકતો નથી. પરિણામનું એકત્વ વર્તે છે એનો અર્થ કે, પરિણામનો આશ્રય થઈ રહ્યો છે.

અહીંયાં આશ્રયની વાત ચાલે છે ને ? મુદ્દો આશ્રયનો ઉઠાવ્યો છે. કેમકે દૃષ્ટિ છે એ સર્વથા અપરિણામી જ્ઞાયક તત્ત્વનો આશ્રય કરનારો ભાવ છે, પરિણામ છે. દૃષ્ટિ સર્વથાપણે પૂરેપૂરી, પૂરેપૂરું સ્વસ્વરૂપનો આશ્રય લેવાનું કાર્ય કરે છે, તેથી વાત આશ્રયથી ઉઠાવી છે. જ્યાં સુધી એવી દૃષ્ટિ નથી; નિજ આત્માની જ્યાં સુધી દૃષ્ટિ નથી ત્યાં સુધી એક સમયના પરિણામનો જ આશ્રય થાય છે અથવા પરિણામ આશ્રિત પરિણામ વર્તી રહ્યા છે અને પરિણામ આશ્રિત પરિણામ વર્તે છે ત્યારે એ ક્ષણિક પરિણામમાં પોતાને ક્ષણિક સ્વરૂપે અનુભવે છે અને પોતાના નિત્ય શાશ્વત પદને એ ચૂકી જાય છે ને ભૂલી જાય છે કેમકે બન્ને વિરુદ્ધ છે. બન્ને વિરુદ્ધ ભાવોનો આશ્રય એક સાથે થઈ શકતો નથી. ત્રિકાળીનો આશ્રય કરનાર કદી પણ વર્તમાન ચાલતી પર્યાયનો આશ્રય કરતો નથી. વ્યવહારે એની પર્યાય કહેવાય છે. પછી એ સમ્યક્‌દર્શનની પર્યાય હોય કે કેવળજ્ઞાનની પર્યાય હોય, કે યથાખ્યાત ચારિત્રની પર્યાય હોય એનો પણ આશ્રય કરતો નથી. અને તે તે મોક્ષમાર્ગમાં આવેલા જીવો અને

મોક્ષમાં પામેલા જીવો એ તો કરે જ નહિ, એ તો પ્રશ્ન જ નથી. પણ જે પરિણામ આશ્રિત પરિણામ જ્યાં સુધી વર્તી રહ્યા છે, ત્યાં સુધી જીવ દુઃખી છે, દુઃખી છે એમ નહિ અનંત દુઃખી છે. પરિણામ આશ્રિત પરિણામની વાત આવે છે, ક્યાં આવે છે ખ્યાલ છે ? 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં આવે છે. એ ઘણી વાત કરી છે એમણે. ત્યાં તો એમણે પોતાની વાત કરી છે કે, જ્યાં સુધી મને પરિણામ આશ્રિત પરિણામ વર્તતા હતા ત્યાં સુધી અનુકૂળતા-પ્રતિકૂળતામાં હું ખેંચાઈ જતો હતો.

(પત્ર-૧) **'જબ સે આપકા કાર્ડ આયા હૈ તબ સે રોજ કુછ જવાબ લિખના હૈ, ઐસા વિકલ્પ હોતા હૈ, પરંતુ લેખની નહિ બઢતી, કારણ ક્યાં લીખું ઐસા કોઈ સહજ વિશેષ સ્મરણ નહિ હોતા.'** શું લખવું એવું કોઈ વિશેષ સ્મરણમાં નથી આવતું. એટલે કાંઈ તમારો પત્ર આવ્યો છે અને તમને પત્રનો પ્રત્યુત્તર લખવો જોઈએ એમ વિકલ્પ થાય છે, તોપણ કાંઈ લખવાનું બનતું નથી. સરળતા કેટલી છે ! બસ, એટલું જ અહીંયાં એમાંથી તો લેવાનું છે. પત્ર શરૂ કરે છે કે 'ગુરુદેવે'નો એક સિદ્ધાંત; 'ગુરુદેવ'ને સાંભળ્યા પછી પહેલો જ પત્ર આ છે. 'ગુરુદેવ'ને સાંભળ્યા પછી મારામાં જે સિદ્ધાંત ઘૂટી શબ્દ શું કહે છે ? સિદ્ધાંતને ઘૂંટી, ઘૂંટી એટલે જેમ કોઈ બાળકને પહેલું વહેલું આપે છે ને શું કહે છે એને ? ગળથૂથી, ગળથૂથીમાં વાત મળી ગઈ એમ. કેમકે પોતે પહેલાં વહેલાં આવ્યા છે. અમારે ગુજરાતીમાં એને ગળથૂથી કહે છે. ગળથૂથીમાં આ વાત મને મળી છે એમ કરીને વાત કરે છે.

**'મૈં ત્રિકાળી સહજ જ્ઞાનસ્વભાવી ધ્રુવ પદાર્થ હું. મૈં ત્રિકાળી સહજ જ્ઞાનસ્વભાવી ધ્રુવ પદાર્થ હું વ પ્રતિક્ષણ જ્ઞાનરૂપ પરિણમન મેરા સહજ સ્વભાવ હૈ;...'** એનું જ પ્રતિક્ષણ જ્ઞાન થવું, આવા મારા નિજ પદાર્થનું જ્ઞાન થવું એવો જ મારો સહજ સ્વભાવ છે. **'જડ આશ્રિત પરિણામ જડ કે હૈ.'** આ સિવાયના મારા પરિણામ મારા ધ્રુવ સ્વભાવને છોડીને, ચૈતન્ય સ્વભાવને છોડીને જેટલા પરિણામ છે એ તો જડ ઉદય આશ્રિત છે. ઉદયનો આશ્રય કરતાં પ્રગટેલા છે. એ તો બધા પરિણામે જડ જ છે. ઠીક ! એને હું મારા પરિણામ ગણતો નથી, એનો હું સ્વામી થતો નથી.

**'પૂજ્ય ગુરુદેવ કે ઇસ સિદ્ધાંત કી ઘૂંટી ને ક્ષણિક પરિણામ કી ઓર કે વલણ કે રસ કો ફિક્કા કર દીયા હૈ...'** શું કહ્યું ? અશુભરસને ફિક્કો કરે છે, શુભરસને ફિક્કો કરે છે ઇ તો ચર્ચા પણ કરતાં નથી. શુભાશુભ રાગના રસને ફિક્કો કર્યો

છે ઇ તો ચર્ચા પણ કરતાં નથી, પણ પરિણામ પ્રત્યેનો રસ જ ફિક્કો કરી દીધો છે કે, આ પરિણામ આમ થાય કે આમ થાય, આવા થાય કે તેવા થાય, ઉપયોગ નિર્વિકલ્પ થયો કે સવિકલ્પ રહ્યો,–મારો રસ ઊડી ગયો છે. પરિણામ માત્ર ઉપરથી મારો રસ ઊડી ગયો છે. આવો જ્ઞાનાનંદ સ્વભાવી પ્રગટ પરમેશ્વર મળી ગયો પછી એક સમયના પરિણામની સામે હું શું જોઉં ? એમાં તો હજી ગડબડ છે. હજી અડધા આમ જાય છે ને અડધા આમ જાય છે. બે ભાગ પડી ગયા છે ને ? જ્ઞાનધારા ને કર્મધારા બન્ને. એ તરફનો મને હવે રસ જ નથી.

**'પૂજ્ય ગુરુદેવ કે ઇસ સિદ્ધાંત કી ઘૂંટીને ક્ષણિક પરિણામ કી ઓર કે વલણ કે રસ કો** ...' ક્ષણિક પરિણામ તરફના વલણના રસને, ઇ બાજુ વલણ થાય એવો જે રસ છે એને ફિક્કો પાડી દીધો છે. **'વ સહજ સ્વ કે સિવાય કોઈ કાર્ય મેં રસ નહિ આતા હૈ,...'** ત્રિકાળી જે સહજ સ્વ છે એ સિવાય બીજી બાજુનો મને હવે રસ નથી. **'અતઃ જવાબ આદિ નહિ પહુંચને મેં વ વિલંબ આદિ કે હોને મેં મેરી ઓર કા ખ્યાલ ન કરના.'** કદાચ તમને જવાબ નહિ લખી શકું કે કદાચ જવાબ લખવામાં મોડું થાય, તો મારો કાંઈ ખ્યાલ નહિ કરતાં કે આમ કેમ કરે છે ? કેમ મને જવાબ ન આવ્યો ? કેમ મને જવાબ મોડો લખે છે ? એવી મારા પ્રત્યેની વાત તમે ગૌણ કરી નાખજો. મારી સ્થિતિ અંદરની જુદી છે અને કોઈ બહારના કાર્યમાં મને રસ નથી એટલે હવે કદાચ તમને જવાબ લખવાનું, મોડું લખવાનું એવું બને તો તમે મારો વિકલ્પ છોડી દેજો. એ ત્યાંથી લીધું છે, પરિણામ તરફનો રસ ઊડ્યો એ ત્યાંથી લીધું છે. શરૂઆતમાં જ એક પત્રમાં છે પરિણામ આશ્રિત પરિણામનું.

'સોનગઢ' અવાતું નથી, શરૂઆતના પત્રમાં એમના મનમાં 'ગુરુદેવ'નું ચિત્ર કેવું હતું !! 'સોનગઢ' આવવાનો લાભ, એમના વચનામૃતનો લાભ નથી લઈ શકતો. (પત્ર-૩) **'શ્રીગુરુદેવ કે સમીપ રહકર ઉનકે સંગકા, ઉનકે વચનામૃત કા નિરંતર લાભ નહિ લે સક રહા હૂં, ઇસકા મુઝે મહાન મહાન ખેદ હોતા હૈ. સાથ હી...'** સમાધાન પણ છે; ખેદ થાય છે, એકાંતે ખેદ નથી થતો એમ.. **'સાથ હી ઉનકે બોધ દ્વારા બોધિત મુઝે યહ સંતોષ ભી હોતા હૈ કિ નિશ્ચય સે સત્‌ગુરુદેવ મુઝ સે દૂર નહિ હૈ - ...'** ખરેખર એમનો જે અભિપ્રાય, એમનો જે ભાવ એ મારા હૃદયમાં એવો બેસી ગયો છે કે ખરેખર ભાવથી તો 'ગુરુદેવ' મારાથી દૂર નથી. **'જહાં મૈં હૂં વહાઁ**

**હી મેરે ગુરુ હૈં, અતઃ મૈં મુઝ મેં મેરે ગુરુદેવ કો દેખને કા સતત પ્રયત્ન કરતા રહેતા હૂં...'** એમનો જે સિદ્ધાંત છે, એમને જે વાત મને સમજાવી ઇ જ 'ગુરુદેવ'નું સ્વરૂપ છે અને મારામાં એને હું જોવાનો પ્રયત્ન કરું છું, કે આ ક્યાં સુધી મારામાં આ વાત આવી ! ક્યાં સુધી આ વાત મારામાં આવી !? બહુ શરૂઆતનો વિષય છે, શરૂઆતનો પત્ર છે. **'સતત પ્રયત્ન કરતાં હૂં ઔર જબ જબ ગાઢ દર્શન હોતા હૈ...'** કેવું દર્શન થાય છે ? જ્યારે હું અંદર જોઉં છું **'જબ જબ ગાઢ દર્શન હોતા હૈ...'** 'ગુરુદેવ'નું મને અંદરમાં ગાઢદર્શન થાય છે. **'તબ-તબ અપૂર્વ-અપૂર્વ રસાસ્વાદકા લાભ લેતા રહતાં હું.'** ત્યારે મને કોઈ અપૂર્વ રસાસ્વાદ આવે છે. અને **'માનસિક વિકલ્પરૂપી ભારસે હલકા હોતા રહતા હૂં...'** બહુ શરૂઆતમાં 'કલકત્તા' આવ્યા હતા ૧૯૫૨, ૫૦માં પત્ર છે. શરૂઆતમાં આવ્યા છે 'કલકત્તા', પહેલો પત્ર 'અજમેર'થી છે પછી આ પહેલો, બીજો પત્ર પણ 'અજમેર'થી છે આ પણ 'અજમેર'થી છે હજી.

મુમુક્ષુ :- મેરે 'ગુરુદેવ' એટલે પોતાનો જ શુદ્ધાત્મા..

પૂજ્ય ભાઈશ્રી :- હા, લખ્યું ને મેરે 'ગુરુદેવ' કો દેખને કા સતત પ્રયત્ન... એટલે ખરેખર તો પોતાનો જ શુદ્ધાત્માની વાત છે. પોતાનો જ શુદ્ધાત્મા છે.

મુમુક્ષુ :- એમાં પેલા 'ગુરુદેવ' આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવી જાય છે. એ પછી લે છે એમાંથી. એમાંથી કાઢે છે. **'સહજ જ્ઞાનઘન સ્વભાવ મેં વૃદ્ધિ પાતા રહેતા હૂં.'** મારો જે સહજ જ્ઞાનમય સ્વભાવ છે એમાં હું વૃદ્ધિ પામું છું. **'સોનગઢ કી ચિન્મય, ભવ્ય, દિવ્યમૂર્તિ કો...'** અહીંથી લીધું. **'સોનગઢ કી ચિન્મય, !'** શરીર નથી જોતા, ચિન્મય ! ભવ્ય દિવ્યમૂર્તિ કો !! આ શબ્દનો પ્રયોગ કર્યો છે 'શ્રીમદ્જી'એ ૨૨૫ નંબરના પત્રમાં. કે મારા માટે કોઈ દિવ્ય જ્ઞાનધારી ! કોઈ દિવ્યમૂર્તિ પરમાત્મા !! એણે મારે માટે જ અવતાર લીધો છે. એ વાત કરી છે ને ? પ્રથમમાં પ્રથમ ૨૨૫ માં. પરમ ભક્તિની હદની વાત લીધી છે. અહીંયાં એ દિવ્યમૂર્તિ શબ્દ આમણે વાપર્યો છે. ક્યાંનું ક્યાં અનુસંધાન નીકળે છે ! **'ભવ્ય, દિવ્યમૂર્તિ કો અધિક સમીપ હોકર...'** એની અધિક સમીપ જઈને એમના ભાવના ઊંડાણમાં જઈને **'ગહન દૃષ્ટિ સે દેખતા રહતા હૂં.'** 'ગુરુદેવ'ને હું બહુ ગહન દૃષ્ટિથી આ રીતે હું જોઉં છું. બીજી ઘણી ઊંડી ઊંડી વાતો કરી છે. પત્ર તો પેલો શોધવો હતો.

આશ્રયનો મુદ્દો લખાવ્યો છે. આશ્રય જ્ઞાન પણ કરે છે, ચારિત્ર પણ કરે છે. શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેય ગુણમાં આશ્રયનું કાર્ય થાય છે. આશ્રય એટલે આધાર લેવો તે. આ હું ! શ્રદ્ધાનું તો આ મુખ્ય કાર્ય છે અથવા શ્રદ્ધાનું તો આ એક જ કાર્ય છે. આ હું ! પરમાં એમ જાય, સ્વમાં પણ એમ જ જાય. એટલે જ્યાં દ્રવ્યદૃષ્ટિની વાત આવે છે ત્યાં આશ્રયનો વિષય ચાલે છે. શું કહ્યું ? કે અપરિણામી જે નિશ્ચયનયના વિષયભૂત અખંડ જ્ઞાયક સ્વભાવ છે તે નિજ અપરિણામી આત્મા છે. પરિણામનો અનાદિનો ચાલતો આશ્રય છોડીને, અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું શાસ્ત્રની અંદર કહેવામાં આવે છે અથવા એ ભગવાનનું ફરમાન છે કે, તું તારી દૃષ્ટિ અપરિણામીમાં લઈ જા. દૃષ્ટિ અપરિણામીમાં લઈ જા એટલે અપરિણામીનો આશ્રય કર. આ હું એ એમ આશ્રય કર અને પરિણામમાં આ હું છું ! આ હું છું ! આ હું છું ! એવું જે વેદાય છે એ છોડી દે. પરિણામનો આશ્રય છોડી દે. પરિણામ આશ્રિત પરિણામ અનંત દુઃખનું મૂળ છે. એ મિથ્યાત્વ છે અને અનંત દુઃખનું એ મૂળ છે.

પ્રશ્ન :– ચાલુ બોલ છે એમાં બીજી લીટી છે ‘અપરિણામી એટલે આખો જ્ઞાયક’ એમાં પર્યાય ભેગી છે ?

સમાધાન :– પર્યાય સાથે નથી. અપરિણામીનો જ અર્થ કર્યો છે કે અખંડ જ્ઞાયક, આખો જ્ઞાયક અને જ્ઞાયક ! એમ કહેતાં અપરિણામી લેવો અને અપરિણામી કહેતા જ્ઞાયક લેવો, ધ્રુવ લેવો. તો ‘ગુરુદેવ’ અપરિણામી શબ્દનો પ્રયોગ ઓછો કરતાં હતા એટલે લોકોને ખ્યાલ નહોતો. ‘સોગાનીજી’ની કથન કરવાની એ મુખ્ય પદ્ધતિ રહી એટલે એ વિષય થોડો નવો લાગ્યો. પણ અપરિણામી એટલે જ્ઞાયક ! અને જ્ઞાયક એટલે અપરિણામી ! પૂજ્ય ‘બહેનશ્રી’એ જે ‘સમયસાર’ ઉપરના વ્યાખ્યાનો લખ્યા છે એમાં ૨૮૦ ગાથાના ભાવાર્થમાં એક પેરેગ્રાફમાં ત્રણ વખત અપરિણામી શબ્દનો પ્રયોગ કર્યો છે. એ એમ સૂચવે છે કે, એ વિષય એમના માટે શબ્દથી પણ નવો નહોતો, ભાવથી તો નવો હોવાનો પ્રશ્ન જ નથી. કેમકે એ તો ત્રિકાળીને અંદર વળીને જોવે છે, એને તો ખ્યાલ આવે છે કે આ તો ધ્રુવ તત્ત્વ છે, પરિણામ રહિત તત્ત્વ છે. આ તો સ્થિર તત્ત્વ છે અથવા અખંડ સામર્થ્યભાવ છે. એને તો પરિણામનો મહિમા તો હોઈ શકે નહિ કેમકે એ તો સામર્થ્યરૂપ છે, શક્તિરૂપે રહે છે, વ્યક્તિરૂપ

જ નથી પછી ક્યાં પ્રશ્ન છે ? જે શક્તિરૂપ છે ને વ્યક્તિરૂપ નથી પછી ક્યાં પ્રશ્ન છે ? ને જેણે જોયો એને તો શબ્દ સાંભળ્યો હોય કે ન સાંભળ્યો હોઈ ઇ પ્રશ્ન જ નથી આવતો, કેમકે એને તો ભાવ સાથે સંબંધ છે. પણ બહુ વર્ષો પહેલાં જે પ્રવચનો લખ્યા છે એમાંથી ૨૮૦ ગાથાના ભાવાર્થમાં એક જ પેરેગ્રાફમાં ત્રણ વખત અપરિણામી શબ્દનો પ્રયોગ કર્યો છે. એટલે એ આધાર, બીજા ભાગમાં એ આધાર લીધો છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'નો બીજો ભાગ છે ને ? એનો આધાર લીધો છે.

મુમુક્ષુ :– આખો શબ્દ વાપર્યો છે એટલે ..

પૂજ્ય ભાઈશ્રી :– હા આખો એટલે અખંડ. આખો એટલે પર્યાયવાળો નહિ. કેમકે અપરિણામીનો અર્થ કરવો છે. આખો એટલે અખંડ. એ થોડી ચર્ચા ચાલી હતી, વિદ્વાનોમાં એ ચર્ચા કોઈવાર ચાલે છે કે જો તમને એક સમયની પર્યાયને દ્રવ્યથી જુદું પાડો; દ્રવ્ય એટલે પ્રમાણનો દ્રવ્ય લે છે, તો દ્રવ્ય ખંડિત થઈ જશે. વિદ્વાનોમાં આવી દલીલ આવે છે. ત્યારે એની સામે એમ કહી શકાય કે, ત્રિકાળી જ્ઞાયક પરમાત્મા પરિપૂર્ણ છે અને એ પરિપૂર્ણ પરમાત્માને એક સમયની પર્યાય મળે ત્યારે એ પૂર્ણ થાય, એવો એ અપૂર્ણ નથી, કેમકે સંસારમાં તો એક સમયની પર્યાયમાં મલિનતા છે. તો એક સમયની પર્યાયનો સંયોગ થાય ત્યારે એની અખંડતા રહે અને નહિતર એની ખંડિતતા થઈ જાય એવો જ્ઞાયક પરમાત્મા પામર નથી. પરમાત્મા પરિપૂર્ણ છે, પોતાના સ્વરૂપથી જ પરિપૂર્ણ છે, એ તો અનાદિ અનંત પરિપૂર્ણ છે. અને એક સમયની પર્યાયનો તો વિયોગ થાય છે. જો એનો વિયોગ થઈ જશે તો વળી પાછો ખંડિત થશે, પછી બીજી આવશે ત્યારે અખંડિત થાશે. વળી પાછી જાશે એટલે ખંડિત થાશે. આ તો બિચારાની હાલત કફોડી કરી તમે તો. એવું એક સમયનું પરિણમનનું, 'સમયસાર' પર પ્રવચન ભાગ પાંચમો. પાંચ ભાગ તે દિવસે બહાર પડેલા. પૃષ્ઠ ૨૫૨ અને ૨૫૩ ગાથા ૨૮૦ ના પ્રવચનમાંથી અનુવાદ. મૂળ પ્રવચનો તો ગુજરાતીમાં છે. એને હિન્દીમાં અનુવાદ કરીને છાપ્યા છે. **'આત્મા દ્રવ્યદૃષ્ટિ સે અપરિણમન સ્વરૂપ હૈ.'** આ 'ગુરુદેવ' બોલેલા એ લખી લીધેલું. (પૂજ્ય બહેનશ્રીની) એટલી બહુ, તીવ્ર ધારણા શક્તિ હતી કે બોલેલું ઘરે આવીને લખી લઈ શકતા હતા. કે **'આત્મા દ્રવ્યદૃષ્ટિ સે અપરિણમન સ્વરૂપ હૈ...'** દ્રવ્યદૃષ્ટિથી અપરિણમન સ્વરૂપ જ આત્મા છે, પરિણમતો જ નથી. અર્થાત્ દ્રવ્યદૃષ્ટિ સે પુણ્ય પાપ કા વિકાર હોને કા સામર્થ્ય આત્મા મેં

નહીં હૈ, કેમકે સંસારી જીવને એ પરિણામમાં જ છે, એને પુણ્ય ને પાપ સિવાય બીજું દેખાતું નથી.

**'પર્યાય દૃષ્ટિ સે પરિણામી હૈ. સ્વભાવ મેં શુદ્ધ પર્યાયરૂપ ભી પરિણમતા હૈ.'** એ પર્યાયનયનો વિષય લીધો, (એ) પર્યાય આશ્રિત નયનો વિષય લીધો. કે સ્વભાવમાં શુદ્ધ પર્યાયરૂપ પરિણમે છે એ ખ્યાલમાં રાખીને વાત છે. **'ઔર અશુદ્ધ પર્યાયરૂપ ભી પરિણમતા હૈ.'** ઇ પણ જ્ઞાનમાં છે. **'શુદ્ધ વસ્તુદૃષ્ટિ સે આત્મા અપરિણમન સ્વરૂપ હૈ અર્થાત્ કૂટસ્થ હૈ...'** કૂટસ્થ શબ્દ પણ અહીંયાં વાપર્યો છે. **'લેકિન તદ્દ્ન કુટસ્થ હૈ...'** એટલે પરિણામ છે જ નહિ એને **'ઐસા નહિ હૈ. કથનચિંત્ કિસી અપેક્ષા સે કુટસ્થ હૈ ઔર કથનચિંત્ કિસી અપેક્ષા સે પરિણામી ભી હૈ.'** અહીંયાં પરિણામી શબ્દ લીધો. એક અપેક્ષાએ પરિણામી છે, તો એક અપેક્ષાએ અપરિણામી પણ છે. **'બંધ ઔર મોક્ષ પર્યાય હૈ સો નિત્ય અપેક્ષા રખનેવાલી પર્યાય હૈ.'** બંધ અને મોક્ષમાં નિત્ય એટલે કર્મના ઉદયનો અને કર્મના ક્ષયનો અપેક્ષા આવે છે, એ કર્મની અપેક્ષાવાળી પર્યાય છે. **'નિરપેક્ષ દૃષ્ટિ સે આત્મા અપરિણામી હૈ.'** શું લીધું ? નિરપેક્ષ દૃષ્ટિથી ત્રિકાળી ધ્રુવ સ્વભાવને જોવામાં આવે તો આત્મા અપરિણામી છે. આ શબ્દ તો આટલા વર્ષ પહેલા પકડેલો છે. પછી વચનામૃતમાં તો ત્યારપછી પોતે પ્રવચન આપતા એ વાત અપરિણામીની કરી છે. પણ એ તો ઘણાં વર્ષ પહેલાં 'ગુરુદેવ'ના પ્રવચનમાં અપરિણામી શબ્દ આવ્યો છે, પોતે ધારીને આમાં વ્યાખ્યાનમાં ઉતાર્યો છે.

મુમુક્ષુ :- આત્મા અપરિણામી છે, નિરપેક્ષ રીતે આત્મા અપરિણામી છે કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- નિરપેક્ષ એટલે જે ત્રિકાળી દ્રવ્ય છે એ તો નિરપેક્ષ છે. એની દૃષ્ટિથી જોતા; નિરપેક્ષ દૃષ્ટિ સે એટલે નિરપેક્ષ દ્રવ્યની દૃષ્ટિથી જોતા એમ, શુદ્ધ દૃષ્ટિથી જોતા એટલે વસ્તુ શુદ્ધ છે એની દૃષ્ટિથી જોતા, નિશ્ચય દૃષ્ટિથી જોતા એટલે દૃષ્ટિ સ્વરૂપે વસ્તુ છે એની દૃષ્ટિથી જોતા એમ લેવું. ભાષા તો એમ કરે ને કે, પાણીનો પ્યાલો આપો. **'નિરપેક્ષ દૃષ્ટિ સે આત્મા અપરિણામી હૈ અભેદ દૃષ્ટિ સે આત્મા અપરિણામી હૈ.'** આ બીજી વાર શબ્દ વાપર્યો શું ? **'નિશ્ચય દૃષ્ટિ સે આત્મા અપરિણામી હૈ, અભેદ દૃષ્ટિ સે આત્મા અપરિણામી હૈ'** એટલે એ હું છું એની વાત છે નિજ આત્માની વાત છે. અભેદ દૃષ્ટિનો અર્થ શું ? કે હુંપણું જુદું અને આ અપરિણામી જુદો ઇ દૃષ્ટિ નથી અહીંયાં. દૃષ્ટિ એટલે આશ્રય કરવો. દૃષ્ટિ શું કામ કરે છે ? એક

માત્ર આશ્રય કરવાનું કામ કરે છે. એ આશ્રયનો મુદ્દો ઉપાડ્યો છે. એ ગંભીર વિષય છે. દૃષ્ટિ અને આશ્રયની જે વાત આવે છે એ ઘણી ગંભીર છે એ રીતે. તો કે હું, હું પણું મારું એમાં છે. અભેદ દૃષ્ટિથી આ વાત છે. આત્મા અપરિણામી છે એ અભેદ દૃષ્ટિની વાત છે. આશ્રય કરીને વાત છે. આશ્રય પરિણામ ન રાખીને આત્મા અપરિણામી છે એ વાત નથી. કાં તો એક સમયની પર્યાય અને પર, બધું પર જ છે એ તો. સ્વ અપેક્ષાએ બધું પર જ છે. તો એની (પરની) દૃષ્ટિ છે અને કાં તો અપરિણામીની દૃષ્ટિ છે. બેમાંથી એક દૃષ્ટિ છે. ત્રણ–ત્રીજી દૃષ્ટિ તો જગતમાં કોઈને હોતી જ નથી કોઈ જગ્યા જ નથી. સ્વ–પર સિવાય ત્રીજી કોઈ જગ્યા જ નથી. તો અનાદિથી જીવની જે વિપરીત દૃષ્ટિ છે, પરની દૃષ્ટિ છે એને લઈને એનો સંસાર પરિભ્રમણ છે, એને લઈને એને ચારેય ગતિના જન્મ-મરણના દુઃખો છે. તો જે જીવ એ દુઃખથી છૂટવા આવ્યો છે એને એમ કહે છે કે, એક પ્રથમમાં પ્રથમ કરવા યોગ્ય કોઈ કાર્ય હોય તો તે પરિણામની દૃષ્ટિ છોડવાનું કાર્ય છે. આ હું જે પરિણામમાં છે; કેમકે વેદન પરિણામમાં છે. એટલે આ હું... આ હું... આ હું... એમ વેદાય જાય છે. ત્યાં તો 'આ હું' કરવાનો પ્રશ્ન જ નથી. આખી દૃષ્ટિ જ ઊંધી છે એ દૃષ્ટિ નહિ ફરે ત્યાં સુધી પરિણમનમાં સમ્યક્તા આવશે નહિ, ત્યાં સુધી કોઈ ગુણ પ્રગટશે નહિ, અને ત્યાં સુધી કોઈ કાર્યસિદ્ધિ છે નહિ, દુઃખ મટવાનો કોઈ ઉપાય પણ છે નહિ. જન્મ-મરણ મટવાનો કોઈ ઉપાય છે નહિ.

મુમુક્ષુ :– આમ તો પર્યાય અને દ્રવ્ય. પર્યાયમાં દ્રવ્ય આવે છે .. એક બીજાને અવલંબીને વસ્તુ તો એક જ છે. આ તો વિવિધતા એવી છે કે આ પરિણામીને આ અપરિણામીને આમ વિવિક્ષાથી જુદાં પડાય છે. બાકી વસ્તુ તો એકમાં બધી ક્રિયા થઈ જ રહી છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઇ તો બરાબર છે, પણ ક્રિયા બે રીતે થાય છે. એક તો વિપરીત પણ થાય છે અને બીજી અવિપરીત પણ થાય છે. થાય છે ને ? બે રીતે થાય છે ને ? તો જેને દુઃખ થયું છે, જેને સંસારનો ત્રાસ થયો છે કે, કોઈ રીતે આમાંથી છૂટવું છે એને માટે આ વાત છે. કે જો ભાઈ ! તને દુઃખ થયું છે ? (તું) ત્રાસ પામ્યો છો, એનું કારણ છે કે તારી દૃષ્ટિ છે એક સમયની પર્યાય ઉપર છે અને ત્યાંથી બધા દોષની પરંપરા સર્જાણી છે. બીજા જે વધુ દોષ થયા છે એ તો

દૃષ્ટિ પર્યાય ઉપર છે એનું મૂળ કારણ છે. 'ગુરુદેવ'ની શૈલીમાં તો આ ૪૭ શક્તિની શૈલીમાં એવું છે કે પર્યાયદૃષ્ટિથી જ રાગ છે. નહિતર જીવને રાગ નથી. શું ? ધ્યાનથી વાંચજો. અનેક જગ્યાએ આવે છે. પર્યાય દૃષ્ટિથી જ જીવને રાગ છે. જો દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો જીવને રાગ જ નથી. કેમકે દ્રવ્યદૃષ્ટિવાળો જીવ રાગનો પોતામાં સ્વીકાર કરતો નથી. પર્યાયદૃષ્ટિથી જ જીવને રાગ છે. 'ગુરુદેવે' વાત લીધી છે. દ્રવ્યદૃષ્ટિથી તમે જુઓ, દ્રવ્યદૃષ્ટિના પરિણમનમાં આવીને જુઓ તો તમને એમ લાગશે કે, રાગ છે ખરો (પણ) મારામાં નહી, હું કરું નહિ-હું કરું નહિ, કરાવું નહિ, અનુમોદુ નહિ, રાગનું કાર્ય મારું નહિ. મારાથી બહાર થાય છે કાંઈક. મારા અસ્તિત્વથી કાંઈક બહાર થાય છે, એ આખું અસ્તિત્વ ખસી જાય છે, એના પરિણામમાં અંશ હોવા છતાં ભાવમાં અસ્તિત્વ ખસી જાય છે.

મુમુક્ષુ :- જ્ઞાની બહારમાં દેખાય છે પણ પ્રતીતમાં નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઇ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. એ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. ત્યારે એમ કહેવાય કે દ્રવ્યમાં નથી, ગુણમાં નથી ને પર્યાયમાં નથી. એ દ્રવ્યદૃષ્ટિની વાત છે.

મુમુક્ષુ :- જે પર્યાયમાં રાગ દેખાય છે એટલે શું ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પર્યાયમાં જે રાગ દેખાય છે એ દ્રવ્યદૃષ્ટિથી વાત નથી. પછી કોઈ અપેક્ષાએ પર્યાયાર્થિકનયથી અને પ્રમાણ જ્ઞાનથી સમજાવવામાં આવે છે. કેમકે નહિતર કોઈ આગમના વિષયમાં ભૂલ કરી ન જાય એટલા માટે. અધ્યાત્મના વિષયમાં તો એ વસ્તુ નથી, પણ આગમના વિષયમાં કોઈ ભૂલ ન કરી જાય એટલે એમ કહેવાય કે ભાઈ ! તારો અપરાધ છે, તારો દોષ છે, તારી અવસ્થામાં હજી એટલો રોગ રહ્યો છે અને હજી મોક્ષ નહિ પામ ત્યાં સુધી આ રોગ ઘટતો... ઘટતો... ઘટતો... મટશે; પણ દ્રવ્યદૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિથી તો છે જ નહિ. આ એક 'સમયસાર'નો મુખ્ય દૃષ્ટિકોણ છે. 'ગુરુદેવ'ની આ જે શૈલી છે એ 'સમયસાર'માંથી ઊઠેલું 'ગુરુદેવ'નું પરિણમન છે. બીજી રીતે કહીએ તો.

મુમુક્ષુ :- અંદરની પદ્ધતિને જો જોવામાં ભૂલ કરે તો પદાર્થ ખોટો દેખાય.

પૂજ્ય ભાઈશ્રી :- તો આખા પદાર્થની ભૂલ થઈ જશે. આખા પદાર્થની ભૂલ થઈ જશે ત્યાં.

મુમુક્ષુ :- એનું આગમ પણ ખોટું અને એનો નિશ્ચય પણ ખોટો.

પૂજ્ય ભાઈશ્રી :- પછી તો જેનું આગમ ખોટું એનું અધ્યાત્મ સાચું હોવાનો પ્રશ્ન જ નથી. એ તો વાત પતી ગઈ.

મુમુક્ષુ :- .... વસ્તુ આખી ઊપસે છે. આત્મા અપરિણામી અને પરિણામી વસ્તુ આખી ઉપસે છે. ઇ વસ્તુનું મગજમાં આખું ચિત્ર આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- સમજવા માટે એ વાત આવે છે. હા ! ઇ તો ઠીક છે કે બે વાત આવે એટલે આખો પદાર્થ પૂરો છે એ વાત સમજવામાં આવે છે. ઇ તો છે જ. સ્પષ્ટીકરણ થાય એટલે પદાર્થની સમજ તો આવે જ ને.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ કીધું ને અધ્યાત્મની વાત ચાલતી હોય ત્યારે આગમની ટાંગ નાખવી નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ 'સોગાનીજી'ની મુખ્ય વાત છે. કેમકે ત્યાં અધ્યાત્મ છે એ જોર દેવાનો વિષય છે, જોર પ્રગટ કરવાનો વિષય છે. જ્યાં ગુણ પ્રગટ કરવાની પ્રક્રિયા ચાલે છે ત્યાં આગમનો વિષય જ્ઞાનમાં છે એને. એટલે એને જો વચ્ચે લાવે તો મુખ્યતા થાય તો જ વચ્ચે લાવે. તો એની મુખ્યતા તો કરવાની નથી. મુખ્યતા તો અધ્યાત્મના વિષયની કરવાની છે. **'અભેદ દૃષ્ટિ સે આત્મા અપરિણામી હૈ ઔર દ્રવ્ય-ગુણ-પર્યાય કા ભેદ પાડને પર આત્મા મેં શુદ્ધ નિરપેક્ષ પર્યાય હૈ ઇસલિયે આત્મા પરિણામી ભી હૈ.'** ઇ જ્ઞાનનો વિષય લીધો. દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જે જ્ઞાને ભેદ પાડ્યા અને આત્મામાં જે શુદ્ધ પર્યાય છે તે નિરપેક્ષ છે, જે પરની અપેક્ષા લેતી નથી. **'ઇસલિયે આત્મા પરિણામી ભી હૈ. સિદ્ધ ભગવંત કે અનંત ગુણ મેં ભી પરિણમન હો રહા હૈ ઇસલિયે આત્મા પરિણામી હૈ.'** હવે જે સિદ્ધ ભગવાન છે એને તો અંદરમાં રાગ નથી, પરિણામમાં રાગ નથી છતાં એના અનંત ગુણનું પરિણમન છે, ઉત્પાદ-વ્યય છે માટે ત્યાં આત્મા પરિણામી પણ છે. **'લેકિન દ્રવ્યદૃષ્ટિ સે'** હવે જુઓ ! મુદ્દો આ લેવો છે. તોપણ દ્રવ્યદૃષ્ટિથી **'લેકિન દ્રવ્યદૃષ્ટિ સે** પછી લીટો કર્યો છે **-અભેદ દૃષ્ટિ સે આત્મા અપરિણામી હૈ.'** આ ત્રીજી વખત લીધું છે. એક જ પેરેગ્રાફમાં અપરિણામી શબ્દ ત્રણ વખત વાપર્યો છે.

મુમુક્ષુ :- ચાલીસ વર્ષ પહેલાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચાલીસ વર્ષ પહેલા પોતે લખ્યું છે.

પ્રશ્ન :- 'ગુરુદેવ'ના પ્રવચનમાંથી કોણે ઉતાર્યું છે ?

સમાધાન :– 'બહેનશ્રી'એ પોતે, 'માતાજી'એ પોતે ઉતારેલું છે. એ પોતે લખી લેતા હતા. વ્યાખ્યાનો લખી (લેતા હતા.) આખાને આખા વ્યાખ્યાનો લખી લેતા હતા.

મુમુક્ષુ :– ઘરે આવીને !

પૂજ્ય ભાઈશ્રી :– હા ઘરે આવીને. ત્યાં નહિ, ત્યાં સાંભળવામાં લક્ષ. ત્યાં લખવામાં લક્ષ હોય તો સાંભળવામાં ન રહે. સાંભળતી વખતે લખવાનું ન હોય. સાંભળતી વખતે તો સાંભળીને અંદરમાં ઉતારવાની વાત છે. ત્યાં લખવાની પ્રવૃતિ ન થઈ શકે. એ એટલું ચોંટ્યું હોય છે, એટલું લક્ષપૂર્વક સાંભળેલું હોય છે, એટલો ઉપયોગ હોય છે, એટલી શક્તિ પણ છે. લખી નાખતા ઘરે આવીને. દાસભાઈએ પહેલી વહેલી વાત એ રીતે કરી હતી. ઘરે આવીને આપના બધા વ્યાખ્યાન શબ્દશઃ ઉતારી લે છે. 'બહેનશ્રી'નો એ વખતે પરિચય કરાવતી વખતે. હવે એ જે વાત કરી અપરિણામી નિજ આત્માની એ આશ્રયભૂત પદાર્થની વાત કરી, અને અભેદતાની વાત કરી, અભેદ ભાવની વાત કરી કે અભેદ દૃષ્ટિથી હું અપરિણામી છું. અભેદ દૃષ્ટિએ હું અપરિણામી છું.

મુમુક્ષુ :– અભેદદૃષ્ટિ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અભેદદૃષ્ટિ. .. કે અપરિણામી કહીને અભેદદૃષ્ટિથી વાત કરવી છે. 'તે હું', અંદરમાં કોઈક દ્રવ્ય અપરિણામી છે, તો કે અંદરમાં દ્રવ્ય પોતે અપરિણામી છે એ કોઈ વાત નથી. ત્યાં 'હું પણું' સ્થાપીને વાત કરવી છે કે, આ અપરિણામી છે. હું આવો અપરિણામી છું ! એમ વાત લેવી છે. અધ્યાત્મનો વિષય તો બહાર આવ્યો છે પણ કોઈ ગજબ શૈલીથી બહાર આવ્યો છે, એમ થવું જોઈએ.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– કોઈ વિદ્વાન છે ઇ દ્રવ્ય-ગુણ-પર્યાયને સમજે તો ક્યાં ફેર પડે ? બુદ્ધિ શક્તિ હોય, ક્ષયોપશમ હોય એટલે દ્રવ્ય-ગુણ-પર્યાયને સમજે. ત્રિકાળી દ્રવ્ય શું ? એક સમયનું પરિણામ શું છે એ સમજે, પણ અભેદ દૃષ્ટિની વાત એ જ્ઞાનીનો અધિકાર છે. એ માત્ર, કેવળ સમ્યક્જ્ઞાન વિના અને દૃષ્ટિ વિના, કેવળ વિદ્વતાનો એ અધિકાર છે નહિ. લાગે એવું કે બરાબર છે આમાં શું સમજણમાં ફેર છે ? ત્રિકાળી દ્રવ્ય અને એક સમયનું પરિણામ બન્નેનું જોડકું તે આત્મા પદાર્થ છે ૩૨૦મી ગાથા. પરિણામ અને સામાન્ય. સામાન્ય અને વિશેષ બન્ને થઈને આત્મા

પદાર્થ છે અવલંબનનો વિષય. તો એ આત્માની સમજણ બરાબર થઈ કે ન થઈ ? કે ત્રિકાળી આત્મામાં અપરિણામીમાં અભેદદૃષ્ટિ વિના એ વાત પણ ખરેખર સાચી નથી. પ્રમાણ જ ત્યારે થાય છે. પ્રમાણની પરિભાષા એવી છે કે, સામાન્ય વિશેષનો એક સાથે યુગપદ થતું જ્ઞાન. તો એ યુગપદ થતું જ્ઞાન એટલે વિકલ્પની વાત નથી. દૃષ્ટિ અભેદપણે ત્રિકાળી ઉપર હો અને પરિણામમાં સ્વસંવેદન હોય, સ્વપણે વેદાતું જ્ઞાન હોય. એમ એક સાથે યુગપદનું, જ્યાં દ્રવ્ય પર્યાયનું જ્ઞાન થયું તેને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. એ સમ્યક્દર્શનના કાળમાં પહેલું વહેલું પ્રમાણ થાય છે.

મુમુક્ષુ :- પર્યાય દ્રવ્યને આશ્રય કરે છે એથી દ્રવ્યદૃષ્ટિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, દ્રવ્યદૃષ્ટિ, દૃષ્ટિ જ પોતે ત્રિકાળીનો, નિજ પરમાત્માનો આશ્રય કરે છે એ જ અભેદ દૃષ્ટિ છે.

મુમુક્ષુ :- એ આખી વસ્તુ જ

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં એમાં અભેદતા સાધે છે, અભેદતા સાધે છે ત્યારે એ દ્રવ્યદૃષ્ટિ કહેવામાં આવે છે. એટલે અહીંયાં નિજ આત્મા, નિજ આત્મા શબ્દ એટલા માટે વાપર્યો છે, અભેદદૃષ્ટિ લેવી છે. **'પ્રમાણ-અપેક્ષાએ...'** હવે પ્રમાણજ્ઞાનના દૃષ્ટિકોણથી સમજાવે છે કે **'પ્રમાણ-અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી, અપરિણામી તેમ જ પરિણામી છે.'** જુઓ ! એ આખું દ્રવ્ય લઈ લીધું. બહુ સારી શૈલી લીધી છે. આત્મદ્રવ્યની જ વાત લીધી છે. એમ નહિ કે આ ત્રિકાળી દ્રવ્ય અને આ પરિણામ – બન્નેનું જોડકું થઈને પરિણામી, એમ નહિ. પ્રમાણ અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી. અપરિણામી છે અને પરિણામી પણ છે, એમ બન્ને લેવું છે. આત્મદ્રવ્ય અપરિણામી એટલે પોતે અભેદતા સાધી છે. એ અભેદતા છોડી દેવી નથી. જ્યારે પ્રમાણની અપેક્ષાએ પ્રમાણ સહિતના દ્રવ્યને જોવામાં આવે છે ત્યારે પણ જે અપરિણામીની દૃષ્ટિથી અભેદતા સાધી તે છોડીને વાત કરવી છે ? કે નહિ. તે છોડીને વાત કરવી નથી. એટલે એમ કહ્યું કે, આત્મદ્રવ્ય અપરિણામી છે અને આત્મદ્રવ્ય પરિણામી છે. એમ.

એ 'પ્રવચનસાર'માં વિષય લીધો છે. આ ૧૧૪ ગાથામાં વિષય છે એ જ છે, કે પર્યાયાર્થિકનયના ચક્ષુને બંધ કરી દેવામાં આવે તો દ્રવ્યાર્થિકનયથી આત્મા શુદ્ધ દ્રવ્યરૂપે છે. દ્રવ્યાર્થિકનયના ચક્ષુને બંધ કરી દેવામાં આવે તો આત્મા પર્યાયાર્થિકનયથી

આત્મા પરિણામ સ્વરૂપે છે. આત્મા અપરિણામ સ્વરૂપે પણ છે અને આત્મા પરિણામ સ્વરૂપે પણ છે. એ તો જોવાનો દૃષ્ટિકોણ અલગ અલગ છે. પણ જો અપરિણામી દૃષ્ટિથી અભેદતા સાધી, તે સાધના છોડીને, તે અભેદતા છોડીને, ક્યાંય પરિણામનો વિષય ચલાવે છે શાસ્ત્રકાર એમ તો ક્યાંય સમજવા યોગ્ય નથી.

મુમુક્ષુ :– અભેદતામાં બન્ને આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે આ condition રાખીને વાત છે.

મુમુક્ષુ :– પરિણામી અને અપરિણામી અભેદ પ્રમાણ છે.

પૂજ્ય ભાઈશ્રી :– અભેદ પ્રમાણ છે. એ અપરિણામી તેમજ પરિણામી છે. એમ લીધું. કોણ ? આત્મદ્રવ્ય. પ્રમાણ અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી, અપરિણામી તેમજ પરિણામી છે. અપરિણામીનો વિષય પણ પ્રમાણમાં આવી જાય છે અને પરિણામીનો વિષય પણ પ્રમાણમાં આવી જાય છે. પણ, હવે પણ કરીને વાત લે છે. એમ ખ્યાલમાં–જ્ઞાનમાં હોવા છતાં, પ્રમાણનો વિષય જ્ઞાનમાં હોવા છતાં પણ અપરિણામી તત્ત્વ ઉપર દૃષ્ટિ દેતા પરિણામ ગૌણ થઈ જાય છે. દૃષ્ટિમાં તો મુખ્ય–ગૌણનો પ્રશ્ન નથી પણ જ્ઞાન તો પ્રવૃતિ તે કાળે કરે છે. અને જ્ઞાન અત્યાર સુધી મુખ્ય–ગૌણ તો કરતું જ આવ્યું છે. બધાય છદ્મસ્થોને મુખ્ય–ગૌણ કરે છે. અત્યાર સુધી આત્માને છોડીને પરને મુખ્ય કરે છે, પર્યાયને મુખ્ય કરે છે. હવે એમ કહે છે અપરિણામી તત્ત્વ ઉપર દૃષ્ટિ દેતાં, એમાં અભેદતા સાધતા, એનો આશ્રય લેતાં (પરિણામ ગૌણ થઈ જાય છે.)

મુમુક્ષુ :– આત્મા મહિમાવંત છે એને મુખ્ય કરતાં, અપરિણામીને મુખ્ય કરતાં..

પૂજ્ય ભાઈશ્રી :– ... મુખ્ય કરતાં પરિણામ ગૌણ થઈ જાય છે. ક્યાં પરિણામ ? આશ્રય લેનારા પરિણામ સુદ્ધાં. આશ્રય લેનારા પરિણામ સુદ્ધાં પણ ગૌણ થઈ જાય છે. સમ્યક્દર્શનના કાળમાં, સમ્યક્દૃષ્ટિનું વિષયભૂત જે આત્મા તેની એટલી મુખ્યતા જ્ઞાનમાં છે કે, સમ્યક્દર્શન અને શુદ્ધ ઉપયોગ બન્ને ગૌણ થાય છે. સમ્યક્દર્શનના કાળમાં, સમ્યક્દર્શન સ્વયં અને શુદ્ધોપયોગ સ્વયં, જેને શુદ્ધનય કહ્યો છે અહીંયાં – એ પણ ત્યાં ગૌણ થાય છે. કેમકે એ તો પરિણામ છે. પરિણામની ક્યાંય મુખ્યતા થતી નથી. એ બહુ સ્વાભાવિક અને practical છે કે, જે દ્રવ્યદૃષ્ટિનો વિષય એ એટલો મહાન છે ! એટલો મહાન છે !! કે એની પાસે સમ્યક્દર્શન કે કેવળજ્ઞાનની

એક સમયની પર્યાય કાંઈ નથી !! કેમકે એવી એવી અનંતી... અનંતી... અનંતી... પર્યાયોનો પિંડ છે એ તો. અને છતાં પણ એથી અનંતુ બાકી રહે છે. અનંતી પર્યાયો પરિણમ્યા પછી પણ એથી અનંતુ બાકી રહે છે. તો એનો શું હિસાબ કરવો ? કોઈ રાજા આગળ પ્રધાન ગૌણ જ હોય એમાં પ્રશ્ન ક્યાં છે ? રાજાને પ્રધાન બન્ને આંગણે આવે. રાજા એના પ્રધાનને લઈને આવે, તો પહેલા રાજાનું સ્વાગત કરશે કે રાજાને એક બાજુ સાઈડમાં મૂકીને કહેશે કે પ્રધાન સાહેબ તમે પહેલા આવો !? તમારું સ્વાગત કરી લઈએ પછી રાજાનું કરશું ? એવું તો કદી બને નહિ.

એમ નિજ પરમાત્મ દ્રવ્ય એટલું મહાન છે કે, એક સમયની પર્યાયની મુખ્યતા મોક્ષમાર્ગી જીવને ક્યારેય પણ થતી નથી. એટલે તો આચાર્ય મહારાજે છઠ્ઠી ગાથામાં 'સમયસાર'માં એમ લીધું. એમને તો અપ્રમત્ત–પ્રમત્તદશા વર્તે છે. એમને સમ્યક્ મિથ્યાત્વનું તો પ્રકરણ વહેલું પૂરું થઈ ગયું. એ તો આગળ વધી ગયા છે ને પ્રમત્ત અપ્રમત્તદશામાં આવ્યા છે. તો કે **'ण वि होदि अप्पमत्तो ण पम्मत्तो जाणगो दु जो भावो।'** પ્રમત્ત પણ નથી ને અપ્રમત્ત પણ નથી. એ તો ગૌણતાનો વિષય છે. હું તો બીજો અખંડ જ્ઞાયક ભાવ છું !! આમ દ્રવ્યદૃષ્ટિના જોરમાં પર્યાયની ગૌણતા કેટલી છે ? કે મુનિદશા હોય તોપણ એની ગૌણતા વર્તે છે. જે મુનિદશામાં પ્રચુર સ્વસંવેદન છે ! અને ક્ષણે ક્ષણે આનંદના ઊભરા અને ફુવારા છૂટે છે !! અસંખ્ય પ્રદેશમાંથી અનંત ગુણની પર્યાયોનો ધોધ વહે છે !! અમારી દૃષ્ટિ ત્રિકાળી ઉપર છે, એ તો કાંઈ નથી. અમારા ત્રિકાળી પાસે એ બધું કાંઈ નથી. હજી અંદર તો અનંતો પુરુષાર્થ છે. આ પુરુષાર્થ છે ખરો પણ એથી અનંતો પુરુષાર્થ અંદર શક્તિમાં ભર્યો છે. એટલે સહજ ગૌણ થાય છે.

**'અપરિણામી તત્ત્વ ઉપર દૃષ્ટિ દેતાં પરિણામ સહજપણે ગૌણ થઈ જાય છે.'** પરિણામ પરિણામપણે ક્યાંય નાશ પામે છે ? અસ્તિત્વ રહેતું નથી ? ક્યાંય ચાલ્યા જાય છે ? દ્રવ્યને છોડીને ક્યાંક બીજે ચાલ્યા જાય છે ? એ કાંઈ વસ્તુ નથી. પરિણામ ક્યાંય ચાલ્યા જતાં નથી, પણ પરિણામની અત્યંત ગૌણતા વર્તે છે. એટલે ચોથા ગુણસ્થાને કોઈને ચૌદ પૂર્વની લબ્ધિ ક્ષયોપશમ જ્ઞાનની પ્રગટી હોય તોપણ એમાં અહંબુદ્ધિ થાય નહિ, કેમકે પર્યાયદૃષ્ટિ ચાલી ગઈ. ચોથા ગુણસ્થાને દ્રવ્યલિંગી થઈ જાય. એટલો બધો કષાય મંદ હોય કે સંસારમાં ન રહી શકે કે, આ ઉપાધિ હું

નહિ સહન કરી શકું. દીક્ષા લઈ લે. છટ્ઠા-સાતમા ગુણસ્થાને આવી ન શકે. ચૌદ પૂર્વની લબ્ધિ હોય અને નિરઅતિચાર ભાવલિંગી જેવું દ્રવ્યચારિત્ર દ્રવ્યલિંગી થઈને પાળતા હોય. ચોથા ગુણસ્થાને સમ્યક્‌દૃષ્ટિ દ્રવ્યલિંગી હોય (પણ તેમને) પર્યાયમાં અહંપણું ન આવે. દ્રવ્યદૃષ્ટિ હોવાને લીધે અને પર્યાયદૃષ્ટિ ટળી ગઈ હોવાને લીધે (એમને એમ ન થાય કે,) ચોથા ગુણસ્થાને આટલું બધું મને જ્ઞાન થઈ ગયું, ને બીજાને કાંઈ ખબર પડતી નથી; અરે ! મુનિ થઈને મારા જેટલું જ્ઞાન નથી, એમ આવતું હશે ? મુનિને તો પૂર્ણજ્ઞાન શું એને નવ તત્ત્વો પણ યાદ રહેતા ન હોય. પણ એમ ન આવે એને (જ્ઞાનીને). (એમ થાય કે) આ કાંઈ નથી, મારા ત્રિકાળી જ્ઞાન ભંડાર પાસે, મારા ત્રિકાળી જ્ઞાન સામર્થ્ય પાસે ચૌદ પૂર્વની લબ્ધિ તે સમુદ્રમાં બિંદુવત છે.

મુમુક્ષુ :– જ્ઞાન જુદી વસ્તુ છે અને સ્થિરતા એક જુદી વસ્તુ છે.

પૂજ્ય ભાઈશ્રી :– જુદી વસ્તુ છે બરાબર છે. આનંદ પણ મુનિને વધારે છે અને સ્થિરતા પણ મુનિને વધારે છે, ને મુનિદશાની ભાવના ભાવે છે કે, આ જ્ઞાન વધ્યું એનો શું અર્થ છે ? સ્થિરતા અને આનંદ વધવો જોઈએ, પ્રયોજન તો આનંદથી છે ખરેખર તો. એ તો દુઃખ છે, જેટલું જ્ઞાનીને સુખ ઓછું છે એટલું દુઃખ છે. એમ છે ખરેખર તો.

પ્રવચન સમુદ્રરૂપ સિંધુમાં ઉમટી આવે જેમ એમ કરીને લીધું છે ને 'શ્રીમદ્‌જી'એ. સમુદ્રની અંદર સમુદ્રમાં જેમ બિંદુ ઊછળે છે એમ ચૌદ પૂર્વની લબ્ધિનું જ્ઞાન અંદરના જ્ઞાન સમુદ્રમાંથી ઊછળીને બહાર આવે છે ! કેટલું છે ? એક બિંદુ જેટલું છે !! એટલું એને જ્ઞાન છે. ખબર છે, ત્રિકાળીને જોયો છે એને ખબર છે કે પર્યાય ક્યાં ઊભી છે અને દ્રવ્ય ક્યાં છે ? એટલે પરિણામ ગૌણ થઈ જાય છે. પરિણામ ક્યાંય ચાલ્યા જતાં નથી અને પરિણામ ક્યાં જતાં રહે છે ? એ તો પદાર્થનો અંશ છે. એ પદાર્થને છોડીને કટકો ક્યાંય જુદો પડતો નથી. એ ક્યાં જતા રહે ? **'પરિણમન તો પર્યાયસ્વભાવને લીધે થયા જ કરે છે,...'** પાછો જેમ ત્રિકાળી સ્વભાવ છે ઇ ત્રિકાળી સ્વભાવમાં કેટલી શક્તિઓ એવી છે કે, આમ જ પરિણમવું એવો એનો સ્વભાવ છે. આ ભાવ અભાવ, ને એ જે બધી શક્તિઓ લીધી છે, કર્તા-કર્મ-કરણ એ બધી પરિણામની મુખ્યતાવાળી શક્તિઓ છે. એમ પરિણમવાનો જેનો સ્વભાવ છે, સામર્થ્ય છે એમ કરીને શક્તિ લીધી છે. એ પરિણમન શક્તિથી માંડીને એ બધી વાત ચાલી

છે. ૧૯મી પરિણમન શક્તિ છે ને !?

**'પરિણમન તો પર્યાયસ્વભાવને લીધે થયા જ કરે છે,** અને **સિદ્ધમાં પણ પરિણતિ તો હોય છે.'** જુઓ ! એ એટલા વર્ષ પહેલાં; ચાલીસ વર્ષ પહેલાં જે સિદ્ધપદની વાત લીધી છે, એ વાત પાછી ફરીને અહીંયાં આવી છે. ત્યાં અભેદદષ્ટિની વાત લીધી તો અહીંયાં નિજ આત્માની વાત લીધી. ત્યાં પરિણમન સાબિત કરવા સિદ્ધ પરમાત્માનો દષ્ટાંત લીધો છે, અહીંયાં (પણ) પરિણમન સાબિત કરવા સિદ્ધ પરમાત્માનો દષ્ટાંત લીધો છે. ત્યાં 'ગુરુદેવે' લીધો છે, અહીંયાં સ્વયં પોતે ('પૂજ્ય બહેનશ્રી') પોતાના પ્રવચનમાં લીધો છે. આ ઊતરી ગયું છે, સાંભળ્યું છે એ ઊતરી ગયું છે. ગમે તેટલા વર્ષ જાય (પણ) વસ્તુ જે છે એ જ બહાર આવે, બીજી રીતે બહાર આવે નહિ.

**'સિદ્ધમાં પણ પરિણતિ તો હોય છે.'** એટલે વસ્તુ અને એના પરિણામ એની જે વસ્તુ વ્યવસ્થા છે, એ વ્યવસ્થા; જે આ વસ્તુ વ્યવસ્થા જે આગમનો વિષય છે એ ખ્યાલમાં છે અને ત્રિકાળી અપરિણામીની અભેદ દષ્ટિ સાધવાની વાત શરૂઆતથી છે. ત્યાંથી મોક્ષમાર્ગની શરૂઆત થાય છે, એ પહેલાં મોક્ષમાર્ગની કદી શરૂઆત થતી નથી. **'સિદ્ધમાં પણ પરિણતિ તો હોય છે. પરંતુ...'** અહીંયાં પણ કહીને અપરિણામી પર દષ્ટિ દેવાની વાત કરી. અહીંયાં પાછી પરંતુ વાત લીધી, કેમકે અહીંયાં ઇ દ્રવ્યદષ્ટિનો વિષય ચાલે છે. પ્રમાણની વાત આગમની વસ્તુ વ્યવસ્થા સમજાવવા સ્પષ્ટ કરે છે, પણ વિષય ઇ નથી ચાલતો આગમનો, વિષય અહીંયાં દ્રવ્યદષ્ટિનો ચાલે છે. પરંતુ કહીને વળી પાછી વાત ને ઉઠાવે છે, ઉપાડે છે. કે **'પરંતુ અપરિણામી તત્ત્વ ઉપર - એટલે કે જ્ઞાયક તત્ત્વ ઉપર જે દષ્ટિ...'** આશ્રય, અભેદભાવ શ્રદ્ધાથી હો. જ્ઞાન અભેદભાવ કરે, ચારિત્ર અભેદભાવ કરે એમ નહિ અહીંયાં. શ્રદ્ધાથી જે અભિન્નભાવ **'તે જ સમ્યક્ દષ્ટિ છે.'** એને જ સમ્યક્દષ્ટિપણું કહેવામાં આવે છે. આ સમ્યક્દર્શનની નિશ્ચયથી પરિભાષા છે અથવા નિશ્ચય સમ્યક્દર્શન કોને કહેવાય ? એની આ પરિભાષા છે. આ તો દિગંબર સંપ્રદાયમાં પણ સમ્યક્દર્શનનો વિષય 'સોનગઢ' સિવાય આ રીતે મળે એવું નથી. એટલો બધો સ્પષ્ટ છે.

મુમુક્ષુ :- સાંગોપાંગ વસ્તુ ખ્યાલમાં આવવી જોઈએ-

પૂજ્ય ભાઈશ્રી :- એમ તો મૂળ વસ્તુનું જ્ઞાન આવી ગયું ને, મૂળ વસ્તુ જ્ઞાનમાં

આવવી જોઈએ અને સ્વપણે જ્ઞાનમાં આવવી જોઈએ. આમ વાત છે, કેમકે પોતાની વસ્તુ છે અને પોતાની વસ્તુ પોતા સ્વરૂપે જ્ઞાનમાં ભાસવી જોઈએ. પછી બધું સવળું ચાલે. નહિતર એકેય સવળું ન ચાલે.

મુમુક્ષુ :– ક્ષયોપશમ જ્ઞાન થયું તો અભેદતા થઈ ગઈ એમ માને.

પૂજ્ય ભાઈશ્રી :– કલ્પના છે એ બધી શું. અને જ્યાં કલ્પના જલ્પના, જ્યાં કલ્પના જલ્પના છે ત્યાં બધો સંસાર છે. ત્યાં મિથ્યાત્વ છે અને ત્યાં સંસાર છે. કલ્પના એટલે વાસ્તવિકતા જેમાં નથી તેનું નામ કલ્પના. એટલે મિથ્યાત્વ થઈ ગયું, એમ.

મુમુક્ષુ :– આગળનાં જ્ઞાનીઓમાં આ વિષય 'રાજમલ્લજી'એ સૌથી વધારે ચર્ચ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઇ તો 'સમયસારકળશ'ની જ ટીકા કરી ને આ. ટીકાનો વિષય એજંડા ઉપર છે એ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. શાસ્ત્ર ઇ લીધું છે એમણે એટલે એ વિષય આવે જ ને ? બહુ સારી રીતે આવ્યો છે. એમણે એમની શૈલીથી આવ્યો છે, પૂજ્ય 'બહેનશ્રી'ની એમની શૈલીથી આવે છે, 'સોગાનીજી'નો એમની શૈલીથી આવે છે. હવે આ ચારેયને, અનેક જ્ઞાનીઓનો આ જ વિષયને કહેવાની જે પદ્ધતિ જુદી જુદી છે ને છતાં એક વિષયને કહે છે. તો કેટલી વિશિષ્ટ વિશિષ્ટ રીતે દરેક કહી શકે છે ! અને એમાંથી એક જ ભાવ કેવી રીતે દૃઢ થાય છે !! એ જો બધું એક જગ્યાએ મૂકવામાં આવે તો ખ્યાલમાં આવે કે આ વિષય કેટલો સુંદર છે !! એ થોડોક પ્રયત્ન ચાલે છે હવે જોઈએ કેવી રીતે મેળ ખાય છે.

મુમુક્ષુ :– 'કળશટીકા' છપાતી હતી ત્યારે 'ગુરુદેવ'નો જે ફડફડાટ હતો, એકદમ અંદરથી ફડફડાટ હતો કે જલદી આ બહાર પડે.

પૂજ્ય ભાઈશ્રી :– હા એ પોતે એકાંતમાં જોઈ ગયેલાને ત્યારે 'રાજમલજી'નું, એમનું અધ્યાત્મ જે તત્ત્વ છે, ઘણું પ્રધાન છે–મુખ્ય છે.

મુમુક્ષુ :– binding ન્હોતું થયું તો પાના વાંચવા શરૂ કરી દીધા હતા.

પૂજ્ય ભાઈશ્રી :– હા, હા ! બહુ મસ્તીથી લખેલું છે ગ્રંથ. બહુ મસ્તીથી ટીકા કરેલી છે, અધ્યાત્મની મસ્તી છે. અહીં સુધી રાખીએ છીએ.

## તા. ૧૪-૧૦-૧૯૮૭, વચનામૃત–૨૦૧
## પ્રવચન નં. ૧૫૮

પરિણામ છે એ પદાર્થની અંદર આગળ પડતો એક અંશ છે. એ સર્વ પરિણામોમાં દૃષ્ટિનું સ્થાન એક વિશિષ્ટ પ્રકારનું છે. દૃષ્ટિનું સ્થાન, શ્રદ્ધાનું સ્થાન એ કોઈ વિશિષ્ટ પ્રકારનું છે, વિશિષ્ટ પ્રકારનું છે એટલે જ્યાં સુધી જ્ઞાયક તત્ત્વ ઉપર દૃષ્ટિ આવતી નથી, અપરિણામી તત્ત્વ ઉપર દૃષ્ટિ આવતી નથી, ત્યાં સુધી પરિણામ ઠીક ચાલતા નથી અથવા અસમ્યક્ પ્રકારે સર્વ ગુણોના પરિણામ ચાલે છે. એ ક્યાં સુધી ? કે બહારમાં પંચ મહાવ્રત પાળે તોપણ ચારિત્રના પરિણામ ઠીક ચાલતા નથી. બહારમાં અંગ પૂર્વના શાસ્ત્રનું અધ્યાયન કરે તોપણ તે જ્ઞાનના પરિણામ ઠીક ચાલતા નથી. એવી રીતે પદાર્થને વિશે દૃષ્ટિમાં પરિણમનનું મહત્ત્વ છે. શ્રદ્ધાનનું મહત્વ એટલું બધું છે કે શ્રદ્ધાન સમ્યક્ થયા વિના એટલે કે અપરિણામી તે હું ! જ્ઞાયક તે હું ! એમ હું પણું થયા વિના, શ્રદ્ધાએ કરીને હું પણું થયા વિના કોઈપણ બીજા ગુણોના પરિણામ ઠીક ચાલતા નથી.

પંચ મહાવ્રત આદિને અચારિત્ર કહેવામાં આવે છે અથવા મિથ્યાચારિત્ર કહેવામાં આવે છે. અચારિત્ર તો રાગને લઈને છે જ, કેમકે સ્વરૂપમાં સ્થિરતા તે સુચારિત્ર છે, બરાબર (અનુચિત) ચારિત્ર છે, સાચું ચારિત્ર છે. અને રાગરૂપ ચારિત્ર તો અચારિત્ર જ છે. એ સમ્યક્દૃષ્ટિને પણ અચારિત્ર છે, એને ચારિત્ર નથી. પણ મિથ્યા ચારિત્ર.. શ્રદ્ધાન દ્રવ્યદૃષ્ટિ જ્ઞાયકની થયા વિના એ મિથ્યા ચારિત્ર છે. જ્ઞાન પણ મિથ્યા જ્ઞાન છે, અજ્ઞાન છે અથવા મિથ્યા જ્ઞાન છે અથવા વિપરીત જ્ઞાન છે. એટલે તેરમી ગાથામાં એ વાત લીધી કે, ભૂતાર્થને આશ્રિત નવ તત્ત્વનું જ્ઞાન, ભૂતાર્થ નયાશ્રિત નવ તત્ત્વનું

જ્ઞાન એને સમ્યક્‌દર્શન કહીએ, એને સમ્યક્‌જ્ઞાન કહીએ. જો ભૂતાર્થનો આશ્રય શ્રદ્ધા, જ્ઞાન અને આચરણમાં ઊભો થયો ન હોય તો નવ તત્ત્વની શાસ્ત્ર અનુસારીત થયેલું જ્ઞાન એ જ્ઞાન વિપરીત અભિનિવેશ સહિત હોવાને લીધે એ તો કાયમી છે. એ જ્ઞાનમાં વિપરીત અભિનિવેશ રહી જાય છે. અને તેથી કરીને તે .. મિથ્યાત્વ, મિથ્યાપણું – મિથ્યાત્વ એટલે મિથ્યાપણું અનાદિનું છે તે ચાલુ ને ચાલુ રહે છે.

એટલે એ કહ્યું કે, **'અપરિણામી તત્ત્વ ઉપર જ્ઞાયક** તત્ત્વ **ઉપર દૃષ્ટિ તે સમ્યક્ દૃષ્ટિ છે...'** અને જ્યારે એવી દૃષ્ટિ પ્રગટ થાય છે ત્યારે જીવનું પર્યાય ઉપરનું વજન ઊઠી જાય છે. અપરિણામી તત્ત્વ તે હું ! એમ થતાં એ ભાવ પરિણામમાં થાય છે પણ અપરિણામી તે હું ! એવો ભાવ થાય છે તેથી પરિણામ ઉપરનું વજન એનું છૂટી જાય છે. એવા દૃષ્ટિવંત એમ કહે છે કે **'આ મારી જ્ઞાનની પર્યાય'**, અને **'આ મારી દ્રવ્યની પર્યાય' એમ પર્યાયમાં શું કામ રોકાય છે ?'** એવું તારું પર્યાય ઉપર કેમ વજન જાય છે ? જે અપરિણામી તત્ત્વ છે, ધ્રુવ તત્ત્વ છે, દિવ્યગુણોનો ભંડાર છે, નિધિ છે એના ઉપર તારી દૃષ્ટિ નથી એટલે એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ છે અને તેને લીધે **'આ મારી જ્ઞાનની પર્યાય'**, અને **'આ મારી દ્રવ્યની પર્યાય'** એમ પર્યાયની વિશિષ્ટતા ઉપર તને વ્યામોહ થાય છે, એ પર્યાયમાં રોકાવું થાય છે, કેમકે તે દ્રવ્યને જોયું નથી. દ્રવ્ય અપરિણામી, દ્રવ્યને તે જોયું નથી–પણ એના ઉપર દૃષ્ટિને તે સ્થાપી નથી. એ રીતે પર્યાયનું મહત્વ કર્યા કરે છે, પર્યાયની મહત્તા તને આવ્યા કરે છે એના કરતાં તું **'નિષ્ક્રિય તત્ત્વ ઉપર** એટલે કે **તળ ઉપર દૃષ્ટિ સ્થાપ ને !'** એ બીજી ભાષા અહીંયાં લીધી છે. પોતાની મૌલિક શૈલીથી છે. એ નિષ્ક્રિય તત્ત્વને તળ કહે છે. વસ્તુનું તળ. તળ એટલે તળિયું. પછી નીચે કાંઈ રહ્યું નથી. કહેવાનું તુલ્ય એ છે કે પછી નીચે તળિયું નથી, પણ વસ્તુનો જે સ્વભાવ ધ્રુવ તત્ત્વ એથી પછી આગળ વસ્તુમાં કાંઈ નથી. એ એનો સર્વોત્કૃષ્ટ સ્વભાવ અંશ છે. એવા **'નિષ્ક્રિય તત્ત્વ ઉપર** એટલે **તળ ઉપર દૃષ્ટિ સ્થાપને !'** એટલે ત્યાં અહંપણું કરીને ત્યાં જ રોકાને ! ત્યાં જ સર્વસ્વપણું માનને ! અને એક જે વિભંગ અંગ છે, પર્યાય એટલે એ તો વિભંગ અંગ છે, વારંવાર ભાંગી જતું, વ્યય પામતું અંગ છે. આ નિષ્ક્રિયત્ત્વ છે, ભૂતળ છે એ તો અભિન્ન અંગ છે. આ વિષય લીધો છે 'દિપચંદજી'એ 'અનુભવપ્રકાશ'માં તે વિભંગ અંગ છે, પર્યાયને વિભંગ અંગ કીધું છે. એના ઉપરથી દ્રવ્યને અથવા

સ્વભાવને અભંગ અંગ કહેવામાં આવે છે. કેમકે એમાં કાંઈ ભંગ– ભેદ પડતો નથી.

મુમુક્ષુ :– દૃષ્ટિ તો સ્થાપવી છે અમારે પણ સ્થાપાતી નથી, હવે કરવું શું ?

પૂજ્ય ભાઈશ્રી :– બીજી વસ્તુ છે ત્યાં નુકસાન થઈ રહ્યું છે એની જાગૃતિ નથી.

મુમુક્ષુ :– નુકસાન છે ઇ પણ જાણીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :– કેમકે દૃષ્ટિનું પરિણમન તો છે. જીવનો એવો સ્વભાવ છે કે નુકસાન ખરેખર નુકસાન તરીકે જણાય તો નુકસાનીમાં ઊભો રહે નહિ. નથી તો એણે નુકસાન ને જાણ્યું, નથી તો એણે લાભને જાણ્યો. બે માંથી એક પણ નથી જાણ્યું. પોતે પોતાને વિશે એ ચાલતું નુકસાન, એ નુકસાનને સમજે તો નુકસાન બાજુ રહે નહિ. ન ભૂતો ન ભવિષ્યતી. સ્વભાવ બહારની ચીજ છે. પાણી ઢોળાતું દેખાય તો કોઈ ઢોળાવા દેવા તૈયાર નથી તો ઘી ઢોળાતું દેખાય ને કોઈ ઢોળાવા દેવા તૈયાર છે એ વાત માનવા જેવી છે ? એક માટલામાં ઘી ભર્યું છે ને એક માટલામાં પાણી ભર્યું છે; માટલામાં ઘી ભરે છે ને ? તો પાણીનું માટલું ફૂટ્યું હોય તો બબડ્યા કરે છે કે, પાણી મફતનું ચાલ્યું જાય છે. ઘીનું માટલું ફૂટ્યું હોય તો કોણ ઊભો રહે જોવા ? કે ભલે જાતું. એમ કોઈ ઊભો રહે છે ? એ બની શકે એવું નથી. પણ જ્ઞાની કોઈવાર એમ કહે છે કે; તમારા જેવો પ્રશ્ન કોઈ ઉઠાવેલો છે કે, દૃષ્ટિ તો અમારે કરવી છે પણ થતી નથી, તો જ્ઞાની એને એમ કહે છે કે, દૃષ્ટિ તો તારે કરવી નથી માટે થતી નથી. બરાબર છે ? કેમકે પોતે પોતામાં પોતાથી વિપરીત જે ચાલે છે એ પોતે પોતાથી જ ચાલે છે, કોઈના કારણે ચાલતો નથી. કે મારે કરવું છે ને નથી થતું, એ વાત સાચી નથી. ખરેખર એ વાત સાચી નથી.

શું કહે છે અહીંયાં ? કે... **'આ મારી જ્ઞાનની પર્યાય,** અને **આ મારી દ્રવ્યની પર્યાય...'** એટલે મારી આ પર્યાય સારી છે, આ મારી પર્યાય દ્રવ્યની સારી છે **'એમ પર્યાયમાં શું કામ રોકાય છે ?'** એ તો વિનાશી તત્ત્વ છે, અનિત્ય તત્ત્વ છે, એમાં રોકાવાથી શું ફાયદો છે ? નીચે ધ્રુવ તત્ત્વ પરમાત્મ તત્ત્વ છે એને છોડીને એક સમયની પર્યાય ઉપર કેમ રોકાય છે ? **'નિષ્ક્રિય તત્ત્વ અને તળ ઉપર દૃષ્ટિ સ્થાપને !'** આ પ્રેરણા છે. તારું જે પરમ તત્ત્વ છે, અનંત ચૈતન્ય રસ, અનંત આનંદ રસ, અમૃત રસનો કંદ છે એના ઉપર દૃષ્ટિ સ્થાપને ! એમ ત્યાં સુધી દૃષ્ટિને લઈ જા ને ! ત્યાં દૃષ્ટિ સ્થાપી દેને ! આ તો બાકીની જે દૃષ્ટિ છે, એ સિવાયની જે દૃષ્ટિ છે એ મિથ્યાદૃષ્ટિ

છે (અને) એ મિથ્યાદષ્ટિનું પરિણમન એને અનંત દુઃખ પ્રાપ્ત કરાવે છે. મિથ્યાદષ્ટિપણું હોવાને લીધે જીવને અનંત દુઃખની પ્રાપ્તિ થાય છે. એક બાજુ જીવને દુઃખથી છૂટવું છે (અને) બીજી બાજુ દુઃખથી છૂટવાનો સાચો ઉપાય કરતો નથી. આ એક Tragedy છે, આ એક કરુણતા છે કે, જીવને દુઃખ જોઈતું નથી, સ્વભાવે કરીને જ જોઈતું નથી, કોઈપણ જીવને નથી જોઈતું. પણ એ સંબંધીનો સાચો ઉપાય શોધતો નથી. સાચો ઉપાય મળે તો અંગીકાર પણ કરતો નથી.

મુમુક્ષુ :- પ્રમાદ છેને એ નથી કરતો એમાં ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રમાદ નથી (પણ) એ પોતાની વિપરીતતા છે, ઊંધાઈ છે અને એ બાજુનો વેગ છે એટલે પાછો વળી શકતો નથી. ત્યાં પણ એટલો પુરુષાર્થ જાય છે. વેગ છે એટલે પુરુષાર્થ જાય છે અને એ પુરુષાર્થમાંથી હીનવીર્ય થયેલો એવો જીવ પાછો વળી શકતો નથી. **'પરિણામ તો થયા જ કરશે.'** એ પરિણામની મુખ્યતા કરનાર એમ કહે છે. ઉપરના પેરેગ્રાફના અનુસંધાનમાં છે. તું પરિણામની મુખ્યતા કરનાર **'પરિણામ તો થયા જ કરશે.'** પરિણામનું થયા કરવું એ તો વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુના સ્વરૂપનો નાશ નહિ થાય. પરિણામ તો થયા જ કરવાના છે. **'પરિણામ તો થયા જ કરશે પણ, આ મારી અમુક ગુણપર્યાય થઈ, આ મારા આવા પરિણામ થયા -એમ શા માટે જોર આપે છે ?'** એમ કહે છે. તું પર્યાય ઉપર જોર દે છો ને ? પરિણામની મહત્તા તને કેમ આવે છે ? ધ્રુવની મહત્તા નથી આવતી અને પરિણામની મહત્તા તને કેમ આવે છે ? એમ કહેવું છે. જે પરિણામથી એકત્વ છૂટતા અપરિણામીમાં એકત્વ થશે એવી જ્યાં વસ્તુસ્થિતિ છે, તો હવે એ એકત્વમાં રહ્યો રહ્યો હજુ તું પરિણામને મહત્વ આપે છો તો એ એકત્વ કે'દી છૂટશે ? કે એ એકત્વ છૂટવાનો પ્રશ્ન નથી. એની ગાંઠ વળી હોય તો એ ગાંઠ ઢીલી પાડવાને બદલે ખેંચાવે છો, એને ખોલવાને બદલે છેડાને ન અડે અને ગાંઠને ખોલે તો તો ગાંઠ ખૂલે, પણ એના બદલે, છેડા જ ખેંચ્યા કરે કે આ ગાંઠ ખૂલતી નથી, આ ગાંઠ ખૂલતી નથી એમ કરીને જોર કરે (તો) ગાંઠ તો મજબૂત થઈ જશે.

એમ પરિણામમાં એકત્વ છે ને પરિણામ ઉપર જોર દે છે, તો એ તો મિથ્યાત્વની ગાંઠ છે, એકત્વની ગાંઠ છે એ વધારે મજબૂત થઈ જશે. એટલા જ માટે ધર્મના ક્ષેત્રમાં આવેલા જીવને આ એક બહુ મોટી ચેતવણી છે કે ધર્મના ક્ષેત્રમાં આવીને

તું બીજા પરિણામ છોડીને કેટલીક ધાર્મિક ક્રિયાના પરિણામ કરીશ, ભલે અનેક પ્રકારના, વિભિન્ન પ્રકારના, કોઈપણ પ્રકારના પણ આખરમાં એ પરિણામ તારા છે, એ પરિણામ ઉપરથી પણ વજન ઉઠાવી લેવાનું છે એમ દ્રવ્યદૃષ્ટિનો પ્રકાશ છે. દ્રવ્યદૃષ્ટિનો એ પ્રકાશ છે કે પરિણામ ઉપરથી દૃષ્ટિ હટાવી લેવાની છે. કેમકે દ્રવ્યદૃષ્ટિ તો પરિણામ ઉપર હોતી જ નથી. કેવળજ્ઞાનની પર્યાય હોય તો દ્રવ્યદૃષ્ટિ એની સામું જોતી નથી. બીજી પર્યાયની તો સામું કેમ જોવે ? કેવળજ્ઞાનની પર્યાયની સામે પણ દ્રવ્યદૃષ્ટિ જોતી નથી. દ્રવ્યદૃષ્ટિ એની હયાતીને સ્વીકારતી નથી. સમ્યક્દૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ એ કેવળજ્ઞાનની હયાતીને સ્વીકારતી નથી. આવું અંતરંગ એમનું છે. એવી દૃષ્ટિ થયા પછી બધા ગુણોનું પરિણમન સમ્યક્ ચાલે છે નહિતર બધાને વાંધો છે, એમ છે. બહુ મહત્વ છે. આ વિષય જૈન શાસ્ત્ર સિવાય ક્યાંય નથી, સમ્યક્દૃષ્ટિપણાનો જે વિષય છે એ જૈન શાસ્ત્ર સિવાય ક્યાંય નથી. બધી વાત તો ડાહી ડાહી આવે છે. ક્રોધ ન કરવો, ક્ષમા પાળવી, ચોરી ન કરવી, દુઃખ ન દેવું, પરિગ્રહ ન રાખવો, રાગ રાખવો, અનેક પ્રકારના ગુણો પ્રાપ્ત કરવા એવી બધી સારી સારી દેખાતી વાતો ઓછાવત્તા પ્રમાણમાં સર્વ જૈન શાસ્ત્રોમાં, સર્વ મતો જેટલા ધર્મ મતો છે એના શાસ્ત્રોમાં પોત પોતાની બુદ્ધિ ચાલે ત્યાં સુધી સૌએ લખી છે. એક આ (વિષય) નથી. કે દૃષ્ટિ સમ્યક્ થયા પછી બધા પરિણામ ઠીક થાય છે અને એ પહેલા કોઈ પરિણામ ઠીક થતાં નથી. Temporary ઠીક થયેલા દેખાય તોપણ એમાં કાંઈ માલ નથી. એ બધા વિપરીત અભિનિવેશ સહિતના વિપરીત પરિણામો જ છે, એની જાત ફેર થઈ નથી. તેથી એનું ફળ પણ આગળ જતાં પરિભ્રમણના (ચક્કર) સિવાય કાંઈ આવવાનું નથી. બે હજાર સાગર પહેલાં નિગોદમાં જીવ ચાલ્યો જવાનો છે. આ વસ્તુસ્થિતિ છે.

મુમુક્ષુ :– એક એક ગુણને જો ગ્રહવા બેસે તો પાર પણ ન આવે અનંત ગુણનો ધણી છે ને.

પૂજ્ય ભાઈશ્રી :– ઇ છે અને આવી રીતે દોષ છોડવા બેસે તો કેવી રીતે ક્રમે ક્રમે છોડે ? આ તો ખરેખર એવી એક Scheme છે, એવી એક કામની પદ્ધતિ છે કે, એક દૃષ્ટિ સમ્યક્ થઈ તો બધો નિવેડો આવી ગયો. એટલે એનું પ્રભુત્વ, એનું મહત્વ એટલું બધું આંકવામાં આવ્યું છે કે, મહામુનિએ પણ એ સંબંધી શાસ્ત્ર લખ્યા છે. ‘કુંદકુંદાચાર્ય’ મહામુનિ ! મહાન આચાર્ય ‘સમયસાર’ શાસ્ત્ર આ વિષય ઉપર

લખ્યું છે. સમ્યક્દૃષ્ટિપણું થાય એમ મિથ્યાદૃષ્ટિપણું મટે. આ એક વિષય હાથ ઉપર લીધો, નહિતર એ તો એથી આગળ નીકળી ગયા છે. મિથ્યાત્વને છોડીને સમ્યક્દૃષ્ટિપણું પ્રાપ્ત કરીને મુનિદશામાં આચાર્યપદે બિરાજમાન હતા અને અલ્પકાળમાં એ તો પૂર્ણ થઈને ચાલ્યા જશે સિદ્ધાલયમાં એમનો આત્મા. એમને શું જરૂર હતી ? કે જગતનો લગભગ બધો સમૂહ સમ્યક્દૃષ્ટિને બાદ કરીને, પરમાત્માઓને બાદ કરીને આખો જીવનો સમુહ ... જ્યાં સુધી દૃષ્ટિનું મહત્વ નહિ સમજાય ત્યાં સુધી જ્ઞાન અને ચારિત્ર જે મિથ્યાભાવ અને વિપરીત ચાલી રહ્યા છે, એમાં થોડોક ગુણ થતો દેખાશે તો જીવ એના ઉપર વળગી જશે કે, મારી આવી પર્યાય થઈ, મને આવા ભાવ આવ્યા, મને આમ સારું થયું, મેં આમ કર્યું ને મેં આમ કર્યું એમ એને થયા વિના રહેશે નહિ.

મુમુક્ષુ :– થોડો ગુણ અને મોટો અવગુણ.

પૂજ્ય ભાઈશ્રી :– પરિણામની ગાંઠ મજબૂત થાશે. પરિણામમાં એકત્વની ગાંઠ મજબૂત થઈ જશે. એ શૈલી ઉપર 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'નો જે ગ્રંથ છે એ અહીંયાં પ્રધાન શૈલી છે દ્રવ્યદૃષ્ટિની.

મુમુક્ષુ :– કાલનો વિષય ઓગણચાલીસ, ચાલીસ પત્રમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :– એજ યાદ આવતું હતું. વિષય ઘણો લીધો છે પરિણામના આશ્રયે... શું કહે છે ? **'પરિણામ ઉપર જોર શા માટે આપે છે ?** પરિણામમાં **પર્યાયમાં —** એટલે કે **પલટતા અંશમાં —દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે ?...'** શું કહે છે ? કે જે પર્યાય સ્વભાવાકાર થઈ નથી અને એ તો તદ્દન ઊલટી ચાલી છે એને તો કોઈ મહત્વ આપવાનો પ્રશ્ન છે જ નહિ. પણ કદાચ જે પર્યાય સ્વભાવાકાર થઈ છે, જ્ઞાનરૂપ છે, સમ્યક્દર્શન રૂપ છે, સમ્યક્ચારિત્ર રૂપ છે, શુદ્ધોપયોગરૂપ છે છતાં પણ એ પલટતો અંશ છે અને એક સમયમાં પલટતા અંશમાં ત્રિકાળી દ્રવ્યનું પરિપૂર્ણ, નિત્ય સામર્થ્ય થોડું આવે છે ? આવી શકે ખરું ? ક્યાં અનાદિ અનંત ત્રિકાળી સામર્થ્ય ! ક્યાં એક સમયનું અનિત્ય પરિણમન ! કેવી રીતે આવી શકે ? એક સમયની પર્યાય સ્વભાવાકારે થઈ હોય, સ્વભાવ સુદૃશ થઈ હોય તોપણ એ તો સ્વભાવની સેવા કરનારી છે, સ્વભાવ એની સેવા કરે છે એમ છે નહિ.

'સોગાનીજી'એ શૈલી લીધી છે કે, પર્યાય મેરી મેરા ધ્યાન કરો તો કરો. પર્યાયને

મારું ધ્યાન કરવું હોય તો ભલે કરે. પણ હું પર્યાય ધ્યાનરૂપ છું અને હું ત્રિકાળીનું ધ્યાન ધરું એમ નહિ. બહુ વિશિષ્ટ શૈલી લીધી છે. પર્યાય મારું ધ્યાન કરે છે અને હું ત્રિકાળીનું ધ્યાન ધરું છું – બે વચ્ચે બહુ મોટો ફેર છે. હું ત્રિકાળીનું ધ્યાન ધરું છું એનો અર્થ કે પર્યાયમાં – ધ્યાનની પર્યાયમાં હુંપણું રાખીને ત્રિકાળી બાજુ જવાની વાત છે. જ્યારે પર્યાય મારું ધ્યાન ધરે છે એટલે ત્રિકાળીમાં હુંપણું છે, પર્યાય પાંગળી થાય છે. એ પર્યાયને પર તત્ત્વમાં નાખે છે. દૃષ્ટિની અપેક્ષાથી પર્યાયને પર તત્ત્વ કહેવામાં આવે છે. કેમકે દૃષ્ટિનું જે સર્વસ્વ છે એ ત્રિકાળી છે. એ અહીંયાં પૂર્ણ થઈ જાય, સર્વસ્વ એટલે પૂર્ણ થાય છે. એથી બહારનું કોઈ સર્વસ્વ નથી, એમ છે.

મુમુક્ષુ :– પરિણામ તો થયા જ કરે છે અને થતાં જ રહેશે, બંધ થવાના નથી. જ્યાં સુધી થાય છે ત્યાં સુધી એ કરવાની વાત છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ઇ તો મિથ્યાત્વ છે. એ કરવાની વાત તો મિથ્યાત્વ છે. જે ગાડી ચાલે છે એને કોઈ એમ કહે કે, હું ધક્કો મારીને ચલાવું છું. તો કે તારી સમજણ ફેર છે એ તો ચાલે જ છે. એની શક્તિથી એ ચાલે છે, તારા ધક્કાથી ચાલતી નથી. પણ એ એમ માને છે કે મારા ધક્કાથી ચાલે છે. એ સમજણ ફેર છે, ઊલટી ગેરસમજણ છે. આ તો પરિણામનું ચક્કર છે એ તો ચાલ્યા જ કરવાનું છે, અવિરત ચાલ્યા કરવાનું છે. ક્યારે બંધ થાય ? એ વસ્તુ સ્થિતિ નથી.

સિદ્ધાલયમાં પણ ચાલશે, સંસારીપણામાં પણ ચાલશે. ચાલશે ચાલશે ને ચાલશે. વસ્તુનો એ સ્વભાવ છે, વસ્તુનું એ સ્વરૂપ છે. એટલે એ તો ચાલશે જ, પછી એને કરવાનો પ્રશ્ન છે એ બરાબર નથી, પણ એનાથી પ્રશ્ન થોડો આગળ વધારીએ છીએ. પરિણામ થયા કરશે એટલે પરિણામ નહોતા થતાં ને કરવા છે એ અમારો અભિપ્રાય નથી. પણ અમારો અભિપ્રાય એટલો જ છે કે, આ પરિણામ છે એની અંદર દોષ ઉત્પન્ન થાય છે, મલિનતા ઉત્પન્ન થાય છે, દુઃખ ઉત્પન્ન થાય છે, વિપરીતતા ઉત્પન્ન થાય છે એટલે એ અનિષ્ટપણું છે. એ પરિણામમાં રહેલો અનિષ્ટભાવ છે અને એ મટાડવા છે અમારે અને પવિત્રતા, શુદ્ધતા, નિરાકુળ શાંતિ, આનંદ, નિરાકુળ પવિત્ર આનંદ અને પરિણામની શુદ્ધતા, પવિત્રતા એ બધા ગુણો આત્માના પ્રગટ કરવા છે.

આ તો જે Quality ફેર કરવી છે એટલો જ પ્રશ્ન છે. પરિણામને કરવા, નહિ કરવાનો પ્રશ્ન નથી. આમ વાત છે. જે વાત આવે છે એ આ રીતે આવે છે કે વસ્તુ

પરિણમનશીલ હોવાથી પરિણામને કરવા, નહિ કરવાનો તો પ્રશ્ન તો અસ્થાને છે. કેમકે એ કરવું (પણ) નકામું છે અને નહિ કરવું એ નકામું છે. પણ હવે આ જે દુઃખને દોષ છે એ તો ટાળવા કે નહિ ? અને ગુણ અને સુખ-શાંતિ તો પ્રગટ કરવા કે નહિ ? આ પ્રશ્ન ઉત્પન્ન થાય છે. તો કે બરાબર છે, વાત તો ઠીક છે પણ એ કરવા માટે કરવું શું ? આ પ્રશ્ન થાય છે. એ કરવું એ તો એક સારી વાત છે કે આમ કરવા યોગ્ય છે, આમ નહિ કરવા યોગ્ય છે અથવા આમ થવા યોગ્ય છે અને આમ નહિ થવા યોગ્ય છે વાત તો સાચી છે. પણ એના માટે શું કરતા એમ થાય ? એનું વિજ્ઞાન શું છે ? એ વિધિ સમજવા જેવી છે.

ત્યારે જૈનદર્શનનો એક પાયાનો સિદ્ધાંત આ વિષયનો બીજે ક્યાંય નથી એ ઉપસ્થિત છે કે દ્રવ્યદૃષ્ટિ કરતાં ઊલટા પરિણામ સૂલટે છે. જ્યાં સુધી દ્રવ્યદૃષ્ટિ કરવામાં ન આવે ત્યાં સુધી બીજા પરિણામો કોઈ રીતે સમ્યક્ થાય એવું નથી. એટલે કે દોષ ટળે એવું નથી ને ગુણ પ્રગટે એવું નથી. આ વસ્તુનું વિજ્ઞાન છે. હવે એ દ્રવ્યદૃષ્ટિ શું છે ? કે પરિણામની જેને દૃષ્ટિ નથી, એક સમયના પરિણામની ઉપરથી જેની દૃષ્ટિ ઊઠી ગઈ છે, જેની છૂટી ગઈ છે અને જેને ત્રિકાળી અપરિણામી, પરિણામ રહિત અપરિણામીની દૃષ્ટિ થઈ છે ત્યારે બીજા બધા પરિણામ સમ્યક્ ચાલે છે, ત્યાં સુધી ચાલતા નથી. આ એક થોડી અગમ્ય વાત છે. સુધારવા છે પરિણામ અને પરિણામ ઉપરનું વજન છોડી દેવું. આ વાત જરા અટપટી અને વિચિત્ર લાગે છે અને ત્યાં સુધી અન્ય મતોની બુદ્ધિ પહોંચી નથી. બુદ્ધિ નહિ પહોંચવાનું કારણ છે કે, વિષય એટલો ગૂઢ છે. વિષય એટલો ગૂઢ છે. પરિણામ સુધારવા અને પરિણામને અડવું નહિ. એના ઉપરનું વજન ઉઠાવી લેવાનું તો દૃષ્ટિએ કરીને તો પરિણામને વિષય જ કરવાનો નથી, તો પરિણામ સુધરે છે. જેમ આંબે આવેલ મહોર, ખાકટી (કાચી કેરી), એને પાણી મૂળમાં જ દેવું પડે છે. એને મોટી કેરી થવા માટે ત્યાં પાણીને પાવામાં કે પાણીને છાંટવામાં આવે, કે ત્યાં પાણીની બાલદી લગાડવામાં આવે એવું બનતું નથી. એને પકવવા માટે, એમાં રસ લાવવા માટે, એ રસને મેળવવા માટે પાણી મૂળમાં જ આપવું પડે છે. એમ પર્યાયનું ઉદ્‌ભવસ્થાન શું છે ? એનું મૂળ શું છે ? તો કે દ્રવ્ય છે. એ દ્રવ્ય ઉપર જા ! પરિણામ આપોઆપ સુધરી જશે. ઑટોમેટીક થઈ જશે. પરિણામ ઉપર તારું વજન નહિ હોય ત્યારે તારા પરિણામ સુધરશે. એમ

છે. અને જ્યાં સુધી તારું પરિણામ, પર્યાય ઉપર વજન રહેશે ત્યાં સુધી પરિણામને સુધરવાનો કે સુધારવાનો તારો અભિપ્રાય કે તારી કોઈ પ્રકારની કાર્યપદ્ધતિ એ સફળ થવાનો પ્રશ્ન નથી, એ નિષ્ફળ જશે એમ કહેવું છે. એ વાત લે છે.

પ્રશ્ન :– પરિણામ ઉપર વજન નહિ દેવું એટલે રાગ-દ્વેષ ન કરવા ?

સમાધાન :– ઇ તો રાગ-દ્વેષ કરવાનો તો પ્રશ્ન નથી. રાગ-દ્વેષ નહિ કરવા, કરવાનો પ્રશ્ન નથી (પણ) વજન ઉઠાવી લેવાની વાત છે. દ્રવ્ય ઉપર જા ! પરિણતિ એ પણ પરિણામ ઉપર જ છે ને ? દ્રવ્યમાં જવું, અવલંબન શ્રદ્ધાએ લેવું, દ્રવ્યનો આશ્રય રાગે કરીને લેવો અને દ્રવ્યનો આશ્રય આશ્રયે કરીને લેવો એ પણ પર્યાય જ કરશે. બસ ! થઈ ગયું. અનંત ગુણ નિધાન જે છે એના સંગમાં પરિણામ થયા, પરિણામ થયા ગુણવાન. આ સીધો હિસાબ છે. ગુણોનો સંગ કરતા ગુણ પ્રગટ છે ને અવગુણનો સંગ કરતા અવગુણ પ્રગટે છે. એના જેવો નિયમ છે આ. તારા પરિણામનો સંગ છે (તો) તારા ગુણ ઉપર લઈ જા ! અનંત ગુણના નિધાન ઉપર લઈ જા ! પરિણામમાં ગુણ પ્રગટશે !! આમાં શું અનુચિત છે ? કે આમાં કોઈ વાત અનુચિત રહેતી નથી.

મુમુક્ષુ :– મુખ્ય–ગૌણની શૈલી બહુ અદ્ભુત છે.

પૂજ્ય ભાઈશ્રી :– અંદરનો અભ્યાસ માગે એવો વિષય છે. કે એક સમયની પર્યાયમાં સિદ્ધદશા પ્રગટ હો કે એક સમયની પર્યાયમાં નિગોદની દશા પ્રગટ હો, એકસ્ટ્રીમ પોઇન્ટ બે લીધા. પરિણામની છેલ્લામાં છેલ્લી હદની અશુદ્ધતા અને પરિણામની પૂરેપૂરી શુદ્ધતા — બન્ને છેલ્લા, બન્ને છેડા પકડ્યા. મારું એના ઉપર વજન નહિ હોવાથી અને મારું વજન મારા સ્વરૂપ ઉપર હોવાથી, સ્વરૂપને જોતા મને એમ લાગે છે કે, મને તો કાંઈ આમાં લાભ–નુકસાન થતું નથી. એમ. એમ કહીને એમ કહ્યું કે, ગુણ - અવગુણનું, સુખ - દુ:ખનું, શાંતિ - અશાંતિનું, લાભ - નુકસાન જે વિચારવામાં આવે છે; ભાવનું લાભ–નુકસાન; એની હદ અને એની મર્યાદા પર્યાય સુધીની જ છે, ત્રિકાળીમાં એ હદ આવતી નથી. જેને એ દૃષ્ટિ પ્રગટ થઈ છે એ એમ કહે છે કે, ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. વચ્ચે ચાર ગતિનું પરિભ્રમણ છે અને મોક્ષ છે એ તો પરિભ્રમણનો નાશ છે. 'શ્રીમદ્જી' ભાવના ભાવતા... ભાવતા... શુદ્ધ સમભાવની ભાવના એવી ભાવે છે કે, ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. મારી દૃષ્ટિ પર્યાય ઉપર નથી અને પર્યાય ઉપર મારી દૃષ્ટિ નહિ હોવાને લીધે ભવ

મોક્ષમાં મને કાંઈ ફરક દેખાતો નથી. આમ છે.

એ વાત 'નિયમસાર'માં 'પદ્મપ્રભમલધારીદેવે' એક કળશમાં લીધી છે કે, શુદ્ધ અશુદ્ધની વિકલ્પના હંમેશા મિથ્યાદષ્ટિઓને છે, મિથ્યાદષ્ટિઓને રહે છે. સમ્યક્દષ્ટિઓને વિકલ્પના એટલે કલ્પના જ થતી નથી. પર્યાયની શુદ્ધિ-અશુદ્ધિ ઉપરનો એના અહંપણાનો વિકલ્પ એમને આવતો નથી. અને મિથ્યાદષ્ટિને એમ થાય છે કે આ મારી પર્યાય છે, હું અશુદ્ધ છું. હવે શુદ્ધ થશે ત્યારે હું શુદ્ધ થઈશ. આ તારા પરિણામ ઉપરનું જોર આ બધા ખેલ કરાવે છે કે હું શુદ્ધ થઈ ગયો. હું અશુદ્ધ થઈ ગયો. હું અશુદ્ધ થઈ ગયો, ને હું શુદ્ધ થઈ ગયો. સમ્યક્દષ્ટિને તો ત્રિકાળી ઉપર દૃષ્ટિ હોવાને લીધે એ તો સદાય શુદ્ધતા જ છે, એમાં અશુદ્ધિનો વિષય જ વચ્ચે ક્યાંય આવતો નથી. એ વિકલ્પ જ નથી રહેતો, એમ લેવું છે. કેટલી જગ્યાએથી આ વિષય નીકળે છે. આ જરા બીજી રીતે લીધું (૭૩માં) નિશ્ચયનયથી મુક્તિ માટે પણ સંસારમાં તફાવત નથી. ઠીક.

'શ્રીમદ્જી'એ લીધું છે ને કે, ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. ઇ આ વાત છે કે મુક્તિમાં અને સંસારમાં તફાવત નથી. આમ જ ખરેખર તત્ત્વ વિચારતા, પરમાત્મ વસ્તુ સ્વરૂપનો વિચાર અને નિરૂપણ કરતાં શુદ્ધ તત્ત્વના રસિકપુરુષો કહે છે. જે પુરુષો શુદ્ધ તત્ત્વના રસિયા છે એ એમ કહે છે કે, મુક્તિમાં અને સંસારમાં શું ફેર છે ? એ તો પર્યાય છે, મારે ક્યાં પર્યાય ઉપર વજન જ છે !! કેવી કેવી વાતો લખી છે !

કે શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના તે મિથ્યાદષ્ટિ હંમેશા હોય છે. સમ્યક્દષ્ટિને તો હંમેશા કારણ તત્ત્વ અને કાર્ય તત્ત્વ બન્ને શુદ્ધ જ છે. એને તો પર્યાયમાં અશુદ્ધિ દેખાતી નથી, દ્રવ્યમાં પણ એને અશુદ્ધિ દેખાતી નથી. કેમકે સમ્યક્દર્શન પોતે જ શુદ્ધ છે. એમાં ક્યાં અશુદ્ધતા છે ? અહીંયાં વાત લીધી છે આ હોં ! આ રીતે પરમાગમના અતૂલ અર્થને દૃષ્ટિના વિષયનો જે અર્થ છે, પ્રયોજન છે, ભાવ છે, આશય છે તે અતૂલ અર્થ છે. એની કિંમત ક્યાંય થઈ શકે એવું નથી. પરમાગમમાંથી જે આવો અપૂર્વ અર્થ જેણે કાઢ્યો છે અને સારાસારના વિચારના અભિપ્રાયથી કાઢ્યો છે. શું સારભૂત છે ? ને શું (અસારભૂત છે ?) એક ત્રિકાળી પરમાત્મ તત્ત્વ જ સારભૂત છે ને બાકી બધું અસાર છે. એ સાર-અસારને વિચારવા યોગ્ય સુંદર બુદ્ધિ વળે,

જે સમ્યક્દષ્ટિ, સમ્યક્જ્ઞાની છે તેને અમે વંદન કરીએ છીએ !! આટલો બધો ભાવ આવ્યો ! છે મુનિરાજને !

પ્રશ્ન :– મુનિરાજ સમ્યક્દષ્ટિને વંદે ? કેવી વાત છે !

સમાધાન :– સમ્યક્દષ્ટિને વંદન–નમન કરે છે ! આ તો સાતસો-આઠસો વર્ષ પહેલાં 'પદ્મપ્રભમલધારીદેવે' આપણા ઘરની તો કોઈ ચીજ નથી. આ તો મિથ્યાદષ્ટિ થઈને ના પાડે કે સમ્યક્દષ્ટિને વંદન(ની ના પાડે) પાછા કહે, **'न वंदेही'** સાર-અસાર વિચાર .. વંદામહે... હું વંદન કરું છું... સંસ્કૃતમાં વંદા મહે. વંદતિ એમ નથી લીધું. પણ હું એને, અમે એને નમસ્કાર કરીએ છીએ. વયં પોતાના વિશે બહુવચન વાપર્યું છે. વયં એટલે અમે નમસ્કાર કરીએ છીએ, અમે એને નમસ્કાર કરીએ છીએ. હું એક મુનિ નહિ અમે બધા નમસ્કાર કરીએ છીએ. શું છે પણ આ ? આની પાછળ કહેવા શું માગે છે ? આ વસ્તુ સમજવા જેવી છે. કે કેટલું વિશાળ માર્ગને વિશે દષ્ટિનું મહત્વ છે આ સમજવા જેવું છે.

મુમુક્ષુ :– ભેદ જ નીકળી જાય, હું મુનિ અને આ સમ્યક્દષ્ટિ એવો ભેદ જ નીકળી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હું મુનિ (પણ) નથી, હું ગૃહસ્થી (પણ) નથી, હું આત્મા છું ! અને જેને દષ્ટિ થઈ તે આત્મરૂપ થયા છે. એમા ભગવાનને નમસ્કાર કરે છે. એ ચોથા ગુણસ્થાનને નમસ્કાર નથી કરતાં, જે પરમાત્મા થયા તેને નમસ્કાર, દષ્ટિ અપેક્ષાએ તો એ પરમાત્મા થયા છે. 'સમયસાર' ૧૪૩ ગાથામાં 'પરમાત્મા' શબ્દ વાપર્યો છે. શુદ્ધોપયોગ થયો પક્ષાન્તિક્રાંત થયો, તું શુદ્ધોપયોગમાં આવ્યો તે પર આત્મા પરમાત્મા તે જ 'સમયસાર' તે 'આત્મખ્યાતિ' પરમાત્મા શબ્દ ત્યાં વાપર્યો છે. ૭૨મી ગાથા છે. ૭૨મો કળશ છે. એ બધું આમાં ભર્યું છે.

દષ્ટિનું, જ્યાં દ્રવ્યદષ્ટિનું નિરૂપણ કરવું છે ત્યાં આ બધી વાત લીધી છે. પછી કથનમાં થોડી આવે તો ઝાઝું કરીને વાંચજો. 'ગુરુદેવ' એમ કહે છે ને કથનમાં થોડી આવે તો ઝાઝું કરીને વાંચજો. એનો અર્થ શું ? કે જેટલું જ્ઞાનમાં ભાસે છે એટલું કથનમાં આવી શકતું નથી. અને દ્રવ્યદષ્ટિનો વિષય જ એવો તો ગૂઢ છે. કેમકે એ સ્વયં નિર્વિકલ્પ પરિણામ છે. સમ્યક્દર્શનનું પરિણામ એ સ્વયં નિર્વિકલ્પ પરિણામ છે. સમ્યક્જ્ઞાનનું તે કાળે સ્વસંવેદનરૂપ પરિણામ તે પણ સ્વયં નિર્વિકલ્પરૂપ છે. બાકી

બધામાં તો વિકલ્પનો પ્રશ્ન રહેતો નથી. તો એને વિકલ્પપૂર્વક ઉત્પન્ન થનારી વાચા ક્યાં સુધી એને કહે ? આ સવાલ છે ? વાચા તો વિકલ્પપૂર્વક કરશે. પહેલાં વિકલ્પ આવશે અને પછી વાચા થાશે. ક્યાં સુધી એને કહેશે ? કે એનામાં એ વાર્તા કહેવાનું સામર્થ્ય નથી.

મુમુક્ષુ :- ખરેખર તો જેવું તત્ત્વ છે એવું તો વાચામાં આવતું જ નથી, નિર્દેશ જ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- વાચામાં આવી શકતું જ નથી. પ્રશ્ન જ નથી.

મુમુક્ષુ :- એની જાતિ જુદી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે. એમાં દૃષ્ટિનો વિષય તો બહુ ગૂઢ છે. શું કહે છે ? **'એમ શા માટે** પરિણામ ઉપર તું **જોર આપે છે ?'** જેમ તને બીજી ક્રિયામાં મન, વચન, કાયાના વિકલ્પ ઉપરનું જોર છોડી દેવાનું કહેવામાં આવે છે કે, ઉપવાસ કર તોપણ તું શરીર ઉપર જોર દઈશ નહિ, તે ખોરાક નથી લીધો એવા પરમાણુ ઉપર જોર કરીશ નહિ. મનનો વિચાર કરતો મન ઉપર તું જોર કરીશ નહિ અને સંયમાદિ પાળવામાં આવે તોપણ શરીરના પરિણામ ઉપરનું જોર કરીશ નહિ. કેમકે ઇ પરદ્રવ્ય ઉપરનું જોર છે. આત્માથી બાહ્ય તત્ત્વ છે એના ઉપરનું જોર છે. એટલે પરિણામ છે એ તો દૃષ્ટિના વિષયથી તો બાહ્ય હોવાથી એને પરમાગમમાં બાહ્ય તત્ત્વ કહેવામાં આવ્યા છે. બહિતચ્ચા બાહ્ય તત્ત્વ કહ્યાં છે એને. ૩૮મી ગાથામાં બહિતચ્ચા કહ્યાં છે. તો એના ઉપરનું જોર તારું નહિ હોવું જોઈએ. જેમ પુદ્‌ગલ ઉપર જોર નહિ હોવું જોઈએ, જેમ રાગાદિ ઉપર જોર નહિ હોવું જોઈએ, તેમ એક સમયના પરિણામ ઉપર ક્ષયોપશમનો ભાવ હો, કો ઉપશમનો ભાવ હો, કે ક્ષાયિકનો ભાવ હો - એના ઉપર જોર હોવું જોઈએ નહિ. એ દ્રવ્યદૃષ્ટિના વિષયમાં મુખ્ય ઉપસી આવતી વાત છે. કેમકે દ્રવ્યદૃષ્ટિ તો એને વિષય જ કરતી નથી. પછી તારે જોર દેવાનો પ્રશ્ન ક્યાં રહ્યો ? શા માટે જોર આપે છે ?

**'પર્યાયમાં — પલટતા અંશમાં...'** પર્યાયના એટલે તે પલટતાં અંશમાં **'દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે ?'** એમ પ્રશ્ન કરીને એમ કહે છે કે, એક સમયના પલટતાં અંશમાં પર્યાયમાં દ્રવ્ય તો આવતું નથી. જે પર્યાય પર સન્મુખ થઈને આ બાજુ મુખ રાખીને પરિણમ્યા કરતી હતી, તે પર્યાય આ બાજુ સ્વસન્મુખ મુખ રાખીને

પરિણમવા લાગી. એમ એનું મુખ ફરતા એની અંદર ગુણો પ્રગટવા લાગ્યા, દોષોનો નાશ થવા લાગ્યો. પવિત્રતા પ્રગટ થવા લાગી, અપવિત્રતા ને અશુદ્ધિ–મળનો નાશ થવા લાગ્યો. સુખની ઉત્પત્તિ થવા લાગી, દુઃખનો નાશ થવા લાગ્યો. પણ એ તો સન્મુખ થતાં આપોઆપ થયું. દ્રવ્ય પર્યાયમાં આવ્યું છે કે પર્યાય દ્રવ્યમાં ગઈ છે એ તો બનતું નથી. એ તો વસ્તુસ્થિતિ છે નહિ.

પર્યાયમાં એટલે **'---પલટતાં અંશમાં ---દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે ?'** એટલે નિત્ય સામર્થ્યરૂપ જે દ્રવ્ય છે એ શું આવે ખરું ? પ્રશ્ન પૂછ્યો છે. એ તો પ્રશ્ન જ નથી કે આવે. આવે જ નહિ એ તો. દ્રવ્ય તો દ્રવ્યના સ્થાને રહે છે. દ્રવ્ય પોતાનું સ્વ સ્થાન છોડીને પર્યાયમાં પ્રવેશ કરતું નથી. પર્યાય કદી દ્રવ્યમાં પ્રવેશ પામે એવી દ્રવ્યમાં એવી કાંઈ પોલાણ નથી કે પર્યાય એમાં પ્રવેશ પામે. એ તો ચિદ્દ્ઘન છે ઘનિષ્ટ તત્ત્વ છે સ્વભાવનું, એમાં પર્યાયનો પ્રવેશ થાય એવું પોલાણ નથી, તો રાગાદિનો કે પરદ્રવ્યનો પ્રવેશ થાય એ વાત તો રહેતી નથી. એ પરિપૂર્ણ નિત્ય સામર્થ્યને અવલંબે, એના ઉપર જોર દઈને એનો આશ્રય કર ને ! એનું અવલંબન લે ને ! પર્યાય દ્વારા અવલંબન લેવાનું છે એટલે પર્યાયને એ ઉપદેશ છે. એટલું એનું આલંબન લે ને ! પર્યાય થઈને પર્યાયનું આલંબન શું લે છો ? પર્યાય થઈને તું દ્રવ્યનું આલંબન લે ! તો તને તારું સ્વરૂપ દ્રવ્યસ્વરૂપે ભાસસે, તને તારું પર્યાય સ્વરૂપ વિસ્મૃત થઈ જશે. પરાભક્તિ લીધી છે ને. એ પરાભક્તિમાં જીવ પોતાની જાતને ભૂલી જાય છે ત્યારે એને છેવટની હદની ભક્તિ કહેવામાં આવે છે. તો અહીંયાં એમ કહે છે કે, પર્યાય જ્યારે નિજ પરમાત્માની–દ્રવ્યની ભક્તિ કરે છે, એનું બહુમાન એને આવે છે, દૃષ્ટિ એમાં મહિમાપૂર્વક ઉત્પન્ન થાય છે. નહિતર તો સમ્યક્દર્શન છે એ સ્વરૂપના અપૂર્વ મહિમાના ફળ સ્વરૂપે છે. અપૂર્વ... અપૂર્વ... મહિમા, એટલી હદનો એ મહિમા આવ્યો છે કે જેના ફળમાં સમ્યક્દર્શન થયું છે. એટલે એ સર્વોત્કૃષ્ટ અપૂર્વ મહિમા છે. તો કહે છે કે એટલી હદે મહિમા કહો, ભક્તિ કહો, બન્ને એક જ વાત છે. એટલી હદે પર્યાયમાં સ્વદ્રવ્યની ભક્તિ ઉત્પન્ન થયે, છેલ્લી હદ એને પરાભક્તિ લીધી. શું થયું એમાં ? કે પર્યાયે પર્યાયનું ભાન ગુમાવ્યું. પર્યાયે, હું પર્યાય સ્વરૂપે છું એવું ભાન એને ગુમાવ્યું, હું દ્રવ્ય સ્વરૂપે છું એવું એક નવું ભાન એને પ્રગટ્યું. જેને આત્મભાન કહેવામાં આવે છે. આ પરિસ્થિતિ આવવી જોઈએ ત્યારે એને દ્રવ્યદૃષ્ટિ

પ્રગટ થઈ એમ કહેવામાં આવે છે. એને અવલંબન લઈ લીધું કહે છે. પરિપૂર્ણ નિત્ય સામર્થ્યનું અવલંબન લેવું અને એ અવલંબન લેવા યોગ્ય છે. પરિણામનું અવલંબન છોડવા યોગ્ય છે.

**'જ્ઞાનાનંદસાગરનાં તરંગોને ન જોતાં...'** જુઓ ! પાછી કેવી શૈલીથી વાત આવે છે ! એકની એક વાતને કેવી રીતે કહે છે ? **'જ્ઞાનાનંદસાગરનાં તરંગોને ન જોતાં તેના દળ ઉપર દૃષ્ટિ સ્થાપ.'** આ શું કહ્યું ? એ ચિત્ર .. દૃષ્ટાંતમાં. સમુદ્રની અંદર જે તરંગો છે એ અમુક લેવલ સુધી હોય છે. મોજા ઊછળે છે અને જેમાં પાણીનું હલન-ચલન છે, જેમાં પાણીનો પ્રવાહ છે, જેમાં પાણી હલતું ચલતું જોવામાં આવે છે તે અમુક હદ સુધી નીચે જાવ ત્યાં છે. પછી એક સ્થિર દળની શરૂઆત થાય છે, કે જ્યાં હલન-ચલન નથી. એકલું પાણીનું સ્થિર દળ છે. ત્યાં પાણી હાલતું નથી, ચાલતું નથી, પ્રવાહ નથી, તરંગ નથી, કાંઈ નથી. તો કહે છે કે તું દરિયાને જોવે છો, ઉપલક દૃષ્ટિએ તો તને દરિયો ડોલતો દેખાશે, તરંગો જોતાં તને આખો દરિયો ડોલતો દેખાશે (પણ) દરિયો એ ખરેખર નથી કાંઈ. જે તને તરંગ દેખાય છે એ તને ઉપલી સપાટીને દેખતા દેખાય છે, પણ એ દરિયાની સમુદ્રની ઉપરનો વિભાગ છે. હવે અંદર તું સમુદ્રનું જ્ઞાન કરવા માટે અંદર જા ! તો કેટલીક હદે નીચે ગયા પછી તને એમ લાગશે કે, જે હલન-ચલન કરે છે એ વિભાગ નાનો છે, એ સમુદ્રનો અંશ નાનો છે અને અંદરમાં માઇલો સુધી પડેલું પાણીનું દળ છે કે જ્યાં ક્યાંય હલન-ચલન નથી, સ્થિર દળ છે. હવે એમ કહે છે કે, એ જે બહારમાં પાણીમાં... અને અંદરમાં જ્ઞાનાનંદ સાગર છે આત્મા, આત્મા જ્ઞાન અને આનંદનો સાગર છે. એના જ્ઞાન અને આનંદના તરંગો ઉત્પન્ન થાય છે એને ન જોતાં, એના ઉપર દૃષ્ટિ ન રાખતાં, એને જોવાનો જ સવાલ નથી દૃષ્ટિનો. દૃષ્ટિ એને જોતી જ નથી કે, છે કે નથી. ઉત્પન્ન થયો ? શુદ્ધોપયોગ ને આનંદ આવ્યો કે ન આવ્યો ? આત્માને આનંદ પ્રગટ્યો કે નથી પ્રગટ્યો ? આત્માને શુદ્ધોપયોગ પ્રગટ્યો કે નથી પ્રગટ્યો ? આત્માને અજ્ઞાન ને મિથ્યાત્વ ને રાગ મટ્યા છે કે નથી મટ્યા ? એ દૃષ્ટિ નથી જોતી. દૃષ્ટિ જોતી જ નથી એવું બધું. આમ છે. એનું નામ સમ્યક્‌દૃષ્ટિ છે. આ એવો વિષય છે.

એને **'ન જોતાં તેના દળ ઉપર દૃષ્ટિ સ્થાપ.'** આ તું તરંગને જોવાનું બંધ કર. તરંગને જોતાં દળ નહિ દેખાય, દળને જોતા તરંગ નહિ દેખાય. દૃષ્ટિ એક સાથે

બેને વિષય કદી કરતી નથી. જેની દૃષ્ટિ પરિણામ-તરંગ ઉપર છે એ અંદરમાં દળને, તળને જોઈ શકતી નથી. જેની દૃષ્ટિ તળને પકડે છે એ પરિણામને છોડી દે છે. એટલી ઊંડી જાય છે કે એ પરિણામને છોડી દે છે. અનેકવિધ શૈલીથી જ્ઞાનીઓ, ધર્માત્માઓએ આ વિષય શક્ય છે ત્યાં સુધી ભાષાગોચર કર્યો છે. કથંચિત્ વચનગોચર છે ને? પણ શક્ય છે એટલો વચનગોચર કર્યો છે. 'સોગાનીજી'એ દ્રવ્યદૃષ્ટિ બતાવવા એમ કહ્યું કે, જે આ અંદર દ્રવ્યમાં દૃષ્ટિ ગઈ ઊંડે તો એણે ત્રિકાળી અનંત ગુણના ખજાના ઉપર કબજો જમાવ્યો. આખું દ્રવ્ય કબજે કર્યું. આખું દ્રવ્ય કબજે કર્યા પછી હવે એ કોઈના સામું જોતી નથી, કે અનંત ગુણનું નિધાન મારા કબજામાં છે, મારે એક સમયની પર્યાય સામું જોઈને શું કામ છે ? એ કાંઈ જોવાનો વિષય રહેતો નથી. જેમ ધરાયેલો મનુષ્ય પછી કાંઈ ખાવાની ચીજ ઉપર એને આકર્ષણ રહેતું નથી. અથવા માનસિક રીતે એને ધરપત છે કે, ગમે એવી સારી સારી ચીજો પીરસી હોય છતાં એને એમ નથી થતું કે વાહ ! બહુ સારી ચીજ આવી ! બહુ સારી ચીજ આવી ! માનસિક ધરાયેલો નથી ઇ શું કર્યા કરે ? કે મેં આમ કીધું, હોં ! પચીસ રૂપિયાનું હતું ત્યારથી ખાધું છે. પચાસ રૂપિયાનું ખાધું છે, પણ ઓલો-ધરાયેલો સમજે છે કે આને કાંઈ ખાધું નથી. મેં આ ખાધું ને મેં આ ખાધું, મેં આ ખાધું, મેં આ ખાધું એમ કરે છે એ બતાવે છે કે એણે કોઈ દિવસ ભાળ્યું નથી ને ખાધું નથી. જેણે ખાધું છે એને એની મહિમા આવતી નથી, એ ધરાઈ ગયો છે. તો કહે છે મને જ્ઞાન પ્રગટ્યું, મને દર્શન પ્રગટ્યું, મને આનંદ પ્રગટ્યો, મેં આનો સ્વાદ લીધો, મેં આનો સ્વાદ લીધો મૂક .. તે ખાધું નથી હજી કાંઈ. સમ્યક્‌દૃષ્ટિને ધરપત થઈ ગઈ છે, કબજો લઈ લીધો છે. એક સમયની પર્યાયમાં આ ખાધુંને તે ખાધું એ વાત એને રહેતી નથી, એવી ધરપત થઈ જાય છે. દ્રવ્યદૃષ્ટિના ગુણો બહુ છે.

મુમુક્ષુ :- સમુદ્રના તરંગો ઉપર ઉપર છે અને દળ નીચે છે.

પૂજ્ય ભાઈશ્રી :- દળ નીચે નીચે છે બધું. અને કેવી રીતે ધર્માત્માનું અવલોકન કરવું ? કઈ દૃષ્ટિએ જોવા ? કે જેથી એને એનું તમામ આચરણ વંદનીય લાગે !! કેમકે એનું બધું સમ્યક્ છે અને બધું સવળું છે. એ જોવા માટે એણે દ્રવ્યદૃષ્ટિ શું છે ? એ વિષય પણ લેવો પડશે. ત્યાં સુધી તને વિષય સમજાશે નહિ. બાહ્ય દૃષ્ટિ છોડ અને શંકા-કુશંકા છોડી દે. અહીં સુધી રાખીએ છીએ.

## તા. ૧૬-૧૦-૧૯૮૭, વચનામૃત–૨૦૧,૨૦૨
## પ્રવચન નં. ૧૫૯

'બહેનશ્રી'નાં વચનામૃત. પાનું ૬૫. **'અનંત ગુણોના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે.'** અત્યાર સુધી પરિણામ, પરિણામ ભેદ ઉપર દૃષ્ટિ ઉઠાવવાની વાત કરી હતી. એક એક પરિણામ જુદાં છે. એક પરિણામમાં બીજા પરિણામનો અભાવ છે. ચાર ભાવ લીધા છે ને. બે ભાવ છે એ પરિણામમાં એ લક્ષે.. જેમ એક દ્રવ્ય અને બીજા દ્રવ્ય વચ્ચે અભાવ છે, એટલે કે એક દ્રવ્યના અસ્તિત્વમાં બીજા દ્રવ્યનું અસ્તિત્વ નથી. એ એક પરિણામના અસ્તિત્વમાં બીજા પરિણામનું અસ્તિત્વ નથી. ચાહે તે પહેલાનું પરિણામ હોય અથવા તે પછીનું પરિણામ હોય. પરિણામ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લે.

હવે એમ કહે છે કે, **'અનંત ગુણોના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે.'** પ્રથમ દ્રવ્યની ઓળખાણ કરાવવા માટે દ્રવ્યમાં રહેલી જે વિશિષ્ટતાઓ છે, જે વિભિન્ન પ્રકારની શક્તિઓ એની સમજણ અને એનું જ્ઞાન કરાવામાં આવ્યું, કે જેથી દ્રવ્ય સ્વભાવની કિંમત અથવા મૂલ્યાંકન થાય, એટલો ત્યાં હેતુ હતો. ત્યાં એ ગુણ ભેદ છે એ દૃષ્ટિનો વિષય નથી. દૃષ્ટિનો વિષય અભેદ દ્રવ્ય છે એમ કહેવું છે. દૃષ્ટિ જેમ પરિણામને વિષય કરતી નથી, તેમ ગુણ ભેદને પણ વિષય કરતી નથી. અથવા પરિણામ તો દૃષ્ટિના વિષયથી બહાર છે, બાહ્ય છે, બાહ્ય ભાવ છે. એટલે દૃષ્ટિના વિષયમાં જ પરિણામનું અસ્તિત્વ નથી. પણ દૃષ્ટિના વિષયમાં અભેદ દ્રવ્યમાં ભેદ અપેક્ષાએ ગુણભેદ તો છે ને ! ગુણભેદ તો ખરાને ! તો કે જ્ઞાન એમ વિષય કરી શકે, પણ દૃષ્ટિ એ વિષય કરતી નથી. જ્ઞાનના પણ બે પ્રકાર છે. અભેદનય એટલે ભેદને વિષય

ન કરે, ભેદનય એટલે અભેદને વિષય ન કરે ઉપયોગથી. અભેદનયે એ જ્યારે અભેદને વિષય કરે ત્યારે ભેદોનું જ્ઞાન લબ્ધમાં હોય છે. જ્યારે ભેદનયે એ ગુણભેદોને વિષય કરે ત્યારે અભેદનું જ્ઞાન લબ્ધમાં આવ્યું છે. કેમકે નય તો અંશને વિષય કરે છે, અને નય પ્રમાણ સહિત હોવાથી, નયજ્ઞાન પ્રમાણજ્ઞાન સહિત વર્તતું હોવાથી પ્રમાણની અંદર બાકીનો વિષય જ્ઞાનમાં રહે છે. જેથી કરીને એકાંત થતું નથી. પણ એવો પ્રકાર જ્ઞાનની અંદર ઊપજે છે અથવા નય વિભાગ છે એ જ્ઞાનનો સ્વભાવ છે. જ્ઞાનનું એ પ્રકારે કાર્ય કરવાનું પ્રકૃતિક કાર્ય છે, સ્વાભાવિક કાર્ય છે; પણ દૃષ્ટિનું તો એ પ્રકૃતિક કાર્ય પણ નથી (માટે) એ પ્રકારે દૃષ્ટિ પરિણમતી નથી. એટલે એમ કહ્યું કે અનંત ગુણોના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે, અનંત ગુણોના ભેદને પણ મુખ્ય ન કર. દૃષ્ટિ તો કાં અભેદ સ્વદ્રવ્ય ઉપર જાય છે, કાં દૃષ્ટિ અભેદ પર ઉપર જાય છે. અભેદ પરમાં ગુણભેદ આવી જાય છે. અભેદ પર એટલે શું ? કે એમાં ભેદ નથી પડતા એમ. ગુણભેદ આવી જાય છે, પર્યાયભેદ આવી જાય છે, રાગાદિ પર આવી જાય છે. પર્યાયભેદ તે પર છે, ગુણભેદ તે પર છે, રાગાદિ તે પર છે અને જગતના પુદ્‌ગલ પદાર્થો સંયોગ–વિયોગરૂપ જીવને થાય છે તે બધા પર છે. એક પર દૃષ્ટિમાં અભેદપણે બધું આવી જાય છે, બધું આવી જાય છે. દૃષ્ટિ કાંઈ ભેદ પાડતી નથી. સમજાવવામાં પણ એમ કહેવાય કે, જીવની રાગ ઉપર દૃષ્ટિ જાય છે, જીવની દેહાદિ પુદ્‌ગલો ઉપર દૃષ્ટિ જાય છે, અથવા જીવની દૃષ્ટિ ગુણભેદ ઉપર છે, જીવની દૃષ્ટિ એક સમયની પર્યાય ઉપર છે. એવા વિભાગ પાડવામાં આવે છે પણ દૃષ્ટિ ખરેખર વિભાગ નથી પાડતી. દૃષ્ટિનો વિષય જે છે એમાં કેવા કેવા પ્રકાર છે ? એમ જ્ઞાનમાં જ્ઞાનની મુખ્યતાથી એ બધા ભેદો જોવાય છે. દૃષ્ટિ તો અભેદ ભાવે જ પરિણમવાનું કાર્ય કરે છે. ચાહે તો વિષય સ્વ હો કે ચાહે તો વિષય પર હો. પર વિષયમાં અભેદપણે કરે છે અને સ્વ વિષયમાં પણ અભેદપણે જ કરે છે. એનો પરિણમવાનો ગુણ જ કોઈ એવો છે, એમ છે.

**'અનંત ગુણોના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે.'** એટલે પર દૃષ્ટિ જ્યાં છોડાવી છે, પરની દૃષ્ટિ જ્યાં છોડાવવી છે ત્યાં ગુણભેદને પણ જ્ઞાનમાં મુખ્ય કરવા જેવું નથી અથવા મુખ્ય થવા જોઈએ નહિ. અથવા જ્ઞાનમાં જણાતા જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ વગેરે અને ગુણ એવો હું એમ ભેદથી જોઈને

અહંપણું કરવામાં આવે છે ત્યાં સુધી એને દૃષ્ટિ અભેદની થતી નથી. અભેદ દ્રવ્યની દૃષ્ટિ થતી નથી. અનાદિથી એની દૃષ્ટિ પર ઉપર છે, એ પર ઉપરની દૃષ્ટિ સ્વ બાજુ લાવતા પહેલાં પરિણામ અને જ્ઞાનના વિષયમાં ગુણભેદ જે વચ્ચે આવે છે એની પણ મુખ્યતા રહે ત્યાં સુધી અભેદ દ્રવ્યની દૃષ્ટિ થતી નથી. એમ (લેવું).

**'અનંત ગુણમય એક નિત્ય નિજતત્ત્વ—અપરિણામી અભેદ એક દળ—તેમાં દૃષ્ટિ દે.'** આમ છે. અનંતગુણમય એક છે, અનંતગુણમય નિત્ય છે, એક અને નિત્ય છે એવો પોતે છે. અપરિણામી છે એટલે કે પરિણામ રહિત છે, પરિણામથી શૂન્ય છે, પરિણામના અભાવ સ્વભાવે છે, પોતાથી પોતે અભેદ છે અથવા ગુણભેદ અને પર્યાયભેદ જેમાં દેખાતા નથી. ફરીને એ જ શબ્દ લીધો છે. એક નિત્ય નિજતત્ત્વ, નિજતત્ત્વ અને એક દળ એ પણ અભેદતાને સૂચવે છે. એકપણું છે જેમાં બેપણું નથી. એવું જે સ્વભાવનું દળ છે, અભેદ દળ છે, એક દળ છે તેમાં દૃષ્ટિ દે !! એટલે તેમાં અહંપણું શ્રદ્ધાએ કરીને સ્થાપિત કર. શ્રદ્ધાથી અહંપણું સ્થાપવું, શ્રદ્ધાથી પોતાની હયાતીનું ગ્રહણ થવું એને દૃષ્ટિ આપવી, દૃષ્ટિ દેવી, દૃષ્ટિ કરવી એમ કહેવામાં આવે છે. આ તો એટલું લાંબું લાંબું જે કહેવાય છે એમાં પણ કેટલા ભેદ પડે છે, અનંતગુણમય. તો અનંતગુણમય – એમાં અનંતગુણના ભેદોવાળું એમ કહેવાનું પ્રયોજન નથી, પણ દ્રવ્ય એક ગુણાત્મક નથી એટલું જ કહેવાનું પ્રયોજન છે. પણ અનંતગુણના ભેદ ઊભા રાખવા છે એવી રીતે એને લક્ષમાં પણ લેવાનું નથી ને દૃષ્ટિમાં પણ લેવાનું નથી.

મુમુક્ષુ :– અનંતગુણમય કહીને એક ..

પૂજ્ય ભાઈશ્રી :– લક્ષનો વિષય પણ અભેદ છે અને દૃષ્ટિનો વિષય પણ અભેદ છે. બન્ને અભેદને જ વિષય કરે છે. પછી ભેદનયે, વ્યવહારનયે એના ગુણભેદો જોવામાં આવે છે. અને પર્યાયાર્થિકનયે અને વ્યવહારનયે પર્યાયના ભેદો જોવામાં આવે છે. પણ લક્ષમાં ભેદ નથી હોતા, જ્ઞાન લક્ષ કરે છે એના ભેદ નથી પડતા અને શ્રદ્ધાન દૃષ્ટિ કરે છે એમાં ભેદ પડતા નથી અને વસ્તુમાં પણ વસ્તુ સ્વરૂપે, વાસ્તવિક વસ્તુ સ્વરૂપે એકપણું, અભેદપણું, અખંડપણું રહેલું છે, અદ્વૈતપણું રહેલું છે. એમાં દ્વૈત નથી, બેપણું નથી, ખંડ નથી, ભેદ નથી.

મુમુક્ષુ :– લક્ષ એકનું કરે ત્યારે લબ્ધમાં બીજું પડ્યું છે, જ્ઞાનમાં આપે કીધુંને

બે વિભાગ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાનમાં ભેદોનો ... છે એ લબ્ધમાં જાય છે એ વખતે. એમ છે. લક્ષ જ્યારે આત્મા ઉપર છે ત્યારે અભેદ લક્ષનો વિષય અભેદ આત્મા છે. જ્ઞાનમાં ગુણભેદો, પર્યાયભેદો સમજાયા હોવા છતાં એ લક્ષનો વિષય નથી. એમ છે. લક્ષનો વિષય એક જ અભેદ આત્મા છે. વેપાર કરતી વખતે માલ વેચે છે, માલ ખરીદે છે. લક્ષ પૈસા કમાવાનું ભેદપણે છે કે અભેદપણે ? અભેદપણે છે. પણ વાતે વાતે, કાર્યે કાર્યે વિકલ્પ કરવો પડે છે કે, આમ પૈસા કમાવા છે ? આમાંથી કમાવા છે, આમાંથી કમાવા છે. એમ નથી. ઇ તો લક્ષનો વિષય રહી જાય છે. પ્રવૃત્તિ એ લક્ષને અનુસરીને, પ્રવૃત્તિ લક્ષ હોવાને લીધે કાળજીથી, દરકારથી, સાવધાનીથી, ચોકસાઈથી બરાબર થાય છે. એમ છે કે નહિ ?

મુમુક્ષુ :- ત્યાં લક્ષ ને સાવધાની રહે છે, અહીંયાં લક્ષ ને સાવધાની રહેતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- લક્ષ નથી એટલે સાવધાની નથી રહેતી. લક્ષ હોય તો સાવધાની રહે. તમામ શાસ્ત્રો, સમસ્ત શાસ્ત્રો 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી.' આટલું જ પ્રયોજન છે. શાસ્ત્રનું, શાસ્ત્ર રચનાનું પ્રયોજન કે અનાદિથી જીવને લક્ષ બંધાણું નથી. લક્ષ ક્યારે બંધાય છે ? કે સ્વરૂપ નિશ્ચય થાય ત્યારે. સ્વરૂપ નિશ્ચય થાય ત્યારે લક્ષ બંધાય છે ત્યાં સુધી લક્ષ બંધાતું નથી.

મુમુક્ષુ :- લક્ષ બંધાવું એટલે શું લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપનો નિશ્ચય થવો, આત્માની ઓળખાણ થવી. ત્યારે આવો જ હું છું ! એવું એને અભેદભાવે લક્ષ બંધાય જાય છે અને જોર આવે છે, અંદરથી સ્વદ્રવ્યનું જોર આવે છે અને સ્વાનુભવ સુધી પુરુષાર્થ કામ કરે છે. અનંતગુણમય એમ કહેતા એ મય શબ્દ જે વાપર્યો છે એ અભેદતાને સૂચવે છે. અનંતગુણોની અભેદતા. એક - પણ અભેદતાને સૂચવે છે. નિત્ય છે એમાં પણ કોઈ ખંડ ખંડ પાડીને નિત્યપણું નથી. અભેદભાવે નિત્ય લઈએ છીએ. એવું સ્વતત્ત્વ, નિજતત્ત્વ કે જેના પરિણામ નથી; પરિણામ નથી તેથી પરિણામનો વિષય કરવાનો પ્રશ્ન થતો નથી. ગુણભેદ છે, તેથી ગુણભેદનો વિષય કરવો કે ન કરવો એ પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે છે. પણ અપરિણામીને પરિણામ તો છે જ નહિ એટલે એને પરિણામનો ત્યાં વિષય

કરવાનો પ્રશ્ન થતો નથી, પરિણામ તો બહાર રહી જાય છે. અપરિણામીથી પરિણામ બહાર રહી જાય છે. એવું અપરિણામી અભેદ એક દળ નિજતત્ત્વ, સ્વતત્ત્વ તેમાં શ્રદ્ધાએ કરીને અહંપણું સ્થાપી દે. ત્યાં તારું ત્રિકાળ અસ્તિત્વ છે. એ ત્રિકાળ અસ્તિત્વને ગ્રહણ કર. ત્રિકાળ અસ્તિત્વને તું શ્રદ્ધામાં સ્વીકારી લે. બસ ! આટલું કાર્ય થાય તો એ કાર્ય છે એ જન્મ-મરણના નાશનું કારણરૂપ કાર્ય છે નાસ્તિ અપેક્ષાએ. અસ્તિ અપેક્ષાએ કેવળજ્ઞાનની ઉત્પત્તિનું એ કારણ છે અથવા સિદ્ધદશાની ઉત્પત્તિનું એ કારણ છે.

**'પૂર્ણ નિત્ય અભેદનું જોર લાવ.'** પૂર્ણ શબ્દ બાકી હતો. ઉપરના જેટલા વિશેષણો વાપર્યા એમાં સ્વરૂપે કરીને અનંતગુણમય જે સ્વતત્ત્વ છે એ પરિપૂર્ણ છે. જેમાં કાંઈ પણ હવે બીજું આવવાનો અવકાશ નથી, પોતાથી પૂર્ણ છે. એક કળશ પૂરેપૂરો ભરેલો હોય, એક ટીપું નાખો તોપણ નીચે પડે, એમ આ આત્મા પોતાના સ્વરૂપથી અને સ્વભાવથી સંપૂર્ણ છે, પરિપૂર્ણ છે. એને પોતાની જરૂરીયાત માટે ક્યાંય બહારમાં જવું પડે એવો એ નથી. આમ છે.

મુમુક્ષુ :- અનંતકાળથી બહાર રખડ્યો ખોટે ખોટો..

પૂજ્ય ભાઈશ્રી :- હેરાન થયો ને દુઃખી થયો. પરની અપેક્ષાથી ભાવથી બહાર ગયો, દ્રવ્યે તો બહાર જઈ શકતો નથી. ભાવથી બહાર ગયો છે. તોપણ એમાં દુઃખનો અનુભવ કરવા સિવાય એને બીજું કાંઈ મળ્યું નથી. એકલું દુઃખ જ મેળવ્યું છે. આમ છે. વેપાર અર્થે travelling કરવું પડે છે ને ? બહાર જવું પડે છે, ગામ છોડીને તો એ દ્રવ્યે ભ્રમણ છે. એક ગતિમાંથી બીજી ગતિમાં જવું પડે એ પણ દ્રવ્ય ભ્રમણ છે અને આ પણ દ્રવ્ય ભ્રમણ છે. પણ એનાથી જીવનું શું પ્રયોજન છે ? એટલું ત્યાં વિચારવાનું છે. જીવને એનાથી કોઈ પ્રયોજનની સિદ્ધિ નથી. સુખનું જે જીવનું પ્રયોજન એ બહાર જતાં, દ્રવ્યે કે ભાવે બહાર જતાં પ્રયોજનની સિદ્ધિ નથી. એકાંતે એમાં આકુળતા અને દુઃખ જ છે. પૂર્ણ તત્ત્વ છે એમ કહે છે. નિજતત્ત્વની પૂર્ણતા છે એ ખરેખર વૈરાગ્યની ઉત્પાદક છે. વૈરાગ્યનું ઘાતકપણું છે. કે નિજતત્ત્વને છોડીને પરની અપેક્ષા એ વૈરાગ્યનો ઘાતકભાવ છે. અપેક્ષાવૃતિ, પરની અપેક્ષાવૃતિ તે અવૈરાગ્ય પરિણામ છે અને પોતાના પૂર્ણ દ્રવ્યના આશ્રયે નિરપેક્ષવૃતિ તે વૈરાગ્યવૃતિ છે. એમ ખરેખર છે. જ્ઞાનીને જ્ઞાન અને વૈરાગ્ય બન્ને છે એમ કહેવામાં આવે છે.

જ્ઞાનમાં શું છે ? કે પોતાની પૂર્ણતાનું જ્ઞાન છે, સ્વસ્વરૂપની પૂર્ણતાનું જ્ઞાન છે. સ્વસ્વરૂપની પૂર્ણતાના જ્ઞાનમાં એમ આવે છે કે, મારા સ્વરૂપથી હું પૂર્ણ હોવાને લીધે મારે કોઈ બીજાને મેળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કે કોઈ અવકાશ ઉપસ્થિત થતો નથી. બસ ! એવી જે પરની નિરપેક્ષવૃતિ છે એને જ્ઞાનીનો વૈરાગ્ય કહેવામાં આવે છે. આમ વૈરાગ્ય છે. જ્ઞાન ને વૈરાગ્ય નિયમથી હોય છે એનું કારણ આ છે. સમ્યક્દષ્ટિ નિયતં ભવતિ જ્ઞાન વૈરાગ્ય શક્તિ. નિર્જરા અધિકારનો કળશ છે. નિયમથી હોય છે નિયમથી હોય છે એનું કારણ આ છે કે પોતાના પૂર્ણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. જ્ઞાન પૂર્વક, પૂર્ણ દ્રવ્યના જ્ઞાનપૂર્વક પૂર્ણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. પર્યાય એની જ ઉપાસનામાં વર્તે છે. તેથી પર્યાય સ્વને છોડીને પરની ઉપાસનામાં વર્તતી નથી.

**'પૂર્ણ નિત્ય અભેદનું જોર લાવ.'** પૂર્ણનું જોર લાવ. હું પૂર્ણ છું ! હું સદાય પૂર્ણ છું ! અને એ ગુણભેદનો વિકલ્પ પણ મારે કરવાનો પ્રશ્ન રહેતો નથી. આવો છું, આવો છું, આવો છું એવો વિકલ્પ કરવાની જરૂરત નથી. ગુણ તો પોતાની સંપત્તિ છે, સંપત્તિનો વિકલ્પ ન કરવો ? ગુણ તો પોતાની સંપત્તિ છે, પોતાની સંપત્તિનો વિકલ્પ ન કરવો ? કે ગુણની સંપત્તિનો વિકલ્પ એ પણ ગુણ સંબંધીના અધૂરા ભાવને પ્રદર્શિત કરે છે. માણસ નથી કહેતા કે અધૂરો (ઘડો) છલકાય. અધૂરો છલકાય, પૂરો ઘડો છલકાતો નથી. એમ અમારે ગુજરાતીમાં કહેવત છે ઘડાને અનુલક્ષીને (કે) અધૂરો (ઘડો) છલકાય (છે). પાણીનો અડધો ઘડો ભરીને કોઈ ચાલે, તો પાણી છલક મારે ને બહાર જાય. બહાર નીકળી જાય એવી રીતે એ પાણી બહાર આવે અને પૂરો ઘડો ભરીને કોઈ ચાલે તો પાણી બહાર ન જાય. આ એક વિજ્ઞાનનો વિષય છે. એમ અહીંયાં આવો ગુણ છે મારામાં, આવો ગુણ છે મારામાં, આવો ગુણ છે, અનંત જ્ઞાન છે, અનંત દર્શન છે, અનંત ચારિત્ર છે, અનંત સુખ છે, અનંત વીર્ય છે એવો વિકલ્પ – એ દશાની અધૂરાશને સૂચવે છે. જ્યાં અભેદ થઈ જાય છે પરિણામ, એવા વિકલ્પ ઊઠતા નથી ને નિર્વિકલ્પ થાય છે ત્યારે એને સાધના કહેવામાં આવે છે, ત્યારે એને એ વિષયની પરિપકવતા કહેવામાં આવે છે. અધૂરાશ નથી કહેતા એને પરિપક્વ જ્ઞાન કહેવામાં આવે છે. ઓળખાણમાં એમ જ છે. ન ઓળખતો હોય ત્યાં સુધી આવો ફલાણો તો આમ હોય, ફલાણો આવો છે ને ? આવો છે ને ? એમ ત્રણ વખત પૂછવું પડે. ઓળખાણ હોય તો નામ લેતા પતી જાય. ઠીક છે, બરાબર.

નામથી જ કહી દે. એને વિશેષ વિચાર કરવાની જરૂર પડતી નથી.

મુમુક્ષુ :- પૂર્ણ, નિત્ય અને અભેદ ત્રણમાં તો બધું આવી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- આખું જગત આવી ગયું. ઇ તો કહેવામાં આવે ત્યાં ભેદ પડે છે, વિકલ્પ પડે છે, ક્રમથી કહેવાય છે. કેમકે કથન તો કોઈપણ ભેદને જ કહેનારું છે. અભેદમાં પણ ભેદ જ આવે છે. ભેદ નહિ એવો અભેદ. પણ બીજો ઉપાય નથી, કહેવામાં બીજો ઉપાય નથી. એવા નિજતત્ત્વનું-અભેદ નિજતત્ત્વનું જોર લાવ, જેમાં પૂર્ણતા છે. પૂર્ણતા શ્રદ્ધા, જ્ઞાનમાં આવે અને જોર ન લાવે એવું બનતું નથી. એ તો પ્રેરણાત્મક શબ્દ છે એટલે લાવ એમ કહેવામાં આવે છે. એ કોઈ કૃત્રિમતાથી લાવવાની વાત અહીંયાં નથી. જેને શ્રદ્ધા, જ્ઞાન ઊપજે એને એની શ્રદ્ધા, જ્ઞાન સહિત પુરુષાર્થનું કાર્ય રુચે છે, એમ કહેવું છે. એટલે પુરુષાર્થપૂર્વક શ્રદ્ધાજ્ઞાન કર અથવા પુરુષાર્થ સમેત શ્રદ્ધા, જ્ઞાન કર, એમ કહેવું છે.

પ્રશ્ન :- જોર લાવ એટલે શું લાવવું ?

સમાધાન :- પુરુષાર્થનો વિષય છે. જોર એટલે પુરુષાર્થ. જોર.. તીવ્રતા આવી. પૂર્ણ છું એનો આશ્રય થતાં, પૂર્ણતાના આશ્રયે જોરની ઉત્પત્તિ થવી. માણસને ઓથનું જોર આવે છે. પછી સંયોગોની બધી ઓથ હોય છે કે શરીર બહુ મજબૂત છે, અથવા સંયોગો બધા અનુકૂળ છે તો એનું જોર બાહ્યદૃષ્ટિ એ પ્રકાર રહે છે. પણ અંતરદૃષ્ટિમાં પોતાની અનંત સંપત્તિ છે એનો વિકલ્પ પણ જ્યાં કરવાનો નથી. નિર્વિકલ્પ થઈ ગયો, છે એ સંબંધીમાં નિર્વિકલ્પ થઈ ગયો, ત્યાં એનું જોર આવે છે. કેમકે આત્મામાં વીર્યગુણ છે એ પરિણમ્યા વિના રહેતો નથી. તો અહીંયાં જ્યાં સ્વદ્રવ્યની દૃષ્ટિ અને જ્ઞાન થયું, તો ત્યાં પણ પુરુષાર્થ પરિણમ્યા વિનાનો રહેશે નહિ. પરિણમ્યા વિનાનો રહેશે નહિ એટલું તો નહિ પણ કોઈ અપૂર્વ પરાક્રમથી પરિણમશે એટલું જોર એમાં આવશે. 'શ્રીમદ્જી'એ જોર લીધું છે કે નહિ ? 'અમે આ કાળના બીજા શ્રીરામ છીએ.' લીધું છે કે નહિ ? જેને જેમનું ફળ કેવળજ્ઞાન પણ જોઈતું નથી એને હે પરમાત્મા ! તું બીજું શું દેવાનો હતો ? પ્રેમથી તુંકારો કર્યો છે કે તું શું દઈશ અમને ? કાંઈ દેવાનો લેવાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે અમે પૂર્ણ છીએ એનું અમને જ્ઞાન અને શ્રદ્ધાન થયું છે. કેવળજ્ઞાન માગવાનો પ્રશ્ન નથી, કેવળજ્ઞાનથી ભરપૂર જ અમારું સ્વતત્ત્વ છે. લાવવાનો પ્રશ્ન જ નથી કેવળજ્ઞાન. કેવળજ્ઞાન અમને દૃષ્ટિ અપેક્ષાએ શ્રદ્ધામાં

વર્તે છે. મુખ્યનયના હેતુથી કેવળજ્ઞાન અમને વર્તે છે. ઇચ્છાદશાએ કેવળજ્ઞાન (વર્તે છે). એ ભાવનાનો વિષય લીધો શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર. કેવળજ્ઞાન વર્તે છે, વર્તે છે, વર્તે છે એમ લે છે. એ છે અત્યારે. વર્તે છે એનો અર્થ કે અત્યારે મોજૂદ છે એમ અમને જણાય છે. મોજૂદ છે તો ઉપયોગ કેમ નથી ? તો કે ઇ ઉપયોગની બહુ કિંમત નથી. ઠીક ! જે વસ્તુ કબજામાં છે એનો ઉપયોગ થતાં વાર લાગવાની નથી. ઉપયોગની મહત્તા નથી. વસ્તુ કબજામાં છે એની મહત્તા છે. અને બધા શ્રીમંતો કાંઈ બધી સંપત્તિનો ઉપયોગ કરે છે એવું તો બનતું નથી. કરે છે ? તો તો બીજે દિવસે પાયમાલ હોય. એક માણસ પોતાની પૂરી સંપતિનો એક દિવસે ઉપયોગ કરે તો બીજે દિવસે એ ખાલી હોય. એવું તો કોઈ કરતું નથી. તો એનો અર્થ કે એની મહત્તા નથી, છે એની મહત્તા છે, ઉપયોગની મહત્તા નથી. એવો એક દૃષ્ટિકોણ છે એની પાછળ. દશા અપેક્ષાએ દશાની મહત્તા છે એ બીજો વિષય છે, પણ અહીંયાં એ વાત નથી. અહીંયાં તો છે એનું જોર કરવાની વાત છે, એનું જોર આવવાની વાત છે, લાવવાની વાત છે. અને એવો પુરુષાર્થ હોતા, એવો પુરુષાર્થ થતાં એને પ્રગટપણે **'જ્ઞાતાદૃષ્ટા થઈ જઈશ.'** એમ જ્ઞાતાદૃષ્ટા થઈને રહીશ. તારા સમ્યક્ પુરુષાર્થ વડે તું જ્ઞાતાદૃષ્ટા રહીશ. કર્તા-ભોક્તા થઈશ નહિ. જ્ઞાતાદૃષ્ટા થઈશ એનો અર્થ કે કર્તા-ભોક્તા થઈશ નહિ.

મુમુક્ષુ :- એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે રાગનો કર્તા અને હરખ-શોકનો ભોક્તા, રાગનો ભોક્તા એ કર્તૃત્વ ને ભોક્તૃત્વ ખલાસ થઈ જશે. તારું સ્વરૂપ-પૂર્ણ સ્વરૂપ જોતાં પર તત્ત્વનો કર્તા અને પર તત્ત્વનો ભોક્તા – પોતાની ભૂમિકા જેને શ્રદ્ધા, જ્ઞાનમાં છે એને એ કર્તા-ભોક્તાપણું આવતું નથી. જેમ ધાવમાતાને તો લાલન-પાલનમાં ઉછેરવામાં આવતા બાળક પ્રત્યે સ્વપણું આવતું નથી. આવે છે એ વિકલ્પ ? કે વિકલ્પ કરવો પડે ? કે આ બાળક મારું નથી, આ મારું બાળક મારું નથી એમ કરતી જાય ને નવડાતી જાય, ધોવડાવતી જાય ? હે ? લાલન-પાલન કરતી જાય ? બોલતા બોલતા કે વિકલ્પ કરતા કરતા ? પ્રશ્ન જ નથી. કુદરતી એને એવો પ્રેમ આવતો (નથી). માતૃત્વનો પ્રેમ એને આવતો નથી. કેમકે ભાન પડ્યું છે સતત કે બાળક કોઈ બીજાનું છે. ફક્ત મારે તો લાલન-પાલન કરવાનો જે કાંઈ ચાર્જ છે એ પૈસા પૂરતી વાત

આમાં છે. એથી વધારે મારે કોઈ નિસબત નથી. મહિને પાંચસો, છસો, આઠસોનો પગાર મળે છે, એટલે મારે આ કરી છૂટવાનું છે. આથી મારે કાંઈ અંદરની કોઈ વાત છે નહિ. બાળક સારું હોય, રૂપાળું હોય, બધી રીતે શાંત હોય, તોફાન ન કરે, કહીએ એટલું કરે. બધું બધું (એ) સરખું હોય, પણ મારું નહિ તે મારું નહિ. એમાં મારાપણું આવી શકતું નથી. એવું જ્ઞાતાદષ્ટાપણું છે.

મુમુક્ષુ :- ૩૨૦ ની ગાથામાં લીધું એ આને લગતું જ છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં અપરિણામીનો વિષય લીધો છે.

મુમુક્ષુ :- એમાં બે લીટી બહુ સરસ છે. બે લીટી જે આવી છે એક અખંડ પ્રતિભાસમય..

પૂજ્ય ભાઈશ્રી :- છેલ્લી છેલ્લી હું એક અખંડ પ્રતિભાસમય જ્ઞાતાદષ્ટા એવું આત્મદ્રવ્ય છું, ખંડજ્ઞાન તે હું નથી. એમ કરીને નાસ્તિથી પણ વાત લીધી છે. પ્રત્યક્ષ પ્રતિભાસમય એમ લીધું છે. એ નિમિત્તપણું એમાં નથી. મારાથી અભેદપણે પ્રત્યક્ષપણે છે. ૨૦૧ થયું.

મુમુક્ષુ :- બહુ સરસ બોલ આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સારો દ્રવ્યદૃષ્ટિનો બોલ છે. બહુ સુંદર બોલ છે. ઘણાં ખુલાસા છે. એક બોલની અંદર કેટલીય વાત છે. લગભગ ગ્રંથનો વિષય જ પ્રયોજનભૂત છે. અપ્રયોજનભૂત વિષય ગ્રંથની અંદર હાથ ઉપર લીધો નથી. શાસ્ત્રમાં ઘણી વાતો આવે છે પણ અહીંયાં તો પ્રયોજનની જ એકલી વાત કરી છે.

**દઢ પ્રતીતિ કરી, સૂક્ષ્મ ઉપયોગવાળો થઈ, દ્રવ્યમાં ઊંડો ઊતરી જા. દ્રવ્યના પાતાળમાં જા. ત્યાંથી તને શાન્તિ ને આનંદ મળશે. ખૂબ ધીરો થઈ દ્રવ્યનું તળિયું લે. ૨૦૨.**

૨૦૨. '**દઢ પ્રતીતિ કરી, સૂક્ષ્મ ઉપયોગવાળો થઈ, દ્રવ્યમાં ઊંડો ઊતરી જા.**

**દ્રવ્યના પાતાળમાં જા.**' છે કાંઈ આડીઅવળી વાત ? આમ વિચાર કર, આમ વિચાર કર – એવી પણ વાત નથી. તું આત્માનો વિચાર કર તો પામ, કર વિચાર તો પામ. એ કક્ષાના જીવો હતા. 'શ્રીમદ્જી'ના (વખતમાં) એ પ્રકારના જીવો હતા કે જેને આત્માનો વિચાર સુદ્ધાં નહોતા, સંપ્રદાયમાં એ પરિસ્થિતિ છે કે, આત્મતત્ત્વનો વિચાર પણ સુદ્ધાં નથી ત્યાં. ક્રિયાકાંડ અને જ્ઞાનના થોકડા, ધારણા એનું નામ જ્ઞાન અને ક્રિયાકાંડોમાં ધર્મ, ધર્મનું આચરણ. બસ ! જ્ઞાનનું આચરણ થઈ ગયું. જ્ઞાન ક્રિયાભ્યામ મોક્ષહં. જ્ઞાન ક્રિયાથી થાય મોક્ષ. તત્ત્વનો વિષય જ નથી.

મુમુક્ષુ :- અમારે તો આત્મા શબ્દ આવે તો ઝણઝણે કે આત્મા શબ્દ આવ્યો કાનજીસ્વામીમાં આત્મા શબ્દ જ્યાએ જ્યાએ છે, પૂજા પાઠ બધે, સ્તવન બધે..

પૂજ્ય ભાઈશ્રી :- આત્મતત્ત્વનો વિષય 'ગુરુદેવે' પ્રસિદ્ધ બહુ કર્યો. સંપ્રદાયમાં એ વિષય નથી. પછી તો શું છે કે, જેને Prejudice થાય છે એને તો નામથી એલર્જી થાય છે. શબ્દ આવે ત્યાં એલર્જી થઈ જાય. શું કહે છે ? કે '**દૃઢ પ્રતીતિ કરીને...**' એમાં પુરુષાર્થ સાથે સાથે છે. જ્યાં પ્રતીતિ છે; રુચિ અનુયાયી વીર્ય. જ્યાં પ્રતીતિ દૃઢ છે ત્યાં પુરુષાર્થ પણ સાથે છે. એટલે અંતર્મુખના પ્રચંડ પુરુષાર્થ સહિત, સ્વદ્રવ્યમાં જાવું છે ને ? સ્વદ્રવ્યમાં જાવું એટલું નહિ; સ્વદ્રવ્ય પ્રત્યે જાવું છે એમ નહિ, પણ એમાં ઊંડા ઊતરી જાવાની વાત છે. દ્રવ્યના પાતાળમાં જવાની વાત છે. ભાવ ભાસે એટલા માટે વિભિન્ન શબ્દ પ્રયોગ છે. અંતર્મુખ-એટલો ઊંડો જા, એટલો ઊંડો જા જેમકે પાતાળ પાણી માટે પાતાળ સુધી જાવું પડે છે. પાતાળના પાણી લેવા માટે પાતાળ સુધી અંદરમાં જાવું પડે છે, એમ તું દ્રવ્યના તળમાં, દ્રવ્યના પાતાળમાં ઊંડો ઊતરી જા. અને એ ઊંડા ઊતરવા માટેની પરિણામમાં શક્તિ જોઈએ, એને પરિણામમાં પુરુષાર્થ કહેવામાં આવે છે. એ પુરુષાર્થ ક્યારે (સ્ફુરાય) છે કે વિશ્વાસ-પ્રતીતિ, સ્વદ્રવ્ય આવો છું એવી પ્રતીતિ હશે તો. અને સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવ હોવાને લીધે ઉપયોગ એટલો સૂક્ષ્મ હશે તો – બે વાત લીધી છે. દૃઢ પ્રતીતિ અને સૂક્ષ્મ ઉપયોગ.

એ સૂક્ષ્મ ઉપયોગ કેમ થાય છે ? એ ૧૯૭ માં કહી ગયા છે. ૧૯૭ ચાલી ગયો ને ? કે સ્વભાવનો મહિમા હોય (એ) સ્વભાવના મહિમાને લીધે, સ્વભાવમાં સુખબુદ્ધિ અને સ્વભાવમાં રસબુદ્ધિ હોય અને બીજું બધું નિરસ હોય. બીજા બધામાં સુખબુદ્ધિ તૂટી ગઈ હોય ત્યારે ઉપયોગ સૂક્ષ્મ થાય. ત્યાં સુધી ઉપયોગ સૂક્ષ્મ થતો

નથી. એટલે જ્યાં સ્વદ્રવ્યમાં જવાનું છે ત્યારે પરમાંથી આપોઆપ નિવૃત્ત થવાની વાત એમાં આવી જાય છે. તો પરમાંથી ક્યારે નિવૃત થાય ? કે પર સંબંધીની રસબુદ્ધિ અને સુખબુદ્ધિ તૂટી જાય તો. એ ક્યારે તૂટી જાય ? કે હું સર્વથા સર્વથી સર્વદા ભિન્ન છું ! એવું ભિન્નપણું આવે ત્યારે. જુદાંપણું આવે કે, મારે કાંઈ લેવા દેવા નથી, ત્યારે એને રસ અને સુખ તૂટે. ત્યાં સુધી રસબુદ્ધિ અને સુખબુદ્ધિ તૂટે નહિ. આ નિયમ છે. ભિન્નતા ભાસ્યા વિના તો એ સંબંધવાળો એને અત્યાર સુધી અનાદિથી લીધો છે. કે મારે આટલો સંબંધ, મારે આટલો સંબંધ, મારે આટલો સંબંધ – ત્યાં સુધી એનો રસ તૂટી શકે નહિ. અને જ્યાં એનો રસ, એની ભિન્નતા આવી ત્યાં એનો રસ તૂટી ગયા વિના રહે નહિ. રસ તૂટે; સ્વભાવના રસથી, સ્વભાવમાં અભેદબુદ્ધિથી અને પરથી ભિન્નપણાની બુદ્ધિથી – અહીંયાં રસ જામે અને અહીંયાં રસ તૂટે ક્રમશઃ, ત્યારે ઉપયોગ સૂક્ષ્મ થાય. ત્યાં સુધી ઉપયોગ સૂક્ષ્મ થાય નહિ. ઉઘાડ ઘણો છે એ કોઈ ઉપયોગની સૂક્ષ્મતાની નિશાની નથી, લક્ષણ નથી, ચિહ્ન નથી. ઘણો ઉઘાડ એ કોઈ ઉપયોગની સૂક્ષ્મતાનું લક્ષણ નથી. પણ સ્વભાવને ગ્રહવો એ ઉપયોગની સૂક્ષ્મતાને સૂચવે છે. કેમકે ઉપયોગ, સ્વસ્વભાવ સૂક્ષ્માતિસૂક્ષ્મ–અતિ સૂક્ષ્મ છે. જગતમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ હોય તો તે નિજ સ્વભાવ છે. પર સ્વભાવ એ તો સૂક્ષ્મ છે, પણ એને હજી જીવ ગ્રહણ કરી શકે છે.

આ જે બહારમાં Research કરે છે. ભૌતિક વિજ્ઞાનનું જે Research છે, એ પરમાણુમાં રહેલા સ્વભાવને સમજીને એનો ઉપયોગ શું થઈ શકે ? એ વાત છે. પરમાણુ બોલી શકતો નથી, પરમાણુ કહી શકતો નથી કે આની અંદર શું શું છે ? પણ જુદાં જુદાં પ્રયોગ દ્વારા, નિમિત્ત જ્ઞાન દ્વારા, નૈમિત્તિકભાવને પણ પકડવામાં આવે છે, કે આ પરમાણુમાં Acidic સ્વભાવ છે, alkalic સ્વભાવ છે, બન્નેથી Neutral છે, એના બધા testing સાધનો આવે છે ટેસ્ટ કરવાના એના ઉપરથી સ્વભાવને નક્કી કરે છે. આ વિજ્ઞાનમાં બધું કરે છે કે નહિ ? Science ની અંદર ? એ પરમાણુમાં રહેલા જે સ્વભાવો ગુપ્ત છે, પ્રસિદ્ધ નથી, એને જાણીને જ્ઞાન પ્રસિદ્ધ કરે છે. એમાં પણ ઉપયોગ સાધારણ માણસો નથી કરી શકતા, એ જાતની ઉપયોગની સૂક્ષ્મતાવાળા એ Researchમાં જઈ શકે છે. એના કરતાં પણ આત્માનો સ્વભાવ સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. ઘણો સૂક્ષ્મ છે આત્માનો સ્વભાવ. અનાદિથી જીવ અજાણ્યો રહ્યો છે એનું આ

કારણ આ છે, (કે) એનો ઉપયોગ સ્થૂળ રહ્યો છે. ઉપયોગ સ્થૂળ રહ્યો હોવાને લીધે એને સૂક્ષ્મ સ્વભાવનું ગ્રહણ થતું નથી. ઉપયોગ સ્થૂળ હોવાનું કારણ ઇ છે કે એને જડની, પરની, રાગની રુચિ રહી છે. પરમાં સુખબુદ્ધિ રહી છે અને એટલે ઉપયોગ સ્થૂળનો સ્થૂળ જ રહ્યા કરે છે, ઉપયોગ સૂક્ષ્મ થઈ શકતો નથી. તો એ સૂક્ષ્મ ઉપયોગવાળો થા. એમ થઈને કર, એની અંદર આ બધું આવી જાય છે કે બીજું શું શેમાંથી નિવર્તે ? કે આમ થાય ? એ વાત એની અંદર આવી જાય છે. આગળ પાછળનું એણે એ જાતનું અનુસંધાન મેળવી લેવું જોઈએ.

પ્રશ્ન :– પાંચ ઇંદ્રિય અને છઠ્ઠુ મન એનેથી જે ઉપયોગ ચાલે એ તો બધો સ્થૂળ જ છે ને.

સમાધાન :– એ તો એના આધારે ચાલે છે એ તો સ્થૂળ જ છે. પાંચ ઇંદ્રિયનો ઉપયોગ તો ઘણો સ્થૂળ છે, પણ મનના વિચારમાં માણસને એમ લાગે છે કે, મારો ઉપયોગ કંઈક સૂક્ષ્મ થાય છે, પણ એ તો ઉપયોગની સૂક્ષ્મતા નથી. જ્યાં સુધી સ્વભાવનું ગ્રહણ થતું નથી ત્યાં સુધી. જ્ઞાન લક્ષણ લીધું ને ? કે જ્ઞાન લક્ષણથી જ્ઞાન સ્વભાવી આત્મસ્વભાવ લક્ષગત થાય છે. તો લક્ષણનું લક્ષ શું છે ? જ્ઞાન લક્ષણ છે, એનું લક્ષ્ય શું છે ? જ્ઞાન સ્વભાવ. જ્ઞાનમાં રહેલો જ્ઞાન સ્વભાવ, જ્ઞાન ઉપયોગમાં રહેલો, જ્ઞાન પર્યાયમાં રહેલો જ્ઞાન સ્વભાવ તે પર્યાયરૂપ નથી. એ પર્યાયરૂપ નથી. એ એ વિષયનું એ સૂક્ષ્મ તત્ત્વ છે. નહિતર જાણે છે તો જ્ઞાન. એ તો સ્થૂળ બુદ્ધિમાં સમજાય છે કે જાણનારો તે હું, જાણનારો તે હું, હું જાણતો હોવાથી હું જ્ઞાયક. એ તો સ્થૂળ બુદ્ધિમાં સમજાય છે. પણ જ્ઞ.. સ્વભાવને, જ્ઞાન સ્વભાવને સ્વપણે ગ્રહણ કરવું, સ્વપણે દેખવું, સ્વપણે છે એ સ્વપણે પ્રતિભાસવું એ ઉપયોગની સૂક્ષ્મતાનો વિષય છે, એ સ્થૂળ ઉપયોગનો વિષય નથી. જો એ સ્વભાવને જોવે, જ્ઞાન સ્વભાવને જોવે તો અનંત ગુણનું રૂપ, એવું અખંડ દ્રવ્યનું રૂપ એને દેખાયા વિના રહે નહિ. એક જ્ઞાનની સાથે સ્વભાવમાં જ્ઞાનનું અનંત સામર્થ્ય અને સુખનું અનંત સામર્થ્ય બન્ને એને પકડાય જાય છે. ઓળખાણ થતાં બન્ને વાત ઓળખાય છે. બીજા તો અનંત ગુણ છે પણ આ બે તો એને સીધે સીધા બુદ્ધિગોચર થાય એ રીતે ઓળખાય છે. ભલે છે અત્યંત સૂક્ષ્મ, સૂક્ષ્માતિસૂક્ષ્મ છે પણ છતાંય એને આ બે વાત તો સમજાય છે કે, મારું અનંત સુખ મારામાં છે અને મારું અનંત જ્ઞાન મારામાં

છે. અને ત્યાં અનંત સુખ ને અનંત જ્ઞાન મારામાં છે એમ જે જ્ઞાનમાં આવ્યું એને એનું જોર આવ્યા વિના રહે નહિ. જેમ ઘરમાં દાટેલું નિધાન દેખાય જાય એને દરિદ્રતાનો, પામરતાનો, દીનતાનો વિકલ્પ છૂટી જાય, અભિપ્રાય છૂટી જાય, પરિણમન છૂટી જાય. પરિણમન જ છૂટી જાય એનું. પરિસ્થિતિ હજી ન પલટાણી હોય. હજી તો જોયું જ છે, હજી વાપર્યું નથી, ઉપયોગ નથી કર્યો, ફાટેલા કપડાં હજી બદલ્યા નથી, હજી તેના તે ફાટેલા ચીથરેહાલ કપડાં હોય. હજી તો કાપડ લ્યે, સીવડાવે કે બજારમાં જઈને ખરીદ કરે એટલું નથી પણ દીનતા એક સેકન્ડમાં ગઈ. આખું પરિણમન એનું બદલાઈ ગયું.

મુમુક્ષુ :- એટલે અહીંયાં નિર્વિકલ્પ ઉપયોગ થઈ ગયો ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, દ્રવ્ય, સ્વદ્રવ્યનું જ્યાં ભાન આવ્યું.. ત્યાં એને ભાવ ભાસન થઈને દીનતા છૂટી જાય છે. એટલો ઉપયોગ સૂક્ષ્મ થાય છે. એ સૂક્ષ્મ ઉપયોગ થઈને તારા સ્વદ્રવ્યનું અભેદભાવે વેદન કર ! અનુભાવન કર ! એમ કહેવું છે. દૃઢ પ્રતીતિ સહિત, પ્રચંડ પુરુષાર્થ સહિત, ઉપયોગમાં સૂક્ષ્મતા ધારણ કરીને દ્રવ્યમાં ઊંડો ઊતરી જા, ઊંડે ઊંડે ઊતરી જા. એ વેદન લેવું છે ત્યાં. દ્રવ્યમાં, સ્વદ્રવ્યના અનુભવમાં વેદનમાં ઊંડે ઊંડે ઊતરી જા. એટલો ઊંડે ઊતરે છે... 'ટોડરમલજી' સ્વાનુભવના ઉપયોગનું વર્ણન કરે છે ત્યારે એમ કહે છે કે, જ્યારે ઉપયોગ નિર્વિકલ્પ થાય છે ત્યારે સ્પર્શાદિ વિષયોનું જ્ઞાન થતું નથી. એટલે કોઈ સ્પર્શ કરે ત્યાં એનું જ્ઞાન ન થાય. સ્પર્શ કરે તો એનું જ્ઞાન ન થાય, કાપે તો એનું જ્ઞાન ન થાય, કેમકે એ પણ સ્પર્શનો જ વિષય છે. કાપે છે એ પણ સ્પર્શનો જ વિષય છે. તો એનું જ્ઞાન એને ન થાય. કેમ એને જ્ઞાન ન થાય ? અહીં તો (ઇંજેક્ષનની) સોય અડે તો રાડ નાખે કે દુખાવો થાય છે. અહીંયાં કહે છે કાપે તો એનું જ્ઞાન ન થાય. કેમ ? કે સ્વદ્રવ્યમાં ઊંડો ઊતરી ગયો છે. એક જગ્યાએ ઊંડો ઊતરી જાય, (તો) બીજી જગ્યાએથી ઉપયોગ તદ્દન Absent, ગેરહાજર થઈ જાય છે. પછી ત્યાં એને ખબર રહેતી નથી. ત્યાં હાજરી નથી એટલે એની ખબર રહેતી નથી. ઇ તો આ તો નિષ્કષાય પરિણામ છે અને સ્વદ્રવ્ય અનંત સામર્થ્યનો જે ભંડાર છે, નિધાન છે એનો આધાર છે એ તો બહુ મોટી વાત છે. પણ એક કષાયના આધારે, એક રાગના આધારે એવું વેદનાનું પરિણામ છૂટી જાય છે. જ્યાં કોઈ તીવ્ર રાગનો વિષય ઉત્પન્ન થાય તો ચાલતી વેદના

છે એના ઉપરનો ઉપયોગ છૂટી જાય છે. પચીસ વર્ષે ખોવાય ગયેલો દીકરો આવે. બાળપણમાં ખોવાય ગયો હોય, પચીસ વર્ષે યુવાન થઈને આવે. વેદનામાં પડ્યો પડ્યો રાડ, બૂમ, દેકારો કરતો હોય અને એમાં કોઈ કહે કે તમારો દીકરો આવ્યો હેં !... થઈ જાય. હેં થાય ત્યાં બધું ભૂલાય જાય. શું વાત કરો છો ? ખરેખર વાત છે ? શું એમ છે ? એટલો ઉપયોગ જાય ને. ઇ તો રાગ ને કષાય છે. એક કષાયના આધારે વેદનાનું વેદન છૂટી શકતું હોય, તો અનંત સુખના ભંડારનો આધાર મળે અને એની વેદનાનું વેદન છૂટી જાય તો એમાં શું નવીન છે ? એમાં તો કાંઈ નવીન નથી. એ તો સહેજે સહેજે થઈ શકવા યોગ્ય કાર્ય છે.

મુમુક્ષુ :- મુનિઓને માથે સગડી કરીને દેવતા નાખે તોપણ કાંઈ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે અનંત સુખના ભંડારમાં અંદર ડૂબકી (મારી) અંદર ઊતરી ગયા છે. સુખના સાગરમાં તરબોળ થઈને ઊંડા ઊતરી ગયા છે. એને બહારમાં શું થાય છે ? એની એને ખબર નથી અને છઠ્ઠા ગુણસ્થાને માનો વિકલ્પમાં આવે અને ખ્યાલ આવે, તોપણ એ સીધા જ પાછા સુખના સાગરમાં ડૂબકી મારે છે. એને ખ્યાલ આવ્યો કે બહારમાં તો ગડબડ છે, ખોપરી સળગાવી છે. એ છઠ્ઠા ગુણસ્થાનમાં આવ્યા પછી અગ્નિમાં ખોપરી સળગે છે એ ખ્યાલ આવી ગયો, ત્યારે એ પછી સીધી શ્રેણી માંડે છે. પછી છઠ્ઠા ગુણસ્થાનમાં આવવાની વાત નથી, પછી શ્રેણી માંડે છે. સાત, આઠ, નવ, દસ, અગિયાર.. કેવળજ્ઞાન. અંતર્મુહૂર્તમાં તો કેવળજ્ઞાન. પછી એને ઉપસર્ગ, પરિષહ રહેતો નથી. અંતર્મુહૂર્ત રહે છે, જ્યાં સુધી કેવળજ્ઞાન નથી પ્રગટ થતું ત્યાં સુધી બહારમાં ઉપસર્ગ હોય છે. જ્યાં કેવળજ્ઞાન થયું ત્યાં સીધા પાંચસો ધનુષ્ય ઊંચે આકાશમાં ધ્યાનસ્થ અવસ્થામાં.. (પછી) કોઈ સ્થિતિ બહારમાં સંયોગની રહેતી નથી. ખડ્ગાસન (અવસ્થામાં) હતા 'ગજસુકુમારે' સ્મશાનની અંદર જઈને ધ્યાન કર્યું હતું. શ્રીકૃષ્ણના ભત્રીજા છે. રસ્તામાં હા પાડી કે તારી દીકરી સાથે લગ્ન કરું. Promise તને. Gentleman Promise નહિ. નહિતર તો બોલેલા બોલ ફેરવાય નહિ એમ કહે છે. પણ અહીંયાં દુનિયાદારીની કોઈ કિંમત નથી. ભગવાનના સમોસરણમાં જાય છે. 'નેમિનાથ' ભગવાન બિરાજમાન છે. પરિણામ પલટાણા કે આ સંસારમાં મારે કોઈ કામ નથી. દીક્ષા અંગીકાર કરી. કેવળજ્ઞાન સાધવાનું જોર અંદરથી આવ્યું. કેવું ? દીક્ષા તો લીધી, પણ કેવળજ્ઞાન, અત્યારે કેવળજ્ઞાન લઈ લઉં !

હમણાં અત્યારે જ કેવળજ્ઞાન લઈ લઉં ! કેવળજ્ઞાન લેવામાં વળી વાર શું ? જ્યાં મારી ચીજ અંદરમાં છે, મારી ચીજનો ઉપયોગ કરવો એમાં વળી વાર શું ? ઊપડ્યા સ્મશાનમાં એ તો. એવું છે.

મુમુક્ષુ :- પાતાળમાં ઊંડો ઊતરી જા..

પૂજ્ય ભાઈશ્રી :- પાતાળમાં જવાની વાત છે, દ્રવ્યમાં પાતાળ છે. અહીં તો ભાવનો વિષય ચાલે છે. ક્ષેત્ર તો દેહ પ્રમાણ છે એટલું છે. ક્ષેત્ર તો દેહ પ્રમાણ જેનો જેટલો દેહ છે એટલું છે, પણ અંદર ભાવમાં અંતર્મુખ થઈને ઊંડે... ઊંડે... ઊંડે... ઊંડે... ઊંડે.. અંદર જ્યાં જાય છે, એની તીવ્રતા બતાવે છે. આમ તો કારણશુદ્ધપર્યાય લ્યો તો ઊપલી સપાટી ઉપર તરે છે. ખાલી વર્તમાનમાં પણ એમ કહે છે કે દ્રવ્યમાં ઊંડે... ઊંડે... એનો અર્થ શું ? જેમ કોઈ માણસ વેદનામાં પડે છે તો કહે છે કે, હવે મારો જીવ ઊંડો ઊતરી જાય છે. શું કહે ? બહુ વેદના થાય ત્યારે શું કહે ? કે હવે મારો જીવ ઊંડો ઊતરી જાય છે. એનો અર્થ કે એટલી બધી તીવ્ર વેદના છે કે હવે મને ભાન રહેશે નહિ. પણ ભાન ગયા પહેલા એટલો ભાનમાં હોય કે ઉપયોગ ઘેરાય છે, ઉપયોગ ઘેરાય છે, ઊંડો... ઊંડો... ઊંડો... ઊંડો... ઉપયોગ ઘેરાતો ઘેરાતો ઊંડે જાય છે હવે કાંઈ સૂધસાન રહેશે નહિ. એમ પોતાને ખ્યાલ આવી જાય. એ વેદનાનો વિષય છે. અહીંયાં દ્રવ્યમાં ઊંડે જાય છે એટલે એટલું તીવ્ર સ્વભાવનું વેદન છે, એટલી તીવ્રતાએ છે, એટલી તીવ્રતાએ છે, કે એક સન્મુખતામાં કેવળજ્ઞાન પ્રગટ કરી નાખે છે. એક સમયની પર્યાય દ્રવ્યને સન્મુખ થાય તો અંદરથી કેવળજ્ઞાન ફાટે (છે). કેટલી તીવ્રતા લે એના ઉપર આધાર છે. એ તીવ્રતાને અહીંયાં ઊંડપ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ગાઢતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગાઢતા છે, તીવ્રતા ઘણી છે, સ્થિરતા ઘણી છે. એ તો અનિર્વચનીય વિષય છે. વચનનો વિષય નથી. જે દ્રવ્યમાં ઉપયોગ ખોડાણો, ખોડાણો તો એટલા જોરથી ખોડાણો કે ત્યાંથી છૂટવાનો પ્રશ્ન નથી. બસ ! એટલું જોર આવ્યું એ કેવળજ્ઞાન લઈને આવ્યું. કેવળજ્ઞાન એમાં પ્રસરી જાય છે, ઉપયોગ તો બહાર આવવાનો પ્રશ્ન નથી, પણ કેવળજ્ઞાન બહારમાં પ્રસિદ્ધ થઈ જાય છે જીવને. **'દ્રવ્યમાં ઊંડો ઊતરી જા, દ્રવ્યના પાતાળમાં જા. ત્યાંથી તને શાંતિ અને આનંદ મળશે.'** ભરપૂર

શાંતિ અને ભરપૂર આનંદ મળશે. એટલી તૃપ્તિ થશે કે પછી ત્યાંથી છૂટવાનો પ્રશ્ન રહેતો નથી. જેમકે કેવળજ્ઞાનની અંદર લોકાલોક પ્રતિબિંબિત થાય છે. જગતના થતાં તમામ અનિષ્ટ કાર્યો, અનિષ્ટ પ્રસંગો કેવળજ્ઞાનની અંદર પ્રતિબિંબિત થાય છે, કોઈ દ્વેષ થતો નથી. જગતમાં થતાં તમામ ઇષ્ટ કાર્યો, બીજા જીવોને કેવળજ્ઞાન થાય તોપણ આને રાગ થતો નથી. બીજા જીવોને છદ્મસ્થ અવસ્થા છૂટીને સાધનાની પરમ સીમાએ કેવળજ્ઞાન થાય એ બધું જણાય, પણ એને રાગ થતો નથી. અને પોતાની વીતરાગતા જોઈને બીજા શુભરાગમાં આવીને નાચી ઊઠે કે, વાહ પ્રભુ ! તમારી વીતરાગતા છે એ અમને નચાવી દે એવી વીતરાગતા છે. વીતરાગતાને જોઈને નૃત્ય કરવું, ઇન્દ્રો નાચે તોપણ રાગ થતો નથી. રાગ થવાનો પ્રશ્ન નથી. કેમ ? કે નિર્મળ વીતરાગી શાંતિ અને વીતરાગી આનંદથી ભરપૂર પરિતૃપ્ત છે એનાથી. ભરપૂર તૃપ્તિ (એની અંદર) છે. એટલે રાગની અશાંતિ ત્યાં ઊભી થતી નથી. એટલી શાંતિ છે. શાંતિ લેવી છે ને ત્યાં ? ત્યાંથી તને શાંતિ અને આનંદ મળશે. ઘણી શાંતિ, પૂરી શાંતિ, પૂરો આનંદ મળશે. અગાધ શાંતિ, અનહદ શાંતિ અને અનહદ આનંદ મળશે. આવું અગાધ શાંતિ અને આનંદ મળવાનું એ કારણ હોવાથી, એમ કહે છે **'ખૂબ ધીરા થઈ દ્રવ્યનું તળિયું લે.'** બહુ ભાવવાહી રચના છે. ખૂબ ધીરો થઈને એમ. જરાય પણ ચંચળતા હશે તો જોડે રહેલા રાગ સાથે ઉપયોગ ચાલ્યો જશે. બાજુમાં જ રાગ છે પાછો. રાગ ક્યાંય આઘો નથી. પણ એટલો ધીરો થા, એટલો સાવધાન થા, એકદમ સાવધાન થઈને સ્વદ્રવ્યનું, નિજ દ્રવ્યનું, નિજ સ્વભાવનું તળિયું લે. એના આધારે પરિણમ, એના આધારે જોરથી પરિણમ. એટલો ઊંડો જા એની અંદર કે પછી તારે બહાર નીકળવું પડે નહિ. એ ભાવના છે. બહુ ભાવસભર પરિણામની (અભિવ્યક્તિ) છે. અહીં સુધી રાખીએ છીએ.

આ બધે–બહાર–સ્થૂળ ઉપયોગ થઈ રહ્યો છે, તે બધેથી ઉઠાવી, ખૂબ જ ધીરો થઈ, દ્રવ્યને પકડ. વર્ણ નહિ, ગંધ નહિ, રસ નહિ, દ્રવ્યેન્દ્રિય પણ નહિ અને ભાવેન્દ્રિય પણ દ્રવ્યનું સ્વરૂપ નથી. જોકે ભાવેન્દ્રિય છે તો જીવની જ પર્યાય, પણ તે ખંડખંડરૂપ છે, ક્ષાયોપશમિક જ્ઞાન છે અને દ્રવ્ય તો અખંડ ને પૂર્ણ છે, માટે ભાવેન્દ્રિયના લક્ષે પણ તે પકડાતું નથી. આ બધાંથી પેલે પાર દ્રવ્ય છે. તેને સૂક્ષ્મ ઉપયોગ કરીને પકડ. ૨૦૩.

તા. ૧૭-૧૦-૧૯૮૭, વચનામૃત–૨૦૩
પ્રવચન નં. ૧૬૦

સ્વદ્રવ્યને ગ્રહણ કરવાનો વિષય છે. **'આ બધે---બહાર---સ્થૂળ ઉપયોગ થઈ રહ્યો છે,...'** એટલે કે ઉદયભાવમાં રસ લઈને, અથવા ચાલતા ઉદયમાં મમત્વ પરિણામે કરીને પ્રવર્તતા ઉપયોગમાં સ્થૂળતા હોય છે. સ્થૂળ ઉપયોગ એટલે હિતના વિષયમાં અને અહિતના વિષયમાં વિવેક ન થવો એને સ્થૂળ ઉપયોગ કહે છે. આમ તો સંજ્ઞી પંચેન્દ્રિય જીવને જ્યાં પોતાનું પ્રયોજન ભાસે છે, માલૂમ પડે છે ત્યાં તો એનો ઉપયોગ સૂક્ષ્મ થાય જ છે. અને જ્યાં જ્યાં જે જે કાર્ય કરવાનો મહાવરો છે, પ્રેક્ટિસ છે ત્યાં

પણ ઉપયોગ સૂક્ષ્મ થઈને પ્રવર્તે છે. એટલે એ જાતનો ઉપયોગ, ત્યાં સૂક્ષ્મતાએ પ્રવર્તતો ઉપયોગ, ઉદયના કાર્યોમાં અથવા બાહ્ય પ્રયોજનમાં જો ઉપયોગ સૂક્ષ્મતાથી પ્રવર્તે છે (તો) એ ઉપયોગ અંતર કાર્યમાં સ્થૂળ થઈ જાય છે. કેમકે બહારમાં વિભાવનો રસ છે અને બહારના કાર્યોમાં અથવા બહારના પદાર્થોમાં સુખબુદ્ધિ છે એટલે ઉપયોગ સ્થૂળ થાય છે. પોતાનું સ્વકાર્ય કરવા માટે ઉપયોગ સ્થૂળ થઈ જાય છે. એ પણ પ્રત્યક્ષ જોવામાં આવે છે કે અનેક પ્રકારના સૂક્ષ્મબુદ્ધિના કાર્યો કરવાવાળા જીવો, મનુષ્યો પોતપોતાના કાર્યોમાં, પોતપોતાના વિષયમાં, પોતપોતાના ક્ષેત્રમાં નિપુણ હોય છે, એક્સપર્ટ હોય છે.

મગજનું ઑપરેશન કરનારા ડૉક્ટર હોય છે. ઝીણામાં ઝીણી નસ હોય, ઝીણામાં ઝીણું કાર્ય કરીને, આ આંખના ઑપરેશન કરે છે. બહુ ઝીણું અવયવ છે, સૂક્ષ્મ અવયવ છે એમાં પણ એની અંદરના અવયવ છે એ તો એથી ઝીણા છે. પડદો ચોંટી ગયો છે તો એને ઉખાડવો છે પણ છતાં ક્યાંય બીજે ઇજા થવી જોઈએ નહિ. ને બીજા ઇજા થાય તો જોવાનું બંધ થઈ જાય. ઝીણામાં ઝીણું કાર્ય કરે, બહુ કાળજીથી કરે, સૂક્ષ્મ ઉપયોગથી કરે, પણ જે ઉદયના કાર્યોમાં તીવ્ર રસ લઈને કાર્યો કરે છે તે આત્માના વિષયમાં એનો ઉપયોગ સ્થૂળ થઈ જાય છે. અથવા જેને પોતાના ઉદયમાં ઘણો રસ લીધો છે, તે આત્મકાર્યને વિશે તેનો ઉપયોગ એવો સ્થૂળપણે પ્રવર્તે છે કે જાણે કામ કરી શકતો નથી. એવું તો પ્રત્યક્ષ જોવામાં આવે છે.

આ મોટા મોટા શ્રીમંત લોકો અનેક પ્રકારના ઉદ્યોગો ચલાવતા હોય છે. અને એમાં એના ટેક્નિશ્યનો સાથે, એના અર્થશાસ્ત્રીઓ સાથે, એના વકીલો સાથે, એના મેનેજરો અને કામ કરનારા અનેક માણસો સાથે કુનેહથી કામ લેતા જોવામાં આવે છે. ત્યાં બુદ્ધિ તો ઘણી સૂક્ષ્મ રીતે કામ કરે છે. કોની સાથે કેમ કરવું ? કોની સાથે કેમ વાત કરવી ? કોની સાથે કેમ વર્તવું ? એક માણસને અનેક જાતના, જુદાં જુદાં પ્રકારના કાર્યો–ઉદ્યમો હોય છે, ઉદ્યોગો હોય છે. એવું નથી કે એકસરખું જ બધું કામ કરે. વિભિન્ન પ્રકારના ઉદ્યોગો હોય, વિભિન્ન પ્રકારના વેપાર હોય, વિભિન્ન પ્રકારના કાર્યો હોય, ત્યાં જે રસ લે છે એ આની અંદર એનું જ્ઞાન કામ કરતું નથી એવું પ્રત્યક્ષ જોવામાં આવે છે. એમ કેમ ? અહીંયાં કેમ સ્થૂળ ઉપયોગ છે ? ત્યાં તો બધું આવડે છે. બુદ્ધિ નથી, ઉપયોગની સૂક્ષ્મતા નથી એવું તો કાંઈ નથી. ત્યાં તો

સીધી રીતે નહિ પણ આડકતરી રીતે પાઈનો માર પડતો હોય તો કહે કે, ભાઈ ! આ તો લાખની પાણ છે. એક પાઈ નથી જતી પણ લાખની પાણ છે. પહેલા પાઈની પાણ થતી હતી. રૂપિયા આના ને પાવલીની પાણ, આનાની પાણ અને પૈસાની પાણ. પાણ પાણમાં લખાતાં હતાં ને આંકડા પહેલાં ? તો કહે કે ભાઈ ! આ તો લાખની પાણ છે. એક પાણ નથી જતી પણ લાખ પાણ ચાલી જશે. તો ત્યાં સૂક્ષ્મતાથી કામ કરે છે એનો અર્થ શું છે ? કે પુદ્ગલ આશ્રિત જેટલા પરિણામનો રસ છે એ પ્રકારમાં આગળ વધેલો જીવ, એ દિશામાં આગળ વધેલો જીવ ચૈતન્ય રસની દિશામાં, ચૈતન્યની દિશામાં રસ લઈ શકતો નથી, વિરુદ્ધરસ છે ને એટલે.

મુમુક્ષુ :– આમ તો ત્યાં એનું પ્રયોજન જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રયોજન છે એટલે સૂક્ષ્મતા આવે જ. કેમકે સંજ્ઞી પંચેન્દ્રિયમાં એ શક્તિ છે. તિર્યંચ પણ કામ કરી શકે છે એનું શું કારણ છે ? કે ઉપયોગમાં એને સૂક્ષ્મતા આવવાની શક્તિ છે. પણ જેમ અહીંયાં કહ્યું કે, **'આ બધે-બહાર-સ્થૂળ ઉપયોગ થઈ રહ્યો છે,...'** જ્યાં જ્યાં તારા ઉદયના કાર્યો છે, ત્યાં જે ઉપયોગ પ્રવર્તી રહ્યો છે એ અંદરના કાર્યો માટેની સ્થૂળતાવાળો ઉપયોગ છે. અહીંયાં સૂક્ષ્મતા બીજી રીતે આવે છે. ઓછી બુદ્ધિવાળાને, ઓછા ઉઘાડવાળાને, તિર્યંચને પણ સૂક્ષ્મતા આવે છે. અને સૂક્ષ્મતા આવે છે ત્યારે એ પોતાની વ્યાપ્ય વ્યાપકતા પકડી શકે છે. વ્યાપ્ય વ્યાપકતા પકડે છે ત્યારે એને જ્ઞાનમાં મારું વ્યાપવું છે અને રાગમાં મારું વ્યાપવું નથી. પછી રાગના વિષયમાં નહિ વ્યાપવું એ તો પ્રશ્ન રહેતો નથી.

શરીર પણ રાગનો વિષય છે, દેહ પણ રાગનો વિષય છે. જો રાગમાં વ્યાપતો નથી તો રાગના વિષયરૂપ દેહાદિ બાહ્ય પદાર્થોમાં વ્યાપવું તો થતું જ નથી. એ રીતે પોતાની વ્યાપકતા છે એને સૂક્ષ્મતામાં પકડાય છે, ત્યારે એ વ્યાપકતાથી, પોતાની ભિન્નતાને પોતે અનુભવે છે. (એને) વ્યાપ્ય વ્યાપકપણે લાગે છે, માલૂમ પડે છે. ભિન્નતા માલૂમ પડે છે એટલે પોતા સિવાય અન્ય પરદ્રવ્ય, ભાવમાં એને મમત્વ થતું નથી. જ્યાં મમત્વ નથી ત્યાં મુખ્યતા નથી. મુખ્યતા તો ત્યાં જ હોય કે જ્યાં પોતાપણું હોય ત્યાં. એટલે જ્યાં એ ઉપયોગ મમત્વપણે પ્રવર્તી રહ્યો છે એ બધેથી ઉઠાવીને (નિજહિતમાં લગાડ.) એ તારો સ્થૂળ ઉપયોગ છે. ભલે ગમે તેટલા સૂક્ષ્મ બુદ્ધિના કાર્યો થતાં હોય તોપણ નિજહિત માટે એ સ્થૂળ ઉપયોગ છે.

એથી વધારે દૃષ્ટાંત લઈએ કે શાસ્ત્રનું અધ્યયન, તત્ત્વજ્ઞાનનો વિષય તો હિત અહિત, આત્માના હિત-અહિતનું પ્રકરણ છે. તત્ત્વજ્ઞાનમાં તો મુખ્ય વાત શું છે ? કે આત્માનું હિત કેમ થાય અને આત્માનું અહિત કેમ થાય ? એવું ક્ષયોપશમ શક્તિને લીધે બુદ્ધિગમ્ય થાય તોપણ પ્રસંગે, પોતાને પરિણમનમાં સ્થૂળતા હોય છે, ત્યાં એને હિત-અહિતનો ખ્યાલ આવતો નથી. બુદ્ધિથી ખ્યાલ આવે, વ્યાખ્યા સમજાય છતાં પરિણમનમાં ન સમજાય. એનું કારણ કે ઉપયોગ સ્થૂળ છે, ઉપયોગ સૂક્ષ્મ ત્યાં થયો નથી. એટલે એ બધેથી ઉપયોગને ઉઠાવીને અથવા **'તે બધેથી** રસ **ઉઠાવી...'** ઉપયોગ ઉઠાવીને એટલે રસ ઉઠાવીને **'ખૂબ જ ધીરો થઈ, દ્રવ્યને પકડ.'** ઉપર પણ એ વાત લીધી, છેલ્લી લીટી. ખૂબ ધીરો થઈને. કેટલો ધીરો થઈને ? તો કે અત્યંત ધીરો થઈને, દ્રવ્યનું તળિયું લે અથવા દ્રવ્યને પકડ અથવા દ્રવ્યને, સ્વદ્રવ્યને ગ્રહણ કર.

પ્રશ્ન :- ખૂબ ધીરો થઈને એટલે ?

સમાધાન :- ખૂબ ધીરો થઈને.

મુમુક્ષુ :- મારતે ઘોડે નહિ એમ કહેવું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉપયોગની ચંચળતા તો ચોક્કસ નડે છે. અંદરમાં સ્થિર દ્રવ્ય છે અને એ અવ્યક્ત સ્વરૂપ છે, અવ્યક્ત દ્રવ્ય છે. ત્યાં સુધી એ વાચ્ય છે. જે કહેવા ધારે છે એ, દ્રવ્ય એટલે તો વાચ્ય એ છે. ત્યાં સુધી ઉપયોગને લઈ જવા માટે એને ઘણાં ધીરા થઈને અંતર્મુખ થવાનું બને છે. એની વિચારધારામાં પણ ધીરું થવું પડે છે. પરિણમનમાં તો ખૂબ ધીરું થવું પડે છે. વિશેષણ લગાડ્યું ને ? ખૂબ ધીરો થઈને. છ દ્રવ્યની અંતર્મુખ ચિતની વિચારધારમાં પણ ઘણી ચંચળતા ઘટે અને ધીરો થાય તો એને વિષય કાંઈક ભાસે અને એના લક્ષમાં આવે. લક્ષમાં લેવા માટે વિચારના, વિકલ્પના કાળમાં પણ એટલી ધીરજ જોઈએ છે. સ્વદ્રવ્યનું શાક્ષાત ગ્રહણ કરવા માટે તો એને ઘણી ધીરજ હોય ત્યારે એને અંતર્મુખપણું થાય છે.

મુમુક્ષુ :- ધીરજ રાખવી. ઉપયોગમાં ધીરજ રાખીને સતત..

પૂજ્ય ભાઈશ્રી :- હા, અંતર્મુખ થાય છે ધીરો થઈને અંદર જાય છે.

મુમુક્ષુ :-.. ધીરો થઈને જાય છે એટલે પૂરી લગનથી ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પૂરી લગનથી, સાવધાનીથી. સાવધાની છે. સ્વકાર્યમાં જેની સાવધાની છે. બે ભાવ બાજુ બાજુમાં છે જ્ઞાન અને રાગ. રાગને છોડી દચે

છે. જ્ઞાનમાં પણ જે સ્વભાવ છે એનું ગ્રહણ છે. જ્ઞાનમાં પણ પર્યાયતત્ત્વનું પર્યાયપણાનું ,પર્યાયત્વનું કોઈ ગ્રહણ નથી. નિત્ય સ્થિર જે સ્વભાવ છે, ઊંડાણમાં જઈને એનું ગ્રહણ કરે છે.

મુમુક્ષુ :- ધીરા થવામાં તો ઘણાં અર્થો બની શકે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ વિષય ગૂઢ છે જરા. વ્યક્ત કરવો એ વિષય જરા ગૂઢ છે.

મુમુક્ષુ :- પર્યાયત્વ છોડીને જ સ્વભાવ ગ્રહણ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરિણમન તો જ્ઞાનનું જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... એકધારું ચાલ્યું આવે છે, એમાં સ્વભાવને ગ્રહણ કરે છે. પર્યાયત્વનું ગ્રહણ એમાં હોતું નથી. કેમકે અનાદિથી પર્યાય માત્રપણે પોતાને પોતાના સ્વરૂપને અવધારતો જીવ પર્યાયદષ્ટિ, પર્યાયમૂઢ પરસમય છે. એમાં પણ મિથ્યાત્વ થાય છે એ પ્રશ્ન અહીંયાં નથી. અહીં તો માત્ર સ્વભાવને ગ્રહણ કરે છે. એવું જે સ્વભાવ માત્રનું ગ્રહણ એ અત્યંત અંદરમાં ધીરો થઈને કરે છે. એમ છે. ખૂબ ધીરો થઈને (કરે છે.)

પ્રશ્ન :- ધીરો થવું એટલે ચોક્કસ થવું ?

સમાધાન :- ચોક્કસ, પોતાના વિષયમાં ચોક્કસતા તો છે જ. ચોક્કસતા છે, સાવધાની છે. વસ્તુ જે પદાર્થ છે, સ્વભાવ છે એ સ્થિર છે. ઉત્પાદ-વ્યયવાળું તત્ત્વ તો નથી. સ્થિર તત્ત્વ છે અને શાંત તત્ત્વ છે, એવો જ સદશભાવ ધારણ કરે છે. બિલકુલ એવો જ સદશભાવ ધારણ કરે છે ત્યારે જીવ અંતર્મુખ થાય છે. બધેથી ઉઠાવીને એમ લીધું છે. શું લીધું છે ? ઉપયોગને બધેથી ઉઠાવીને, ક્યાંય મારું પ્રયોજન નથી ? ક્યાંથી ઉપયોગ ક્યાંથી ઊઠે ? ઉપયોગ બહારથી અંદર અનાદિથી આવ્યો નથી. આવ્યો છે એકેયવાર ? અનંતકાળમાં એક ક્ષણ પણ ઉપયોગ અંતરમાં આવ્યો નથી, અંદરમાં આવ્યો જ નથી, એને અંદરની, અંતર્મુખની દિશા જ પકડી નથી. કેમ એમ છે ? એવું શા માટે ? કે એને બહારમાં જે કાંઈ અધિકાઈ લાગી છે, બહારમાં વિશેષતા લાગી છે, બહારમાં પ્રયોજન ભાસ્યું છે, બહારમાં ઠીકપણું, ઇષ્ટપણું, સુખબુદ્ધિ, રસબુદ્ધિ એવું જે કાંઈ, જેટલા પ્રકારના, જેવા જેવા પ્રકારના જે કાંઈ ભાવો છે, પરિણામ છે એ બધા પરિણામ ઉપયોગને બહારની દિશા છૂટવા દેતો નથી. બહારને બહાર વિષયો બદલાય છે, પણ ઉપયોગ બહારને બહાર રહે છે. તે ઉપયોગ બહાર

જતાં આત્માનું એ અહિતકર પરિણામ છે એવું જ્યાં સુધી ભાસ્યમાન થતું નથી, ત્યાં સુધી એ ઉપયોગમાં જે નીરસતા આવવી જોઈએ, જે ઉપેક્ષા અને ઉદાસીનતા ઊભી થવી જોઈએ એ થઈ શકતી નથી. એટલે એ ઉપયોગ બહાર ને બહાર સ્થૂળ થઈ રહે છે, કેમકે ત્યાં હિત-અહિતપણાનો વિવેક થતો નથી.

મુમુક્ષુ :- અહીં જે ઉપયોગ ધીરો એ વ્યવહારે ધીરો થઈને...

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો થોડોક તો વ્યવહારમાં એનો શબ્દ પ્રયોગ છે અધીરો થઈને. કોઈ માણસ આકરો ઉતાવળો થતો હોય તો એને એમ કહે કે તું ધીરો થા, કેમકે ત્યાં મતિ અવ્યવસ્થિત થાય છે. જેટલો બહારનો આવેગ હોય છે એટલી મતિ અવ્યવસ્થિત થાય છે. પછી જેણે ઘણા વિકલ્પો થાય છે, પછી ચાહે તત્ત્વજ્ઞાનના વિષય ઉપર હોય, રોજના કાર્યોથી હોય, પણ જેને વિકલ્પનું વમળ ઘણું ઉત્પન્ન થાય છે એને પણ અધીરજ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- અધીરજ અને એની મતિ પણ અવ્યવસ્થિત થઈ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા એની મતિ પણ અવ્યવસ્થિત છે.

મુમુક્ષુ :- એટલે ધીરો થા એમ કીધું ?

પૂજ્ય ભાઈશ્રી :- મતિને વ્યવસ્થિત કરીને..

મુમુક્ષુ :- પરિણામ તો એક સમયમાં, જેટલા સમયમાં થવાના હોય એટલા જ થાય છે, એક સમયમાં એક પરિણામ બીજા સમયમાં બીજું પરિણામ એમાં કાંઈ ધીરા-ફાસ થવાનો સવાલ જ નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રશ્ન નથી, પણ અંદર આવેગ છે એને ગતિ કહેવામાં આવે છે. જે વેગ છે એને ગતિ કહેવામાં આવે છે. વેગ છે એની બે દિશા છે. એક બહિર્મુખ છે અને એક અંતર્મુખ છે. એમ બે દિશા છે. તો બહિર્મુખ વેગમાં પડ્યો છે એના પરિણામને ચંચળ પરિણામ કહેવામાં આવે છે અને અંતર્મુખ એ પણ વેગ છે એમાં પણ પુરુષાર્થ છે અને વેગ છે, છતાંય વેગ હોવા છતાં એ પરિણામને નિષ્ચંચળ અને ધીરજવાળા પરિણામ કહેવામાં આવે છે. પૂરું અજવાળું ન હોય, આછું-પાતળું અજવાળું હોય અને સોયના નાકામાં દોરો પોરવવો હોય, તો ઉપયોગને બરાબર ત્યાં લગાવવો પડે કે ન લગાવવો પડે ? ભલે આ ચક્ષુદર્શનનો ઉપયોગ છે. ચક્ષુ ઇંદ્રિયનો ઉપયોગ છે, પણ અજવાળું પૂરું ન હોય અને સૂક્ષ્મ છે, જ્યાં દોરો પોરવવો

છે એ નાકુ સૂક્ષ્મ છે, તો એના ઉપયોગને એકદમ રોકવો પડે છે કે નહિ ? એમ અહીંયાં કહે છે કે સ્વદ્રવ્ય એ પ્રયોજનભૂત તત્ત્વ છે. જે સ્વભાવે કરીને સૂક્ષ્માતિસૂક્ષ્મ છે એવું જે સ્વદ્રવ્ય છે; પેલું તો હજી ચક્ષુ ઇંદ્રિયના ઉપયોગમાં આવે છે તોપણ ત્યાં ઉપયોગ ચંચળ રાખે તો કામ ન થાય. આ તો સૂક્ષ્માતિસૂક્ષ્મ છે દ્રવ્ય, સ્વદ્રવ્ય તો. તેને દ્રવ્યનો, ગુણનો, પર્યાયનો ભેદ લાગું પડતો નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપ્ત હોવા છતાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ લાગુ પડતો નથી. એવું જે નિર્ભેદ તત્ત્વ છે અને પર્યાયરૂપ પ્રગટપણું નહિ હોવાથી જે અપ્રગટ અને અવ્યક્ત કહેવાય છે, છતાં સ્વરૂપે કરી પ્રગટ અને વ્યક્ત કહેવાય છે – જેને બે વિશેષણ લાગુ પડે છે એમાં એને એનું સ્વપણે ગ્રહણ કરવું છે. એ સ્વપણે છે એને સ્વપણે ગ્રહણ કરવું છે. પણ સ્વપણે છે એમ સ્વપણે ભાસ્યા વિના એનું ગ્રહણ થતું નથી. અને જ્યારે એમ થાય છે ત્યારે ઉપયોગ એટલો ધીરો થાય છે. કેમકે વસ્તુ શાંત છે, નિષ્યંચળ વસ્તુ છે, તો એ સદશભાવ, સ્વપણું એમાં આવતા એવો સદશભાવ ઉત્પન્ન થાય છે. ત્યારે ક્યાંય ઉપયોગ બહાર રહેતો નથી. બધેથી નીરસ થયેલો ઉપયોગ, તમામ જગ્યાએથી– સમસ્ત સ્થાનેથી, પાછો વળીને, આખા જગતથી પાછો વળીને, બધેથી ઊઠી ગયો છે, ખૂબ જ ધીરો થઈને દ્રવ્યને પકડ. સ્વદ્રવ્યનું ગ્રહણ કર.

પ્રશ્ન :– 'ગુરુદેવશ્રી' કહેતા હતા ને કે એક ચક્કર આમ મારે અને ઊંધો મારવો હોય તો એક વખત ઊભા રહેવું પડે. ઇ લાગુ પડે ?

સમાધાન :– હા, ઇ થોડો બીજો પ્રકાર છે, અપેક્ષા બીજી છે કે તારો વેગ ઊંધી દિશામાં ઘણો છે. સવળી દિશામાં વેગ આવવા માટે એક વાર ઊભા રહેવાનો તું પ્રયત્ન કરીશ, તો તારું ચક્કર છે ઇ ધીરા પડી જશે. એકદમ ફરતો હોય (એમાં) એકદમ જો ઊભા રહેવા જાય તો પડે, તો તો હેઠો જ પડે. એકદમ ફરતો હોય ને સાવ ઊભો રહી જાય તો પડે હેઠો. ઊભા રહેવાનો પ્રયત્ન કરે તો એનો જે એકદમ ફરતો હતો એ ધીરો થાય એમાં, પછી ઊભો રહે, પછી ઊંધી દિશા પકડે. એમ એનો ક્રમ છે. પરિણમનમાં કેટલોક જે ક્રમ ઊભો થાય છે અનંત ગુણોના પરિણમનમાં, શ્રદ્ધામાં એવો ક્રમ પાછો ઊભો નથી થતો. જો કે પૂર્વ ભૂમિકામાં રસ ગળે છે, દર્શનમોહનીયનો રસ ગળે છે, મિથ્યાત્વ મંદ થાય છે પણ મિથ્યાત્વ મંદ અન્યથા પ્રકારે તો અનેકવાર થયું છે. સ્વરૂપ નિશ્ચયમાં આવીને કોઈવાર થયું નથી.

સ્વસન્મુખતામાં આવીને કોઈવાર થયું નથી.

મુમુક્ષુ :- આપે જે કીધુંને કે જે વીર્યગુણ કામ કરે છે ઇ બરોબર છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઇ તો છે જ ને. પુરુષાર્થનું પરિણમન, ક્યાં ગુણનું પરિણમન ક્યારેય બંધ હોય ? કે ન થતું હોય ? એવું તો બની શકે નહિ. એ તો ચાલુ જ છે. કાં અવળું ને કાં સવળું. સ્વ **'દ્રવ્યને પકડ. વર્ણ નહિ, ગંધ નહિ, રસ નહિ, દ્રવ્યેન્દ્રિય પણ નહિ અને ભાવેન્દ્રિય પણ દ્રવ્યનું સ્વરૂપ નથી.'** દ્રવ્યનું સ્વરૂપ નથી એટલે મારું સ્વરૂપ નથી. બુદ્ધિગોચર તો વિષય સ્થૂળ અને સમજાય એવો લાગે છે કે બરાબર (છે.) રંગ નહિ, તો રંગ દ્રવ્યનું સ્વરૂપ નથી એટલે શું લેવું છે ? કે કોઈપણ વર્ણ છે તે હું નહિ. દ્રવ્યનું સ્વરૂપ નથી એટલે હું નહિ. હું નહિ. તેથી મને ઇષ્ટ-અનિષ્ટ નહિ. નહિતર શું છે કે કોઈ જીવ એમ સ્થૂળપણે નથી વિચારતો કે હું વર્ણ નહિ. પણ શરીરમાં દેહાત્મબુદ્ધિ છે તો એને એમ લાગે છે કે, આવો રંગ મને સારો છે અને આવો રંગ મને સારો નથી. કપડાં પહેરે છે, એ દેહની શોભા છે અને દેહાત્મબુદ્ધિ છે એટલે કહે છે કે, આ રંગ મને સારો લાગે છે અને આ રંગ મને સારો લાગતો નથી. તો એમાં હું રહ્યો છું એવું પરિણમન છે. એ કેવું પરિણમન છે ? અધ્યાત્મભાષાએ એમ કહીએ તો હું રંગીન છું એમ થઈ ગયું, હું રંગવાળો છું એમ એનો અર્થ થઈ ગયો. કોઈપણ રંગ ગમે ને ન ગમે એવો જે પરિણમનનો પ્રકાર એમાં હું રંગ થઈ ગયો. સ્વદ્રવ્ય રંગવાળો થઈ ગયો. આમ વાત છે. આ વાળ કાળામાંથી ધોળો થાય છે ને ? તો એ ધોળો થાય ઇ બરાબર નહિ. પોતે રંગવાળો થઈ ગયો છે. હું રંગ નહિ એમાં ક્યાં ? કે કોઈપણ વર્ણ છે એ જ્ઞાનમાં જ્ઞેયમાત્ર છે અને જ્ઞાનમાં જ્ઞેયમાત્ર છે એ જ્ઞાનની સ્વચ્છતાને કારણે છે. જે કોઈ વર્ણ જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે એ જ્ઞાનની સ્વચ્છતા છે. તો તને જ્ઞેયનું ગ્રહણ થાય છે અને જ્ઞાનની સ્વચ્છતા એટલે કે જ્ઞાન; જ્ઞાનની સ્વચ્છતા એટલે કે જ્ઞાનનું ગ્રહણ થતું નથી. એ ગડબડ છે. પોતાને ભૂલીને પરને વળગ્યો, એટલો વળગ્યો કે અભેદભાવે વળગ્યો છે. અભેદ થઈ શકતો નથી (છતાં) પણ અભેદભાવે વળગ્યો છે. એ જ એને અનંતાનુબંધી અને દર્શનમોહનું પ્રતિબંધ છે. એ જ એને બંધ છે. એ જ શાક્ષાત બંધતત્ત્વનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- પરિણામમાં એ રીતે જ બંધ થાય છે. વિકારભાવમાં પોતાનું પૂરેપૂરું અસ્તિત્વ સ્થાપીને અને એ રીતે જ પરિણમે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ રીતે જ પરિણમે છે. અહીંયાં તો પહેલા વિષય લીધા છે. પાંચેય ઇંદ્રિયના વિષય લીધા છે. **'વર્ણ નહિ, ગંધ નહિ, રસ નહિ,...'** સ્પર્શ નહિ એ બધા લઈ લેવા અને શબ્દ પણ નહિ. સ્પર્શ અને શબ્દ એ બધા આમાં આવી ગયા. આદિમાં બધા આવી જાય છે. તો જે જે પાંચ ઇંદ્રિયના વિષયો જ્ઞેયરૂપ થાય છે, જ્યારે જ્યારે જ્ઞેયરૂપ થાય છે ત્યારે ત્યારે એને જ્ઞાનની સ્વચ્છતા ગ્રહણ થાય છે ? કે તે તે પદાર્થોનું ગ્રહણ થાય છે ? બસ ! અહીંથી ભેદજ્ઞાન છે. પૂર્વકર્મના ઉદયને લઈને પાંચેય ઇંદ્રિયોના વિષયો આત્માની સમક્ષ ઉદયમાં આવ્યા વિના રહેવાના નથી. આ તો અનિવાર્ય વસ્તુ છે. એને કારણે છે. જે આવે છે તે એને કારણે છે. 'ગુરુદેવશ્રી' કહે છે કે, આ દેહ છે ઇ તારે લઈને નથી રહ્યો. તારે લઈને થયો નથી, તારે લઈને રહ્યો નથી, તારે લઈને રહેવાનો નથી. તારો થઈને રહ્યો નથી. તારે લઈને નથી ને તારો થઈને રહ્યો નથી. એનો અર્થ શું છે ? કે પૂર્વકર્મ અનુસાર બાહ્ય પુદ્‌ગલોનો સંયોગ – વિયોગ છે. સંયોગ પણ છે અને વિયોગ પણ છે એ બધું પૂર્વકર્મ અનુસાર છે. જ્ઞાનમાં તને જણાય છે એ જ્ઞાનની સ્વચ્છતાનું માત્ર કારણ છે અને બીજું કોઈ કારણ નથી. જ્ઞાનની સ્વચ્છતા સિવાય એમાં બીજું કોઈ કારણ નથી. તો સ્વચ્છતાનું ગ્રહણ થવાને (બદલે, જો ન થાય તો ભિન્નતા ભાસે નહિ અને) જો સ્વચ્છતાનું ગ્રહણ થાય તો એને ભિન્નપણું ભાસે. જો જ્ઞાન સ્વચ્છતાએ કરીને ગ્રહણ ન થાય તો એનું ભિન્નપણું ભાસે નહિ. ભિન્નપણું ન ભાસે તો ભિન્ન એવા પદાર્થમાં પણ પોતાની વ્યાપ્ય વ્યાપકતાનો મિથ્યા અભ્યાસ થયા વિના રહે નહિ. જાણે હું વ્યાપ્યો છું એમ એને લાગે, અથવા એ પદાર્થ મારામાં વ્યાપ્યો છે. જેમકે ગળપણનો રસ. જાણે સાકર ઓગળીને એનો રસ આત્મામાં વ્યાપી જતો હોય એવું એને લાગે છે.

મુમુક્ષુ :- અડી પણ નથી સાકર આત્માને.

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો એનો સ્પર્શ પણ નથી. પણ કડવો રસ, ગળ્યો રસ, ખાટો રસ, તીવ્ર રસ છે. જાણે કે એ રસ વ્યાપી જતા હોય આત્મામાં એવો એને આભાસ થાય છે. એ આભાસ ક્યાં સુધી થાય છે ? કે સ્વચ્છતા એ કરીને અને વ્યાપ્ય વ્યાપકતા એ કરીને પોતાના ભિન્ન જ્ઞાનનો અનુભવ કરતો નથી ત્યાં સુધી. છે તો ભિન્ન જ. પણ ભિન્ન છે એનો ભિન્નપણે અનુભવ કરતો નથી. એ નહિ, એ નહિ, એ નહિ એમ જે કહ્યું (એમાં હું વ્યાપતો નથી.) વર્ણ નહિ, ગંધ નહિ, રસ

નહિ, એમાં એ નહિ, એ નહિ એમાં એનું વ્યાપ્ય વ્યાપકપણું લેવું છે કે એમાં હું વ્યાપતો નથી. એનાથી હું ભિન્ન છું. માત્ર સ્વચ્છતાએ કરીને એ જ્ઞાનની અંદર ઝળકે છે, તોપણ જ્ઞાનની અંદર એનો પ્રવેશ નથી. જ્ઞાનમાં માત્ર જ્ઞાન જ છે. સિવાય જ્ઞાનમાં બીજા કોઈનો પ્રવેશ થવાનો અવકાશ પણ નથી. અન-અવકાશપણે જ્ઞાન તો જ્ઞાનમાત્રપણે જ સદાય રહે છે.

દ્રવ્યેન્દ્રિય એટલે આ શરીરના અવયવો. આંખથી મને દેખાય છે, એ વાત ભૂલી જવા જેવી છે અથવા એના ઉપર ચોકડી મૂકવા જેવી છે. દેખાતું બંધ થાય તો મુશ્કેલી થાય કે ન થાય ? ન થાય ? દેખાતું બંધ થાય છે એમાં આંખનું કારણ નથી, પણ જ્ઞાનના પરિણમનનું, તે પ્રકારના પરિણમનનું કારણ છે. આંખથી જ દેખાતું હોય તો સિદ્ધ પરમાત્માને કાંઈ દેખાય નહિ. કેમકે એમને આંખો જ નથી. લોકાલોક એમના જ્ઞાનમાં દેખાય છે, પણ આંખથી દેખાતું નથી. પણ આંખ ગઈ એટલે મારું દેખાવાનું ગયું એમ આંખને વળગેલો છે, દ્રવ્યેન્દ્રિયને હુંપણે વળગેલો છે, ખરેખર એમ નથી. દેખાવાનું ગયું એ જીવની જે પર્યાય છે એ જીવને કારણે થઈ છે, આંખને કારણે નથી. ઘણાં એવા માણસો હોય છે આંખમાં બધું બરાબર હોય ને દેખાય નહિ. કાનમાં બધું બરાબર હોય, એમ કહે કે આમાં કાંઈ ખામી નથી દેખાતી, ભાઈ ! પણ અમને નથી સંભળાતું એ વાત સાવ સાચી છે. ક્યાં ગડબડ છે ? તો કે ઇ ખબર પડતી નથી એમ કહે. કેમકે એ તો મર્યાદિત જ્ઞાનનો, તબીબી વિજ્ઞાનનો એ તો મર્યાદિત વિષય છે. પણ જે કાંઈ જીવના પરિણામ થાય છે એ તો જીવની યોગ્યતાને લઈને થાય છે. અને જે કાંઈ ઇંદ્રિય દ્વારા, દ્રવ્યેન્દ્રિય દ્વારા જે કોઈ પ્રવર્તવું થાય છે એ કોઈ અંતર્મુખપણું નથી જીવનું. એ તો બહારનો જ ઉપયોગ છે અને દ્રવ્યેન્દ્રિય દ્વારા તો ઉપયોગ બહાર જ જાય છે. એટલે કોઈ દ્રવ્યેન્દ્રિયનો આત્મકાર્ય માટે સદ્ ઉપયોગ છે એમ હરગીઝ નથી, બિલકુલ નથી. પણ આંખ હોય તો શાસ્ત્ર વંચાય જાય. આંખ હોય તો પુસ્તક, શાસ્ત્ર વંચાયને ? અને કાન હોય તો સત્શ્રવણ થાય, નહિતર શ્રવણ થવું બંધ થઈ જાય. તો એ ઇંદ્રિયનો ઉપયોગ ખરો કે નહિ આત્મકાર્યમાં ? તો કે બિલકુલ નહિ. એ પણ આત્મકાર્ય માટે ઉપયોગી નથી. આત્મકાર્ય માટે તો અતીન્દ્રિય ઉપયોગ કામ કરે છે. ઇંદ્રિય પ્રત્યેનો ઉપયોગ આત્મકાર્ય માટે કામ કરી શકતો નથી. એ પણ બહારનું જ કાર્ય છે. એ પણ બહાર ઉપયોગ સ્થૂળ થઈ રહ્યો

છે. શાસ્ત્રમાં પણ ઉપયોગ સ્થૂળ થઈને બહાર જઈ રહ્યો છે, એમ છે ખરેખર.

**'એટલે દ્રવ્યેન્દ્રિય પણ નહિ.'** એમાં આખું શરીર આવી ગયું. દ્રવ્યેન્દ્રિય પણ હું નહિ. હું નહિ એટલે હું નહિ એ, અને એમાં મારાપણું નથી. એમાં છેદન, ભેદન અભાવ જે કાંઈ થાય એમ થતાં મને કાંઈ થયું નથી, મારામાંથી કાંઈ ગયું નથી, અને એમ થતાં મને કાંઈ લાગતું વળગતું નથી. આમ છે. કઠણ પડે એવું છે જરા એક હાથ કપાઈ જાય, બે હાથ કપાઈ જાય, પગ કપાઈ જાય, હાથ-પગ કપાઈ જાય તો માણસ લાચાર પરિસ્થિતિમાં આવી જાય. બધા બાકીના કાર્યો, હાથ-પગના નિમિત્તે થતાં જોવામાં આવે છે તો એને એમ થાય કે બહુ લાચાર પરિસ્થિતિમાં આવી ગયો. પણ બહારના કાર્યો કરવાની જેને અપેક્ષા છે એને લાચારી છે. જેને અંદરનું કાર્ય કરવાની અપેક્ષા છે અને બાહ્ય કાર્યોની ઉપેક્ષા છે એને એ પરિસ્થિતિ ઊભી થતી નથી. આમ છે.

મુમુક્ષુ :- અત્યાર સુધી બધા ઊંધા એકડા જ ઘૂંટ્યા ને ?

પૂજ્ય ભાઈશ્રી :- ચોક્કસ ! સોએ સો ટકા ઊંધું જ કર્યું છે. બીજી રીતે વિચારીએ તો મનુષ્ય છે સંજ્ઞી પંચેન્દ્રિય છે. તો કોઈ જ્ઞાની છે, એને કોઈ દ્રવ્યેન્દ્રિયનો નાશ થાય. આંખ ફુટી જાય, કાને સાંભળવું બંધ થાય, એવું કાંઈ પણ થાય તો એને મને નુકસાન થયું છે એવો ભાવ, એને એવું પરિણમન ઉત્પન્ન થતું નથી. ઉપયોગ બહાર જતો બંધ થયો ત્યાંથી. આમેય એને અંદરનું કામ તો વિશેષપણે કરવું જ છે, તો એમાં એને ખરેખર તો પ્રતિકૂળતા નથી થઈ પણ સાનુકૂળતા થઈ છે. એમ છે. માને કોઈ જગતમાં ? આંખ ફુટી જાય ને અનુકૂળતા થઈ છે એવું કોણ માનવા તૈયાર થાય ? એવું કોઈ તૈયાર થાય નહિ. પણ એ બાહ્ય દૃષ્ટિમાં છે, જગતની દૃષ્ટિમાં છે. અંતર દૃષ્ટિમાં તો બહારનો સંયોગ-વિયોગ અનુકૂળ-પ્રતિકૂળ છે જ નહિ. એ તો લોકો જેને પ્રતિકૂળતા કહે છે એને એ પોતાના સ્વકાર્યમાં અનુકૂળ બનાવી દે છે. બાકી ન તો એને અનુકૂળ છે, ન તો એને પ્રતિકૂળ છે. એ પ્રશ્ન જ નથી.

**'દ્રવ્યેન્દ્રિય પણ નહિ અને ભાવેન્દ્રિય પણ દ્રવ્યનું સ્વરૂપ નથી.'** ભાવેન્દ્રિય એટલે ઇંદ્રિય દ્વારા પ્રવર્તમાન એવો જ્ઞાનનો ઉપયોગ એને ભાવેન્દ્રિય કહેવામાં આવે છે. જે ઇંદ્રિય દ્વારેથી પ્રવર્તે છે. એને ભાવરૂપ હોવાથી એને ભાવેન્દ્રિય કહે છે. નામ કેટલા, શબ્દો કેટલા ગોતવા. શબ્દો મર્યાદિત છે, ભાવો અમર્યાદિત છે. એટલે એક ને એક

શબ્દો અનેક ભાવો માટે વચનની અંદર, શબ્દની અંદર પ્રયોગ કરવાનો પ્રકાર છે એનું કારણ એ છે કે શબ્દો મર્યાદિત છે અને ભાવો અમર્યાદિત છે. તો કે જે દ્રવ્યેન્દ્રિય દ્વારા પ્રવર્તે, દ્રવ્યેન્દ્રિયના સંપર્કથી પ્રવર્તે, એના નિમિત્તે પ્રવર્તે એને ભાવેન્દ્રિય કહીએ. એટલે સીધે સીધું સમજાઈ જાય.

મુમુક્ષુ :- છે તો ઇ આત્માનો ઉપયોગ ?

પૂજ્ય ભાઈશ્રી :- એ આત્માનો ઉપયોગ હોવા છતાં, એ લેશે નીચે. કે **'છે તો જીવની જ પર્યાય, પણ તે ખંડખંડરૂપ છે.'** નીચે બીજી લીટી છે ને ? છે તો જીવની જ પર્યાય તોપણ તે જીવનું સ્વરૂપ નથી. લોહીમાંથી પરુ થયું. શું થયું ? ડૉક્ટરી જ્ઞાનનો વિષય છે ને ? શેમાંથી થયું ? લોહીમાંથી થયું કે બહારમાંથી કોઈએ પરુ નાખ્યું અંદર ? તો પછી એ લોહીની પર્યાય થઈ ને ? પરુ જે પર્યાય થઈ એ લોહીની પર્યાય થઈ. લોહીનું પર્યાયાન્તર થઈને પરુ થયું. લોહીમાંથી બન્યું છે માટે એને રાખવું કે ન રાખવું ? તો કે એને લોહી નીકળે ત્યાં સુધી સાફસૂફ કરી નાખે છે. ક્યાં સુધી એને સાફ (કરે) ? ગુમડું થાય ત્યારે આ ડ્રેસીંગ કરે છે કે નહિ ? પરુ થાય (ત્યારે) ડૉક્ટર ડ્રેસીંગ કરે છે, ઘસીને સાફ કરે છે. કેટલું ઘસે ? કે નીચેથી લોહી આવે જાય ત્યાં સુધી એને ઘસે. ત્યાં કોઈ એનો પરુ-પાકનો Particle, એક પરમાણુ પણ ન રહે એવો અભિપ્રાય છે. રહે ન રહે એ બીજી વાત છે પણ અભિપ્રાય એ છે. કેમ એની પર્યાય છે ને ? એ એની વિકૃત પર્યાય છે, વિકૃત થયેલી પર્યાય છે. એની પર્યાય છે માટે રાખવી, એ પ્રશ્ન હોય શકે નહિ.

મુમુક્ષુ :- એક Particle સારા લોહીને બગાડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સારા લોહીને બગાડે. એટલા માટે કહ્યું. ઠીક ! તબીબી વિજ્ઞાનની દૃષ્ટિએ કેટલું અનિષ્ટ છે ? કે એક Particle આખા લોહીને બગાડે. તો અહીંયાં એમ કહે છે કે, રાગનો એક કણ છે એ તને ઇચ્છતા નથી. જો પરુનો અથવા પાકનો એક કણ તને ઇષ્ટ નથી, શરીરને. તો રાગનો એક કણ પણ વીતરાગ સ્વભાવને ઇચ્છતા નથી. વીતરાગ સ્વભાવી પરમ પવિત્ર આત્મા, એનો અપવિત્ર રાગનો કણ એને ઇચ્છતા નથી, એને અનુકૂળ નથી. સીધે સીધી વાત છે. ભાવેન્દ્રિય પણ હું નહિ, મારું સ્વરૂપ નહિ, હું એવો નહિ, એ મારું સ્વરૂપ નહિ – એમ લેવું છે. મારું ત્રિકાળ સ્વરૂપ, ત્રિકાળી સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ, અપરિણામી સ્વરૂપ, પરમ પારિણામીકભાવરૂપ

જે સ્વરૂપ છે. એ એકરૂપ સ્વરૂપ, નિત્ય, નિત્ય એકરૂપ જે સ્વરૂપ છે એવો ને એટલો જ હું. આ સિવાય એક સમયનું શુદ્ધ પરિણામ તે હું નહિ, તો પછી ભાવેન્દ્રિય હું એ વાત તો લાવ્યો ક્યાંથી ? જો એ હું હોય તો એનો નાશ થતાં મારો નાશ થાય.

આચાર્યદેવે ૩૨૦ માં સીધો હિસાબ મૂક્યો છે કે જો ધ્યાન હું હોવ, તો ધ્યાનનો નાશ થતાં ધ્યેયરૂપ એવો મારો પણ નાશ થાત. પણ ધ્યાન વિનશ્વર છે અને હું અવિનશ્વર છું. ધ્યેય નહિ પણ હું અવિનશ્વર છું. ધ્યાન વિનશ્વર છે અને હું અવિનશ્વર છું. એ હું છું, એમ લેવું છે. આ તો ભાવેન્દ્રિય ને દ્રવ્યેન્દ્રિય એ તો બધું જડ અને વિકારી પરિણમન છે, પણ અહીંયાં તો એક સમયની પર્યાયને પણ મમત્વ કરવાનો વિષય લીધો નથી.

**'જો કે ભાવેન્દ્રિય છે તો જીવની જ પર્યાય, પણ તે ખંડખંડરૂપ છે,...'** એવો જીવ નથી. જે જીવની ભાવેન્દ્રિયરૂપ પર્યાય છે એવો ખરેખર જીવ નથી. લોકો તો એમ જગતમાં સમજે છે કે દ્રવ્યેન્દ્રિય દ્વારા જે જ્ઞાન જાણે છે, ભાવેન્દ્રિયરૂપ છે એ જ જીવ છે અને એવું જાણવું બંધ થાય છે ત્યારે એ અનુમાન કરે છે કે હવે આ શરીરમાં જીવ રહ્યો નથી. ચાલો એની અંતિમ ક્રિયા કરી નાખો. હવે અહીંયાં જીવ નથી. બહુ બહુ તો ભાવેન્દ્રિયથી ઓળખે છે. જગતના જીવો જીવને ક્યાંથી ઓળખે છે ? ભાવેન્દ્રિયથી. દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયનો મેળ જોઈને, એના બધા ચિહ્નો તપાસીને નક્કી કરવામાં આવે છે કે, હવે અહીંયાં અસ્તિત્વ નથી. કોકવાર તો એવું થાય, જોકે એવા કેસ તો લાખોમાં એકાદો બનતો હશે પણ મસાણમાં મડદું બેઠું થયું હોય. કેમકે ત્યાં જીવ રહ્યો હોય, પણ બધે એનો જે વ્યાપાર બંધ થઈ ગયો હોય. તબીબીવિજ્ઞાનની દૃષ્ટિએ એમ લાગે કે કાંઈ હાલતું ચાલતું નથી, હવે આમાં કાંઈ છે નહિ. બાંધીને લઈ જાય ને ચિતા ઉપર સુવડાવે ત્યાં સુધી બેશુદ્ધ હોય એટલે એને ખબર ન હોય. ત્યાં બધું છોડે અને વળી પાછો પર્યાયમાં ફેર પડે. એમાં સળવળાટ થાય તો કે, ભાઈ ! ઊભા રહો... ઊભા રહો.. કાંઈક છે, આમાં કાંઈક છે, ભાઈ બેઠા (થાય). એવા કેસ બનેલા છે. એ નથી સમજતા એટલે એમ કહે છે કે, પહેલાં જીવ ચાલ્યો ગયો હતો, પાછું કાંઈક રહી ગયું એટલે પાછો આવ્યો છે (પણ) એમ છે નહિ. જવા - આવવાનો પ્રશ્ન રહેતો નથી. કાંઈ જવા–આવવાનો પ્રશ્ન નથી. જીવ હોય છે ત્યાં. તબીબીવિજ્ઞાન છે એ મર્યાદિત વિજ્ઞાન છે. એટલે એના જે Radiusમાં,

એની પરિધિમાં જે આવે છે એટલું એ સમજે છે, બાકી એની બહારનું કાંઈ સમજતા નથી.

**'જોકે ભાવેન્દ્રિય છે તો જીવની જ પર્યાય, પણ તે ખંડખંડરૂપ છે,...'** એવો જીવ નથી. જીવનું મૂળ સ્વરૂપ એવું નથી એમ લેવું છે. જીવનું અસલ સ્વરૂપ છે એ એવું નથી. **'ક્ષાયોપશમિક જ્ઞાન છે,...'** ખંડખંડરૂપ છે અને ક્ષાયોપક્ષમિક જ્ઞાન છે. એ જ્ઞાન છે એ કેવળજ્ઞાન ઉત્પન્ન ન થાય ત્યાં સુધી જ્ઞાન ક્ષયોપશમ ભાવે હંમેશા હોય છે. જ્ઞાનના પર્યાયના એ પ્રકારે બે ભેદ છે. જ્ઞાનની પર્યાયમાં ચાર પ્રકારના ભાવો લીધા છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક – એમાં જ્ઞાનને બે જ લાગું પડે છે. છદ્મસ્થ હોય, એકેન્દ્રિયથી માંડીને છદ્મસ્થ સુધીનું જ્ઞાન ક્ષયોપશમભાવ અને કેવળજ્ઞાન થતાં ક્ષાયિકભાવ. એમાં બે જ પડે છે. જ્ઞાન ઉપશમ ભાવે પરિણમે છે, જ્ઞાનને ઉદયભાવ કહેવાય એવું બધું કાંઈ છે નહિ. જ્ઞાનમાં તો બે જ ભાવ છે. ક્ષયોપશમ અને ક્ષાયિક. કેવળજ્ઞાન થતાં ક્ષાયિક અને એ પહેલાં સંસારમાં ક્ષયોપશમભાવ. એટલે એમ કહે છે કે ક્ષયોપશમિક જ્ઞાન છે તે જીવની પર્યાય છે, ખંડખંડરૂપ છે અને ક્ષયોપશમિક જ્ઞાન છે. જ્યારે જીવ છે એ તો ક્ષાયિકભાવે પણ નથી. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક. ક્ષાયિકમાં ક્ષાયિકભાવે પણ જીવ નથી. એ તો 'નિયમસાર'નો વિષય છે. જ્ઞાન તો જે મૂળ સ્વરૂપ છે, જીવનું સ્વરૂપ છે એ તો પારિણામિક ભાવે છે. એ તો ક્ષયોપશમ કે ક્ષાયિકભાવે નથી. તો ભાવ ગોખવો નથી. ઉપયોગ ઉદયમાં એ જાય છે. ક્યારેક એના ઉપર ઉદયભાવનો ઉપચાર પણ આવે ઉદયને અનુસરીને. પણ છે ક્ષયોપશમભાવે. એમાં ઉદય શું ? ક્ષયોપશમ શું ? ઉપશમ શું ? ક્ષાયિકપણું શું ? અને પારિણામિકપણું શું ? પાંચેય ભાવોનું ભાવભાસન થવું જોઈએ. ભાવ છે ને ? તો જ્ઞાનમાં એ ભાવ ભાસવો જોઈએ, ઓળખાવો જોઈએ. નહિતર એ ગોખવાનો વિષય થઈ જાય. જેમ સંગીતમાં સ્વર, માત્રા ગોખે, રાગ વાગતો હોય–રાગ-રાગીણી વાગતા હોય ત્યારે એને ખબર પડે નહિ કે ક્યો વાગે છે ? તો એને ભાવની, એ ખરેખર સંગીતની ઓળખાણ થઈ નથી. માત્રા બરાબર આવડે (પણ) એ જ્ઞાન સાચું નથી.

પ્રશ્ન :– કેવળજ્ઞાન સિવાયના જેટલા જીવો છે એ બધા ક્ષયોપશમ જ્ઞાનવાળા ?

સમાધાન :– હા, જ્ઞાનના ક્ષયોપશમવાળા.

પ્રશ્ન :- એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય..

સમાધાન :- પંચેન્દ્રિય. કોઈપણ માટે.. ક્ષયોપશમભાવે જ્ઞાન છે. મતિ-શ્રુતનો ક્ષયોપશમ છે. પછી અવધિમાં (પણ) ક્ષયોપશમ છે, મનઃપર્યય થાય તોપણ ક્ષયોપશમ છે. ચાર જ્ઞાન ક્ષયોપશમવાળા હોય છે. પાંચમું કેવળજ્ઞાન છે એ ક્ષાયિકભાવે છે. અને એથી રહિત અને એ પાંચેને અગોચર એવો પારિણામિકભાવ છે. ત્યાં તો વળી એવું લીધું છે. ચારેયને અગોચર. ચારેયને અગોચર એવો પંચમ પારિણામિકભાવ છે. એટલે એને ને એને મેળ નથી એમ કહેવું છે. અગોચર છે એટલે એને ને એને મેળ (નથી), નહિતર તો કેવળજ્ઞાન તો જેવું આત્મસ્વરૂપ છે એને સદશભાવે છે, અથવા જીવની જે ક્ષાયિકભાવે ઉત્પન્ન થતી પર્યાયો; પછી વીતરાગ ચારિત્ર છે, યથાખ્યાત ચારિત્ર (છે) એ બધી પર્યાય સ્વરૂપાકારે થઈ છે. જેવું સ્વરૂપ છે એવી સદશ બિલકુલ. એવો જ એનો ભાવ છે. તોપણ એમ કહી દીધું છે 'નિયમસાર'માં કે ચારેય ભાવને અગોચર છે. ઠીક ! સીધો અર્થ તો થોડોક કઠણ પડે એવો છે. ૩૮ ગાથા.

**'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે...'** જુઓ ! અહીંયાં સૂક્ષ્મ અને તીક્ષ્ણ બુદ્ધિ આવી. એવો ત્રિકાળી શાશ્વત નિત્ય ધ્રુવ જે સ્વ દ્રવ્ય છે એમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે એને તીક્ષ્ણ બુદ્ધિ દ્વારા જે સમજી શકે છે કે આ જ આત્મા છે, આટલો જ આત્મા છે, આટલો જ હું છું. **'એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.'** તે આત્માને આત્મા ઉપાદેય છે. એવું એ જ આત્માને ઉપાદેય છે. સર્વથા, સર્વદા એ જ એનું સર્વસ્વ હોવાથી, એ જ એને ઉપાદેય છે. **'ઔદયિક આદિ ચાર ભાવાન્તરોને...'** એમ, અન્ય ભાવો. ઔદયિકને તો ચાર અન્ય ભાવો લીધા પારિણામિક ભાવથી. **'ઔદયિક આદિ ચાર ભાવાન્તરોને અગોચર હોવાથી જે (કારણપરમાત્મા) દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ ઉપાધિથી જનિત વિભાવગુણ પર્યાયો વિનાનો છે, તથા અનાદિઅનંત અમૂર્તઅતીન્દ્રિયસ્વભાવવાળો, શુદ્ધ સહજ પરમ પારિણામિક ભાવ જેનો સ્વભાવ છે- એવો કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે.'** એ જ સાચો આત્મા છે એ જ અસલ આત્મા છે તે જ મૂળ આત્મા મૂળ જીવનું સ્વરૂપ છે એ જીવ તત્ત્વ છે.નવ તત્ત્વમાં આ જીવતત્ત્વ છે. નવ તત્ત્વમાં એક જીવતત્ત્વ લીધું ને ? તો આ જીવતત્ત્વ છે. બાકી તો બધી એની પર્યાયો છે, એને જીવ તત્ત્વમાં લીધી નથી. ન તો વિભાવ પર્યાયોને

જીવતત્ત્વમાં લીધી, ન તો મોક્ષ પર્યંતની સ્વભાવ પર્યાયોને જીવતત્ત્વમાં લીધી. એમ લીધું છે.

**'એવો શુદ્ધ સહજ પરમ પારિણામિકભાવ જેનો સ્વભાવ છે–કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે. અતિ આસન્ન ભવ્ય જીવોને એ નિજ પરમાત્મા સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.'** એમ કહેવા માટે એ ચારેય ભાવાન્તરોને અગોચર હોવાથી એમ કહે છે. પણ ખરેખર તો પ્રથમ ઉપશમ સમ્યક્દર્શન પ્રગટે છે ત્યારે મતિ-શ્રુતના ક્ષયોપશમમાં અંતર્મુહૂર્તના ઉપયોગમાં જ એ ગોચર થાય છે. અવધિ, મનઃપર્યયનો એ વિષય નથી. પણ મતિ-શ્રુતનો વિષય થાય છે. અવધિનો વિષય પરદ્રવ્યો છે, મનઃપર્યયનો વિષય પણ પરદ્રવ્યો છે. એક મતિ-શ્રુતનો વિષય સ્વદ્રવ્ય છે. જુઓ ! પેલા જ્ઞાન તો વિશેષ ઉઘાડવાળા છે અને મનઃપર્યય તો ભાવલિંગ મુનિદશામાં... (ક્ષયોપશમજ્ઞાનમાં) તું આત્માને ગોતવા જઈશ તો એમાં આત્મા નથી. એમ છે. એનાથી ભિન્ન આત્મા છે એમ કહેવું છે. ક્ષયોપશમ ભાવથી ભિન્ન આત્મા છે અને ક્ષાયિકભાવથી ભિન્ન આત્મા છે. જિનવાણીની કથનની શૈલીમાં ભૂલભૂલવણી થાય એવું છે. એક કોરથી 'શ્રીમદ્જી' એમ કહે કે, 'સર્વ અવસ્થાને વિશે ન્યારો સદા જણાય'. સર્વ અવસ્થામાં કઈ બાકી રાખી ? ઉદયની પણ લઈ લીધી. અનાદિ અનંત. સર્વ અવસ્થા એટલે અનાદિ અનંત. સર્વ અવસ્થાને વિશે ન્યારો સદા જણાય. ને એમાં વિશે એટલે ? એમાં સપ્તમી વિભક્તી છે. મા, વિશે, એ તો સાતમી વિભક્તી છે. મા, વિશે એટલે મા. એમાં અને એનાથી ન્યારો. બન્ને વાત એક જ જગ્યાએ કરી છે, એમ છે.

એટલે જ 'ગુરુદેવ' કહેતા કે ભાઈ ! સમજાય એટલું સમજવું. એટલે તું સમજવાનો પ્રયત્ન કર ! અને જેટલું તને સમજાય એટલું તારે એમાં સમજવું. કેમકે એ પર્યાયરૂપ નથી. પર્યાયમાં એનું દર્શન થતું હોવા છતાં એ પર્યાયરૂપ નથી. પર્યાયથી ન્યારો છે અને છતાં પણ એમાં છે. કેમકે એ સિવાય તો તું ક્યાં ગોતીશ ? ત્રિકાળી તો વ્યક્ત નથી. એટલે (અહીં) અગોચર શબ્દ લીધો છે. મૂળમાં અગોચર શબ્દ લીધો છે. **'औदयिकादिचतुर्णां भावान्तराणामगोचरत्वाद्'** ચારેય ભાવોને અગોચર હોવાને લીધે, એ ભાવો ઉપરનું લક્ષ છોડી દે. સમ્યક્દર્શન પ્રગટ્યું ? (તો) એ લક્ષનો વિષય નથી. અનુભવ થયો કે ન થયો ? એ લક્ષ કરવાનો વિષય નથી.

'સોગાનીજી' કીધું ને ? 'અનુભવ હુઆ ન હુઆ મત દેખ.' એમ કીધું. એને જો નહિ તું. તારે જોવાનું એક જ સ્થાન છે, એક જ વિષય છે, બીજો કોઈ જોવાનો વિષય નથી. અને જે જોવાનો વિષય છે એવો જે કારણ પરમાત્મા અથવા જે ખરેખર આત્મા એ તો અદ્‌ભુતથી અદ્‌ભુત તત્ત્વ છે. એને જોયા પછી બીજું જોવાનું રહેતું નથી. એમ કહે છે. જેને જોયા પછી બીજું જોવાનું રહેતું નથી એવું એક પરમ તત્ત્વ છે અને તે તારું મૂળ સ્વરૂપ છે. એ સિવાય બીજું કોઈ નથી. અંતર્મુખ થા ! તું અંતર્મુખ થા ! અને એને જ જો ! બસ ! આટલું ભગવાનનું ફરમાન છે. સર્વ ઉપદેશનું આ તાત્પર્ય છે. એટલે કહે છે કે, એ ક્ષાયિક સમ્યક્‌જ્ઞાન છે એ ખંડ ખંડ ભાવરૂપ છે અને દ્રવ્ય તો અખંડ અને પૂર્ણ છે. **'દ્રવ્ય તો અખંડ ને (પૂર્ણ છે).'** આખી વિરુદ્ધ વાત થઈ ગઈ. ક્ષયોપશમજ્ઞાન તો ખંડ ખંડ છે, આ અખંડ છે, પેલું અપૂર્ણ છે અને આ પૂર્ણ છે. ઊલટું–સૂલટું છે. ક્યાંથી એને પકડીશ તું ? એને પકડીશ તો ક્યાંથી પત્તો લાગશે ? એને પકડવાથી પત્તો લાગશે નહિ. ન તો એ **'ભાવેન્દ્રિયના લક્ષે પણ તે પકડાતું નથી. આ બધાંથી પેલે પાર,...'** એ બધાને ઓળંગી જઈને, એ બધા ભાવોનું ઉલ્લંઘન કરીને ઉપયોગ સૂક્ષ્મ થઈને પેલે પાર જાય છે. એ સૂક્ષ્મ ઉપયોગને કરીને સ્વદ્રવ્યનું ગ્રહણ કર. પકડ, આશ્રય કર, ગ્રહણ કર એ બધું એકાર્થમાં છે.

**સમસ્ત રાગ - પ્રશસ્ત / અપ્રશસ્ત - પરાશ્રિત પરિણામ છે. તેમ છતાં તેનું મમત્વ કરતાં શ્રદ્ધાની વિપરીતતા થાય છે. સમસ્ત રાગ રહિત-એવું આત્મસ્વરૂપ છે. જે અનંત મહિમાવંત છે. તે જણાતાં સમસ્ત રાગનો મહિમા ઊડી જાય છે. આમ વસ્તુસ્થિતિ છે. તેમ છતાં જેને પ્રશસ્ત રાગાદિમાં મોહ થાય છે, તેણે આત્માને જાણ્યો નથી. સમસ્ત પ્રકારના રાગાદિ પરિણામ મલિન / અશુદ્ધ, દુઃખદાયી છે અને તેથી શુદ્ધભાવ / મોક્ષમાર્ગરૂપ ભાવના ઘાતક સ્વભાવે છે. તેથી પરમાગમોમાં મોક્ષના હેતુનું રક્ષણ કરવા - તેનો નિષેધ કરવામાં આવ્યો છે, તે યોગ્ય છે. (અપૂર્ણ)**

**('અનુભવસંજીવની' બોલ નં.૩૬)**

આત્મા તો અનંત શક્તિઓનો પિંડ છે. આત્મામાં દૃષ્ટિ સ્થાપવાથી અંદરથી જ ઘણી વિભૂતિ પ્રગટે છે. ઉપયોગને સૂક્ષ્મ કરી અંદર જવાથી ઘણી સ્વભાવભૂત રિદ્ધિસિદ્ધિઓ પ્રગટે છે. અંદર તો આનંદનો સાગર છે. જ્ઞાનસાગર, સુખસાગર– એ બધું અંદર આત્મામાં જ છે. જેમ સાગરમાં ગમે તેટલા જોરદાર તરંગો ઊછળ્યા કરે તોપણ તેમાં વધઘટ થતી નથી, તેમ અનંત અનંત કાળ સુધી કેવળજ્ઞાન વહ્યા કરે તોપણ દ્રવ્ય તો એવું ને એવું જ રહે છે. ૨૦૪.

તા. ૧૮-૧૦-૧૯૮૭, વચનામૃત–૨૦૪
પ્રવચન નં. ૧૬૧

**'આત્મા તો અનંત શક્તિઓનો પિંડ છે.'** આત્મસ્વરૂપ કેવું છે ? એનું ભેદથી વર્ણન છે. **'આત્મા તો અનંત શક્તિઓનો પિંડ છે.'** અનંત શક્તિઓ સંખ્યાથી છે અને એવા સંખ્યાથી શક્તિઓના અનેક ભેદ છે. તોપણ અભેદ એક પિંડ સ્વરૂપે છે. ૬૮ પાનું ૨૦૪ બોલ. કહેવાય અનંત શક્તિઓથી, તોપણ અભેદ એક અથવા નિર્ભેદ એક નિર્વિકલ્પ તત્ત્વ છે. વસ્તુ નિર્વિકલ્પ છે એવું લક્ષમાં આવવું જોઈએ. શબ્દોથી કહેવા ધારેલો વિષય છે, તે શબ્દ અનુસાર નથી. અનંત શક્તિઓ તો અનંત ભેદ

આવે છે પણ એમ કહેવા ધારતા નથી. પિંડ છે એમાંથી એ નીકળે છે. પિંડ છે એટલે એક વસ્તુ છે, જેની અનંત શક્તિઓ છે. અભેદ એક વસ્તુ છે કે જેની અનંત શક્તિઓ છે અથવા વિભિન્ન શક્તિઓ છે. પ્રયોજન ઓળખવા પૂરતું કોઈ એક ભેદોનું છે, કેટલાક ભેદોનું છે એ પણ મર્યાદિત, ઓળખવા પૂરતું મર્યાદિત છે બાકી જાણવાનો વિષય છે. ભેદો છે એ જાણવાનો વિષય છે. અભેદ છે તે અવલંબવાનો વિષય છે, આદરવાનો વિષય છે. ભેદો છે તે અવલંબન કરવાનો કે આદરવાનો વિષય નથી.

**'આત્મામાં દષ્ટિ સ્થાપવાથી...'** એવા અનંત શક્તિઓના પિંડ સ્વરૂપ અભેદ આત્મામાં દષ્ટિ સ્થાપવાથી એમ લીધું, **'અંદરથી જ ઘણી વિભૂતિ પ્રગટે છે.'** આત્મામાં રહેલી ગુણની વિભૂતિ, ગુણની સંપત્તિ પ્રગટ થાય છે. **'આત્મામાં દષ્ટિ સ્થાપવાથી...'** પહેલામાં પહેલું કાર્ય લીધું. પછી દષ્ટિ અનુસાર તે જ સમયે જ્ઞાનનું પરિણમન થશે, જ્ઞાન સ્થિર થવાથી તે જ સમયે ચારિત્રનું પરિણમન થશે, એમ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર લઈ લેવા. પણ દષ્ટિની મુખ્યતાથી વાત કરી છે કે અભેદ **'આત્મામાં દષ્ટિ સ્થાપવાથી અંદરથી જ ઘણી વિભૂતિ પ્રગટે છે.'** અથવા સર્વ ગુણો છે, આત્માના અનંતે અનંત સર્વ ગુણો છે એ શુદ્ધપણે પરિણમવા લાગશે. આ એક ચૈતન્યનો ચમત્કાર છે. શુદ્ધ આત્મામાં, અભેદ આત્મામાં, નિજ આત્મામાં, ગુણ સ્વરૂપમાં અહંપણું શ્રદ્ધાએ થતાં, દષ્ટિએ થતાં અનંત ગુણોનો વૈભવ પ્રગટ થાય છે અથવા શાક્ષાત શુદ્ધાત્મા અનુભવગોચર થતાં, અવસ્થામાં પણ અસાધારણપણે આત્મવૈભવ પ્રગટ થાય છે. જે સ્થિતિ ઉત્પન્ન થાય છે, એ સ્થિતિ ખરેખર વચન અગોચર હોવાથી એને મર્યાદિત શબ્દોમાં કહીને અટકી જવું પડે છે. કથનમાં ત્યાંથી અટકવાનું થાય છે, ત્યાંથી આગળ જવાતું નથી. પણ એ એક ચમત્કારિક દશા છે. ચૈતન્યની જે સ્વાનુભવની દશા, ચમત્કારિક દશા હોવાથી એને અનુભવ રસાયણ પણ કહેવામાં આવે છે.

અનાદિથી સંસાર અવસ્થામાં, રાગમાં, વિભાવમાં તન્મયપણે પરિણમતો જીવ અને પોતાને સંસારી છે એમ અનુભવતો જીવ, એ જીવનું પરિણમન અથવા ભવન અહીંથી ફરી જાય છે. પરિણમન ફરી જાય છે એમ કહો કે એનું ભવન ફરી જાય છે. લોકોક્તિમાં કોઈ માણસ પાગલ થાય ત્યારે એમ કહેવાય છે કે, એનું ભવન ફરી ગયું છે. એમ કહેવાય છે ને ? અહીંયાં અલૌકિકદશા પ્રગટે છે. કેવી કેવી અલૌકિકદશા પ્રગટે છે ? એ કહેવું મુશ્કેલ છે. એટલે એટલા ટૂંકા શબ્દોમાં એ કહીને

અટકવું પડે છે કે, **'અંદરથી જ ઘણી વિભૂતિ પ્રગટે છે.'** એમ કહેવાય છે. ઘણી જ વિભૂતિ પ્રગટે છે. એક–બે વિભૂતિ પ્રગટે છે એમ નહિ પણ ઘણી વિભૂતિ પ્રગટે છે.

આખા વિશ્વની ઉપર તરતો એમ લીધું છે. ('સમયસાર') ૧૪૪ ગાથામાં અર્થ કર્યો છે. આખા વિશ્વની, બહુ મહિમાથી વાત કરી છે. પક્ષાન્તિક્રાંત થઈને જ્યાં અનુભવ કર્યો, ત્યાં ભલે એ પ્રથમ અનુભવ છે તોપણ આચાર્ય મહારાજ મહિમા બહુ કરે છે. ઘણા શબ્દોથી મહિમા કરે છે. **'અત્યંત વિકલ્પરહિત થઈને,...'** ત્યાંથી લીધું છે. **'તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતાં,...'** આત્મારસ, ચૈતન્યરસથી પ્રગટ થતો ભાવ છે. એકદમ અંદરથી અમૃતનું પૂર ઊછળે છે. આનંદ અમૃતનું પૂર ઊછળે છે. જેમ નદીમાં ઘોડાપૂર આવે છે અને જળબંબાકાર, એક સેકન્ડમાં જળબંબાકાર (થઈ જાય છે.) કાંકરા ઉડતા હોય એમાંથી બે કાંઠે પાણી હિલોળા લેતું થઈ જાય. એવું પૂર આવે છે ને ? એક–બે માથોડાનું દળ ઉપરથી ચાલ્યું આવતું હોય નદીમાં પૂર આવે ત્યારે. એમ અંદરનું પાતાળ ફૂટ્યું, ને અંદરથી અનંત ગુણોનો શ્રોત ઊભો થાય છે. તો કહે છે કે **'તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતાં, આદિ-મધ્ય-અંત રહિત,...'** આદિ-મધ્ય-અંતનો જેમાં ભેદ નથી. કેમકે આત્મા તો અનાદિ અનંત છે. એનું મધ્ય શું કાઢવું ? એ વિકલ્પ નથી. આદિ-મધ્ય-અંતનો જ્યાં વિકલ્પ નથી.

**'અનાકુળ,...'** આકુળતા જેમાં ખલાસ થઈ ગઈ છે. સૂક્ષ્મ વિકલ્પની આકુળતા પણ જ્યાં નથી. અંતરજલ્પ, બહિર જલ્પ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ હું આત્મા છું, શુદ્ધ છું, પૂર્ણ છું–કોઈ વિકલ્પ નથી. એનો પણ વિકલ્પ નથી. **'અનાકુળ, કેવળ એક,...'** માત્ર એક **'આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય...'** આખા વિશ્વથી જુદો પડી ગયો. પહેલાં વિશ્વના વિભન્ન પદાર્થો જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, પરપ્રવેશભાવ થઈ જતો હતો. હવે તરતો, ઉપર તરતો થઈ ગયો. **'આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય,...'** અખંડ પ્રતિભાસમય, જેમાં કાંઈ ખંડ નથી, ભેદ નથી એવો ચૈતન્યના તેજનો, જેમ તેજ તેજનો કોઈ અંબાર છે, સૂર્ય છે એવો આત્મા છે એ ચૈતન્ય તેજનો પ્રગટ પ્રતિભાસમય છે, અખંડ પ્રતિભાસમય છે.

**'અનંત...'** છે. જેનું તળિયું, અંત, છેડો હાથમાં આવતો નથી. કેવો સ્વભાવ છે ? કેટલો સ્વભાવ છે ? કે જેનો કોઈ અંત નથી એવો જેનો (સ્વભાવ છે.) જેને કોઈ હદ નથી એવો જેનો બેહદ સ્વભાવ છે. જે સ્વભાવને કોઈ સીમા નથી એવો **'અનંત,**

**વિજ્ઞાનઘન,...'** જ્ઞાનનો ઘનિષ્ટ દળ છે. જ્ઞાનનું અનંત ઘનિષ્ટ દળ છે. એવા **'પરમાત્મારૂપ સમયસારને...'** એ પરમાત્મપદ છે, નિજ પરમાત્મપદ છે, એ 'સમયસાર' સ્વરૂપ છે. એને **'જ્યારે આત્મા અનુભવે છે...'** એને પોતે જ અનુભવે છે. **'તે વખતે જ આત્મા સમ્યક્‌પણે દેખાય છે (અર્થાત્** સમ્યક્‌પણે **શ્રદ્ધાય છે)...'** તેથી તે જ સમ્યક્‌દર્શન અને તે જ સમ્યક્‌જ્ઞાન કહેવામાં આવે છે. ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવ'ના શબ્દોમાં નિર્વિકલ્પદશાનું આ વર્ણન છે. ઉપર, આખા વિશ્વની ઉપર તરતો, આખા વિશ્વથી જુદો પડી ગયો. વિશ્વનું જ્ઞાન કરે છે પણ વિશ્વથી, વિશ્વની સાથે જરાપણ લેપાતો નથી. જો કે દ્રવ્ય તો સ્વભાવથી જ નિર્લેપ છે પણ સ્વદ્રવ્યાકારે, સ્વઆકારભાવે, સ્વાકારભાવે થયેલી પર્યાય એ પણ નિર્લેપ થઈ જાય છે.

પ્રથમ દશાનું આટલું વર્ણન કર્યું છે. જ્યાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન તત્ત્વને આત્મ સન્મુખ કર્યું, અંતર્મુખ કર્યું અને અત્યંત વિકલ્પ રહિત થયો, જરાપણ વિકલ્પ ત્યાં નથી. 'રાજમલજી' લખે છે કે વિકલ્પ જેનું નામ છે એવો કોઈપણ વિકલ્પ ત્યાં બાકી રહે કે ન રહે ? કે વિકલ્પ જેનું નામ છે એવો કોઈપણ ભાવ બાકી રહે નહિ, છેદ થઈ જાય છે. વિકલ્પનો છેદ થઈને નિર્વિકલ્પ દશા ઊપજે છે.

**'આત્મામાં દૃષ્ટિ સ્થાપવાથી...'** દૃષ્ટિ થતાં નિર્વિકલ્પ થવાય છે. **'અંદરથી જ ઘણી વિભૂતિ પ્રગટે છે.'** ચૈતન્યની ઘણી જ વિભૂતિઓ પ્રગટે છે. કેટલીયે વિભૂતિઓ પ્રગટે છે. ચમત્કારિક વિભૂતિઓ પ્રગટે છે. વચન અગોચર એવી ચમત્કારિક વિભૂતિઓ પ્રગટે છે. અનંત દિવ્ય શક્તિઓનો શ્રોત શરૂ થાય છે અને જાણે કે આખો આત્મા બદલાઈ ગયો એમ કહેવામાં આવે છે. ઇ પણ 'રાજમલજી' બીજા શબ્દો લે છે કે દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમવા લાગ્યું. કિંચિત્ રાગાદિ વિભાવ ને મલિનતા રહ્યા છે, પૂર્ણ વીતરાગતા નથી થઈ, અલ્પ રહ્યા છે તોપણ તેનો બંધ નથી કેમકે દ્રવ્ય જ શુદ્ધત્વરૂપે પરિણમવા લાગ્યું–એવા શબ્દો છે. દ્રવ્ય આખું, દ્રવ્ય શુદ્ધત્વ, શુદ્ધપણે પરિણમવા લાગ્યું છે. એવું એક પરિણમનની અંદર સાદી અનંતકાળનું વલણ ઊભું થઈ ગયું. એ વલણ ફરતું નથી.

પ્રશ્ન :– વિભૂતિ એટલે શું ?

સમાધાન :– વિભૂતિ એટલે આપણે નથી કહેતા કે, ગાંધીજી એક વિશ્વની વિભૂતિ હતા. શું કહે છે ? લૌકિક વાત છે.

મુમુક્ષુ :- વિભૂતિ એટલે મહાન.

પૂજ્ય ભાઈશ્રી :- વિભૂતિ એટલે આમ તો વૈભવનું પરિણમનરૂપ દશા તે વિભૂતિ. ગુણ વૈભવના પરિણમનરૂપ દશાને વિભૂતિ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- અહીં તો ગુણો લેવાને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગુણ વૈભવ કહ્યા ને. ગુણ વૈભવની પરિણમનરૂપ દશાને વિભૂતિ કહે છે. 'ત' છેલ્લો આવે છે. વિકારાંત સ્ત્રીલિંગ જેને કહેવામાં આવે છે વ્યાકરણમાં. વિકારાંત 'ત'થી જ્ઞપ્તિ, પરિણતિ, વિભૂતિ. ચાલતી દશા, ચાલુ વર્તમાન કાળ. ચાલુ વર્તમાન પરિણમતો ભાવ બતાવવો છે, ચાલુ વર્તમાનમાં પરિણમતો ભાવ બતાવવો છે ત્યારે સંસ્કૃતમાં, ગુજરાતીમાં, સંસ્કૃત ઉપરથી જ ગુજરાતી ઉતરી આવેલી ભાષા છે. એમાં આ શબ્દ પ્રયોગ થાય છે. જ્ઞાનને ચાલતી પરિણમતિમાં જ્ઞપ્તિ કહે છે, પરિણામના ચાલતા ચાલને પરિણતિ કહે છે, વૈભવ પરિણમ્યો એને વિભૂતિ કહે છે, એવા ઘણાં શબ્દો છે. એ જાતનો સંગ્રહ કરતા હોય તો સંખ્યાબંધ ગોતી કાઢે પણ એવા ઘણાં શબ્દો છે. એ રીતે અનેક શબ્દોથી ચાલુ વર્તમાન ક્રિયા સમજાવવામાં આવે છે.

મુમુક્ષુ :- ઘણો વૈભવ પ્રગટયો.

પૂજ્ય ભાઈશ્રી :- દિવ્ય વૈભવ ! આત્માના દિવ્ય ગુણોનો દિવ્ય વૈભવ પ્રગટ્યો. પ્રગટ્યો એટલે અનુભવ, શાક્ષાત અનુભવગોચર થયો.

મુમુક્ષુ :- ક્યાંથી થયો એ વૈભવ બધો ?

પૂજ્ય ભાઈશ્રી :- અંદર હતો એ બહાર આવ્યો. અંદરમાં જે હતો તે પ્રગટ થયો. બહારથી કાંઈ આવતું નથી. હતો એની હયાતી સ્વીકારી શ્રદ્ધાએ. શ્રદ્ધાએ, જ્ઞાનને એની હયાતી સ્વીકારી. બસ ! સાચો સ્વીકાર, બીજું કોઈ કારણ નથી આ પ્રગટ થવાનું. શ્રદ્ધા, જ્ઞાનનો સાચો સ્વીકાર તે જ આને પ્રગટ થવાનું કારણ છે, બીજું કોઈ આમાં કારણ નથી. બાકી બધા બાહ્ય સાધનો છે, એ બધા સાધનો કહેવા માત્ર છે. ઉપચારથી કહેવાય છે. કોને ? કે જેને પ્રગટ થાય છે એને. બીજાને તો બાહ્ય સાધનનો ઉપચાર લાગુ પડતો નથી. 'વહ સાધન બાર અનંત કિયો, તદપી કછુ હાથ હજુ ન પડ્યો.' એવા સાધન અનંતવાર કરવા છતાં એ તત્ત્વ હાથમાં નથી આવ્યું એનો અર્થ શું ? કે એ ખરેખર સાધન નહોતા. જો સાધન હોત તો કિંચિત્

તો કાર્ય થવું જોઈતું હતું. પણ કિંચિત્ માત્ર કામ નથી થયું. એકવાર થયે, કોઈ અંશે કાર્ય થાય, તો બે વાર થઈ બીજા અંશે કાર્ય થાય. અનંતવાર થાય તો અનંત અંશે કાર્ય થાય પણ એક અંશ પણ કાર્ય થયું નથી. અનંતકાળમાં આ જીવે, જેટલી બધી વાતો લખી છે એ બધી લઈ લીધી છે. એમાં શાસ્ત્રજ્ઞાન અને બહારના બાહ્ય ચારિત્રની, મંદ કષાયની બધી ક્રિયાઓ લઈ લીધી છે, કોઈ ચીજ બાકી રાખી નથી. 'સબ શાસ્ત્રનકે નય ધારી લીયે, મત મંડન ખંડન બહોત કીયે.' બધું, ત્યાં સુધીનું. બધા નયનું ધારણ કર્યું, નયની ધારણા થઈ ગઈ–આ નયથી આમ, આ નયથી આમ, આ નયથી આમ પણ એ જ્ઞાન ખરેખર એને કામમાં આવ્યું નથી.

અહીંયાં તો સીધી વાત છે કે, આત્મા જે અનંત શક્તિનું દળ છે એમાં દૃષ્ટિ સ્થાપી દે અંદરથી, અનંત વૈભવ પ્રગટશે અથવા દૃષ્ટિમાં અનંત શક્તિ સંપન્ન આત્માનો સ્વીકાર કરી દે, અંદરથી વૈભવ પ્રગટશે. ગુણોને શુદ્ધપણે વ્યક્ત થવાનું, પ્રગટ થવાનું આ એક માત્ર કારણ છે અથવા આ એક માત્ર પ્રયોગ અને પ્રક્રિયા છે, આ સિવાય જગતમાં ત્રણકાળ, ત્રણલોકમાં બીજું કોઈ કારણ સાધન થતું નથી.

**'ઉપયોગને સૂક્ષ્મ કરી...'** હવે કેવી રીતે ? **'ઉપયોગને સૂક્ષ્મ કરી અંદર જવાથી ઘણી સ્વભાવભૂત રિદ્ધિસિદ્ધિઓ પ્રગટે છે.'** શું કહે છે ? જ્ઞાનથી વાત લેવી. દૃષ્ટિ સ્થાપવાની વાત કરી, પણ સાધન જ્ઞાન છે. અને જ્ઞાન સન્મુખ થાય છે ત્યાં દૃષ્ટિ પણ પલટાય જાય છે. **'ઉપયોગને સૂક્ષ્મ કરી...'** બન્ને સમકાળે કામ કરે છે. જ્ઞાનથી કામ કરે છે ત્યાં દૃષ્ટિનો નિષેધ નથી. દૃષ્ટિથી કામ થાય છે ત્યાં જ્ઞાનનો નિષેધ નથી, પણ બન્નેનો એકબીજાને સાથ છે. બન્નેનો એકબીજાને સાથ છે. બન્ને ગુણો એકબીજાના પૂરકતત્ત્વ ભાવે, પૂરકભાવે પરિણમે છે. પૂરકતત્ત્વ થઈને રહે છે, પરિણમે છે. વિરોધ કરતા નથી.

**'ઉપયોગને સૂક્ષ્મ કરી અંદર જવાથી ઘણી સ્વભાવભૂત રિદ્ધિસિદ્ધિઓ પ્રગટે છે.'** આ વિભૂતિનો બીજો અર્થ કર્યો. ગુણભેદોને રિદ્ધિસિદ્ધિ કીધી અહીંયાં. આ બહારમાં જે નવ નિધિ ને સિદ્ધિ કહેવાય છે, આઠ સિદ્ધિ ને નવ નિધિ કહેવાય છે એ વાત નથી. એ બધી પુદ્‌ગલાત્મક છે. બહારમાં જે અનેક પ્રકારના સાધનો પ્રગટ થાય છે ને ? ચક્રવર્તીને ચૌદ રત્નો પ્રગટ થાય છે, એ બધી એની રિદ્ધિ–સિદ્ધિ છે. ચક્રીને, અર્ધચક્રીને એ બધી એની રિદ્ધિ-સિદ્ધિ છે. એ બધી રિદ્ધિ-સિદ્ધિ આત્માને લેશ માત્ર

સુખ—શાંતિનું કારણ નથી. જેટલો ઉપયોગ જાય એટલું કાં દુ:ખનું નિમિત્ત છે, દુ:ખનું કારણ છે. કેમકે ચક્રવર્તી તો સમ્યક્દષ્ટિ હોય અને મિથ્યાદષ્ટિ પણ હોય. મિથ્યાદષ્ટિને તો નરકનું કારણ થઈ જાય છે. અવલંબન (રિદ્ધિસિદ્ધિનું લે છે.) કેમકે આખે આખો એમાં અરપાય છે. સમ્યક્દષ્ટિ ભિન્ન રહે છે ને ઉપયોગ જાય છે તો એને એ દુ:ખભાવ જાણે છે, એમાં એને રિદ્ધિ–સિદ્ધિમાં સુખ દેખાતું નથી. આમ છે.

મુમુક્ષુ :– ચક્રવર્તીપદનું ફળ નરક ?

પૂજ્ય ભાઈશ્રી :– એનું ફળ સાતમી નરક. છેલ્લી હદે. કેમકે અહીંયાં મનુષ્ય ગતિની છેલ્લી હદના પુણ્ય છે. મિથ્યાદષ્ટિને જે પુણ્ય હોય એ... (છેલ્લી હદના હોય.) સમ્યક્દષ્ટિના પુણ્ય તો એથી ઊંચી કોટીના હોય છે, પણ મિથ્યાદષ્ટિને જે પુણ્ય હોય તે છેલ્લી હદના પુણ્ય હોય. મનુષ્ય લોકનો ઇંદ્ર કહેવાય છે. સો ઇંદ્રો જે ભગવાનના સમોસરણમાં છે એમાં એક ચક્રવર્તી છે. ઇંદ્ર છે, મનુષ્ય ઇંદ્ર છે. નરેન્દ્ર જેને કહેવામાં આવે છે. મનુષ્ય એટલે નર. મિથ્યાદષ્ટિપણે પરિણમન થાય છે મિથ્યાદષ્ટિ સહિત, સાતમી નરકમાં જાય (છે). સમ્યક્દષ્ટિ એ જ વૈભવમાં રહ્યો રહ્યો દેવલોકમાં જાય છે, અને કોઈ તો ચરમશરીરી (પણ) હોય છે. ત્રણ તીર્થંકરો હતા. 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ', 'અરનાથભગવાન' ચરમશરીરી હતા. ચક્રવર્તી, કામદેવ, તીર્થંકર – ત્રણેય પ્રકારના પુણ્ય લઈને આવ્યા હતા. પણ પુણ્ય ઉપર જરાય દષ્ટિ નહોતી. પુણ્યની વાત આવે તો જીવને એમ થાય કે આપણે એવા પુણ્ય હોય તો. ! પણ ભાઈ ! એને તો એના ઉપર દષ્ટિ નહોતી. એને દષ્ટિ નહોતી એટલું જ નહિ, પણ એને હેયપણું એનું વર્તતું (હતું). એની ઉપેક્ષા હતી, એનાથી ઉદાસ હતા. એટલા બધા ઉદાસ હતા કે, સામાન્ય મનુષ્યને એનો અંદાજ કાઢવો મુશ્કેલ પડે. એટલા બધા ઉદાસ હતા. કાગડાની વિષ્ટા શું કામમાં આવે ? કે તદ્દન નકામી. બસ ! ઇ ખાતામાં એને ખતવી રાખ્યું છે. તમામ રિદ્ધિ–સિદ્ધિ એને એ ખાતામાં ખતવીને એકકોર, આખું પોટલુંવાળીને મૂકી દીધી. એવો જે ભવ છે, ચક્રવર્તીપણાનો (જે) ભવ છે તે જ હું નથી, ને તે મારું સ્વરૂપ નથી. કોઈપણ ભવ હોય, ચારગતિનો કોઈપણ ભવ હોય, જેણે ભવરહિત પોતાનું સ્વરૂપ, આત્મતત્ત્વ જોયું ! એ વર્તમાન ભવને સ્વીકારતો નથી અને ભૂતકાળમાં થયેલા અનંત ભવને પણ એ સ્વીકારતો નથી. એ સ્વરૂપ મારું નહિ, એ રૂપે હું થયો જ નહોતો. થયો નથી ને થયો જ નહોતો. જેવો છું તેવો

અનાદિથી એમ ને એમ જ એવો ને એવો જ છું. ફક્ત મને મારું ભાન નહોતું. એટલે મેં એમ માની લીધું હતું એ ભૂલ હતી, પણ ભૂલ એ ભૂલ છે, ખરેખર એ વાસ્તવિક વસ્તુનું સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- લોકો બધા ચક્રવર્તી કહે ને એ કહે કે હું ચક્રવર્તી નથી ..

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, લોકો એમ કહે કે, તમે શ્રાવક છો તો કે નહિ, લોકો એમ કહે કે તમે તો મુનિ છો તો કહે ના ! અમે તો મુનિ નથી. કોઈ પર્યાયવેશ નથી. આત્માને કોઈ પર્યાયવેશ નથી. પર્યાયનો વેશ નથી એમ છે. પર્યાયવિહીન તત્ત્વ લીધું ને ? પરમ પારિણામિકભાવ, કે કોઈ પર્યાયવેશ નથી. નિગોદથી માંડીને સિદ્ધપદ સુધીની સર્વ પર્યાયો લઈ લીધી આમાં. કોઈ પર્યાયવેશ આત્માને નથી. અરિહંત એમ માનતા નથી કે અમે અરિહંત છીએ. અરિહંત અવસ્થા છે ને તેરમા ગુણસ્થાને ? અમે અરિહંત છીએ એમ માનતા નથી. અમે તો જે છીએ તે છીએ. સદાયના એમ જ છીએ.

મુમુક્ષુ :- સિદ્ધ સમાન તો ખરા ને ?

પૂજ્ય ભાઈશ્રી :- એ સિદ્ધ સમાન એમ કહેવાય છે, પણ એ તો સિદ્ધ પર્યાયનો વેશ બાદ કરીને વાત છે. પર્યાયવેશને બાદ કરીને વાત છે. શબ્દ આવે છે સિદ્ધ સમાન, પણ એ સિદ્ધ પર્યાયની વાત નથી ત્યાં. અનાદિ અનંત જે તત્ત્વ છે એની વાત છે. આ તો મહિમા લાવવા માટે, બધા ભેદોથી વાત મહિમા આવે એટલે ભેદોથી વાત કરી છે. ભેદથી થતો મહિમા જે ભાવમાં છે એ ભાવમાં પણ અટકવા જેવું નથી. વાસ્તવિક મહિમા ત્યારે આવ્યો કહેવાય કે, નિર્વિકલ્પ તત્ત્વમાં એના મહિમાથી નિર્વિકલ્પ થઈ જાય ત્યારે એનો વાસ્તવિક મહિમા આવ્યો કહેવાય. બાકી બધી વાતો છે. ભેદના વિકલ્પો અને એ અનુસાર થતા વચનો છે. એ કાંઈ ખરેખર જે હદે એનો મહિમા કહેવો જોઈએ, હોવો જોઈએ એ હદ અહીંયાં ઊભી થતી નથી. એમ સમજવું.

**'ઉપયોગને સૂક્ષ્મ કરી અંદર જવાથી...'** સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવ છે. સ્થૂળપણે અંદર જવાતું નથી. ઉપયોગની સ્થૂળતાએ, સ્થૂળતા રહેતા અંદર જવાતું નથી. આ પ્રકાર છે. સ્વભાવ શું ? જે સૂક્ષ્મ ઉપયોગનો વિષય છે એવો જે સ્વભાવ, એ સ્વભાવ શું ? એને સમજવા માટે, એને ચિત્તની વિચારધારામાં બહુ મોટા ફેરફારો થાય છે ત્યારે તો હજી સમજવાનો પ્રસંગ બને છે. સ્થૂળ ઉપયોગે એ સમજાતું પણ નથી.

અથવા કોઈ એમ કહે કે ભલે સ્થૂળ ઉપયોગ કહો કે સૂક્ષ્મ ઉપયોગ કહો પણ અમને તો સમજાય છે કે, આત્મા અનંત ગુણનો પિંડ છે. ત્રિકાળ, ધ્રુવ, અપરિણામી, એક સમયની પર્યાય રહિત જે પરમાત્મ તત્ત્વ છે તે આત્મા હું છું, એમ સમજાય છે. ઓઘસંજ્ઞાએ જે સમજાય છે એનાથી અંદરમાંથી કોઈ જોર આવતું નથી. સૂક્ષ્મ ઉપયોગે કરીને, જેવો સૂક્ષ્મ સ્વભાવ છે એવી એની સમજ આવે, તો એ સમજણમાં સમજણનો વિષય સર્વથા પ્રત્યક્ષ હોવાને લીધે; સમજણનો જે વિષયભૂત પદાર્થ છે એ તો સર્વથા અત્યંત પરિપૂર્ણ પ્રત્યક્ષ હોવાને લીધે, એની પ્રત્યક્ષતાનો જોરથી ઉછાળો આવ્યા વિના રહેતો નથી. એ સમજણનો પ્રકાર જુદો થઈ જાય છે. ભાવ ભાસે છે ત્યારે એકદમ પરિણામની દિશા બદલાઈ જાય છે. બાકી ઓઘસંજ્ઞાએ તો સમજાય છે એ સમજણ કાંઈ એને સુખ-શાંતિનું કે દિશા બદલવાનું પણ કારણ થતી નથી. પરલક્ષે થયેલી સમજણ અલ્પકાળ ધારણામાં રહે છે અને ભૂંસાઈ જતા વાર લાગતી નથી. કેટલાક ને તે જ ભવમાં ભૂંસાઈ જાય છે, તો કેટલાકને અથવા બહુભાગને, મોટાભાગને ભવાંતર થતાં એ ભૂંસાઈ જાય છે. બીજા ભવમાં એને યાદ પણ નથી રહેતું કે ક્યા શાસ્ત્રો ? કેટલા શાસ્ત્રો વાંચ્યા હતા અને કેટલી ધારણા કરી હતી ? એ વાત કાંઈ રહેતી નથી. એવું એ પરલક્ષી ધારણાવાળું જ્ઞાન શક્તિવિહીન, શક્તિ વગરનું અને એકદમ પાંગળું છે. એનું કોઈ સામર્થ્ય છે નહિ અને એવું જ્ઞાન અનાદિથી વિપરીત થયેલા શ્રદ્ધાનને ઉલટાવી શકતું નથી, સૂલટાવી શકતું નથી, એ પરિસ્થિતિ થાય છે.

અહીંયાં કહે છે કે, **'ઉપયોગને સૂક્ષ્મ કરી અંદર જવાથી...'** અંતર્મુખ થવાથી, અંદર જવાથી એટલે અંતર્મુખ (થવાથી સ્વાનુભવદશા) આવે છે. વ્યાપ્ય વ્યાપકભાવે પરિણમવું. આવો જ હું છું, એમ શ્રદ્ધા, જ્ઞાનમાં વ્યાપ્ય વ્યાપકતા પોતામાં ને પોતામાં ઊભી થાય, ત્યારે અભેદભાવે સ્વાનુભવ થાય છે અને એ સ્વાનુભવમાં સ્વભાવભૂત એવી રિદ્ધિસિદ્ધિઓ પ્રગટે છે. પુદ્‌ગલની નહિ, પણ ચૈતન્યની સ્વભાવભૂત રિદ્ધિસિદ્ધિઓ છે એ પ્રગટ થાય છે. આ ચોસઠ ઋદ્ધિધારી મુનિઓ છે એની પૂજા આવે છે ને ? આપણે સવારમાં કરીએ છીએ ને ? એ ચૈતન્યની ઋદ્ધિ છે કે જડની ઋદ્ધિ, પુદ્‌ગલની ઋદ્ધિ છે ? હેં ? ચૈતન્યની ઋદ્ધિ નથી. એમ. ચૈતન્યની ઋદ્ધિ નથી કાંઈ, હા, એટલી વાત જરૂર છે કે, ચૈતન્યની ઋદ્ધિ પ્રગટતા, પવિત્રતા પ્રગટતા સાથે સાથે બહારમાં એટલા પુણ્યનો ઉદય થઈ ગયો, એટલી વાત છે. પણ બહુભાગ મુનિઓને તો એની

ખબર પણ હોતી નથી. કઈ જાતની બહારમાં રિદ્ધિ-સિદ્ધિ પ્રગટી છે ? એની ખબર પણ નથી હોતી. એ લબ્ધિઓનો એને ખ્યાલ પણ આવતો નથી. એ તો એને ખેરવીને, એ બધા પુણ્યને ખેરવીને સિદ્ધાલયમાં પરિપૂર્ણતામાં પહોંચી જાય છે. કેટલાકને ખ્યાલ આવે છે તોપણ એનો ઉપયોગ કરતાં નથી. પણ હોય છે એનું જ્ઞાન કરાવ્યું છે. બાહ્ય દૃષ્ટિ જીવોને એનો મહિમા આવે છે. એનો મહિમા અંતર્દષ્ટિમાં, એનો મહિમા નથી. અંતરંગ દૃષ્ટિમાં તો ચૈતન્યની રિદ્ધિસિદ્ધિનો મહિમા છે અને તે પણ ભેદભાવે નહિ, વિકલ્પાત્મકભાવે નહિ, પણ અભેદભાવે-એમ લેવું. સ્વભાવભૂત રિદ્ધિસિદ્ધિઓ પ્રગટે છે. હવે અંદરની વાત કરે છે કે અંદર આત્મામાં શું શું ભર્યું છે ? અનંત શક્તિનો પિંડ છે એમાં શું શું ભર્યું છે ?

કે **'અંદર તો આનંદનો સાગર છે, જ્ઞાનસાગર છે, સુખસાગર-એ બધું અંદર આત્મામાં જ છે.'** આત્માને જોઈએ તે બધું આત્મામાં છે. પુદ્‌ગલ રજકણ અને પુદ્‌ગલ રજકણોના ગુણો નથી. પણ એ કાંઈ આત્માને જોઈતા પણ નથી અને એની આત્માને જરૂર પણ નથી, એની આવશ્યકતા નથી. હવા, પાણી ખોરાક એની કોઈ આવશ્યકતા આત્માને નથી. એમ કહેવું છે. એ તો રજકણ છે બધા. સાગર સાગર શબ્દ વાપર્યા છે. પણ જે અહીંયાં સાગર છે જગતમાં, મનુષ્ય લોકમાં અસંખ્યાત દ્વીપ, સમુદ્રો છે એ બધા તળિયાવાળા છે. નીચે તળિયું છે બધાને. છેલ્લો (સ્વયંભૂરમણ) મોટામાં મોટો સમુદ્ર છે, ઊંડામાં ઊંડો અને મોટામાં મોટો (છે).

મુમુક્ષુ :- ડબલ થતો..

પૂજ્ય ભાઈશ્રી :- હા, બમણા, બમણા, બમણા થતા અસંખ્યાત યોજનનો સમુદ્ર છે. એ સમુદ્રના તળિયે રેતી નથી પણ એકલા રત્નો છે, પણ એ તળિયાવાળો છે. મતલબ અહીંયાં એટલો છે કે એ તળિયાવાળો છે. જ્યારે આત્માના આનંદના સાગરને નીચે તળિયું નથી. જ્ઞાનના સાગરને નીચે તળિયું નથી. સુખના સાગરને નીચે તળિયું નથી. આટલો ફેર છે. ભલે સાગરની ઉપમા આપી છે તોપણ એ ઉપમા નાની પડે છે, ટૂંકી પડે છે, એ ઉપમાથી પૂરેપૂરો એને માપી શકાતો નથી. 'ગુરુદેવશ્રી'એ એકવાર ઇ ચર્ચા કાઢી હતી કે, દરિયો અહીંયાં કેટલો ઊંડો છે. આપણે જ્યાં આવાગમન થાય છે. એટલાન્ટિક અને પેસેફિક બે મોટા મહાસાગર છે ને ? સાડા પાંચ થી છ માઈલ ખાલી ઊંડા છે, એથી વધારે ઊંડા નથી. સાડા પાંચથી છ માઈલ નીચે

જાય એટલે તળિયું આવી જાય. એટલે ખરેખર તો છીછરા છે, અને પેલા મોટા સમુદ્રો પાસે તો ખાબોચિયા જેવા છે. લવણ સમુદ્ર છે એની પાસે તો એ (ખાબોચિયા છે), લવણ સમુદ્ર તો ખાબોચિયું છે, બીજા સમુદ્રો પાસે તો. આમ દેખાય કે બહુ પાણી છે... બહુ પાણી છે... પણ ખરેખર સરખામણી કરતા એવું કાંઈ નથી. અને એ બધા સમુદ્રો, મોટામાં મોટો સમુદ્ર એ સ્વયંભૂરમણ છે. છેલ્લો જે સમુદ્ર છે એનું નામ સ્વયંભૂરમણ સમુદ્ર છે. એ પણ આત્માના જ્ઞાન અને સુખના સાગર પાસે ખાબોચિયું છે. કેમકે એનો નીચે અંત આવે છે. અસંખ્ય યોજન પણ પછી નીચે તો છેડો છે.

મુમુક્ષુ :- ઇ છેડાનું માપ જ્ઞાને કાઢ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાને કાઢ્યું. અને એવા ગમે એટલા હોય જ્ઞાનમાં ગરદી થાતી નથી. થાય છે ? ગમે એટલું હોય. એક લોકાલોક નહિ, અનંતા લોકાલોકો, એથી અનંતા હોય, એથી અનંતા હોય, જ્ઞાન બધાને પચાવી જાય એવું, બધાને પી જાય એવું છે. જ્ઞાન બધાને પી જાય છે અને તોપણ એમ કહે છે પાછું કે, છે હવે કોઈ બાકી ? તો ચાલ્યા આવો. મારી શક્તિનું માપ એનાથી નીકળે એવું નથી. એવો જ્ઞાનનો સાગર છે. જ્ઞાનનો સાગર કહ્યો પણ એવો જ્ઞાનનો સાગર છે, એવો જ આનંદ અને સુખનો સાગર છે. જેવો છે એવો એને સ્વીકારમાં સ્વીકાર થવો જોઈએ. બસ ! મોટી વાત આ છે. છે તો ખરો. માને તોપણ છે, ન માને તોપણ છે. સ્વીકાર થાય એની બલિહારી છે, ન સ્વીકાર થાય તો પરિભ્રમણ ઊભું છે. તો પામરતા અને દીનતા ઊભી છે. એને તો દુઃખ પણ અનંતું છે, નિગોદાદિનું દુઃખ પણ અનંતું છે, અસહ્ય છે. અને જો પોતાની શક્તિની સંભાળ કરે ! શક્તિની સંભાળ કરવાની વાત છે. જો પોતાની શક્તિની સંભાળ કરે, તો એ શક્તિઓનો શ્રોત અંદરથી શરૂ થઈ જાય છે, પ્રગટ થઈ જાય છે.

**'અંદર તો આનંદનો સાગર,...'** છે. **'જ્ઞાનસાગર, સુખસાગર...'** જેવો ઉપયોગ અંતર્મુખ થાય છે અને જેવું છે એવું સ્વદ્રવ્ય ઉપયોગમાં સ્વસ્વરૂપે ગ્રહણ થાય છે તો ઉપયોગને ક્ષણવાર માટે તો ત્યાં થંભી જવું પડે છે. અપૂર્વ મહિમાથી સન્મુખ થયો છે. થંભી ગયો પણ એ એક એના અપૂર્વ મહિમાનો જ તબક્કો છે. પછી બહાર આવશે તો એ મહિમા લઈને આવશે, મહિમા છોડીને આવશે નહિ. એટલે એની પરિણતિ થઈ જાય છે. એની પરિણતિ થવાનું કારણ એ છે કે, એનો મહિમા છૂટ્યો

નથી. છૂટે તો મિથ્યાત્વ થઈ જાય.

તો હવે પછીના બોલમાં એ લે છે કે, ચૈતન્યનો મહિમા આવતા સંસારનો, જગતનો મહિમા છૂટી જાય. વચ્ચેના પેરેગ્રાફમાં, પહેલા પેરેગ્રાફમાં (પણ) લીધું છે, વચ્ચેના પેરેગ્રાફમાં સ્પષ્ટ છે. ૨૦૫માં કે **'જેને ચૈતન્યદેવનો મહિમા લાગ્યો તેને સંસારનો મહિમા છૂટી જ જાય.'** અપવાદ ખાતર ત્રણકાળમાં કોઈ એક જીવને પણ એવું ન બને કે, જેને ચૈતન્યનો મહિમા લાગે–આવે, આવે એટલે લાગે, આવે એટલે વિકલ્પમાં આવે એમ નહિ પણ લાગે એને સંસારનો મહિમા છૂટે, છૂટે ને છૂટે જ. ન છૂટે એવું કદી બને નહિ. એ તો 'શ્રીમદ્જી'એ શરૂઆતમાં જ એ વાત લીધી છે કે જગતમાં જે જે વસ્તુઓ, જે જે વાતો, જે જે પ્રસંગોનો મહિમા છે, એની મોટાઈ છે, એની મહત્તા ગવાય છે, (એની) મહત્તા જગતના જીવો આંકે છે. એ જ્યાં સુધી એમ ને એમ રહે, ત્યાં સુધી એને સત્‌સ્વરૂપ આત્મા ઓળખાય નહિ, સત્‌સ્વરૂપ એવા જ્ઞાની ઓળખાય નહિ અને એને સત્સંગની કિંમત આવે નહિ. સત્સંગનું પણ મૂલ્યાંકન એને આવે નહિ. કેમકે એક મોટો પ્રતિબંધ છે. એનો વ્યય થવો, એનો નાશ થવો અને આત્માનો મહિમા આવવો બેય એક કાળે છે. આત્માનો મહિમા આવતાવેંત છૂટી જાય એ.

'શ્રીમદ્જી'એ પોતાની ભાષામાં એ વાતને લખી છે કે આખું જગત સોનાનું થાય તો અમારે એ તૃણવત છે. શું લખ્યું છે ? આખું જગત સોનાનું થાય તો અમારે એ તણખલાની તોલે છે. એની કોઈ કિંમત અમને નથી. કઈ કઈ ચીજની કિંમત આંકી પછી ? કે એક સાથે આખા જગતનું પોટલું બાંધીને ફેંકી દીધું. કે નાખો એને ખાડામાં, એની કાંઈ જરૂર નથી, એની કોઈ કિંમત નથી. એકાવતારી પુરુષ હતા ને ? એકાવતારી હતા !! આ કાળનું તો એક ન્યાયે ચરમસીમાનું કાર્ય કરી નાખ્યું. અહીંથી તો મુક્તિ નથી. ચાહે મુનિપદમાં આવે કે ચાહે ગૃહસ્થ અવસ્થામાં રહે પણ એક ભવ તો બાકી હોય એ જ અહીંયાં આવે. ચરમશરીરી તો અહીંયાં આવે નહિ. અહીંયાં જે કાર્ય થયું એ પહેલાં એટલું કાર્ય નહોતું થયું. એટલું કાર્ય જે અહીંયાં (થયું). મિથ્યાત્વ સહિત આવ્યા છે. ચોવીસમેં વર્ષે ૧૯૪૭ સે સમકિત શુદ્ધ પ્રકાશિયું. ચોવીસમેં વર્ષે પ્રારંભમાં અને દેહાંત થાય એ પહેલાં અવભાસ્યું કે હવે એક દેહ બાકી છે, બીજું કાંઈ બાકી નથી. એટલું જ્ઞાન નિર્મળ થયું. એટલી સાધનામાં ઊંડા...

ઊંડા... ઊંડા... ચાલ્યા ગયા.

મુમુક્ષુ :- વૈષ્ણવના સંસ્કાર લઈને આવેલા ?

પૂજ્ય ભાઈશ્રી :- સંસ્કાર લઈને આવેલા. વૈષ્ણવના સંસ્કાર લઈને આવેલા. અહીંયાંથી ક્યાં કોઈ જ્ઞાની થયા છે ? સંસ્કાર લઈને આવેલા, આરાધક જીવ હતા. સંસ્કાર નહિ, પણ પામેલા હતા અને ચ્યૂત થઈ ગયા. પામીને ચ્યૂત થયેલાં ખાલી સંસ્કાર ન્હોતા. ક્યાં કેવી રીતે એ ભેદ નથી ખૂલતો પણ સ્પષ્ટ વિષય છે કે પામેલા છે એ. ઘણી નિર્મળતા લઈને આવેલા. સાત વર્ષે જાતિસ્મરણ થયું ત્યાંથી તો વિચારધારા જાગૃત થઈ. દસ બાર વર્ષે તો ઠીક ઠીક પ્રમાણમાં જાગૃત થઈ. પંદર વર્ષે તો પ્રૌઢ વિવેક છે. પંદરમેં વર્ષે તો પ્રૌઢ વિચારધારા છે. કાવ્ય પંદરમેં વર્ષે (લખ્યું છે) 'બહુ પુણ્ય કેરા પુંજથી, શુભદેહ માનવનો મળ્યો'. એ પંદરમેં વર્ષે લખ્યું છે. એટલી વિચારધારા સ્પષ્ટ છે. તોપણ ચોવીસમેં વર્ષે પામ્યા છે. આ જુઓ ! કેટલો પુરુષાર્થ ! પૂર્ણ પુરુષાર્થ હોય છે. વિચારવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- અમારે ઘણું કરવાનું બાકી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘણું બાકી છે. વાત તો એમ જ છે. એના ઉપરથી વિચારવાનું એ જ છે કે ઘણું બાકી છે અને ઘણું બાકી છે એ જ્ઞાન ઝડપ થાય એવી પ્રેરણા ઊભી કરે છે. 'દી આથમ્યા પહેલાં જંગલ વટાવી જવું છે અને રસ્તો ઘણો બાકી છે એમ જો ખબર પડે, ભલે ગામ સામે દેખાતું હોય, તોપણ કોઈ એમ કહે કે દેખાય છે એટલું નજીક નથી. હજી દસ માઈલ કાપવા પડે એવું છે અને બે-ત્રણ કલાક આડા રહ્યા છે તો દોડવા માંડે. ભાઈ ! આ જંગલ છે ઇ તો સિંહ-વાઘનું જંગલ છે. રાત્રે અહીંયાં સલામતી નથી અને એને તમારી વાસ આવ્યા વિના રહેશે નહિ. ગમે ત્યાંથી આવી પહોંચશે. ઊભો રહે નહિ, એવી વાત છે.

અહીંયાં તો સાગરની ઉપમા આપીને પછી બીજી વાત કરે છે કે, જ્ઞાનાનંદનો સુખનો સાગર એ બધું અંદર આત્મામાં જ છે. **'જેમ સાગરમાં ગમે તેટલા જોરદાર તરંગો ઊછળ્યા કરે તોપણ તેમાં વધઘટ થતી નથી,...'** શું કહે છે ? સાગરમાં ગમે તેટલા જોરદાર તરંગો ઊછળ્યા કરે સાગર વધતો પણ નથી ને સાગર ઘટતો પણ નથી. જ્યારે તરંગ વિનાનો શાંત દેખાય ત્યારે પાણી ઓછું છે, ઉછાળા ખાય છે ત્યારે પાણી વધી ગયું છે, એમ ખરેખર નથી. એ તો જેટલો છે એટલો છે. તેમાં

વધઘટ થતી નથી.

**'તેમ અનંત અનંત કાળ સુધી કેવળજ્ઞાન વહ્યા કરે...'** કે અનંતકાળ સુધીની ગમે તે પર્યાયનો પ્રવાહ ચાલ્યો વિકારી–અવિકારી, **'તોપણ દ્રવ્ય તો એવું ને એવું જ રહે છે.'** દ્રવ્યમાં વધઘટ થતી નથી. દ્રવ્યમાં એટલે મારામાં, એમ લેવું છે. 'સોગાનીજી'એ લીધું ને દૃષ્ટિની પ્રધાનતાથી. નિગોદની પર્યાય હો કે સિદ્ધની પર્યાય હો એથી મને કાંઈ ફરક પડતો નથી. હું તો જે છું તે છું, જેવો છું તે છું. એમાં કોઈ ફેરફાર નથી. આટલી ગૌણતા આવતા પર્યાયનું જ્ઞાન કરાવે છે કે એ પર્યાય સવળી થઈને પૂર્ણ થઈ જશે. સવળી થઈને પૂર્ણ થઈ જશે તોપણ મને એની અધિકતા નથી, મને મારી જ અધિકતા છે, એની અધિકતા નથી. એ વાત સાથે ને સાથે રાખી છે પાછી.

શું કહ્યું ? કે સાગરની ઉપમા આપી, તો (જેમ) સાગરમાં વધઘટ થતી નથી, એમ અનંત અનંતકાળ સુધી કેવળજ્ઞાન વહ્યા કરે, જ્ઞાન શક્તિનો ઉપયોગ થયો ને ? કેટલો ? કે પૂરેપૂરો, ઘણી શક્તિ વાપરી, પૂરી શક્તિનો ઉપયોગ કર્યો. એક સમય નહિ પણ સાદી અનંતકાળ પર્યંત. જ્ઞાન શક્તિનો ઉપયોગ થયો, તો જ્ઞાન શક્તિની પરિસ્થિતિ શું રહી ? કે અકબંધ છે. જેટલી શક્તિ નિગોદના કાળમાં શક્તિપણે હતી, એટલી જ શક્તિ સિદ્ધદશામાં અનંતકાળ કેવળજ્ઞાન પ્રગટ થઈને એમાંથી પ્રવાહ ચાલ્યો, તોપણ શક્તિમાં કાંઈ ફેર નથી. એટલી ને એટલી છે, એવી ને એવી છે. આવી શક્તિનો જેને આધાર પ્રથમ મળે છે, તે આધાર લેનાર ભાવને સમ્યક્દર્શન કહેવામાં આવે છે. આ મારી સત્તા છે, આવી મારી સત્તા છે, જ્ઞાનમાં આવેલી સત્તા છે. એ દૃષ્ટિમાં તો આવો ભેદ પડતો નથી કે આવો ભેદ સમજાતો નથી, સમજવાનું તો જ્ઞાનમાં બને છે, પણ વિશ્વાસ ઊભો થાય છે અને આખું શ્રદ્ધાન છે એ પલટો મારે છે. કે દ્રવ્ય તો એવું ને એવું જ રહે છે, પોતે એવો ને એવો રહે છે. પછી એની ચિંતા શું ? જે પોતાના સ્વરૂપથી જ સર્વથા અવ્યાબાધ સ્વરૂપે છે એને ચિંતા શેની ? એને ભય શું ? એને બીજું અસામાધાન શું ? એને કોઈ અસમાધાનનો પ્રકાર રહેતો નથી.

આવે છે ને ? લડાઈનું એક દૃષ્ટાંત આવે છે. સર્પ અને નોળિયાની લડાઈ આવે છે. સર્પ છે એ તો ઝેરી પ્રાણી છે, લાગ પડે નોળિયાને બટકું ભરી લે છે. તો નોળિયો

છે ઇ નોળવેલ સૂંઘે, એટલે એને ચડેલું ઝેર નકામું જાય. વળી પાછો જાય એની સાથે લડવા. એમ અહીંયાં વારંવાર જ્ઞાનીનો ઉપયોગ અંદરમાં અમૃતવેલને સૂંઘવા જાય છે. અમૃતવેલ સૂંઘે છે તો બહારમાં એને ભાવમરણ અને દ્રવ્યમરણનો નાશ થઈ જાય છે. ભાવમરણ પણ રહેતું નથી ને દ્રવ્યમરણ પણ રહેતું નથી. દ્રવ્યમરણ તો ભાવમરણનું ફળ છે એ તો, એ પણ એને રહેતું નથી. કેમકે અંદર સર્વ સમાધાનનો ભંડાર છે. અનંત ચૈતન્ય અમૃતરસનો એ ભંડાર છે. તળિયા વિનાનો ભંડાર છે. બસ ! એની સન્મુખ ગયો, તો કોઈ અસમાધાન રહેવાનો પ્રશ્ન રહેતો નથી. સર્વાંગ સમાધાન સ્વરૂપ છે ! એ ટૂંકામાં એ વાત લઈ લીધી. એવું ને એવું જ રહે છે. બસ ! બહારના પદાર્થોમાં પણ ફેરફાર થઈ જાય એનું શું ? કે બહારના પદાર્થમાં જે ફેરફાર થાય છે એનું દુઃખ મમત્વવાળાને છે. ભય પણ કોને છે ? કે જેને મમત્વ છે એને ભય છે અને મમત્વ છે એને દુઃખ છે. જેણે પોતાની સર્વથા ભિન્નતા જાણી, એને શું લેવા દેવા છે ? ભિન્નતાનો અર્થ જ કે મારે લેવા દેવા નથી, પતી ગયું કામ. જેને લેવા દેવા નથી એને એ ફેરફારોથી કોઈ ભય નથી, કોઈ દુઃખ નથી, કોઈ અસમાધાન નથી. એમ અંતર-બાહ્ય બન્ને પદાર્થોનું જ્ઞાન એવા પ્રકારે રહે છે એક સ્વદ્રવ્યને અવલંબતા, સ્વદ્રવ્યને અનુભવતા. બહારના પદાર્થોનું જ્ઞાન પણ યથાસ્થાને થઈ જાય છે. ઉપયોગ પણ યથાસ્થાને રહે છે-આવે છે, એને સમ્યક્ કહેવામાં આવે છે. બધું સમ્યક્, એનું બધું સમ્યક્ છે, એનું કાંઈ અવળું નથી. ૨૦૪ થયો.

૨૦૫માં બોલમાં સ્વરૂપનો મહિમા કર્યો છે. આમાં પણ-૨૦૪માં પણ કેટલોક મહિમા તો આવી જાય છે. જ્ઞાન સાગર, આનંદ સાગર કરીને. પણ અહીંયાં તો બોલ જ મહિમા શું ચીજ છે ? અને એ સ્વરૂપનો મહિમા કહો કે આત્મસ્વરૂપની મહિમાયુક્ત ભાવના - બન્ને એક વાત છે. છેલ્લા પેરેગ્રાફમાં એની ભાવના લીધી છે કે બસ ! એ જ મારે જોઈએ અને બીજું કાંઈ મારે જોઈતું નથી. અહીં સુધી રાખીએ.

चैतन्यनी अगाधता, अपूर्वता ने अनंतता बतावनारां गुरुना वचनो वडे शुद्धात्मदेव बराबर जाणी शकाय छे. चैतन्यना महिमापूर्वक संसारनो महिमा छूटे तो ज चैतन्यदेव समीप आवे छे.

हे शुद्धात्मदेव ! तारा शरणे आववाथी ज आ पंचपरावर्तनरूपी रोग शान्त थाय छे. जेने चैतन्यदेवनो महिमा लाग्यो तेने संसारनो महिमा छूटी ज जाय छे. अहो ! मारा चैतन्यदेवमां तो परम विश्रान्ति छे, बहार नीकळतां तो अशान्ति ज लागे छे.

हुं निर्विकल्प तत्त्व ज छुं. ज्ञानानंदथी भरेलुं जे निर्विकल्प तत्त्व, बस ते ज मारे जोईए छे, बीजुं कांई जोईतुं नथी. २०५.

તા. ૧૯-૧૦-૧૯૮૭, વચનામૃત–૨૦૫
પ્રવચન નં. ૧૬૨

('બહેનશ્રી'નાં વચનામૃત, પાનું ૬૯.) આ બોલમાં સ્વરૂપ મહિમા કર્યો છે. આત્મસ્વરૂપનો મહિમા જેને જ્ઞાનમાં પોતાનું આત્મસ્વરૂપ પ્રત્યક્ષ છે, એના વચનમાં આત્મસ્વરૂપનો મહિમા આવ્યા વિના રહેતો નથી. તમામ શાસ્ત્રોમાં, ચારેય અનુયોગમાં પ્રસિદ્ધપણે આત્મસ્વરૂપનો મહિમા જોવામાં આવે છે. અહીંયાં કહે છે, **'ચૈતન્યની**

**અગાધતા, અપૂર્વતા ને અનંતતા બતાવનારાં...**'નાં દર્શાવનારા **'ગુરુના વચનો વડે શુદ્ધાત્મદેવ બરાબર જાણી શકાય છે.'** ગુરુવચનમાં શું હોય છે ? શ્રીગુરુના વચનમાં મુખ્યપણે **'ચૈતન્યની અગાધતા, અપૂર્વતા ને અનંતતા...'** મુખ્ય હોય છે. જોકે સર્વજ્ઞની દિવ્યધ્વનિમાં પણ મુખ્યપણે શુદ્ધાત્મ સ્વરૂપનો મહિમા જ ગાયેલો છે, અથવા દ્રવ્યશ્રુતનો વિષય ગમે તેટલો વિશાળ છે તોપણ શુદ્ધાત્મ સ્વરૂપનો મહિમા એ મુખ્ય વિષય રહ્યો છે, એ જ પ્રયોજનભૂત વિષય રહ્યો છે અને સાંભળનાર, દ્રવ્યશ્રુતને સાંભળનાર એને જ સાંભળે છે; બીજું સાંભળે છે તોપણ ખરેખર નહિ સાંભળવા જેવું જ સાંભળે છે. એટલે વાત તો અનેક દ્રવ્યશ્રુતમાં વિસ્તારથી આવે છે, તોપણ ખરેખર બીજું કાંઈ સાંભળતા નથી.

'ગુરુદેવ'ની ઉપસ્થિતિમાં કોઈવાર એવી ચર્ચાઓ ચાલતી હતી. 'ગુરુદેવ'નું પ્રવચન સાંભળ્યા પછી, પૂરું થયા પછી એવો અંદરોઅંદર પ્રશ્ન ચાલે. આજે 'ગુરુદેવ'ના પ્રવચનમાં શું શું આવ્યું ? એ પ્રશ્ન ચાલે. 'ગુરુદેવ'ના પ્રવચનમાં એકલો શુદ્ધાત્મા આવ્યો. વાત તો ઘણી આવી હોય છે. અનેક ન્યાયથી, અનેક દૃષ્ટાંતથી, અનેક યુક્તિથી, ખરેખર સાંભળવા જેવું શું હતું એમાં ? કે એક સમયમાં આ આત્મા પરિપૂર્ણ જ્ઞાન ને આનંદનું દળ છે. એવો જે સ્વભાવ છે, સ્વરૂપ છે, મુખ્યપણે પ્રવચનમાં દર્શાવવાનો જ્યાં આશય છે, એ એક જ સાંભળવા યોગ્ય છે, એ એક સાંભળ્યું અને બીજું કાંઈ સાંભળ્યું નહિ. એવી બધી ચર્ચાઓ ચાલતી હતી. ચર્ચાઓ એવી ચાલતી કે આજે શું શું આવ્યું ? કે બીજું શું શું આવ્યું એ યાદ રાખવાનું એવું બોધરેશન કોણ રાખે ? બોજો કોણ ઉપાડે ? પ્રયોજનનો વિષય પોતાનો શુદ્ધાત્મા છે, અપૂર્વ રસથી પોતે એ આત્માને દર્શાવે છે, તો પોતે પણ રુચિપૂર્વક એને સાંભળે, રુચિપૂર્વક એને ગ્રહણ કરે. બસ ! આટલો સંબંધ હોવો જોઈએ.

પ્રશ્ન :- એક સમયમાં પરિપૂર્ણ, પરિપૂર્ણ જે આવે 'ગુરુદેવશ્રી'નું અને સૌ સમય પાછું હોય ને પરિપૂર્ણ એમ ને ?

સમાધાન :- એક સમયમાં એટલે વર્તમાન સમયમાં. વર્તમાન સમયમાં એટલે પ્રત્યેક વર્તમાન સમયમાં.

મુમુક્ષુ :- એટલે સદાય આવી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં સદાય આવી ગયું. એક સમય એટલે વર્તમાન એક

સમય. ચાલતો એક સમય જે છે એમાં અત્યારે જ. વર્તમાન એટલે અત્યારે જ આ આત્મા પરિપૂર્ણ શુદ્ધ, જ્ઞાન અને આનંદનું અગાધ સ્વરૂપ છે. અને અત્યારે જ એનું પ્રયોજન છે, અત્યારે જ એનું અવલંબન છે, અત્યારે જ એ દૃષ્ટિ સમક્ષ છે, અત્યારે જ એ જ્ઞાનનો આશ્રય થાય છે. અત્યારે જ એ રમણતા કરવા લાયક રમણીય છે. એમ વાત છે.

અહીંયાં તો આ એક વચનમાં બે વાત છે. એક તો ગુરુવચનમાં ચૈતન્યનું સ્વરૂપ કેવું આવે છે ? કે ચૈતન્ય સ્વભાવ છે એ અગાધ છે, બેહદ છે, જેની કોઈ સીમા નથી એવું એનું અસીમ સામર્થ્ય છે. વળી તે દર્શાવતા તેનું તે કહે છે એમ સાંભળનારને લાગતું નથી. પણ સાંભળનારને એમ લાગે છે કે, કોઈ અપૂર્વ (વાત) કહે છે. પૂજ્ય 'બહેનશ્રી'ની અત્યારની પ્રત્યક્ષ ચર્ચામાં એ વિષય બોલતા હોય છે કે આત્મસ્વરૂપ સાંભળ્યું છે આ તો મેં, મને ખબર છે જ્ઞાયક કહે છે, આત્મા કહે છે, જ્ઞાયક કહે છે, ફલાણું, કોઈપણ શબ્દથી, અનેક શબ્દોથી આત્માને કહે છે, એ શબ્દો તો વારંવાર રિપિટ થાય છે, ફરી ફરીને કહેવાય છે પણ સાંભળનારને એના વાચ્યની અપૂર્વતા લાગવી જોઈએ. ચર્ચામાં પણ અપૂર્વતા લાગવી (જોઈએ). આ એક વિશિષ્ટ લક્ષણ છે. એ આત્મા, આત્મા યથાર્થપણે સંભળાય છે. સાંભળવાની ક્રિયા યથાર્થપણે થાય છે એનું આ એક લક્ષણ છે કે એને જ્યારે કહે ત્યારે, જેટલીવાર કહે ત્યારે, એને એમાંથી અપૂર્વતા જ ભાસે છે. અપૂર્વ... અપૂર્વ... લાગ્યું.

પ્રશ્ન :- અપૂર્વ ન લાગે તો શું સમજવું ?

સમાધાન :- અપૂર્વ નહિ લાગે તો એનો રસ ઊડી ગયો છે અને વહેલો-મોડો એને કંટાળો આવ્યા વિના રહેશે નહિ. પછી કંટાળો આવશે ત્યારે એ કંટાળા ભરેલી પ્રવૃત્તિ કેવી રીતે થાય વેઠ ઉતારવાની રીતે એ પરિસ્થિતિ આવ્યા વિના રહેશે નહિ. આ બોલ તો બહુ સરસ છે. ૨૦૫ નંબરનો બોલ. ઘણી વાતો એમણે લીધી છે, માર્મિક વાતો લીધી છે. અને **'અનંતતા', 'ચૈતન્યની અગાધતા, અપૂર્વતા ને અનંતતા'** એને દર્શાવનારા, એને બતાવનારા ગુરુવચનો છે. ગુરુવચનોનો આ વિષય છે. બીજી વાત આવતી હોય તોપણ આ કહેવા માટે આવે છે, અને આ વાત આવતી હોય તોપણ આ જ કહેવા માટે આવે છે.

મુમુક્ષુ :- ચૈતન્ય ગોળો તો આટલો જ છે નાનકડો, એમાં અગાધતા અને

અનંતતા ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ક્ષેત્રથી એટલો છે. એ તો અત્યારે સદેહ પ્રમાણ છે. છે તો ચૌદ બ્રહ્માંડ જેટલો. કેટલો છે ? 'લોક પુરુષસંસ્થાને કહ્યો, એનો ભેદ તમે કાંઈ લહ્યો ?' 'શ્રીમદ્‌જી'એ પદ કર્યું છે કે જો આકાશના એક પ્રદેશે એક આત્માનો એક પ્રદેશને ગોઠવવામાં આવે તો કેવળી સમુદ્‌ઘાત થાય અને ચૌદ બ્રહ્માંડમાં, તમામ પ્રદેશે, કોઈ પ્રદેશ ખાલી ન રહે, આત્માના પ્રદેશો પ્રસરી જાય છે, વ્યાપી જાય છે.

મુમુક્ષુ :- એવડો મોટો આત્મા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવડો છે. ક્ષેત્ર અપેક્ષાએ ખરેખર એવો છે. પણ વર્તમાનમાં દરેકનું ક્ષેત્ર શરીર પ્રમાણે હોય છે. કીડીને કીડીના દેહ જેટલું, હાથીને હાથીના (જેટલું), મનુષ્યને મનુષ્યના (જેટલું હોય છે), ખરેખર એટલો છે. હવે કહો નાનો છે કે મોટો છે ? કહો ?

મુમુક્ષુ :- થઈ ગયો બસ મોટો થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષેત્રથી એ ખરેખર મોટો છે એનું ક્ષેત્રનું જ્ઞાન કરે તો. પણ ખરેખર તો સ્વભાવનું જ્ઞાન પ્રયોજનભૂત છે. ક્ષેત્રનું જ્ઞાન પ્રયોજનભૂત નહિ હોવાને લીધે એ વિષય જાણવા માટે દર્શાવી દ્યે છે, એનો કોઈ વિસ્તાર કરવામાં આવતો નથી. સ્વભાવનો વિસ્તાર અને સ્વભાવની વાત વારંવાર મહિમાપૂર્વક કરવામાં આવે છે. સ્વભાવ ! દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ. એમાં જે ભાવ છે એ સ્વભાવ છે. કાળ છે એ એક સમયની પર્યાય છે, દ્રવ્ય છે એ પ્રમાણનો આખો વિષય દ્રવ્ય છે. ક્ષેત્ર એનો ક્ષેત્રફળ રોકે છે, એવો આકાર શરીરનો ક્ષેત્ર ગુણનો પર્યાય છે.

પ્રશ્ન :- સ્વભાવમાં શું લેવું ?

સમાધાન :- સ્વભાવમાં અનંતગુણ ! અનંતગુણમાં એક એક ગુણનું અનંત સામર્થ્ય ! અને એક એક ગુણનો પ્રકૃતિ સ્વભાવ. જે જ્ઞાનની જાણવાની પ્રકૃતિ છે, શ્રદ્ધાની શ્રદ્ધા કરવાની પ્રકૃતિ છે, આનંદની આનંદ પ્રકૃતિ છે, અસ્તિત્વની હોવાપણે, હયાતીની પ્રકૃતિ છે. પ્રકૃતિ એટલે એનો સ્વભાવ. એ બધાનો અભેદદળ જાણે કે અનંતે અનંતમાં વ્યાપી ગયા છે. અનંતે, અનંતે અનંતગુણો આખા દ્રવ્યમાં હોવાથી, પ્રત્યેક ગુણ આખા દ્રવ્યમાં હોવાથી આખા દ્રવ્યમાં વ્યાપી ગયા છે. એવો એક રસ થઈ ગયો છે, અનંત ગુણનો એક રસ થઈ ગયો છે; એને એક સ્વભાવ, અભેદ

સ્વભાવ, અખંડ સ્વભાવ એમ કહેવામાં આવે છે.

પ્રશ્ન :– જ્ઞાન અપેક્ષાએ સર્વ વ્યાપક જ કે ચૌદ બ્રહ્માંડમાં ?

સમાધાન :– હા, જ્ઞાન અપેક્ષાએ તો ચૌદ બ્રહ્માંડથી એ બહાર. આકાશ છે એથી એ બહાર. જ્ઞાનમાં તો ઘણું ઊંડું છે જ્ઞાન. ક્ષેત્ર અપેક્ષાએ લોકાકાશની બહાર ક્ષેત્ર ન જાય ક્યારેય પણ. હવે મેળવવા જેવો વિષય એ છે કે, જ્યારે ગુરુવચનો સાંભળવામાં આવે છે ત્યારે, અત્યાર સુધી પ્રત્યક્ષ સાંભળ્યા, હવે ટેપમાં પરોક્ષપણે સાંભળવામાં આવે છે, ત્યારે એ ગુરુવચનોમાં ચૈતન્યની અપૂર્વતા, અગાધતા, અને અનંતતા સમજાય છે, તો એ ગુરુવચનો બરાબર સંભળાય છે, યથાર્થપણે સંભળાય છે. અહીંયાં તો એમ જ કહેવું છે કે, **'શુદ્ધાત્મદેવ બરાબર જાણી શકાય છે.'** એવા આ વચનો છે. એટલે એ વચનોમાં એવું નિમિત્તત્વ રહેલું છે કે, અનાદિના અજાણ્યા જીવને જરૂર શુદ્ધાત્મદેવ જાણી શકાય, અવશ્ય જાણી શકાય — એવું એમાં નિમિત્તત્વ રહેલું છે. ઉપાદાન પોતાનું હોવું જોઈએ, ખામી અહીંયાં છે. નિમિત્તમાં ખામી નથી, બિલકુલ નથી. ખામી જે છે એ પોતાની છે.

મુમુક્ષુ :– 'મહાવીરદેવ' કે 'શુદ્ધાત્મદેવ' ?

પૂજ્ય ભાઈશ્રી :– શુદ્ધાત્મદેવ ! એ જ 'મહાવીરદેવ' છે. 'મહાવીર', 'વીર' એટલે અત્યંત પરાક્રમ કરનાર, મહાન પરાક્રમ કરનાર તે 'મહાવીર'. પોતામાં મહાન પરાક્રમ કરવાનું સામર્થ્ય છે, પુરુષાર્થ છે એટલે પોતે જ મહાવીર છે. ભગવાન મહાવીર પણ એમ કહે છે કે મને જોતા તું તને જો ! મને જોતા માત્ર તું મને ન જો, પણ તને જો ! એમ કહે છે ખરેખર. કેમકે ઇ પોતે તો ધ્યાનસ્થ છે, પોતે તો ધ્યાનસ્થ છે. એમાં તું શું જોવે છે ? કે આત્મસ્વભાવ !! કેવો આત્મસ્વભાવ ? કે જેવો અહીંયાં અંતરંગમાં છે તેવો. એમ સીધું ત્યાંથી અહીંયાં અનુસંધાન લાગે તો એને દર્શન કર્યા છે. નહિતર એણે દર્શન નથી કર્યા પણ રાગ કર્યો છે. કેવળ રાગનો વિકલ્પ કર્યો છે, કેવળ રાગ કર્યો છે. અને એ રીતે રાગ કરવા માટે આ સ્થાપના છે નહિ. સ્થાપના તો પોતાના સ્વભાવનું અનુસંધાન કરવા માટે છે, પોતાના સ્વસંવેદનભાવનું સ્મરણ કરવા માટે છે, પોતાના સ્વસંવેદનને સંભાળવા માટે છે. કેમકે અનંત એકાગ્રતા, અનંતી એકાગ્રતા છે, અરિહંત પરમાત્માને તેરમે ગુણસ્થાને અનંતી એકાગ્રતા છે. અને મુનિદશામાં જે પ્રચુર સ્વસંવેદન કહેવામાં આવે છે એથી અનંતગુણ સ્વસંવેદન

છે ત્યાં. બેહદ સ્વસંવેદન છે. પ્રચુર આનંદ મુનિદશામાં કહેવામાં આવે છે એથી અનંત આનંદ છે ત્યાં. અને એવું જ પોતાનું સ્વરૂપ છે.

એ તો 'પ્રવચનસાર'માં ૮૦મી ગાથા લીધી છે. 'જે જાણતો અરહંતને દ્રવ્ય-ગુણ-પર્યયપણે.' આત્માને ન ઓળખ્યો હોય તેને આત્માને ઓળખવાનું કારણ થાય છે, ભેદજ્ઞાન ન કરતો હોય તેને ભેદજ્ઞાન થવાનું કારણ થાય છે અને આત્માને ઓળખ્યો હોય ને અનુભવ કર્યો હોય અને ભેદજ્ઞાન કરતો હોય તેને વિશેષ સ્વસંવેદનનું કારણ થાય છે, અથવા ધ્યાનનું કારણ થાય છે. મુખ્યપણે તો મોક્ષમાર્ગમાં આવેલા ધર્માત્માઓ સ્થાપના કરતા હોવાથી, ભગવાનની પ્રતિમાની સ્થાપનાને ધ્યાનનું કારણ કહ્યું છે. મુખ્યપણે એ ધ્યાનનું કારણ છે, ગૌણપણે તે બીજું કારણ છે. બીજું એટલે આ ઓળખવાનું કારણ ને ભેદજ્ઞાનનું ઇ ગૌણપણે છે. મુખ્યપણે તો ધ્યાનનું કારણ છે.

પ્રશ્ન :– ધ્યાનનું કારણ કઈ રીતે ?

સમાધાન :– ધ્યાનસ્થ પ્રતિમા છે એટલે. સ્વરૂપ ધ્યાન ! મૂર્તિમંત સ્વરૂપધ્યાન ! છે એમ. મૂર્તિમંત સ્વરૂપધ્યાન છે. અમૂર્ત આત્મસ્વભાવ એની મૂર્તિ છે ખરેખર તો. અરિહંતભગવાન એટલે અમૂર્ત આત્મસ્વભાવની મૂર્તિ ! બસ ! અમૂર્ત તો કાંઈ દેખાતો નથી. આ કહે છે કે જો તારે દેખવું હોય તો છે અહીંયાં આ મૂર્તપણે ! એમ છે. આમાં 'અષ્ટપાહુડ'માં એમ લીધું છે ને ? કે, મોક્ષમાર્ગ છે એ તો અમૂર્ત આત્મ દ્રવ્યના અમૂર્ત પરિણામો છે. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે મુનિરાજના પરિણામ છે એ તો અમૂર્ત દ્રવ્યના, અમૂર્ત પરિણામો છે જેને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. એવા અમૂર્તિક મોક્ષમાર્ગને મૂર્તિમંતપણે જોવો હોય તો આ રહ્યાં મુનિરાજ ! મુનિરાજ છે એ મૂર્તિમંત મોક્ષમાર્ગ છે. ખરેખર તો મોક્ષમાર્ગ અમૂર્તિક છે, પણ મુનિરાજ છે એ મૂર્તિમંત મોક્ષમાર્ગ છે. એમ આત્મદ્રવ્ય, આત્મસ્વભાવ અમૂર્તિક છે અને જિનપ્રતિમા છે એ મૂર્તિમંત આત્મસ્વભાવ છે. એમ છે ખરેખર તો. એ એનો પરમાર્થ છે એ વિષયનો. જિનોક્ત વ્યવહાર જેટલો છે તે સમસ્ત જિનોક્ત વ્યવહારમાં પરમાર્થ નિહિત છે. નિહિત એટલે અંદર ગર્ભમાં રહેલો છે અથવા વ્યવહાર દ્વારા પરમાર્થને જ દર્શાવવામાં આવ્યો છે. એ સિદ્ધાંત છે.

પ્રશ્ન :– શુદ્ધાત્મદેવ બરાબર જાણી શકાય એટલે સમ્યક્દર્શન થઈ જાય છે વચનોથી એમ આવ્યું ?

સમાધાન :- હા, બરાબર છે.

મુમુક્ષુ :- તો હવે શું ખામી છે ?

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં ખામી છે. ભાઈ ! એમ કહે છે કે જો બરાબર જાણી શકાય છે એટલે સમ્યક્દર્શન થઈ જાય છે. તો અહીં તો થયું નથી, શું ખામી છે ? એમ પૂછે છે ?

મુમુક્ષુ :- ગુરુદેવશ્રીના વચન તો બહુ સાંભળ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- ઇ કહેશે આમાં કે સંસારનો મહિમા છે એ ખામી છે. શેની ખામી છે ? સંસારનો મહિમા છે એને ટાળ્યો નથી, એને વ્યતીત કર્યો નથી, એનો નાશ કર્યો નથી.

મુમુક્ષુ :- ૧૯૭ બોલ છે ને છેલ્લો એ લાગુ કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- આમાં પણ છે. સંસારનો મહિમા છૂટી જ જાય એમ કહે છે. આમાં બીજી લીટીમાં છે **'ચૈતન્યના મહિમાપૂર્વક સંસારનો મહિમા છૂટે તો જ ચૈતન્યદેવ સમીપ આવે છે.'** પ્રશ્નમાં જ ઉત્તર છે. એમ.

મુમુક્ષુ :- ખરેખર તો ઉપર ઉપરથી પણ સરખું સાંભળ્યું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ઠેકાણા વગરનું સાંભળ્યું છે. એકદમ ગંભીર વિષય છે. અમારે એક બે દિવસ પહેલા જ ચર્ચા ચાલી કે વિષય તો, જે પરમાર્થનો વિષય છે, જે આત્માના ઉત્કૃષ્ટ હિતનો વિષય છે એ તો એકદમ ગંભીર છે, ઘણો ગંભીર છે. એ ગંભીર વિષય પણ અત્યારે બહુ ખુલ્લો-પ્રગટ થઈ ગયો છે. બાકી તો જ્યાં વ્યક્તિગત પરિચય જ્ઞાનીઓનો હોય છે ત્યાં તો બરાબર (યોગ્યતા) પાકે ત્યારે એ વિષયને એવી રીતે આપે કે, એક ફટકે બેડો પાર થઈ જાય. અનંત જન્મ-મરણનો નાશ (થઈ જાય). 'ગુરુદેવશ્રી' તીર્થંકર દ્રવ્ય હતા. વ્યક્તિગત પરિચય તો સંભવિત નહોતો, કેમકે હજારો લાખો માણસો આવતા થયા. જોકે એ વિષય પણ વીંટાળીને મૂકતા હતા અને છેલ્લે ખૂલ્લો કર્યો તોપણ છેલ્લે છેલ્લે એમ કહેતા હતા કે, ગંભીર વિષય અગંભીરપણાને પામે એ રીતે વારંવાર કહેવા યોગ્ય તો નથી જ. એમ 'શ્રીમદ્જી' કહે છે, એમ કરીને 'શ્રીમદ્જી'ના નામે કહી દેતા હતા.

પ્રશ્ન :- અગંભીરપણે એનો અર્થ શું થયો ?

સમાધાન :-અગંભીરપણે એટલે શું છે ? કે એ બોલ્યા કરે. ધ્રુવ છે ને અપરિણામી

છે ને આમ છે ને કૂટસ્થ છે, એમ ને એમ જાણે કાંઈ છે જ નહિ, પછી એની કાંઈ કિંમત જ રહે નહિ. એવી રીતે એ વિષય હસ્તગત કરવા જેવો નથી, હાથમાં લેવા જેવો નથી.

મુમુક્ષુ :- માતાજી કહે છે ને જ્ઞાયક એટલે જાણે કાંઈ નહિ..

પૂજ્ય ભાઈશ્રી :- એમ નહિ. એમ ન થવું જોઈએ, એમ નહિ થવું જોઈએ, એમ કહેવું છે. પછી એ વિષય જે વીંટાળીને મૂકતા હતા એ વિષયમાં પોતે જ કહ્યું હતું એકવાર 'રાજકોટ'ના પ્રવચનમાં કે, આ વિષય તો વીંટાળીને મૂકતા હતા, કહેતા હતા પણ આ 'સોગાનીજી'નું પુસ્તક બહાર પડ્યા પછી હવે ખુલ્લું મૂકી દીધું છે. વિષય સૂક્ષ્મ છે અને ગંભીર છે પણ ખુલ્લો મૂકી દીધો છે. એ વિષય પણ ગંભીર વિષય છે, અજાણ્યો વિષય છે અને બહાર આવ્યો ત્યારે થોડો ખળભળાટ પણ એ વિષયથી થયો. એટલે જોયું કે, આ વિષય હજી એમ ને એમ વીંટી વીંટીને મૂક્યું એમાં કોઈનું ધ્યાન ગયું નથી. કાળજીથી જોયું સમાજની અંદર તો સાંભળનાર તો ઘણા, પરિચય કરનાર ઘણા, 'ગુરુદેવશ્રી'ને ત્યાં સતત સાન્નિધ્યમાં રહેનાર ઘણા, પણ ધ્યાન નથી ગયું.

મુમુક્ષુ :- અભ્યાસુ પણ ઘણા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અભ્યાસુ પણ ઘણા. પણ ધ્યાન નથી ગયું એમ લાગ્યું. વળી પાછો વિષયને કન્ટ્રોલ કરી લીધો અને એ સર્વ સાધારણને આ પુસ્તક આપવું નથી. સર્વ સાધારણને સમાજમાં વેચાણ વિભાગમાં મુકાઈ ગયું એ રીતે આ પુસ્તક આપવું નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવે' તમને બચાવી લીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :- અમે તો બચેલા જ છીએ. બચાવવાનો પ્રશ્ન શું છે એમાં ? ખરેખર તો શું છે જે સમાજની સ્થિતિસ્થાપકતાનો વિકલ્પ આવી ગયો.

મુમુક્ષુ :- મને ઘણા વખતે મળ્યું હતું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જુદાં જુદાં ટાઇમે.. (દ્રવ્યદૃષ્ટિનો) વિષય સમજવા જેવો વિષય શું છે ? કે વિષય ગંભીર છે. પછી પ્રવચનોની અંદર એ વિષયને મૂકતા ગયા. આસ્તે... આસ્તે... આસ્તે... આસ્તે... આસ્તે...

મુમુક્ષુ :- ઘણા વિચક્ષણ ને ! ઘણો વિષય સૂક્ષ્મ...

પૂજ્ય ભાઈશ્રી :– બધો ખ્યાલ છે ને ? જોયું છે. કેટલીક વાત તો અંગત રીતે ખાનગીમાં થઈ હોય ને ? એમ. અહીંયાં તો એ કહેવું છે કે, ગુરુવચનોની અંદર અગાધતા, અપૂર્વતા અને અનંતતા આવે છે, ચૈતન્યની આવે છે. શુદ્ધાત્મદેવને બરાબર દર્શાવે છે અને શુદ્ધાત્મદેવ બરાબર જાણી પણ શકાય છે. કહેનાર પણ ખાતરીથી કહે છે કે બરાબર જાણી શકાય છે. પોતાને સીધું નિમિત્ત છે.

**'શુદ્ધાત્મદેવ બરાબર જાણી શકાય છે. ચૈતન્યના મહિમાપૂર્વક સંસારનો મહિમા છૂટે તો જ ચૈતન્યદેવ સમીપ આવે છે.'** ભાવથી કહ્યું. સમીપ આવે છે (એટલે) છે તો પોતે જ, પણ ભાવથી દૂર ગયો છે. સંસારની રુચિ કરી અને સ્વરૂપની અરુચિ કરીને દૂર ગયો છે. ચૈતન્યના મહિમાપૂર્વક સંસારનો મહિમા છૂટે. આમ તો સંસારનો મહિમા છોડીને દીક્ષા લીધી છે. લાખોપતિ, કરોડપતિ હોય, રાજા હોય, ચક્રવર્તી હોય (એ) દીક્ષા લે. હજારો રાણી છોડીને દીક્ષા લે. સંસારનો મહિમા ટાળ્યો કે ન ટાળ્યો ? કે ચૈતન્યના મહિમાપૂર્વક હોય તો એ યથાર્થ છે, નહિતર યથાર્થ નથી. સ્વરૂપનો–ચૈતન્યનો મહિમા આવે તો બધું જ્ઞાન યથાર્થ છે, ને નહિતર જ્ઞાન જેટલું કાંઈ હોય એ બધું અયથાર્થ છે. એમ આચરણમાં પણ ચૈતન્યના મહિમાપૂર્વક આચરણ હોય તો આચરણ બધું યથાર્થ છે, તો એનું બધું આચરણ વંદનીક છે અને નહિતર એકપણ આચરણમાં (યથાર્થતા નથી.) કાંઈપણ 'અસંજાણં ન વંદેહી' એ અહીંયાં વાત કરી છે. દ્રવ્યલિંગીની વાત કરી છે. 'અષ્ટપાહુડ'માં 'અસંયતિને વંદન કરવા નહિ.' દ્રવ્યલિંગીથી પ્રકરણ ચાલ્યું છે. દ્રવ્યલિંગીને અસંયતિ કહ્યો છે. સર્વ સંયમ પાળે છે, જિનોક્ત વ્યવહાર નિરઅતિચાર પાળે છે, પંચમહાવ્રત સમિતિ-ગુપ્તિ અઠ્ઠાવીસ મૂળગુણ નિરઅતિચાર પાળે છે, ભગવાન એને અસંયત કહે છે, અસંયમી કહે છે એને.

મુમુક્ષુ :– એકડા વગરના મીંડાં છે.

પૂજ્ય ભાઈશ્રી :– એકડા વગરના બધા મીંડા છે. એનું મૂલ્ય કેટલું ? કે શૂન્ય જેટલું, કાંઈ એનું મૂલ્ય છે નહિ.

મુમુક્ષુ :– અમારામાં જે ઊંધું લીધું છે ને કે અસંયમી ન વંદેહી એમ.

પૂજ્ય ભાઈશ્રી :– અને (વર્તમાનમાં) મુનિઓ છે જ નહિ પછી મુનિના વંદન, એને–મુનિને કેવી રીતે વંદન કરે ?

મુમુક્ષુ :- વંદન ઇ નથી કરતા, એટલે એની મહિમા એ પોતે નથી કરતા.

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો પંચ પરમેષ્ઠીપદ છે. મુનિદશા એટલે પંચ પરમેષ્ઠીપદ છે. પણ એ ભાવ ન હોય ત્યાં સુધી તો વંદનને યોગ્ય છે નહિ. ક્રિયા કોઈ, બાહ્ય ક્રિયા કોઈ વંદનને યોગ્ય છે નહિ. આ તો શું છે ? કે શાસ્ત્રોનું એ રીતે જાણપણું પણ નથી. દિગંબરના સંપ્રદાયમાં, બીજે તો નથી પણ દિગંબરના સંપ્રદાયમાં જ્યાં શાસ્ત્રમાં આ વાત છે એ વાત એવી કોઈએ વાંચી નથી કે વિચારી નથી. બસ ! આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- અને વાંચવી પણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- અને વાંચવી પણ નથી એમ કહે છે. વાંચી નથી અને વાંચવી પણ નથી. વાત ખુલ્લી તો થઈ છે, ખુલ્લી તો થઈ છે.

મુમુક્ષુ :- આ તો અમુક વાંચતા થયા. શાણા અને ડાહ્યા હતા એ તરત કબૂલ કરવા માંડ્યા પણ જે જીદે ચઢી ગયા એ પછી દ્વેષમાં રહ્યાં.

પૂજ્ય ભાઈશ્રી :- આ ડેલીગેશન આવ્યું ને ? સાહુજીનું ડેલીગેશન આવ્યું ને ? પછી અમે ભાવનગર airportથી 'સોનગઢ' જતા રસ્તામાં વાત કરતા હતા કે, જુઓ ! અમારી રીત અને તમારી સંપ્રદાયની માન્યતાઓમાં ઘણી જગ્યાએ ફેર છે. એમણે જ વાત કરી. આપણે તો વેપારી લોકો છીએ. કેમકે પોતે વેપારી છે. આપણને જોઈને લાગે કે આ લોકો બધા વેપારી-શેઠિયા તો છે, તો એમ કે વેપારી તો સમાધાનમાં માને ને ? compromise કરી લેવું જોઈએ. કોઈપણ વિષય ઉપર સમાધાન કરી લેવું જોઈએ. (પછી) મેં કીધું કે ખરેખર તો એ વિષય દિગંબર અને શ્વેતાંબર વચ્ચે સમાધાન કરવાનો આવે તો ? તમે કેટલી બાંધછોડ કરો ? મેં પ્રશ્ન કર્યો. તમે શ્વેતાંબરમાં ઘણા કપડાં પહેરે છે તો તમે થોડું રાખો હવે. ઝાઝાં કપડાં એટલા બધા ન પહેરાવો, એટલો પરિગ્રહ ન કરો, થોડી તો શરૂઆત કરો ! કેમકે આપણ તો compromise થઈ જાય પછી શું ? તેમણે કહ્યું મૂળ તોડને છોડીને તો કાંઈ ન થાય. બસ ! આ વાત મને ગમી ગઈ. મારે તો એને બંધનમાં લેવા હતા. અમારી વાત (પણ) એવી છે. મૂળ સિદ્ધાંતને અમે છોડવા માંગતા નથી. પછી દૃષ્ટાંત આપ્યો. જુઓ ! અત્યારે સંપ્રદાયમાં દિગંબર મુનિ છે એને અમારા સ્વામીજી વંદન નમસ્કાર નહોતા કરતા. અમારા મુમુક્ષુલોકો પણ વંદન નમસ્કાર નથી કરતાં. કોઈ કરતા હોય એની વાત

આપણે નથી કરતા. અમે લોકો નથી કરતા. એવા ઘણા ફેરફારો છે. દિગંબર સંપ્રદાય અને અમારા લોકો વચ્ચે માન્યતામાં, શ્રદ્ધામાં, સમજણમાં, પ્રવર્તનમાં ઘણા ફેરફારો છે. અને બધા મૂળ તોડનો વિષય છે. મૂળ તોડમાં અમે બાંધછોડ કરતા નથી. એ મૂળ સિદ્ધાંતો (છે.)

એવી રીતે ક્યાંય પણ સિદ્ધાંત તૂટે એટલે ગૃહીત મિથ્યાત્વ ઊભું થાય. એમ એની સામાન્ય-general પરિભાષા આ છે કે, ક્યાંય પણ, ખૂણેખાંચરે, સીધો કે આડકતરો સિદ્ધાંત તૂટે એટલે ગૃહીત મિથ્યાદર્શન ઊભું થઈ જાય. ત્યાં અગૃહિત પણ રહેતું નથી ? ભલે વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રને માનતો હોય અને ભલે વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રને નામે તમામ પ્રવૃત્તિ થતી હોય, પણ સિદ્ધાંત તૂટ્યો ત્યાં ગૃહીત મિથ્યાત્વ થઈ ગયું. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- જૈનમાં નથી રહ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- અજૈન થયો. પછી તો બહુ કડક ભાષા છે કે આજે જિનમંદિરમાં જશે, કાલે મસ્જિદમાં નમાજ પઢશે. કેમકે અજૈન થાય, પછી તો જેવો ભવ બદલાઈ ગયો, એને ખબર નહિ રહે કે હું પૂર્વ ભવમાં જૈન હતો ને હું દેરાસરમાં જતો હતો એ વાત એને યાદ રહેવાની નથી. વિસ્મૃત થઈ જશે. **'ચૈતન્યના મહિમાપૂર્વક સંસારનો મહિમા છૂટે તો જ ચૈતન્યદેવ સમીપ આવે છે.'** આ પહેલી વાત છે. સંસારનો મહિમા છૂટી અને ચૈતન્યનો મહિમા આવે એમ પણ કહેવાય, કેમકે અહીંયાં ઊભો છે. પહેલા ક્યાં ઊભો છે ? સંસારના મહિમામાં ઊભો છે. અહીંયાં શૈલી એવી કરી છે કે સંસારનો મહિમા અનંતવાર છોડ્યો હોય એવી બહારમાં પ્રક્રિયા થઈ છે પણ તું અસ્તિમાં આવ્યો નથી. નાસ્તિમાં અનંતવાર આવ્યો છે, અસ્તિમાં એકવાર પણ આવ્યો નથી.

મુમુક્ષુ :- ઊપડવું કઈ રીતે હવે આમાં ?

પૂજ્ય ભાઈશ્રી :- એકસાથે જ છે બન્ને. વારાફરતી કાંઈ થતું નથી. પ્રથમ તો એને પોતાનો અનંત મહિમાવંત ચૈતન્યદેવ કેવો છે ? એની અપૂર્વ જિજ્ઞાસા ઉત્પન્ન થવી જોઈએ. જો અનંતજ્ઞાનીઓ, અનંત તીર્થંકરો એનો મહિમા કરે છે અને આટલો અનંત અનંત મહિમા કરે છે, તો એવું મારું સ્વરૂપ તે કેવું ! એની જિજ્ઞાસામાં એને બીજા બધા રસ ફીકા પડી જાય તો એને ત્યાં પાત્રતા પ્રગટ થાય છે. પાત્રતા એ સમ્યક્દર્શન ઉત્પન્ન થવાનું પાત્ર, ભૂમિકા અથવા પાત્ર કહેવામાં આવે છે. એનું નામ

પાત્રતા છે. ભૂમિકાને પાત્રતા કહે છે. એ તો જિજ્ઞાસામાં એ વસ્તુ આવી ગઈ છે. જ્યારે ખરેખર મહિમાથી સ્વાનુભવ થાય ત્યારે તો જગત તૃણવત્ ભાસે છે, પણ એ પહેલા જ એને જગતનો રસ ઊડી જાય છે. માત્ર વાસ્તવિક જિજ્ઞાસામાં આવે ત્યારે. સ્વરૂપ પ્રાપ્તિની ભાવના અને સ્વરૂપની જિજ્ઞાસા. આ બે સ્ટેજ તો એવા છે કે જ્યાં સંસારનો રસ તો ત્યાંથી જ ઠંડો પડી જાય છે અને એટલે ઓળખાય છે, નહિતર તો ઓળખાણનો પણ પ્રશ્ન રહેતો નથી. સંસારમાં જે જે વાતો, જે જે પ્રસંગો, જે જે વસ્તુઓની મોટાઈ છે અને મહિમા છે એની અધિકાઈ પરિણમનમાં રહે અને એને ભૂમિકા આવે, પાત્રતા આવે એવું પણ બનતું નથી. અનુભવ થવાનો તો પ્રશ્ન જ નથી, પણ એને પાત્રતા પણ આવતી નથી. તો **'ચૈતન્યદેવ સમીપ આવે'** અહીં તો એમ (કહે છે.) કે સમીપ આવે એટલે નજીક આવે એટલે પાત્ર થાય. સમીપ આવે એ પાત્રતાનો વિષય છે. સમીપતા થાય છે.

**'હે શુદ્ધાત્મદેવ !'** હવે અંદરમાં પોતાનું સંબોધન છે. **'તારા શરણે આવવાથી જ આ પંચપરાવર્તનરૂપી રોગ શાંત થાય છે.'** અથવા જે રાગનો દાહ છે, જે ઇચ્છાની, અનેક પ્રકારની ક્ષણે ક્ષણે ઉત્પન્ન થતી જે ઇચ્છા – એ ઇચ્છાની અગ્નિ એનો જે દાહ છે એ ક્યારે શાંત થાય છે ? કે જ્યારે જીવ અનંત શાંતિનો પિંડ એવો જે ચૈતન્યદેવ છે, શુદ્ધાત્મદેવ છે એના શરણમાં પરિણામ જાય છે ત્યારે. એની સેવા કરવા લાગે છે ત્યારે. ત્યાં સુધી આત્માના પરિણમનમાં શાંતિ ઉત્પન્ન થતી નથી. એટલી બધી અગાધ શાંતિ ભરી છે કે પર્યાય સન્મુખ થાય ત્યાં શાંતિ વ્યાપી જાય છે. પરિણમનમાં શાંતિ... શાંતિ... શાંતિ... એકદમ શાંતિ વ્યાપી જાય છે. રાગના દાહને શાંત કરવાનો ત્રણકાળ, ત્રણલોકમાં આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. કોઈ રીતે શાંત થાય એમ નથી.

**'હે શુદ્ધાત્મદેવ ! તારા શરણે આવવાથી જ આ પંચપરાવર્તનરૂપી રોગ શાંત થાય છે.'** પંચપરાવર્તનમાં જે ભ્રમણ થવાનું ચાલી રહ્યું છે એનો અંત આવે છે. ક્યારે ? કે એ પોતે અંદરમાં જાય ત્યારે. જ્યાં સુધી સ્વસન્મુખ થઈને શુદ્ધાત્મામાં લીનતા, તન્મયતા થતી નથી ત્યાં સુધી પંચપરાવર્તનનો રોગ મટતો નથી. અનાદિથી એ રોગ એટલો બધો ઘર કરી ગયેલો છે. chronic disease છે, જલદી મટતો નથી. આ એક ઉપાય છે. **'જેને ચૈતન્યદેવનો મહિમા લાગ્યો તેને સંસારનો મહિમા છૂટી જ**

**જાય છે.**' એવું કદી ન બને કે, જેને ચૈતન્યનો મહિમા આવ્યો હોય, લાગ્યો હોય – આવ્યો હોય એટલે જ્ઞાનમાં એમને લાગ્યો હોય. લાગ્યો શબ્દ લે છે અને એને સંસારનો મહિમા ન છૂટ્યો હોય એવું કદી બનતું નથી. છૂટે જ છૂટે. જો કે આમ તો સમજણમાં પહેલેથી છૂટી જાય છે. પણ અહીંયાં તો લાગે ત્યાં છૂટ્યા વગર રહે નહિ. કેમકે ક્યાંય પણ આત્માનું જ્ઞાન અને આત્માનું સુખ તો ક્યાંય છે નહિ સંસારમાં. 'રાજમલજી'એ પહેલા કળશમાં લીધું કે, પોતાને છોડીને છ દ્રવ્ય છે, એ છ દ્રવ્યમાં જ્ઞાન પણ નથી અને સુખ (પણ) નથી. જ્યાં જ્ઞાન અને સુખથી શૂન્ય છે એવો આખો સંસાર છે, એવું આખું જગત છે. તો એ જગત સાથે પોતાને કાંઈ ખરેખર પ્રયોજન રહેતું નથી. પોતાને કોઈ પ્રયોજન નથી. એનો મહિમા એને છૂટી જ જાય છે. ખરેખર જ્ઞાની તો પ્રશ્ન કરે છે કે, આ સંસારમાં મહિમા કરવા યોગ્ય એવું શું છે ? એક ચીજ તો તું બતાવ, એમ કહે છે. કોઈ ચીજ એવી છે નહિ. બધા જ રજકણો પરિવર્તનશીલ છે. અનાદિ અનંત કોઈપણ રજકણની કોઈ પર્યાય એમ ને એમ જ રહી એવું તો છે નહિ, ફરતી જ જાય છે. આ મેરુ શાશ્વત કહેવાય છે ને ? શાશ્વત, જેટલી શાશ્વત ચીજો કહેવાય છે, એમાં પણ પરમાણુનું આવાગમન છે, પણ પરમાણુ ત્યાં એના એ શાશ્વતપણે એ જ પર્યાયે રહે એવું તો બનતું નથી. તો પછી જે બદલતા પરમાણુ છે એ તો ક્યારે ક્યા થશે એનો શું મેળ છે.

મુમુક્ષુ :– સોનાના પરમાણું વિષ્ટારૂપ થઈ જાય છે, વિષ્ટાના પરમાણુ સોનારૂપ થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– થાય જ છે ને. આ ભસ્મમાં આવે જ છે ને ? સ્વર્ણ ભસ્મમાં શું થાય છે ? થાય છે કે નહિ ? શું થાય છે ? ખરેખર તો એમાં જ્ઞાન (પણ) નથી અને સુખ પણ નથી એટલે વાત પૂરી થઈ જાય છે. બહુ માર્મિક વાત છે કે એ શૂન્ય છે, જડ છે. સુખથી શૂન્ય છે, જ્ઞાનથી એ શૂન્ય છે અને હું ચૈતન્ય અનંત સુખ અને અનંત જ્ઞાનથી ભરપૂર છું. પાછો સામે પ્રતિપક્ષ બહુ મોટો છે. આ ખાલી છે ને આ ભરપૂર છે. પછી એના મહિમાનું શું કારણ છે ? કે એના મહિમાનું કોઈ કારણ નથી.

મુમુક્ષુ :– લાગવું અને જાણવામાં ફેર લીધો.

પૂજ્ય ભાઈશ્રી :– માણસ જાણવામાં તો પરલક્ષી જ્ઞાનમાં પણ જાણે છે કે

આત્મામાં અનંતજ્ઞાન છે, આત્મામાં અનંત સુખ છે, આત્મામાં અનંત સામર્થ્ય છે. પરલક્ષી જ્ઞાનમાં જાણે છે પણ એવું એને અંદરમાં લાગતું નથી. એમાં ફેર છે. સ્વલક્ષી જ્ઞાનમાં (અંદરમાં) લાગવા માંડે, આમાં લાગતું નથી, એટલો ફેર છે. બન્ને જ્ઞાનમાં ફેર શું ? એને જ્ઞાન કહે અને આને (પણ) જ્ઞાન કહે. તો કહે છે કે નહિ, પેલું અજ્ઞાન છે અને આ જ્ઞાન છે. બન્ને જ્ઞાન છે નહિ. એક અજ્ઞાન છે અને એક જ્ઞાન છે.

**'અહો ! મારા ચૈતન્યદેવમાં તો પરમ વિશ્રાંતિ છે,...'** જ્યાં પોતાના ચૈતન્યદેવને જુએ છે, તો પરમ વિશ્રાંતિ છે, એટલી બધી શીતળતા છે. અહીંયાં સંસાર (તો) આકુળતાનો સમુદ્ર છે, તો કહે છે કે અહીંયાં એટલી બધી શાંતિ અને એટલી બધી વિશ્રાંતિ છે કે, ત્યાંથી **'બહાર નીકળતા તો અશાંતિ જ લાગે છે.'** બીજું કાંઈ ન લાગે. શાંત, પરમ શાંત સ્વરૂપ, પરમ શાંતરસનો કંદ છે, અનંત શાંતરસનો કંદ છે આત્મા, એકલી શાંતિ છે, અગાધ શાંતિ છે, અપૂર્વ શાંતિ છે, અનંત શાંતિ છે. ત્યાંથી બહાર નીકળનારને અશાંતિ છે. ત્યાંથી બહાર નીકળે એને અશાંતિ છે, બાકી તો આત્માને અંદરમાં અશાંતિ નથી. જેટલું પરિણમન બહાર ગયું એટલી અશાંતિ બસ ! જેટલા અંશે બહાર ગયું, પૂરેપૂરું બહાર ગયું તો અનંતી અશાંતિ. સાધક ધર્માત્માને, મોક્ષમાર્ગીને જેટલા અંશે પરિણમન બહાર ગયું એટલી અશાંતિ છે અને એ અશાંતિ એમને બિલકુલ રુચતી નથી. તેથી એ બિલકુલ એને ચાહતા નથી.

'સોગાનીજી'એ એક પત્રમાં એ વાત લીધી છે. એમ કે મુનિરાજ છે એ ઉપદેશ આપે છે પણ એ અશાંતભાવ છે, કે જે એમને રુચતો નથી અને એ ઇચ્છતા નથી કે આ મને હો, એવું એ ઇચ્છતા નથી. ઉપદેશ તો ચૈતન્ય અને શાંતિરસનો ઉપદેશ ચાલે છે. પણ પરિણમન બહાર ગયું, એટલું પણ પરિણમન બહાર જાય એ એમને અભિપ્રાયમાં સંમત થતું નથી. એ તો સર્વથા અંતર્મુખ થઈને પૂરેપૂરા ડૂબી જવા માટે એમણે દીક્ષા લીધી છે. ઉપદેશ આપવા માટે દીક્ષા લીધી નથી. પછી બીજા કાર્ય કરવાનો તો પ્રશ્ન જ નથી, પણ ઉપદેશ આપવા માટે (પણ) દીક્ષા નથી લીધી. એમ છે ખરેખર તો.

મુમુક્ષુ :- ઉપદેશ દેવાનું એમને જમ જેવું દુઃખ લાગે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, મુનિરાજને લાગે એમાં તો નવાઈ નથી, પણ સમ્યક્દૃષ્ટિને લાગે છે. ઉપયોગ બહાર નિકલા કે જમકા દૂત સમજો. આમ છે. અંદરથી આત્માના

પાવરમાંથી નીકળેલી વાત છે. મસ્તીમાંથી છૂટેલી વાત છે. એટલે તો 'ગુરુદેવે' કહ્યું ને ?! ઓહો ! ઝપટ છે કાંઈ !! ભલે અત્યારે દેવલોકમાં ગયા છે પણ ત્યાંથી નીકળીને ઝપટ કરશે. આ હવે એની ઝપટ કાંઈ અછાની રહેતી નથી. અક્ષરદેહથી એટલો ભાવ પકડ્યો. અનંતકાળ જોઈ લીધો. નિર્મળ શ્રુતજ્ઞાનમાં એમનો ભાવિ અનંતકાળ જોઈ લીધો. કેટલા ઝડપથી એ કેવળજ્ઞાન અને સિદ્ધદશાને પામશે અને અનંતકાળ એમાં રહેશે એ બધું એમાં આવી ગયું.

એ બધી તીવ્રદશા હોય ને તો એમાંથી આત્મભાવ, સ્વભાવ સમજાય એવો વિષય છે. સ્વભાવને સમજવાનો એ વિષય છે. 'શ્રીમદ્જી'એ કહ્યું, દિગંબરોના તીવ્ર વચનોથી રહસ્ય કાંઈક સમજાય છે. એમ આવા જ્ઞાનીઓના તીવ્ર વચનો આવે ત્યારે એ સ્વભાવના રહસ્યને પ્રદર્શિત કરે છે, એ દર્શાવી જાય છે, દેખાડી જાય છે. સ્વભાવ તો અનંત ગૂઢ સ્વભાવ છે, રહસ્યમય સ્વભાવ છે. આમાંથી કોઈકવાર કથંચિત્ બહાર આવે છે પૂરેપૂરું તો વચનગોચર નથી.

મુમુક્ષુ :- શ્વેતાંબરની મોળાશ કીધી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, રસ ઠંડાતો ગયો. શ્વેતાંબરની મોળાશથી રસ ઠંડાતો ગયો દિગંબરના તીવ્ર વચનોથી રહસ્ય કાંઈ સમજાય છે. એમની ભાષા બહુ ગૂઢ હતી.

મુમુક્ષુ :- એક લીટીમાં તો આખો સમન્વય કરી નાખ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- ફેંસલો કરી નાખ્યો, ફેંસલો કરી નાખ્યો. બાકી તો બહારમાં તોફાન થાય એવું હતું, પોતાના એટલા પુણ્ય નહોતા. એટલે 'ગુરુદેવ' જેટલું સ્પષ્ટ, ચોખ્ખું કહેતા, એટલું એ કહેતા નહોતા. ('ગુરુદેવ') પુણ્ય લઈને આવ્યા હતા. અભિપ્રાય એમાં કાંઈ ફેર હતો એમ છે નહિ. એક જ હતો.

મુમુક્ષુ :- ઘણીવાર વેગ આવી જાય પાછા દાબી દેતા હતા. વેગ આવી જાય વળી પાછો દાબી દે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, શરૂઆતમાં પણ આવેલો છે. આ માર્ગનો અમારે પ્રકાશ કરવો છે. આ માર્ગનો અમારે જગતની અંદર જેટલો થાય એટલે બહોળો પ્રચાર પ્રસાર કરવો છે. વિચાર આવી જતો, પણ અંતે શાંત થઈ ગયા છે. પરિસ્થિતિનું માપ નીકળતા પછી વાતને ગોપવી લીધી છે.

મુમુક્ષુ :– ઘણી શક્તિ હતી. શક્તિ ઘણી હતી.

પૂજ્ય ભાઈશ્રી :– શક્તિ બહુ હતી. પંચમકાળ એટલે આ કાળના જીવો લાભ ન લઈ શક્યા (એ) પંચમકાળનો પ્રકાર છે. નહિતર બહુ શક્તિ હતી. એકાવતારી એટલે શું ? સાધારણ વાત ન કહેવાય. એકાવતારી એટલે એ દૃષ્ટિકોણથી એમને સમજવાનો (પ્રયત્ન) કરે તોપણ એમને આત્મતત્ત્વનું રહસ્ય સમજાય એવો વિષય છે. એ દૃષ્ટિકોણથી એ સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. બહુ ઊંડો વિષય છે. (અહીં સુધી રાખીએ.)

**અહો આ આત્મતત્ત્વ અનંત આશ્ચર્યકારી મહાન અદ્‌ભુત ગુણોનો નિધિ છે; કે જેનું લક્ષ થતાં અન્ય કાંઈ રુચે નહિ. સ્વભાવ અંગેના વિકલ્પથી પણ ખસવાની જેની તૈયારી / યોગ્યતા છે. તે અત્યંત મંદ કષાયમાં પણ અટક્યા વિના સ્વભાવ લક્ષે આગળ વધે છે. ('અનુભવસંજીવની' બોલ નં.૫૬)**

*

**ઑગસ્ટ-૧૯૮૫**

**ઉચ્ચ સ્તરના વ્યવહારિક પરિણમન પ્રત્યે પણ ઉદાસભાવે રહેવું યોગ્ય છે. અન્યથા તેનો રસ ચડ્યા વિના રહેશે નહિ. વ્યવહારની મીઠાશ વેદનાર મિથ્યાદૃષ્ટિ છે. - આ મીઠાશ ઝેર છે. આનંદ અમૃત સ્વરૂપ આત્માની મુખ્યતા - મહિમા હોતા / થતાં અપૂર્ણતા - વ્યવહાર સહેજે ગૌણ થઈ જાય છે.**

**('અનુભવસંજીવની' બોલ નં.૫૭)**

*

**સ્વરૂપ ધ્યાની કેવા હોય ? કે જેને વસ્તુનું -**

**૧. યથાર્થ સ્વરૂપ જ્ઞાન હોય; ૨. જે સહજ વૈરાગી હોય-અર્થાત્ રાગથી વિરક્ત, દુઃખ લાગવાથી હોય; ૩. ઇન્દ્રિય - મન જેને વશ હોય; ૪. અચંચળ ચિત્ત / ઉપયોગવાળો હોય; ૫. પ્રમાદ રહિત હોય; ૬. ધૈર્યવાન હોય; ૭. મુક્તિના ઇચ્છુક અર્થાત્ ઉદ્યમી હોય; ૮. સ્વભાવનો અતિ મહિમા હોય; ૯. જનપદ ત્યાગીને સાધનામાં મગ્ન રહે. ('અનુભવસંજીવની' બોલ નં.૫૮)**

તા. ૨૧-૧૦-૧૯૮૭, વચનામૃત–૨૦૫-૨૦૬
પ્રવચન નં. ૧૬૩

છેલ્લો પેરેગ્રાફ છે, ૨૦૫ નંબરનો બોલ, પાનું ૬૯ છે. '**હું નિર્વિકલ્પ તત્ત્વ જ છું.**' ત્યાંથી શરૂ કરવાનું છે. સ્વરૂપ મહિમા કરતાં કરતાં અહીંયાં સ્વરૂપની ભાવના ભાવી છે. પોતાનું સ્વરૂપ નિર્વિકલ્પ તત્ત્વ છું એવું લક્ષમાં આવ્યું છે, એવો મહિમા અહીંયાં જાગે છે. નિર્વિકલ્પ તત્ત્વમાં પરિણામથી નિર્વિકલ્પ થાય એવી ભાવના નીચેના વિષયમાં છે. નિર્વિકલ્પ તત્ત્વ છું એટલે શૂન્ય છું, અંદર કાંઈ નથી એમ નથી. '**જ્ઞાનાનંદથી ભરેલું જે નિર્વિકલ્પ તત્ત્વ,...**' કેવું નિર્વિકલ્પ તત્ત્વ ? કે જ્ઞાન અને આનંદ આદિ અનંત ગુણોથી ભરેલું, અનેક શક્તિઓથી ભરેલું, અનેક સામર્થ્યવંત છતાં નિર્વિકલ્પ !! અનંત શક્તિઓ છતાં નિર્વિકલ્પ એમ છે.

એવું 'નિર્વિકલ્પ તત્ત્વ જ છું.' '**બસ તે જ મારે જોઈએ છે,...**' આ નિર્વિકલ્પ તત્ત્વ છે એ દ્રવ્ય સ્વભાવ છે. અનંત અનંત દિવ્ય શક્તિઓ પોતામાં સંગ્રહાયેલી હોવા છતાં તે સ્વરૂપે કરીને નિર્વિકલ્પ છે, તે સ્વભાવની ગંભીરતા છે. જેમ કોઈ માણસમાં ઘણી વિશિષ્ટતાઓ હોય છતાં બહારમાં કાંઈ આડંબર ન કરે, બહારમાં કાંઈ ડોળ ન કરે અને ગંભીરતામાં બધું સમાવી લે, એમ દ્રવ્ય તો અનંત ગંભીર છે. અનંત અનંત ચમત્કારિક શક્તિઓનું પુંજ હોવા છતાં, સમૂહ હોવા છતાં એટલું બધું સંઘરીને બેઠેલું તત્ત્વ છે. નિર્વિકલ્પ છે, સ્વભાવે કરીને એ નિર્વિકલ્પ છે. એ નિર્વિકલ્પ તત્ત્વના મહિમામાં જેના પરિણામ ડૂબી જાય છે, એ ત્યારે કે જેને એ સિવાય બીજું કાંઈ જોઈતું નથી (ત્યારે). એ જ મને હો, એ જ મને હો – એવું જે તીવ્ર પરિણમન એ અહીં ભાવનાનો વિષય લીધો છે કે '**બસ તે જ મારે જોઈએ છે, બીજું**

**કાંઈ જોઈતું નથી.'** આ જ જોઈએ છે, બીજું કાંઈ મારે જોઈતું નથી. એવો હું છું – તે એ હું છું એમાં મારે જોઈએ છે એ ભાવ આવી ગયો. મારે જોઈએ છે એમાં બીજું કાંઈ જોઈતું નથી એ અભિપ્રાય પણ એમાં આવી ગયો. એવો હું છું. નિર્વિકલ્પ તત્ત્વ જ હું છું. જ્ઞાન ને આનંદથી ભરેલો નિર્વિકલ્પ તત્ત્વ જ બસ હું છું એ સિવાય મને બીજું કાંઈ જોઈતું નથી, બીજું કાંઈ હું છું નહિ. એવી ભાવના સાથે આ ૨૦૫ બોલ અહીંયાં પૂરો કર્યો છે.

પ્રશ્ન :– આશ્રય લેવો આવે છે, ગ્રહણ કરવું આવે છે ?

સમાધાન :– પણ એ નિર્વિકલ્પ તત્ત્વમાં નિર્વિકલ્પ થાય ત્યારે આશ્રય થયો, ત્યારે એ ગ્રહણ થયું કહેવાય. વિકલ્પથી જ્યાં સુધી એ વિચાર ચાલ્યા કરે, વિકલ્પ ચાલ્યા કરે કે હું જ્ઞાનાનંદથી ભરેલો છું, નિર્વિકલ્પ છું, નિર્વિકલ્પનો પણ વિકલ્પ ચાલે કે હું નિર્વિકલ્પ છું, એવો જ વિકલ્પ ચાલે કે મારે એ જ જોઈએ અને બીજું કાંઈ ન જોઈએ ત્યાં સુધી એનો આશ્રય કે ગ્રહણ નથી. હું મનુષ્ય છું એનો કાંઈ વારંવાર વિચાર કરવો પડે છે ? હું મનુષ્ય છું, હું મનુષ્ય છું, હું મનુષ્ય છું – એમ કાંઈ સ્મૃતિમાં લાવવું પડે છે, સ્મરણ કરે તો જ એવો ભાવ ટકે, સ્મરણ ન કરે તો એવો ભાવ ન ટકે એમ છે કાંઈ ?

મુમુક્ષુ :– મનુષ્ય છું એમાં આશ્રય આવી જ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– (હું) મનુષ્ય છું. મનુષ્ય છું (એ) પર્યાયનો આશ્રય આવી ગયો, પર્યાયનો આશ્રય કર્યો. અને એ કેવી રીતે આવ્યો ? કે નિર્વિકલ્પભાવે આવ્યો, કે વિકલ્પ કરવો પડે છે ? નિર્વિકલ્પપણે આવ્યો કે હું મનુષ્ય છું, એવું નિર્વિકલ્પ પરિણમન રહ્યાં કરે. હું સ્વરૂપે કરીને જ્ઞાનાનંદથી ભરેલું નિર્વિકલ્પ તત્ત્વ છું, એવું નિર્વિકલ્પપણે પરિણમન રહેવું એ પોતા સંબંધીની પરિપકવદશા છે. વિકલ્પ કરવો પડે ત્યાં સુધી કાચી વાત છે, પાકી વાત નથી. 'શ્રીમદ્જી' લખે છે એક જગ્યાએ કે, જ્યાં સુધી કચાશ છે ત્યાં સુધી ખટાશ છે. કેરીની ઉપમા આપે છે. કચાશ છે ત્યાં સુધી ખટાશ છે. કચાશ ન રહે અને પાકી જાય ત્યારે મીઠાશ આવે છે. એમ અહીંયાં વિકલ્પ છે ત્યાં સુધી આકુળતા અને દુઃખ છે. આત્માના, સ્વરૂપના વિકલ્પ સુદ્ધામાં દુઃખ જ છે. એકાંતે દુઃખ છે, એમાં સુખ, વિકલ્પમાં સુખ નથી અને પરિપકવદશા થઈને નિર્વિકલ્પ થઈ જાય ત્યારે એમાં સુખ – શાંતિ છે.

પ્રશ્ન :- એ બાજુનો-આત્માનો વિકલ્પ થાય તો લાભ થયો કે નહિ ?

સમાધાન :- દુ:ખનો લાભ થયો. લાભ એટલે પ્રાપ્તિ.

પ્રશ્ન :- વિકલ્પ તો સારો છે ને ?

સમાધાન :- બીજા કરતાં, બીજા વિકલ્પ કરતાં (આ) વિકલ્પ સારો છે એમ ગણીને ત્યાં અટકવું હોય તો એ સારો વિકલ્પ અટકવાનું કારણ થશે. તો એ સારો થયો કે ખરાબ થયો ? આમાં થયું શું ? ધર્મના ક્ષેત્રમાં પાપ કરતાં તો પુણ્ય સારું છે ને ? તો કોઈપણ સામાન્ય બુદ્ધિ, કોમનસેન્સથી માણસ એમ કહી શકે કે બરાબર છે પાપ કરતાં તો પુણ્ય સારું જ હોય ને ? ક્યાં કહેવાનો (પ્રશ્ન) છે. પણ એ સારું જ એને અટકવાનું સ્થાન થયું છે. અને એ પુણ્યની મીઠાશરૂપ મિથ્યાત્વ છે, એ જ અનંત સંસારનું બીજ છે, અનંત પરિભ્રમણનું બીજ છે, એ જ દર્શનમોહની પુષ્ટીનું સાધન થાય છે. એનો જીવ વિચાર કરતો નથી. એમ વિચાર કરવો જોઈએ. પોતે પુણ્ય પાપ રહિત તત્ત્વ છે ત્યાંથી શરૂ કર્યો છે આ પેરેગ્રાફ. વાંચન અહીંથી શરૂ થાય છે. હું નિર્વિકલ્પ તત્ત્વ છું. કે હું નિર્વિકલ્પ તત્ત્વ છું એવા નિર્વિકલ્પ તત્ત્વને- મને, મને એટલે એવા નિર્વિકલ્પ તત્ત્વને આ વિકલ્પ સારો એ વાત કેટલી ઉચિત છે ? કોઈ બ્રાહ્મણ, વાણિયા, નાગર એવું વિચારે ? કે કોળી-વાઘરી કરતાં તો અમે સારા છીએ. એમ લેવાય ? એ માણસ છે અને અમે પણ માણસ છીએ, પણ એના કરતાં અમે સારા. કેમકે એ તો વાતવાતની અંદર ઝઘડા કરે, વાતવાતની અંદર ગાળો બોલે, મારામારી કરે એના કરતાં તો અમે ઘણાં સારા, એવું કાંઈ ન કરીએ. એ રીતે વિચારવા જેવું નથી. એ નીચી દૃષ્ટિથી, નીચી દૃષ્ટિની વિચારણા છે અને તેમાંથી પરિણમનની નીચી લાઇન પકડાય છે. ઊંચી દૃષ્ટિવાળાને તો પહેલેથી જ પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાન અને આનંદથી ભરેલું સંપૂર્ણ તત્ત્વ હું છું, એવી ઊંચી દૃષ્ટિથી જ એની શરૂઆત કરતાં પરિણામની ગતિ ઊંચી થાય છે. પરિણામ અધોગતિ એ જાય કે ઊર્ધ્વગતિએ જાય છે એનો વિવેક કરીને ચાલે છે આમાં.

મુમુક્ષુ :- જીવાત્મા જ્ઞાનસ્વરૂપી છે અને અધ્યાત્મ છે એ પર્યાયમાં જ્ઞાનસ્વરૂપ છે તો વચ્ચે વિકલ્પ કેમ, કઈ રીતે, વૈજ્ઞાનિક પ્રક્રિયા શું ઉત્પન્ન થવાની ?

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયબુદ્ધિ. પર્યાયબુદ્ધિએ કરીને રાગ છે. સ્વરૂપમાં રાગ નથી અને સ્વરૂપમાં રાગ નથી એવા દૃષ્ટિવંતને પણ રાગ નથી. એવા દૃષ્ટિવાનને રાગ

નથી. પોતામાં રાગ નથી. પછી રાગ છે એ બહાર છે, રાગનો સ્વામી થતો નથી. એ યથાર્થપણે જાણે છે કે પર્યાયદૃષ્ટિએ કરીને રાગમાં હુંપણું કર્યું હતું. તેથી રાગ મને છે એવો અનુભવ, મિથ્યા અનુભવ થતો હતો. એને રાગ છે એમ લોકો કહે છે, ભગવાન પણ એને કહે છે કે એને રાગ છે, મિથ્યાદૃષ્ટિને રાગ છે. બાકી સ્વરૂપમાં રાગ નથી અને સ્વરૂપની દૃષ્ટિમાં રાગ નથી અને સ્વરૂપના દૃષ્ટિવાનને પણ રાગ નથી. આમ છે. ૪૭ શક્તિમાં બધી જ શક્તિઓનો ધ્વનિ જ આ છે. 'ગુરુદેવશ્રી'ના ૪૭ શક્તિના જે પ્રવચનો છે એ તમામ શક્તિઓનો એક સામાન્ય ધ્વનિ આ છે. એ શક્તિમાં સ્વભાવ જે છે એ સ્વભાવ એક એક સ્વભાવ ભલે અહીંથી ક્રમથી કહીએ છીએ તોપણ એ બધા સ્વભાવનું અભેદ નિર્વિકલ્પ દળ તે આત્મા એવા સ્વભાવમાં કાંઈ રાગાદિભાવ નથી, વ્યવહાર નથી. પર્યાય નથી એટલે પૂર્વ પર્યાય થઈ, ઉત્તર પર્યાય થઈ એ પણ પ્રશ્ન નથી. અને એવા સ્વભાવની દૃષ્ટિમાં રાગ નથી, એવા સ્વભાવની દૃષ્ટિવાનને પણ રાગ નથી કેમકે એ રાગને પોતા સ્વરૂપે સ્વીકારતો નથી.

પ્રશ્ન :- જે પ્રદેશમાં, જ્યાં રાગ ઉત્પન્ન થાય છે ત્યાં તો જ્ઞાનની ઉત્પત્તિ થાય છે, ત્યાં ...

સમાધાન :- જ્ઞાનની ઉત્પત્તિ થાય છે એ જ્ઞાન સ્વરૂપે હું છું એમાંથી પણ એ સ્વભાવનું ગ્રહણ કરે છે એને રાગ નથી. રાગ તેને છે કે જે રાગમાં એકત્વ કરે છે તેને, બાકી રાગ નથી. રાગ ક્યાંથી ઉત્પન્ન થયો ? કે હું રાગી છું એવી અજ્ઞાનની ખાણમાંથી રાગ ઉત્પન્ન થયો. હું રાગી છું, હું મનુષ્ય છું પછી જેટલી કર્મજનિત અવસ્થા કર્મના નિમિત્તે ઉત્પન્ન થાય છે એ બધી અવસ્થામાં અહંપણું કરતાં રાગાદિ તમામ દોષની પરંપરા સર્જાણી. એ એની ખાણ છે, દોષની ખાણ જ છે.

પ્રશ્ન :- તો રાગ ભ્રમરૂપ થયો ?

સમાધાન :- ભ્રમ તો ભ્રમ છે અને ભ્રમનું ફળ છે તે રાગાદિ ભાવ છે. રાગ-દ્વેષ આદિ અનેક પ્રકારના વિભાવ તે ભ્રમણાનું ફળ છે. રાગનો અંશ જ્ઞાનીની દશામાં હોય તોપણ એને ભ્રમ નથી. કેમકે રાગ તે હું એવો ભ્રમ એને નથી. રાગ તે હું એ ભાવ તે ભ્રમ છે. રાગ તે હું – એવો ભાવ તે ભ્રમ છે, એમ છે. એ તો લીધું છે ને 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'ની ૧૪મી ગાથા. કે મૂળ આત્મસ્વરૂપમાં રાગાદિભાવ

નહિ હોવા છતાં, રાગથી અસંયુક્ત હોવા છતાં આત્મા તો રાગથી અસંયુક્ત હોવા છતાં એને સમાહિત રાગ સહિતનો માને છે તે 'बालिशानां प्रतिभासः स खलु भवबीजम्' તે અજ્ઞાનીઓને, બાળબુદ્ધિઓને ભવનું બીજ છે. રાગ તે હું – એ ભવનું બીજ છે. જ્યાં રાગ તે હું – એમ કરવા જેવું નથી, ત્યાં શરીર તે હું અને આવા આવા સંયોગવાળો તે હું એ તો કેટલી મોટી સ્થૂળ ભ્રમણા છે ? એ સૂક્ષ્મ વિકલ્પમાં પણ હુંપણું ન થવું જોઈએ, તો ભ્રમ ને મિથ્યાત્વ ન થાય. તો શરીર અને સંયોગવાળો છું અથવા સ્થૂળ રાગવાળો છું, મેં આટલું પુણ્ય કર્યું, મેં આટલા ભાવ કર્યા, મેં આવા સારા પરિણામ કર્યા, એ પ્રકારના મંદ કષાયના શુભભાવના ભાવ થાય, તો આ મેં કર્યા એ તો કેટલું બધું સ્થૂળ ભ્રાંતિનું પરિણમન છે ? ભ્રાંતિનું પરિણમન ખરું પણ સ્થૂળ પરિણમન (છે). ૨૦૫ થયો.

**જ્ઞાનીએ ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ કર્યું છે. અભેદમાં જ દૃષ્ટિ છે : 'હું તો જ્ઞાનાનંદમય એક વસ્તુ છું' તેને વિશ્રાન્તિનો મહેલ મળી ગયો છે, જેમાં અનંતો આનંદ ભરેલો છે. શાન્તિનું સ્થાન, આનંદનું સ્થાન– એવો પવિત્ર ઉજ્જવળ આત્મા છે. ત્યાં – જ્ઞાયકમાં–રહી જ્ઞાન બધું કરે છે પણ દૃષ્ટિ તો અભેદ ઉપર જ છે. જ્ઞાન બધું કરે પણ દૃષ્ટિનું જોર એટલું છે કે પોતાને પોતા તરફ ખેંચે છે. ૨૦૬.**

૨૦૬ બોલ. જ્ઞાનીઓની દશાથી દ્રવ્યદૃષ્ટિનો વિષય લીધો છે. દ્રવ્યદૃષ્ટિનો વિષય પણ અનેક પડખાંથી અને અનેક શૈલીથી અધ્યાત્મ ગ્રંથોમાં આ ગ્રંથમાં પણ અનેક જગ્યાએ છે, અધ્યાત્મગ્રંથોમાં જોવા મળે છે. દ્રવ્યદૃષ્ટિ જે છે તે છે. એનું સ્વરૂપ જેવું છે તે છે. એનો સિદ્ધાંત પણ અનાદિ અનંત જે છે તે છે. અને એને કહેવા માટેના સૂત્રો, વચનો, શૈલી એ અનેકવિધ પ્રકારની છે.

સૂત્ર સિદ્ધાંતના વિષયમાં 'શ્રીમદ્જી' કહે છે કે, આંકડા ગમે તે ભાષામાં લખો અંગ્રેજીમાં, ગુજરાતીમાં લખો, કચ્છીમાં લખો પણ આઠડે એકડે એક્યાશી થાય એ આઠડે એકડે એક્યાશી (જ) થાય, એમાંથી એકડે આઠડે એક્યાશી ક્યાંય થાય એવું બને નહિ. કેમકે એ ગણિતનો વિષય છે એ ક્યાંય ફરતો નથી. બે ને બે ચાર. કોઈપણ ભાષામાં બે ને બે ચાર જ થાય. ક્યાંય પોણાચાર, સવાચાર ન થાય. એમ સિદ્ધાંત છે એ ક્યાંય બદલાતો નથી. સ્વરૂપ ક્યાંય બદલાતું નથી. સિદ્ધાંત તો સ્વરૂપને કહેનાર વચન છે. એ વચનોની શૈલી વિભિન્ન જોવામાં આવે છે. પોતપોતાની મૌલિક પદ્ધતિથી દરેક જ્ઞાનીઓ વિષયને સ્પષ્ટ કરે છે, વર્ણવે છે અને એમાંથી લાયકાત હોય તે મૂળ વસ્તુને પરખી લે છે, સમજી લે છે.

**'જ્ઞાનીએ ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ કર્યું છે.'** જ્ઞાનીની આ દશા છે કે, પોતાનું જે ત્રિકાળ અસ્તિત્વ છે, પોતાની જે મોજૂદગી છે, ત્રણેય કાળની હયાતી છે તેમાં પોતાની હયાતીમાં જ હયાતીનો અનુભવ કરે છે – એને ગ્રહણ કર્યું એમ કહેવામાં આવે છે. હયાતીમાં જ હયાતીનો, ત્રિકાળ હયાતીમાં જ હયાતીનો અનુભવ કરવો તેને અસ્તિત્વ ગ્રહણ કર્યું એમ કહેવામાં આવે છે. અથવા ત્રિકાળી મોજૂદ રહેલું જે આત્મતત્ત્વ, આત્મસ્વરૂપ એમાં અહંભાવ થવો, એમાં હુંપણાનો અનુભવ થવો એ અસ્તિત્વ ગ્રહણ છે.

**'જ્ઞાનીએ ચૈતન્યનું અસ્તિત્વ...'** એટલે પોતાના સ્વરૂપનું અસ્તિત્વ પોતામાં જ ગ્રહણ કર્યું છે. પોતાની હયાતી પોતાની હયાતી તરીકે જ સ્વીકારી છે. એ પહેલા અજ્ઞાનદશામાં પોતાની હયાતી નહોતી ત્યાં હયાતી સ્વીકારી એ મોટી, શ્રદ્ધાનની મોટી ભૂલ હતી. રાગમાં હયાતી સ્વીકારે, શરીરમાં હયાતી સ્વીકારે, દેહ પડવાનો સમય આવે છે ત્યારે એને (દેહ) પડે નહિ, દેહનો વિયોગ ન થાય, મૃત્યુ ન થાય, દેહ ત્યાગ ન થાય અને સંયોગ જળવાઈ રહે એને માટે કેટલા ધમપછાડા (કરે). ગમે તેમ કરીને ટકાવો, ગમે તેમ કરીને ટકાવો. જેટલું વધી શકે, ટકાવી શકાય એટલું વધારે ટકાવો. એક સમય કોઈને ફેર પડતો નથી. એમ વાતો તો બધા એમ કહે કે આમ કર્યું હોત તો આમ ઠીક જરાક અનુકૂળ થઈ જાય, પડી જાય પણ આમ ન થયું, આમ ન થઈ શક્યું, ને આ દવા ન આવી શકી, ને આ ડોકટર ન આવી શક્યા, ને આમ સૂઝ્યું નહિ એ બધી વાત ખોટી છે. આયુષ્ય કર્મ ઉદયમાન થઈ

ગયું ત્યારથી ગતિ બદલાઈને નવી સ્થિતિ ધારણ કરી એના પહેલા સમયથી ચારેય ગતિમાં એ આયુષ્ય કર્મની અંદર એક સમયની વધઘટ થવાનો પ્રશ્ન રહેતો નથી. અને એ આયુષ્ય તારું નથી. તું તો અનાદિ અનંત આયુષ્યનો ધરનાર છો. અનાદિ અનંત આયુષ્યધારી છો. કપડું ફાટે કે વગર ફાટે કપડું ગળી ગયું એમાં હરખશોક શેનો ? પહેલેથી એની તૈયારી અભિપ્રાયમાં અને પરિણમનમાં આવી જવી જોઈએ. એ પ્રસંગ તો અનિવાર્ય છે અને નિશ્ચિત છે. અનિશ્ચિત રીતે નિશ્ચિત છે. ખબર નથી એવી રીતે એ નિશ્ચિત છે. પણ એની મુમુક્ષુને તૈયારી પહેલેથી હોવી જોઈએ. નહિતર વેદનામાં અને મારું મૃત્યુ થશે એવી આકુળતાની ભીંસમાં ભીંસાઈ જશે અને દુર્ગતિને પામશે. એના પરિણામમાં, પરિણામે સારી ગતિ હશે નહિ.

પ્રશ્ન :- આયુષ્ય સ્થિતિ પહેલા ભવમાં બંધાય જાય ને ?

સમાધાન :- પહેલા ભવમાં બંધાય જાય પછી આવા પરિણામ થાય. લગભગ એમ. પહેલામાં તો ક્યારે પહેલા એ ક્યાં નક્કી છે. બે તૃત્યાંશ સમય તો જવો જ જોઈએ. પછી એ કેટલામો બે તૃત્યાંશ રહે છે ઇ ક્યાં (નક્કી છે?) શંકા તો ગમે ત્યારે પડી જાય કે હવે આયુષ્ય હશે કે નહિ હોય ? હવે ટકાશે કે નહિ ટકાય ? ક્યારે શું થશે ? અરે ગમે ત્યારે ગમે તે થાય. હું શાશ્વત છું ! અનાદિ અનંત આયુનો ધારક છું ! દેહના રહેવા - નહિ રહેવા સાથે મને કાંઈ ફરક પડતો નથી. જેમ પાડોશીના આવવા - જવા સાથે પોતાને શું ફરક પડે છે ? એક પાડોશી પોતાના ઘરમાં ગયો, પાછો કામ હતું તો બહાર નીકળ્યો વળી બજારમાં ગયો, વળી પાછો એના ઘરે આવ્યો, તો એમાં પોતાને શું ફરક પડે છે ? આવ્યો ને ગયો એમાં કાંઈ લેવાદેવા પોતાને તો છે નહિ. બસ એવું જ છે આ. પાડોશી આવ્યો અને પાડોશી ગયો.

મુમુક્ષુ :- પંચાતિયાઓને એમાં પણ રસ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- લોકો એને મૂર્ખ કહે છે. શું કહે છે ? લોકો એને મૂર્ખ કહે છે. કેમકે એટલી બધી પંચાત કરવા જતા પોતાનું ખોઈ બેસે છે અને પોતાનું સંભાળી શકતો નથી એટલે લોકો એને મૂર્ખ કહે છે. અહીંયાં જ્ઞાની મૂર્ખ કહે છે. કે આ દેહના સામું જોયા કરે છે અને દેહની સંભાળ રાખતા આત્માની સંભાળ રાખી શકતો નથી, એમ છે.

પ્રશ્ન :- અત્યારે મડદું જ છે એમ જાણવું, શું જાણવું ?

સમાધાન :- નહિતર પરમાણુમાં કે'દી જીવ હતો. આ તો અનંત પરમાણુનો જથ્થો છે. 'ગુરુદેવ' તો કહેતા આ જડ, માટી છે. તો માટીમાં જીવ છે કાંઈ ? જડ માટીમાં જીવ છે ? અમસ્તોય એમાં તો છે જ નહિ. સંયોગે જીવ છે એ જુદો છે. સંયોગે જીવ છે એનો અર્થ કે એ જુદો છે. એમાં નથી, એને નથી કાંઈ. મમત્વબુદ્ધિએ હેરાન થઈને દુઃખી થઈ રહ્યો છે.

પ્રશ્ન :- પહેલેથી તૈયારીમાં શું કરવું ?

સમાધાન :- ભિન્નતાને ભાવવી, વારંવાર ભેદજ્ઞાનને ભાવવો. એમ છે. એ તો વાત લીધી હું નિર્વિકલ્પ તત્ત્વ છું – ભાવનાની તો વાત લીધી. એ ભાવના ભાવવી. અથવા પોતાના ત્રિકાળી અસ્તિત્વ સ્વભાવમાં અસ્તિત્વ ગ્રહણ કરવાનો પુરુષાર્થ કરવો. જ્ઞાનીએ તો ગ્રહણ કર્યું છે. પોતે ગ્રહણ ન કર્યું હોય તો તે તત્‌સંબંધી પુરુષાર્થ કરવો. શું કરવું ? કે પુરુષાર્થ કરવો એમ વાત છે. માત્ર સાંભળીને અટકી જવું નહિ. માત્ર વિચારીને રોકાઈ જવું નહિ, પણ એનો પુરુષાર્થ વર્તે છે કે નહિ ? એ વિષય ઉપર બરાબર લક્ષ રાખવું. આમાં તો શું થયું ? ઘણીવાર વાત સાંભળી એટલે ઉપેક્ષાનો વિષય થઈ ગયો. આ તો ખબર છે. હું તો ભિન્ન છું, ભિન્ન.. ભિન્ન.. છું, ખબર છે ભિન્ન છું. બહુ ખરાબ વિષય, ખરાબ પરિસ્થિતિ ઊભી થઈ છે. એ પરિસ્થિતિ સારી નથી પણ બહુ ખરાબ પરિસ્થિતિ ઊભી થઈ છે. જે વિષય જ્ઞાન સમક્ષ આવતા એની ચોંટ લાગવી જોઈએ, એની અસર ઊભી થઈ જવી જોઈએ અને પરિણામ એ અસરની નીચે ગતિમાન થવા જોઈએ, પુરુષાર્થમાન થવા જોઈએ. એવું નહિ થતા એ સ્થાને પરિણામ બિલકુલ રુંધાઈ જાય તો પછી તો બીજો કોઈ વિષય નથી. પરિણામમાં જાગૃતિ આવવાનો આ સિવાય તો બીજો કોઈ વિષય નથી.

અહીંયાં તો જ્ઞાનીની દશાના માધ્યમથી ધ્રુવ દૃષ્ટિને સમજાવે છે કે અભેદમાં જ દૃષ્ટિ છે. એટલે અસ્તિત્વથી વાત ઉપાડી કે જે દૃષ્ટિ છે એ સત્તાને ગ્રહણ કરે છે. બીજું કોઈ દૃષ્ટિનું કામ નથી. જ્ઞાનમાં, અસ્તિત્વ સ્વભાવમાં – એ હજી ચૈતન્યના અસ્તિત્વમાં રહેલા અનેકવિધ ગુણોનું જ્ઞાન થાય, પણ દૃષ્ટિમાં તો એવું કાંઈ આ જ્ઞાન છે ને આ આનંદ છે, અહીંયાં સુખ-શાંતિ છે એવું કાંઈ છે નહિ. એ તો નિર્વિકલ્પ તત્ત્વ છે અને દૃષ્ટિ પણ નિર્વિકલ્પ સ્વરૂપે છે. દૃષ્ટિમાં વિકલ્પ છે નહિ. નિરાકાર નિર્વિકલ્પ દૃષ્ટિ છે અને એવી અભેદતા સાધે છે કે, જાણે એમ પોતે જ છે પછી

એમાં પોતે છે એવો ભેદ, આ મારું છે એવો ભેદ નથી. એવી અભેદમાં જ દૃષ્ટિ છે. અથવા અભેદ તત્ત્વમાં અભેદભાવ છે. દૃષ્ટિનો ભાવ પણ અભેદ છે. એ રીતે સત્તાથી, હયાતીથી ભેદ વિના લપેટ થઈ ગયેલું શ્રદ્ધાનું પરિણમન છે. બન્નેને જુદાં નથી પાડી શકાતા. દૃષ્ટિને અને દૃષ્ટિના વિષયને જુદાં પાડી શકાતા નથી. એવી અભેદતા દૃષ્ટિ સાધે છે.

હવે જે વિષય લે છે અવતરણ ચિહ્નમાં એ જ્ઞાનનો વિષય છે. '**હું તો જ્ઞાનાનંદમય એક વસ્તુ છું...**' જ્ઞાન અને આનંદમય એક વસ્તુ છું, એવું જ્ઞાનમાં આવે છે. નીચે લીધું હતુંને જ્ઞાન બધું કરે. જ્ઞાન તો બધું કરે. હું તો જ્ઞાનમય (અને) આનંદમય એક વસ્તુ છું – એવા જ્ઞાનપૂર્વક દૃષ્ટિ પરિણમેલી છે. જ્ઞાનમાં પણ પોતાની અભેદતા અને વસ્તુની અભેદતા જણાય છે. જ્ઞાન પણ એ અભેદતાને સાધતું ચાલે છે. દૃષ્ટિ તો પૂરેપૂરું સાધી લે છે એમાં કાંઈ કચાશ રહેતી નથી. જ્ઞાનમાં અપૂર્ણતાની કચાશ રહે છે, ચારિત્રમાં પણ અપૂર્ણતાની કચાશ રહે છે.

'**તેને વિશ્રાંતિનો મહેલ મળી ગયો...**' હું તો જ્ઞાનાનંદમય એક વસ્તુ છું એવા સ્વઆશ્રયભાવમાં સ્વઆશ્રિત પરિણમનમાં વિશ્રાંતિનો મહેલ મળી ગયો. જેમ કોઈ પોતાના મહેલમાં વિશ્રામ કરે છે અને કોઈ આધિ-વ્યાધિ અને ઉપાધિ નથી એવા પરિણામે વિશ્રામ કરે છે એને એમ કહેવાય, લોકો એમ કહે કે આને નિરાંત છે. કોઈ જાતની આધિ-વ્યાધિ અને ઉપાધિ નથી એ પોતાના મહેલમાં નિરાંતે સૂતો છે. બહારમાં તો જો કે અધ્યાત્મની દૃષ્ટિએ આ મારો મહેલ છે, ને એમાં મને અનુકૂળતાઓના સાધનો છે ને એમાં મને નિરાંત છે એવા પરિણમનને જ ઉપાધિ કહેવામાં આવે છે. સ્વમાં પરનો અધ્યાસ તે ઉપાધિ છે. એટલે એક પોતાના (સ્વઆશ્રય સિવાય બધે) એ જ આકુળતા છે. પણ તીવ્ર આકુળતાને લક્ષમાં લઈને લોકો એમ કહે કે આને નિરાંત છે, આને સુખ શાંતિ છે, આને કોઈ આધિ-વ્યાધિ-ઉપાધિ દેખાતી નથી. એ લૌકિક દૃષ્ટિએ વાત છે. અધ્યાત્મની દૃષ્ટિએ તો સંયોગમાં નિરાંત તે શાંતિ એ ભ્રમણા છે. પોતાના ત્રિકાળી વિશ્રામ સ્વરૂપ, અભિરામ સ્વરૂપ આત્માને છોડીને બીજે આરામ અને વિશ્રાંતિ એ કલ્પના એ (જ) ભ્રાંતિ છે, એમાં વિપરીતતા છે, અને એમાં દુઃખ છે. એમાં આરામ કે શાંતિ કે સુખ ક્યાંય નથી.

પ્રશ્ન :– આ દૃષ્ટિ છે એ જ ખરેખર...

સમાધાન :- જ્ઞાન છે એ અહીંયાં અપૂર્ણ છે ને અધૂરું છે. છે એનો અર્થ જ કે ચારિત્ર પૂરું નથી, સ્થિરતા નથી. એમ થયું ને ? **'હું તો જ્ઞાનાનંદમય એક વસ્તુ છું...'** એવા સ્વરૂપ આશ્રય પરિણમનમાં જ્ઞાનીને **'વિશ્રાંતિનો મહેલ મળી ગયો છે,...'** વિશ્રાંતિના મહેલનો કબજો એને મળી ગયો છે કે, **'જેમાં અનંતો આનંદ ભરેલો છે.'** ભલે અત્યારે અનુભવમાં પ્રગટ થયેલો આનંદ ભલે અલ્પ હોય, તોપણ સ્વરૂપમાં રહેલો અનંત આનંદ વિશ્રાંતિનો મહેલ છે. એ અનંતો આનંદ ભરેલો છે એવો મહેલ એને મળી ગયો છે. એનો એ સ્વામી થઈ ગયો છે. આ હું છું એમ એનો સ્વામી એ થઈ ગયો છે.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ જાણવાનો વિષય છે, એનું મહત્વ નથી. એનું કોઈ મહત્વ નથી. એ જાણવાનો વિષય છે. કેટલો કાળ છે ? થોડો કાળ છે, ઘણો કાળ છે, કોઈને કેટલો કાળ છે, કોઈને કેટલો કાળ છે. એ બધો જાણવાનો વિષય છે. એ કોઈ મહત્વનો વિષય નથી. લોકો ચર્ચાનો વિષય બનાવે છે કે, કેમ વાર લાગી ? આ જીવને એક ભવ કેમ ? આ જીવને અનેક ભવ કેમ ? આને આટલું લાંબું આયુષ્ય પડી ગયું દેવલોકનું, આને આટલું ટૂંકું આયુષ્ય છે. એ બધો કોઈ મહત્વનો વિષય નથી. એક પૂરી સંપત્તિનો કબજો આવી ગયા પછી કોઈ એનો ભોગવટો થોડો વહેલો કરે કે થોડો મોડો કરે એ કોઈ મહત્વનો વિષય નથી. કબજામાં પૂરું આવી ગયું છે. પૂરો ભોગવટો એને આવ્યા વિના રહેવાનો નથી. અલ્પકાળને માટે થોડો સમય હેરફેર કોઈને થાય તો એ કોઈ વિશેષ મહત્વનો વિષય રહેતો નથી. ખાણ, ખજાનાની ખાણ મળી ગઈ એ મોટી મહત્વની વાત છે. એક બીજા કોઈ સાધકો માટે એ રીતે વિચાર કરવા યોગ્ય છે. પોતાના માટે તો કોઈ એમ વિચાર પાછો નથી કરતો, ત્યાં બીજી લાઇન છે. ત્યાં તો એને એમ થાય છે કે અત્યારે વર્તમાનમાં એક સમયમાં પૂર્ણ થવાતું હોય તો મારે બીજો સમય જોતો નથી. આવો ખજાનો ભરેલો છે એ ખજાનાને હું અધૂરો શા માટે ભોગવું ? મોડો શા માટે ભોગવું ? ત્યાં અભિપ્રાય એમ ચાલે છે. પોતાના માટે એમ અભિપ્રાય ચાલે છે. બીજાના માટે વિકલ્પ નથી.

મુમુક્ષુ :- ... શ્રધ્ધા ગુણમાં કઈ રીતે કામ કરે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધા ગુણમાં .. શ્રદ્ધાગુણમાં એનું રૂપ છે, એમ. શ્રદ્ધાગુણમાં

એનું રૂપ છે, જોર છે, એનું રૂપ છે. પણ પોતાનું જે પરિણમન છે એ તો અલ્પ પરિણમન છે. પૂર્ણ પરિણમન તો તેરમાં ગુણસ્થાને અનંત વીર્ય પ્રગટે છે ત્યાં પૂરું પરિણમન થાય છે. ત્યાં સુધી વચ્ચેની બધી સાધકદશામાં અલ્પમાત્રામાં વધતી, વધતી, વધતી અલ્પમાત્રામાં (પૂર્ણ પરિણમન પ્રગટશે.)

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- હા, પુરુષાર્થ છે પણ શ્રદ્ધાએ કામ પૂરું કર્યું. શ્રદ્ધાએ કામ પૂરું કર્યું. પુરુષાર્થનો એને સાથ મળ્યો અને શ્રદ્ધાએ કામ પૂરું કર્યું. પણ પુરુષાર્થે હજી કામ પૂરું કર્યું નથી. એટલે તો જ્ઞાનમાં કચાશ છે. એટલે તો ચંચળતા રહે, આચરણમાં કચાશ રહે છે એમ.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગમાં શ્રદ્ધા વેદે છે કે જ્ઞાન વેદે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન વેદે છે. વાત બન્ને બાજુથી આવે છે. કેમકે બન્ને ગુણની પોતાની વિશિષ્ટતા, વિશિષ્ટ પ્રકારની છે અને બન્નેથી વાત આવે છે. કોઈ વખત શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી વાત આવે છે, કોઈ જ્ઞાન-દર્શન-ચારિત્રથી વાત-કથન આવે છે. બન્ને ક્રમ એની અંદર આવે છે. કહેવામાં તો ક્રમ પડવાનો જ છે પણ જ્ઞાન વિના શ્રદ્ધાન થતું નથી.

મુમુક્ષુ :- અહીંયાં તો શ્રદ્ધાએ જ્ઞાન કર્યું પછી જ્ઞાને...

પૂજ્ય ભાઈશ્રી :- બન્નેનો કાળ તો એક છે. શ્રદ્ધા અને જ્ઞાનના પરિણમનનો કાળ તો એક જ છે. પણ જાણ્યા વિનાનું શ્રદ્ધાન કોનું થાય ? તે તો જ્ઞાનમાં આવતા થાય છે કે આવો જ છું. છું એવી જે પ્રતીતિ આવી એમાં આવો જ છું એમ ખરી પ્રતીતિ છે. એ જ્ઞાનપૂર્વક પ્રતીતિ છે. પ્રતીતિ એટલે વિશ્વાસ આવવો. જાણ્યા વગર કોનો વિશ્વાસ આવે ? જે જેનાથી પોતે અજાણ્યો છે. અનાદિથી પોતાના નિજ સ્વરૂપથી જીવ અજાણ્યો છે. એની પ્રતીતિરૂપ સમ્યક્દર્શન નથી, શ્રદ્ધાન નથી. એની પ્રતીતિરૂપ શ્રદ્ધાન નથી. કેમકે એને જાણ્યું જ નથી ક્યારેય. 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' અથવા ૧૭-૧૮ ગાથામાં એ વાત લીધી કે, પ્રથમ તો રાજાને જાણે, પછી વિશ્વાસ કરે કે આ રાજા જ છે. બીજો કોઈ નથી પણ વેશ ધારેલો કોઈ માણસ નથી પણ રાજા જ છે. રાજાનો વેશ ધારણ કરેલો ભિખારી નથી પણ બહુરૂપી નાટકિયો નથી, પણ ખરેખર રાજા જ છે. એમ જાણે ત્યારે એને વિશ્વાસ આવે છે કે રાજા

હોય એ દાતાર હોય, એ મને દાન જરૂર આપશે. મને જરૂર મારી સેવાનું ફળ આપશે. એમ જીવરાજને એમ જાણવો, પછી એનું શ્રદ્ધાન કરવું એમ. શબ્દ પછી વાપર્યો છે. અને આને પછી ન્યાય આપ્યો છે કે નહિ જાણેલાનું શ્રદ્ધાન સસલાના શિંગડા જેવું હોય છે, માટે જાણ્યા વગર કોઈને શ્રદ્ધાન થાય છે એમ બનતું નથી.

જેમ શ્રદ્ધાન-જ્ઞાન અને ચારિત્ર એક સમયે ઊપજે છે, સમ્યક્દર્શનના કાળમાં શુદ્ધોપયોગની સ્થિરતારૂપ ચારિત્ર તે કાળે તત્કાળ ઊપજ્યું. તોપણ શ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક સ્થિરતા આવે છે એમ કહેવાય. જે વિષયનું શ્રદ્ધાન અને જ્ઞાન ન હોય તો એમાં સ્થિરતા લાવવી એ વાત ક્યાંથી ઊભી થાય ? કેમાં સ્થિર થવું ? કે જેણે જાણ્યું છે અને શ્રદ્ધ્યું છે વિશ્વાસ છે એમાં સ્થિરતા લાવવાની વાત છે. એમાં સ્થિર થવાની વાત છે. ચારિત્રપૂર્વક શ્રદ્ધા-જ્ઞાન ન કહેવાય. શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક ચારિત્ર પ્રગટ થાય છે એમ કહેવાય. ભલે એક સમયે છે તોપણ. એમ યથાર્થતામાં તો જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન છે. પણ કોઈ વખત દૃષ્ટિપ્રધાનથી વાત-કથન ચાલતું હોય તો દૃષ્ટિપૂર્વક ઊઘડેલું જ્ઞાન સમ્યક્જ્ઞાન હોવાથી મતિ-શ્રુતજ્ઞાનને સમ્યક્ની શ્રદ્ધા, સમ્યક્નો વિષય પણ સમ્યક્ શ્રદ્ધા થતા મળે છે એમ કહીને એની પ્રધાનતા કરવામાં આવે છે. આ તો એક બીજી વિશિષ્ટતા અને બીજી અપેક્ષા છે, ત્યાં બીજી અપેક્ષા છે. ત્યાં એમ નથી કહેવું કે શ્રદ્ધાનપૂર્વક જ્ઞાન ખૂલે છે–એમ કહેવું નથી.

'ગુરુદેવ'ની ઉપસ્થિતિમાં મુમુક્ષુઓમાં એ એક બહુ ચર્ચા ઉત્પન્ન થઈ હતી. અને એ ચર્ચાનો આધાર 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' હતો. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'નો ૧૩૩ નંબરનો બોલ છે. એના આધારે ચર્ચાઓ ચાલી હતી. મૂળ પકડાઈ ગયું હોય એ રીતે એને દૃષ્ટિપૂર્વક જ જ્ઞાન છે અને દૃષ્ટિથી જ ઉપાડ કરવો જોઈએ એમ ૧૪૩ કે ૧૩૩.

મુમુક્ષુ :– ઉપાય કરવો જોઈએ એમ ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમ દલીલ હતી. એમ વસ્તુ નથી. માર્ગ એમ નથી, ઉપાય એમ નથી.

મુમુક્ષુ :– આમ તો પરિણમન બન્ને સાથે થાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનું એક સાથે જ થાય છે. એટલે જ તો ચારિત્રનું દૃષ્ટાંત લીધું. થાય છે સાથે, પોતાના જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન છે, દૃષ્ટિપૂર્વક શ્રદ્ધાન નથી.

મુમુક્ષુ :- શ્રદ્ધાન તો એકસાથે જ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા એક સાથે જ થાય છે. અહીંયાં તો એની પાછળ પ્રયોજન શું છે એ વિચારીએ. આ ચર્ચા પાછળનું પ્રયોજન શું છે ? મુમુક્ષુજીવ છે એને ઉપાય કેવી રીતે કરવો ? સ્વરૂપ પ્રાપ્તિનો ઉપાય કેવી રીતે કરવો ? આ વિષય ચોખ્ખો કરવા માટે આ ચર્ચા છે, બીજું પ્રયોજન આમાં નથી. તો પ્રશ્ન એવો ઉઠાવ્યો છે કે **'ત્રિકાળીમેં પ્રસરનેમેં જ્ઞાન કારણ હૈ કિ દૃષ્ટિ કારણ હૈ ?...'** તો પ્રસરવું એટલે વ્યાપ્ય વ્યાપકપણું. હવે અહીંયાં પ્રસરવું એટલે વ્યાપ્ય વ્યાપક થવામાં જોર લેવું, વ્યાપવામાં જોર કોનું લેવું ? તો કે દૃષ્ટિનું લેવું. જ્ઞાન અને દૃષ્ટિમાં બળવાન દૃષ્ટિ છે. કેમકે એ પૂરી તાકાતથી સવળી થઈ ગઈ. જ્યારે દૃષ્ટિ સવળી થાય છે તો પૂરી શક્તિથી સવળી થાય છે, જ્ઞાન પૂરી શક્તિથી સવળું નથી થયું. જ્ઞાનમાં કચાશ છે. તો પ્રશ્ન કરનારે પ્રશ્ન કર્યો કે ત્રિકાળીમાં જે પ્રસરવું છે, આશ્રય લેવો છે એમાં દૃષ્ટિની મુખ્યતા કે જ્ઞાનની મુખ્યતા ? કારણ એટલે મુખ્યતા, મુખ્ય કારણ શું ? તો ઉત્તર આપ્યો કે મુખ્ય તૌરસે તો દૃષ્ટિ હી કારણ હૈ. હવે આ પકડાઈ ગયું. આ પકડાઈ ગયું. દૃષ્ટિ જ કારણ છે. બહુ ચર્ચા ચાલી.

કીધું કે, પ્રત્યક્ષ પરિચયમાં 'સોગાનીજી' સાથે જ્ઞાનના વિષયમાં કેટલીક ચર્ચા થયેલી છે એટલે એમનો અભિપ્રાય ખ્યાલ છે. અહીંયાં ભલે વાત અપેક્ષાથી ચાલી છે, પણ જે અપેક્ષા તમે સમજો છો એ અપેક્ષા અહીંયાં ન લેવી. તો કહેવા લાગ્યા કે પણ એમાં ચોખ્ખી વાત કરી છે, પ્રસરવામાં દૃષ્ટિ ટૂંકું કારણ છે, જ્ઞાન ને દૃષ્ટિ બેનો પ્રશ્ન છે ત્યાં એમણે દૃષ્ટિનો ઉત્તર આપ્યો છે. એમાં બીજી અપેક્ષા શું ? છે એમાં અપેક્ષા છે. જોરની અપેક્ષા છે. જોરમાં ક્યા ગુણનું જોર છે પ્રસરવામાં ? (તો કે દૃષ્ટિનું જોર છે.) પણ દૃષ્ટિને અવળીમાંથી સવળી ઊથલાવીને કરી નાખે. મિથ્યાદર્શનમાં પણ પૂરેપૂરું પરિણમન ઊંધુ હોય છે. કેમકે શ્રદ્ધાનું પરિણમન પૂરું પરિણમવું એવું છે, તો પૂરી શક્તિથી ઊંધો પરિણમે છે. એ આખુંને આખું ઊથલાવીને સવળું કર્યું એમાં કોણ કારણ પડ્યું ? તો કે એમાં જ્ઞાન કારણ પડ્યું. લીડર જ્ઞાન છે એમ કહેવું છે. લીડર જ્ઞાન છે. પછી તો સ્વીકાર ન કર્યો જ્ઞાનનો. 'સોગાનીજી' આમ કહે છે એ જ બરાબર છે. ચર્ચા વધતી વધતી 'ગુરુદેવશ્રી' સુધી પહોંચી. 'ગુરુદેવ' કે નહિ જ્ઞાન કારણ છે, પછી ૧૭-૧૮ ગાથાનો દૃષ્ટાંત આપ્યો. ૧૭-૧૮ ગાથામાં

આ વિષય, આ ન્યાય સ્પષ્ટ કર્યો છે, આચાર્યદેવે સ્પષ્ટ કર્યો છે. માટે જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન થાય છે એમ લેવું. એમ લેવું એનો અર્થ શું ? કે જો તારે ઉપાય કરવો હોય તો જ્ઞાન જ સાધન છે. તે પહેલા દિશા બદલાય છે. પહેલા પરિણામમાં જ્ઞાન અને જ્ઞાનના ક્ષયોપશમભાવની અને પુરુષાર્થના વિદ્યમાન ક્ષયોપશમભાવની દિશા બદલાય છે. અને જીવ પહેલા સ્વરૂપ સન્મુખ થાય છે. એને સ્વરૂપ સન્મુખ મિથ્યાદષ્ટિ કહેવામાં આવે છે. 'ટોડરમલજી'એ તો એ વાત સ્વરૂપ સન્મુખ મિથ્યાદષ્ટિની લખી છે કે એને કેવા કેવા પરિણામ થાય છે. બહુ સૂક્ષ્મ વિષય ત્યાં નથી લીધો પણ મુખ્ય મુખ્ય વાતો, વિચાર કરવાની વાતો, સુવિચારણાની વાતો લઈ લીધી.

તો એવું જે દિશાન્તર થયું પછી દૃષ્ટિ પલટીને દશાન્તર થશે. દિશાન્તરમાંથી દશાન્તર થશે. દૃષ્ટિ પલટે છે, જ્ઞાન પલટાશે. એનું કારણ જ્ઞાન છે. જ્ઞાનમાં સ્વરૂપ પ્રતિભાસે છે, જ્ઞાનમાં સ્વરૂપનો નિશ્ચય થાય છે, જ્ઞાનમાં ઓળખાણ થાય છે, જ્ઞાનમાં પ્રથમ લક્ષ બંધાય છે, અનાદિના વ્યવહારનયનો, પર્યાયનો પક્ષ છૂટીને નિશ્ચયનો પક્ષ આવે છે. પક્ષમાં દક્ષ થાય છે, એવો લક્ષ થાય છે. એ બધું જ્ઞાનમાં બને છે. તો પછી જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન પલટાણીને ?

મુમુક્ષુ :- પણ દૃષ્ટિ વિપરીત પરમાં કામ કરતી હતી ત્યારે પણ પરમાં વિપરીત ...

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં ફેર પડ્યો.

મુમુક્ષુ :- દૃષ્ટિએ સ્વરૂપને ગ્રહણ કર્યું છે અને જ્ઞાન પણ સવળું થઈ ગયું છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્યારે સમ્યક્દર્શન થયું એમાં પૂર્વભૂમિકામાં કોનું કાર્ય હતું ? કે જ્ઞાનનું, એમ. પૂર્વભૂમિકામાં મુખ્યપણે જ્ઞાનનું કાર્ય હતું અને જ્ઞાનલક્ષણથી જ્યાં આત્મા ઓળખાય છે ત્યાં પણ એ જ વાત લીધી છે. 'પરમાગમસાર'માં કે અંતર્મુખ થવામાં જ્ઞાન જ સાધન છે. અંતર્મુખ થવામાં જ્ઞાન જ સાધન છે. એમ જ છે. બીજી રીતે કોઈ શક્યતા જ નથી. જો જીવ પ્રયોગમાં ઊતરે તો તેને તે સમજાય એવો વિષય છે. તે એમ જ ચર્ચા કરે, તર્ક વિતર્કથી તો ન સમજાય કદાચ. પણ પ્રયોગમાં ઊતરે તો એને સમજાય એવું છે. કેમકે પ્રયોગમાં તો ઉપાય હાથમાં લેવો છે. તો ક્યાંથી ક્યાં હાથમાં વાત લેવી છે એ એને સમજાય એવો વિષય છે.

મુમુક્ષુ :- જ્ઞાન બળે કામ...

પૂજ્ય ભાઈશ્રી :- એ થોડું વિષયાંતર થાય છે, પણ એમાં શું છે ? કે અહીં

શ્રદ્ધા-જ્ઞાનની વાત ચાલીને એમાંથી એ પ્રશ્ન એમની સાથે રૂબરૂ થયેલો 'પંચાધ્યાય'ની ગાથા ઉપરથી કે આત્માને સ્વાનુભૂતિમાં, પંચાધ્યાય ઉત્તરાર્ધની ૪૩૨ ગાથા. એમાં આત્માને અનુભૂતિમાં જ્ઞાન જ એક કારણ છે એવી ગાથા પડેલી છે. 'ज्ञानमेवैकं..' કેમકે સાધનની જો મીમાંસા કરવામાં આવે તો, મીમાંસા એટલે..., ૪૦૧ નંબરની ગાથા 'प्रसिद्धं ज्ञानमेवैकं' 'प्रसिद्धं ज्ञानमेवैकं' પ્રસિદ્ધપણે, 'ज्ञानमेवैकं साधनादिविधौ चितः ।' સાધનની વિધિની જો ચર્ચા કરવી હોય તો 'ज्ञानमेवैकं प्रसिद्धं साधनम्' જ્ઞાન એક જ પ્રસિદ્ધ સાધન છે. 'स्वानुभूत्येकहेतुश्च ...' એ સ્વાનુભૂતિનો એક માત્ર હેતુ છે. એમ કહીને એમ કહ્યું છે 'तस्मात्तत्परमं पदम्' માટે એ જ્ઞાનને અમે પરમપદ કહીએ છીએ. અને આખા 'સમયસાર'માં, કેમકે દૃષ્ટિપ્રધાન ગ્રંથ છે ને ? આખા 'સમયસાર'માં આત્માને જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર... કહેતા આવ્યા છે. અને પરિશિષ્ટમાં એ વિષયને ઉખાળ્યો પાછો. ચર્ચાની એરણ ઉપર લીધો.

જ્ઞાનમાત્ર શા માટે કહ્યો છે ? એટલે એ સાધનને, વિધિમાં એ સાધનભૂત હોવાથી 'પંચાધ્યાયી'માં આ શ્લોક 'સોગાનીજી'ને વંચાવ્યો. આપની દૃષ્ટિપ્રધાન વાત ઘણી આવે છે, અહીંયાં એક વાત લખી છે એના ઉપર શું અભિપ્રાય છે આપનો ? આ ચર્ચા કરેલી છે. બધી તો વાત કાંઈ પુસ્તકમાં તો આવે નહિ. (જેને નહોતું બેસતું તેને) એ આધાર પણ આપ્યો, પણ બેસી ગયેલું ૧૪૩નું એવુંને કે એ કાંઈ જલદી ફરે નહિ. મારી ચર્ચા થઈ હતી. આવી ચર્ચા થઈ, આ શ્લોક વાંચ્યો ૪૦૧ નંબરનો ને એક મિનિટમાં (સોગાનીજીએ) એમ કહ્યું કે, અનાદિ અનંત જ્ઞાનદશા પ્રગટવામાં આ જ પ્રકાર છે, બીજો કોઈ પ્રકાર નથી. શું ? કેવો જવાબ આપ્યો ? અનાદિ અનંત જ્ઞાન પ્રગટવામાં અથવા સમ્યક્ દશા પ્રગટવામાં આવો જ પ્રકાર છે, અનાદિ અનંત કોઈ જુદો પ્રકાર નથી. એમ એક સાથે ત્રણકાળની વાત કરી નાખી. સૈદ્ધાંતિક વાત છે. 'સોગાનીજી'ની વાત કરી છે. 'સોગાનીજી'ને આ શ્લોક વંચાવ્યો હતો. કેમકે દૃષ્ટિપ્રધાન કથન બહુ આવતું. તો આ તો એક ચર્ચાનો, ચર્ચામાં તો બધી વાતો ચાલે. આ તો કળશ જેવો વિષય હતો. અહીંયાં આ વાત લખી છે એમાં શું આપનો અભિપ્રાય છે ? તો કે અનાદિ અનંત જ્ઞાનીઓને આ જ પ્રકારે આત્મસિદ્ધિ છે, એમાં બીજો પ્રકાર નથી.

હા, જ્ઞાનપ્રધાન. 'साधनादिविधौ चितः ।' આત્માની સાધન આદિ વિધિમાં માત્ર

એક જ્ઞાન જ પ્રસિદ્ધ સાધન છે. આ શ્લોક છે ૪૦૧ નંબરનો. અને જ્ઞાન જ સ્વાનુભવમાં એક કારણ છે તેથી જ્ઞાન જ પરમપદ છે. આ એ પ્રશ્નનો અર્થ છે.

મુમુક્ષુ :- દૃષ્ટિ વિપરીત થઈ ત્યારે તો કારણ ...

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિ વિપરીત થઈ એટલે જ્ઞાન ઊંધું પડ્યું એમ ?

મુમુક્ષુ :- એ તો જ્ઞાન છે, જ્ઞાન પરિણમ્યું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જ્ઞાનનું પરિણમન છે ને આમ તો, આ તો નિમિત્ત-નૈમિત્તિક સબંધ છે બે ગુણ વચ્ચેનો. જ્ઞાનથી શ્રદ્ધાન અને શ્રદ્ધાનથી જ્ઞાન, કે શ્રદ્ધાજ્ઞાનથી આચરણ કહેવું એ અરસપરસના નિમિત્ત-નૈમિત્તિક સંબંધને બતાવવા માટે છે. બાકી પ્રત્યેક ગુણ અસહાયપણે પરિણમે છે. કોઈ ગુણને બીજો ગુણ સહાય કરે છે એમ પરિણમનમાં નિશ્ચયથી નથી. એ તો રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં વાત લઈ લીધી. પણ કેટલાક ગુણનું પરિણમન અમુક અમુક ગુણસ્થાને અવિનાભાવીપણે આમ જ હોય અને બીજી રીતે ન હોય. એવી એક વસ્તુના વિજ્ઞાનની પરિસ્થિતિ છે. કેમકે ગુણો વિભિન્ન હોવા છતાં વસ્તુ વિભિન્ન નથી. એક વસ્તુમાં બધા ગુણો છે. એવી જે વસ્તુની એકતા, અભેદતા એ છોડીને અનેકપણું નથી. અભેદતા રાખીને અનેકપણું છે. અભેદતાપૂર્વક ભેદ છે એ વાત પાયામાં રાખવાની વાત છે. તેથી જ અભેદની પ્રધાનતા છે. ભેદની પ્રધાનતા ક્યાંય નથી.

મુમુક્ષુ :- આવી મૂળભૂત વાત સંબંધમાં કોઈ વાત ઊંધી સમજાય તો શું લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં એકને બહિર્લક્ષી તર્ક-વિતર્ક ચાલે છે અને કલ્પના થાય છે. વાસ્તવિક પ્રયોગમાં આવનારો જીવ એને એવી ભૂલ થતી નથી. વાસ્તવિકતામાં અથવા પ્રયોગમાં પ્રવેશ કરનારને એવી ભૂલ થતી નથી. વિચારમાંથી તર્ક-વિતર્ક કરે છે. આમ હોય, વસ્તુ આમ હોય. એટલે અનુમાન ચાલે છે અથવા એ પ્રકારે એની મતિ કામ કરી રહી છે; પણ એને વસ્તુના સાધન સાથે સંબંધ નથી રહ્યો ત્યાં. વસ્તુના સાધન સાથે જો સંબંધ રહે તો એ ગોટો થાય નહિ, તો ગડબડ ન થાય એમ વાત છે.

મુમુક્ષુ :- આમ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવી ને .... કોનું બતાવું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો શું કરવાથી... જીવ કેવી રીતે બોધ લે છે. એ તો યોગ્યતા ઉપર આધાર છે.

મુમુક્ષુ :- આ પલટીને જ્ઞાનની વાત કરી છે એમાં તો આ જે વસ્તુને ...

પૂજ્ય ભાઈશ્રી :– અહીંયાં ચર્ચા કરી છે એમાં પોતે પાછું ફરીને પ્રશ્ન ઉઠાવ્યો છે, કે ભાઈ અગિયાર અંગવાળાને, અગિયાર અંગના જ્ઞાનમાં શું બાકી રહ્યું હતું ? પણ દૃષ્ટિ નહોતી, માટે અગિયાર અંગનું જ્ઞાન સીધું પરિણમતું નહોતું. એમ કરીને દૃષ્ટિની પ્રધાનતા લીધી છે. પણ દૃષ્ટિ જ્ઞાનને જાણતી નથી, સમજતી નથી, જ્ઞાન દૃષ્ટિને સમજે છે. મૂળ વાત તો એ છે. દૃષ્ટિ કાંઈ જ્ઞાનને સમજતી નથી, જ્ઞાન દૃષ્ટિને સમજે છે. જ્ઞાન દૃષ્ટિના પરિણમનની વિધિને સમજે છે. જ્ઞાન જ્ઞાનના પરિણમનને, વિધિને સમજે છે, જ્ઞાન આખી વસ્તુને બરાબર ભેદ-અભેદથી સમજે છે. અને તમામ ભેદજ્ઞાનથી થાય છે.

અહીંયાં શું કહે છે ? કે **'હું તો જ્ઞાનાનંદમય એક વસ્તુ છું' તેને વિશ્રાંતિનો મહેલ મળી ગયો છે, જેમાં અનંતો આનંદ ભરેલો છે. શાંતિનું સ્થાન, આનંદનું સ્થાન - એવો પવિત્ર ઉજ્જવળ આત્મા છે.'** જુઓ કેવી ભાષા આવી છે ? બહુ ભાવવાહી ભાષા આવી છે. **'શાંતિનું સ્થાન, આનંદનું સ્થાન - એવો પવિત્ર ઉજ્જવળ આત્મા છે.'** પોતે, પવિત્ર સંપૂર્ણ શુદ્ધ નિર્દોષ છે. ઉજ્જવળ છે. ક્યાંય એને ડાઘ લાગેલો નથી. નિષ્કલંક પરમાત્મા છે. **'ત્યાં—...'** ત્યાં રહી. ત્યાં એટલે એવા **'જ્ઞાયકમાં – રહી...'** એવા મૂળ સ્વરૂપમાં રહી **'જ્ઞાન બધું કરે છે.'** ભેદ, અભેદનું, પર્યાયનું, દ્રવ્યનું, પર્યાયના નિમિત્તોનું બધું જ્ઞાન કરે છે.

**'પણ દૃષ્ટિ તો અભેદ ઉપર જ છે.'** જ્ઞાન બધું થાય છે. જ્ઞાન વિષયને બદલે છે પણ દૃષ્ટિ પોતાનો વિષય બદલતી નથી, એ દૃષ્ટિની વિશિષ્ટતા છે. જ્ઞાન કરતાં પણ આ દૃષ્ટિની વિશિષ્ટતા છે. એટલે દૃષ્ટિની પ્રશંસા, શ્રદ્ધાની પ્રશંસા સત્‌શાસ્ત્રોની અંદર અનેક જગ્યાએ આવે છે એનું કારણ પણ એ છે કે, જ્ઞાન તો વિષય બદલે છે પણ દૃષ્ટિ વિષય બદલતી નથી. જ્ઞાનમાં સર્વાંશે વિષય બદલે છે એવું નથી બનતું, પણ ઉપયોગ વિષય બદલે છે. જ્યારે દૃષ્ટિ તો વિષય બદલતી નથી અથવા જ્ઞાનમાં લબ્ધ અને ઉપયોગ એવા બે વિભાગ પડે છે, દૃષ્ટિમાં કોઈ ભાગ પડતા નથી. બે ભાવ નથી પડતા.

**'જ્ઞાન બધું કરે પણ દૃષ્ટિનું જોર એટલું છે કે પોતાને પોતા તરફ ખેંચે છે.'** એ જરા વિશેષ માર્મિક વિષય છે.

પ્રશ્ન :– પોતે પોતા તરફ ખેંચે છે એટલે દૃષ્ટિ જ્ઞાનને ખેંચે છે ?

સમાધાન :– દૃષ્ટિનું જોર એવું છે કે આત્માના સમગ્ર પરિણમનને, અનંતાએ ગુણના પરિણમનને, દ્રવ્યના સમગ્ર પરિણમનને જાણે કે અંતર્મુખપણે ખેંચવાનું કામ ન કરતી હોય – એવું એનું જોર અને વલણ જોવામાં આવે છે, એમ લેવું. અહીં સુધી રાખીએ.

દૃષ્ટિ સ્વરૂપની થતાં દૃષ્ટિનું જોર અને જ્ઞાનમાં અભિપ્રાયનું (જ્ઞાન) બળ એવું રહે છે કે 'હું તો સદાય પૂર્ણ - વીતરાગ સ્વરૂપ છું' - ત્યારે પણ જ્ઞાનમાં રાગાદિ ઉદયભાવો ઉત્પન્ન થતાં ભિન્ન જણાય છે. પરંતુ તે પોતાના પૂર્ણ વીતરાગ સ્વરૂપથી વિરૂદ્ધ જાતિના ભાસે છે– અને તેમના થવામાં, મારૂં કર્તાપણું; કરાવવાપણું કે અનુમોદન - કાંઈ પણ નથી. કારણ કે તે તે ભાવો થવા કાળે પણ હું તો પ્રત્યક્ષપણે જેવો છું તેવો જ પૂર્ણ વિતરાગ રહું છું.–જરાપણ આ ભાવો સાથે ભળતો નથી.

('અનુભવસંજીવની' બોલ નં.૬૦)

*

પરપ્રવેશભાવ - એ પરમાં નિજનું અવલોકન (અહંભાવ) અર્થાત્ અનુભવ છે. જે નિજાવલોકન થવા દેતું નથી. જ્ઞાનમાં / સ્વમાં નિજનું અવલોકન - વેદન થતાં ઉપયોગ શુદ્ધ થાય.

પરમાં / અનુકૂળતામાં સુખ બુદ્ધિ / અનુભવ એજ પરનું સ્વપણે ગ્રહણ– અને પર રસ ઉપજવાનું મૂળ છે. તે જ સ્વભાવનો ઘાતક ભાવ છે - ઝેર છે; કે જે ભ્રાંતિથી મીઠુ લાગે છે. દુઃખમાં કલ્પનાથી મીઠાશ કલ્પી છે.

('અનુભવસંજીવની' બોલ નં.૬૧)

## તા. ૨૨-૧૦-૧૯૮૭, વચનામૃત–૨૦૬,૨૦૭
## પ્રવચન નં. ૧૬૪

આજે ભગવાન મહાવીર સ્વામીનો (નિર્વાણદિન છે.) આજથી પચ્ચીસસો વર્ષ ઉપરાંત અંતિમ તીર્થાધિનાયક વર્ધમાન સ્વામી સિદ્ધાલયમાં બિરાજમાન આજે વહેલી સવારે (થયા છે.) વચનામૃત ગ્રંથમાં ૪૩૩મો છેલ્લો બોલ આ વિષય ઉપર છે. ૧૬૪ પાનું છેલ્લો બોલ છે. પ્રશ્ન છે કે, આજે વીરનિર્વાણદિન પ્રસંગે એ વિષયમાં થોડુંક કહો. ભગવાને જે દશા પ્રાપ્ત કરી એ સંબંધમાં થોડું વર્ણન છે. ભગવાન મહાવીરસ્વામી.. એમના શાસનમાં અત્યારે જૈનધર્મ પ્રવર્તે છે. જેમની દેશનાને લીધે એ દેશનાની પરંપરા અથવા અખંડ મોક્ષમાર્ગ અત્યારે પણ ચાલી રહ્યો છે એ એમની તીર્થંકરત્વની.. એમના જન્મકલ્યાણક પ્રસંગે, મોક્ષકલ્યાણક પ્રસંગે, નિર્વાણકલ્યાણક પ્રસંગે – સર્વ પ્રસંગે એમના ઉપકારનું સ્મરણ કરવું જોઈએ. એ એમનો ઉપકાર છે કે, જેમના પુણ્ય નિમિત્તે એ વખતે લાખો જીવો (સમ્યક્દર્શનને પામ્યા). ત્રેવીસમાં તીર્થંકર પછી કેટલોક કાળ વ્યતીત થયો અને ધર્મના ક્ષેત્રમાં ઓટ આવે છે. એ તીર્થંકર ભગવાનનો ઉદય થતા પાછી ધર્મની ભરતી આવે છે. .. દૃષ્ટાંત લઈએ એ તીર્થંકર પ્રકૃત્તિનો ઉદય છે તોપણ અનેક જીવોને ધર્મના.. ભગવાનની પરંપરામાં અનેક મહામુનિઓ અને આચાર્યો થયા.

**‘જોકે વીરભગવાન નિર્વાણ પધાર્યા છે તોપણ આ પંચમ કાળમાં આ ભરતક્ષેત્રે વીરભગવાનનું શાસન પ્રવર્તી રહ્યું છે,...’** એમનું શાસન પ્રવર્તી રહ્યું છે એટલે એમનો ઉપકાર પ્રવર્તી રહ્યો છે. શાસનમાં અનેક જીવો છે, સર્વ જીવો ઉપર **‘તેમનો ઉપકાર**

**વર્તી રહ્યો છે.'** સર્વે એ સૌથી પહેલા દરેકે એમ લેવાનું છે મારા ઉપર ઉપકાર પ્રવર્તી રહ્યો છે. મૂળ વાત તો એમ જ છે. શાસનમાં અનેક જીવો ઉપર ઉપકાર પ્રવર્તે છે, એટલે કે એ વાત તો પછીની છે, પહેલી વાત મારા ઉપર ઉપકાર પ્રવર્તી રહ્યો છે એ ભગવાન મહાવીરનો ઉપકાર છે. કેમકે તત્ત્વ જીવંત રહ્યું ને ! મોક્ષમાર્ગ જીવંત રહ્યો !! બહુ મોટી વાત છે.

**'વીરપ્રભુના શાસનમાં અનેક સમર્થ આચાર્યભગવંતો થયા...'** 'ધરસેનાચાર્ય'થી માંડીને 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા', 'કાર્તિકસ્વામી' આચાર્ય, 'ધરસેનાચાર્ય'થી માંડીને 'કુંદકુંદાચાર્ય', 'સમંતભદ્રઆચાર્ય' આદિ અનેક સમર્થ આચાર્યભગવંતો થયા **'જેમણે વીરભગવાનની વાણીનાં રહસ્યને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરી દીધાં છે.'** રહસ્યનો પ્રકાર એ છે, કેમકે એ સિદ્ધાંત છે, એ વસ્તુનું સ્વરૂપ છે. પણ એ મૂળ વસ્તુનું સ્વરૂપ છે, અંતરંગ તત્ત્વ સ્વરૂપ છે. એને વિધવિધ પ્રકારે કથનમાં અનેક પ્રકાર આવ્યા છે. વિષય તેનો તે રહ્યો છે અને શાસ્ત્રમાં ભર્યા છે. એ **'શ્રી કુંદકુંદાદિ સમર્થ આચાર્યભગવંતોએ દિવ્યધ્વનિનાં ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મુક્તિનો માર્ગ અદ્‌ભુત રીતે પ્રકાશ્યો છે.'** આ વિષય લીધો છે. એ દિવ્યધ્વનિના ઊંડા રહસ્યો, ભગવાન મહાવીરસ્વામીની જે દિવ્યધ્વનિ છૂટી રાજગૃહીમાં સમોવસરણ આવ્યું હતું. રાજગૃહી છે ને ? એ દિવ્યધ્વનિનું ઊંડું રહસ્ય છે એ પોતાના જ્ઞાનમાં ધારણ કરી, શ્રદ્ધા-જ્ઞાનમાં એને સ્વીકાર્યું. પરમાગમોમાં એ વિષય આવ્યો અને બીજા આચાર્યોને મુક્તિનું, મુક્તિમાર્ગનું, મોક્ષમાર્ગનું એ નિમિત્ત થયું. વિષય અદ્‌ભુત રીતે પ્રકાશ કરેલો છે, વ્યક્ત કરેલો છે. પ્રકાશ કરેલો છે એટલે વ્યક્ત કરેલો છે. એ જ અનુસાર, એ જ પરંપરા અનુસાર વર્તમાનમાં 'ગુરુદેવશ્રી'એ એ જ શાસ્ત્રમાંથી રહસ્યો ખોલીને મુક્તિનો માર્ગ, મોક્ષમાર્ગને અત્યંત સ્પષ્ટ કર્યો. છેલ્લો પેરેગ્રાફ.

'તેઓશ્રીના સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વનો ઘણો પ્રકાશ થયો અને ભારતના અનેક જીવો જાગ્રત થયા.' એવા 'ગુરુદેવ'નો પણ અત્યારે અમાપ અને અનુપમ ઉપકાર વર્તે છે. **'આ કાળે આવા માર્ગ સમજાવનાર 'ગુરુદેવ' મળ્યા તે અહોભાગ્ય છે.'** બિરાજમાન હતા ત્યારે આ વાત ચાલી છે. **'સાતિશય ગુણરત્નોથી ભરપૂર...'**, કેટલી ભક્તિ છે. **'સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ...'** ભક્તિમાં બીજો અભક્તિનો વિકલ્પ આવતો નથી.

એકપણ ન આવે. **'અહોનિશ...'** સદાય, નિરંતર, આંતરો પડ્યા વિના, એમ. અંતરમાં વિદ્યમાન રહો. એવી ભાવના ભાવી છે. અને એ ભગવાન મોક્ષે પધાર્યા એ સંબંધીનું વર્ણન પહેલા જ પેરેગ્રાફમાં કહ્યું છે. આ વાત અત્યાર સુધીની લીધી. ત્યાંથી માંડીને વર્તમાનમાં મોક્ષમાર્ગ અખંડપણે જીવંત રહ્યો છે, વિદ્યમાન રહ્યો છે એ વિષય પર લક્ષ જાય છે. કોઈપણ ધર્મીજીવને ધર્મની પ્રાપ્તિ થાય છે ત્યારે એનું લક્ષ જાય છે કે, અહો ! અત્યારે આવા નિકૃષ્ઠ કાળમાં ધર્મ પામવાનું કારણ શું છે ? અથવા એનું મૂળ શું છે ? તો અંતિમ તીર્થાધિનાથ મહાવીર ભગવાન છે, ત્યાં સુધી (એને) વિચાર લંબાઈ છે કે, વર્તમાનમાં જે જ્ઞાનીઓ થયા, ગ્રંથો રહ્યા, પરમાગમો રહ્યા એ અનુષંગિક પરંપરા રહી એનું મૂળ કારણ દિવ્યધ્વનિ છે. દિવ્યધ્વનિ ભગવાનના નિમિત્તે ઉદય પામેલી છે. ભગવાન કેળવજ્ઞાન આદિ અરિહંતદશા, જીવનમુક્ત દશા જેને કહેવામાં આવે છે. એના કારણે અત્યાર સુધી મોક્ષમાર્ગ અખંડપણે પ્રવર્તી રહ્યો છે એ કોઈ સાધારણ વાત નથી પણ અસાધારણ વાત છે. જે પામે છે અને જેને પામવું છે એમને એ વાત અસાધારણ ભાસે છે. જેને દરકાર નથી એની માટે તો હોય ન હોય બધું સરખું જ છે.

નિર્વાણ કેવી રીતે પામ્યા ? શું થયું ? એ સંબંધી વર્ણન છે. **'પૂર્ણ અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં...'** અરિહંતદશામાં પોતે **'પરિણમતા હતા.'** અને **'આજે તેમણે...'** વહેલી પરોઢે **'સિદ્ધદશા પ્રાપ્ત કરી. ચૈતન્યશરીરી ભગવાન...'** જડ શરીરી ભગવાન નહિ પણ અનંત ગુણનું નિધાન છે એવા **'ચૈતન્યશરીરી ભગવાન આજે પૂર્ણ અકંપ થઈને...'** જે કંપનદશા હતી સમય-સમયનો એ છૂટી ગયો. **'આજે પૂર્ણ અકંપદશા થઈને અયોગીપદને પામ્યા,...'** મન-વચન-કાયાના યોગ છૂટી ગયા, અયોગીપદને પામ્યા. **'ચૈતન્યગોળો સંપૂર્ણપણે છૂટો પડી ગયો,...'** જે ચિદ્‌પિંડ આત્મા છે, આખેઆખો જુદો પડી ગયો. દ્રવ્યકર્મ નહિ, ભાવકર્મ નહિ, નોકર્મ નહિ. નોકર્મ શરીર છે મન-વચન-કાયાના યોગ. નિષ્કર્મદશાને પ્રાપ્ત થયા. નિર્વાણદશાને પ્રાપ્ત થાય એટલે સંપૂર્ણ નિષ્કર્મદશાને પ્રાપ્ત થયા. જેવો સ્વરૂપે કરીને આત્મા નિષ્કર્મ સ્વરૂપ છે એ જ બરાબર એવી દશાને પ્રાપ્ત થઈ ગયા. એને સિદ્ધદશા અથવા નિર્વાણદશા કહેવામાં આવે છે. **'પોતે પરિપૂર્ણ ચિદ્રૂપ થઈને ચૈતન્યબિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયા;...'** એ સિદ્ધ પરમાત્માનું વર્ણન કર્યું. ચિદ્રૂપ થઈને ચૈતન્ય તો સિદ્ધાલયમાં બિરાજી

ગયા. અંતિમ શરીરથી.. એ જ આકારમાં ત્યાં આખું ચૈતન્યબિંબ સિદ્ધાલયમાં બિરાજમાન રહે છે. અને **'હવે સદાય સમાધિસુખાદિ...'** અનંત સુખ અને અનંત આનંદ આદિ **'અનંત ગુણોમાં...'** પરિપૂર્ણ શુદ્ધદશાએ **'પરિણમ્યા કરશે.'**

**'આજે ભરતક્ષેત્રમાંથી ...'** પચ્ચીસસો વર્ષ પહેલા ગયા એ ભૂતનૈગમનયથી કહેવામાં આવે છે કે, આજે **'આજે ભરતક્ષેત્રમાંથી ત્રિલોકીનાથ ચાલ્યા ગયા, તીર્થંકરભગવાનનો વિયોગ થયો,...'** વિચિત્ર પ્રસંગ છે. ભગવાન ઉચ્ચદશાને પામ્યા એના લક્ષે એનો ઉત્સવ ઊજવવામાં આવે છે. તેરમું ગુણસ્થાન છૂટીને ચૌદમાં ગુણસ્થાનને પણ ઓળંગીને સિદ્ધાલયને પ્રાપ્ત થયા. સર્વોત્કૃષ્ટદશાને, હવે આગળ એથી કોઈ દશા હવે પ્રાપ્ત કરવાની બાકી રહેતી નથી. કૃતકૃત્ય થયા. તો એ દશાને, એ પ્રકારને, એ પ્રસંગને અનુલક્ષીને મહોત્સવ અને ઉત્સવ ગણવામાં આવે છે. અને જે જીવોને વર્તમાનમાં વિયોગ થયો, કહે છે ભગવાનનું નિમિત્ત ન રહ્યું. અહીંયાં હવે આપણને ભગવાનને સાંભળવાનું નિમિત્ત ન રહ્યું. તો એ વાત થોડી ખૂંચે છે કેમકે હજી જીવ રાગનો અંશ ધરાવે છે. રાગને ધારણ કર્યો છે ત્યાં સુધી અરેરે આ જે ભગવાનનો સંગ હતો, વાણીનો સંગ હતો એ (આજે ચાલ્યો ગયો.)

મુમુક્ષુ :- રાગ તો જ્ઞાની પ્રત્યેનો હતો.

પૂજ્ય ભાઈશ્રી :- એકબાજુ દેવો આવીને ઉત્સવ ઉજવે છે. તો બીજી બાજુ સમોવસરણમાં વિયોગ ને વિરહની વેદના પણ કેટલીક બહારમાં ઉત્પન્ન થાય છે. બેય વાત બને છે. એકબાજુ જ્યાં લક્ષમાં નિર્વાણદશા આવે છે કે ભગવાનની ધન્યદશા છે કે આજે પૂર્ણતાને પામ્યા. એ પ્રકાર ઉત્પન્ન થાય છે. જ્યાં વર્તમાન સંયોગ ઉપર દૃષ્ટિ, જ્યાં લક્ષ જાય છે કે આજે વિયોગ થઈ ગયો, વિરહ પડી ગયો. જે કેવળજ્ઞાનનો સાગર ઘૂઘવતો હતો, દિવ્યધ્વનિનો ઘૂઘવાટ છે, સાગરનો ઘૂઘવાટ છે એ શાંત થઈ ગયો. એ જાતનું એને દુઃખ પણ ઉત્પન્ન થાય છે.

એ વાત લીધી છે **'ભરતક્ષેત્રમાંથી ત્રિલોકીનાથ ચાલ્યા ગયા, તીર્થંકરભગવાનનો વિયોગ થયો, વીરપ્રભુના આજે વિરહ પડ્યા.'** આજથી વિરહ પડી ગયા. હવે એમના પ્રત્યક્ષ દર્શન ન રહ્યા, એમનું પ્રત્યક્ષ વાણીનું શ્રવણ ન રહ્યું અને સમાગમ પણ ન રહ્યો. **'ઇન્દ્રોએ ઉપરથી ઊતરીને આજ નિર્વાણ-મહોત્સવ ઊજવ્યો. દેવોએ ઊજવેલો તે નિર્વાણકલ્યાણક મહોત્સવ કેવો દિવ્ય હશે !'** બધા સાધનો દૈવી સાધનો છે. એના

પ્રમાણમાં, એના પુણ્યના પ્રમાણ હોય છે. તીર્થંકરદેવની પુણ્ય પ્રકૃતિનો સર્વોત્કૃષ્ટ ઉદય છે. આ બાજુ દેવો પણ એ મહોત્સવને ઊજવે છે. તેને અનુસરીને હજી પણ લોકો દર વર્ષે દિવાળીને દીપમાળા પ્રગટાવીને દીપોત્સવી મહોત્સવ, ઘરે ઘરે દીવા કરે છે. અને એના અંદરમાં ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ થયેલું એની ચરમસીમાએ જે દશા પ્રગટ થઈ, કેવળજ્ઞાન પ્રગટ્યા પછી પણ જે સર્વાંગ સંપૂર્ણ શુદ્ધદશા પ્રગટ થઈ એને અનુસરીને પ્રતીકરૂપે દીવાઓ કરવામાં આવે છે. એ આજના નિર્વાણકલ્યાણક દિવસે ભગવાને એ રીતે, એનું દ્રવ્ય મંગળ, એની દશા મંગળ, એમની વાણી સર્વ મંગળ એ રીતે આજનો દિવસ છે. એ માંગળિક દિવસ ગણવામાં આવે છે.

મુમુક્ષુ :- જ્ઞાની પ્રત્યેના વિરહનું દુઃખ લાગે એ પણ (રાગ છે ?)

પૂજ્ય ભાઈશ્રી :- પ્રશસ્ત છે. અપ્રશસ્ત-પ્રશસ્ત રાગ. એમાં બે પ્રકાર છે. રાગ પ્રશસ્ત અને દ્વેષ પ્રશસ્ત. આ પ્રશસ્ત દ્વેષ છે. વિભાવ છે, વિભાવભાવ છે, વિકારભાવ છે તોપણ એ પ્રશસ્ત છે, અપ્રશસ્ત નથી. એટલું ખ્યાલમાં રાખવું જોઈએ.

ચાલતો (વિષય) છે. 'બહેનશ્રી'નાં વચનામૃત બોલ નં. ૨૦૬, પાનું ૭૦. ૨૦૬ની છેલ્લી લીટી. દૃષ્ટિના વિષયભૂત જે શુદ્ધ આત્મા છે, એ આત્મામાં દૃષ્ટિ અભેદ થાય છે ત્યારે જ્ઞાનદશાની પ્રાપ્તિ થાય છે, સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ઉપયોગની સંપૂર્ણપણે આત્મામાં સ્થિર રહીને, બહાર ન નીકળે એવી દશા હજી નથી પ્રગટ થઈ, અને અધૂરી અને અલ્પ શક્તિવાળી દશા છે છતાં દૃષ્ટિ પોતાના નિજ પરમાત્માને છોડતી નથી. જ્ઞાનનો ઉપયોગ હજી બહાર નીકળે છે. જ્ઞાન જ્યારે બહાર વહે છે, બહાર જાય છે ત્યારે બધું જ્ઞાન કરે છે, અનેક વિષયોનું જ્ઞાન કરે છે તોપણ એ સમ્યક્જ્ઞાન હોવાને લીધે તેમાં વિવેક વર્તે છે. પરાશ્રય છે જ્ઞાનને એટલો દોષ છે, અસ્થિરતાને લઈને એને ચારિત્રનો માત્ર દોષ ગણવામાં આવે છે પણ એની શક્તિ એટલી નથી. મિથ્યાદર્શન સહિત, દર્શનમોહ સહિત જે અન્ય વિભાવભાવોમાં શક્તિ હોય છે એ શક્તિ તૂટી જાય છે. કેમકે દર્શનમોહ તૂટતા કષાયશક્તિ તૂટી છે. કષાયની કેડ ભાંગી ગઈ છે; પછી જે રહ્યાં છે ચારિત્રમોહના કષાયો એ બધા નિર્બળ છે, નિઃસત્વ થયેલા છે એમાં કોઈ ખાસ શક્તિ નથી. અને એને લીધે જ્ઞાન બહાર જતું હોવા છતાં પણ એ જ્ઞાનમાં વિવેક પ્રગટે છે. સમ્યક્જ્ઞાન છે એ જ્ઞાન પણ સમ્યક્જ્ઞાન છે ને એ સમ્યક્જ્ઞાનની અંદર હેય-જ્ઞેય-ઉપાદેયનો વિવેક વર્તે છે.

લીધું છે 'ટોડરમલજી'એ હેય-જ્ઞેય-ઉપાદેયરૂપ જ્ઞાતાની ચાલનો વિચાર. એમ કરીને પત્રોમાં લીધું છે. પત્રોમાં એવી બધી વાતો ચાલતી. જ્ઞાનીઓની તો જ્ઞાનવાર્તા એ પ્રકારે ચાલે કે એને હેય શું ? જ્ઞેય શું ? ઉપાદેય શું ? એ બધો વિવેક સમ્યક્જ્ઞાનની અંદર વર્તે છે. તેથી એમનો નિશ્ચય પણ સાચો અને તેથી એમનો વ્યવહાર પણ સાચો. કોઈ એમ વિચારે કે જ્ઞાનીઓનો નિશ્ચય સાચો પણ વ્યવહારની અંદર બરાબર હોય કે ન હોય ? તો કે એ વાત બરાબર નથી. વ્યવહારની અંદર પણ તેમનું જ્ઞાન તોળીને જે નિર્ણય ઉપર આવે તે યથાર્થ જ હોય છે, એમાં અયથાર્થ કાંઈ હોતું નથી.

એટલે **'જ્ઞાન બધું કરે છે...'** એમાં એટલી વાત લીધી. જ્ઞાન બધું કરે છે **'જ્ઞાયકમાં - રહી...'** પરિણતિ જ્ઞાયકમાં રહે છે. દૃષ્ટિ તો પૂરેપૂરી જ્ઞાયકની સાથે અભેદ રહે છે અને **'જ્ઞાન બધું કરે છે પણ દૃષ્ટિ તો અભેદ ઉપર જ છે.'** બીજા પદાર્થોનું ઉપયોગને જ્ઞાન થતું હોવા છતાં દૃષ્ટિ તો અભેદભાવે, અભેદપણે જ્ઞાયક ઉપર જ રહે છે. દૃષ્ટિ તો અભેદ સ્વરૂપી, અભેદ આત્મા ઉપર જ રહે છે. દૃષ્ટિ પોતાના વિષયને છોડતી નથી. જ્ઞાન પણ પૂરેપૂરું પોતાના વિષયને છોડીને પ્રવર્તતું નથી. એક ભાગે પોતાના વિષયને ગ્રહણ કરી રાખે છે, એક અંશે પર પદાર્થ પ્રત્યે ઉપયોગ વિચલિત થઈને જાય છે તોપણ એમાં વિવેક ચૂકતો નથી.

**'જ્ઞાન બધું કરે પણ દૃષ્ટિનું જોર એટલું છે કે પોતાને પોતા તરફ ખેંચે છે.'** હવે પરિણમનનું એક પાસું અહીંયાં સ્પષ્ટ કરે છે કે સમ્યક્દૃષ્ટિના પરિણમનમાં જ્ઞાન બહાર જાય છે એટલો બહિર્મુખ પરિણામનો પ્રકાર છે. જ્ઞાનમાં, આચરણમાં, રાગાદિભાવે આચરણમાં અને બહારમાં એ પ્રમાણે પુરુષાર્થ પણ એટલો બહાર ગયો, એટલા સુખ-દુઃખના, શાંતિના પરિણામ પણ ઊલટીને દુઃખરૂપે ખત્મ થાય છે. તો એવા જે પરિણામ થયા છતાં દૃષ્ટિનું જોર એટલું બધું છે એમ કહેવું છે. એવા પરિણામ હોવા છતાં એ બધાને ટપી જાય છે, બધાથી પર, બધાથી સવિશેષ **'દૃષ્ટિનું જોર એટલું છે કે પોતાને પોતા તરફ ખેંચે છે.'** દૃષ્ટિ જાણે પરિણામના અનંતગુણની પરિણતિને પોતા તરફ ખેંચે છે અને ઉપયોગને પણ વારંવાર અંદરમાં ખેંચી લે છે. આવું કામ દૃષ્ટિનું જોર કરે છે. દૃષ્ટિનું જોર બહુ કામ કરે છે. જો કે ગુણની સાથે જોરનો સંબંધ સદાય અનાદિ અનંત એમ જ રહ્યો છે. જ્યારે દૃષ્ટિ અનાદિથી ઊલટી હતી ત્યારે પણ એ સમગ્ર પરિણમનને બહાર ખેંચી જતી (હતી). અને જ્યારે દૃષ્ટિ

અંતરમાં આવી ત્યારે એ સમગ્ર પરિણમનને જાણે કે અંદર ખેંચી લે છે. એવું જોર અનુભવગમ્ય રીતે ત્યાં જ્ઞાનદશામાં, સમ્યક્‌દશામાં અનુભવવા મળે છે. અનુભવદશામાં એ અનુભવવા મળે છે કે આ દૃષ્ટિનું જોર છે.

પ્રશ્ન :- પ્રયોજનની સિદ્ધિ માટે દૃષ્ટિ પ્રધાન જાણવી કે જ્ઞાન પ્રધાન જાણવી ?

સમાધાન :- આમ તો મોક્ષમાર્ગમાં બન્ને સાથે હોય છે. બન્નેને એકબીજાનો સાથ હોય છે, પણ જોરથી વિચારવામાં આવે તો જોર દૃષ્ટિ સાથે જાય છે. દૃષ્ટિના બળે આગળ વધાય છે. આવશે એક જગ્યાએ કે, દૃષ્ટિના બળે આગળ વધાય છે. મોક્ષમાર્ગમાં આવ્યા પછી આગળ વધવાનું કામ દૃષ્ટિના બળે થાય છે, કેમ એમ ? વિચારવા જેવો વિષય છે કે એવું શા માટે ? કેટલાક જ્ઞાનીઓને તો એટલો બધો જ્ઞાનનો અલ્પ ઉઘાડ હોય છે (કે) નવ તત્ત્વના નામ પણ યાદ ન રહે. તો ત્યાં એમ જોવામાં આવે છે કે, આ તો જ્ઞાની છે, પણ જ્ઞાનનો તો ક્યાંય વિકાસ જ નથી. જો કે બર્હિજ્ઞાનનો વિકાસ નથી, પણ અંતરમાં આત્માને ગ્રહણ કરનાર જે સ્વગ્રાહક જ્ઞાન શક્તિ, સ્વપર ગ્રાહક જ્ઞાન શક્તિ છે એમાં પરનું ગ્રહણ શક્તિમાં ઓછું છે ત્યાં. એ વાત કબૂલ છે. જ્ઞાન તો સ્વપરગ્રાહક જ્ઞાનશક્તિ છે. એટલે સ્વનું પણ ગ્રહણ થાય એટલે જાણવું થાય અને પરનું પણ ગ્રહણ થાય એટલે જાણવું થાય. તો ત્યાં પરનું જાણવું ઓછું કદાચ હોય શકે છે, પણ ગુણસ્થાન અનુસાર સ્વનું ગ્રહણ તો જ્ઞાનીને વિકાસ પામતું જાય છે જ. જેમ જેમ જોર વધતું જાય છે, જેમ જેમ પુરુષાર્થ વધતો જાય છે, જેમ જેમ સ્થિરતા વધતી જાય છે, જેમ જેમ શાંતિ ને સુખ વધતું જાય છે તેમ જ્ઞાન પણ – અંદરનું જ્ઞાન વધતું જાય છે. બહારનું જ્ઞાન કદાચિત ન વધે એવી વિચિત્રતા બને છે ખરી. અને લોકો તો બહારના જ્ઞાનને સમજે છે અને બહારના જ્ઞાનને ઓળખે છે. અંતરના સ્વસ્વરૂપગ્રાહક જ્ઞાનને ઓળખતા નથી. સ્વરૂપ ગ્રાહક જ્ઞાનને તો લોકો સમજતા નથી. એટલે એમ કહેવામાં આવે છે જ્ઞાનની પ્રધાનતા નથી, હવે દૃષ્ટિની પ્રધાનતા છે. હવે દૃષ્ટિની પ્રધાનતા છે. કેમકે દૃષ્ટિના બળે આગળ વધાય છે. દૃષ્ટિપ્રધાન પરિણમન છે. જ્ઞાનદશામાં દૃષ્ટિપ્રધાન પરિણમન છે. દૃષ્ટિ સવળી થઈ ગઈ, એ પહેલા તો દૃષ્ટિ સવળી જ નહોતી, દૃષ્ટિ અવળી હતી. ત્યાં દૃષ્ટિપ્રધાન પરિણમન કેવી રીતે ત્યાં હોઈ શકે ? થઈ શકે નહિ તો જ્ઞાન ? તો કે જ્ઞાન સ્વ સન્મુખ થયું. જ્ઞાન સ્વ સન્મુખ થયું એણે ઊલટી દૃષ્ટિને, ઊંધી દૃષ્ટિને ઊથલાવીને,

સવળી કરીને, આખેઆખી ઊથલાવી નાખી ને સવળી કરી નાખી ત્યારથી દૃષ્ટિ પ્રધાન પરિણમન ચાલ્યું અને એ દૃષ્ટિ પોતાને પોતા તરફ ખેંચે છે. સમગ્ર પરિણમનને અંતર્મુખ લઈ આવે છે. એવું જાણે કે એનામાં જોર છે, અંતર જોર છે. એમ કહીને એની પ્રધાનતા ગણવામાં આવે છે.

પ્રશ્ન :– સમ્યક્જ્ઞાન થયા પછી મુમુક્ષુની ભૂમિકામાં સાચી સમજણના બળથી આગળ વધે ? યર્થાથ સમજણ પછી ?

સમાધાન :– સમ્યક્જ્ઞાન થયા પછી કે પહેલા ?

મુમુક્ષુ :– પહેલા.

પૂજ્ય ભાઈશ્રી :– પહેલા તો સમજણની જ ભૂમિકા છે. સમજણ જ્ઞાનની પ્રધાનતા છે. એ તો કાલ ચર્ચા ચાલી હતી કે મુમુક્ષુને ક્યાંથી ઊપડવું ? (કે) જ્ઞાનથી. એને હું જ્ઞાયક છું, જ્ઞાનથી એને ઊપડવાનું થાય. કેમકે દૃષ્ટિ તો એની સવળી નથી. દૃષ્ટિ એની સવળી નથી તો ત્યાં જ્ઞાનબળથી આગળ વધે છે. જ્ઞાનબળથી દૃષ્ટિ સવળી થયા પછી, દૃષ્ટિ પૂરી શક્તિથી પરિણમતી હોવાથી દૃષ્ટિનું જોર કામ કરવા લાગે છે અને એ રીતે આગળ વધે છે. 'દિપચંદજી'એ 'અનુભવપ્રકાશ'માં એમ કહ્યું કે, સમયે સમયે, ક્ષણે ક્ષણે શ્રદ્ધાનનો પૂટ લાગે છે. સહસ્ત્રપૂટી અબરખ ભસ્મ કરે છે તો એને અગ્નિનો પૂટ-આંચ આપે છે. અગ્નિની આંચ આપે છે. એમ અહીંયાં સમગ્ર પરિણમનને શ્રદ્ધાનનો પૂટ લાગે છે અને અનંતે ગુણની શક્તિ વિકાસ પામતી જાય છે.

પ્રશ્ન :– બધાય જીવો અવળી દૃષ્ટિમાંથી સવળી દૃષ્ટિમાં કેમ નથી આવતા ?

સમાધાન :– હોનહાર છે. કોઈ કારણ નથી, અકારણપણે હોનહાર છે. જેનું જે ભાવિ થવા યોગ્ય હોય તે થાય છે. એવું નથી કે સાચી વાત સાંભળવા મળે એટલા પણ બધા સવળા થઈ જાય એવું પણ બનતું નથી. કોઈ આખો સંપ્રદાય મોક્ષે જાય એવું તો તીર્થંકર ભગવાનના વખતમાં પણ બનતું નથી. સમોવસરણમાં પણ સમ્યક્દૃષ્ટિ કરતાં મિથ્યાદૃષ્ટિઓની સંખ્યા વધારે હોય છે. ઓછી હોય છે નહિ પણ વધારે હોય છે. મુનિઓની સંખ્યા એથી પણ ઓછી હોય છે, કેવળીઓની સંખ્યા એથીય ઓછી હોય છે. હમેંશા જગતની અંદર સાર તત્ત્વ અને સારું તત્ત્વ (ગ્રહણ કરનારા ઓછા જ હોય છે).

(પણ હીરાને કેરેટમાં તોળાય છે.) એને ગ્રામમાં પણ તોળવામાં આવતા નથી.

કેરેટ એટલે એક ગ્રામનો સોમો ભાગ. એને એનો હિસાબ-કિતાબ એક કેરેટના સોમાં ભાગે એટલે એક સેન્ટથી કરવામાં આવે છે. (એને) સેન્ટ કહે છે. તો હંમેશા સારી વસ્તુ છે એ જગતની અંદર ઓછી રહી છે. અત્યારે તો વળી બીજી રીતે ચાલે છે કે ઘણા શું કહે છે ? એ માનવું. તો કે ના, ઘણા કહે એ માનવું એ ધર્મના ક્ષેત્રની અંદર નથી. કેમકે ઘણાની બુદ્ધિ અને થોડાની બુદ્ધિમાં આ ફરક છે કે, જ્ઞાનીઓ ઓછા છે, કો'ક જ છે, સમજદાર પણ બહુ ઓછા છે, કો'ક જ છે. અણસમજુ ઘણા છે. તો અણસમજુની પાછળ-પાછળ ચાલવું ? કે જ્ઞાનીની પાછળ-પાછળ ચાલવું ? તો ધર્મના ક્ષેત્રમાં એ લૌકિક પ્રકાર લાગુ પડતો નથી. અને લાગુ કરવા જાય તો ઊંધે રસ્તે ચડી જાય.

મુમુક્ષુ :- પણ એમ થવાનું કારણ ?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ કારણ નથી. કેમ બધા સમજતા નથી ? એ કોઈ કારણ નથી. અકારણપણે છે. બધા જીવોનું પરિણમન અકારણપણે થઈ જ રહ્યું છે પરિણમન... કારણ બધા કહેવાય એ વ્યવહારમાત્રને કહેવા માટે છે. પછી કારણ ન જડે એટલે ઘણાં એમ કહે છે કે પૂર્વકર્મ કારણ હશે. આને પણ ભગવાનની વાણી મળી, આને પણ ભગવાનની વાણી મળી, આને પણ ભગવાનની વાણી મળી. આ જીવને સમ્યક્દર્શન થઈ ગયું, આ જીવને તો કેવળજ્ઞાન થઈ ગયું કે મુનિદશા થઈ ગઈ અને આ જીવને તો હજી મિથ્યાદર્શન પણ છૂટતું નથી. તો એને પૂર્વકર્મ કારણ હશે ? કે એવું પણ કાંઈ નથી. એનાથી ભારે પૂર્વકર્મ બાંધ્યા હોય એ પણ ધડાકો કરીને બધાને ખલાસ કરે છે, એવું બને છે. અનંતકાળ નિગોદમાં રહ્યો હોય, નિગોદને લાયકને જ બધો અનુભવ કર્યો હોય, એ જ પ્રચૂર કષાય કલંકમાંથી પાછો બહાર નીકળીને મનુષ્ય થાય. બીજી ગતિ એટલે દેવની, નારકીની તો ગતિ પણ ન પામે, દેવ-નારકની ગતિમાં જાય નહિ, ચાર ગતિમાંથી બે ગતિ જ ન હોય એને. તિર્યંચ અને મનુષ્ય. મનુષ્ય થઈને મોક્ષે ચાલ્યો જાય. તો એને તો પૂર્વકર્મ ભારેમાં ભારે કર્મો બાંધેલા છે. સંચિત કર્મો તો એના ભારેમાં ભારે છે. એ કોઈ કર્મ નડે છે એ વાત પણ નથી. નિશ્ચયથી જોવામાં આવે તો તે અકારણપણે છે, બીજું કાંઈ નથી. કારણ કર્મની બાહુલ્યતા એ એક વ્યવહારે કારણ ગણવામાં આવે છે કે કર્મમાં જોડાય છે એટલે. તે કાળે તે સત્‌માં જોડાવાને બદલે, એને સત્ સામે આવ્યું છતાં સત્‌માં જોડાવાને

બદલે કર્મના ઉદયમાં જોડાય છે એટલે કર્મનો પ્રભાવ ગણવામાં આવે છે. પણ ક્યારે ? કે પોતે જોડાય ત્યારે. ન જોડાય તો કર્મ કાંઈ બિચારા જાણતા નથી. કર્મ બિચારે કૌન ? ભૂલ મેરી અધિકાઈ. અધિક ભૂલ તો મારી છે, કર્મની ભૂલ નથી. એટલે છેલ્લી પંક્તિમાં એ વિષય પણ સ્પષ્ટ કર્યો છે કે, દૃષ્ટિનું જોર એટલું છે. મોક્ષમાર્ગને વિષે જ્ઞાનીને દૃષ્ટિનું જોર ઘણું છે. જે દૃષ્ટિનું જોર છે એ દ્રવ્યના અવલંબને છે અને જ્ઞાનનું જોર છે એ પણ નિશ્ચયનય જે દ્રવ્યને અવલંબને છે એના આશ્રયે છે.

'પુરુષાર્થસિદ્ધિઉપાય'માં એક એવી વાત લીધી છે કે નિશ્ચયનય છે એ પરિણામમાં જોર ઉત્પન્ન કરે છે, જ્યારે વ્યવહારનય છે એ શિથિલ કરે છે. જોરને શિથિલ કરે છે. **'श्र्लथयन्ती'** એવો શબ્દ વાપર્યો છે. છેલ્લી ગાથા.. છેલ્લી ચાર લીટી ૨૨૬ મી, ૨૨૫મી ગાથા. **'एकेनाकर्षन्ती श्र्लथयन्ती वस्तुतत्त्वमितरेण।'** આવો શબ્દ પડ્યો છે. **'एकेन'** એટલે એકનયથી. એકનયથી એટલે સમ્યક્દર્શનથી અથવા નિશ્ચયનયથી પોતા તરફ ખેંચે છે. **'आकर्षन्ती'** પોતા તરફ ખેંચે છે. અહીંયાં શું શબ્દ પડ્યો છે ? પોતાને પોતા તરફ ખેંચે છે. છે ? 'અમૃતચંદ્રાચાર્ય'ને ... અહીંયાં **'एकेनाकर्षन्ती श्र्लथयन्ती वस्तुतत्त्वमितरेण।'** જ્યારે **'इतरेण'** એટલે બીજાથી, જ્ઞાનથી, વ્યવહારથી શિથિલ કરે છે. **'अन्तेन जयति'** અને સમ્યક્ચારિત્રથી. અહીંયાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર લેવું છે. સમ્યક્દર્શનથી દૃષ્ટિ પોતા તરફ ખેંચે છે. દૃષ્ટિ પોતાને પોતા તરફ ખેંચે છે, જ્ઞાન બહાર જાય છે એટલે ત્યાં બહાર જવાને લઈને પરિણમનમાં શિથિલતા આવે છે, અને **'अन्तेन'** અર્થાત્ સમ્યક્ચારિત્રથી **'अन्तेन जयति'** અને સમ્યક્ચારિત્રથી સિદ્ધરૂપ કાર્યને ઉત્પન્ન કરવાથી સર્વની ઉપર વર્તે છે. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રથી અર્થ કર્યો છે. કેમકે અહીંયાં નામ નથી લીધું. **'एकेन'** એમાં એક એટલે સમ્યક્દર્શન કે નિશ્ચયનય એમ નથી લીધું. **'इतरेण'**માં વ્યવહારનય કે સમ્યક્જ્ઞાન એવું કાંઈ નામ (નથી.) અંતમાં ચારિત્ર એવું નામ નથી પાડ્યું. પણ અર્થ કરનારે એવો અર્થ કર્યો છે. અર્થ કરનારે એક બીજો અર્થ નય વિવિક્ષાથી પણ કર્યો છે. આ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રથી કર્યો. હવે નય વિવિક્ષાથી કર્યો. કે **'રવઈને ખેંચનાર ગોવાલણની જેમ...'** છાશ કરે છે ને ? રવઈયાને ગોળ ગોળ ફેરવે છે બન્ને બાજુ એમાં **'વસ્તુના સ્વરૂપની એક અંતથી...'** એટલે એક છેડાથી **'અર્થાત્ દ્રવ્યાર્થિકનયથી આકર્ષણ કરે છે,...'** નિશ્ચયનય પોતા તરફ ખેંચે છે. **'વળી इतरेण બીજા પર્યાયાર્થિકનયથી એને શિથિલ**

**કરે છે.'** જ્ઞાન પર્યાય બાજુ, પર્યાય ઉપર ઉપયોગ જાય નયનો ઉપયોગ તો ત્યાં શિથિલતા આવે છે. **'मन्थाननेत्रम्'** એમ. **'मन्थाननेत्रम्' 'अन्तेन जयति जैनीनतिः'** એ જૈનની નીતિ છે એમ કહે છે. જૈનનીતિ કહી છે. **'जैनी नीतिर्मन्थाननेत्रमिव गोपी'** રવઈના વલોણાની જેમ, ગોવાલણની જેમ જિનેન્દ્રદેવની સ્યાદ્‌વાદ નીતિ અથવા નિશ્ચય-વ્યવહારરૂપ નીતિ - નિશ્ચયથી ખેંચે છે અંદરમાં, વ્યવહારથી શિથિલ કરે છે. એવી જૈનમતની ન્યાયપદ્ધતિ જયવંતી છે. એ રીતે, બે રીતે વિચારે છે. એક બાજુ પરિણમન જાય એટલે એટલું ઢીલું પડે પરિણમનમાં, ઢીલાશ થાય છે. અંદર બાજુ જાય તો જોર આવે છે. વસ્તુના આશ્રયે, દ્રવ્યના આશ્રયે જોર પ્રગટ થાય છે, પર આશ્રયે એમાં નબળાઈ આવે છે. સિદ્ધાંત એ છે.

પ્રશ્ન :- એક જ સમયમાં ..

સમાધાન :- એક જ સમયમાં ?

પ્રશ્ન :- બધાં નયથી...

સમાધાન :- ના, વારાફરથી. નય છે એ ક્રમથી પ્રવર્તે છે. નયજ્ઞાન છે એ ક્રમથી પ્રવર્તે છે. એટલે તો એને એ ઉપમા આપી છે રવઈની. એક વખત ખેંચે છે તો આ ઢીલું મૂકે છે, આ ખેંચે છે તો આ ઢીલું મૂકે છે. એવી રીતે પ્રવૃત્તિ ચાલે છે નયની.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રીએ પિસ્તાલીસ વર્ષમાં તો ઘણું કીધું. ટૂંકુ શું યાદ રાખવા જેવું ? ઉત્સવમાં જે થોડા થોડા આવે એને માટે શું આજે ટૂંકામાં કંઈક કહો.

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવશ્રી' પિસ્તાલીસ વર્ષથી અનેક વિધવિધ પ્રકારે જીવ દર્શનમોહના ભાવો કેવી રીતે કરે છે ? મિથ્યાત્વના ભાવો કેવી રીતે કરે છે ? એના અનેક વિધ પડખેથી સ્પષ્ટ કરતા ગયા છે. એટલે જીવ જ્યાં જ્યાં ઊભો છે, જે જે પરિણામ કરે છે એને તપાસીને પોતાના અહિતને સમજીને એનાથી બચી શકે છે. એનો પ્રતિપક્ષભૂત સમ્યક્‌દર્શનનો વિષય પણ 'ગુરુદેવશ્રી'એ પિસ્તાલીસ વર્ષ સુધી સ્પષ્ટ કર્યો કે સમ્યક્‌દર્શન કેમ થાય ? અને સમ્યક્‌દર્શન પ્રાપ્ત થાય તો એનું સ્વરૂપ કેવું હોય ? સમ્યક્‌જ્ઞાનનું સ્વરૂપ કેવું હોય ? એ વાત મુખ્યપણે પિસ્તાલીસ-પિસ્તાલીસ વર્ષ સુધી 'ગુરુદેવે' એક જ વિષયનો અનેક પડખેથી અંતરના જ્ઞાનના, શ્રુતજ્ઞાનના સમુદ્રમાંથી, સમુદ્રને વલોવી વલોવીને, શ્રુતના દરિયાને ઉછાળી ઉછાળીને આ માખણ કાઢીને આપણને લોકોને આપ્યું છે. એ વિષય ઉપર ધ્યાન દેવા જેવું છે, બીજી નાની-

મોટી તો હજારો વાતો છે. એ કોઈ વિષય ઉપર ધ્યાન દેવા જેવું નથી. મુખ્ય ધ્યાન દેવા જેવું તો આ છે. 'પૂજ્ય ગુરુદેવશ્રી'એ આપ્યું છે, એમણે જ્ઞાયક આત્માને પ્રસિદ્ધ કર્યો છે. 'ભગવાન અમૃતચંદ્રાચાર્યે' અગિયારસો વર્ષ પહેલાં સમયસારની ટીકામાં આત્માને 'જ્ઞાનમાત્ર' કહીને પ્રસિદ્ધ કર્યો, 'ગુરુદેવશ્રી'એ એને જ્ઞાયક શબ્દથી પ્રસિદ્ધ કર્યો. જ્ઞાનમાત્ર કહો કે જ્ઞાયક કહો બધું (એક જ છે). એ જ્ઞાયકથી આગળ વધીને બધી વાત પછી, તો એના બધા પડખાં (પછી), પણ જ્ઞાયકને પ્રાપ્ત કરવો, જ્ઞાયકને જ્ઞાયકપણે અભ્યાસ કરીને, અનુભવનો અભ્યાસ કરીને, પ્રયત્ન કરીને જ્ઞાયકની અનુભવમાં પ્રાપ્તિ કરીએ. એ વિષય તો 'પૂજ્ય બહેનશ્રી'એ પણ આ ગ્રંથની અંદર વિશેષપણે ..

પ્રશ્ન :– જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરવો એટલે શું ?

સમાધાન :– એ જ ફરમાવે છે. અત્યારે પોતે બિરાજમાન છે અને એ જ ફરમાવે છે. 'ગુરુદેવે' જે ફરમાવ્યું છે એ હવે માતાજી ફરમાવે છે. જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કર. જ્ઞાયકપણે રહેવાનો, જ્ઞાયકપણે થવાનો, જ્ઞાયક છું માટે, જ્ઞાયક છું માટે જ્ઞાયકપણે રહેવાનો અને જ્ઞાયકપણે થવાનો વારંવાર પ્રયત્ન કર. ઉદયના સર્વ પ્રસંગે, દરેક પ્રસંગે તું આ અભ્યાસ અંતરમાં કર તો તને જ્ઞાયકની અવશ્ય પ્રાપ્તિ થશે. એ પ્રાપ્તિનો આધાર તારી લગની ઉપર છે. તારી જેટલી એ સંબંધીની ચીવટ છે, દરકાર છે અથવા પ્રાપ્ત કરવાની ચટપટી છે, તને (કેટલી) ચટપટી ચાલે છે એના ઉપર બધો આધાર છે. ન પ્રાપ્ત થાય એવું નથી. ભગવાનના સમોવસરણમાં તો અનેક જીવો પ્રાપ્ત (થયા), અનેક જીવો કેવળજ્ઞાનને પ્રાપ્ત થયા, પણ એમના શાસનની પરંપરામાં બંધ માર્ગમાંથી, સંસારમાર્ગમાંથી મોક્ષમાર્ગમાં આવનાર પણ અનેક જીવો થયા. એક બે નથી થયા, અનેક થયા છે અને હજી જો એ શાસન જયવંત વર્તે છે, જીવંત વર્તે છે તો તું પણ એનો લાભ લઈ લે. ન લઈ શકે એવું કાંઈ નથી. તારા જેવા જ બધા આત્મા હતા. અથવા જે જીવો પામ્યા એવો જ-એ જાતિનો હું આત્મા છું. એ નહિ પ્રાપ્ત થવાની પરિસ્થિતિ નથી. આ કાળની વિશેષતા છે. બહુ સંક્ષેપમાં પણ એ વિષય અને વિસ્તારથી પણ એ વિષય બહાર આવ્યો છે, (એ) આ કાળની વિશેષતા છે. ૨૦૬ થયો.

**હે જીવ ! અનંત કાળમાં શુદ્ધોપયોગ ન કર્યો તેથી તારો કર્મરાશિ ક્ષય થયો નહિ. તું જ્ઞાયકમાં ઠરી જા તો એક શ્વાસોચ્છ્વાસમાં તારાં કર્મો ક્ષય થઈ જશે. તું ભલે એક છો પણ તારી શક્તિ અનંતી છે. તું એક અને કર્મ અનંત; પણ તું એક જ અનંતી શક્તિવાળો બધાને પહોંચી વળવા બસ છો. તું ઊંઘે છે માટે બધાં આવે છે, તું જાગ તો બધાં એની મેળે ભાગી જશે. ૨૦૭.**

૨૦૭. **'હે જીવ !...'** સંબોધન કરે છે. પ્રેરણા આપી છે. **'હે જીવ ! અનંત કાળમાં શુદ્ધોપયોગ ન કર્યો...'** અને બીજી કડાકૂટ ઘણી કરી પણ શુદ્ધોપયોગ કર્યો નહિ. ઉદયમાં, ઉદયના કાર્યોની ધમાલમાં રહ્યો અને એમાં બે ભેદ થયા. એક સાંસારિક કાર્યો અને એક ધાર્મિકક્ષેત્રના કાર્યો, પણ એ બધા ઉદયમાં જાય છે. કેટલા ? કે શુદ્ધોપયોગ ન થાય તો એ બધા કાર્યો ઉદયમાં જાય છે. પૂજા કરે તો ઉદયનું કાર્ય છે, શાસ્ત્ર વાંચે તો ઉદયનું કાર્ય છે. ઉદય સિવાય બીજું એમાં કાંઈ નથી જ્ઞાનની અપેક્ષાએ. તે અનંત કાળમાં ઘણું કર્યું, તે અનેક પ્રકારે શુભાશુભભાવો કર્યા પણ એક શુદ્ધોપયોગ તે પ્રગટ કર્યો નથી. એકવાર ગમે તેમ કરીને, ગમે તેમ કરીને એટલે યથાર્થ પ્રકારે પણ પૂરા ઉદ્યમથી એકવાર પાછળ પડી જા. તારું હિત કરવા માટે, તારું સ્વકાર્ય કરવા માટે. જેમ માણસ નથી કહેતા કે, ફલાણાં ભાઈ ફલાણાંની પાછળ હાથ ધોઈને પડી ગયા છે. શું કહે ? હાથ ધોઈને, ખાઈ-પીને, હાથ ધોઈને, ખાઈ-પીને, ખાધા-પીધા પછી હાથ ધોવે ને ? એમ, એટલે શું કે તગડા થઈને પૂરી શક્તિથી એમ કહેવું છે. હાથ ધોવાની છેલ્લી પ્રક્રિયા છે, ખાઈ-પીને હાથ ધોઈને એટલે કે બરાબર તાજા-માજા થઈને હવે એની પૂરી શક્તિ લગાવી છે. એમ તું પૂરી શક્તિથી, પૂરા ઉદ્યમથી એકવાર શુદ્ધોપયોગમાં આવવાનો પુરુષાર્થ કર, એમ કહેવું છે. જ્યાં

સુધી શુદ્ધોપયોગ પ્રગટ નહિ થાય, ત્યાં સુધી અનાદિથી ચાલતી આવતી કર્મના ઉદય સાથે જોડાવાની જે પ્રવૃત્તિ છે એની પરંપરા ને એની શૃંખલા છે એ તૂટતી નથી. અને એ તૂટતી નથી તો જન્મ-મરણની શૃંખલા પણ તૂટતી નથી. પહેલો શુદ્ધોપયોગ થયો કે અનંત જન્મ-મરણનો ભુક્કો બોલી ગયો. પહેલા જ શુદ્ધોપયોગે. એટલું તો એક ક્ષણના પ્રથમના શુદ્ધોપયોગમાં સામર્થ્ય છે. આત્માના સામર્થ્યની તો વાત થાય એવી નથી. એટલે અધ્યાત્મ પર્યાયોનો મહિમા છે એ મૂળ તો સ્વરૂપના જોરમાં થયેલો છે, હોં ! સ્વરૂપનું જોર છોડીને ક્યાંય વાત નથી.

મુમુક્ષુ :- શું ફરીવાર કહો. આ બધું સમજાણું નહિ. એક સમયની પર્યાય..

પૂજ્ય ભાઈશ્રી :- અનાદિથી મર્મ એવો છે કે, અનાદિથી જીવને પર્યાયની એકત્વબુદ્ધિ છૂટી નથી. એટલે જેટલું ઉદયમાન કાર્ય છે એમ ગણો એ સ્થૂળપણે કહેવામાં આવે છે. સૂક્ષ્મપણે એને કહેવામાં આવે તો એક સમયની પર્યાય સાથેનું એકત્વરૂપ જે પરિણમન છે એ એને છોડ્યું નથી. અને એનું પર્યાય ઉપર એટલું બધું વજન છે, એટલું બધું જોર છે, એટલી બધી મુખ્યતા છે કે, એની આડે તરણા ઓથો ડુંગર, પાછળ મોટો ડુંગર (છે), મહાન પરમાત્મા, અનંત ગુણ નિધાન બિરાજમાન છે તોપણ જોતો નથી. એટલે હવે વાત ચાલતી.. ચાલતી... ચાલતી... વાત આવી સમ્યક્‌દર્શન ઉપર કે અહોહો ! સમ્યક્‌દર્શન ! સમ્યગ્દર્શનનો ખૂબ મહિમા કરવામાં આવે છે. તારા પ્રતાપે અનંત જન્મ-મરણનો નાશ થાય છે. તારા પ્રતાપે મોક્ષનું નિદાન બંધાય છે, મોક્ષનું ટાંકું બંધાય જાય છે. મોક્ષ રજિસ્ટર એનો, એડવાન્સ બુકીંગ થઈ જાય છે. એમ સમ્યક્‌દર્શનની ખૂબ મહિમા કરવામાં આવે છે. એ પણ એક પર્યાય જ છે. તો તારું પર્યાય ઉપરનું જોર છે, એ પર્યાયનું જોર અહીંયાં પણ પાછું પર્યાયનું જોર જ તીવ્ર થાય છે એવું તો નથી બનતું ને ? એટલી અહીંયાં લાલબત્તી છે. જેણે સમ્યક્‌દર્શનની મહિમા કરી, જેણે મુનિદશાની મહિમા કરી, કે જેણે કેવળજ્ઞાનદશાની, કે અરિહંતદશાની મહિમા કરી એ બધી સમ્યક્‌દર્શનથી માંડીને નિર્વાણ પર્યંતની જે દશાઓ છે, શુદ્ધદશાઓ એ મહિમાવંત દશાઓ છે, ગુણવાન દશાઓ છે, અંદર પવિત્રતા ને ગુણ પ્રગટેલા છે. તેથી મહિમાવંત હોવાથી એની મહિમા કરે તે અનુચિત નથી. તોપણ એકત્વબુદ્ધિમાં રહીને, એકત્વબુદ્ધિને દઢપણે કરી જાય તો તે ઘોર અનુચિત છે, તે ઉચિત નથી એટલે અનુચિત છે. ત્યાં એમ કહે છે કે, મહિમા કરનારે તો

દ્રવ્યના જોરમાં રહીને કરી છે. દ્રવ્ય ઉપર જોર દેતાં દેતાં એ વાત થઈ ગઈ છે. પર્યાય ઉપર જોર દેતાં દેતાં નહિ, પણ પર્યાય ઉપરનું જોર ઉઠાડી લઈને એ વાત કરવી છે. તારી હજી જે ઢળક છે પર્યાય ઉપર જોર દેવાની એ ઢળકમાં ને એ ઢળકમાં તો કાંઈ પાછો તું મહિમા નથી કરતો ને ? નહિતર પાછી તારી એકત્વબુદ્ધિ દૃઢ થશે. જે નિમિત્ત, જે અધ્યાત્મભાવોનું જ્ઞાન અને સ્વીકાર એ ખરેખર પરિભ્રમણના નાશનું કારણ છે, એ એકત્વની, પર્યાયના એકત્વની દૃઢતા થતાં પરિભ્રમણ વૃદ્ધિનું કારણ થશે. પછી ક્યાંથી છૂટીશ ? કે પછી તો છૂટવાનો ક્યાંય આરોવારો નથી. એ પરિસ્થિતિ થાય છે.

પ્રશ્ન :- આમ કહેવામાં એ... પણ પ્રેક્ટિકલ હોય તો...

સમાધાન :- પ્રેક્ટિકલ હોય તો દ્રવ્ય ઉપર જોર આવે. જો પ્રેક્ટિકલ ન હોય તો પર્યાય ઉપર જોર જાય પાછું. એ રીતે થોડું વિચારવા જેવું છે. એ શુદ્ધોપયોગની વાત કરી એ શુદ્ધોપયોગની વાત દ્રવ્યના જોરમાં કરી છે. વાત તો દ્રવ્ય ઉપર જોર લઈ જવાનું છે. એ જોર જતા શુદ્ધોપયોગ પ્રગટે છે સહજમાત્રમાં આપોઆપ, ઑટોમેટિક પ્રગટ થાય છે. એ અપેક્ષા રાખીને વાત છે. બધે જ્યાં જ્યાં સત્‌શાસ્ત્રમાં વિશેષ વાતો પર્યાયથી સમજાવવામાં આવે છે. કેમકે જીવ પર્યાય ઉપર ઊભો છે, છતાં પણ બધે સૂચના દેતા જાય છે કે, તું પર્યાય ઉપર ઊભો છો ત્યાંથી ઉઠાડી મૂકવાની વાત છે. એ વાત રાખીને, કહીને કહેતા જાય છે.

**'હે જીવ ! અનંત કાળમાં શુદ્ધોપયોગ ન કર્યો તેથી તારો કર્મરાશિ ક્ષય થયો નહિ.' 'હે જીવ ! અનંત કાળમાં શુદ્ધોપયોગ ન કર્યો તેથી તારો કર્મરાશિ ક્ષય થયો નહિ.'** બીજું કોઈ કારણ નથી. એક શુદ્ધોપયોગ થાય ત્યાં ગુણશ્રેણી નિર્જરા છે. 'ગુરુદેવશ્રી' તો પ્રવચનમાં ત્યાંથી નિર્જરા ઉપાડે છે કે, જીવ સમ્યક્ સન્મુખ થાય છે ત્યાંથી નિર્જરાની શરૂઆત છે. સમ્યક્ સન્મુખ થાય છે ત્યાંથી નિર્જરાની શરૂઆત થાય છે. અને ઉપર ઉપરના ગુણસ્થાને ગુણશ્રેણી નિર્જરા છે. ઉપર જાય છે (એમ) ગુણશ્રેણી નિર્જરા છે. શુદ્ધોપયોગના કાળમાં એ શરૂઆત થાય છે. એકદમ નિર્જરા થવાની શરૂઆત થાય છે. કર્મરાશિ - રાશિ એટલે ઢગલો, રાશિ એટલે સમૂહ, ઢગલાબંધ કર્મનો ક્ષય નહિ થવાનું કારણ... કેમકે આમ તો દરેક જીવને નિગોદથી માંડીને સર્વ સંસારીજીવને પ્રતિસમયે ઉદયમાન કર્મ છે એ બધા તો નિર્જરે જ છે.

પણ એના ફળ વિપાક આવતા જીવ પાછો નિર્જરે છે એના કરતાં વધુ બાંધે છે. હવે તમે એક વિચાર કરો કે, જો ખરતા હોય એનાથી બંધાતા વધારે હોય તો અનંતકાળમાં કેટલા વધારે બંધાય ગયા ? (કાંઈ) હિસાબ ખરો એનો ? જો એમ જ બન્યા કરતું હોય કે ઉદયમાં આવે એના કરતાં બંધાય વધારે.. મિથ્યાત્વ અવસ્થામાં. અનંતકાળની ત્રિરાશી મૂકો કેટલા હોય. છતાં એનું સૂક્ષ્મત્વ એવું છે કે ક્યાંય ગર્દી થાતી નથી, ક્યાંય ગર્દી થાતી નથી. અનંત.. અનંત... અનંત... અનંત... અનંત... કાર્મણવર્ગણા જીવની સાથે બંધાયેલી છે. ખરે છે ઓછા, બંધાય છે હંમેશા વધારે. એ જ્યાં શુદ્ધોપયોગ થયો પ્રદેશે-પ્રદેશે, વ્યાપ્ય-વ્યાપકભાવે ઉપયોગ પ્રસરી ગયો, ચૈતન્યગોળો એકવાર દેહથી અને રાગથી ભાવે છૂટો પડ્યો, નિર્વાણદશામાં દ્રવ્યે છૂટો પડી જાય છે, અહીંયાં ભાવે છૂટો પડ્યો, એકસાથે કર્મ રાશિનો ઢગલો, ઢગલાબંધ ખરવા માંડે છે.

**‘તું જ્ઞાયકમાં ઠરી જા...’** આ પ્રેરણા છે. **‘તું જ્ઞાયકમાં ઠરી જા તો એક શ્વાસોચ્છ્વાસમાં તારાં કર્મો ક્ષય થઈ જશે.’** અંતર્મૂહુર્તની અંદર ઢગલાબંધ કર્મો ખરી જાય એટલી સ્થિરતા અહીંયાં રહે (એટલે) એના કારણે કર્મ ઢગલા બંધ ભાગવા લાગે છે. બંધાય છે એના કારણે, જાય છે એના કારણે. પણ જીવને ભાવશુદ્ધિ અને અશુદ્ધિનો વિષય સીધો ન સમજાય એને કર્મની નિર્જરાથી, કર્મના ક્ષયથી એ વિષય સમજાવવામાં આવે છે. ખરેખર તો એમ કહેવું છે કે, શુદ્ધોપયોગથી તારા પરિણામની પવિત્રતાની શુદ્ધતા એકદમ વધવા લાગે છે. એકદમ વધી જાય છે. એ વસ્તુ નથી સમજાતી, અશુદ્ધિ એકદમ ઘટવા માંડે છે. એવો એક ચૈતન્યનો રસ ચડે છે. પરિણતિમાં પણ એટલો રસ છે. એટલો રસ છે એટલે જ પરિણતિ છે, નહિતર પરિણતિ ક્યાંથી હોય. પણ એ આખી પરિસ્થિતિ જુદી થઈ જાય છે અને ઢગલાબંધ કર્મની નિર્જરા શરૂ થઈ જાય છે. જેટલી વાર શુદ્ધોપયોગ થાય એમાં તો ઢગલાબંધ ખરે. પછી પણ જેટલીવાર શુદ્ધોપયોગ થાય, શુદ્ધોપયોગ પણ મોક્ષમાર્ગમાં જ્યારે ફરી ફરીને થાય ત્યારે પુરુષાર્થનું ઘણું બળ હોય ત્યારે જ થાય છે. એમ ને એમ શુદ્ધોપયોગ આવતો નથી. તીવ્ર પુરુષાર્થમાં શુદ્ધોપયોગ છે અને મંદ પુરુષાર્થમાં શુભોપયોગ છે. મોક્ષમાર્ગી જીવને તીવ્ર પુરુષાર્થમાં શુદ્ધોપયોગ છે અને મંદ પુરુષાર્થના કાળમાં શુભોપયોગ છે. શુભોપયોગ છે તે વ્યવહાર છે. પછી જોકે વ્યવહારમાં એ રહેતો

નથી અને બહુ અલ્પ છે.

**'તું જ્ઞાયકમાં ઠરી જાય તો એક શ્વાસોચ્છ્‌વાસમાં તારાં કર્મો ક્ષય થઈ જશે.'** આ નથી કહેતા કે આ એક સોદો કરી લે લાખો-કરોડો-અબજોના ઢગલા. તો ત્યાં ગોળ ગોળ ને પાણી પાણી થઈ જાય.

મુમુક્ષુ :- પછી મઝા છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- મઝા થાય તો એ રસ ચડે એમાં દુઃખ કેટલું વધે એ તો એ બિચારાને ખબર નથી. જ્ઞાનીઓનું જ્ઞાન જાણે છે. એ રસ ચડી જાય અને એમાં કેટલી આકુળતાની પરિણતિ ચાલુ થઈ જાય અને એ પરિણતિ બંધ થતાં એનું પાણી ઊતરી જશે એ એને ખબર નથી. પણ અહીંયાં એમ કહે છે કે, જો ત્યાં તને રસ આવે છે તો અહીંયાં એક શ્વાસોચ્છ્‌વાસમાં કર્મનો, સર્વથા કર્મોનો ક્ષય થઈ જાય એવી તારી શક્તિ ભરી છે. એ શક્તિનો ઉપયોગ તું તારામાં ઠરવામાં લગાડ. તો આટલો મોટો લાભ છે. સાધારણ લાભ નથી. તું કરી શકે એવું છે, થઈ શકે એવું છે. તારી શક્તિને, તારી સ્વતંત્રતાને, તારી આધીન વાત છે. તને એ કાર્ય કરવાની અહીંયાં પ્રેરણા છે. કાર્ય કરવાનું તને મૂલ્ય સમજાય તો તારો પુરુષાર્થ ઊપડયા વિના રહે નહિ. તારી સમજણ ઉપર બધો આધાર છે. વિશેષ...

**શુભાશુભ પરિણામકાળે બહિર્મુખભાવોમાં વેગ તીવ્ર થતાં, તેમજ દર્શનમોહને લીધે જીવ નિજ અવલોકનમાં પ્રવર્તી શકતો નથી, ત્યારે આત્મસ્વરૂપ સંબંધી વિકલ્પ પણ બેકાર જાય છે અને જીવ પુણ્ય-પાપમાં સાવધાન થઈ - રહી ક્લેશને પામે છે. પરંતુ જાગૃત આત્માર્થી દર્શનમોહનો રસ ઘટતાં અવલોકનમાં આવી રાગ રસ તોડે છે.**

**('અનુભવસંજીવની' બોલ નં.૭૬)**

## તા. ૨૩-૧૦-૧૯૮૭, વચનામૃત–૨૦૭,૨૦૮
## પ્રવચન નં. ૧૬૫

'બહેનશ્રી'નાં વચનામૃત. ૨૦૭ બોલ છે. પાનું ૭૦. લૌકિક દષ્ટિએ નવું વર્ષ આજે બસે છે. સામાન્ય રીતે આ જગતમાં જીવને સંયોગોની ભાવના હોવાથી, સંયોગની ભાવના હોવાને લીધે સંયોગોની સમુદ્ધિ થાય, સંયોગની દષ્ટિએ બધું સારું રહે, અનુકૂળ રહે સર્વમાં (એ) ભાવના જોવામાં આવે છે. અલૌકિક માર્ગમાં પ્રકાર જુદો છે. ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવે' 'સમયસાર'ના ૨૬૮ નંબરના કળશમાં સુપ્રભાતનો વિષય લીધો છે. ત્યાં કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત પ્રગટે એવી ભાવના, પૂર્ણતાની ભાવના વ્યક્ત કરી છે. પંચમકાળને ગૌણ કરીને અનંતજ્ઞાન, અનંતદર્શન અનંતવીર્ય અને અનંતસુખ પ્રગટે એવી ભાવના વ્યક્ત કરી છે. એ ખરેખર સુપ્રભાત છે. મુમુક્ષુને તો સમ્યક્દર્શન પ્રગટે એ પણ સુપ્રભાત છે. જેની જેવી ભાવના તે અનુસાર એના ભાવોની પરંપરા, સંતતિ ચાલે છે. ખરેખર તો મહોત્સવનો, ઉત્સવનો દિવસ તો ગઈકાલનો હતો. ભગવાનને નિર્વાણ પ્રગટ થયું, સંપૂર્ણ શુદ્ધદશા. ભૂતકાળમાં જેનું ધ્યેય બાંધ્યું હતું, જેની ભાવના હતી એ દશા સાક્ષાત્ પ્રગટ કરી છે. મોટો દિવસ તો ગઈકાલે હતો. આ તો લૌકિક અપેક્ષાએ નવું વર્ષ શરૂ થયું. પણ તું અનાદિનો છો, અનાદિ અનંત તું શાશ્વત છો એમાં અનંતા આવા નવા વર્ષ, જૂના વર્ષ જે ગણો તે બધું થઈ ગયું. નવા વર્ષ બધા જૂના વર્ષ થઈ ગયા. આત્માનું હિત ન સાધ્યું, મોક્ષમાર્ગમાં સમ્યક્દર્શન દ્વારા પ્રવેશ ન કર્યો તો એ બધુંય વ્યર્થ ગયું. જે કર્યું તે બધું વ્યર્થ ગયું. બધો પરિશ્રમ વ્યર્થ થયો. હવે આ પ્રભાતે જાગવાનો અવસર છે. જાગ્રતિ આવે તો પ્રભાત ઊગશે અને જ્યારે ઊગશે ત્યારે ખરેખર એ જ નવીનતા

થઈ. નવા વર્ષની નવીનતા એ જ થઈ. બાકી તો અનંતકાળમાં સંયોગની ભાવનાથી બધું ઊજવ્યું છે, ને એમાં જીવ રસ લઈને ઉજમાળ થયો છે, એમાં ઉમંગ આવ્યો છે, એમાં જીવને ઉત્સાહ આવ્યો છે અને ત્યારે ત્યારે એ અહિતના માર્ગે એ આગળ વધ્યો છે, હિતના માર્ગે આગળ વધ્યો નથી. આમાં ચોથી લીટી છે.

**'તું ભલે એક છો પણ તારી શક્તિ અનંતી છે.'** જેનો આધાર લેવાનો છે, જેનો આશ્રય કરવાનો છે એવો નિજ પરમાત્મા પોતે સંખ્યાએ એક દ્રવ્ય છે. પોતે સંખ્યાએ એક દ્રવ્ય છે તોપણ એમાં શક્તિ અનંત છે. સામર્થ્ય અનંત છે. ભેદ અપેક્ષાએ એક એક શક્તિ જુઓ તો એવી શક્તિની સંખ્યા પણ અનેક છે. અને એક એક શક્તિનું, સર્વ મળીને સર્વ શક્તિનું સામર્થ્ય પણ અનંત છે. ભલે પોતે વસ્તુતાએ એક વસ્તુ છે તોપણ એનું સામર્થ્ય અનંત છે. સીધો મહિમાનો વિષય છે. અને એની સામે બીજી વાત લે છે કે, **'તું એક અને કર્મ અનંત;...'** એક લીધું ને ? પોતે એક છે, અંદરમાં શક્તિ અનંત છે. હવે કહે છે કે પોતે એક છે અને બહારમાં કર્મો અનંત છે. ભલે અનંતા રહ્યા એમ કહે છે. તારા એકની પાસે એ અનંતની કોઈ વિસાત નથી, કોઈ ગણના નથી, કોઈ મહત્વ નથી (એટલે) તે અનંત છે (છતાં) પણ એનો કોઈ ભય રાખવાની જરાપણ જરૂર નથી.

**'તું એક અને કર્મ અનંત; પણ તું એક જ અનંતી શક્તિવાળો બધાંને પહોંચી વળવા બસ છો.'** તારી એટલી અનંત શક્તિ છે કે અનંત કર્મને પહોંચી વળવા માટે તું જ એકલો બસ છો. ઘણા એવા યુદ્ધની અંદર યોદ્ધાઓ હોય છે કે જે એકલા હાથે બધાની સાથે લડી લેતા હોય છે અને છતાં બધાનો પરાભવ થાય, આનો પરાભવ થતો નથી, એવો આ આત્મા છે. અનાદિકાળથી અનંત અનંત કર્મ પોતાના ઊંધા પરિણમને લઈને સંયોગરૂપે સંબંધ પામે છે. એને બંધન થયું ને આત્મા બંધાણો એમ કહેવાય છે. એટલો લાચાર છે બંધનમાં કે એને એ પરમાણુ વિના પછી ન ચાલે. જેમ અફીણથી બંધાણો ને બંધાણી થયો તેને અફીણ વિના ન ચાલે, એમ આને પરમાણુ વિના ન ચાલે, હવાના પરમાણુ, પાણીના પરમાણુ, આહારના પરમાણુ, દેહના પરમાણુ, તંદુરસ્તીના પરમાણુની અવસ્થા લ્યો, એ તો અવસ્થા છે. પરમાણુ શું ? પરમાણુની અવસ્થા વિના ન ચાલે એને. હું તંદુરસ્ત રહું, રોગિષ્ટ ન રહું તો સારું. એ વસ્તુ નથી. તારી પાસે એ કોઈ વસ્તુ નથી. એમ કહેવું છે. એવો તું શક્તિથી

મહાન છો. એવા અનંત અનંત પરમાણુઓ સંયોગરૂપે થયા છતાં અને એવી એક ઊંધી માન્યતા કુગુરુથી ઘૂસી ગઈ કે, આ બધા કર્મ તને નડે છે ને કર્મ હેરાન કરે છે ને કર્મથી તું દુઃખી દુઃખી થઈ રહ્યો છો. એને એમ કહે છે કે, એ કર્મ, બધા કર્મને, અનંતા એ કર્મને તું એકલો પહોંચી વળવા માટે બસ છો.

મહાભારતનું યુદ્ધ થયું. અર્જુન સંસારીજીવની જેમ હારી ગયો હતો કે અરેરે ! શું થાય આમાં ? હું તો ઢીલો પડી ગયો છું. એવા વચનો બોલે છે કે મારા ગાત્રો ધ્રુજે છે. કેટલો ઢીલો પડી ગયો ? કે મારા ગાત્રો બધા ધ્રુજે છે. રણના મેદાનમાં તો શૂરવીરને શૂરાતન ચડે, પણ અર્જુન જેવો શૂરવીર બાણાવલી એકવાર શૂરવીરતા ખોઈ બેસે (છે.) ખરો યુદ્ધનો પ્રસંગ, ખરા યુદ્ધનો સમય આવીને ઊભો રહ્યો ત્યારે કહે છે (કે), મારા ગાત્રો ધ્રુજે છે, હું કાંઈ યુદ્ધ લડી શકું એવું મને લાગતું નથી. ત્યાં શ્રીકૃષ્ણ લીધા છે, પણ અહીંયાં અંદરના પરમાત્માની વાત છે. ત્યાં શ્રીકૃષ્ણ પરમાત્માની વાત છે. ભાઈ ! તું ઢીલો પડમાં, તારી શક્તિ ઘણી છે. એ વખતે એને શૂરાતન ચડે છે એવી એવી વાતો કરે છે. શ્રીકૃષ્ણના મુખેથી બધી વાતો લીધી છે. પણ એને શૂરાતન જેમ ચડે છે એમ અહીંયાં આત્મા પોતાની જાતને ઓળખે, અનંત શક્તિમય પોતાની જાતને ઓળખે તો એને શૂરાતન ચડે છે. તો ત્યાં એટલું જ લીધું છે કે, હાથમાં ધનુષ્ય લીધું, ગાંડીવ ધનુષ્ય. એના ધનુષ્યનું નામ ગાંડીવ ધનુષ્ય હતું. ગાંડીવ ધનુષ્યનો જ્યાં ટંકાર કર્યો, એની પણછ ખેંચી, દોરી– દોરીને પણછ કહે છે. દોરી આમ ખેંચી અને એમાંથી અવાજ નીકળ્યો, અમસ્તી દોરી ટાઇટ બાંધી હોય અને ખેંચો તો જેમ દોરીમાંથી અવાજ નીકળે છે, એમ એમાંથી અવાજ નીકળે. પણછ ખેંચી ત્યાં એમાંથી ટંકાર નીકળ્યો. એ ટંકારનો અવાજ જોઈને, સાંભળીને બધા ભાગ્યા, ભાગવા માંડ્યા. સામે (અઢાર)નું સૈન્ય, એટલે કરોડો, અબજોથી વધારે સંખ્યા છે એની. જગતમાં સીત્તેર કરોડમાં અધધધ થયું છે એ ભારત કેવડું મોટું હશે ? દુર્યોધનનું (અઢાર)નું તો સૈન્ય છે. ભાગવા માંડ્યા. એમ અહીંયાં આત્મા જાગ્રત થાય, એક શક્તિની સંભાળ કરે કે, હું–મારી શક્તિ અનંતી છે, એટલે કર્મ ઢીલા પડીને ભાગવા માંડે છે. સન્મુખ થાય ત્યાંથી નિર્જરા શરૂ થાય છે. એટલું પોતાનું સામર્થ્ય છે. એ તો દેખાડવા માટે... કહેવા માટે કે જે ઊંધી સમજવાની ઘડ પડી ગઈ છે કે આટલો ઉપસર્ગ થયો, આટલો પરિષહ થયો પણ મુનિરાજ વિચલિત થયા વિના અડગ રહીને

કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી લે છે. શરીર તો શરીરના બંધારણ અનુસાર ખલાસ થઈ જાય છે. ઉપસર્ગ, પરિષહ એવા પડે કે શરીર તો વિયોગ થઈ જાય, આયુષ્ય પૂરું થવાનો કાળ હોય અને શરીર તો બળી જાય, ગળી જાય, છેદન થાય, ભેદન થાય ગમે તે થઈ જાય, પણ ચૈતન્યની અનંત શક્તિઓને, ચૈતન્યને, આત્માને કાંઈ લેવા દેવા પહેલેથી જ નથી એની સાથે. એનું જે કાંઈ થાય તે થાય આત્માને કાંઈ લેવા દેવા નથી. એ તો પહેલેથી વાત છે, મૂળથી વાત જ એ છે કે એની સાથે એનો સંબંધ જ નથી, સર્વથા ભિન્નતા છે, અત્યંત ભિન્નતા છે પછી એનું જે થાય તે થાય.

મુમુક્ષુ :– કર્મનો બંધ પડે છે ત્યારે આકુળતા–વ્યાકુળતા નથી થતો, સત્તામાં હોય છે ત્યારે આકુળતા–વ્યાકુળતા નથી થતો, ઉદય આવે છે ત્યારે પણ આકુળ–વ્યાકુળ નથી થતો, પણ એનું જ્યારે ફળ અનુકૂળ–પ્રતિકૂળ આવે છે ને ત્યારે નાસભાગ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઉદયથી પર વિપાકનું ફળ આવે છે ને ?

મુમુક્ષુ :– (એટલે) કહેવાનું એ છે કે, કર્મ રજકણથી આકુળતા–વ્યાકુળતા નથી થતી પણ એના જે ફળ આવે છે સંયોગનું અનુકૂળ—પ્રતિકૂળ ત્યારે ...

પૂજ્ય ભાઈશ્રી :– બહારમાં અનુકૂળતા–પ્રતિકૂળતા એ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

મુમુક્ષુ :– કર્મ તો ક્યારના બંધાય ગયા છે પણ એ માટે રજકણ આકુળ–વ્યાકુળ નથી થતા.

પૂજ્ય ભાઈશ્રી :– પણ અનુકૂળ–પ્રતિકૂળ સંયોગો એને સ્પર્શ્યા પણ નથી. જેને અનુકૂળ–પ્રતિકૂળ સંયોગો કહેવામાં આવે છે એ તો આત્માને સ્પર્શ્યા પણ નથી, સ્પર્શતા પણ નથી. જેને સ્પર્શતા નથી એનું શું ? અથવા જે પોતાના અંદરથી ઉત્પન્ન થયેલા આનંદ અને શાંતિમાં રમણતા કરે છે એને તો બધું જ્ઞાનનું જ્ઞેય છે. ભિન્નતા તો પહેલેથી ચોથા ગુણસ્થાનથી જ થઈ ગઈ છે. એને તો પ્રત્યક્ષ અનુભવ છે કે એ બધા ભિન્ન છે. કોઈ અસર આત્માને પહોંચતી નથી. જો પહોંચી શકતી હોય તો પહોંચે, પણ પહોંચી શકતી નથી માટે પહોંચતી નથી. ભ્રમભાવ તો ચોથા ગુણસ્થાને ચાલ્યો ગયો છે, અસ્થિરતા મંદદશામાં છૂટી જાય છે. એવી અનંતી શક્તિ છે. ભલેને કર્મ અનંત હોય, અનંત કર્મ તો એનામાં છે. પણ અનંત કર્મની સાથે

તારે કાંઈ લેવા (દેવા નથી.) એક કર્મ હોય કે અનંત કર્મ હોય તારે શું ?

મુમુક્ષુ :– કાંઈ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– સીધી વાત છે તારે કાંઈ લેવા દેવા નથી.

મુમુક્ષુ :– આ તો જ્ઞાનીની અનંત કરુણા છે કે જાગૃત કરે છે. તારી શક્તિ આટલી છે તો..

પૂજ્ય ભાઈશ્રી :– તારી શક્તિ તો જો ! એમ કહે છે. વળી તારી શક્તિ ભૂતકાળમાં હતી અને અત્યારે નથી એમ નથી. સદાય છે, તેથી અત્યારે પણ છે. મોજૂદ છે, હયાત છે. એની પ્રતીત આવે ત્યાં કર્મ તો આમ ચાલવા લાગે છે. પણ એ ચાલે કે રહે એને કાંઈ લેવા દેવા નથી. પોતાને લેવા દેવા નથી એમ છે. એ તો એમ કહે છે કે, તારે રહેવું હોય તો રહે અને જાવું હોય તો જા. તું રહે, તમે બધા અનંતા કર્મો રહ્યાં તો તમારા કારણે, ને હાલો તો હાલવા માંડો તોપણ તમારા કારણે. મેં હવે તમારી સામે જોવાનું બંધ કર્યું છે. હું તો સામું પણ જોતો નથી કે, તમે રહ્યા કે તમે ગયા એટલો આત્મા એનાથી ઉપેક્ષિત છે, સ્વભાવથી જ એનાથી (ઉપેક્ષિત છે.)

'કર્મ અનંત છે; તું એક છો તોપણ બધાને પહોંચી વળવા બસ છો અથવા સમર્થ છો.' બધાને પહોંચી વળે એવો જ તું છો. પ્રતિકૂળની વાતો છે એ બધી, પ્રતિકૂળતાનું માપ દેખાડે છે, આત્માના સામર્થ્યનું માપ એનાથી દેખાતું નથી. આત્માના સામર્થ્યનું માપ એનાથી મપાતું નથી એમ કહે છે. એ બધું બહારના માપ બહાર ને બહાર રહે છે. **'તું ઊંઘે છો માટે બધા આવે છે,...'** ઊઠી જા હવે. આ માંકડ, મચ્છર આવે છે ને ? માણસ સૂતો હોય માંકડનું શું ગજું ? માંકડની શક્તિ કેટલી ? અને માણસની શક્તિ કેટલી ? પણ ઊંઘતો હોય તો બટકું ભરીને ચાલવા માંડે. મચ્છર પણ ચટકા ભરીને ઊડી જાય. પણ ઊંઘતો હોય ત્યાં સુધી. જાગતો હોય તો એનામાં તાકાત નથી કે નજીક આવવાની હિંમત કરે. આ સીધી વાત છે. તોપણ હવે એ માંકડ–મચ્છર કરડી જાય તો એમાં તને બીજું શું થઈ જવાનું હતું ? કેટલો ઘટી ગયો તું ? પાશેર, શેર, દશેર કેટલો ? કે કાંઈ એનાથી તને તો ફરક પડતો નથી. (કહે છે) માંકડ-મચ્છર લોહી પીવે છે. કાંઈ વાતમાં માલ છે ? એમ કહે છે. કાંઈ ઓછું થાય ? એમ આ કર્મના ઉદયથી તારામાંથી કાંઈ ઘટતું નથી, તારામાંથી કાંઈ મટતું નથી, તારામાંથી કાંઈ જાતું નથી (કાંઈ થતું નથી.) માંકડ–મચ્છર તને

ચટકો ભરે ને તું રાડેરાડ ને દેકારો કરી મૂક. ખોટી કલ્પનાથી ને ભ્રમણાથી કે, હું તો મરી ગયો રે ! હે મરી ગયો રે ! મને કરડી ખાધો, કરડી ખાધો છે – એના જેવી વાત છે. જગતમાં જીવ મૂંઝાય છે, ઉદયમાં મૂંઝાય છે. મૂંઝાય – મૂંઝાયને મરે છે. મોટા ભાગના પ્રાણીઓ મૂંઝવણમાં જ મરે છે. એ બધા સંયોગનું મૂલ્ય, કિંમત આપીને. અરેરે ! આમ છે, અરેરે ! આમ છે, આમ છે ને આમ છે... આમ છે ને... આમ છે, પણ હવે તારામાં કાંઈ નથી. જે છે એ બધું તારાથી બહાર છે. તારાથી ભિન્ન છે. તને કોઈ નુકસાનનું કારણ નથી, તને કોઈ બાધાનું કારણ નથી, કોઈ વેદના ને પીડાનું કારણ નથી, કોઈ મૂંઝવણનું કારણ નથી. તારી અણસમજણથી મૂંઝાણો છો, સમજણથી મૂંઝવણ છૂટી જાય એવું છે.

મૂંઝવણમાં ને મૂંઝવણમાં ગાંડા થઈ જાય, રોગિષ્ટ થઈ જાય, અણસમજણથી મૂંઝવણમાં ને મૂંઝવણમાં ગાંડા થઈ જાય, બીજું કાંઈ છે નહિ. સુતર તો સુતર છે, ગૂંચવાયેલું પણ સુતર છે અને વીંટળાયેલું પણ સુતર છે. એના વજનમાં કાંઈ વધઘટ થઈ જાય છે ? ગૂંચવાય એટલે વજન ઘટી જાય કે એની લંબાઈ ઓછી થઈ જાય એવું બને છે ? એવું (બનતું નથી.) એટલું ને એટલું જ રહે છે. એમ આ મૂંઝવણની ગૂંચવણ છે બીજું કાંઈ છે નહિ. અનંતા સંયોગો આવ્યા, અનંતા ગયા. 'ગુરુદેવ' કહે છે કે, આખું જગત અનુકૂળ થઈને એના અનુકૂળતાના, સંયોગોના ગંજ ખડકાઈ જાય તો(પણ) તારા આત્મામાં કાંઈ આવે એવું નથી. અને પ્રતિકૂળતાના ગંજ ખડકાઈ જાય તો(પણ) તારામાંથી કાંઈ જાય એવું નથી. (તો) મફતનો શું કરવા મૂંઝાય (છે) ? અનુકૂળતાના રસ લઈને હેરાન થામા અને પ્રતિકૂળતામાં મૂંઝાઈને પણ હેરાન થવાની તારે કોઈ જરૂરત નથી. હરહાલતમાં ત્રણલોકનો નાથ છો, પરિપૂર્ણ સુખ ને જ્ઞાનથી ભરેલું તત્ત્વ છો, અનંત શક્તિથી સુનિર્ભર છો. તારે ક્યાંય બહાર નીકળીને કાંઈ કોઈની અપેક્ષા કરવી પડે ને ક્યાંય લેવા જાવું પડે એવો તું નથી. પોકારી પોકારીને સર્વજ્ઞોએ, તીર્થંકરોએ, જ્ઞાનીઓએ, સંતોએ આ વાત જીવને સંભળાવી છે. જેને સાંભળી એનો બેડો પાર થયો, ન સાંભળી એ હેરાન હેરાન થઈ ગયા. આટલી જ વાત છે, આથી ઝાઝી કોઈ લાંબી ચોડી વાત નથી. આરાધનાનો ને સાધનાનો વિષય તો બહુ ટૂંકો છે. સમજણમાં લાંબી લાંબી પીંજણ કરવી પડે છે, ન સમજે એટલે જ સમજાવવા માટે. આરાધનામાં કોઈ પીંજણ નથી. એ તો સીધો અંતર્મુખ થઈને

અભેદ થાય છે. વિકલ્પ, એક વિકલ્પ જેટલી લાંબી પીંઝણ નથી. વધારે વિકલ્પનો પ્રશ્ન ક્યાં છે. એક વિકલ્પનો અવકાશ નથી ત્યાં વધુ વિકલ્પનો તો પ્રશ્ન ક્યાં રહે છે.

**'તું ઊંઘે છે માટે બધાં આવે છે, તું જાગ તો બધાં એની મેળે ભાગી જશે.'** એને પણ ખબર પડે છે. જેમ માંકડ-મચ્છરને ખબર પડે છે કે આ જાગ્યો, ઊંઘમાં ને ઊંઘમાં પડખું ફરે તો હાલવા માંડે. મચ્છર અહીંયાં કપાળે બેસીને, ગાલે બેસીને કરડી જાય. (પણ) સહેજ હાથ ઊંચો થાય ત્યાં ઊડી જાય. ઊંઘમાં ને ઊંઘમાં હાથ, જાગે તો તો શેનો ઊભો રહે. એ તો સચેતન પ્રાણી છે. કર્મને પણ એવું છે કે, આ આત્મા જાગ્યો કે માંડે હાલવા. એક ઓળખાણમાં એટલો રસ પડે છે. મહિમાનો રસ પડે છે એટલો. આત્મા પરમ પદાર્થ એની ઓળખાણમાં એટલો મહિમાનો રસ ઉત્પન્ન થાય છે કે, મોટામાં મોટી કર્મની શક્તિ જેની ગણાય એવા અનંતાનુબંધી અને દર્શનમોહ બે પ્રકૃતિ તીવ્રમાં તીવ્ર, બળવાનમાં બળવાન ગણવામાં આવે છે, રસ વિપાકની અપેક્ષાએ પહેલા એમાં ઘા પડે છે. અનંતાનુબંધી અને દર્શનમોહ જવાની તૈયારી કરે છે કે ગાંસડા પોટલા બાંધો મરી ગયા, જાગ્યો આ શૂરવીર ! જેમ કોઈ ઉચાળા ભરવાના હોય એ ઉચાળા ભરવાની તૈયારી કરે છે. આનો મહિમા અને રસ ઉત્પન્ન થાય છે ત્યાં એ તૈયારી કરે છે કે ભાગો અહીંથી. ભાઈસાબ ! ભાગી જાવ, નહિતર આપણા ભુક્કા બોલી જશે. જ્યાં અભેદભાવે અનુભવ કર્યો એટલે ખલાસ. સામે આવે નહિ. પછી એનો જ ઉપશમ થઈ જાય. સામે ઉદયમાં આવ્યા હતા હેઠા બેસી ગયા. સામે આવે નહિ.

**'તું જાગ તો બધાં એની મેળે,...'** એની મેળે **'ભાગી જશે.'** તારે એને ભગાડવા માટે પણ એનો વિકલ્પ કરવો પડશે નહિ. એની સામે જોવું પડશે નહિ કે એ રહ્યાં કે ગયા. એ રહ્યાં તોપણ માટીના ઢેફાં જેવા રહ્યાં. ખેતરમાં માટીના ઢેફાં પડ્યા હોય એને ઘરમાં શું નડે છે ? ઘરમાં એને માટીના ઢેફાં વાગે છે ? ખેતરના માટીના ઢેફાં એને વાગવા આવે છે ? એમ કર્મ પડ્યા છે એ માટીના ઢેફાંની જેમ પડ્યા છે. માટી, કર્મની માટી એના ખેતરમાં પડી છે, તારા ખેતરમાં નથી. ૨૦૭.

**બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતર્દૃષ્ટિ પ્રગટ થતી નથી. આત્મા બહાર નથી; આત્મા તો અંદરમાં જ છે. માટે તારે બીજે ક્યાંય જવું નહિ, પરિણામને ક્યાંય ભટકવા દેવા નહિ; તેને એક આત્મામાં જ વારંવાર લગાડ; વારંવાર ત્યાં જ જવું, એને જ ગ્રહણ કરવો. આત્માના જ શરણે જવું. મોટાના આશ્રયે જ બધું પ્રગટ થાય છે. અગાધ શક્તિવાળા ચૈતન્યચક્રવર્તીને ગ્રહણ કર. આ એકને જ ગ્રહણ કર. ઉપયોગ બહાર જાય પણ ચૈતન્યનું આલંબન એને અંદરમાં જ લાવે છે. વારંવાર... વારંવાર... એમ કરતાં...કરતાં...કરતાં... (સ્વરૂપમાં લીનતા જામતાં...જામતાં) ક્ષપકશ્રેણી પ્રગટીને પૂર્ણ થઈ જાય છે. જે વસ્તુ છે તે ઉપર જ તારી દૃષ્ટિનો દોર બાંધ, પર્યાયના આલંબને કાંઈ ન થાય. ૨૦૮.**

પ્રેરણાનો (બોલ છે.) ૨૦૮માં શું કર્તવ્ય છે ? શું અકર્તવ્ય છે ? એનું માર્ગદર્શન છે. **'બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતર્દૃષ્ટિ પ્રગટ થતી નથી.'** અનાદિથી જીવની બહિર્દૃષ્ટિ છે અને તેથી એને બહિરાત્મપણું છે. બહિર્દૃષ્ટિ હોવાને લીધે આત્માને બહિરાત્મપણું છે. આત્મા બહિરાત્મા છે એમ કહેવામાં આવે છે. 'પરમાત્મપ્રકાશ'માં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા – એમ ત્રણ વિશેષણ આપીને, આત્માને ત્રણ વિશેષણ આપીને અવસ્થા દૃષ્ટિએ એનું વિવરણ છે. એ બહિરાત્મપણું આત્માને અનાદિથી છે. અને એ બહિરાત્મપણું રાખી રાખીને, બહિરાત્મપણું રાખતા આત્માને પોતાનું અંતરતત્ત્વ, પોતાનું મૂળ સ્વરૂપ છે એ એના લક્ષમાં અને અનુભવમાં આવતું નથી.

અથવા **'બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતર્દૃષ્ટિ પ્રગટ થતી નથી.'** બાહ્ય દૃષ્ટિથી જીવ સ્થૂળ ઉપયોગમાં, સ્થૂળ વિચારણામાં, સ્થૂળ સમજણમાં જે બાહ્ય તત્ત્વ આવે છે, બાહ્ય તત્ત્વ સમજાય છે એને જ ગ્રહણ કરે છે અને એના અંતરભેદને સમજતો નથી. અથવા માત્ર બહારમાં અવસ્થા છે એને જોવે છે એના કારણને સમજતો નથી.

જેમકે આત્માને સંસારમાં સુખ–દુઃખનો અનુભવ થાય છે. ક્યારેક એ પોતાને દુઃખી થયેલો અનુભવે છે, ક્યારેક એ પોતાને સુખી થયેલો અનુભવે છે. જો કે ત્યારે પણ એને ભ્રમણા છે કે હું સુખી થયો છું, પણ ખરેખર તો એ વખતે એ સુખી થયેલો નથી. ત્યારે પણ પરમાર્થ દૃષ્ટિએ, અંતર્દૃષ્ટિએ તો એ દુઃખી જ છે. પણ આ બે પ્રકારના ભાવોને જીવ અનુભવે છે. એ બન્ને પ્રકારના ભાવોને અનુભવતા એને એવી ભાવના રહે છે કે, હું ક્યારેય દુઃખી ન થાઉં તો સારું. ક્યારેય દુઃખી ન હોઉં તો સારું અને ક્યારેય હું દુઃખી ન થાઉં તો સારું. કેમકે એનો સ્વભાવ સુખ સ્વભાવ છે એટલે એ સુખની એને ભાવના રહે છે, દુઃખની ભાવના કોઈને હોતી નથી. પણ આ સુખ-દુઃખના કારણ શું છે એને સમજવાનો એણે ક્યારેય અંતર્દૃષ્ટિથી પ્રયત્ન કર્યો નથી. બહિર્દૃષ્ટિથી સુખ-દુઃખને વેદ્યા છે અને બહિર્દૃષ્ટિથી જ એ સુખ-દુઃખને ટાળવાનો પ્રયત્ન કરે છે. બહુભાગ તો એના માનેલા દુઃખને ટાળવાનો પ્રયત્ન છે. પણ એ બહિર્દૃષ્ટિથી, અંતર્દૃષ્ટિથી કાંઈ એને વાત પકડાતી નથી.

અથવા તો જે સુખ છે એણે કલ્પેલું સુખ છે, એનું જે માનેલું સુખ છે એ પણ અલ્પકાલિન હોય છે. કોઈને અનંતકાળ સુધી કે લાંબાકાળ સુધી કોઈ એના માનેલા સુખનો ઉદય પણ રહેતો નથી. અને એ એને ખબર છે કે આ કાંઈ સદાય રહેવાનું નથી, અને એ ખબર છે એથી એ દુઃખી છે. કેમકે એને તો સદાય સુખી રહેવું છે. પણ એની દૃષ્ટિ ટૂંકી છે, બહિર્દૃષ્ટિનું આ એક દૂષણ છે, એ દૃષ્ટિ હંમેશા ટૂંકી દૃષ્ટિ હોય છે. shortsight જેને કહે છે. દીર્ઘદૃષ્ટિપણું એમાં હોતું નથી.

પ્રશ્ન :– બહિર્દૃષ્ટિ એટલે શું, તો સ્પષ્ટ થાય ?

સમાધાન :– બહિર્દૃષ્ટિ એટલે બાહ્ય ભાવોને માત્ર ટૂંકી દૃષ્ટિથી, ઊપલકપણે સમજવા. ઊપલકપણે સમજવા. આમ એનો વિષય ઘણો વિશાળ છે. કેમકે જગતમાં જેટલા પ્રસંગો પડે છે એ તમામ પ્રસંગોમાં જીવ બહિરાત્મપણે, બહિર્દૃષ્ટિથી સંસારી જીવ વર્તે છે. તો એનો કેટલો વિસ્તાર થાય ? ઉદયનો જેટલો વિસ્તાર કરીએ એટલો

એનો વિસ્તાર ભેદ-પ્રભેદથી થાય. પણ પોતાના પરમાત્મ સ્વરૂપને, અંતઃતત્ત્વ સ્વરૂપ જે પરમાત્મ તત્ત્વ, મૂળ સ્વરૂપ છે એના ભાન વિના, એની સમજણ વિના, એના જ્ઞાન વિના જે કાંઈ સ્થિતિ છે એ બધી બહિર્દૃષ્ટિ છે, બહિરાત્મપણું છે. આત્માથી, મૂળ સ્વરૂપ આત્માથી, અસલ સ્વરૂપ આત્માથી જે કાંઈ બાહ્ય છે, જે કાંઈ બાહ્ય છે દ્રવ્ય કે ભાવ, જેટલું જે કાંઈ એનાથી બહાર છે તેમાં આત્માપણું કર્યું, તેમાં મમત્વપણું કર્યું, તેમાં પોતારૂપપણું કર્યું તે બધું બહિર્દૃષ્ટિપણું છે, બહિરાત્મપણું છે. આ મૂળની એની વ્યાખ્યા છે.

મુમુક્ષુ :- પર્યાયો લીધી બધી બહાર.

પૂજ્ય ભાઈશ્રી :- તો એમાં એક સમયની પર્યાય, શુદ્ધપર્યાયવાળાને બહિરાત્મપણું હોતું નથી. શુદ્ધ પર્યાય તો અંતર્મુખ વળેલી છે. અંતરાત્મામાં હુંપણું કરનારી એ પર્યાય છે એટલે એમાં તો કાંઈ એવી ગડબડ થતી નથી. એટલે સાધકને અંતરાત્મા કહેવાય છે અને એ અંતરાત્મા પરમાત્માને અવલંબિત થયેલી દશા છે. અહીંયાં એક મુદ્દો લીધો છે, માર્મિક વાત લીધી છે એ જગ્યાએ, છેલ્લી લીટી છે.

**'ઉપયોગ બહાર જાય...'** છેલ્લી લીટી છે, એટલે ૭૦માં પાને છેલ્લી લીટી છે. **'ઉપયોગ બહાર જાય પણ ચૈતન્યનું આલંબન એને અંદરમાં જ લાવે છે.'** સાધકદશામાં ઉપયોગ બહાર જાય પણ પરિણતિને અંદર આલંબન ચૈતન્યનું છે, અથવા જ્ઞાનમાં આધારબુદ્ધિ ચૈતન્યની છે, શ્રદ્ધામાં આશ્રય લીધો છે શુદ્ધ ચૈતન્યનો, પરમાત્મ તત્ત્વનો, એને આલંબન કહેવામાં આવે છે. એ આલંબન હોવાને લીધે ઉપયોગ બહાર જાય છે એ ખેંચીને પાછો અંદરમાં લાવે છે. આલંબન એને અંદરમાં લઈ આવે છે. બહુ અનુભવનો વિષય લીધો છે. અનુભવપૂર્ણ વિષય લીધો છે. જ્ઞાનદશામાં ઉપયોગ બહાર જાય છે, ખ્યાલ છે એને પણ અંદરમાં આલંબન લીધેલું છે, એ આલંબન છોડ્યું નથી, એટલે બહાર જતાં ઉપયોગને ખેંચીને અંદર લાવે છે.

જેમ પતંગનો દોર જેના હાથમાં હોય એ પતંગને ધારે એ બાજું ગોથું ખવડાવે છે. આ બાજુનો પતંગ કાપવો હોય તો આ બાજુ ગોથું ખવડાવે ને આ બાજુનો પતંગ કાપવો હોય તો (આ બાજુ ગોથું ખવડાવે.) પતંગ ઉડાડવાની કળા આવડતી હોય એની વાત છે. એમ આ ઉપયોગનો પતંગ બહાર જાય છે એને અંતર્મુખમાં ગોથું ખવડાવે છે, અંદરમાં ગુલાંટ ખવડાવે છે. આમ આ બાજુ લઈ આવે છે એ

અંદરના આલંબનને લીધે છે એમ કહેવું છે. એટલે એ આલંબન શબ્દ લીધો છે. આધાર ત્યાં છે.

મુમુક્ષુ :- જ્ઞાનનો સ્વભાવ છે સર્વને જાણવું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જાણવામાં વાંધો નથી.

મુમુક્ષુ :- તો ખેંચાખેંચ શું કરવા ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ બહારમાં જાય એમ જાણવું ? કે સ્વમાં રહીને જાણવું ? આ બેમાંથી કયો સ્વભાવ છે ? સ્વમાં રહીને જાણવાનો સ્વભાવ છે. પરબાજુ ખેંચાઈને જાણવાનો સ્વભાવ નથી, એ વિભાવ છે.

મુમુક્ષુ :- એ સમજાણું નહિ જરા સ્પષ્ટ કરો ને ?

પૂજ્ય ભાઈશ્રી :- આ વિષય થોડો ઝીણો છે. પર પદાર્થ આત્મામાં પ્રતિબિંબિત થાય તે આત્માનો વિભાવ નથી, એ તો એની સ્વચ્છતારૂપ સ્વભાવ છે. પણ ઉપયોગ અસ્થિર થઈને, જ્ઞાન અસ્થિર થઈને, પર તરફ આસક્ત થઈને ભાવમાં બહાર જાય એટલો આત્માને વિભાવ છે. એટલે કેવળજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે શું થાય છે ? કે આત્મા પરિપૂર્ણ જ્ઞાનથી પણ સ્વરૂપમાં નિમગ્ન રહે છે. જ્ઞાનનો ઉપયોગ પણ નિરવશેષ અંતર્મુખ રહે છે. સ્વરૂપ નિમગ્નજ્ઞાનમાં લોકાલોકની પર્યાય ઝળકે છે. જો લોકાલોકની પર્યાયનું પ્રતિબિંબિત થવું એ દોષ હોય તો સર્વથી વધારે દોષિત કેવળજ્ઞાન થાય, પણ એવું તો બનતું નથી. એ તો સર્વથા નિર્દોષ છે. એ જ્ઞાન તો સર્વથા નિર્દોષ છે. સર્વથા નિર્દોષ છે, પરિપૂર્ણ નિર્દોષ છે. એમ અહીંયાં પણ કેવળજ્ઞાનની જાતિનું જ્ઞાન જ્યાં ઉત્પન્ન થયું છે ત્યાં તો સ્વને જાણતા પર જણાય છે કેટલુંક, સ્વને જાણતા જાણતા પર કેટલુંક જણાય છે. ત્યાં તો એને એ કાંઈ બાધા નથી. પણ જેટલો ઉપયોગ વિચલિત થઈને, આસક્ત થઈને, અસ્થિર થઈને પર બાજુ ખેંચાઈ છે એટલો વિભાવ, એટલો દોષ જ્ઞાનીને પણ જ્ઞપ્તિપરિવર્તન ક્રિયાને લીધે છે, એ એનો એટલો વિભાવ છે. એ વધારે ને વધારે સ્વરૂપ સ્થિરતા કરતાં કરતાં (પૂર્ણ થશે.) અહીં લીધું ને **'વારંવાર... વારંવાર...'** બે વખત શબ્દ લીધો છે **'એમ કરતાં... કરતાં... કરતાં** એટલે કે **(સ્વરૂપમાં લીનતા જામતાં... જામતાં) ક્ષપકશ્રેણી પ્રગટીને પૂર્ણ થઈ જાય છે.'** પંચમકાળ રહ્યો એના ઘરે. યાદ પણ કરતાં નથી. પૂર્ણતાનું ધ્યેય, પૂર્ણતાની લગન એટલી છે કે અનેક જગ્યાએ વાતે વાતે દશાની પૂર્ણતાની વાત

આવીને ઊભી રહી જાય છે.

મુમુક્ષુ :- દશામાં તો એમ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- દશામાં પણ એને અંદરની સ્થિતિ તો પૂર્ણ જ છે. ભાવનામાં તો પૂર્ણતાની ભાવનામાં અધૂરાશ વચ્ચે આવતી નથી. પહેલેથી લઈએ. **'બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતર્દૃષ્ટિ પ્રગટ થતી નથી.'** એમાં માર્ગદર્શન શું છે ? કે બાહ્ય દૃષ્ટિ જાળવી રાખીને તું કાંઈ અંતર્દૃષ્ટિનું કાર્ય કરી શકે, કે આત્માને ઓળખી શકે એ વાત બનશે નહિ. જ્ઞાનલક્ષણથી જ્યાં આત્માને ઓળખવો છે ત્યાં પણ પર્યાયત્વ છે, અનિત્યપણું છે તે બહિર્તત્ત્વ છે.

મુમુક્ષુ :- આ જ્ઞાનીનું પરિણમન દેખાય ..

પૂજ્ય ભાઈશ્રી :- અંતર્દૃષ્ટિમાં તો જ્ઞાનની પર્યાયમાંથી સ્વભાવ પકડે છે. પર્યાયમાં રહેલા અંતરસ્વભાવને પકડે છે. પર્યાય ઉપર દૃષ્ટિ (છોડી દે છે) એમ છે. બાહ્ય દૃષ્ટિ રાખીને અંતર્દૃષ્ટિ પ્રગટતી નથી.

પ્રશ્ન :- પર્યાયત્વ છોડી દે છે ?

સમાધાન :- હા, પર્યાયથી જાણતા નથી, પણ સ્વભાવથી સ્વભાવને જાણે છે. પર્યાયથી સ્વભાવને જાણતા નથી, પણ સ્વભાવથી સ્વભાવને જાણે છે. ત્રિકાળીનો અંશ, ત્રિકાળીનો અંશ જે વ્યક્ત છે એનાથી આખો અંશી ઓળખે છે. અંશી અંશીને ઓળખે છે. એમ કહેવું છે. નહિતર તો પર્યાયનું અવધારણ તો અનાદિથી છે, પર્યાયદૃષ્ટિ તો અનાદિથી છે અને પર્યાયદૃષ્ટિને લઈને એને મૂઢદૃષ્ટિ કહ્યો છે, એને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. 'पर्याय मूढा परसमया'. અહીંયાં એથી વિશેષ બીજું શું કહ્યું ? અહીંયાં બીજી વાત છે. અહીંયાં સ્વભાવનો સ્પષ્ટ અનુભવાંશે, એ અનુભવનો અંશ છે. સ્પષ્ટ અનુભવાંશે સ્વભાવની પ્રતીતિ, વિશ્વાસ આવ્યો કે પ્રગટ આવો છું. પ્રગટ આવો જ છું ત્યારે એને સ્વરૂપ સન્મુખતા થઈ, સ્વરૂપની સન્મુખતા થઈ ત્યારે એ સ્વભાવ સન્મુખ થયો, ત્યારે એને સમ્યક્દર્શનનું કારણ હાથમાં આવ્યું, ત્યારે એણે અસ્તિત્વનું ગ્રહણ કર્યું. 'શ્રીમદ્જી'ની ભાષાએ અસ્તિત્વનું ગ્રહણ કર્યું. એ અસ્તિત્વ ગ્રહણ જે સમ્યક્દર્શનનું અંગ છે. એ સમ્યક્દર્શનનું અનન્ય કારણ ગણીને એને અંગભૂત કહેવામાં આવ્યું છે. એમ કહીને **'બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતર્દૃષ્ટિ પ્રગટ થતી નથી.'** એમ કહીને ઉપયોગને સૂક્ષ્મ કરીને બાહ્ય દૃષ્ટિપણું, સ્થૂળદૃષ્ટિપણું છોડીને સૂક્ષ્મદૃષ્ટિએ

જરા અંતર તત્ત્વને તપાસવું જોઈએ.

મુમુક્ષુ :- પરિણામને તપાસે તો જ ખ્યાલ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- બાહ્ય અને અંદરની કેટલીક અપેક્ષાઓ 'સોગાનીજી'એ લીધી છે 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં મુખ્ય મુખ્ય મુદ્દા એમાં આવરિત થયેલા છે. જેમકે જ્યારે કર્મના ઉદયની, સંયોગની વાત ચાલતી હોય અનુકૂળતા અને પ્રતિકૂળતાની. તો કહે છે કે એ તો બહિર્તત્ત્વ છે. બહારમાં જે અનુકૂળતા, પ્રતિકૂળતા, અનેક પ્રકારના સંયોગોના ફેરફારો ઊભા થયા એ બહિર્તત્ત્વ છે. કેમકે તે નોકર્મ છે, એ બહિર્તત્ત્વ છે. ખરેખર તો અંદરમાં એ પ્રકારના કર્મનો ઉદય છે – અશાતા વેદનીય, શાતા વેદનીય આદિનો એ અંતરતત્ત્વ છે. તો કર્મના ઉદયને વળગવા કરતાં, એ વખતે બહારમાં કર્મના સંયોગોને વળગવા કરતાં, બહિર્દૃષ્ટિએ એને નહિ વળગતાં જરાક અંતર દૃષ્ટિથી કર્મનો ઉદય છે. એ કર્મનો ઉદય છે, અંદરમાં એ પ્રકારના કર્મનો ઉદય છે એમ જોઈ લેજે.

આ વેપારમાં નુકસાન ગયું, લ્યો ને પૈસા ગયા, સમજ્યાં ? તો કહે ફલાણાએ ભૂલ કરીને એટલે પૈસા ગયા, અથવા આણે મને નુકસાન કરી દીધું. આ ભાગીદારે, ભાગીદારે નુકસાન કર્યું, ફલાણાનું આમ થયું. બહિર્દૃષ્ટિ(થી એમ લાગે) અંદરમાં જો કે તારા કર્મનો ઉદય છે. અંતર દૃષ્ટિથી જરાક વિચાર કર. ત્યાં એમ ઉતારે છે ? કે કર્મનો ઉદય બહિર્તત્ત્વ છે. એના નિમિત્તક તારા ભાવ છે એ અંતરતત્ત્વ છે, એને પણ તું બહિર્દૃષ્ટિથી જોઈશ નહિ. એનો જે કર્મનો ઉદય તો બહિર્તત્ત્વ છે પણ એમાં જે અશુદ્ધતા ઉત્પન્ન થઈ તે અંતરતત્ત્વ છે. એના નિમિત્તે અશુદ્ધતા ઉત્પન્ન થઈ તે અંતઃતત્ત્વ છે. કર્મના ઉદયથી તને કોઈ બાધા નથી પણ તારા અશુદ્ધભાવથી તને બાધા છે. આમ વાત છે. અંતર દૃષ્ટિથી, બધી જગ્યાએ અંતર દૃષ્ટિથી જો.

મુમુક્ષુ :- ઉપાદાનને જો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્યાં જ્યાં બહિર્દૃષ્ટિથી અવલંબન લેવાનો પ્રસંગ ઉત્પન્ન થાય ત્યાં તું બહિર્દૃષ્ટિ છોડી અને અંતર તત્ત્વને પકડજે. અંતર દૃષ્ટિથી જોજે. તો સામાન્ય રીતે જગતનો જીવ સંયોગ-વિયોગમાં અટવાણો છે, મૂંઝાણો છે. એને કહે છે કે તું અંદરમાં જો ! તારા જ કર્મનો ઉદય છે. અંદરમાં જોતા એમ કહે છે કે, તારા કર્મનો ઉદય છે એ તો બહિર્દૃષ્ટિથી નહિ જોતા અંતર્દૃષ્ટિથી જોજે કે તારી અશુદ્ધતાની તને બાધા છે. કર્મના ઉદયની કોઈ તને તકલીફ નથી. વળી એ અશુદ્ધ

પર્યાય એ બહિર્તત્ત્વ છે. એને જાણનાર જે જ્ઞાન છે એ જ્ઞાનની સ્વચ્છતા છે એ અંતર્દષ્ટિથી એને જોજે. રાગાદિ અશુદ્ધભાવને તું ન જો, એને જાણનાર જે જ્ઞાન છે એને તું જો. એને જાણનાર જ્ઞાન છે એ પર્યાયનું બહિર્તત્ત્વ છે. જાણનાર ધ્રુવ તત્ત્વ છે એને અંતર્દષ્ટિથી જો. આવી લીંક પકડી છે. ધ્રુવ સુધી લઈ જાય છે. એક કર્મના બહારના સંયોગથી સીધો ધ્રુવ સુધી એણે લાઇન લીધી છે. આ અંતર્દષ્ટિનો વિષય છે, આત્મા અંતર્દષ્ટિનો વિષય છે. સરવાળે બધા બહિર્દષ્ટિના વિષય છે. બહિર્દષ્ટિથી એને અવલંબવાને બદલે, બહિર્દષ્ટિથી એને વળગવાને બદલે એમાં તને કાંઈ હાથમાં આવશે નહિ. અંતર્દષ્ટિથી શુદ્ધાત્માને, ધ્રુવ આત્માને જોઈને અંતર્દષ્ટિ પ્રગટ કર. એ જ દૃષ્ટિ પ્રગટ કરવા જેવી છે. આમ સીધો પરમાર્થ સાથે એને અનુસંધાન છે.

હવે ધર્મના ક્ષેત્રમાં લઈએ તો, કે બાહ્યદૃષ્ટિથી બહુભાગ જીવો તો કષાયની મંદતાને અને તદ્અનુસાર કરાતા બાહ્ય ત્યાગ અને સંયમ આદિને જોઈને જીવને ત્યાં ધર્મ છે અને ધર્માત્માપણું છે એવી માન્યતા થાય છે. તો એ બાહ્યદૃષ્ટિમાં અંતર્દષ્ટિનો અભાવ છે. તો એને ખ્યાલ આવતો નથી કે ધર્મ શું ચીજ છે. અંતરતત્ત્વ સ્વરૂપે ધ્રુવને વળગેલી દૃષ્ટિ એની પાસે છે કે નહિ ? એને તપાસ્યા, ઓળખ્યા, જોયા વિના એકલા બાહ્ય ત્યાગ અને સંયમમાં જીવને ધર્મની માન્યતા થઈ જાય છે તો એ બહિર્દષ્ટિ થઈ ગઈ એવો જ પ્રકાર થઈ જાય છે ક્ષયોપશમમાં. બહારનો ઊઘડેલો ક્ષયોપશમ શાસ્ત્રાદિની ધારણાવાળા જ્ઞાનનો ક્ષયોપશમ અને તદ્અનુસાર પ્રગટ થતી જે ભાષાની પર્યાય, ભાષાવર્ગણા એ પણ આત્માથી બહાર છે. તો કેટલાક તો ભાષામાં અર્પાઈ જાય છે અને ભાષાની અંદર વિમોહિત થાય છે અને એ રીતે ત્યાં ધર્મ અને ધર્માત્મા કોણ છે એ વિષયમાં બહિર્દષ્ટિથી ગોથું (ખાય છે.) એ પણ બહિર્દષ્ટિનું કાર્ય છે.

અંતર્દષ્ટિથી, એની દૃષ્ટિએ એના શ્રદ્ધાને અનંત શાંતિના પૂંજનો આશ્રય લીધો છે કે નહિ ? આ તપાસવાનું છે. નહિતર બહિર્દષ્ટિથી એવી ભૂલ કરી રખડે છે. અને જ્યાં ખરેખર આત્માને ઓળખવાનો અમૂલ્ય સમય છે એ ગુમાવીને મિથ્યાત્વને દૃઢ કરીને, વળી પાછો પરિભ્રમણના ચક્કરમાં ચાલ્યો જાય છે. એક મનુષ્ય ભવમાં કાંઈક સમજણ કરવાનો મધ્યસ્થબુદ્ધિ દ્વારા અવસર છે ત્યાં પણ જીવ બહિર્દષ્ટિ થયો થકો કાં તો ત્યાગમાં વિમોહિત થાય છે અને કાં તો જ્ઞાનના, બાહ્ય જ્ઞાનના ઉઘાડમાં વિમોહિત થાય છે, કાં ભાષામાં મોહિત થાય છે અને પોતાનું મનુષ્ય જીવન ગુમાવી

બેસે છે. એ બધું એમાં આવી જાય છે.

મુમુક્ષુ :- અશુદ્ધતા આવે છે એની ઉપર ધ્યાન નથી એ મોટામાં મોટી વાત કરી.

પૂજ્ય ભાઈશ્રી :- બહિર્તત્ત્વ છે. શુદ્ધ પર્યાય તે અંતઃતત્ત્વ છે. એક ન્યાયે શુદ્ધ પર્યાય પણ બહિર્તત્ત્વ છે અને ત્રિકાળી શુદ્ધ આત્મા તે અંતઃતત્ત્વ છે. આ સીધો પરમાર્થનો વિષય છે. અહીં સુધી એણે પહોંચવું જોઈએ. એ બધું કહેવા માગે છે એ બધું માર્ગદર્શન એક લીટીમાં રહેલું છે.

**'બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતર્દૃષ્ટિ પ્રગટ થતી નથી.'** એમ બાહ્ય દૃષ્ટિથી જોયા કરે કે આ તો એક જ વખત આહાર લે છે, આટલું સાદું ખાય છે, અથવા આટલું સરસ સમજાવી શકે છે, આટલું યાદ રહે છે, આટલું જ્ઞાન છે, આટલું સ્મરણ છે. એ બધાથી, એનાથી કોઈ અંતર્દૃષ્ટિ પ્રગટતી નથી. એની મુખ્યતાથી, બહિર્તત્ત્વની મુખ્યતા જ્યાં સુધી આપીશ, બહિર્તત્ત્વને જ્યાં સુધી મહત્વ આપીશ ત્યાં સુધી અંતર્દૃષ્ટિ પ્રગટ થશે નહિ. એમ ચોખ્ખું કહેવું છે. અંતર્દૃષ્ટિ પ્રગટ કરવા માટે એક અંતર તત્ત્વને મુખ્યતા આપ, એક અંતર સ્વભાવને મુખ્યતા દે, બધું (કમાડ) ખૂલી જશે. તારું જ્ઞાનનેત્ર ખૂલી જશે, દૃષ્ટિમાં શુદ્ધાત્મા અંતરતત્ત્વ આવતા તારું જ્ઞાનનેત્ર ખૂલી જશે, બધું તને યથાસ્થાને જણાઈ જશે. ક્યાંય તારી ભૂલ થાશે નહિ.

મુમુક્ષુ :- ઘણા જીવો આત્માને પ્રાપ્ત કરે માટે શાસ્ત્રઅભ્યાસ કરવો કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- કોણે કરવો ? બધાએ કરવો ? કે પોતે કરવો ? કોની વાત છે ? પ્રશ્ન પૂરેપૂરો જરા સમજાવો. ઘણા જીવો આત્માને પ્રાપ્ત કરે એના માટે શાસ્ત્ર અભ્યાસ કરવો. કોણે ? પોતે. બીજા માટે ? એ બહિર્દૃષ્ટિ કેળવવા જેવી નથી. એક જગ્યાએ 'શ્રીમદ્જી' લખે છે હાથનોંધમાં. કે એ કરુણાવૃત્તિ છે કે બીજા જીવો પણ પામે. બીજા જીવોને દુઃખ ન હો એવી કરુણા આવે છે. બીજા જીવો પામે. તો એવી પરમ કારુણ્યવૃત્તિ, એવી જે બહુ ઊંચી કક્ષાની પરમ કારુણ્યવૃત્તિ આવે, તોપણ તે પહેલા પ્રથમ જિનપ્રતિમા થા ! જિનપ્રતિમા થા !! આટલા શબ્દો લીધા છે. વવાણિયામાં તો એ અંદર દરવાજાના અંદરના ભાગમાં આશ્રમમાં બેઠા હોય તો એ વખતે વંચાય. કેટલી જગ્યાએ માર્ગદર્શન મૂકેલું છે. પરમ કારુણ્યવૃત્તિ તને આવતા, પ્રથમ તું જિનપ્રતિમા થા ! જિનપ્રતિમા થા !! આત્મા ધ્રુવ જિનપ્રતિમા છે, પહેલા તો એકવાર

તું એ રૂપ થઈ જા. તું પામી લે. પછી શું કર્તવ્ય છે ? અકર્તવ્ય છે ? એ બધું સહેજે સહેજે તને સમજાશે. જ્ઞાનીને અથવા ધર્માત્માને તો સહેજે વિકલ્પ ઊઠે છે. સહેજે વિકલ્પ ઊઠે છે એનું એને મૂલ્ય નથી, એના ઉપર એનું વજન નથી. એ જાણે છે કે, પૂર્ણ થયો નથી એટલે બીજા જીવો પ્રત્યેનો વિકલ્પ આવી જાય છે. એનો આગ્રહ, ને એનો દૂરાગ્રહ એ કાંઈ એને હોતું નથી. જેમ થાવું હોય તેમ થાવ. બહારમાં કોઈ મારો અધિકાર નથી. બસ ! પોતાનો અધિકાર નથી એ વાત એને મુખ્ય છે. પોતાનો અધિકાર પોતામાં છે. પ્રથમ તો એને જિનપ્રતિમા થવું છે. સમ્યક્દર્શનમાં જિનપ્રતિમા થાય છે. કેવળજ્ઞાન થાય ત્યારે સાક્ષાત્ જિનપ્રતિમા થાય છે. પ્રતિમાવત, પ્રતિમા એટલે પ્રતિમાવત. એમ. હલનચલન વિના અડોલ, નિશ્ચળ થાય છે. પછી વાણી છૂટીને જેને પમાય એને પમાય, યોગ્યતાવાળા પામે તો પામે, બાકી એ તો સહેજે સહેજે એ થઈ જાય તો થઈ જાય. એથી વધારે એના ઉપર વજન નથી.

મુમુક્ષુ :– બેસતા વર્ષની બોણી. જિનપ્રતિમા થા ! જિનપ્રતિમા થા !!

પૂજ્ય ભાઈશ્રી :– મૂળમાં બહુ ભાવવાહી છે. પોતાને આત્મા.. હાથનોંધમાં તો પોતાને અનુલક્ષીને ઘણું લખે ને ? અંગત લખાણ ઘણું હોય છે. પોતાને ક્યારેક ક્યારેક વિકલ્પ ઊઠે છે કે શાસન ચલાવું, શાસનના જીવોને બોધ આપું, માર્ગ લુપ્ત પ્રાયઃ થઈ ગયો છે એનો ઉદ્યોત કરું એવો વિકલ્પ ઊઠે. વળી પાછા એની મૂળ વાત પર આવી જાય.

પોતાના પરિણામને બહુ સંબોધન કર્યા છે. હે પ્રમાદ ! હે બ્રહ્મચર્ય ! હે વ્યવહારનો ઉદય ! હે દિવ્યસૂત્રતા ! હે બોધબીજ ! હે જ્ઞાન ! હે ચારિત્ર ! હે યોગ ! હે ધ્યાન ! હે વ્યગ્રતા ! હે અલ્પ કે મધ્ય અલ્પ કષાય ! હે સર્વજ્ઞપદ ! હે અસંગ નિર્ગ્રંથ પદ ! હે પરમ કરુણામય સર્વ પરમહિતના મૂળ વીતરાગ ધર્મ ! હે આત્મા ! બધાયને. આત્મા કરીને એ વાત લીધી છે. નિજસ્વભાવાકાર વૃત્તિમાં જ અભિમુખ થા ! અભિમુખ થા !! (હાથનોંધ -૩, ૨૬મું)

મુમુક્ષુ :– ત્રેવીસમાં વર્ષમાં ?

પૂજ્ય ભાઈશ્રી :– હાથનોંધ છે. હાથનું લખેલું છે. સમય નથી નાખેલો. ભલે લખ્યું છે એમણે પોતાના માટે પણ જેને પોતાના ઉપર સ્વલક્ષે અધ્યયન કરવું છે એને તો ઉપકારી થાય તેવું છે. વિશેષ...

તા. ૨૪-૧૦-૧૯૮૭, વચનામૃત–૨૦૮
પ્રવચન નં. ૧૬૬

**'બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતર્દૃષ્ટિ પ્રગટ થતી નથી.'** આત્માને છોડીને પોતાના શુદ્ધાત્મતત્ત્વની અન્ય દ્રવ્યભાવમાં, ઉદયભાવમાં ઉપાદેયતા થતી નથી. અન્ય દ્રવ્યભાવનો આદર થયો નથી. પોતાના સ્વરૂપનો અનાદર થઈને અથવા એની ઉપાદેયતાનો કોઈ સહજ પ્રયત્ન થતો નથી. ત્યાં બાહ્ય દૃષ્ટિ છે. એ દૃષ્ટિપૂર્વક એવા પરિણમનપૂર્વક શુદ્ધાત્માની અંતર્દૃષ્ટિ થતી નથી. મૂળમાં સિદ્ધાંત આ છે. પછી બાહ્ય વ્યવહારમાં અનેક જગ્યાએ જ્યાં જ્યાં આ જીવની પ્રવૃત્તિ છે, જે જે પ્રસંગે, જે જે ઉદયમાં – એ તમામ પ્રવૃત્તિમાં બાહ્ય દૃષ્ટિ હોવાને લીધે જીવના જ્ઞાનમાં વિવેક પણ પ્રવર્તતો નથી. આ પણ બાહ્ય દૃષ્ટિનો જ પ્રભાવ છે કે જેને લઈને જીવના જ્ઞાનની અંદર (આ સ્થિતિ ઊભી) થાય છે. એટલે બાહ્ય પ્રસંગોમાં પણ એનો હેય-ઉપાદેયનો વિધિ-વિષયકનો જે વિવેક છે એ વિવેકમાં ભૂલ થાય છે, ક્ષતિ આવે છે અથવા સ્વભાવ વિપરીતતા થાય છે, એનું કારણ પણ બાહ્ય દૃષ્ટિ જ છે. એથી પ્રથમથી જ અંતર્દૃષ્ટિ થવા અર્થે વિચારણા હોવી ઘટે છે. અને અંતર્દૃષ્ટિ થવાનું, પ્રાપ્ત કરવાનું (કહેવાય છે) જો એમ થાય તો બાહ્ય દૃષ્ટિનું જોર મટે. બાહ્ય દૃષ્ટિ ટળે તો પછી, પણ બાહ્ય દૃષ્ટિનું જોર ઘટે અને અંતર્દૃષ્ટિ પ્રાપ્ત થવાનો અવકાશ થાય. તેથી બાહ્ય દૃષ્ટિ ત્યાગવા યોગ્ય છે, છોડવા યોગ્ય છે (અને) અંતર્દૃષ્ટિ પ્રાપ્ત કરવા યોગ્ય છે.

આ સિદ્ધાંત એટલા માટે પણ મુખ્ય કરવામાં આવે છે કે, બાહ્ય દૃષ્ટિ અને અંતર્દૃષ્ટિના વિષયને છોડીને, એ પ્રકરણને છોડીને એ સંબંધી તો તદ્દન અજ્ઞાન વર્તતું હોય અને જીવ આચરણ અને જ્ઞાનની અંદર આગળ વધવા મંડે છે, કોઈ જીવ બાહ્ય

આચરણમાં આગળ વધવા માગે છે, તો કોઈ જીવ બાહ્ય જ્ઞાનમાં આગળ વધવા માંગે છે. પણ એ ભૂલી જાય છે કે બાહ્ય દૃષ્ટિ રાખતા કાંઈપણ — ન તો જ્ઞાનનો લાભ થવાનો છે, ન તો આચરણનો લાભ થવાનો છે. એટલે આ પાયાનો વિષય થઈ પડે છે કે, અંતર્દૃષ્ટિ વિના કોઈપણ રીતે આગળ વધી શકાશે નહિ અથવા બાહ્ય દૃષ્ટિ ચાલુ રહે, ચાલુ ને ચાલુ રહે તો અંતર્દૃષ્ટિ ન પ્રગટે, અંતરજ્ઞાન પણ ન પ્રગટે અને સાચું આચરણ પણ પ્રગટી શકે નહિ. આ વિષયમાં તો મહત્વની આ વાત કરી છે. તેથી જ્ઞાનીઓને નિશ્ચય આ શુદ્ધ છે. અંતર્દૃષ્ટિમાં છે, તે સ્વરૂપ અંતર્દૃષ્ટિમાં છે ત્યાં એનો વ્યવહાર પણ યથાયોગ્ય સ્થિતિમાં વિવેક સહિત હોય છે અને એ વ્યવહાર યથોચિત વ્યવહાર ગણવામાં આવે છે. અથવા બાહ્ય પરિણામમાં પણ – જ્ઞાનીના બાહ્ય પરિણામને વ્યવહારનું સ્થાન મળે છે. અજ્ઞાનીના બાહ્ય પરિણામને વ્યવહારનું સ્થાન મળતું નથી.

**'આત્મા બહાર નથી; આત્મા તો અંદરમાં જ છે.'** હવે સ્વરૂપ પ્રાપ્તિ માટે, સ્વરૂપાનુભવ માટે ક્યાંય આત્મા બહાર નહિ હોવાથી – કોઈપણ બાહ્ય સાધન, બાહ્ય ક્રિયા, બાહ્ય સ્થાન અથવા બાહ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બધું એમાં (આવી ગયું. એમાં ક્યાંય આત્મા નહિ હોવાથી અને આત્મા તો પોતાનું અંતઃતત્ત્વ સ્વરૂપ, અંતર્મુખ તત્ત્વ હોવાથી, આત્મ પ્રાપ્તિ માટે અથવા આત્માનુભવ માટે, આત્માનુભવમાં સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેયનો સમાવેશ થઈ જાય છે. આત્માનુભવ કહેતા એમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જાય છે.

મુમુક્ષુ :– અનાદિકાળથી બહાર જ બેઠો છે.

પૂજ્ય ભાઈશ્રી :–બાહ્ય દૃષ્ટિથી બધું કર્યું (છે). આજીવન ઊંધે માથે લટકીને તપશ્ચર્યા કરી હોય તોપણ એણે બાહ્ય દૃષ્ટિથી કર્યું, અંગપૂર્વાદિનું જ્ઞાન કર્યું તોપણ એને બાહ્ય દૃષ્ટિથી કર્યું, જે કાંઈ કર્યું તે બધું બાહ્ય દૃષ્ટિ રાખીને. બહારને બહાર અંતરમાં શુદ્ધઆત્મતત્ત્વ છે, પરમાત્મ તત્ત્વ છે, અનંત દૃષ્ટિનો, શરૂઆતથી તે એની દૃષ્ટિ જ (નથી કરી) એ દૃષ્ટિ વિના જ બધું કર્યું. તેથી જેટલું કર્યું એ બધું વ્યર્થ ગયું છે. એનાથી આત્માને કોઈપણ પ્રકારનો લાભ થયો નથી. બહુભાગ તો એ દિશામાં બાહ્ય દૃષ્ટિથી આગળ વધીને આ જીવે મિથ્યાત્વ ઘૂંટીને, મિથ્યાત્વ દઢ કરીને, પોતાને વિશેષપણે દર્શનમોહથી આવરીત કરીને નુકસાન કર્યું છે. મોટું નુકસાન કર્યું છે.

કહે છે કે, **'આત્મા બહાર નથી; આત્મા તો અંદરમાં જ છે. માટે તારે બીજે ક્યાંય જવું નહિ,...'** માટે તારે બીજે ક્યાંય જવું નહિ. બીજે ક્યાંય જવું નહિ એટલે ક્ષેત્રથી મુખ્ય વાત નથી કરવા માગતા પણ **'પરિણામને ક્યાંય ભટકવા દેવા નહિ;...'** પરિણામ તો બહાર કાંઈ એમ ને એમ મફતના જતા નથી, પણ બાહ્ય તત્ત્વોની, બાહ્ય પદાર્થોની ઉપાદેયતા હોવાને લીધે; (એ) ઉપાદેયતા બાહ્ય દૃષ્ટિની હયાતીને સૂચવે છે. બાહ્ય પદાર્થની ઉપાદેયતા બાહ્ય દૃષ્ટિને સૂચવે છે. પરિણામને ક્યાંય ભટકવા દેવા નહિ એમાં એ વાત આવી જાય છે કે, પરિણામને, જો તારું અંતરમાં પ્રયોજન ભાસ્યું હોય તો આ વાત તને લાગુ પડે છે કે, પરિણામને ક્યાંય ભટકવા દેવા જેવા નથી.

અનાદિથી ઉદય છે એ જ સર્વસ્વ અને એ જ આત્મા થઈ પડ્યો હોવાને લીધે આખો પરમાત્મા એનો અનાદર, આખો પરમાત્મા હેય થઈ ગયો છે – આ પરિસ્થિતિ છે. કહે છે કે, હવે આ વિચારમાં આવતા, આ વિચારધારાને અનુસરીને — સુવિચારણા છે. **'પરિણામને ક્યાંય ભટકવા દેવા નહિ;...'** પરંતુ **'તેને...'** તેને એટલે પરિણામને **'એક આત્મામાં જ વારંવાર લગાડ;...'** આત્માનું મહત્વ છે, આત્મા જ સર્વસ્વ છે, એમાં જ સુખ-શાંતિ છે, એ બાજુ જતાં જ બધું સવળું છે, એ દિશા નહિ પકડતા બધું અવળું છે. એ બધું સમજનો સરવાળો એ આવે છે કે પરિણામને એ બાજુ લઈ જવા, પરિણામ એ દિશા પકડે, એ દિશાની એ ગતિ પકડે અને બીજી દિશા છોડી દે.

મુમુક્ષુ :– પરિણામને લઈ તો જવા છે અંદરમાં પણ જતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :– પરિણામ જતા નથી તો એ તો વાત આવી કે, મફતનાં કાંઈ બહાર જતા નથી. અંદર જતા નથી ને બહાર તો નથી લઈ જવા તોપણ જાય છે તેનો અર્થ શું ? કે ત્યાં લાભ છે એ વાત છોડી નથી. ત્યાં લાભ છે એ વાત છોડી નથી. લાભ અથવા નુકસાન. નુકસાનથી બચવું છે અને લાભ કરવો છે આ વાત થોડી (નક્કી કરવી) એમાં કાંઈ પોલ ચાલે એવું નથી, કેમકે પરિણામ ચાલ્યા જશે. કોઈ એમ કહે કે ના, અમે આ જાણીએ છીએ અને આ માનીએ છીએ. અમે તો આ વાત જાણીએ છીએ અને આ વાત અમે માનીએ છીએ. પરિણામ જે બહાર જાય છે એ તારું જાણેલું અને માનેલું ક્યાં છે ? એ વાતને બરાબર પ્રસિદ્ધ કરે છે,

સાબિત કરે છે. એમાં કાંઈ બીજી ગડબડ ચાલે એવું નથી.

**'પરિણામને ક્યાંય ભટકવા દેવા નહિ; તેને એક આત્મામાં જ વારંવાર લગાડ; વારંવાર ત્યાં જ જવું,...'** ક્યાં ? આત્મામાં જ જવું. વારંવાર ભાવથી પોતાના સ્વરૂપમાં જ જવું. પરિણામ દ્વારા પોતાના સ્વરૂપમાં જ જવું. વજન છે સ્વરૂપ ઉપર. વાત ચાલે છે પરિણામની તોપણ વજન છે અહીંયાં સ્વરૂપ ઉપર. એ વારંવાર સ્વરૂપ પ્રત્યે જવું, એ સ્વરૂપ ઉપર વજન છે. વાત જવાની હોવા છતાં તે ગૌણ છે. ક્યાં જવું ? એ વાત મુખ્ય છે. **'વારંવાર ત્યાં જ જવું, એને જ ગ્રહણ કરવો.'** એટલે શુદ્ધાત્માને જ ગ્રહણ કરવો. એને ગ્રહણ કરવો એટલે એમાં પોતાના અસ્તિત્વને ગ્રહણ કરવું. પોતાની હયાતીનો અનુભવ કરવો. આત્મામાં જ પોતાની હયાતીનો અનુભવ કરવો. એને ગ્રહણ કરવું એમ કહેવામાં આવે છે.

પ્રશ્ન :- એટલે હું જ છું આત્મા એમ. અસ્તિત્વને ગ્રહણ કરવું એટલે ?

સમાધાન :- ત્યાં એની હયાતી (છે), જે પોતે હયાત છે એ હયાતપણાનો અનુભવ કરવો. એ શું કરે છે ? કે રાગની હયાતીને અનુભવે છે. રાગના વિષયરૂપ પરપદાર્થની હયાતીનો અનુભવ કરે છે. પોતાની હયાતી હોવા છતાં પોતાની હયાતીને અનુભવમાંથી છોડી દે છે. તેથી એમ કહે છે કે એનો અનુભવ કરવો. **'એને જ ગ્રહણ કરવો. આત્માના જ શરણે જવું.'** એક શુદ્ધાત્માના જ શરણે જવું.

મુમુક્ષુ :- સોગાનીજી આસન લગાવી દેવાનું કહે, આત્મામાં આસન લગાવી દેવું એમ કહે.

પૂજ્ય ભાઈશ્રી :- એ બધું જ છે. આત્માનો આશ્રય કરવો, આત્મામાં એકાગ્રતા કરવી, આત્માને પકડવો, આત્માને ગ્રહવો, આત્માને અનુભવવો, આત્માના શરણે જવું - એ બધું એમાં આવી ગયું.

મુમુક્ષુ :- વાત એક જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક જ વાત છે. શબ્દો જુદાં જુદાં છે. એક જ, જુદાં શબ્દોથી એક જ ભાવને કહેવા માગે છે. અને વાચક જુદાં જુદાં હોવા છતાં વાચ્ય એનું કહી શકે છે. જુદાં જુદાં વાચક શબ્દોથી જુદી જુદી યોગ્યતાવાળાને એ જ ભાવ સમજવાનું નિમિત્ત પડે છે તેથી એ સધાય છે. નહિતર તો શબ્દો ઓછા છે અને ભાવ ઘણા છે, તોપણ કેટલીક જ્ગ્યાએ એક જ ભાવ માટે ઘણાં શબ્દોનો પણ પ્રયોગ થઈ

શકે છે. શબ્દો ઓછા છે અને ભાવ અનેક છે. તો એક શબ્દ અનેક ભાવ માટે વાપરવો પડે છે. એકનો એક શબ્દ અનેક ભાવ માટે વાપરવો પડે છે. પાણી એટલે પાણી પણ કહેવાય અને પાણી એટલે હાથ પણ કહેવાય. બન્ને શબ્દમાં પાણી જ છે. કોઈવાર રસ્વઈદીર્ઘઈનો લખાણમાં ફેર હોય છે પણ ઉચ્ચારમાં તો સામાન્ય રીતે ફેર પડતો નથી. તો એક જ વાચકના, એક જ શબ્દના અનેક અર્થ પણ થાય છે, અને એક ભાવ બતાવવા માટે અનેક શબ્દોનો પ્રયોગ પણ થઈ શકે છે. બન્ને વાત છે. ભાવ–શબ્દને, વાચક-વાચ્યને બન્ને સાથે સંબંધ છે.

**'એને જ ગ્રહણ કરવો.'** અથવા આત્મા છે એ પરમાત્મા હોવાથી – પરમ સ્વરૂપે, પરમ તત્ત્વ, પરમ પદાર્થ, પરમાત્મા, પરમ ઉપાદેયભૂત હોવાથી એના જ શરણે જવું. પરમાત્માના શરણે જાય છે ને બહાર ? હે ઈશ્વર ! હે ભગવાન ! તારા સિવાય અમારે કોઈનું શરણ નથી. સગા-સબંધી, મિત્રો, સમાજ બધાથી પ્રતિકૂળતા ઊભી થતી હોય તો ત્યારે માણસ થાકીને – એ લોકોએ ઈશ્વરકર્તાપણું માન્યું છે. હે ભગવાન ! તારું શરણ છે, અમારે કોઈનું શરણ નથી. અહીંયાં કહે છે કે, એ ભગવાન તો કાંઈ કરી શકે એવું નથી. કોઈ ભગવાન, જેને ગમે તેને ભગવાન માને કોઈ કાંઈ કરી શકે એવું નથી. તારો ભગવાન છે તારામાં એના શરણે જા !! એટલે યોગક્ષેમ. ગીતાનું વચન છે. અર્જુનને કહે તું યુદ્ધ કર ભાઈ ! મામા-ફઈના ભાઈ (થાય.) તું યુદ્ધ કર, બાકી યોગક્ષેમ બધું મારા હાથમાં છે. એ તાર ક્ષેમ, તારી બધી એનું વહન તો હું કરું છું. યોગક્ષેમનું વાહનમ્. હું એનું વહન કરું છું. એમ અહીંયાં કહે છે કે પરમાત્માના શરણે જા ! એ તારા યોગક્ષેમનો કરનારો તો તારો પરમાત્મા છે. સર્વપણે તું સુરક્ષિત છો. એના શરણમાં જતા તું સર્વપણે સુરક્ષિત છો. અને એનું શરણું હાથ નહિ લેતા, એના શરણમાં નહિ (આવતા) કોઈ પ્રકારે મરણ-ભય અને આકુળતાથી છૂટવાનો કોઈ રસ્તો કે કોઈ આરોવારો, કોઈ ઉપાય નથી. ચાહે અનુકૂળતાના ગંજ ખડકાય તોપણ એમાં એને યોગક્ષેમ નથી, એની કોઈ સલામતી નથી.

નાયરોબી આફ્રિકામાં તો પૈસા બહુ કમાય શકાય. બહુ Easy Earning છે પણ સલામતી નથી. છે સલામતી ? ઘરમાં ભયથી રહેવું, બહાર નીકળે તો (ભય), જે સમયમાં નીકળાય એમાં સલામતી નથી. વાડી છે ને ? ઓસવાલની વાડી મોટી છે. ત્યાં ગુજરાતી ઓસવાલ બધા જૈનોના ફંકશનો, બધા એની અંદર જમણવારના

થાય છે. આપણા એક મુમુક્ષુનું ખૂન એ રીતે થયું, ઉંમર પચાસ, પિસ્તાલીસ-પચાસ વર્ષની હતી. મોટર, ત્યાં ચાલીને તો કોઈ આવે જાય નહિ. એમાં તો બચવાની શક્યતા જ નથી. મોટરમાં જ આવવા જવાનું. ઊભી રાખી ને નીચે ઊતર્યા એ ભેગા બધાએ ફટ ફટ ફટ ગોળીઓ છોડી દીધી. એ જ વખતે ત્યાં ને ત્યાં ખલાસ. વાડીમાં જતા (હતા) પૈસા લાખો, કરોડો, અબજો મળે. સલામતી ? કે કાંઈ નહિ. એ સલામતી કાંઈ નથી (એ) ક્યાં સુધી ? કે દેહને આત્મા માન્યો છે અને આ બધા સંયોગો મારા છે, એનાથી મારે જરાય છૂટું પડવાની ઇચ્છા નથી, અભિપ્રાય નથી ત્યાં સુધી એ ભયના પૂતળા છે. જ્યાં એનાથી ભિન્ન થયો કે કાંઈ મારું નથી. પરમાત્મ તત્ત્વ, જ્ઞાનતત્ત્વ મારું છે. જ્ઞાનતત્ત્વ સિવાય મારું કાંઈ નથી એ સુરક્ષિત છે. જ્યાં હોય ત્યાં સુરક્ષિત છે. કોઈપણ હાલતમાં હોય તોપણ એ સુરક્ષિત છે.

**'આત્માના જ શરણે જવું. મોટાના આશ્રયે જ બધું પ્રગટ થાય છે.'** અહીંયાં કોણ મોટું છે ? બહારમાં કોઈ મોટાની વાત નથી. કોઈ મોટાનો આશ્રય લીધો એટલે રિદ્ધિ-સિદ્ધિ પ્રગટ થશે એ વાત અહીંયાં કરવા માંગતા નથી. કોઈ એવા યતિ, મુનિ ચમત્કારિક પુરુષ, કોઈ મળી જાય એટલે એ બધું રિદ્ધિ-સિદ્ધિ પ્રગટ થાય એ કહેવા માગતા નથી. મોટાના આશ્રયે એટલે સૌથી મોટું પોતાનું સ્વરૂપ છે એના આશ્રયે જ બધું પ્રગટ થાય છે. આને અંતર્દૃષ્ટિ પ્રગટાવવા માટે આખી વાત છે. પહેલેથી જે વાત લીધી છે કે, બાહ્ય દૃષ્ટિ છોડવી અને અંતર્દૃષ્ટિ પ્રગટ કરવી. અનાદિની બાહ્ય દૃષ્ટિ છે તે રાખીને કાંઈ લાભ થવાનો નથી. **'મોટાના આશ્રયે જ બધું પ્રગટ થાય છે.'** બહુ ઘરગથ્થુ ભાષા છે કે મોટાના આશ્રયે બધું પ્રગટ થશે એમ, થોડું પ્રગટ થશે એમ નહિ, અલ્પ મળશે એમ નહિ, બધું પ્રગટ થશે. તારી પૂર્ણ સુખ ને શાંતિ, તારો પૂર્ણ વૈભવ બધું જ પ્રગટ થઈ જશે. પુણ્ય અને પુણ્યના ઉદયનો તો હિસાબ જ નથી અહીંયાં. તને પુણ્ય, બધા પાપ મટી જશે ને પુણ્ય સવળા થઈ જશે ને ઉદય સારા આવશે એ તો કાંઈ કહેતા નથી. જરૂર પણ નથી, એ વાત કહેવાની જરૂર પણ નથી. બધું પ્રગટ થઈ જશે ત્યાં આત્માની અનંત રિદ્ધિ-સિદ્ધિ, ગુણની જે રિદ્ધિ-સિદ્ધિ છે, ગુણનો વૈભવ છે એ બધું પ્રગટ થઈ જશે.

**'મોટાના આશ્રયે જ બધું પ્રગટ થાય છે.'** એ બધું પ્રગટ થતાં એમ કહે છે કે, તારે હવે કોઈની અપેક્ષા રહેશે નહિ. બધું મળી ગયું તને. માણસ કહે છે ને

કે તમે મળ્યા એટલે બધું મળી ગયું. બહુ સ્નેહ-પ્રેમ વ્યક્ત કરવો હોય તો કહે, તમે મળ્યાને (એટલે) બધું મળી ગયું. હવે અમારે કોઈની જાણે વાંચ્છા નથી. એમ અહીંયાં બધું મળી ગયું એટલે જગતના કોઈ પદાર્થની સ્પૃહા કે અપેક્ષા રહેતી નથી એવું પૂર્ણ તત્ત્વ મળી ગયું. અને પૂર્ણ તત્ત્વને મળી જતા પૂર્ણ અવસ્થા થવાની સ્થિતિ ઊભી થઈ ગઈ. એ પરિસ્થિતિ જ ઊભી થઈ ગઈ એટલે બધું મળી ગયું.

તેથી **'અગાધ શક્તિવાળા ચૈતન્યચક્રવર્તીને ગ્રહણ કર.'** બીજું કાંઈ ગ્રહણ કરવાની વાત નથી. પણ **'અગાધ શક્તિવાળા ચૈતન્યચક્રવર્તીને ગ્રહણ કર.'** બીજું તો પકડી શકતો પણ નથી. ધુમાડાને ગમે તેટલા બાચકા ભરે કેટલો ધુમાડો હાથમાં રહે ? અત્યાર સુધી ઘણું ખાધું ને ઘણું પીધું. કેટલું હાથમાં રહ્યું ? જ્ઞાન તત્ત્વમાં જોવે તો કેટલું હાથમાં રહ્યું છે ? કોરેકોરું છે. પીવા લાયક પદાર્થનો એક બિંદુ ત્યાં નથી, ખાવા લાયક રજકણનો એક રજકણ પણ એમાં નથી. એ વખતે સ્પર્શ્યો નહોતો, રહેવાનો તો પ્રશ્ન છે નહિ. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– ધન-દૌલત, સગાવહાલા કાંઈ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– હોય તો તો સદાય રહેવા જોઈએ. અને હોય તો એને એ દુઃખનું કારણ થવા જોઈએ નહિ. એક ને એક વ્યક્તિ ક્યારેક સુખના કારણરૂપે જોવે છે કલ્પના કરવામાં, ક્યારેક એને ને એને દુઃખના કારણરૂપે જોવે છે. આમ છે. ધુમાડાનું દૃષ્ટાંત એટલા માટે છે કે, આ આત્માના હાથમાં કાંઈ આવ્યું ? ને કાંઈ રહ્યું છે ? કે બસ એણે ધુમાડાના બાચકાં, ધુમાડાને બાચકાં ભર્યાં છે એ સિવાય બીજું કાંઈ છે નહિ. **'અગાધ શક્તિવાળા ચૈતન્યચક્રવર્તીને ગ્રહણ કર.'** જેમ ચક્રવર્તીની સંપત્તિ બહુ મોટી છે. જો કે બહુ મોટી છે તોપણ મર્યાદિત છે. આત્મા ચૈતન્ય ચક્રવર્તીની સંપત્તિ અમર્યાદિત છે. મર્યાદિત નથી પણ અમર્યાદિત છે. આમ છે. દૃષ્ટાંત ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ આપે છે, (પણ) દૃષ્ટાંત પૂરું પહોંચતું નથી, દૃષ્ટાંત ટૂંકું પડે છે. આત્માની મહિમા બતાવવા જતા જગતના તમામ દૃષ્ટાંતો ટૂંકા પડે છે. એટલો આત્મા મહાન છે એમ કહેવું છે. એથી આત્માને અનુપમ પણ કહેવામાં આવે છે. ઉપમા આપી શકાતી નથી એવો પણ કહેવામાં (આવે છે.) ઉપમા આપતા જાય છે અને ઉપમા આપી શકાતી નથી એમ કહેતા જાય છે. બન્ને વાત કરે છે.

**'મોટાના આશ્રયે જ બધું પ્રગટ થાય છે. અગાધ શક્તિવાળા ચૈતન્યચક્રવર્તીને**

**ગ્રહણ કર.**' અગાધ શક્તિવાળા ચૈતન્યચક્રવર્તીને ગ્રહણ કર એમાં તારી અનંત સંપત્તિ ભરી છે. દૈવીસંપત્તિ ભરી છે, ચમત્કારિક સંપત્તિ ભરી છે. એક સમ્યક્-મિથ્યાત્વની દશા વચ્ચે બહુ મોટો ચમત્કારિક ફેરફાર છે. સ્વરૂપનો મહિમા આવતા... આવતા... વધતા... વધતા... જ્યાં સ્વરૂપનો આનંદ પ્રગટ થયો, તો અનાદિની અનંતાનુબંધીની અને દર્શનમોહ સહિતની આકુળતાની સ્થિતિ એનો અભાવ થયો અને કોઈ નવી જ આનંદની ચમત્કારિક દશા પ્રગટ થઈ. બહુ મોટો ફેર તો પ્રારંભથી જ થઈ જાય છે. જેમ કોઈ એક માણસ કોઈ પીણું પીવે, એનો દેખાવ દિવ્ય તેજ, તેજનો અંબાર જેવો થઈ જાય. આ શું બની ગયું ઘડીકમાં ? સામાન્ય માણસ છે પણ દેવ જેવો દેખાય છે ! છે શું ? બહારનો ફેરફાર હોય તો ખબર પડે. આ એવો અંદરનો ફેરફાર છે.

'રત્નકરંડશ્રાવકાચાર'માં ૧૨૮મી ગાથામાં એમ લીધું કે, જેમ અગ્નિ ઉપર રાખ વળી ગઈ હોય તો, એને બાહ્ય દૃષ્ટિ જીવ અગ્નિ તરીકે જોઈ શકતો નથી. બાહ્ય દૃષ્ટિ જીવ જોઈ શકતો નથી, પણ અંદરમાં અગ્નિ પ્રગટ છે. એમ બાહ્ય દૃષ્ટિથી ભલે અનુભવી જીવ ન ઓળખાય તોપણ અંદર દૃષ્ટિથી, અંતર દૃષ્ટિથી જોનારને ગણધરદેવ તો એને દેવ કહે છે. ભલે એ બહારમાં ચાંડાળ દેખાતો હોય. ચાંડાળના ઘરે જન્મ્યો હોય અને જગતમાં ચાંડાળ કહેવાતો હોય કે, ભાઈ આ ચાંડાળના મા-બાપ.. આ લોકો ચાંડાળ છે, પોતે જ ચાંડાળ છે. ગણધરદેવ કહે છે કે, એ દેવ છે. એણે આનંદ અનુભવનું પીણું પીધું છે ને એનો આખો દેદાર અંદરનો બદલાય ગયો છે. પેલો બહારનો દેદાર બદલાય જાય તો ખબર પડે કે આ બદલી ગયું. આ શું થઈ ગયું ? એમ અંદરમાં એ છે કે, આ શું થઈ ગયું !? એક મોટો ફેરફાર છે. એવો મહાન આત્મા છે. જેના એક ક્ષણને, એક ક્ષણ આ બાજુ આવ્યો મોટો ફેરફાર અંદરમાં થાય છે. આખું ભવન ફરી જાય છે.

એવા '**અગાધ શક્તિવાળા ચૈતન્યચક્રવર્તીને ગ્રહણ કર. આ એકને જ ગ્રહણ કર.**' કેટલું જોર છે. એને ગ્રહણ કર એટલું નહિ આ એકને જ (ગ્રહણ કર.) એક મોટરના બદલે બે મોટર હોય તો ? એક પગ આમાં રાખે ને એક પગ આમાં રાખે. શું થાય ? બન્નેમાં ન બેસાય એકસાથે ? તો બેનો પછી શું લાભ ? જો બેમાં એક સાથે બેસી ન શકાતું હોય તો બેનો લાભ રહેતો નથી. અહીંયાં એમ કહે છે કે, તું એકને જ ગ્રહણ કર. બેની વાત છોડી દે. બધી જગ્યાએ તું બેની વાત છોડી

દે. રાગમાં પણ બેસું અને વીતરાગતામાં પણ બેસું, ચૈતન્યમાં પણ બેસું અને જડના ઉદયમાં પણ બેસું – બે વાત બની શકવાની નથી.

મુમુક્ષુ :– બધી અવ્યવસ્થા થઈ જાય, બેમાં બેસે તો અવ્યવસ્થા થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– બેમાંથી એકમાં બેસતા અવ્યવસ્થા થઈ જાય. શેમાં થાય ? વ્યવસ્થા તો જીવને ઘણી રાખવી છે પણ એની રાખી કોઈ વ્યવસ્થા રહે છે ? જડમાં બેઠો છે અનાદિથી. અને જડમાં બેસતા એને એમ માન્યું છે કે, આમાં બેસીને બધી વ્યવસ્થા કરી શકાય છે. રહી છે એની વ્યવસ્થા ? દુકાનમાં એકથી વધારે માણસો, ધંધામાં એકથી વધારે માણસો કામ કરતા હોય પણ દરેક એમ માનતા હોય કે મારા જેવું કોઈને આવડતું નથી. એમ છે.

મુમુક્ષુ :– આમ તો ત્યાં...

પૂજ્ય ભાઈશ્રી :– એકમાં જ છે, એકમાં જ રહે છે ભાઈ ! કલ્પના છે. એમાં શું છે કે, મુમુક્ષુદશામાં થોડી દ્વિધા ઉત્પન્ન થાય છે. બાકી પ્રશ્ન છે એ છે, ભાષા ગમે તે હોય પણ પ્રશ્ન એ છે કે એમાં દ્વિધા ઉત્પન્ન થાય છે કે, જો એકલું આત્માનું સંભાળવા જશું તો, સંયોગની સાવધાની છોડતા સંયોગમાં નુકસાની ઊભી થશે તો ? થોડુંક સંયોગને પણ સંભાળીએ અને થોડુંક આત્માને સંભાળીએ. આવી એક એને વિચારની સ્થિતિ રહી જાય છે. ભય છે ને ? પોતાની શક્તિને પિછાણી નથી. એટલે પોપટની જેમ છે. પગ છોડી દઈશ તો પડીને મરી જઈશ. એમ અહીંયાં હું સંયોગનો આશ્રય અને આધાર છોડી દઈશ (તો) હું મરી જઈશ. મારા સંયોગો બધા ડૂબી જશે. એમ ખરેખર બનતું નથી.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– જેણે નક્કી કર્યું છે (કે) આત્માને ઓળખવો અને આ જ સર્વસ્વ છે, આ જ કરવા જેવું છે એ બધેથી બાજી સંકેલશે. પોતાના પરિણામ ન બગડે એટલા માટે જાળવીને, સાચવીને, છોડીને હાલશે એવી રીતે કે, સંક્ષેપ કરતો જશે, સંક્ષેપ કરતો જશે. 'શ્રીમદ્જી' કહે છે કે, સત્ શાસ્ત્ર અને સત્ સમાગમ એ પહેલા એને સત્‌ની વાર્તા મળે છે. જ્યારે જીવને સત્‌ની વાર્તા મળે છે ત્યારે એને મારું ઉપાદેય અહીંયાં છે, મારું કર્તવ્ય અહીંયાં છે, મારે કરવા જેવું આ છે. તો એ પોતાની બાહ્ય પરિણામની પ્રવૃત્તિને સોચે છે, ચેક કરે છે અને આ દિશામાં આગળ

વધવાના લક્ષે જ બધું કાર્ય કરે છે. ..

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- બેમાંથી એકમાં જ રહી શકે છે. પણ કેટલાક એ વાતથી મૂંઝાય છે કે, આ બાજુ જવા જેવું છે એ વાત તો સાચી છે. પણ એ બાજુ જતા કાંઈક આ બાજુનું ખોઈ બેસશું તો શું થાય ?

મુમુક્ષુ :- બાવાના બન્ને બગડે.

પૂજ્ય ભાઈશ્રી :- આત્માને બાવો કીધો. હવે બધું બગડેલું તો છે, હવે સુધારવા માટે જે કાંઈ કરવું છે એ કરવું છે, બાકી તો બધું બગડેલું જ છે. મૂળ તો સંયોગના કાર્યો હું કરી શકતો નથી એવી જે વસ્તુસ્થિતિ છે એ એને જ્ઞાનમાં પ્રત્યક્ષ ભાસ્યમાન રહેવી જોઈએ. રહેવી જોઈએ, એટલે એના પ્રવૃત્તિકાળે ભાસનમાંથી જવી ન જોઈએ. પ્રવૃત્તિનો વિકલ્પ ઊઠે, તો એ વિકલ્પ ઉપરનું જોર ક્યારે મટે ? કે કરી શકતો નથી એવું ભાસે તો. પણ કરી શકું છું એમ ભાસે છે ત્યાં સુધી વિકલ્પ ઉપર, પૂરેપૂરું રાગ ઉપર, પૂરેપૂરું જોર આવ્યા વિના રહેશે નહિ. આખેઆખો એમાં (તન્મય થઈ જશે.)

મુમુક્ષુ :- મૂળમાં જ ભૂલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- મૂળમાં જ ભૂલ છે. આ મોટી ભૂલ છે. કરી શકતો નથી. રાગ ઊઠે તોપણ કરી શકતો નથી એ વાત દૃઢપણે એને રહેવી જોઈએ. 'પૂજ્ય બહેનશ્રી' (પાસે) દરરોજ ચર્ચા ચાલતી હતી. પ્રશ્ન તો એ હતો (કે), જ્ઞાન કરવું, તો તત્ત્વજ્ઞાનની દૃઢતા વિના ભેદજ્ઞાન થાય કે ન થાય ? ના પાડી. તો તત્ત્વજ્ઞાનની દૃઢતા એટલે શું ? કે હું ઉદયના કાર્યો કરી શકતો નથી એ તત્ત્વની સ્થિતિ છે. એની દૃઢતા ન હોય તો ભેદજ્ઞાન ક્યાંથી થવાનું ? રાગથી ભેદજ્ઞાન તો થવાનું નથી. પછી રાગનું તો અંદરનું સ્ટેપ છે. બહારમાં તો પક્કડ છે કરી શકું છું. તો અંદરમાં રાગથી છૂટા પડવાનો તો કોઈ અવસર આવશે નહિ. કેમકે કરી શકું છું એવા રાગ ઉપર તો પૂરેપૂરું જોર આવ્યું. એ તો જોર અનંતું જોર આવ્યું. અનંતાનુબંધીના કષાય સહિતનું એ પરિણામ છે. 'શ્રીમદ્જી'એ અનંતાનુબંધીનો વિષય લીધો છે ત્યાં લીનતાનો શબ્દ પ્રયોગ કર્યો છે. તીવ્ર રસમયપણે, લીન થઈને, તન્મય થઈને એવા બધા શબ્દો વાપર્યા છે. જ્યાં જ્યાં કાર્યો કરવામાં આવે છે ત્યાં અનંતાનુબંધી છે એમ સમજવા યોગ્ય

છે. એ વાત નાખી છે.

પ્રશ્ન :– તત્ત્વજ્ઞાનની દઢતા એટલે બધા સાતે તત્ત્વોનું યથાશક્તિ જ્ઞાન ?

સમાધાન :– એ વિષય નથી. તત્ત્વજ્ઞાનમાં એટલે સ્વપર તત્ત્વ. વહેંચણી થઈ ગઈ. ભેદજ્ઞાન કરવું છે ને ? એટલે સ્વ અને પરનું ભેદજ્ઞાન (કરવું છે). તો પોતે સ્વ અને બાકી બધું પર. એમાં એને ઉદયનો, પૂર્વકર્મનો ઉદય છે અને ઉદયને અનુસરીને બધી પ્રવૃત્તિ છે. અહીંયાં જેને જડ-ચેતન તો સ્થૂળપણે ભેદ છે. રાગાદિની ભિન્નતા તો સૂક્ષ્મ દૃષ્ટિનો વિષય છે. ત્યાં જ ભિન્નતા ન ભાસે, (તો) રાગાદિથી ભિન્નતા ભાસવાનો કોઈ અવસર આવતો નથી. સીધી વાત છે. એટલે હું સંભાળ લઈ શકું છું એ વાત ઉપર ચોકડી મૂકી દેવા જેવી છે. ગમે એટલી સંભાળ લે જે થવાનું હોય તે જ થાય. જગતમાં એવા એવા દૃષ્ટાંતો બન્યા છે. કરોડો અબજો રૂપિયા હોય, પાયમાલ થાય, એણે કાંઈ સાવધાની નહિ રાખી હોય ? સાવધાની નહિ રાખી હોય ને એમ થયું હશે ? એવું કાંઈ નથી. સંસારના કાર્યોમાં તો જીવની ઘણી ચતુરાઈ હોવા છતાં કાર્ય તો એના હાથની કોઈ વાત છે ? સંયોગ વિયોગ એના કોઈ હાથની વાત છે નહિ. એક શરીરનો એક રજકણ પરિણમે એના હાથની વાત નથી ને. કાંઈ ન હોય ને પડખે ગુમડું થયું છે, એને થવા દેવું છે કાંઈ ? જો આ રજકણ એને સાથે જોડાયેલા કહેવાય છે, જ્યાં જ્યાં આત્મા જાય ત્યાં શરીર જાય, શરીર જાય ત્યાં આત્મા જતો જોવામાં આવે છે. એ જોડાયેલા જે કહેવાય છે એ એના કાબૂમાં નથી તો આઘે રહેલા કેવી રીતે કાબૂમાં રહેવાના હતા ?

કોઈ એમ કહે કે, (મારો) મારા દીકરા ઉપર કન્ટ્રોલ નથી, પણ મારે આખા ગામના છોકરાં ઉપર કન્ટ્રોલ રાખવો છે. તો ઘરના છોકરાવ ઉપર કન્ટ્રોલ નથી (ત્યાં) પાડોશીના, સગાના, સંબંધીના બધાના (છોકરાને) કંટ્રોલમાં રાખુ. મોટાના માનમાં રહો, મોટાનું ધ્યાન રાખો, મોટાની આજ્ઞા માનો. તમારા દીકરા (એવા થશે) એમ કહે છે કે આ તો તારું (સગું) નથી તો આઘેના આ રજકણ ક્યાંથી (સગા) થવાના હતા ? એ પ્રશ્ન છે નહિ. જ્યાં જ્યાં એને પ્રવૃત્તિનો પ્રસંગ થયો ઉદયમાં ત્યાં આ વાત એને જ્ઞાનમાં હાજર ન રહેતી હોય તો પછી એને આગળ વધવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

આ શેમાંથી ચાલ્યું ? **'આ એકને જ ગ્રહણ કર.'** એમ. બીજાનું શું ? આ એકને

જ ગ્રહણ કર તો બીજાનું શું ? કે બીજાનું શું એ પ્રશ્ન તારા અધિકારનો વિષય નથી. જ્યાં તારો અધિકાર નથી ત્યાં ચિંતા કરીને શું કરીશ ? એથી કાંઈ વળવાનું નથી.

મુમુક્ષુ :– આ એકના શરણમાં બીજા બધા સવળા થઈ જશે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો સવળા થશે, પણ સવળા ન થાય તોપણ તને અપેક્ષા રહેશે નહિ. આ એકને જ ગ્રહણ કરતાં આ પરમાત્મા જેને આપણે પૂજીએ છીએ, અહીંયાં નથી તો મૂર્તિ કરીને પણ પૂજીએ છીએ, ચાલ્યા ગયા સિદ્ધાલયમાં. 'સીમંધરભગવાન' તો બિરાજે છે, પણ ક્ષેત્રથી દૂર છે. 'વર્ધમાનસ્વામી' અને 'ઋષભદેવસ્વામી' આજુબાજુમાં બે બીજા ભગવાન છે. (તેવો) ચાલ્યા ગયા સિદ્ધાલયમાં, તો મૂર્તિ કરીને પૂજીએ છીએ. એમને છે કાંઈ અપેક્ષા. ભાઈ ! તમે મધ્યલોકમાં, દેવલોકમાં મારી મૂર્તિ બનાવી બનાવીને મંદિરો બનાવજો. હોય તોપણ સામું જોવે નહિ. એ તો ચાલ્યા ગયા પણ આવ્યા હોય તોપણ સામું જોવે નહિ. (ખબર બધી છે) જ્ઞાનમાં તો બધું ઝળકે છે, પણ અપેક્ષા રહેતી નથી. એમ અહીંયાં પરમાણુ સવળા થવા માંડશે તોપણ તને અપેક્ષા નહિ રહે, આ મોટી વાત છે. પરમાણુ અવળામાંથી સવળા થશે એ મોટી વાત નથી. તને અપેક્ષા નહિ રહે એ મોટી વાત છે, આમ છે.

**'આ એકને જ ગ્રહણ કર. ઉપયોગ બહાર જાય પણ ચૈતન્યનું આલંબન એને અંદરમાં જ લાવે છે.'** જેને અંતર્દષ્ટિથી પોતાના ચૈતન્ય સ્વરૂપનું આલંબન હાથ લાગ્યું છે એનો ઉપયોગ કદાચ બહાર જશે, તોપણ એ ઉપયોગને અંદર ખેંચીને લાવશે. બળ એનું જ છે. આલંબન લીધું એનું અથવા જ્યાં આધારબુદ્ધિ હોય એનું જ બળ હોય. સંયોગની આધારબુદ્ધિ હોય તો આત્મા આત્મા ગમે તેટલું કરે (તોપણ) ઉપયોગ બહાર ખેંચાયા વિના રહે નહિ. મૂળ તો સુખ ક્યાં છે ? એ નક્કી કરી લેવાની જરૂર છે. અનંત સુખનું નિધાન પોતાના અંતરમાં છે. એ એની હયાતી ભાસે નહિ ત્યાં સુધી એનો વિશ્વાસ આવે નહિ, વિશ્વાસ આવે નહિ ત્યાં સુધી બહારમાં સુખ પડ્યું છે એનો વિશ્વાસ જાય નહિ ને પરિણામ ત્યાં ખેંચાયા વિના રહે નહિ. આ તો વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે. એમાં કાંઈ બીજું કરવા ધારે તો થઈ શકે એવું નથી.

સ્વાધ્યાય છે એ તો નોળવેલ જેવો છે. જ્ઞાનીને પોતાનો પરમાત્મા નોળવેલ જેવો છે. આ સ્વાધ્યાય નોળવેલ જેવો છે હો. નોળવેલ ખબર છે ? નોળિયો અને સાપ

લડાઈ કરે. સાપ તો ઝેરી પ્રાણી છે. નોળિયાને બટકા ભરી લે, ડંખ મારી લે અને નોળવેલ કરીને વનસ્પતિ થાય છે. વેલ વેલ, વેલ એટલે વેલો. વનસ્પતિ થાય છે. એને સુંઘીયાવે એટલે બધું ઝેર ઊતરી જાય, તાજોમાજો થઈ જાય. શક્તિ આવે એટલે જાય પાછો સાપની સામે લડવા. એમ ઉદયની અંદર, કાર્યોમાં અંદર પરિણામ જાય છે અથવા સ્વાધ્યાયમાં એને એના રસને તોડવાનો છે. હજી પરમાત્માનું તો આલંબન હાથ લાગ્યું નથી. જ્ઞાની તો અંદર ચાલ્યા જાય છે. એ બહારના ઉદયના રસને તોડતા જ આગળ ચાલ્યા જાય છે, તોડતા જ આગળ ચાલ્યા જાય છે. મુમુક્ષુએ કોના આધારે આગળ ચાલવું ? એણે સત્પુરુષ ને સત્‌સમાગમ ને સત્‌શાસ્ત્ર–એ એને આધારે છે, એ એની નોળવેલ છે. બહારમાં ઉદયના કાર્યોમાં રસ લીધા હોય (પરંતુ) સત્‌ શાસ્ત્રમાં, સ્વાધ્યાયમાં એટલા રસથી પ્રવૃત્તિ કરે, એટલા રસથી ધ્યાન દે, એટલા રસથી એ વખતે એ વિષયને પોતે પોતાનું હિત(ના) લક્ષ ને મુખ્યતાનો વિષય બનાવી દે. હિતનો વિષય બનાવે, મુખ્ય વિષય બનાવે, લક્ષમાં એ રાખીને રસ લે તો નોળવેલ જેવું કાંઈ થોડુંક કામ થાય. રસ લે તો થોડુંક (કામ) થાય.

મુમુક્ષુ :– સર્પ કરતાં નોળવેલની શક્તિ વધારે ?

પૂજ્ય ભાઈશ્રી :– ઝેર ઉતારે છે. ઝેર ઉતારે છે ને ? (શક્તિ) વધારે જ છે સીધી વાત છે. એ નિત્ય સ્વાધ્યાય કરવો એનું કારણ આ છે. પરમ તપ કહ્યું છે. મુખ્ય તો અધ્યાત્મનો વિષય શરૂ થાય છે. પોતાના સ્વરૂપમાં એકાગ્ર થવામાં સ્વાધ્યાયનો વિકલ્પ નિમિત્ત પડે છે, એને પરમ તપ કહેવામાં આવે છે. પરમતપ એટલે ઉત્કૃષ્ટ તપ, શુદ્ધ પરિણામ. એ **'એકને જ ગ્રહણ કર.'** એકને ગ્રહણ કરવાનું આ ફરમાન છે. એકને ગ્રહણ કર એટલે પરમ તપ થાય. નહિતર પરમ તપ ક્યાં થયું ? કોઈ એમ ને એમ રુઢિગતપણે એ કહેવત નથી. આઠથી નવ ચાલો સ્વાધ્યાય કરીને અહીંયાં ને અહીંયાં ખંખેરીને હાલતા. એ કાંઈ પરમ તપ છે નહિ. એનું સ્વાધ્યાય કાંઈ પરમ તપ નથી. સ્વાધ્યાયનું ખોખું એ ખોખું નથી. અંદર રસ છે એ કસ છે. રસમાં બધો કસ છે. બહારની ક્રિયાના ખોખામાં કાંઈ કસ નથી. રસ વિહીન જે ક્રિયા છે એમાં શું કસ છે ? કે એમાં કાંઈ નથી. બધુંય કસ વગરનું છે.

**'ઉપયોગ બહાર જાય પણ ચૈતન્યનું આલંબન એને અંદરમાં જ લાવે છે.'** જો ચૈતન્યનું આલંબન એને હાથ લાગ્યું હોય તો બહાર જતો ઉપયોગ ખેંચાઈને અંદર

આવી જશે. વિકલ્પ નથી, કે આ વિકલ્પમાં એને કાર્યકારી નથી થતો કે, હું એકાગ્ર થઉં, હું અંદર જઉં એવો વિકલ્પ કાંઈ અંદર આવવામાં કાર્યકારી નથી, પણ આલંબન કાર્યકારી છે. એમ કહેવું છે. જો અંતર્દષ્ટિપૂર્વક અંદરમાં આલંબન હોય તો ઉપયોગ ખેંચાઈને અંદર આવે છે.

એમ **'વારંવાર... વારંવાર એમ કરતાં...કરતાં...કરતાં...'** એમ રાગ કરતાં... કરતાં..., વિકલ્પ કરતાં... કરતાં..., સ્વાધ્યાય કરતાં... કરતાં... કે બીજી કોઈ ક્રિયા કરતાં... કરતાં... એ વાત અહીંયાં નથી. અંદરમાં જે ઉપયોગ આવે, વારંવાર ખેંચાઈને અંદરમાં ઉપયોગ આવે એમ કરતાં... કરતાં... . શુદ્ધોપયોગ છે એ સાધન છે. શુદ્ધોપયોગ જ કેવળજ્ઞાનનું સાધન છે. તેથી તો શ્રેણી માંડે છે એમાં શુદ્ધોપયોગ જ હોય છે. ચોથા ગુણસ્થાનથી ઉપરના તમામ ગુણસ્થાનોમાં શુદ્ધોપયોગ જ વર્તે છે. કેવળજ્ઞાનમાં એ જ એને કારણ પડે છે, બીજું કોઈ કારણ પડતું નથી.

એમ **'વારંવાર... વારંવાર એમ કરતાં... કરતાં... કરતાં (સ્વરૂપમાં લીનતા જામતાં...જામતાં)...'** એમ. બીજી કોઈ ક્રિયા કરતાં... કરતાં... એમ (નહિ). **'ક્ષપકશ્રેણી પ્રગટીને...'** એ જ વાત લીધી છે. જેમ આગળ જઈને શ્રેણી પ્રગટીને **'પૂર્ણ થઈ જાય છે.'** સંપૂર્ણ પરિપૂર્ણ શુદ્ધદશા (પ્રગટી જાય છે.) (પરિપૂર્ણ) દશા થઈ જાય છે, પરમાનંદની દશા ઉત્પન્ન થાય છે. સાદિ અનંતકાળ હવે એને કાંઈ કોઈ વાત બાકી રહી નહિ. બધું પૂરું થઈ ગયું. સંસાર આખો ઓળંગી ગયો, સંસાર સમુદ્રને ઓળંગીને પાર થઈ ગયો. હવે દુઃખનો એક કણ પણ ભવિષ્યમાં એક સમયને માટે પ્રગટ થશે નહિ. આ મોટી વાત છે. સુખ તને સમજાય નહિ તો કાંઈ નહિ, પણ દુઃખ તો તને અનુભવગોચર છે ને ? તો કે હવે દુઃખનો એક સમય નહિ આવે અને એક અંશે પણ દુઃખ પ્રગટ નહિ થાય. આ વાત છે.

પ્રશ્ન :- ઉપયોગ તો ચૈતન્યની પર્યાય છે, તો પુદ્ગલ તરફ ચોવીસે કલાક ખેંચાયેલો છે ?

સમાધાન :- એ પુદ્ગલમાં સુખ માન્યું છે. આત્મા જ એને માન્યો છે. પુદ્ગલને જ સર્વસ્વ માન્યું છે. એને જ આત્મા માન્યો છે. એમ છે ખરેખર. એટલે પછી ત્યાં જ જાય ને ? જેને આત્મા માન્યો હોય એને અનુસરે. ઉપયોગનું તો કામ એ છે કે, જેને આત્મા માન્યો હોય એને અનુસરે. એમ છે. 'ચૈતન્ય અનુવિધાયી પરિણામ

ઉપયોગઃ'. એમ કહે છે. આ દૃષ્ટિથી વાત લીધી. આત્મા ચૈતન્ય સ્વરૂપ છે, એને અનુરૂપ, એને અનુવિધાયી થાય છે. આઈ એટલે આવું. અનુવિધાઈ – આવે છે. એનું નામ ઉપયોગ છે. આ ઉપયોગને ઉપયોગ શું કહેવો ? એને ઉપયોગ કહી શકાય નહિ. જે ચોરી કરે એને શાહુકાર કેમ કહેવો ? ભલેને શાહુકારને ત્યાં જન્મ્યો હોય. શાહુકારીની દુકાન હોય, શેઠ શાહુકારી નાણા ધરતા હોય, બાપ-દાદાના વખતથી શાહુકારીનો ધંધો હોય. આનાપાઈ ચોખ્ખે ચોખ્ખો હિસાબ કરતા હોય, કોઈનું વધારે વ્યાજ લે નહિ, કોઈનો વધારે પૈસો લે નહિ. એનો છોકરો ચોરીના રસ્તે ચડી ગયો હોય તો એને શાહુકાર કહેવો કે ચોર કહેવો ? પણ શાહુકારનો દીકરો છે ને એમ કાંઈ દલીલ કરાય ? પણ ચૈતન્યનો ઉપયોગ છે ને ? ચૈતન્યનો ક્યાં રહ્યો !! એમ. જ્યાં જડને આત્મા માનીને જડ બાજુ દોડ્યો એ ચૈતન્યનો રહ્યો ક્યાં ? એમ કહે છે. એને કાંઈ કુટુંબનો સંબંધ થોડો છૂટી ગયો છે. એ તો જેના ખાનદાનમાં જન્મ્યો છે એને ત્યાં જ જન્મ્યો છે. છે તો એનો જ દીકરો. એનો નહિ ? કેમકે એનું એ કાર્ય કરતો નથી. એમ છે વાત.

મુમુક્ષુ :– ઉપદેશ નોંધમાં નંબર ૨માં છે. ગઈકાલની વાત 'પ્રતિમા થા !' ૧૮ નંબરનો બોલ.

પૂજ્ય ભાઈશ્રી :– ઉપલક તો જોયું હતું પણ યાદ ન આવ્યું આ પાનું જોવાનું.

મુમુક્ષુ :– હાથનોંધ નંબર ૨, આઠમું.

પૂજ્ય ભાઈશ્રી :–હાથનોંધ છે... ૨માં ૧૮ છે. ૮૨૩ છે. 'પરાનુગ્રહ...' બીજા ઉપરનો અનુગ્રહ. અનુગ્રહ એટલે મહેરબાની, કૃપા, ભલું ઇચ્છવું, દયા એને અનુગ્રહ કહે છે. **'પરાનુગ્રહ પરમ કારુણ્યવૃત્તિ...'** કરુણાની વૃત્તિ ! પરમ એટલે એકદમ ઉત્કૃષ્ટ. **'પરાનુગ્રહ પરમ કારુણ્યવૃત્તિ કરતાં પણ પ્રથમ ચૈતન્ય જિનપ્રતિમા થા.'** જિનપ્રતિમા થા એટલું નહિ. **'પ્રથમ ચૈતન્ય જિનપ્રતિમા થા. ચૈતન્ય જિનપ્રતિમા થા.'** ચૈતન્યવત ઠરી જા. તારા ચૈતન્યમાં તું પ્રતિમાવત ઠરી જા, પહેલો ઠરી જા, પહેલો ઠરી જા. પછી બીજા પર અનુગ્રહ કરવાની વાત કર. એ પહેલા બીજાનું ભલું કરવા જતા તું ખોવાઈ જઈશ. આમ છે.

મુમુક્ષુ :– પહેલા પોતાને મૂકે તો ખોવાય જ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– બીજું શું થાય ? પોતાને છોડે તો ખોવાઈ ન જાય તો થાય

શું ? એ જ થાય. **'એવો કાળ છે ?'** આ પોતે ને પોતે પોતાને પૂછે છે કે આવો કાળ છે ? પરમ કારુણ્યવૃત્તિનો કાળ છે ? **'તે વિષે નિર્વિકલ્પ થા.'** વિકલ્પ છોડ એના. હજી તો અત્યારે કેવો પંચમકાળ છે ? ને કેવા કેવા ચિત્ર-વિચિત્ર જીવો પાકે છે ? નિર્વિકલ્પ થા. કાળને કાંઈ લેવા દેવા નથી. જીવોના પરિણામને કાળ કહેવામાં આવે છે. **'તેવો ક્ષેત્રયોગ છે ?' 'ગવેષ.'** ઊંડો ઊતરીને. **'તેવું પરાક્રમ છે ?'** તારામાં. **'અપ્રમત શૂરવીર થા.'** અંદર ચૈતન્ય જિનપ્રતિમા થાવાનો તેવો ક્ષેત્રયોગ છે. એટલે અંદરમાં જવાનો તારે કોઈ બહારમાં ક્ષેત્રયોગ છે ? એવી નિવૃત્તિ છે ? એવું બધું છે ? ગવેષ – ઊંડો ઉતર. એવું પરાક્રમ છે ? એવો પુરુષાર્થ છે ? અપ્રમત્ત શૂરવીર થા. મુનિદશા આવે એવો શૂરવીર થા. જુઓ ! કેવી ભાવના ? હાથનોંધમાં કેવી ભાવના ભાવેલી છે !! **'તેટલું આયુષ્યબળ છે ?'** પોતાને ને પોતાને પોતાને પૂછે છે. **'શું લખવું ? શું કહેવું ? અંતર્મુખ ઉપયોગ કરીને જો.'** અંતર્મુખ ઉપયોગ કરીને જો. જ્યાં આયુષ્યનો અભાવ છે ત્યાં એની સાથે કાંઈ લેવા-દેવા નથી. અભ્યંતર પરિણામ અવલોકનમાં કેટલાક પરિણામો બહુ સારા લખ્યા છે.

મુમુક્ષુ :– જ્ઞાનીઓ પણ કેવું લખી ગયા છે !!

પૂજ્ય ભાઈશ્રી :– એ રીતે સ્વરૂપમાં લીન થતાં થતાં ક્ષપકશ્રેણી પ્રગટશે. જો ઉપશમશ્રેણી પ્રગટશે એ વાત નથી લીધી. ક્ષપકશ્રેણી પ્રગટશે અને પૂર્ણ થઈ જાય છે. પૂર્ણ થઈ જવાની જ વાત છે પંચમકાળને યાદ કરવાની વાત નથી. **'જે વસ્તુ છે તે ઉપર જ તારી દૃષ્ટિનો દોર બાંધ,...'** કેટલું વસ્તુનું મહત્વ છે અંતરમાં એમ કહે છે કે ત્યાંથી દૃષ્ટિ કેમ છોડાય ? આ પ્રશ્ન છે. એટલી મહત્વવાળી વસ્તુ છે, એવી મહાન વસ્તુ છે કે ત્યાંથી દૃષ્ટિ છોડવાનો પ્રશ્ન નથી. દૃષ્ટિનો દોર ત્યાં બાંધેલો રાખ **'પર્યાયના આલંબને કાંઈ ન થાય.'** પર્યાય આવી થઈ ને તેવી થઈ, આવી થઈ ને તેવી થઈ, સંયોગ આમ થયા ને તેમ થયા, ઊલટું થયું ને સૂલટું થયું એના આલંબને કાંઈ થાય નહિ. વજન તારું, બહારનું વજન બધું (હટાવી લે).

**જેમ રાજા પોતાના મહેલમાં ઊંડો ઊંડો રહે છે તેમ ચૈતન્યરાજા ઊંડા ઊંડા ચૈતન્યના મહેલમાં જ વસે છે; ત્યાં જા. ૨૦૯.**

**તા. ૨૫-૧૦-૧૯૮૭, વચનામૃત–૨૦૯,૨૧૦**
**પ્રવચન નં. ૧૬૭**

'બહેનશ્રી'નાં વચનામૃત ૨૦૯, પાનું ૭૧. **'જેમ રાજા પોતાના મહેલમાં ઊંડો ઊંડો રહે છે તેમ ચૈતન્યરાજા ઊંડા ઊંડા ચૈતન્યના મહેલમાં જ વસે છે; ત્યાં જા.'** રાજાના નિવાસસ્થાનનું એ દૃષ્ટાંત લીધું છે. સામાન્ય માણસ સડક ઉપર (આવેલા મકાનમાં) રહે એ રીતે રાજાના મહેલ નથી (હોતા). એના દરવાજા પછી ચારેબાજુ દિવાલ હોય, ફેન્સિંગની દિવાલ હોય ને ચારે બાજુ ઘણું અંતર છોડ્યા પછી ઊંડે રાજાનો મહેલ હોય છે. નીલમબાગનો છે જ ને. બહારથી દેખાય નહિ એવડો મોટો મહેલ છે, દરવાજાથી જોવા માગે તો નથી દેખાતો. કહેવાય કે, આ મહેલનો દરવાજો છે. અંદર મહેલ જુએ તો !! કેટલો અંદર છે. ત્રણ-ચાર ચોરસ માઇલના ઘેરાવામાં વચ્ચે છે. એ એનું મહત્વ છે, એ વિષયમાં એનું મહત્વ છે. એકદમ રસ્તા ઉપર નથી પણ ચોક્કસ જગ્યાએ આજુબાજુની વ્યવસ્થાપૂર્વક રાજા પોતાની રીતે રહે છે.

તેમ ચૈતન્યરાજા એટલે આત્મા. ચૈતન્યરાજા એટલે પોતાનું પરમેશ્વરપદ, પોતાનો

પરમાત્મા ! રાજા ને રાજાનો કહેવો (કે દેવ કહેવો) એના કરતાં અહીં દેવાધિદેવ કહેવામાં આવે છે. ચૈતન્યરાજાને તો દેવાધિદેવ કહેવામાં આવે છે. સ્વર્ગના વધુમાં વધુ પુણ્યશાળી દેવોમાં પણ જે વંદનીય છે, પૂજનીય છે એવા જૈન પરમેશ્વર !! એવું જેનું સ્વરૂપ છે એવું જ બરાબર જેનું સ્વરૂપ છે એવો પોતે ચૈતન્ય રાજા છે. એનું નિવાસસ્થાન ક્યાં છે ? ક્યાં રહે છે ? કે ચૈતન્યના મહેલમાં વસે છે. બહારનો મહેલ ભલે પથ્થરા ઉપર પથ્થરો મૂક્યો છે તોપણ લોકો વખાણ કરે. શેના વખાણ કરે છે ? આ તાજમહેલના વખાણ કરે છે ને લોકો. જાવ તો શું છે ત્યાં ? પથ્થરા ઉપર પથ્થરો મૂક્યો છે. એ તો ખાણમાં કે ડુંગરમાં એમ જ છે, પથ્થરા ઉપર પથ્થરો છે, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- એ કળા કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જીવને ગમે તે કલ્પના કરવામાં તો વાંધો નથી. ગમે ત્યાં ગમે તેવી કલ્પના કરી લે છે. કલ્પના કરવાનો એનો, પરિણામનો અનાદિનો પ્રકાર છે (એટલે) કલ્પના કર્યે જાય છે. ચૈતન્ય મહેલ છે, એ મહેલ કેવો ? એની કલ્પના એને આવતી નથી.

મુમુક્ષુ :- આ તો વિચાર સુદ્ધાંય નથી આવતો.

પૂજ્ય ભાઈશ્રી :- એવો ખોવાઈ ગયો છે. બહારના સંયોગમાં અને બહારના સંયોગને મહત્વ આપીને એમાં ખોવાઈ ગયો છે. એટલે એને પોતાનો વિચાર આવતો નથી. ચૈતન્ય છે એમ ન લીધું, ચૈતન્ય મહેલ છે, મહત્વ આપ્યું છે. બહારમાં તો રાજા ને એનો મહેલ જુદાં જુદાં છે. અંદરમાં તો ચૈતન્ય મહેલ કહો કે ચૈતન્ય રાજા કહો બન્ને એક જ છે. ત્યાં બે ચીજ નથી. મહત્તા આપવી છે એટલે ચૈતન્ય મહેલ કહી દીધો. અને ઊંડો લીધો છે. ઊંડા ઊંડા ચૈતન્ય મહેલ !! કેમકે બહારમાં દેખાતો નથી. લોકો શરીરને જુએ છે. ચક્ષુ ઇંદ્રિય દ્વારા તો ઇંદ્રિય ગમ્ય તો ચૈતન્ય મહારાજા નથી. બહુ બહુ તો શરીર દેખાય છે. રાગ-દ્વેષ-મોહ આદિથી બાહ્ય ભાવોથી થતી બાહ્ય ચેષ્ટાઓ — મન-વચન-કાયાના યોગની ચેષ્ટાઓ દેખાય છે. એ બધામાં ક્યાંય આત્મા નથી. એ બધે તો ક્યાંય આત્મા નથી. તેથી ઊંડે ઊંડે જે સ્વભાવ છે, ઊંડો જે સ્વભાવ છે, સામાન્ય જે સ્વભાવ છે જેનું સામર્થ્ય અનંતું છે, જેના ગુણ વૈભવો અનંતા છે એટલે એને મહેલ કીધું. મહેલમાં અનેકવિધ પ્રકારના વૈભવ છે. એની

દિવાલ, એની લાદી, એના બત્તીઓ, એની લાઇટો, એના ચિત્રો — બધું એનું વૈભવમાં ગણાય છે ને ? ગાલીચાઓ, બગીચા, એક એક ચીજનું મહત્વ ગણવામાં આવે છે ને ? એ તો કાંઈ નથી અથવા દુઃખના નિમિત્ત છે. કાંઈ નથી શું ? એ તો ખરેખર જીવને દુઃખના નિમિત્ત છે. જેને ઉદય હોય એને દુઃખના નિમિત્ત છે કે સુખનું નિમિત્ત છે ? એ બધું દુઃખનું નિમિત્ત છે.

મુમુક્ષુ :– હોંશથી ભેગું કરે છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– હોંશથી કરે કે દુઃખી થઈને કરે પણ એ બધી હોંશ પણ દુઃખ છે, બધું દુઃખ જ છે. જેટલું પરિણમન છે પુદ્ગલ આશ્રિત, જેટલું પરિણમન છે એ બધું દુઃખમય છે. એકાંતે દુઃખમય છે. સુખની કલ્પના કરે એ પણ દુઃખમય છે અને બધું નહિતર (પણ) દુઃખમય જ છે બીજી કલ્પના કરવા જેવી નથી. સારું છે એમ ગણીને રસ લે તો એ દુઃખભાવનો રસ લે છે. (એ) થોડીવાર સુખની કલ્પના કરે છે, બાકી એમાં અશાંતિ છે અને દુઃખ છે એ એની વાસ્તવિકતા છે. ચાહે કોઈ માને, ચાહે કોઈ નહિ માને પણ એની વાસ્તવિકતા છે એ કાંઈ ચાલી જાય એવું નથી.

એટલે માણસ અત્યારે દેહ સહિતનું જે જીવન છે, વ્યવહારિક જીવન એમાં પોતાને જીવતો અનુભવે છે ને ! અત્યારે જીવતો અનુભવે છે તો એ મૃત્યુને વિસરી જાય છે. જાણે કે મરવાનો નથી. જે કાંઈ કાર્યો, જે કાંઈ પ્રવૃત્તિ, જે કાંઈ હોંશથી, બહારમાં જે બાજુનું કાર્ય કરે છે (એ) સંક્ષેપમાં લઈએ તો સામાન્ય રીતે બધા સંયોગને વધારવાનું, સંયોગને સાચવવાનું સંયોગાશ્રિત પરિણમનથી ઉદયાશ્રિત પરિણમન દરેકને પોત-પોતાનું છે. તો એમાં એ ભૂલી જાય છે કે ક્યારે આંખ મીંચાવાની છે ? એ એને યાદ રહેતું નથી, વિસ્મૃત થઈ જાય છે. પણ એ વાસ્તવિકતા વિસ્મૃત કરવાથી કાંઈ છૂટી જાય છે એમ થોડું છે ? એ વાસ્તવિકતા કાંઈ છૂટી જતી નથી. એમ દુઃખ છે એ દુઃખની વાસ્તવિકતા, એમાં દુઃખ ન જાણે કે ન અનુભવે કે એમાં સુખની કલ્પના કરીને સુખનો અનુભવ કરે એટલે એ દુઃખ છે એવી જે વાસ્તવિક પરિસ્થિતિ છે એ કાંઈ મટી જાતી નથી.

અમેરિકાના માણસોને બેચેની ઊભી થાય છે કે નહિ ? જુઓ તો શું છે પરિસ્થિતિ ? ખૂબ જ ત્યાં પુદ્ગલના સંયોગની વિવિધતા અને ઉપલબ્ધિ ઘણી છે ત્યાં, પ્રાપ્તિ ઘણી છે. રસ ચડ્યા વગર તો રહે નહિ. કેમકે એની ભાવનાવાળો છે,

એનું ધ્યેય છે, એના માટે તો ત્યાં ગયો છે. તો એનો રસ ચડ્યા વિના તો રહે નહિ. અને પાઘડીનો વળ છેડે આવ્યા વિના રહે નહિ. તાત્કાલિક એને ન લાગે, રસ લે ત્યારે એને સુખ લાગે પણ પછી એનું ફળ આવ્યા વિના રહે નહિ. કહે છે કે એમાં ક્યાંય આત્મા નથી.

ચૈતન્ય રાજા, ચૈતન્ય મહારાજા, દેવાધિદેવ, પરમદેવ પોતાના ચૈતન્ય સ્વભાવના મહેલમાં વસે છે. ત્યાં હું છું એવો અનુભવ કર. ત્યાં જઈને, ઉપયોગ દ્વારા ત્યાં જઈને ત્યાં હું છું એવો અનુભવ કર. જ્યાં તું નથી ત્યાં હું છું એવો અનુભવ કરવા જઈશ તો દુઃખી થઈશ, બીજું કાંઈ થશે નહિ. એટલે તો 'શ્રીમદ્જી'એ લીધું છે કે, 'કોઈપણ ઉદયના પ્રસંગમાં તીવ્ર રસે કરીને ન પરિણમવું અથવા મંદ-અરસ પરિણામે પરિણમવું, મંદ રસ અથવા અરસ પરિણામે પરિણમવું; તે જ્ઞાનીઓના માર્ગમાં પ્રવેશ કરવાનું દ્વાર છે.' શો એનો અર્થ થાય છે ?

એક તારું જ્ઞાન છે એને છૂટું પાડવું છે તો તીવ્ર રસે કરીને જોડાય ત્યાંથી તો છૂટું કેમ પડશે ? અરસ પરિણામ હશે, મંદરસના પરિણામ હશે તો છૂટું પાડવાનો તારો પ્રયત્ન છે એ કાંઈક કામ લાગશે. પાંચ માથોડા નીચે પાણીમાં ડૂબતો હોય, એને બચવું હોય તો બચી શકે નહિ. પૂરમાં તણાઈ ગયો. પાંચ માથોડા નીચે તણાતો હોય ઉપર પંદર ફૂટ પાણીનું દળ હોય ત્યાંથી કાંઈ બચવાનો આરોવારો નથી. પણ ઉપર હોય, એક–બે ફૂટે ઉપર પાણીની સપાટીએ હોય, અથવા ડોકું બહાર હોય ને તણાતો હોય તો એ જોવે કે કાંઈપણ ચીજ ઝાલવાની મળે, કાંઠો આવે, કોઈ ઝાડ આવે, કોઈ બેટ આવે, કાંઈક આવે તો હું બચી જાઉં. એમ તીવ્ર રસમાં તણાતો હોય ત્યારે એને બચવાનો કોઈ ઉપાય નથી. પણ મંદ રસ, અરસ પરિણામે હોય તો થોડીક મતિ વ્યવસ્થિત થઈને કામ કરે છે. પોતાના હિત-અહિતને સમજવા માટે થોડીક બુદ્ધિ, ત્યાં જ્ઞાનનો વિષય ઉપયોગ કામે લાગી શકે છે. અને પોતે જો પોતાનું હિત કરવા ધારે તો કાંઠે આવી શકે એમ છે, બચી શકે એમ છે. પણ તીવ્ર રસમાં પડ્યો પડ્યો ક્યારેય પણ બહાર નીકળી શકે નહિ.

'ગુરુદેવશ્રી'એ ધ્યાન ખેંચ્યું છે. આ વિષય આત્માના હિતનો છે એમ 'ગુરુદેવશ્રી'એ ધ્યાન ખેંચ્યું છે. બાકી સંપ્રદાયથી માંડીને જેને કાંઈ જીવનમાં ધોરણ જેવું કાંઈ છે જ નહિ ને એકલી સંયોગ પાછળની દોડમાં પડ્યા છે જે જીવો, આપણી આજુબાજુના

સંયોગથી તો, સહવાસથી તો સમજી શકીએ એવું છે. કેવી રીતે જગત ચાલે છે ? ચાલી રહ્યું છે એ કાંઈ સમજવું અઘરું નથી. પોતે પણ એકવખત એ રીતે ચાલતો હતો. એથી પણ એને સમજવું અઘરું નથી. એ અનુભૂત છે, ને પરિચિત છે, ને અનુભૂત છે. તેથી પોતાનું મહત્વ પોતાના હિતના વિષયને, માર્ગને, ઉપાયને મહત્વ આપીને એ દિશામાં તું જા એવી પ્રેરણા છે. **'ત્યાં જા.'** અંતરમાં જા, અંતર્મુખ થા, કેવળ અંતર્મુખ થા. એ જ્ઞાનીઓનું અને પરમેશ્વરનું એ ફરમાન છે કે, કેવળ અંતર્મુખ થા. અંદરમાં જા, અંતર્મુખ થઈને, સ્વ સન્મુખ થઈને એ જ તારા હિતનો માર્ગ છે અને ઉપાય છે, બીજે ક્યાંય એ સિવાય તારું હિત રહ્યું નથી. એ હિતસૂચક પ્રેરણા છે. ૨૦૯ થયો.

**તું પોતે માર્ગ જાણતો નથી ને જાણેલાને સાથે રાખે નહિ. તો તું એક ડગલું પણ કઈ રીતે ભરીશ ? તું પોતે આંધળો, અને જો ગુરુવાણીનું અને શ્રુતનું અવલંબન ન રાખ, તો સાધકનો માર્ગ જે અંદરમાં છે તે તને કેમ સૂઝશે ? સમકિત કેમ થશે ? સાધકપણું કેમ આવશે ? કેવળ કેમ પ્રગટશે ?**

**અનંતકાળનો અજાણ્યો માર્ગ ગુરુવાણી અને આગમ વગર જણાતો નથી. સાચો નિર્ણય તો પોતે જ કરવાનો છે પણ તે ગુરુવાણી અને આગમના અવલંબને થાય છે. સાચા નિર્ણય વગર – સાચા જ્ઞાન વગર સાચું ધ્યાન થઈ શકતું નથી. માટે તું શ્રુતના અવલંબનને, શ્રુતના ચિંતવનને સાથે જ રાખજે.**

**શ્રવણયોગ હોય તો તત્કાળબોધક ગુરુવાણીમાં અને સ્વાધ્યાયયોગ હોય તો નિત્યબોધક એવાં આગમમાં પ્રવર્તન રાખજે. તે સિવાયના કાળમાં પણ ગુરુવાણી ને આગમે બતાવેલા ભગવાન આત્માના વિચાર ને મંથન રાખજે. ૨૧૦.**

૨૧૦. આ બોલમાં શ્રુતનો મહિમા કરેલો છે. શ્રુત એ છે કે જે આત્માના નિમિત્તે, આત્મામાંથી નીકળેલું છે એને શ્રુત કહેવામાં આવે છે. આડકતરી રીતે, indirectly જેને શ્રુતનો મહિમા એ આત્માનો મહિમા છે. શ્રુતનો મહિમા તે આત્માનો મહિમા છે. એ તો વાતે વાતે જેના હૃદયમાં પોતાના સ્વરૂપનો મહિમા છે એને એ જ નીકળવાનો છે. પછી દેવ-ગુરુ-શાસ્ત્ર કોઈપણ વાત હોય, કોઈપણ વિષય હોય એ વાત વચ્ચે આવ્યા વિના રહે નહિ. એ સિવાય અનેકવિધ પ્રકારે આ બોલમાં માર્ગદર્શન પણ છે.

**'તું પોતે માર્ગ જાણતો નથી ને જાણેલાને સાથે રાખે નહિ. તો તું એક ડગલું પણ કઈ રીતે ભરીશ ?'** પહેલી વાત તો એ લીધી છે. અનાદિથી તારા હિતનો ઉપાય તું જાણતો નથી. માર્ગ કહો કે ઉપાય કહો બન્ને એકવાત છે. તારું હિત કેમ થાય ? એ ઉપાય તું જાણતો નથી. ક્યારથી જાણતો નથી ? કે પહેલેથી, અનાદિથી ક્યારેય પણ તે તારા હિતનો માર્ગ, ઉપાય જાણ્યો નથી. એ વિષયની ખબર નથી. માર્ગનો વિષય ઊંડા ભોંયરા જેવો છે. ભોંયરામાં જાણે ભગવાનના દર્શન થાય એવો આ માર્ગનો વિષય જરા ભોંયરામાં ઊતરવા જેવો વિષય છે. ભોંયરું ઉપરથી, ઢાંકણથી ઢાંકેલું હોય તો બધે સમથળ-સરખી જમીન દેખાય. ક્યા ઠેકાણેથી અંદર જવાનો રસ્તો છે ? એ કોઈ બતાવે તો ખબર પડે. નહિતર એમ કહે કે જુઓ ભાઈ ! આ માઇલો ને માઇલોનો વિસ્તાર છે, એક જગ્યાએ ત્યાં ભોંયરાનો દરવાજો છે. શીલા ઢાંકેલી છે, ઉપર માટી નાખેલી છે, જમીન જેવી જમીન બધે દેખાશે એ શોધી કાઢવાનું છે. આંટા માર્યા જ કરે. બધું ખોદવા જાય તો જીંદગી પૂરી પડે તોપણ એટલું કાંઈ બધું તપાસી શકે નહિ. તો એ રીતે તો એને મળતું નથી. માઇલોના માઇલોનો વિસ્તાર હોય ચારેબાજુથી. હવે ક્યા ઠેકાણે ? એક ઠેકાણે માર્ગ છે અંદર જાવાનો એ ખબર ન પડે. તો કે ખોદતા જાવ, ખોદતા પણ ખોદવા જઈશ (તો) આયુષ્ય પૂરું થાશે. તો ખોદતા... ખોદતા... ખોદતા... ખોદતા... કેટલુંક ખોદી શકીશ ? માઇલસ્ટોનમાં વિસ્તાર બહુ મોટો છે. એમ વિશ્વની અંદર અનેકવિધ પ્રકારની વિચારધારાઓ છે, અનેક મતો છે. અનેક રીતે લોકો એમ કહે છે કે, તમે આમ કરો તો તમારું હિત થાય, તમે આમ કરો તો તમારું હિત થાય, તમે ફલાણું કરો તો તમારું હિત થાય, અનેક રીતો ચાલે છે. બધે શુભક્રિયા દેખાય છે. ધર્મના ક્ષેત્રમાં તો બધે શુભયોગની ક્રિયા દેખાય છે. એમાં અંદર જવાનું ભોંયરું ક્યાં છે ? એનો પત્તો લાગે એવું નથી.

બધુંય સરખું દેખાય આ તો આમ કરે છે, બીજા બીજું કરે છે, ત્રીજા ત્રીજું કરે છે. કાંઈ ને કાંઈ, કાંઈ ને કાંઈ (ક્રિયા કરે છે.)

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'નો કેટલો ઉપકાર !

પૂજ્ય ભાઈશ્રી :- જગતની એક સારી પરિસ્થિતિ રહી છે કે ત્રણેયકાળે સત્ જીવંત રહ્યું છે અને સત્‌ને દર્શાવનારાઓ પણ સદાય વિદ્યમાન રહેતા આવ્યા છે. ભલે એકના એક ન હોય, ક્રમે બીજા હોય એ રહેતા આવ્યા છે. આવી એક પરિસ્થિતિ રહી છે. તેથી જીવો સંસારમાંથી બચીને, સંસાર છોડીને પોતાનું હિત સાધતા આવ્યા છે. હવે એ ક્યાં છે ? કેમ છે ? એ શોધવા માટે શું કરવું ? આ એક સમસ્યા જરૂર છે. તોપણ કુદરતી એક એવી વ્યવસ્થા છે કે જેને કેવળ એક આત્મહિત જ કરવું છે એને એ મળી જાય છે. એટલે જે આત્મહિતનો રસ્તો શોધે છે તેને મળે છે. શોધ નથી કરતો એને મળતો નથી, આ પરિસ્થિતિ છે. 'ભાવનગર' થી 'સોનગઢ' કાંઈ બહુ દૂર નથી અને જેને જરૂરિયાત ઊભી થાય એને દૂરનો પ્રશ્ન રહેતો નથી. અત્યારે તો સાધનો છે પણ સાધનો નહોતા (ત્યારે) પણ લોકો દેશ-દેશાવર ગયા છે કે નહિ ? જરૂરિયાત લાગી છે તો (ગયા જ છે ને !) કે નથી ગયા ? પણ નજીક હોય તોપણ ખબર ન પડે, અને જો શોધતો હોય તો દૂરથી પણ પકડે. લોકો ક્યાં ના ક્યાંથી આવ્યા છે. આવ્યા છે તો ક્યાં ના ક્યાંથી આવ્યા છે, ને નથી આવ્યા તો નજીક રહેલા પણ નથી આવ્યા. બન્યું છે કે નથી બન્યું ?

અમારે એક ભાઈએ, મુમુક્ષુએ પ્રશ્ન કર્યો. 'ગુરુદેવે' 'બહેનશ્રી'ની પ્રશંસા કરી, ઘણા બહુ સારા શબ્દો, ઉત્કૃષ્ટ કોઈની પ્રશંસા નથી કરી એવી પ્રશંસા કરી. તે યોગ્ય જ છે. આમ તો (એમનું) પુસ્તક પ્રસિદ્ધ થયું. જેને રુચ્યું અને પુસ્તકાકારે વિષયને (સાંકળ્યો) તો એમાંથી થોડો વિવાદનો વિષય થયો. એક પ્રશ્ન ઊઠ્યો, પ્રશ્ન ઊઠી શકે છે. આમ થવાનું કારણ શું ? એના બે કારણ છે. એક કારણ કે જીવ પોતાને રુચે તે પ્રવૃત્તિ કરે છે. ગમતી પ્રવૃત્તિ, પોતાને ગમે તે કરે. કોઈપણ જીવ સર્વ સામાન્ય વાત છે. તો જેને કરી એને એ ગમ્યું તે કર્યું છે ને ? બીજાને ન ગમે તો એનો ઉપાય નથી. એક (વાત).

અને બીજી વાત એમ કે એની પાછળ કોઈ પરમાર્થ છે કે નહિ ? સામાન્ય રીતે મુમુક્ષુજીવની કોઈપણ વ્યવહારની પ્રવૃત્તિ પાછળ પરમાર્થ ક્યાં છે ? એમ સીધો

ન દેખાતો હોય તો છુપાયેલો ક્યાં છે ? આ વાત તો સમજવા યોગ્ય છે. દરેકે પ્રસંગે સમજવી જોઈએ. તો આમાં કાંઈ પરમાર્થ છે કે નહિ ? આવો એક વિષય ચાલ્યો ચર્ચામાં. આમાં પણ પરમાર્થ છે. તે શું ? કે હજારો માઇલ બેઠેલાને, પાંચસો, હજાર–બે હજાર માઇલ બેઠેલાને એમ ખબર પડે કે, કોઈ જીવંત સત્ સમ્યક્જ્ઞાની મહાત્મા બિરાજે છે તો એ આવવાનું ત્યાં એને કારણ ઉત્પન્ન થશે. પ્રસિદ્ધિ હોય, બહુભાગ તો જ્ઞાનીની પ્રસિદ્ધિ નથી હોતી, એ પોતે પ્રસિદ્ધિમાં આવવા માગતા નથી હોતા. આવવા માગે છે તે જ્ઞાનીઓ હોતા નથી અને તે આવવા માગતા નથી એવી એની અંતરંગ આચરણા (હોય) છે. પછી પુણ્યયોગે એ બહાર આવી જાય એ બીજો વિષય થઈ જાય, પણ એની આચરણા તો એવી જ હોય છે. તો પાડોશમાં હોય ને ખબર ન પડે. એ રીતે પાડોશમાં હોય તો ખબર ન પડે. ભાવનગરવાળાને ખબર ન પડે, ને ઇમ્ફાલવાળાને ખબર પડે તો ઇમ્ફાલથી આવે. પૂર્વ પશ્ચિમમાં બે હજાર માઇલનું અંતર છે. આ પણ એની પાછળ એક પરમાર્થ રહેલો છે. એક ખપી જીવને, એકને ગોળી વાગી એટલે એની કિંમત કોઈ રૂપિયા–આનામાં થઈ શકે એવું નથી. લાખો કરોડો, અબજોમાં ન થાય એની કિંમત કાંઈ.

પુસ્તકની કિંમત ભલે એક રૂપિયો હોય પણ કોઈને ગોળી વાગે તો એની કિંમત અબજોમાં ન થાય એવો વિષય છે. અહીંયાં એ મહત્વ છે એ વિષયનું. એ અનાદિથી સંસારમાં પરિભ્રમણ કરતાં જીવે કેમ અંતર્મુખ થવું ? એ ઉપાયને અને એ માર્ગને જાણ્યો નથી. ભોંયરું ક્યાં છે ? અને એનો દરવાજો ક્યાં છે ? એની એને ખબર નથી. કેટલાક તો ભટકે છે. મંદિરમાં જઈ આવે, મસ્જિદમાં જઈ આવે, ગુરુદ્વારામાં જઈ આવે, હિમાલયમાં જઈ આવે, ગંગામાં ને સમુદ્રમાં ડૂબકીઓ મારી આવે, કાંઈક કરે. પર્વત ચડે ને ઊતરે, દરિયામાં જાય ને ઉપર જાય ને નીચે જાય ને કાંઈક કરે. એવું જિંદગીમાં માણસે બહુ ગોથા ખાધા છે. એવા માણસો મળે છે ત્યારે ખ્યાલ આવે છે કે માણસ હિત માટે વલખાં મારે છે અને સમય એનો ચાલ્યો જાય છે. અને છતાં વિપરીત અભિનિવેશને લઈને, કેટલાક પૂર્વગ્રહોને લઈને શોધતો હોય તોપણ મળતો નથી, મળતું નથી.

અહીંયાં એક બીજો વિકલ્પ છે કે શોધે એને મળે પણ એમાં એક પૂર્વ શરત છે. પોતાના પૂર્વગ્રહોને છોડીને શોધવા માગે તો મળે, નહિતર શોધે તોપણ મળે

નહિ. એક વ્યક્તિ મળી હતી કહે કે દુનિયામાં બહુ રખડ્યો છું, આનંદ માટે, હું ઈશ્વર માટે હું બહુ રખડ્યો છું. ઈશ્વર માટે મેં કાંઈ બાકી નથી રાખ્યું. નાનપણમાં ઘર છોડીને ભાગ્યો હતો, જુવાનીમાં આખું હિન્દુસ્તાન ડહોળી નાખ્યું. ધર્મ-વિધર્મ બધા ધર્મોના ક્ષેત્રોમાં, સાધુ સન્યાસીઓમાં યોગીઓમાં, જોગીઓમાં, જંગલોમાં બહુ ફર્યો, બહુ ફર્યો, સહનશક્તિ ઘણી છે મારામાં. સહનશક્તિ બતાવતા એક દાખલો આપ્યો. લાવો અત્યારે અગ્નિ આપો મુઠ્ઠી વાળીને પકડી લઉં કે હઠ કરીને પકડી લેતા હોય છે ને ? અંગારો આપો મુઠ્ઠી વાળીને પકડી રાખું. છોડું નહિ તમે કહો ત્યાં સુધી. બળે, હાથ બળે તો સહન કરી શકું. કાંઈ મળતું નથી. મળવું હોય (તો) સોનગઢ આવો. 'ગુરુદેવ'ની ઉપસ્થિતિ છે. જોઈતું હોય તો સોનગઢ આવો. એ જંજાળમાં પડેલા માણસો... સારી પાયરી ઉપર હતા (એટલે) જંજાળ તો એના પ્રમાણમાં હોય ને. કહે છે એકવખત થાકી ગયા હોય તો ગોતવા નીકળ. મૂક પડતું પછી શરીરને, શરીરના સાધનોની તો અપેક્ષાઓ બહારમાં ઊભી જ છે. એ પરિસ્થિતિમાં પછી પાછા જ્યાં આખું જગત લાગી પડ્યું છે ત્યાં એ પણ લાગી પડે છે. અબજો જીવોમાં કેટલાને સત્પુરુષનો યોગ છે ? એનો વિચાર કરે તો એની કિંમત આવે એવું છે. વિચાર કરે તો કિંમત આવે એવું છે કે અબજોમાં, બીજાને અબજોને નથી મળ્યો એ સંયોગ તને મળ્યો, તો કોઈ એનું વિશિષ્ટ પ્રકારે આત્મહિત થાય, વિશિષ્ટ પ્રકારે એટલે આત્મહિત થાય એ પ્રકારે કાંઈક પોતે ચડી જાય એ (કરી લેવું.)

મુમુક્ષુ :– પૂર્વગ્રહ બહુ નડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– શોધ તો ઘણાં કરે છે, એ વિષય થોડો શોધનો તો થયો છે કે કાંઈક છે ખરું. નથી જાણતા એવું કાંઈક છે ખરું. કેમકે આપણી ઇચ્છા પ્રમાણે થતું નથી. અરે..! સમર્થ માણસોની ઇચ્છા પ્રમાણે થતું નથી. જેની પાસે રાજપાટ હોય, વડોપ્રધાન હોય પણ એની ઇચ્છા પ્રમાણે બધું થતું જોવામાં આવતું નથી. બીજાની તો ક્યાં વાત થાય. ઘણા છે એની પણ ઇચ્છા પ્રમાણે (થતું નથી.) તો કાંઈક છે ખરું. કાંઈક વસ્તુ વ્યવસ્થા બીજી રીતે છે. કોઈ પછી ઈશ્વરને કલ્પે, કોઈ બીજું કલ્પે, ગમે તે કલ્પના કરે, પણ કાંઈક નથી જાણતા એવું કાંઈક છે એ જાણવું જરૂરી છે એવું તો સમજાય એવું છે. એ શું છે ? એ શોધવા માટે પૂર્વગ્રહ છોડીને, કોરી પાટી થઈને જો સત્‌ને શોધવા નીકળે અને એટલું જ શોધે. જ્યાં શોધના સ્થાનમાં જાય

ત્યાં એટલું જ શોધે કે, આમાં આત્મહિત થવાનો ઉપાય શું છે ? એ વાત છે કે નહિ ? એ પ્રકાર છે કે નહિ ? અંધશ્રદ્ધાથી માનવું નથી, પ્રયોગ કરીને નક્કી કરવું છે તો સત્ વધારે દૂર નથી. તો ઘણું બાદ થઈ જઈ અને મૂળ જગ્યાએ આવતા વાર લાગતી નથી. ઘણું બાદ થઈ જાય એવું છે. કેમકે કેટલુંક તો સ્થૂળ બુદ્ધિએ ખ્યાલમાં આવે એવું છે કે, આના કરતાં તો આ સાર છે, આના કરતાં તો આ નિર્દોષ છે, આના કરતાં તો આ નિર્દોષ છે, આના કરતાં તો આ નિર્દોષ છે. એ તો ખબર પડે એવું છે. સૌથી સહેલો ઉપાય આ છે કે, જો કોઈ માર્ગને જાણેલા એવા સત્પુરુષ મળી ગયા હોય તો એને સાથે રાખજે, એની ઓથે ચાલજે, એના સહારે ચાલજે, એની આજ્ઞાએ ચાલજે, એના શરણમાં રહેજે. એ બધું એકાર્થ છે, શબ્દો જુદાં જુદાં છે. (જો ઉપર કહ્યું તેમ ન કરી શકે તો) એનો અર્થ જ કે કાંઈક હજી પૂર્વગ્રહ છે. પોતાની વાત મૂકી દેવી નથી અને રાખીને ચાલવું છે.

મુમુક્ષુ :– કલ્યાણ કરવું છે અમારે.

પૂજ્ય ભાઈશ્રી :– રાખીને ને ? અકલ્યાણનો રસ્તો રાખીને કલ્યાણ કરવું છે, કોઈ રીતે બનવાનું નથી. કોઈ મારવાવાળો મારવા આવે, ઓચિંતા પાંચ જણા ઘરમાં આવી જાય હથિયાર લઈને, surrender થઈ જાવ, તાબેદારી સ્વીકારી લ્યો. તો કહે કબૂલ ભાઈ, (પણ) મારતા નહિ, મારી નાખતા નહિ. મારતા નહિ એટલે મારી નાખતા નહિ. કબાટની ચાવી ? કે આ રહી. તિજોરીની ચાવી ? કે આ રહી. ક્યાં ખાનામાં ઝવેરાત છે ? કે આ ખાનામાં. કેમકે ખબર પડી એક વખત ખોટું બોલશે એટલે સીધા આ તો ગોળી છોડી જ દેવાના છે. આપી દે ને ? એમાં એક રાખવાની વાત રાખે તો ? બધું કહી દઈશ – મારા કપડાં ક્યાં છે, મારા પગરખાં ક્યાં છે, ઝવેરાત છે એ નહિ કહું. એક રાખીશ. એક ક્યુ રાખવું છે એને ? વધુમાં વધુ પક્કડ, એટલે કિંમતી છે એ રાખવું છે અને બાકીનું બધું આપવું છે. એક રાખવું છે એવું ક્યુ એક છે ? કે એવું એક કિંમતી છે એ રાખવું છે. એને શરણાગતિ સ્વીકારવી નથી એ ચોખ્ખી વાત છે. કેમકે ત્યાં બચવું છે, અહીંયાં એને હજી બચવાનો ભાવ નથી. એમ એનો અર્થ છે. ત્યાં મારનારાથી બચવું છે અને બચાવનારાથી બચવું નથી. ખોપરી ઊંધી થઈ ગઈ છે બીજું કાંઈ નથી. મારનારાથી બચવું છે અને બચાવનારાથી બચવું નથી. એનો વિવેક કેટલો છે ? વિવેક કાંઈ નથી.

મુમુક્ષુ :- આ સંસારનું ઝેર ઉતારવા જ્ઞાનીની શરણતા સરળમાં સરળ રીત કહેવાય ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુ સુગમ, બહુ સરળ. બાકી તો જે શ્રુતનો અહીંયાં મહિમા કરે છે એ શ્રુતનો વિસ્તાર, શ્રુતના ન્યાયો, એને એની કેટલીક અટપટી વાતો એવી છે કે ભલભલો બુદ્ધિવાળો ગોથું ખાય એવો વિષય છે. એકલા હાથે કરવા જાય તો ગોથું ખાતા વાર લાગે એવું નથી. 'શ્રીમદ્જી'એ વિશેષ વાત એટલા માટે કરી છે. 'શ્રીમદ્જી'એ એ વાત વિશેષ કરી એનું કારણ કે, તને ખબર પડતી નથી તો બીજું જોખમ લે છો શું કરવા તું ? જ્યારે એકવાત તો એ છે કે સર્વ કાળમાં કદાચ સત્પુરુષ ન પણ હોય. વચમાં ક્યારેક ગેપ પડે છે, અથવા પોતે ન જઈ શકે એવા ક્ષેત્રમાં હોય છે. આમ તો ત્રણેયકાળે હોય છે પણ કેટલાક ક્ષેત્ર તો એવા દૂરના મહાવિદેહ આદિ હોય છે કે, જ્યાં સત્ જીવંત હોય છે, પોતાને પુણ્યનો પ્રકાર હોતો નથી. એટલે ત્યાં તો લાચારી છે. પણ જ્યાં છે ત્યાં પછી એને જોખમ લેવું જોઈએ નહિ. આ વાત છે. (આ) સેઈફ સાઈડમાં વાત કરી છે. એ તો એટલી કરુણા છે (તો) લોકોને બચાવી લીધા છે.

મુમુક્ષુ :- જોખમ ઓછું થઈ જાય તો તો સરળ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ('શ્રીમદ્જી' તો) એમ કહે છે કે, એક સત્પુરુષને શોધ બીજું કાંઈ શોધ માં અને પછી મોક્ષ ન મળે તો અમારી પાસેથી લઈ જવો. એનો અર્થ શું છે ? કે અમારી આ અનુભવ સિદ્ધ વાત છે. એમને અનેક ભવોનું જાતિસ્મરણજ્ઞાન હતું. પોતે ક્યાં ક્યાં આથડ્યા છે ? કેવા કેવા ગોથા ખાધા છે ? ઠેબા ખાધા છે ? અને કેટલી કેટલી જગ્યાએથી માર ખાઈને, હેરાન થઈને, પછડાઈ પછડાઈને, દુઃખી થઈને છેવટે કોઈ સત્પુરુષથી પામ્યા છે. પામ્યા છે, ને આરાધક જીવ છે. પાછા વળી ચ્યુત થયા છે પુરુષાર્થ હીનતાને લઈને, પણ એક વાત, એક ક્ષતિ, પરમ સત્ય એમણે નજરે ગોતેલું છે કે, મારી પરિસ્થિતિ જોતા અને મારા અનુભવને જોતા જગતના રખડતા જીવને સત્પુરુષ સિવાય કોઈ આરોવારો નથી. એ તો સીધું જ દેખાડી દે છે કે જો અહીંયાં ખોજ. આ ભોંયરાનો દરવાજો, અહીંયાં આ એનું દ્વાર અને અહીંથી નીચે જવાય છે. તારે ક્યાંય આડીઅવળી મહેનત કરવાની જરૂર નથી. એ એક મોટી વાત છે. કે એનો તમામ પરિશ્રમ બચી જાય. 'સોગાનીજી'એ કહ્યું છે ને ? પકાપકાયા

હલવા. હલવો એટલે શીરો. હિન્દીમાં શીરાને હલવો કહે છે. બુઢો માણસ હોય, ને ન ચાવે, ને ચાવ્યા વગર ઉતારી જાય તો પચી જાય. બીજી ચીજ તો ચાવવી પડે. ગાંઠીયા આખેઆખા ઊતરે નહિ અને કઠોળ આખેઆખું ઉતારે તો પચે નહિ. આ તો સીધું પચી જાય. એવું એટલું બધું તૈયાર થઈને મળે છે. સત્પુરુષ પાસેથી એટલું બધું તૈયાર થઈને મળે છે.

અહીંયાં તો પ્રસ્તુત વિષય છે આખો. જાણેલાને સાથે રાખવા એટલે જાણેલાને માથે રાખવા. સાથે રાખવાનો અર્થ છે માથે રાખવા. આગળ એક જગ્યાએ આવ્યું ને ? ગુરુને માથે રાખ, ગુરુનો ડર રાખ તો તારે તારા અવગુણથી ડરવા જેવું થશે. એક બોલ આવી ગયો ને ?

એમ કહે છે કે, **'જાણેલાને સાથે રાખે નહિ.'** કઈ દિશામાં **'તું એક ડગલું કઈ રીતે ભરીશ ?'** તું સમજીને કઈ દિશામાં જઈશ ? એમ કહે છે. તારે ચાલવું છે, રસ્તો શોધવો છે, કઈ દિશામાં જઈશ ? એમ. દસ દિશા છે, આઠ દિશા છે. દસ દિશા છેને ઉપર નીચે થઈને.

મુમુક્ષુ :- અમારી સાથે ઘણા મુમુક્ષુ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ માર્ગ જાણેલા છે ? આ સવાલ છે. અહીંયાં શું શબ્દો પડ્યા છે ? માર્ગ જાણેલાને સાથે રાખજે. મુમુક્ષુ છે પણ માર્ગ જાણેલા છે ? આટલો સવાલ છે. અહીંયાં તો માર્ગે ચડવાની વાત છે. ટોળાશાહીમાં ક્યાંય ધર્મ નથી. આ એક લખી લેવા જેવી, એટલે ન ભૂંસાય એવી રીતે યાદ રાખવા જેવી વાત છે કે, ટોળાશાહીમાં ક્યાંય ધર્મ નથી. ઝાઝું ટોળું થાય એટલે ત્યાં ધર્મ થઈ જાય એમ હોય તો સૌથી ઝાઝું ટોળું આ જગતમાં મુસલમાનોનું અને ખ્રીસ્તીઓનું છે. એ ટોળાશાહીમાં ધર્મ નથી.

મુમુક્ષુ :- ઝાઝા મુમુક્ષુ છે એટલા બુદ્ધિશાળી મુમુક્ષુ અમારી સાથે છે એમ.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં તો એટલો પ્રશ્ન છે કે માર્ગ જાણેલો એક છે. બુદ્ધિશાળી છે એમાં માર્ગ ન જાણતો હોય એને બુદ્ધિશાળી કેમ કહેવા ? જે બુદ્ધિ આત્માનું હિત ન કરે એને બુદ્ધિવાનપણું કેમ કહેવું ? એ તો 'શ્રીમદ્જી'એ મુમુક્ષુની વ્યાખ્યા એમ કરી છે કે મુમુક્ષુજીવ એટલે વિચારવાન જીવ. પત્રની અંદર આ શબ્દો લખે છે. વિચારવાન જીવ એટલે જેને હિત-અહિતનો વિવેક, વિચાર છે એને મુમુક્ષુ કહેવાય.

બુદ્ધિશાળી તો એટમબોમ્બ બનાવે છે, મિસાઈલ બનાવે છે. બુદ્ધિ ઓછી છે ? કેટલી બધી ટેકનિક છે. બુદ્ધિવાળો કે કુબુદ્ધિવાળો ? પણ જે ઘાત કરે એ બુદ્ધિ શું કામની ? હિંસા કરે એ બુદ્ધિ, સ્વની કે પરની હિંસા કરે એ બુદ્ધિ શું કામની ? એને બુદ્ધિ કહેવી કે એને કુબુદ્ધિ કહેવી ? શું કહેવું એને ?

મુમુક્ષુ :– કેવું માર્ગદર્શન ? કેવું સરસ માર્ગદર્શન છે. આ રીતે ભૂલા ન પડે.

પૂજ્ય ભાઈશ્રી :– એક એક વાત એવી છે. 'ગુરુદેવ' પ્રશંસા વિશેષ કરતાં હતા એ તો એક એક વાત ચોંટે એવી છે. અને જે જીવ પાત્ર થઈને પકડે, (એને) ચોંટે એવી છે. શું કહે છે ?

કે, **'એક ડગલું પણ કઈ રીતે ભરીશ ?'** દે જવાબ. કઈ રીતે ભરીશ ? કઈ દિશામાં જઈશ ? કેમકે **'તું પોતે આંધળો,...'** અને માર્ગ ક્યાં છે એ તને ખબર નથી. તું પોતે અંધ છો, અનાદિ અંધ છે. જીવ પોતે પોતાના નિજ હિતના માર્ગને વિશે અનાદિ અંધ છે. એ વાત એને સ્વીકાર્યા વગર ચાલે એવું નથી. વર્તમાન એની હાલત–હયાતી જોતા એને અનાદિથી (માર્ગ જોયો નથી) એ વાત સાબિત થઈ **'તું પોતે આંધળો, અને જો ગુરુવાણીનું અને શ્રુતનું અવલંબન ન રાખ, તો સાધકનો માર્ગ જે અંદરમાં છે તે તને કેમ સૂઝશે ?'** આ સીધી વાત છે. જે અંદરમાં માર્ગ છે આત્માને સાધવાનો, હિતને સાધવાનો માર્ગ અંદરમાં છે એ તને કેમ મળશે ? શું છે કે વસ્તુ છે એ સામર્થ્યરૂપે છે. આમ તો એમ કહેવાય છે કે અનંત સુખ, અનંત શાંતિ અને અનંત જ્ઞાનનો સાગર અંદરમાં હિલોળા લ્યે છે. શું કહે છે ? દરિયો, જ્ઞાન અને સુખનો આનંદનો દરિયો અંદરમાં હિલોળા લ્યે છે. પણ સામર્થ્યરૂપ હોવાથી એને પત્તો લાગતો નથી. નહિતર દૂર નથી કાંઈ જીવથી. કેટલે દૂર પોતાથી ? કે પોતે જ છે. અહીંયાં દૂરનો ક્યાં પ્રશ્ન છે. પણ એનો પત્તો નથી લાગતો, કેમકે એ અંદરમાં છે. સામર્થ્યરૂપ છે એટલે એ અંદરમાં છે. એ વાત લીધી ને ? **'અંદરમાં તને કેમ સૂઝશે ?'** એમ લે છે. પ્રશ્ન એ છે. એ આખા પેરેગ્રાફની અંદર પ્રશ્નથી જ વાત સમજાવે છે. પહેલું ડગલું કઈ રીતે ભરીશ ? હવે તને કહે છે કે માર્ગ અંદર કેમ સૂઝશે ? પછી કહે છે કે સમકિત કેમ થશે ? તને સાધકપણું કેમ આવશે ? અને કેવળજ્ઞાન સુધીની સિદ્ધદશા કેમ પ્રગટ થશે ? બધા પ્રશ્ન લીધા છે.

જો તું ગુરુનું અવલંબન ન રાખ, કે શ્રુતનું અવલંબન ન રાખ તો; કેમકે ગુરુ

છે, અથવા સત્પુરુષ છે એનો સદાય સંગ છે એટલું પુણ્ય બહુ ઓછા જીવોને હોય છે. ભાગ્યે જ કોઈ જીવોને હોય છે કે જેને નિરંતર, ચોવીસે કલાક સંગ રહે. બહારની અંદર એવી પરિસ્થિતિ બધાને હોય એવું તો બની શકે નહિ. એ તો physically પણ એ પરિસ્થિતિ શક્ય નથી. કોઈ પુણ્યવાન જીવને એ હોય છે. કોઈ મહાભાગી જીવને એ હોય છે. એ જો એને સ્વીકારી લે, એને માથે રાખી લે તો એને કોઈ ચિંતા નથી, એનો બેડો પાર થઈ જાય છે. નહિતર બીજી કોઈ પરિસ્થિતિ છે નહિ. એ સિવાય કોઈ બીજી પરિસ્થિતિ છે નહિ. પોતાની મેળે કોઈ માર્ગને શોધી લે, જ્ઞાની મળ્યા વિના પોતાની મેળે કોઈ માર્ગને શોધી લે એવી અનાદિ અનંત વસ્તુની સ્થિતિ નથી. 'શ્રીમદ્જી'એ ગાયું ને ? 'પાવે નહિ ગુરુ વિના,' બિના નયન એટલે આ અનુભવ. 'બિના નયન પાવે નહિ, બિના નયન કી બાત.' એ બિના નયન અહીંયાં ચક્ષુઇંદ્રિય આ તો ચક્ષુઇંદ્રિય વગરની વાત છે, અતીન્દ્રિયની વાત છે. અતીન્દ્રિય જ્ઞાન અને અતીંદ્રિય સુખ અંદરમાં છે એની વાત આંધળો કોઈ પામી શકે એવું નથી. 'પાવે નહિ ગુરુગમ વિના, યેહી અનાદિ સ્થિત' એટલે વસ્તુસ્થિતિ. સ્થિતનો અર્થ એ છે. અનાદિ અનંત આ વસ્તુસ્થિતિ છે.

મુમુક્ષુ :- ગુરુવાણી તો બરોબર (પણ) સાથે શ્રુત લીધું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે શું છે કે, ગુરુવાણી અને શ્રુતનું અવલંબન લીધું. ગુરુ છે એની વાણી સદાય મળ્યા કરે એમ કેમ બનશે ? તીર્થંકર ભગવાન છે તો એની વાણી દિવસમાં ચાર વખત છૂટે છે. એટલે કે ચોવીસે કલાક ચાલુ રહે છે એમ નથી. ચાર પ્રહરના કટકા પડે છે. તો ચાર વખત છૂટે છે એમ કહેવાય ને ? છ છ કલાકે. શરૂ થાય બંધ ગમે ત્યારે થઈ જાય. પાછા છ પ્રહર પૂરા થાય એટલે વળી પાછું ચાલુ થઈ જાય. આપોઆપ જ (ચાલું થાય), ગમે ત્યારે બંધ થઈ જાય. છદ્મસ્થની વાણી તો એ તો ઉત્કૃષ્ટ પુણ્યનો ઉદય. 'ગુરુદેવશ્રી' (સવારે) એક કલાક વ્યાખ્યાન આપતા, બપોરે એક કલાક વ્યાખ્યાન હોય, પછી તો પોતાનું જ્ઞાન-ધ્યાન હોય છે, જ્ઞાનીઓને પોતાનું, સાધક અવસ્થામાં પોતાનું જ્ઞાન-ધ્યાન કરવાનો (અવસર હોય છે.) આ તો વિકલ્પ રહે છે, એવો પુણ્ય યોગ હોય તો વાત કહેતા જાય. પણ નહિતર એ કાંઈ નિરંતર વાણી મળે એવું તો બનતું નથી. વળી વાણી નિરંતર મળે પણ પોતાને પણ અંદરમાં કામ કરવાનું છે. વાણીનો જે વિષય છે એ તો પોતે છે.

વાચક શબ્દનું વાચ્ય તો પોતે, અંતરમાં પોતાનું પરમાત્મપદ છે. એનો ઉપયોગ, વાણીમાં એમ કહે છે કે, ઉપયોગ ફેરવીને તું અંદરમાં જા. એ રહસ્ય છે. એ એને વાણીમાં સમજીને પાછું કામ તો પોતાનો પુરુષાર્થનું કરવા માટે જુદો સમય જોઈશે. એકલું સાંભળ્યા કરે, એકલું સાંભળ્યા કરે એ પણ માર્ગ નથી. એમ. પણ એને તું સાથે રાખ. સાથે રાખ એટલે, નહિતર ઉદયભાવમાં બીજા પરિણામ છે એ બાજું (તું) ચાલ્યો જઈશ. એના બદલે તું જે પરમ તત્ત્વને દર્શાવનારી વાણી છે અને સત્પુરુષ છે એની મુખ્યતા કરજે, એને તું સાથે રાખજે.

**'તો સાધકનો માર્ગ જે અંદરમાં છે તે તને...'** સૂઝશે. નહિતર કેવી રીતે સૂઝશે ? કેવી રીતે સૂઝશે ? એમ કહીને એમ કહેવું છે કે બીજો તો કોઈ ઉપાય જગતમાં નથી. પ્રશ્ન ઉઠાવ્યો છે એનો અર્થ કે બીજો કોઈ ઉપાય જગતમાં છે નહિ. કોઈ એમ વિચારે, પૂજ્ય 'બહેનશ્રી' પાસે પ્રશ્ન ચાલી ગયો. (એક મુમુક્ષુ) આવ્યા હતા. 'ગુરુદેવ'ની વાણી છે એ જ અમે વિદ્વાનો બધાને એમ કહીએ છીએ, (તો) જે 'ગુરુદેવે' કહ્યું એ જ અમે કહીએ તો અમારાથી કોઈ પામે કે ન પામે ?

મુમુક્ષુ :– એ મુમુક્ષુ અહીંયાં આવ્યા હતા થોડા દિવસ, પાંચ દિવસ પર્યુષણમાં.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પર્યુષણમાં વાંચન માટે પાંચ દિવસ આવેલા. આમ તો 'ગુરુદેવ' પાસેથી સીધું અમે ઝીલ્યું છે, અમારી શક્તિ પ્રમાણે જે અમે ગ્રહણ કરી લીધું છે, એ જ અમે બહાર જ્યાં જ્યાં જઈએ છીએ ત્યાં કહીએ છીએ. તો એનાથી કોઈ પામે કે ન પામે ? તો 'બહેનશ્રી'એ ના પાડી. એનાથી કોઈ પામી શકે નહિ. પછી એ વિષયના ઊંડાણમાં થોડાક પ્રશ્ન ચાલ્યા. તો કે પછી આ 'ગુરુદેવ'ની ટેપ છે એ તો ગુરુવાણી જ છે. એનાથી કોઈ પામી જાય કે ન પામે ? એને એમ કે 'બહેનશ્રી' બહુ ભક્તિથી વાત કરે છે તો કદાચ હા પાડી દેશે, પણ વસ્તુસ્થિતિ શું છે ? અહીંયાં પ્રશ્ન એ છે. ભક્તિનું પ્રકરણ નથી. અહીંયાં વસ્તુસ્થિતિ એમ છે. કોઈએ એમ પ્રશ્ન કર્યો કે, પહેલા પ્રત્યક્ષ સાંભળ્યા છે એ જ વાત અહીંયાં ટેપમાં સાંભળીએ છીએ. જે ગાથા–છઠ્ઠી ગાથા, અગિયારમી ગાથા, સાંભળેલું છે, એ જ વાણી છે, એ જ અવાજ છે, એ જ બધું ઢબ, પદ્ધતિ બધું એનું એ છે. આંખ બંધ કરીએ તો 'ગુરુદેવ'ની મૂર્તિ પણ બરાબર દેખાય છે. આંખ બંધ કરીને સાંભળે, 'ગુરુદેવ' સામે બેઠા હોય ને આંખ બંધ કરીને સાંભળે અને ટેપની સામે આંખ બંધ કરીને

સાંભળે, શું ફરક પડ્યો ? શું ફરક પડે ? કે સામે બેઠા હોય તો આંખ બંધ કરીને સાંભળવાની તારે જરૂર નથી. પહેલી વાત તો એ છે. ઠીક ! ત્યાં તો આંખ ઉઘાડી રાખ. કેમકે એમાં પ્રગટ ચૈતન્યની ચેષ્ટા છે એ જોવા મળે છે. એમાંથી પણ આત્મભાવ પ્રદર્શિત થાય અને એ વિશેષપણે પ્રદર્શિત થતાં અનુભવગોચર થાય છે. એટલે ત્યાં તો આંખ બંધ કરવાનો પ્રશ્ન નથી. અહીંયાં તો આંખ ઉઘાડી રાખ તો અહીંયાં હયાતી નથી. એ પરોક્ષપણાથી કાંઈ પ્રાપ્તિ થતી નથી.

ટેલીવીઝનમાં વિડીયોમાં બરાબર જોઈએ આફ્રિકાના પ્રવચનોમાં. એનાથી તો પ્રાપ્ત થાય કે ન થાય ? એમાં તો બધું દેખાય, ચેષ્ટા પણ દેખાય. પણ ભાવમાં જ્ઞાનને બરાબર ખબર છે કે, ત્યાં 'ગુરુદેવ' નથી ત્યાં (માત્ર) સ્ક્રીન છે. એ અસર કેમ જાશે તારા જ્ઞાનમાંથી ? હયાતી નથી. છે અને નથી એમાં બહુ મોટો ફેર છે.

મુમુક્ષુ :- સ્ક્રીન પડી હોય તો ડર નથી લાગતો. 'ગુરુદેવ' સામે બેઠા છે એમ ડર નથી લાગતો.

પૂજ્ય ભાઈશ્રી :- ટી.વી. પડ્યું હોય તો અદબવાળીને ન બેસે. પ્રત્યક્ષ તે પ્રત્યક્ષ છે અને પ્રત્યક્ષનો કોઈ વિકલ્પ નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' ગયા પછી શાસ્ત્ર વાંચે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઠીક છે જેમ શાસ્ત્ર વાંચે એમ સાંભળવાનો બીજો વાંધો નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'ની ટેપથી જે પ્રત્યક્ષ-પરોક્ષની જે કિંમત છે એ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ કોઈ વિકલ્પથી એની કોઈ જગ્યા પુરાઈ જાય છે એવું નથી બનતું. પ્રત્યક્ષ હોય અને ટેપ સાંભળીએ કાંઈ જગ્યા, પ્રત્યક્ષની જગ્યા કોઈ પૂરી શકે એવું નથી. ટૂંકામાં પ્રત્યક્ષ યોગનો આ જગતમાં કોઈ alternative નથી. પ્રત્યક્ષ યોગનો આ જગતમાં કોઈ વિકલ્પ નથી, એનો કોઈ બીજો પર્યાય નથી. એટલી વાત એમાંથી સ્પષ્ટ છે. અને એ વાત અનુભવે સમજાય એવી છે. અનુભવની મુખ્યતાથી વિચારે તો એને સમજાય એવી છે ન સમજાય એવું કાંઈ નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'ની ટેપ સાંભળતા હોઈએ તો ઘણીવાર તો ભૂલી જવાય છે કે 'ગુરુદેવ' સાક્ષાત બેઠા હોય એવું લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આપણે તો શું છે કે આપણે તો પ્રત્યક્ષ જોયેલા છે

ને ? એટલે એટલી અસર પહોંચે છે. પાછો આપણને એટલો અહીંયાં પ્રત્યક્ષ પરિચય વર્તે છે. પણ જે નિમિત્ત નૈમિત્તિક સંબંધ નથી ધરાવતા, એમાં શું બને છે કે સાક્ષાત્ તીર્થંકર બિરાજમાન હોય છે, ગુરુ ઉપદેશ દેતા હોય-કોઈ પણ જ્ઞાની, તો જે વિષયનું જે વાચ્ય છે એ તો પોતે છે. એના એ વાચ્યને જે જ્ઞાન ગ્રહણ કરે છે એ (તો પ્રત્યક્ષ રહે છે.) જ્યારે એ પ્રત્યક્ષ યોગમાં વાણી છૂટતી હોય છે અને એમાં જે પ્રત્યક્ષ ચેતનના ચમકારા છે અને એની જે ચેષ્ટાની અંદર ગૂઢ રહસ્ય જ છે, રહસ્યભૂત વિષય છે. જેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ભજે છે એને એ કેટલો ઊંડાણમાં જઈને પકડે છે અને પડખું ફેરવીને પામી જાય છે એ વિષય બહુ અપૂર્વ છે. એટલે લોકો સમજતા નથી એ વિષયને. આમાં શું બને છે ? કેમ બને છે ? એ તો ખબર નથી. ઉપર ઉપરથી જોવે છે. સંયોગ થયો તે સંયોગ. એમ સંયોગ નથી. દ્રવ્ય ભાવ બેની ત્યાં સંધિ છે. એકલા દ્રવ્ય સંયોગનો વિષય નથી અને દ્રવ્ય સંયોગનો એકલો ભાવ પહોંચે એ પરિસ્થિતિ નથી અનાદિના મિથ્યાદૃષ્ટિની. સંસ્કારીની (વાત) નથી. સંસ્કારી હોય એને તો પુસ્તકથી થઈ જાય છે. 'શ્રીમદ્જી'ને, 'ગુરુદેવ'ને-એ તો પ્રશ્ન નથી.

ઊંડો વિષય થઈ જાય છે. એ તો જેટલો ઊંડો જાય એટલો સૂક્ષ્મ થઈને જ ઊંડા જવાય એવો વિષય છે. વિષય જ અહીંયાં સૂક્ષ્મતાનો છે સીધી વાત છે. એ પ્રત્યક્ષ ચેષ્ટામાં સાધવાનો જે માર્ગ, અંતર્મુખનો જે માર્ગ એ વ્યક્ત થાય છે અને તે વ્યક્ત થાય છે એને લાયક જીવ પકડી શકે છે. જ્યારે એ પકડે છે ત્યારે એને ઓળખાણ થાય છે. ત્યારે એની પરિણતિ પણ પકડે છે. કેમકે, એને જોયું કે આ એકલી વાણી નથી, કાંઈક પરિણતિમાંથી આ વાત આવે છે. નહિતર તો વાણી તો વાણી છે. પેલા (મુમુક્ષુએ) પ્રશ્ન કર્યો કે જે 'ગુરુદેવ' કહે છે એ જ હું કહું છું અને એવું જ કહું, 'ગુરુદેવ'ની ઢબથી કહી દઉં. ન આવડે કાંઈ ? આવડે અભિનય કરતાં તો એક્ટરને આવડે છે, આમાં ન આવડે એવું ક્યાં છે ? પણ એની પાછળ જે પરિણતિને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, અને એનો જે રસ નીતરે છે એની અંદર એ વસ્તુ તો કોઈ બીજી જગ્યાએ મળે એવું નથી.

મુમુક્ષુ :- એટલે જે જીવો પામ્યા છે તે જ પમાડી શકે અને અનુભવની વાણી હોય તો જ અસર કરે એમ થયું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, નહિતર બીજી રીતે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઊપજે એવું

નથી. એમ. નૈમિત્તિકપણે માર્ગનો ખ્યાલ પડવો કે, આમ અંતર્મુખ થવાય એ જે પ્રકાર છે જ્ઞાનનો.. એ એમ ને એમ સીધું થાય એવું નથી. બીજી કોઈ પરિસ્થિતિ નથી.

મુમુક્ષુ :- જ્ઞાની હંમેશા અંતર્મુખ થવાની રીત કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો અસાધારણ આવે છે એ વિષય. (એમનો) અનુભવનો વિષય, અને પોતે પણ જ્યારે એ વાત કરે છે ત્યારે તે તે પ્રકારના ભાવમાં આવીને કરે છે, એમ અદ્ધરથી નથી હાલતું. વિદ્વાનમાં શું થાય છે ? જ્ઞાની અને વિદ્વાનમાં આ પણ ફરક છે. કે, એની દૃષ્ટિ પર ઉપર છે અને ખાલી વાત અંતર્દૃષ્ટિના વિષયની કરે છે, પણ દૃષ્ટિ એની પર ઉપર છે એટલે એ વિષય એની વાણીમાં આવતો નથી. એ તો સીધી વાત છે.

પ્રશ્ન :- પશુઓને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે એમાં

સમાધાન :- સંસ્કારી હોય છે જીવ ત્યાં. અહીંથી સંસ્કાર લઈને ગયા હોય એને થાય છે. પશુને થાય છે, નારકીને થાય છે ત્યાં કોઈ ઉપદેશક નથી, સત્પુરુષનો યોગ નથી પણ એમાં બધાને બાદ કરીને માત્ર સંસ્કારીતાની વાત છે. એમ તો મનુષ્યને થાય છે, કોઈ (જ્ઞાની ગુરુ ન હોય ને થાય છે.) એટલે એને નિસર્ગત કહેવામાં આવે છે. જેને સત્પુરુષનો યોગ હોય એને અધિગમજ કહેવામાં આવે છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં લીધુંને ? સમ્યક્દર્શનની ઉત્પત્તિ બે પ્રકારે લીધી. બે પ્રકારે એટલે પ્રકાર મૂળમાં એક છે પણ વાત બે રીતે સંયોગ-વિયોગની દેખાય છે. નિસર્ગાત અધિગમાતવા. એ સંસ્કારીની (છે.) અનાદિ મિથ્યાદૃષ્ટિને એમ ને એમ પત્તો લાગી જાય, પોતાની મેળે પત્તો લાગી જાય એ કોઈ રીતે બનતું નથી.

પ્રશ્ન :- સંસ્કાર એટલે શું ? સમ્યક્ સન્મુખ ?

સમાધાન :- ના, એવું કાંઈ નથી, સંસ્કાર સંસ્કાર છે. એને ખબર પણ ન હોય, એને પોતાને ખબર ન હોય કે મને સંસ્કાર પડ્યા. સમ્યક્ સન્મુખતાવાળાને તો ખબર પડે. એને ન ખબર પડે એવું નથી. એ એક બીજો પ્રકાર છે. જેમાં એને ખબર ન પડે ને સંસ્કાર પડી જાય એવું બને.

પ્રશ્ન :- આ વાત અનુભવથી વાણી આવે છે, આ વાત અનુભવથી કરે છે આ વાત બીજા જીવોને જ્ઞાનમાં, ખ્યાલમાં આવી જાય છે ?

સમાધાન :– લાયકજીવને ખ્યાલમાં આવી જાય છે. આ જગતમાં પણ જે પરખની પરંપરા છે એમાં શું છે ? હીરો જોનાર કોઈ એમ ને એમ સીધો હીરો જોવે છે. એ બીજા પાસેથી શીખે છે કે, આને હીરો કહેવાય, કે આ ખોટો ને આ સાચો. એકલી ચમક જોવાતી નથી. ચમકનો પ્રકાર જોવાય છે. ચમક જોવાતી નથી પણ ચમકનો પ્રકાર જોવાય છે. વાણી જોવાતી નથી પણ વાણીનો પ્રકાર જોવાય છે. એમ છે. એ તો વિદ્યા, બધી જ વિદ્યા એવી રીતે જ પરંપરાએ ચાલે છે. કોઈ વિદ્યા લઈને જન્મે છે એવું બનતું નથી. એને શીખવું પડે છે. એવું જ છે અહીંયાં.

મુમુક્ષુ :– જ્ઞાનીની વાણી ચૈતન્યને સ્પર્શીને આવે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– ચૈતન્યને સ્પર્શીને આવે છે. એ અનુભવ સહિત વાણી છે. પરિણતિ ચાલે છે ને ? એટલે એ વિષયમાં વ્યક્ત થઈ શકે છે. જેણે જોયું જ નથી તત્ત્વ એ એને કહેશે કેવી રીતે ? એ તો શીખેલું કે ગોખેલું છે, એમાં એ વસ્તુ આવતી નથી. વિશેષ કહેશે.

---

**જેને પરિપૂર્ણ નિર્દોષ થવું છે, તેવા મુમુક્ષુજીવે વ્યવહારમાં - ઉદયપ્રસંગોમાં પણ, આરંભ- પરિગ્રહ અને અનીતિ વગેરેથી દૂર થવા સતત પ્રયત્નવાન રહેવું ઘટે છે. જેથી બોધ પ્રાપ્તિનો પ્રતિબંધક રસ વધે નહિ, અર્થાત્ ઉપદેશાદિનું નિષ્ફળપણું ન થાય. જ્ઞાનની બીજભૂત ભૂમિકામાં, ઉદય પ્રત્યે નીરસભાવ, સરળતાદિ થાય છે. જેથી સિદ્ધાંત જ્ઞાન પરિણમવું સંભવિત થાય. ઉદય પ્રસંગમાં રસ ન આવે - જાગૃતિને લીધે તે જ આ ભૂમિકાના વૈરાગ્ય અને ઉપશમ છે. ઉદય–પ્રસંગોમાં રસ તો જ ન આવે, જો અંતર સુવિચારણાએ કરીને સંસારીક પ્રસંગોનું મહાત્મ્ય ન આવે / ન રહે - સ્વભાવના મહાત્મ્યને લીધે. ('અનુભવસંજીવની' બોલ નં.૧૫)**

*

**વિભાવરસ જ ચિત્તને મલિન કરે છે કે જેથી સત્પુરુષોના વચનોનો યથાયોગ્ય વિચાર થઈ શકતો નથી. આત્મરસ-ચિદ્રસ ઉત્પન્ન થતાં ચિત્ત વિશુદ્ધિ છે કે જેથી મહાપુરુષોના વચનોનો ભાવ યથાતથ્ય ભાસે છે. જે વચનોનો આધાર અનંતગુણનિધાન એવું પરમ સત્ છે તેને નમસ્કાર હો !! ('અનુભવસંજીવની' બોલ નં.૧૬)**

## તા. ૨૬-૧૦-૧૯૮૭,
## વચનામૃત–૨૧૦, પ્રવચન નં. ૧૬૮

'બહેનશ્રી'નાં વચનામૃત, ૨૧૦ બોલ. પાનું ૭૧. આ બોલમાં અનેક ઠેકાણે શ્રુતજ્ઞાનનો મહિમા કર્યો છે. તે પહેલા જિનમાર્ગ(નો મહિમા કર્યો છે) 'શ્રીમદ્જી'એ સત્પુરુષના વિષયમાં જે જે વાતો કરી છે એનો સંક્ષિપ્ત અહીંયાં છે. પત્રે પત્રોમાં સત્પુરુષ, પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમ ઉપર ઘણું વજન આપ્યું છે, મુમુક્ષુઓનું ધ્યાન ખેંચ્યું છે. અહીંયાં પણ પહેલા એ વાત કરી છે. સાધકનો માર્ગ એટલે સ્વરૂપને સાધવાનો ઉપાય અંતરમાં છે. એ સીધેસીધું પોતાની મેળે અનાદિ મિથ્યાદૃષ્ટિને કદી પણ સૂઝતો નથી. તમામ સ્વાધ્યાયોનો સરવાળો આ છે કે અંતરમાં માર્ગની સૂઝ આવવી. તે સ્વાધ્યાયમાં ગુરુવાણી અને શ્રુતનું અવલંબન લીધું છે અથવા પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમની ભલામણ કરી છે. તેથી તે માર્ગની પ્રાપ્તિ અર્થે જેને તે માર્ગ ગ્રહણ કરવો આવશ્યક લાગ્યો છે, જરૂરનો લાગ્યો છે; તેને એનો ઉત્કૃષ્ટ ઉપાય અથવા જે રીતે એ કાર્ય થઈ શકતું હોય તે રીતને ગ્રહણ કરવા સિવાય બીજો કોઈ ઉપાય નથી. માર્ગ અંદર સૂઝે નહિ તો સમકિત કેમ થાય ? તો સાધકપણું કેવી રીતે આવે ? સમકિત એટલે સમ્યક્દર્શન અને સ્વાનુભવ ક્યાંથી થાય ? સ્વાનુભવ ન થાય તો તેથી આગળની દશા, આત્માની છઠ્ઠા–સાતમા ગુણસ્થાનની એ આગળ આગળની સાધકદશા છે એ કેવી રીતે પ્રાપ્ત થાય ? કેવી રીતે ઉત્પન્ન થાય ? કેમકે એમાં તો ક્રમ જ છે. આ એક નિયત ક્રમ છે. નિયત ક્રમ છે એટલે ત્રણેયકાળને વિશે ચોક્કસ, ફિક્સ થઈ ગયેલી વાત છે, એમાં આઘુંપાછું ચાલતું નથી.

એક તો પ્રત્યક્ષ સત્પુરુષનો સમાગમ હોય તો એને માર્ગ સૂઝે, એ પણ પોતે

શોધતો હોય તો સૂઝે, ન શોધતો હોય તો સમાગમ બેકાર જાય. એ પણ એને પોતાને વિચારીને સમાગમ કરવાનો રહે છે. માર્ગ સૂઝે તો સમ્યક્દર્શન અને સ્વાનુભવ થાય. સ્વાનુભવ થાય તો આગળ વધીને પંચમગુણસ્થાનથી આગળ મુનિદશા ને સાધકદશા ઉત્પન્ન થાય અને સાધકદશા એવી આવે તો કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. એ પહેલા આ સંસારમાંથી છૂટવાનો બીજો કોઈ પ્રકાર કે બીજો કોઈ ક્રમ છે નહિ. અત્યારે એ ચાલ્યું છે અક્રમનિયતી. એક ભાઈ બતાવે છે કે હું અક્રમે મોક્ષ બોધું છું. અમારે ત્યાં ક્રમથી મોક્ષ પામવાનો પ્રશ્ન નથી. વાંચ્યું હોય. એ જાતનો પુણ્ય ઉદય હોય તો ટોળું થઈ જાય.

મુમુક્ષુ :- પહેલાં અક્રમે મોક્ષ હશે કે કેમ ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એમ કહે છે કે અમારો વિષય અક્રમ વિજ્ઞાનનો છે એમ કહે છે શું ? વિજ્ઞાન શબ્દ લગાડે છે. અક્રમવિજ્ઞાન એવું બની શકતું નથી. ગૃહીત મિથ્યાત્વમાં આવે છે. દુનિયામાં પુણ્ય અનુસાર બધાની દુકાન ચાલે છે.

મુમુક્ષુ :- નવેસરથી બધું જાણવાનું રહ્યું ને ? આગળ તો અનાદિ અનંત છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં ક્રમ પડે ને, વાર લાગે ને, એવું બધું ને કેટલાય ભવ થાય ને પછી મુક્તિ થાય ને એવું બધું એના કરતાં તરત હાથમાં લાડવો એમાં શું ખોટું ?

મુમુક્ષુ :- આ (રીતે) તો સિદ્ધો તો અનંતા થઈ ગયા એટલે એ સિદ્ધ થયેલો માર્ગ છે, આ તો અસિદ્ધ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલી વિચાર કરવાની જગ્યા રહેવી જોઈએ ને ! એ વિચાર કરવાની જગ્યા નથી. બજારની અંદર કોઈ એમ કહે કે, રાતોરાત કરોડપતિ બનાવી દઈએ. તો તરત જ લોભે, ભલે પછી એમાં લૂંટાઈ જવાનો હોય. ખરેખર તો હોય એ પણ ગુમાવવાના. કોઈ લાલચ બતાવે તો માણસ ફસાય છે કે નહિ ? રાતોરાત કરોડપતિ બનાવવાની વાત આવે તો ફસાય છે કે નહિ ? એને ખબર નથી એવી રીતે જ થતું હોય તો એ રીતે તો બધાય થઈ જાય. જે મને કરોડપતિ બનાવવા માગે છે એ તો પોતે નથી પાછો કરોડપતિ. લોભમાં બીજું કાંઈ સૂઝતું નથી.

મુમુક્ષુ :- લોભમાં આંધળો બની જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આંધળો થઈ જાય. કષાય રુંધાયેલો છે. લોભ છે, ક્રોધ છે, માયા છે, માન છે – બધા કષાય. કષાય માત્ર આંધળા છે. એટલે તો કહ્યું છે

કે તું પોતે આંધળો, અનાદિના તને અનંતાનુબંધી આદિના ચારેય કષાય.. દર્શનમોહ બધા કષાય વર્તે છે એવી સ્થિતિમાં તું અંધ છે અને જેણે માર્ગ જોયો છે એને પણ તું સાથે ન રાખે, શ્રુતનું પણ તને અવલંબન ન હોય (તો) તને માર્ગ કેમ સૂઝશે ? માર્ગ સૂઝશે નહિ. સત્પુરુષનો યોગ તો મર્યાદિત રહેશે, બાકીના સમયમાં તું સ્વરૂપનું અવલંબન રાખજે. એમ કહેવું છે. જે વાત એમની પાસેથી મળે એમાં પણ એ વિષયનું જે રહસ્ય હોય, અહીંયાં રહસ્ય છે, આ વાતમાં કાંઈક રહસ્ય છે, એનો ઉકેલ પણ પાછો શ્રુતની અંદર પણ એ વિષય ચાલ્યો છે. આત્મામાંથી નીકળેલી વાણીને શ્રુત કહેવાય છે, એ સિવાય શ્રુત કહેવાતું નથી. માર્ગ સૂઝે (તો) સમ્યક્દર્શન થાય, આગળ વધીને સાધકપણું આવે (ને) કેવળજ્ઞાન આદિ પ્રગટ થાય.

**'અનંત કાળનો અજાણ્યો માર્ગ...'** બીજા પેરેગ્રાફથી. **'ગુરુવાણી અને આગમ વગર જણાતો નથી.'** ગુરુવાણીમાં પ્રત્યક્ષ વાણી લઈ લેવી છે, આગમમાં શાસ્ત્ર લેવા છે. પ્રત્યક્ષ અને પરોક્ષ બે વાત લીધી. ઉપર બે લીધું ને ? **'જો ગુરુવાણીનું અને શ્રુતનું અવલંબન ન રાખ'**, ગુરુવાણી કહો કે પ્રત્યક્ષ સત્પુરુષનો સમાગમ કહો – બન્ને એક વાત છે. શૈલી, ભાષાની શૈલી જુદી જુદી છે. **'અનંત કાળનો અજાણ્યો માર્ગ...'** નહિ જોયેલો અંતર્મુખનો માર્ગ **'ગુરુવાણી અને આગમ વગર જણાતો નથી.'** ગુરુવાણીનું સ્થાન પહેલું છે. સંસ્કારી હોય તો એને આગમથી જણાય છે, નહિતર સીધું આગમ કોઈને માર્ગ સૂઝવામાં કે માર્ગની પ્રાપ્તિ થવામાં નિમિત્તભૂત થતું નથી. એ પણ બધા સિદ્ધાંતો છે. વસ્તુસ્થિતિમાં એ બધા સિદ્ધાંતો છે.

**'સાચો નિર્ણય તો પોતે જ કરવાનો છે...'** એ નિમિત્તોના સદ્‌ભાવમાં પણ નિર્ણય કરવાનો પુરુષાર્થ અને નિર્ણય કરવામાં તેની અંતરશોધ એ તો પોતે જ કરવાની છે. એ પાછા આગમ કરાવી દે કે ગુરુ કરાવી દે એમ નથી. જો કે પાત્રજીવને એ વાત ખ્યાલમાં છે કે કામ, મારું કામ મારે કરવાનું છે. મારું કામ ગુરુ કરશે એવી આશા એણે કદી રાખી નથી. **'સાચો નિર્ણય તો પોતે જ કરવાનો છે...'** એટલે નિમિત્તાધીન વાત નથી એમ. ઉપર વાત એ લીધી કે, જાણેલાને સાથે રાખ, ગુરુવાણી અને શ્રુતનું અવલંબન રાખજે. એ બધા નિમિત્તોની વાત છે છતાં નિર્ણય પોતાને કરવાનો છે એ વાત ઉપાદાનની છે. નિમિત્તાધીન દૃષ્ટિ ત્યારે કહેવાય કે, જ્યારે એકાંતે નિમિત્તનો આધાર અને અવલંબન લેવામાં આવે ત્યારે. પોતાના પુરુષાર્થનું વિસ્મરણ

કરે અથવા એ બાજુનું લક્ષ ન રહે, એ ખ્યાલ ન રહે અને નિમિત્તનો આશ્રય લે એને નિમિત્તાધીન દૃષ્ટિ, પરાધીન દૃષ્ટિ કહેવામાં આવે છે. એનાથી તો કદી કાર્ય સિદ્ધિ થતી નથી. ઊલટાની એકાંતે રાગ વૃદ્ધિ થાય છે. અહીંયાં તો મોક્ષમાર્ગમાં તો પગલે પગલે ઉપાદાનની વાત કહેવામાં આવે છે, દર્શાવવામાં આવે છે અને સાથે સાથે એવા ઉપાદાનના અનુકૂળ કાર્યમાં એને અનુરૂપ નિમિત્તો કેવા હોય છે ? એ વાત (અને) એનું જ્ઞાન પણ કરાવવામાં આવે છે, એની માહિતી આપવામાં આવે છે એટલી જ વાત છે.

મુમુક્ષુ :- નિમિત્તાધીન દૃષ્ટિ પાંગરે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પરાધીનમાં તો શું હોય ? પરાધીન તો પાંગળી જ હોય ને, બીજું શું હોય ? '**સાચો નિર્ણય તો પોતે જ કરવાનો છે પણ તે ગુરુવાણી અને આગમના અવલંબને થાય છે.**' અવલંબને થાય છે એટલે નિમિત્તે થાય છે, એમ. પોતે જોવાને, અંતરનો માર્ગ જોવાને પોતે અસમર્થ છે ત્યાં અહીંયાં પોતે જ્યાં પાત્ર થઈને માર્ગ ગ્રહણ કરવાની ભાવનામાં આવ્યો ત્યારે એને ગુરુવાણી અને આગમ નિમિત્ત થાય છે. અવલંબન એટલે નિમિત્ત. એ વાત લેવી છે કે એમ ને એમ કરવા જઈશ તો ભૂલ કરીશ અને તને ખબર નહિ પડે, સ્વચ્છંદ થશે તને ખબર નહિ પડે એમ કહેવું છે. અને જે સમય છે, કિંમતી સમય મનુષ્ય ભવનો છે એ પરિભ્રમણ વૃદ્ધિના કારણભૂત થઈ પડશે. એ ભૂલ તને મોંઘી પડશે, એનું ફળ બહુ આકરું આવશે એના કરતાં જે વિધિ તને બતાવીએ છીએ એ વિધિએ અને એ રસ્તે ચાલ્યો જા, એમ કહેવું છે.

કહે છે તેઓશ્રી પોતે તો ભૂતકાળના આરાધક છીએ. આરાધક છે એટલે કહેવાની જરૂર નથી કે સંસ્કાર લઈને આવ્યા છે તોપણ આટલી શીખામણ આપે છે. ગુરુ મળી ગયા, ગુરુ ન મળ્યા હોય તોપણ સંસ્કારથી પામી શકે એવી તૈયારીવાળા હતા, તોપણ આટલી વાત કરે છે. મુમુક્ષુને સર્વ સામાન્ય વાત લેવી છે, વાંચનમાં વાત લેવી છે. સંસ્કારી તો કો'ક જ જીવ હોય, સર્વ સામાન્યને પણ એને પ્રત્યક્ષ-પરોક્ષ એ આવશ્યક છે એ ઉપર વજન આપી, અવલંબન શબ્દ વાપર્યો છે. ત્યાં ભાવ નિમિત્તનો છે, પણ અવલંબન શબ્દ વાપર્યો છે કે ગુરુવાણી અને આગમના અવલંબને નિર્ણય થશે, એમ. અવલંબન શબ્દ કહીને વજન દીધું છે. આમ તો નિમિત્ત ઉપર વજન ન દે પણ એના ઉપાદાનને જાગ્રત કરવા પણ નિમિત્ત ઉપર વજન દે છે, ઠીક.

એવી પણ શૈલી છે. આજે પણ આ વિષય થોડો અજાણ્યો રહ્યો છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ તો બહુ ખોલી નાખ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- 'શ્રીમદ્જી'એ ઘણું ખોલ્યું છે, તોપણ 'શ્રીમદ્જી'ના અનુયાયી સમાજમાં એ વિષય ઉપર યથાયોગ્ય ધ્યાન ગયું નથી. નહિતર 'ગુરુદેવ' જેવા સત્પુરુષ પ્રસિદ્ધ, સૂર્ય જેવા પ્રસિદ્ધ હતા. (આગળ ઉપર) નામ 'સૂર્યકીર્તિ' છે, પણ અત્યારે એમની કીર્તિ સૂર્યની જેમ પ્રસિદ્ધ હતી. કોઈ ખૂણેખાંચરે અજાણ્યે 'શ્રીમદ્'ની જેમ ગૃહસ્થમાં કોઈ સમ્યક્દૃષ્ટિ હોય અને કોઈ ન પીછાણે, એમ બહારમાં કીર્તિ પ્રસિદ્ધિ ન હોય તો સંભવ છે એવો યોગ થવો સહેલો નથી, કઠણ છે, મુશ્કેલ છે. 'ગુરુદેવ' તો આત્મજ્ઞાની તરીકે, એક પ્રસિદ્ધ મહાત્મા સમાજની અંદર પંકાઈ ગયા, છતાં પ્રત્યક્ષયોગ અને પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર – એવી વાત ને એ વાત એમની પત્ર પત્રમાં પ્રસિદ્ધ કરી પણ એ સમાજમાંથી કેટલાનું ધ્યાન ખેંચાણું ?! જ્યાં એ વિષય છે ત્યાં એ ધ્યાન ખેંચાણું નથી. અને આવી વાતો પ્રસિદ્ધ થઈ, ને આ ગ્રંથને કેટલો સ્વીકાર કર્યો ? દસ વર્ષથી પ્રસિદ્ધ છે. હજી પ્રત્યક્ષયોગનું મહત્વનું ધ્યાન કેટલાનું ખેંચાણું છે ? એ પ્રશ્નવાચક ચિહ્ન છે. એ ચિહ્ન હજી આજે પણ પ્રશ્નાર્થમાં ઊભું રહ્યું છે. (આ તો) જીવને પામવાની જરૂરત હોય તો બીજો આરોવારો નથી. એમ માને કે હું પોતાથી પામી જઈશ, કે શાસ્ત્ર વાંચીને, બુદ્ધિ દોડાવીને પામી જાઉં એ વાતમાં કાંઈ માલ નથી. મનુષ્યપણું ચાલ્યું જશે બીજું કાંઈ થશે નહિ.

મુમુક્ષુ :- જે જ્ઞાનીને નથી માનતા એ એમના બોલ ઉપર પગ દઈને ચાલે છે. 'શ્રીમદ્જી'ના બોલ ઉપર પગ દઈને ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આજ્ઞા ઉપર પગ મૂકે છે. એ જ તકલીફ છે ને ? લગભગ ત્યાં એવી માન્યતા છે કે, અમને કૃપાળુદેવ મળી ગયા છે. પણ પ્રત્યક્ષ છે નહિ ને મળી ગયા છે એ ક્યાંથી લાગુ પડશે ? કે એ લાગુ પડી શકશે નહિ.

મુમુક્ષુ :- આપણે 'ગુરુદેવ'ને માનીએ છીએ, પગ દઈને ચાલવું..

પૂજ્ય ભાઈશ્રી :- ઊંડા વિચારનો વિષય છે, (ઊંડી) દૃષ્ટિનો વિષય છે.

મુમુક્ષુ :- પાછો જિનેદ્રદેવનો મહિમા ન આવે. એક જ્ઞાનીપુરુષની જ ઓળખાણ પૂરી રાખે છે આમ જોવામાં એમ આવે છે. જિનેન્દ્રદેવ જે છે એનો કોઈપણ મહિમા નહિ, અરિહંત, સિદ્ધ ભગવાન થઈ ગયા એનો કોઈપણ મહિમા નહિ, પણ 'કૃપાળુદેવ'

એક જ અમને જ્ઞાની મળી ગયા એનો વિશેષ અને એક જ મહિમા કે બસ એ જ અમને તારશે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો એમને જ ભગવાન માને છે ને ? કેટલાક તો એમને કેવળજ્ઞાન હતું એમ માને છે. એ ત્યાં ઓળખાણનો વિષય રહ્યો નથી. પત્રો રહી ગયા, લખાણ રહી ગયું, ઉકેલ તો પોતપોતાની મતિ અનુસાર સૌ કરે. સાચું સમજાવનાર સત્પુરુષ વગર તો આ બધી સંજ્ઞા, સંભાવનાઓ રહેલી છે. બહુભાગ તો એમાં સંશોધકવૃત્તિનો અભાવ હોય છે અને સંશોધાત્મક વૃત્તિના અભાવને લીધે તુલનાત્મક બુદ્ધિનો અભાવ થઈ જાય છે કે આગળ પાછળના વિષયની તુલના કરીને એને સંકલન કરવું, co-ordination કરવું, પદ્ધતિસર વાત કેમ છે ? એને ઓર્ડરમાં ઓર્ડરાઈઝ કરવું, વ્યવસ્થિત કરવું એ તુલનાત્મકબુદ્ધિ વિના કરી શકાતું નથી. એટલે આગળ પાછળની તુલના કર્યા વિના એકને પકડે, તો બીજી વાત તોડે અન્યમતિની જેમ. એક વાતને પકડે તો બીજી વાત તોડી નાખે. સિદ્ધાંત તૂટી જાય છે.

મુમુક્ષુ :– આપણે ત્યાં પણ ચેતવણી તો આપી જ છે કે આપણે ત્યાં આ પરિસ્થિતિ થાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો કન્ટ્રોલની વાત નથી. કહેવાથી કહેનાર તો કરુણાથી કહી દે, પરિસ્થિતિ એથી કાંઈ કન્ટ્રોલમાં આવતી (નથી). કહેનાર પણ જાણે છે કે આ તો વચન-વ્યવહારની વાત છે. તમારું ભલું તો આમાં છે એમ કહીને કહે એ અમારો વચન વ્યવહાર છે. શુદ્ધોપયોગનો વિષય આજે તો એમ કહે છે. ભલું તો એ છે કે તું શુદ્ધોપયોગમાં રહે પણ એ પણ અમારો વચન વ્યવહાર છે, આમ છે. ઉપદેશ ઉપર જ્ઞાનીઓની પક્કડ નથી. ઉપદેશ દે છે તોપણ એની એને પક્કડ નથી કાંઈ. આંગળી ચીંધવા જેટલું પુણ્ય છે. પુણ્યની અપેક્ષા વિના. તે પણ પુણ્યની અપેક્ષા વિના. આ માર્ગ છે, પ્રગટપણે અમે એ માર્ગે ચાલીએ છીએ, ને તમારે ચાલવું હોય તો ચાલ્યા આવો. ન ચાલવું હોય તો તમને ખુશી ઊપજે એમ કરો, અમે તો આ ચાલ્યા અમારા રસ્તે, એમ છે.

મુમુક્ષુ :– આચરણનો આગ્રહ નહિ, પણ પોતાનામાં આગ્રહ. આચરણમાં આગ્રહ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આચરણમાં, પોતાનું હિત સાધવા નીકળ્યા છે. આખા

જગતને તીલાંજલી આપીને, એમ ને એમ નથી નીકળ્યા. જગત આખાને 'જગત ઇષ્ટ નહિ આત્મથી, મધ્ય પાત્ર મહા ભાગ્ય. એ તો મધ્ય પાત્રમાં લીધા છે મુમુક્ષુની ભૂમિકામાં. જ્ઞાનીની શું વાત કરવી ? **'સાચા નિર્ણય વગર...'** અર્થાત્ **'સાચા જ્ઞાન વગર -- સાચું ધ્યાન થઈ શકતું નથી.'** સાચા નિર્ણય વગર અથવા સાચા જ્ઞાન વગર સાચું ધ્યાન થઈ શકતું નથી. એ તો ઘણાં એમ ને એમ એકાંતમાં ધ્યાન ધરવા, એકાગ્રતા કરવા બેસી જાય છે, પણ નિર્ણયનું હજી ઠેકાણું હોતું નથી. જાણપણું હોય છે કે, સ્વપરપદાર્થ ભિન્ન છે, સ્વચતુષ્ટયથી આત્મા ભિન્ન છે. આત્માના સ્વચતુષ્ટય આવા છે. આત્મામાં દ્રવ્ય-ગુણ-પર્યાયની વસ્તુ વ્યવસ્થા આવી છે. તો એથી કાંઈ એને સાચો નિર્ણય થઈ ગયો છે એમ પણ નથી. (એમ નિર્ણયનું પ્રકરણ સાવ ખોટું છે.) સાચા નિર્ણય વગર સાચું ધ્યાન થતું નથી. ધ્યાન તો એકાગ્રતારૂપ છે અને એકાગ્રતા તો અંતર સુખની ઓળખાણ વિના ઉત્પન્ન થતી નથી. જેમ જ્યાં જ્યાં સુખનો નિશ્ચય અને નિર્ણય છે ત્યાં પરિણામ આસક્ત થઈને ખેંચાય છે. એમ અહીંયાં સુખનો સાગર છે એને ઓળખતા પરિણામ અંતર આસક્ત થઈને ખેંચાય ત્યારે એકાગ્ર થાય, ત્યારે ધ્યાન થાય એમ પરિસ્થિતિ છે.

**'સાચા નિર્ણય વગર – સાચા જ્ઞાન વગર – સાચું ધ્યાન થઈ શકતું નથી. માટે તું શ્રુતના અવલંબનને, શ્રુતના ચિંતવનને સાથે જ રાખજે.'** આ શ્રુત ઉપર વિશેષ વાત લીધી છે આમાં. **'માટે તું શ્રુતના અવલંબનને, શ્રુતના ચિંતવનને સાથે જ રાખજે.'** સૂક્ષ્મ ઉપયોગથી દ્રવ્યશ્રુતનું અવગાહન કરવું. ભાવશ્રુત પ્રગટ થાય એવું દ્રવ્યશ્રુતનું અવગાહન ઊંડું હોવું જોઈએ, ઊંડું અવગાહન હોવું જોઈએ. સ્થૂળ ઉપયોગે શાસ્ત્ર અધ્યયન કર્તવ્ય નથી, કરવા યોગ્ય નથી. એમ કહે છે. ચિંતવન શબ્દ એટલે સાથે લીધો છે. ચિંતવન સાથે રાખજે.

મુમુક્ષુ :- સાથે રાખજે એનો અર્થ કે મેળવણી કરતો જજે.

પૂજ્ય ભાઈશ્રી :- આગળ પાછળની વાતની મેળવણી કરીને આખા માર્ગની લાઇન કેવી રીતે ગોઠવાય છે ? એનું અનુસંધાન શું છે ? ક્યાં કેવી રીતે અનુસંધાન છે ? પોતે ક્યાં ઊભો છે ? કેવી રીતે આગળ પગલું ભરવાનું છે ? અને ક્યાં સુધી પહોંચવાનું છે ? આ બધું એને ગોઠવાય નહિ ત્યાં સુધી એને કોઈ રીતે આગળ ચાલવાની પરિસ્થિતિ ઊભી થતી નથી. એટલે એ વાત ખાસ લખી છે. **'માટે તું**

**શ્રુતના અવલંબનને, અને શ્રુતના ચિંતવનને સાથે જ રાખજે.'** 'ગુરુદેવ'ને પ્રત્યક્ષ આપણે બધાએ જોયા છે. હાલતા હોય, ચાલતા હોય, ખાતા હોય, અંદર (શ્રુતનું ચિંતવન) ચાલતું જ હોય. શ્રુતનું ચિંતવન અંદર ચાલતું જ હોય.

મુમુક્ષુ :– આહાર કરતાં કરતાં હાથ આમ આમ કરતા હોય.

પૂજ્ય ભાઈશ્રી :– વ્યાખ્યાન પૂરું થઈ જાય પછી પોતે મૌન બેઠા હોય (તોપણ) અંદર ચાલતું જ હોય. અનુભવ થયા પછી શ્રુતનું આટલું ચિંતવન છે, એમ છે. અત્યારે તો પરિસ્થિતિ એવી છે કે, સોએ પંચાણુથી વધારે માણસોને તો આજીવિકાની ચિંતામાંથી બીજું સૂઝે એવું નથી. કે સોએ પંચાણુ જણાથી વધારે માણસોને તો પેટિયું કાઢવામાંથી નવરો પડે નહિ. આમ કરું તો પૂરું થાય, આમ કરું તો.. આમ કરું તો જમા-ઉધાર પાછા સરખા થાય. ને એ કેદી ચિંતવનમાં ગુંથાય આટલો ? ઓલામાંથી ઉપયોગ જ સલવાયેલો બહાર નીકળે નહિ સંયોગની સમસ્યાઓમાંથી કે એ શ્રુતના ચિંતવનમાં ઊંડો ઊંડો ઊંડો જાવું છે એ કેવી રીતે જાય ? એની માટે તો નિવૃત્તિ જોઈએ. નિવૃત્તિ, એના માટે નિવૃત્તિ લેવી જોઈએ એમ વાત છે. કોઈ પરિસ્થિતિ એવી હોય કે નિવૃત્તિ લઈ જ ન શકે એવું હોય તોપણ એને ઊંઘ કાપીને, આરામ કાપીને, બે-ચાર-પાંચ કલાક એટલો શ્રુતના ચિંતવનમાં રસ લેવો જોઈએ કે પછી એની પ્રવૃત્તિમાં એને એ આવીને ઊભું રહે. જેમ જગતના કાર્યોમાં ને ઉદયના કાર્યોમાં રસ લ્યે છે, તો શાસ્ત્ર વાંચે ત્યારે એ આવીને ઊભું રહે છે કે નહિ ? શાસ્ત્ર વાંચવા બેસે ત્યારે દુકાન સાંભરે ને ઘર સાંભરે ને ફલાણું આમ, ને ઢીકણું આમ ક્યાંથી ઊભું થાય છે ?

મુમુક્ષુ :– સાચી લગની લાગે તો એટલા પુણ્ય તો ફરે જ.

પૂજ્ય ભાઈશ્રી :– ફરે જ ફરે. કોઈપણ હાલતમાં ફરે. નિવૃત્તિ ન હોય તોપણ નિવૃત્તિ મેળવી લે થોડીક. અને એ થોડી મેળવે એમાં એટલા ઘણાં રસથી કામ કરે કે પછી પ્રવૃત્તિમાં પણ નિવૃત્તિમાં ચાલતું હોય એ આવીને ઊભું રહે, એ ચાલવા માંડે. એમ કામ થાય. એને શ્રુતનું ચિંતવન સાથે રાખ્યું કહેવાય. નહિતર તો કલાક સાંભળ્યું ને અહીંને અહીં ખંખેર્યું, કાં મૂક અભરાઈ ઉપર ને પાછા હતા ઇ ના ઇ ને એ બધું ચાલ્યું. એ રીતે તો કોઈ દિવસ પત્તો ખાય એવું નથી. અનંતકાળે પણ પત્તો ન ખાય.

શ્રુતના ચિંતવનને સાથે સાથે જ રાખજે. **'શ્રવણયોગ હોય...'** સાંભળવાનો, પ્રત્યક્ષ

સત્પુરુષને સાંભળવાનો યોગ હોય **'તો તત્કાળબોધક ગુરુવાણીમાં અને સ્વાધ્યાયયોગ હોય તો નિત્યબોધક એવાં આગમમાં** તું **પ્રવર્તન રાખજે.'** આમાં જ તારી પ્રવૃત્તિ અને પ્રવર્તન રાખજે. બીજી પ્રવૃત્તિમાં પ્રવર્તન રાખવા જેવું નથી, આમ લેવું. કેટલી સીધી સીધી વાત લીધી છે. 'ગુરુદેવ' બિરાજમાન હતા એ વખતે આ બધા પ્રવચનો-વાંચન બહેનો વચ્ચે ચાલેલું છે, એમાંથી આ લખાયેલું છે. એટલે તત્કાળબોધકની વાત લીધી છે. એ તો મર્યાદિત છે. બે વ્યાખ્યાન મળે. બે વ્યાખ્યાન મળે તો એ તો 'ગુરુદેવ' કહેતા હતા કે, આ તો રતન તણાય છે, સહેજે શ્રુતસાગર ઊછળ્યો છે, રતન તણાય છે, ભાગ્યવાન હોય તો એની મુઠ્ઠી ભરાય છે. આટલી વાત છે. બે કલાકમાં તારાથી લુંટાય એટલું લૂંટ, પછી પાછી મર્યાદા છે. એમને પણ પોતાના જ્ઞાન-ધ્યાન કરવાના હોય છે. એ તો કોઈપણ વ્યક્તિ, વ્યક્તિગત સમય તો મર્યાદિત જ હોય છે.

એ તત્કાળબોધક વાણી એમાં પ્રવર્તન રાખજે જ્યારે એ પ્રકારનો યોગ હોય. એ એટલો પુણ્યનો ઉદય છે, એ પુણ્યનો ઉદય છે. અને એ ન હોય ત્યારે સ્વાધ્યાય યોગ હોય; પછી શાસ્ત્ર તો ગમે ત્યારે એ તો મળે છે. ગમે ત્યારે એ તો તૈયાર જ છે, એટલે એને નિત્યબોધક કહેવામાં આવે છે. 'ગુરુદેવ' તો જ્યારે બોધ આપે ત્યારે એમનો બોધ મળે, એટલે તે કાળે જ મળે એને તત્કાળબોધક કહે છે. તે કાળ પૂરતો મર્યાદિત. શાસ્ત્ર ! તો કે નિત્ય આવે. જ્યારે તારી તૈયારી હોય ત્યારે, તારી નવરાશ જોઈએ. એ નિત્યબોધક છે. સદાય બોધ આપે છે.

**'એવા આગમમાં પ્રવર્તન રાખજે.'** બીજી વાત નથી લીધી કે ક્રિયાઓ તો ઘણી છે પણ બીજી ક્રિયાઓની અહીંયાં વાત કરી નથી. જેમાંથી સ્વરૂપનો નિશ્ચય થાય, જેમાંથી અંતર્મુખનો માર્ગ મળે. બસ ! એના નિમિત્તો સીધા કહ્યાં છે એટલી જ વાત કરી છે, બીજી કોઈ વાત કરી નથી. શાસ્ત્રમાં તો બધી વાત આવે. દાન કરવું, યાત્રા કરવી, પૂજા કરવી, ભક્તિ કરવી, અહિંસા પાળવી, બ્રહ્મચર્ય પાળવું, પરિગ્રહ ઓછો રાખવો, સાંભળવું એ બધી ઘણી વાતો આવે પણ મુખ્ય વાત આ કરી છે.

મુમુક્ષુ :– આમાં બધું આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– તારી મુમુક્ષુની ભૂમિકામાં માત્ર આ ઉપર ધ્યાન દે, પેલું બધું આપોઆપ ઊભું થાશે. એમ કહેવું છે. તારે કામનું છે, અનુભવ સુધી પહોંચવું છે,

એક વખત ભવ ભ્રમણનો છેદ બોલાવી દેવો છે મનુષ્ય આયુ પૂરું થાય એ પહેલા, એટલી વાત છે, એટલી ઉતાવળ છે એટલે priority આપવામાં આવે છે. એમ છે.

**'તે સિવાયના કાળમાં પણ ગુરુવાણી ને આગમે બતાવેલા ભગવાન આત્માના વિચાર ને મંથન રાખજે.'** જેમકે આગમ છે એ નિવૃત્તિ લઈને બેસે તો આગમ વંચાય. ગુરુવાણી છે તે નિવૃત્તિ લઈને સાંભળવા જાય ત્યારે સંભળાય. પણ એ સિવાય બીજી પ્રવૃત્તિ હોય હાલવું, ચાલવું, ઊઠવું, બેસવું અને બીજા જગતના કામ ઉદયમાન હોય, કરવા પડે એવું હોય, ચાલે એવું ન હોય, ન ચાલતા કરવા પડે એવા પણ કાર્યો હોય. એમાં પણ ભગવાન આત્માનો વિચાર, એનું સ્વરૂપ અને એનું મંથન છે એ ચાલુ ને ચાલું રાખજે. આમ છે. કેટલી ગાઇડ લાઇન આપી છે. તે સિવાયના કાળમાં પણ શાસ્ત્ર વાંચે, સાંભળે, પછીના કાળમાં શું ? પછી બધું મૂકી એક બાજુ અને તન્મય થઈને ઉદયના કાર્યોમાં ઊંડા ઊતરી જવું એમ છે નહિ.

આ તો વાત કરી છે પણ મેળવણી કરવી જોઈએ. જેને પોતાનું સ્વલક્ષ છે અને સ્વલક્ષે જેને હિત કરવું છે એવું સ્વલક્ષ છે એને આ બધી વાતની મેળવણી કરવી જોઈએ. આપણે શાસ્ત્ર અધ્યયન કરીએ છીએ, બીજી પ્રવૃત્તિની અંદર આ વિષય સાથે ચાલે છે ? કે રહે છે કે નથી રહેતો ? એ વાતની મેળવણી કરી લેવી જોઈએ. એ મેળવે જ નહિ તો જેમ બીજાને એમ કહે, ભાઈ આને કહ્યું પણ ધ્યાન નથી, ક્યાંય મેળવતો નથી, ધ્યાન ખેંચાતું નથી, આ એવું ને એવું થઈને ઊભું રહે. બીજું કાંઈ એમાં થતું નથી.

મુમુક્ષુ :- એમાં રસ મુખ્ય કામ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- રસ હોય તો જ લંબાય. રસ ન હોય તો લંબાય નહિ.

પ્રશ્ન :- સાચો નિર્ણય કરવો છે તો કઈ રીતે કરવો ?

સમાધાન :- સાચો નિર્ણય કરવો હોય તો પોતાના પરમ હિતની પૂરી ભાવનાથી એણે જ્ઞાનલક્ષને સ્વભાવને ઓળખવાનો ભેદજ્ઞાનના પ્રયોગપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ, વારંવાર પ્રયત્ન કરવો જોઈએ. તો ઓળખાય, જરૂર ઓળખાય. કોઈ બીજાના ઘરની વાત નથી. અનંતાએ એવું કામ કર્યું એ પણ પોતાના જેવા જ હતા, કાંઈ બીજી જાતના હતા ને એણે કામ કર્યું છે એમ છે નહિ.

અમે ભણતા હતા પછી કો'ક છોકરાઓ હોય એના મા-બાપ એને ઠપકો આપે.

કેમ તું નાપાસ થા છો ? કેમ તું આમાં માર્કસ ઓછા આવે છે ? માંડમાંડ પાસ થતો હોય, નાપાસ થાય તો એ શું દલીલ કરે ? કે એ તો ઘણાય નાપાસ થાય છે. હું એકલો કાંઈ નાપાસ થતો નથી, નિશાળમાં ઘણાય નાપાસ થાય છે. એવી રીતે લેવાય નહિ. એને મા-બાપ કહે છે કે પાસ થાય છે કે નહિ ? તો કે હા પાસ થાય છે. તો કે પહેલે નંબરે પાસ થાય છે કે નહિ ? distinction માર્ક લાવતા હોય, First Class માર્ક હોય, distinction માર્ક હોય. તો કે હા એ લાવે છે. તો કે એ બધા ધાન ખાય છે કે ધૂડ ખાય છે ? શું કહે ? એ તારી જેમ રોટલી, દાળ, ભાત, શાક ખાય છે ને તું પણ રોટલી, દાળ, ભાત, શાક ખાય છો એને distinction માર્ક આવે છે ને તને નથી આવતા એનું શું કારણ ? એમ બીજાના કાર્ય થાય છે. અનંત જીવોએ (કામ કર્યું) તને નથી થતું એનું શું કારણ ?

મુમુક્ષુ :- છોકરો શાસ્ત્ર ભણેલો હોય તો એમ કહે કે મારો ક્ષયોપશમ ઓછો છે.

પૂજ્ય ભાઈશ્રી :- શાસ્ત્ર ભણેલો હોય તો નાપાસ પડે નહિ. એટલી બુદ્ધિ હોય એનામાં તો નાપાસ પડે નહિ.

મુમુક્ષુ :- આ તો શાસ્ત્ર ભણીને દુરઉપયોગ કરવો હોય તો થાય.

પૂજ્ય ભાઈશ્રી :- કરે જ છે. કરે છે શાસ્ત્ર ભણીને પણ દુરઉપયોગ કરે છે. પોતાનું ફાવતું લે, પોતાને ફાવતી વાત મુખ્ય કરે. વાત તો બન્ને પડી છે, છળ ગમે ત્યાંથી પકડી શકાય એવું છે. કોઈપણ અપેક્ષામાં, કોઈપણ બાબતમાં, કોઈપણ સ્ટેજના ઉપદેશમાં, કોઈપણ સ્તરના ઉપદેશમાં છળ પકડવું હોય તો પકડી શકાય છે. બન્ને વાત આગમમાં પડી છે. આ તો હિત સાધવું હોય એની વાત છે. હિત ન કરવું હોય, ભૂખ ન લાગી હોય તો મિષ્ટાન આપે તોપણ કહે મને ખવડાવશો તો ઊલટી થાશે. એટલું બધું પેટ ભર્યું હોય ને આફરો ચડે એવું હોય એમાં કહે કે લે મેસુબનું બટકું, (તો કહેશે નહિ) થાશે ઉલટી.

મુમુક્ષુ :- આપણા સમાજમાં એક પાર્ટે છળ જ પકડ્યું છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- વ્યક્તિગત ટીકા નહિ કરવાની. આપણે આપણા લક્ષે સ્વાધ્યાય કરવો છે. આ આત્માએ, એવી ભૂલ અનંતવાર આપણે (કરી છે.) કોઈની ભૂલનો ખ્યાલ આવે તો એમ લેવું - આપણા આત્માએ એવી ભૂલ અનંતવાર કરી છે.

મુમુક્ષુ :- હજી ક્યાં ભૂલ મટી છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. ભૂલ નથી મટી એટલે પણ ખરેખર તો એને પોતાનો જ વિશેષ વિચાર કરવાનો રહેશે. વિશેષ વિચાર પોતાનો કરવાનો રહે.

મુમુક્ષુ :- સદ્ગુરુવાણી અને આગમ. ગુરુવાણી પહેલાં મૂકી એમાં કાંઈ રહસ્ય ?

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુવાણી એટલે, હા પ્રત્યક્ષયોગનું વિશેષ મહત્વ છે. એ તો વાત લીધીને, પહેલા જે કાલે વાત આવી ગઈ. તું પોતે માર્ગ જાણતો નથી ને જાણેલાને સાથે રાખતો નથી. સાથ ન લેવો. સાથ લેવો એટલે આધાર લેવો. આધાર લેવો એટલે એનું શરણ લેવું. એમ ત્યાં સુધી એ વાત આવે છે. એ પ્રત્યક્ષયોગ છે એ અનાદિ મિથ્યાદષ્ટિને એકમાત્ર નિમિત્ત થઈ શકે એવું પણ કારણ છે. આગમ છે એ અનાદિના મિથ્યાદષ્ટિને નિમિત્ત થતું નથી.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'ની વાત બીજી ભાષામાં છે. આ 'શ્રીમદ્જી'ની જ વાત છે પણ બીજી ભાષામાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'શ્રીમદ્જી'ની જ વાત છે પણ પોતાની ભાષામાં છે. દરેકને પોતપોતાની શૈલી હોય છે. પોતપોતાની ભાષા, દરેક જ્ઞાનીઓને પોતાની મૌલિક પદ્ધતિ હોય છે. સિદ્ધાંત ક્યાંય બદલતો નથી. એ 'શ્રીમદ્જી' કહે છે કે, બે ને બે ચાર થાય, પછી અંગ્રેજીમાં હોય કે ગુજરાતીમાં હોય, ગ્રીકમાં હોય કે લેટીનમાં હોય. બે ને બે ચાર જ થાય, કોઈપણ ભાષામાં. ગણિતમાં તો બે ને બે ચાર જ થાય. એમાં ભાષા ફરે તેથી કાંઈ ગણિત ફરે એમ બનતું નથી. એમ સિદ્ધાત તે ના તે રહે છે, સૂત્ર ફરે છે. સૂત્ર છે એ સિદ્ધાંતને કહેનારા વચનો છે. દરેક આચાર્યના સૂત્રો જુદાં જુદાં હોય, દરેક જ્ઞાનીના વચનો જુદાં જુદાં હોય સિદ્ધાંત બધાનો એક છે, માર્ગ એક છે, વસ્તુનું સ્વરૂપ એક છે એમાં ક્યાંય ફેર પડતો નથી.

એ વિચાર મંથનને ચાલુ રહે એવી પરિસ્થિતિમાં આવવાનો અહીંયાં નિર્દેશ છે. કોઈપણ પરિસ્થિતિમાં ભગવાન આત્માનો વિચાર એમ લેવું. વિચારમાં પણ આત્માનો વિચાર, આત્માના સ્વરૂપનો વિચાર, ભગવાન આત્મા એટલે પોતાના મૂળ સ્વરૂપનો વિચાર, મૂળ સ્વરૂપનું સંશોધન અને એનું મંથન ચાલુ રાખવાની સાથે રહેવાની વાત છે. જો ચાલુ ન રહે તો ભૂલી જશે. ભૂલી જશે એટલે ક્યાંનો ક્યાં ખોવાઈ જશે એને ખબર રહેશે નહિ. પહેલા ભાવે ખોવાશે પછી દ્રવ્યે ખોવાઈ જશે.

મુમુક્ષુ :- ગુરુવાણી ને આગમ ફક્ત ધ્રુવ આત્મા જ બતાવે છે એમ આવ્યું

ને ? છેલ્લે બે લીટીમાં.

પૂજ્ય ભાઈશ્રી :– ગુરુવાણી, આગમ અને તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ એક આત્માને બતાવવા માટે છે, બીજું કાંઈ બતાવવા માટે નથી. આખું વ્યાખ્યાન 'ગુરુદેવ' સંભળાવે એમાં શું સાંભળ્યું ? તો જેનું આત્મા ઉપર ધ્યાન છે એ એમ કહે છે કે અમે તો એકલો આત્મા જ સાંભળ્યો. 'ગુરુદેવ' આત્માને આત્મરસથી પ્રસિદ્ધ કરતાં હતા, પ્રસિદ્ધપણે દર્શાવતા હતા. અને સાંભળતા અમને પણ અમારા આત્મરસની રુચિનું પોષણ થતું હતું. એટલે અમે તો એકલો આત્મા સાંભળ્યો છે. તો કોઈ એમ કહે કે, અમે તો ન્યાય સાંભળ્યા, અમે તો આવો આવો 'ગુરુદેવ'નો શબ્દ પ્રયોગ છે, ને આવા દાખલા છે, ને આવા દૃષ્ટાંત છે, ને આવા ન્યાય છે. એ બધું છે તોપણ એમાં એ મુખ્યપણે એકલો આત્મા છે, એમ છે. એટલે જેનું ધ્યાન જેના ઉપર છે એ એને પકડે છે.

મુમુક્ષુ :– મૂળ આત્મા એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :– મૂળ આત્મા એટલે ભગવાન આત્મા. ભગવાન આત્મા એટલે સાક્ષાત્ અખંડ સિદ્ધપદ નિજ સ્વરૂપે પોતે, સ્વસ્વરૂપે પોતે. ૨૧૦ થયો.

**વસ્તુનું સ્વરૂપ બધાં પડખેથી જ્ઞાનમાં જાણી અભેદજ્ઞાન પ્રગટ કર. અંદરમાં સમાયા તે સમાયા; અનંત અનંતકાળ સુધી અનંત અનંત સમાધિસુખમાં લીન થયા. 'બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહિ પામી શકે'. માટે તું તે જ્ઞાનપદને પ્રાપ્ત કર. તે અપૂર્વ પદની ખબર વગર કલ્પિત ધ્યાન કરે, પણ ચૈતન્યદેવનું સ્વરૂપ શું છે, આવા રતનરાશિ જેવા તેના અનંત ગુણોનો સ્વામી કેવો છે–તે જાણ્યા વગર ધ્યાન કેવું ? જેનું ધ્યાન કરવું છે તે વસ્તુને ઓળખ્યા વિના, તે ગ્રહણ કર્યા વિના, ધ્યાન કોના આશ્રયે થશે ? એકાગ્રતા ક્યાં જામશે ? ૨૧૧.**

૨૧૧. **'વસ્તુનું સ્વરૂપ બધાં પડખેથી જ્ઞાનમાં જાણી અભેદજ્ઞાન પ્રગટ કર.'** ભેદજ્ઞાનમાંથી પણ અભેદજ્ઞાન પ્રગટ કર. વસ્તુનું સ્વરૂપ બધાં પડખેથી જાણી, જેમ પચાસ લાખનો હીરાનો હાર લેવો હોય, અનેક હીરા હોય. એક હીરો નહિ પણ અનેક હીરા હોય તો બધા હીરાને તપાસે, સમય લાગે, વાર લાગે, એની કારીગરીને તપાસે, બધું તપાસે. દુકાનદારને પણ તપાસે કે અસલી માલનો વેપારી છે ને નકલી માલનો વેપારી નથી (ને) મુંબઈની ઝવેરી બજારના ફૂટપાથ ઉપર પેલા મોતીની માળાઓ વેચે છે ને, પચ્ચીસ પચાસ લાખનો દાગીનો લેવાવાળો ફૂટપાથવાળા પાસે જાય ? હારબાર રાખે છે કાંઈ ? પચ્ચીસ પચાસ લાખનો, છે તારી પાસે દાગીનો કોઈ ? પૂછવા પણ ન જાય. કેમકે આ પોતે જ ફૂટપાથ ઉપર બેઠો છે, આની પાસે મારી ચીજ હોય નહિ.

એની અંદર સમય ભલે (લાગે). તપાસવાની અંદર, ઓળખવાની અંદર, ચારે પડખેથી આત્માનું જ્ઞાન કરવાની અંદર થોડો સમય લાગે છે. એ ક્ષમ્ય છે. એમાં સમય થોડો લાગે તો એમાં ઉતાવળનો પ્રશ્ન નથી, પણ એને સાચું ગ્રહણ કરવું જોઈએ એટલી વાત છે. જરાપણ એમાં અન્યથાપણું રહી જાય તો ગડબડ થયા વિના રહે નહિ. આગળ જતા ગડબડ થાય, તાત્કાલિક ગડબડ ન દેખાય તો આગળ જતા ગડબડ થયા વિના રહેશે નહિ.

પ્રશ્ન :- બધા પડખેથી એટલે ભેદ સ્વરૂપે, દરેક જગ્યાએથી ?

સમાધાન :- પ્રયોજનભૂત બધા પડખાંમાં અપેક્ષા લેવી છે. પ્રયોજનભૂત એવા બધા પડખેથી એમ. .. ૪૨૧ નંબરનો બોલ છે. પ્રશ્ન એ કર્યો છે કે **'મુમુક્ષુએ શાસ્ત્રનો અભ્યાસ વિશેષ રાખવો કે ચિંતનમાં સમય વિશેષ ગાળવો ?'** ચિંતવનમાં, સ્વરૂપ ચિંતવનમાં વિશેષ સમય ગાળવો કે શાસ્ત્ર અભ્યાસમાં વિશેષ સમય ગાળવો. આ એક પ્રશ્ન કર્યો છે. ઉત્તર છે. બહુ સરસ ઉત્તર છે. **'સામાન્ય અપેક્ષાએ તો,...'** એટલે યથાર્થતામાં તો. સામાન્ય અપેક્ષા એટલે આમ લેવું યથાર્થપણે તો **'શાસ્ત્રાભ્યાસ ચિંતન સહિત હોય,** અને **ચિંતન શાસ્ત્રાભ્યાસપૂર્વક હોય.'** અદ્ધરથી ચિંતવન કરે નહિ, શાસ્ત્રાભ્યાસમાં શાસ્ત્રની સાથે અનુભવી પુરુષોએ કહેલી વાતને મેળવતો જાય. પોતાના ચિંતવન સાથે મેળવતો જાય. શાસ્ત્રને પોતાના અભિપ્રાયમાં ખેંચવાનો પ્રયત્ન ન કરે. એમાં એક ગડબડ થાય છે. કે પોતે કાંઈ ભૂલથી જે નક્કી કરી લીધું હોય

પછી જુઓ મારી વાત આ જગ્યાએ શાસ્ત્રમાં છે, જુઓ હું કહું છું (એ જ) અહીંયાં આવે છે, જુઓ હું કહું છું (એ) અહીંયાં આવે છે, એ પદ્ધતિ યથાર્થ નથી. એ પોતાના અભિપ્રાયને ચોક્કસ રાખીને શાસ્ત્રની વાત ક્યારે ક્યાંથી મરડી નાખશે, મરડીને પોતાના અભિપ્રાયમાં લાવશે એની એને ખબર પડશે નહિ. એમ નહિ (કરવું) પણ પોતાના અભિપ્રાય સાથે શાસ્ત્રકારનો અભિપ્રાય મળે છે કે નહિ ? મધ્યસ્થપણે, તટસ્થપણે એ વાતને વિચારવાની જગ્યા રાખે.

મુમુક્ષુ :– મધ્યસ્થપણું રાખે આમાં.

પૂજ્ય ભાઈશ્રી :– મધ્યસ્થપણું હોવું જ જોઈએ. નહિતર અપેક્ષા ત્યાં કોઈ બીજી ચાલતી હોય અને પોતે ખતવી દે પોતાનું ધારેલું. એવું થઈ જાય. **'શાસ્ત્રાભ્યાસ ચિંતન સહિત હોય...'** એટલે એમ ને એમ વાંચી જાય, નહિ કે આજ પાંચ પાના વાંચ્યા, આજ દસ પાના વાંચ્યા, આટલી ગાથાઓ વાંચી નાખી–એમ નહિ. એનું ચિંતવન ચાલવું જોઈએ, ઓછું વંચાય તો વાંધો નહિ, ઓછું વધારે વાંચવાનો પ્રશ્ન નથી. ચિંતન સહિત વાંચવું જોઈએ. અને ચિંતન ચાલતું હોય શાસ્ત્રાભ્યાસ સિવાયના કાળમાં, ચિંતવન ચાલતું હોય શાસ્ત્રોની સાથે એને ટેલી કરવા જોઈએ, મેળવણી કરવી જોઈએ.

**'વિશેષ અપેક્ષાએ,...'** હવે આ જરા ઊંડેથી વાત લીધી છે. સામાન્ય વિશેષ કહી. આટલું તો સામાન્ય, એમ. યથાર્થપણે પણ આટલું તો સામાન્ય. હવે એમ કહે છે કે, આ વિષયની અંદર કોઈ વિશેષતાવાળી વાત એ છે કે હવે પ્રયોજનની વાત લે છે. કે **'પોતાની પરિણતિ જેમાં ટકતી હોય...'** ક્યારે ટકે ? રસ આવે ત્યારે. રસ વગર ક્યાંય ટકવું બને નહિ. 'ગુરુદેવ'ના પ્રવચનમાં પણ ઘણા મોડા આવતા, સ્વાધ્યાયની અંદર મોડા આવે. કેમ ? કે આટલું એક કલાક સાંભળે એટલું ટકવું જોઈએ ને ? એને રસ ટકવો જોઈએ. નહિતર ઘડિયાળમાં જોયા કરે. દસ-પંદર મિનિટ થાય ને વળી પાંચ મિનિટ થાય ને ઘડિયાળમાં જોયા કરે. કેમકે એનો રસ ચાલે નહિ. એક તો આવે પાંચ-પંદર મિનિટ, અડધો કલાક મોડા અને વળી પાછું ઘડિયાળ જોવાનું ચાલું થઈ જાય. (ઉપયોગ બીજે બીજે જાય.) જ્યારે આ મહાપુરુષ આટલો એક કલાક પરિશ્રમ લે છે ત્યારે એને એની કિંમત તો મૂકવી જોઈએ કે નહિ ? પાંચ મિનિટનું કામ કરાવો ને લાખ રૂપિયા જોઈએ કે ન જોઈએ. એક પાંચ મિનિટ

કામ કરાવવાના એક લાખ આપો તો કરે ? નિસ્પૃહપણે, નિષ્કારણ કરુણાથી એક કલાકનો ઉપદેશ આપે, એમાં પણ એને રસ ન ચડે, (અને) ઉપયોગ બીજે બીજે દોડ્યા કરે એ સાંભળવાને લાયક નથી.

**'વિશેષ અપેક્ષાએ...'** એટલે ઊંડાણથી જોતા **'પોતાની પરિણતિ જેમાં ટકતી હોય અને પોતાને જેનાથી વિશેષ લાભ થતો જણાય...'** આટલું તો એને પોતાને અંદરમાં ખ્યાલમાં આવવું જોઈએ, પકડાવું જોઈએ આ બધું. **'તે કરવું.'** તે પ્રકારે કરવું. અભ્યાસ અથવા ચિંતવનમાં બેમાંથી વધુ રસ. બેમાં અરસ તો ક્યાંય નહિ પણ બેમાંથી વધુ રસ શેમાં પડે છે ? એ એને ખ્યાલમાં આવવું જોઈએ અને એમાંથી, પોતાનું બેમાંથી ક્યાં પોતાનું વધારે પ્રયોજન ? રસ વધારે ને પ્રયોજન સિદ્ધ થાય છે એ વાત લેશે અહીંયાં.

કે **'જો શાસ્ત્રાભ્યાસ કરતાં પોતાને નિર્ણય દઢ થતો હોય, વિશેષ લાભ થતો હોય, તો એવો પ્રયોજનભૂત શાસ્ત્રાભ્યાસ...'** કેવો ? આવા પ્રયોજન સિદ્ધ થાય એવો શાસ્ત્રાભ્યાસ એ કરવો. અને **'જો ચિંતનથી નિર્ણયમાં દઢતા થતી હોય. વિશેષ લાભ થતો હોય, તો એવું પ્રયોજનભૂત ચિંતન...'** એમ નહિ. એકલું ચિંતવન નહિ પણ એવું પ્રયોજનભૂત ચિંતવન. એમ પોતાના પ્રયોજન બાજુ પોતે બરાબર કાર્યરત છે કે નહિ ? કાર્યગત છે કે નહિ એ વાત એને સ્વલક્ષે તપાસણીમાં, અવલોકનમાં હોય તો એને શું કરવું એની એને ખબર પડે. નહિતર શું કરવું ? અને શું ન કરવું ? એની ખબર પડે નહિ. (પણ) એમ ને એમ ઓઘેઓઘે ગમે તે કરે જાય, અનંતકાળે પણ એમાંથી નીકળી શકાતું નથી. ગમે તે કરે (પણ) આત્માને ઓળખે એ જ ધ્યેય હોવું જોઈએ.

મુમુક્ષુ :- પોતાની ચૈતન્ય પરિણતિને ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાની પરિણતિને લાભ થાય, પોતાની ચૈતન્ય પરિણતિ આત્માને ઓળખે એ જ ધ્યેય હોવું જોઈએ. આ મુમુક્ષુને પહેલા ઓળખ.. પહેલા એની ચૈતન્ય પરિણતિ, પોતાના નિજ સ્વરૂપને ઓળખી લે. એ ધ્યેયથી, એ લક્ષથી, એને અભ્યાસ અથવા ચિંતવન(માં), શાસ્ત્રાભ્યાસ અથવા ચિંતવનમાં પ્રયોજનભૂત રીતે એણે પ્રવર્તવું જોઈએ. એમાં આમ જ કરવું એવો આગ્રહ હોતો નથી. એમ છે. એનું નામ બધા પડખાં લેવું, બધા પડખાંથી પ્રયોજનભૂત. પોતાના સ્વરૂપની

ઓળખાણમાં જે કાંઈ પ્રયોજનભૂત લાગે તે પ્રકારે, તે તે પડખા એમ. એ તો દરેક મુમુક્ષુની યોગ્યતા જુદી જુદી છે, કોઈક ક્યાંક ફસાણો છે, કોઈક ક્યાંક ફસાણો છે. અથવા કોઈને કોઈ પ્રકારે ઊંધા લાકડા ગરેલા છે શ્રદ્ધામાં અને જ્ઞાનમાં તો કોઈને કોઈ પ્રકારે ઊંધા સંસ્કારો, ઊંધા લાકડા એટલે ઊંધા સંસ્કારો પેસી ગયા છે. (ખરેખર તો) જ્યાં જ્યાં એને પ્રયોજન ભાસ્યું છે ત્યાં ત્યાં એ પ્રયોજનની અંદર કચાશ રાખતો નથી.

**'વસ્તુનું સ્વરૂપ બધા પડખેથી...'** એટલે પ્રયોજનભૂત એવા બધા પડખેથી, વિશેષપણે પોતાને પ્રયોજનભૂત એવા બધા પડખેથી, **'જ્ઞાનમાં જાણી...'** સમજીને, સરવાળે બધાના સરવાળારૂપે **'અભેદજ્ઞાન પ્રગટ કર.'** પોતાના નિજ સ્વરૂપમાં અભેદતા સધાય, અભેદ સ્વરૂપમાં સર્વ ગુણોની પરિણતિ અભેદ થાય એવા પ્રકારની, જ્ઞાનની મુખ્યતાથી અહીંયાં કહે છે.

પ્રશ્ન :– અભેદજ્ઞાન કહીને શું કહેવા માગે છે ?

સમાધાન :– અભેદજ્ઞાન એટલે નિજ સ્વરૂપમાં લીન, તન્મય અથવા સ્વસંવેદનરૂપ જ્ઞાન. પોતાનું–નિજનું પ્રત્યક્ષપણે વેદન કરવું એ જ્ઞાન અભેદજ્ઞાન છે. પોતે જ પોતાનું પ્રત્યક્ષપણે વેદન લે, અનુભવન કરે એને અભેદજ્ઞાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવે' પાછલા કળશોમાં લીધું છે કે જ્ઞાતા હું, જ્ઞાન પણ હું અને જ્ઞેય પણ હું – એ ત્રણેયનું અભેદ કરે છે. એ અહીંયાં લાગુ પડે ?

પૂજ્ય ભાઈશ્રી :– એ અભેદ છે. અભેદજ્ઞાનમાં ભેદ રહેતા નથી કાંઈ. કોઈ પડખાંના ભેદ ઊપજતા નથી. ભેદની સામે જ અભેદ લીધું છે. અનેક પડખેથી, બધા પડખેથી એ બધામાં અનેકપણું છે. બધામાં અનેકપણું છે. હવે એ બધાનો સરવાળો શું ? કે એ બધું અનેકપણું છૂટીને જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય, ધ્યાતા-ધ્યાન-ધ્યેય બધું છૂટી જાય, સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ પણ એનો છૂટી જાય અને નિર્વિકલ્પ સ્વરૂપમાં નિર્વિકલ્પભાવે સ્થિર રહેવાય એવું જ્ઞાન પ્રગટ થાય, એવો શુદ્ધોપયોગ પ્રગટ થાય એવું તું કર, એમ કહે છે. એમ કર સરવાળે આ કહેવું છે.

મુમુક્ષુ :– જ્યાં જ્યાં અભેદજ્ઞાન આવે ત્યાં આમ લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, અભેદજ્ઞાનમાં એ છે. કોઈપણ પ્રકારનો ભેદ નહિ તેને અભેદજ્ઞાન કહેવામાં આવે (છે.)

મુમુક્ષુ :– આ જ્ઞાન ને જ્ઞાતા, જ્ઞેય, ધ્યાતા ને ધ્યેય.

પૂજ્ય ભાઈશ્રી :– એવું કાંઈ નહિ. બીજું તો નહિ પણ આ પણ નહિ. આત્માના અંદરના ભેદો પણ નહિ. કેમકે મૂળ સ્વરૂપે તો આત્મા અભેદ જ છે. ભેદ તો વસ્તુને સમજવા માટે, અપેક્ષાએ ભેદ ઊભા કરીને વસ્તુને સમજાવાનું એ કારણ છે. વસ્તુમાં ભેદ ખરેખર તો નથી. નિશ્ચયથી તો નથી. વિશેષ.

ભેદજ્ઞાન : રાગની તીવ્ર અરુચિરૂપ (અરુચિનું કારણ મલિનતા, વિપરીતતા, દુઃખ) ભાવે અને જ્ઞાન સ્વભાવની સાવધાની / મહિમા રૂપ વલણથી ભેદજ્ઞાન થવા યોગ્ય છે. ભેદજ્ઞાન સ્વ-પરના વિવેકરૂપ દશા છે. જેમાં સ્વ-અનંત મહિમાવંતપણે સ્થાન પામતાં, પર અને રાગ નિર્મૂલ્ય ને ભિન્ન ભાસે, જેથી સહજ ઉપેક્ષાભાવ અને નીરસપણું થાય.

અંતરંગમાં સૂક્ષ્મ અનુભવદૃષ્ટિ વડે જ્ઞાનવેદન સ્વપણે વેદાય ત્યાં રાગાદિથી ભિન્નતા થાય - રાગ-જ્ઞાનવેદનથી ભિન્ન અનુભવાય, ભિન્નતા થાય. તે જ જ્ઞાનથી જ્ઞાનનું એકત્વરૂપ સ્વઆશ્રયભાવ છે; ચિત્ પરિણતિના પ્રાદુર્ભાવનું મૂળ અહીં છે અર્થાત્ પોતે-આત્મા ચૈતન્યરસમય-અનન્યભાવે સધાય છે.–આ જ મોક્ષની કળા છે, સાધન છે.

ભેદજ્ઞાન રાગથી ભિન્ન જ્ઞાનની પ્રવૃત્તિરૂપ છે. જેમાં ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ લક્ષના સ્થાને છે, તે સ્વ આશ્રય છે. - આ સહજ છે. કૃત્રિમ વિકલ્પ કાર્યકારી નથી. નિજકાર્યમાં પ્રયોગ પ્રવૃત્તિ - રાગાદિથી ભિન્નતાની અને 'લક્ષ'માં ધ્રુવ સ્વભાવ એમ બન્ને પોતપોતાના યથા સ્થાને ગૌણ અને મુખ્ય ક્રમથી હોય છે. પરંતુ શુદ્ધ પર્યાય પ્રગટ થયા વિના - 'એક સમયની શુદ્ધ પર્યાયથી પણ ભિન્ન હું છું.' એવો કૃત્રિમ વિકલ્પ–તે પ્રયોગ નથી. છતાં તેને પ્રયોગ માની તેમાં રોકાય - તો તે ભેદજ્ઞાનની વિધિ નથી. તેથી ત્યાં કાર્ય સિદ્ધિ થવાને બદલે મિથ્યાત્વ માર્ગની ભૂલથી થાય છે. કારણ કૃત્રિમતા–એ ઉપાય નથી, - વિધિ સાધન નથી. યથાર્થતામાં તો સ્વભાવનો લક્ષ હોવાથી પર્યાયનો આશ્રય નથી. ('અનુભવસંજીવની' બોલ નં.૫૦)

## તા. ૨-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૧૧
## પ્રવચન નં. ૧૬૯

('બહેનશ્રીનાં વચનામૃત') બોલ ૨૧૧, પાનું ૭૨. **'વસ્તુનું સ્વરૂપ બધાં પડખેથી જ્ઞાનમાં જાણી અભેદજ્ઞાન પ્રગટ કર.'** પહેલા જ્ઞાન કરવાની વાત છે, પછી અવલંબન લેવાની વાત છે. અનાદિથી જીવને પોતાના સ્વરૂપનું અવલંબન નથી, અનાદિથી રાગ અને સંયોગની આધારબુદ્ધિથી જીવ પરિણમન કરી રહ્યો છે. એના માટે એને શું કરવું ? દુઃખી થઈ રહ્યો છે, એ દુઃખ મટાડવા એને પહેલા શું કરવું ? કે બધા પડખેથી વસ્તુનું સ્વરૂપ જાણવું. જાણવાનું કાર્ય જ્ઞાનમાં થાય છે. બધા પડખેથી એટલે પ્રયોજનભૂત બધાં પડખેથી એટલું લેવું. બધા પડખેથી (એનો) અર્થ એ છે પ્રયોજનભૂત બધા પડખેથી. કેમકે શાસ્ત્રમાં હજારો પડખેથી વાત છે, પોતાને કેટલું પ્રયોજન છે, અથવા પોતાને ક્યાં પ્રયોજન છે, એ વિષયનો નિર્ણય પોતાને લેવાનો હોય છે. એ પોતાને નક્કી કરવાનું હોય છે. જો એ પોતે નક્કી કરી શકે તો જ એ પોતાનું પ્રયોજન સાધી શકે. એ મુદ્દો નક્કી ન કરી શકે તો એ પોતાનું પ્રયોજન ન સાધી શકે. એટલે પ્રયોજનભૂત બધા પડખેથી વસ્તુનું સ્વરૂપ જ્ઞાનમાં જાણી, પછી પોતાના સ્વભાવ સાથે જ્ઞાનની અભેદતા થાય તેવું જ્ઞાન પ્રગટ કર, એને અભેદજ્ઞાન કહે છે. વસ્તુનું સ્વરૂપ પ્રયોજનભૂત પડખેથી જાણતા પરપદાર્થથી ભિન્નપણું છે એવું ભેદજ્ઞાનનું પડખું તે ઉત્પન્ન થયા વિના રહેતું જ નથી. જે ભૂલચાક થઈ રહી છે એ તો પર સાથેની અભેદપણાના અનુભવની જ ભૂલ થઈ રહી છે અને એ પ્રયોજનભૂત વિષય છે. એટલે ભેદજ્ઞાનમાંથી અભેદજ્ઞાન પ્રગટ કર એમ લેવું છે. ભેદજ્ઞાનમાં પરની અપેક્ષા છે અને અભેદજ્ઞાનમાં સ્વની અપેક્ષા છે. અભેદપણે, સ્વમાં અભેદપણે જે જ્ઞાન પ્રવૃત્તિ

કરે છે તે જ્ઞાન પોતામાં પણ પોતાનો ભેદ પાડતો નથી કે આ જ્ઞાન અને આ સ્વ, આ સ્વ ને આ જ્ઞાન એવો પણ ભેદ એમાં નથી.

**'અભેદજ્ઞાન પ્રગટ કર.'** એટલે સ્વસંવેદન પ્રગટ કરે. શાસ્ત્ર ભાષામાં, અધ્યાત્મ ભાષામાં એને સ્વસંવેદન કહેવામાં આવે છે. એનો અર્થ એ થયો કે બધા પ્રયોજનભૂત પડખેથી વસ્તુનું સ્વરૂપ જાણતા, એ જાણવાનું ફળ શું ? બધા પડખેથી વસ્તુનું સ્વરૂપ જાણવાની ફળશ્રુતિ શું ? કે સ્વસંવેદન જ્ઞાન પ્રગટ કરવું તે. એટલે અનેક પડખેથી વસ્તુનું સ્વરૂપ જાણવામાં સ્વાધ્યાય આદિ પ્રવૃત્તિ ચિંતવન-મંથન-શ્રવણ-વાંચન વગેરે જે કોઈ પ્રવૃત્તિ છે એ સમસ્ત પ્રવૃત્તિમાં સ્વસંવેદન ઊપજાવવાનું લક્ષ છે, અથવા જે પ્રસ્તુત વિષય છે એ સ્વસંવેદનને ઉપજાવવા અર્થે છે અને એ કેવી રીતે સિદ્ધ થાય ? પ્રાપ્ત થાય આ લક્ષ એનો સળંગ રહેવો જોઈએ. બધા પડખામાં આ સળંગ લક્ષ રહે તો કાર્યસિદ્ધિ થાય, નહિતર કાર્યસિદ્ધિ ન થાય.

મુમુક્ષુ :– બાર અંગ ભણવાનો ગુણ આ.

પૂજ્ય ભાઈશ્રી :– બાર અંગ ભણવાનો ગુણ આ છે. 'સમયસાર'માં તો ૩૭૨ ગાથામાં, ૭૨ કે ૭૪(માં) સ્પષ્ટ વાત છે કે, શાસ્ત્ર ભણવાનો ગુણ શું ? કે પરથી ભિન્ન એવા આ જ્ઞાન સ્વભાવી આત્માનું, ભિન્ન જ્ઞાન સ્વભાવી આત્માનું જ્ઞાન કરવું. આત્માનું જ્ઞાન કરવું કે અભેદજ્ઞાન કરવું બન્ને એક વાત છે. તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે, ગુણ એટલે લાભ. અહીંયાં ગુણ એટલે લાભ, અવગુણ એટલે નુકસાન અને ગુણ એટલે લાભ એટલું લેવું. વસ્તુના સ્વરૂપમાં સ્વ-પર વસ્તુ બન્ને લેવા. એમાં સ્વવસ્તુ છે એની મુખ્યતા છે અને પરવસ્તુની ગૌણતા છે. અથવા પરવસ્તુનું જ્ઞાન જાણવા પૂરતું છે, કેમકે એમાં પોતે અટક્યો છે એટલે એ અટકવાનો વિષય નથી એવું એટલું પ્રયોજન ત્યાં જાણવાનું થાય છે. અને સ્વવસ્તુના જ્ઞાનમાં સ્વમાં રહેલો જે ચૈતન્યનો વૈભવ, ચૈતન્યના ગુણધર્મો, વસ્તુ વ્યવસ્થા અને પોતાની અનંત શાંતિ (અને) અનંત સુખ પોતામાં છે, કે જેનાથી પોતે અનાદિથી અજાણ્યો હતો અને પરથી સુખ શાંતિ મેળવવાનો પ્રયત્નવાન હતો એ બધું પ્રયોજન એકસાથે સ્વ-પર વસ્તુના જ્ઞાનમાં આવી જાય છે. એ રીતે બધા પ્રયોજનભૂત પડખેથી જ્ઞાનમાં જાણે અને એ જાણ્યા પછી પોતામાં પોતાનું અભેદ વેદન કરે, અભેદ જ્ઞાન કરે એટલે અભેદ વેદન કરે, અભેદજ્ઞાનનો અર્થ છે માત્ર જાણવું એમ નહિ પણ વેદન સહિત જાણવું એને

અહીંયાં અભેદજ્ઞાન કહેવામાં આવે છે.

એવું **'અભેદજ્ઞાન પ્રગટ કર. અંદરમાં સમાયા તે સમાયા;...'** અંદરમાં જે અંતર્મુખ થઈને ઠર્યા. સમાયા એટલે ઠર્યા, એ ઠર્યા તે ઠર્યા. એવી રીતે ઠર્યા કે એ ઠરવાની અંદર વૃદ્ધિગતપણું થયું ને પૂર્ણપણે પછી સમાઈ ગયા, સમાઈને રહી ગયા (ને પછી) બહાર નીકળવાનો પ્રસંગ બન્યો નહિ. એવી રીતે **'અંદરમાં સમાયા તે સમાયા; અનંત અનંત કાળ સુધી અનંત અનંત સમાધિસુખમાં લીન થયા.'** એવી રીતે સમાયા. કેવી રીતે એ સમાયા ? એ વાત પહેલી લીધી. કે વસ્તુનું સ્વરૂપ બધા પડખેથી જાણીને જેણે અભેદજ્ઞાન પ્રગટ કર્યું તેને આત્મામાં લીનતા થઈ અને એ લીનતા એવા પ્રકારે થઈ કે અનંત અનંત કાળ સુધી અનંત અનંત સમાધિસુખમાં પોતે રહે અને બહાર ન નીકળે એ પ્રકારે લીનતા થઈ. પંચમકાળ છે એ તો વિસ્મૃતિનો વિષય છે, સ્મરણ કરવાનો વિષય નથી. એ તો એક જાણવાનો વિષય છે. જેને પૂર્ણતાની ભાવના છે, પૂર્ણ શુદ્ધિની ભાવના છે, પૂર્ણ થવાની જેને ભાવના છે એને તો પદે પદે પૂર્ણતા જ, પોતાની ભાવનાનો વિષય જ એને મુખ્ય થાય છે. અને એ વિષય એના કથનમાં, એના વિચારમાં, એના જ્ઞાનમાં આવી જ જાય છે, આવ્યા વિના રહેતો નથી.

**'અંદરમાં સમાયા તે સમાયા; અનંત અનંત કાળ સુધી...'** કોઈ કાળે પણ ત્યાંથી પછી અંદરમાંથી બહાર આવવાનો પ્રશ્ન રહેતો નથી. અનંત ગુણમાંથી કોઈપણ એક ગુણનો અથવા અનંત અવિભાગ પ્રતિછેદમાંથી કોઈ એક પ્રતિછેદ એટલે કોઈ એક અંશમાં, અનંતમાં અંશે પણ બહાર આવવાનો પ્રશ્ન રહેતો નથી. લોકાલોકમાં કેવળજ્ઞાન જણાય છે તેથી એવું નથી કે એ કેવળજ્ઞાનનો, જ્ઞાનનો કોઈ અંશ બહિર્મુખ થાય છે એવું હરગિજ નથી. એટલે એ જ્ઞાનનું સ્વરૂપ નથી. નિરવશેષ અંતર્મુખ રહેલા પરિપૂર્ણ નિર્મળ જ્ઞાનમાં લોકાલોકના જ્ઞેયોનું પ્રતિબિંબ પડે છે પૂર્ણ સ્વચ્છતા થઈ હોવાને લીધે. સ્વચ્છત્વ શક્તિ પણ પૂર્ણ શુદ્ધ થઈને પરિણમે છે, તેથી સર્વ જ્ઞેયોનું પ્રતિબિંબ આવે છે. પણ ઉપયોગને બહાર આવવું થાય છે, અથવા એવી કોઈ ઉપયોગને એક અંશે બહાર આવતા લોકાલોક જણાઈ જાય છે એવી શક્તિ છે એમ નથી. પણ સર્વથા અંતર્મુખ રહેતા સર્વ જણાઈ જાય છે એવી શક્તિ છે.

**'અનંત અનંત કાળ સુધી** અને **અનંત અનંત સમાધિસુખમાં** તેઓ **લીન થયા.'** જ્ઞાન પણ અંદર ડૂબેલું છે અને પરિપૂર્ણ સુખ છે, પરિપૂર્ણ તૃપ્તિ છે, પરિતૃપ્તિ વર્તે

છે. અતૃપ્તિ નથી કે બહાર આવે. પૂર્ણ તૃપ્તિ, પૂર્ણ શાંતિ થઈ સમાધિસુખમાં લીન થયા. આ એનું છેલ્લું-આખરી ફળ છે, આખરી પરિણામ છે, આખરી નતીજો છે કે બધા પડખેથી, પ્રયોજનભૂત પડખેથી વસ્તુનું સ્વરૂપ જાણીને જો અભેદ સ્વસંવેદન જ્ઞાન પ્રગટ કરવામાં આવે તો અનંતકાળ સુધીનો અનંત સુખનો એમાં લાભ છે.

મુમુક્ષુ :- લાભ, વાહ ! પહેલી દોઢ લીટીમાં Hint આપી દીધી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આમ કર. પ્રેરણા પણ કરી છે, આ રીતે કાર્ય કર અને એનું ફળ આ છે. એનું ફળ કોઈ નાનુંસૂનું નથી એમ કહેવું છે. અનંતકાળ સુધી અનંતસુખમાં રહેવું એ અસ્તિથી એનું ફળ છે. અનર્પિતપણે એમાં નાસ્તિ છે કે, ભવિષ્યના અનંતકાળ પર્યંતમાં અનંત દુઃખનો નાશ એ નાસ્તિથી એનું ફળ છે. અનંત દુઃખનો નાશ થઈ જાય છે. ચાર ગતિના જન્મ-મરણના દુઃખ છે, ભવ પર્યંતમાં અનેક પ્રકારના બાધા અને પીડાના દુઃખ છે અને સૌથી વધારે મૂંઝવણનું અને અસમાધાનનું જીવને દુઃખ છે સર્વ કાળને માટે એ તમામ પ્રકારના, સમસ્ત પ્રકારના દુઃખનો નાશ છે. વિચારમાં એ વાતનું મૂલ્યાંકન યથાર્થ રીતે થાય કે તે કાર્ય સંબંધીનો પુરુષાર્થ ઊપડે એવો એનો અવિનાભાવી સંબંધ છે. જ્ઞાન સાથે પુરુષાર્થને ઊપડવાનો અવિનાભાવી સંબંધ છે. સમજાય, સમજાય છતાં નકાર ન આવે અને પુરુષાર્થ ન ઊપડે તો એ સમજણનું મૂલ્યાંકન કરવાની વાસ્તવિકતા જ્ઞાનમાં ઊભી થઈ નથી. યથાર્થ અને અયથાર્થનો આ ફેર છે. જેને આ વચનો સમજાતા નથી, આ વાતમાં જેને સંમત થવાનું બનતું નથી એનો તો પત્તો લાગવાનો પ્રશ્ન નથી. એને તો કોઈ એવા વિપરીત પૂર્વ સંસ્કાર પ્રવર્તી રહ્યા છે કે જેથી એને આ વચનો સંમત થતા નથી, વિષય જ સંમત થતો નથી. પણ જેને વિષય સંમત થાય છે એટલી વિપરીતતા નથી તેને પણ યથાર્થતા આવવી એ જરૂરી છે, આવશ્યક છે. સંમત થાય અને પુરુષાર્થ ન ઊપડે તો આટલું મોટું જેનું મૂલ્ય છે કે અનંત કાળના દુઃખનો નાશ થાય અને અનંત કાળના અનંત સુખની પ્રાપ્તિ થાય એનું મૂલ્યાંકન વાસ્તવિક રીતે એને સમજાયું છે, કે મૂલ્યાંકન થયું છે એ સમજણથી એ વાત રહેતી નથી.

જીવ અનાદિથી વર્તમાન સુધી દુઃખી છે એ તો નિર્વિવાદ વિષય છે. દુઃખ મટાડવા માટે એની સર્વ કાળે પ્રવૃત્તિ રહી છે એ પણ નિર્વિવાદ વિષય છે અને સર્વ કાળનું પૂરેપૂરું સુખ મળતું હોય અને સર્વ કાળ માટે પૂરેપૂરું દુઃખ જતું હોય તો એની કેટલી

મોટી કિંમત હોય એ વાત વાસ્તવિકપણે સમજાય(ને) જીવનો પુરુષાર્થ એ દિશામાં કાર્યંગત ન થાય એવું બની શકતું નથી. ઊલટાની પરિસ્થિતિ તો બીજી સર્જાય છે કે એ પુરુષાર્થને કાર્યંગત થતો કોઈ રોકી શકે નહિ, પોતે રોકી શકે નહિ. જેમ કેટલાક પરિણામ પોતે નથી રોકી શકતો. જે પરિણામ દુઃખદાયક હોય એ પરિણામ રોકવા ચાહે તોપણ પોતે રોકી શકતો નથી. આવેગમાં હોય છે ત્યારે, દુઃખના આવેગમાં હોય છે ત્યારે એવું બને છે કે નહિ ? એવા કોઈ દુઃખદાયક પ્રસંગો બને છે જ્યાં મમત્વ હોય ત્યાં નુકસાન થાય, જીવને દુઃખની ઉત્પતિ થાય ત્યારે એ દુઃખ જોઈતું નથી, એટલે ન જોઈએ તોપણ એ પરિણામને પોતે રોકી શકતો નથી. જે પરિણામ સુખદાયક છે એને તો રોકવાની કોઈ પોતે તો ઇચ્છા ન કરે, પણ તર્ક છે આ તો કે એકવાર પોતે રોકવા ધારે તોપણ રોકી શકાય નહિ. પોતે કદી રોકવા ધારતો નથી, કોઈ જીવ સુખના પરિણામને તો રોકવા ઇચ્છે નહિ, ચાહે નહિ. બીજાથી રોકાવાનો પ્રશ્ન નથી. કેમકે બીજા કોઈની પહોંચ નથી ત્યાં. પ્રતિકૂળ સંયોગોની પણ પહોંચ નથી ને અનુકૂળ સંયોગોની પણ પહોંચ નથી. અનુકૂળ સંયોગોમાં ફસાય છે તોપણ એ પોતાની આસક્તિને લઈને ફસાય છે, પોતાની સુખની કલ્પનાને લઈને ફસાય છે અને પ્રતિકૂળ સંજોગોમાં અટવાય છે તોપણ એ પ્રતિકૂળતાની કલ્પના પોતે ઊભી કરેલી છે. ખરેખર પ્રતિકૂળતાની પહોંચ આત્મસ્વરૂપને વિશે નથી. એટલે પુરુષાર્થ ઉત્પન્ન થવામાં કોઈ અનુકૂળતા કે પ્રતિકૂળતાનું બહાનું, એ ફાલતું બહાનું જ છે બીજું કાંઈ નથી. ખરેખર કોઈ પ્રકાર એમાં પુરુષાર્થને રોકનારો છે નહિ. અને અનુકૂળ-પ્રતિકૂળ સિવાયની તો બીજી કોઈ પરિસ્થિતિ છે નહિ, બીજું કોઈ જીવને બહાનું છે નહિ.

હવે એક 'સમયસાર'નું વચન છે જે અવતરણ ચિહ્નમાં છે. **'બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહિ પામી શકે.'** એક ગાથાની પંક્તિ છે. **'બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહિ પામી શકે.'** બહુ લોક એટલે લોકમાં રહેલા જે જીવો, અનંતા અનંત જીવો છે સંસારી જીવો એ લગભગ બધા, લગભગ મોટાભાગના જ્ઞાનગુણ રહિત હોવાને લીધે, એને જ્ઞાનનો લાભ નહિ હોવાને લીધે, એને પોતાના જ્ઞાન સ્વભાવનો આધાર નહિ હોવાને લીધે અને અભેદજ્ઞાનની પ્રાપ્તિ નહિ હોવાને લીધે આ પદ નહિ પામી શકે. આ પદ એટલે જે સ્વપદ છે, અથવા અનંત સમાધિસુખમાં પ્રાપ્ત થવાનું જે સિદ્ધપદ છે એ સિદ્ધને પામી નહિ શકે. 'સમયસાર'ના નિર્જરા અધિકારમાં

જ્ઞાનગુણથી વિષય ચાલ્યો છે. નિર્જરા અધિકારમાં આચાર્ય ભગવાને જ્ઞાનગુણ શબ્દનો પ્રયોગ કર્યો છે. બીજી ક્રિયાને જ્ઞાનગુણ રહિતની ક્રિયા કહી છે અને જ્ઞાન સ્વભાવનું અવલંબન, જ્ઞાન સ્વભાવનું અવલંબન લ્યે એને જ્ઞાનક્રિયા અથવા એને જ્ઞાનગુણ એમ કહ્યું છે. જ્ઞાનનો આધાર લેવો તે, તે જ્ઞાનગુણ. જ્ઞાનગુણ એટલે શું ? જ્ઞાનગુણ એક શબ્દમાં વિધિ આવી જાય છે. જ્ઞાનનો આધાર લેવો, જ્ઞાન માત્રનો આધાર લેવો તે જ્ઞાનગુણ છે અથવા એ જ્ઞાનનું સ્વાભાવિક કાર્ય છે, એ જ્ઞાનનો લાભ છે. એ સિવાય બીજો કોઈ જ્ઞાનનો લાભ નથી.

તો કહે છે કે જગતમાં જીવોની શું સ્થિતિ છે ? લોકમાં જીવોની શું સ્થિતિ છે ? કે જ્ઞાનગુણથી રહિત થયા છે. તમામ જીવો રાગ અને પુદ્‌ગલના આધારે પરિણમી રહ્યા છે, આ પરિસ્થિતિ છે. તમામ જીવો રાગના આધારે પરિણમી રહ્યા છે અને અનેક પ્રકારના પુદ્‌ગલો સંયોગમાં છે, દેહથી માંડીને અનેક પ્રકારના સચેત – અચેત મિશ્ર સંયોગ એને આધારે પરિણમી રહ્યા છે. ધર્મના ક્ષેત્રમાં આવીને પણ જેણે આધાર બદલ્યો નથી એને લાભ થતો નથી. એટલે ત્યાં પણ રાગનો આધાર લ્યે છે અને સંયમ આદિના નિમિત્તે, બહાને ત્યાગનો કે મન-વચન-કાયાની પ્રવૃત્તિનો આધાર લ્યે છે ત્યાં સુધી પણ એને જ્ઞાનગુણની પ્રાપ્તિ નથી થતી. ગૂઢ વચન છે થોડું.

૧૪૨ કળશ છે. **'ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।'** એવું પદ છે છેલ્લું. **'क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखैः कर्मभिः'** અનેક પ્રકારના કાર્યો કરો, કઠણ એવા પણ રાગ અને પુદ્‌ગલના આધારવાળા એવા અનેક પ્રકારના દુષ્કરમાં દુષ્કર કાર્યો કરો, ઊંધે માથે તપશ્ચર્યા કરે, છ છ મહિનાના ઉપવાસ. **'क्लिश्यन्तां'** દુઃખ વેઠો તો વેઠો, ક્લેશ પામો તો પામો, એનાથી આત્માને ક્લેશ છે. આધાર પરનો લીધો કે આત્માને ક્લેશ છે. પામો તો પામો, તમારે દુઃખ પામવું હોય તો પામો પણ એ રીત અને વિધિ નથી. **'क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरम्।'** મહાવ્રત સહિતના તપના ઘણા ભારથી. ભગ્ન એટલે ભાંગી જઈને, શરીરને ચૂરો કરી નાખે એટલું તપ કરે. **'क्लिश्यन्तां'**. એનાથી પણ તમે ક્લેશ પામવું હોય તો પામો.

પરંતુ **'साक्षान्मोक्ष इदं निरामयपदं'** પણ સાક્ષાત્ આ મોક્ષનો જે નિરામય પદ છે. **'संवेद्यमानं स्वयं'** એ તો સ્વયંથી સ્વસંવેદ્યમાન છે. એમાં ક્લેશ થવાનો નથી.

નિરામય પદ છે. નિરામય એટલે જેની અંદર કોઈ આપત્તિ નથી એને નિરામય પદ કહેવામાં આવે છે. કોઈ ઉપાધિ નથી, કોઈ વ્યાધિ નથી, નિરોગી અવસ્થાને નિરામ અવસ્થા કહે છે. વૈદકની અંદર પણ નિરોગી અવસ્થાને નિરામ અવસ્થા કહે છે અને નિરામય – બિલકુલ જેમાં કોઈ રોગ નથી, એકદમ શાંતિ છે, ઉપદ્રવ નથી. એવું જે સ્વસંવેદ્યમાન, સ્વયં એવું પોતાથી વેદવા યોગ્ય એવું જે પોતાનું પદ છે તે, **'ज्ञानं ज्ञानगुणं विना'** તે જ્ઞાન ગુણ વિના **'कथमपि प्राप्तुं..'** બીજી કોઈ રીતે એ જ્ઞાનપદની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાનપદની પ્રાપ્તિ થવાની બીજા કોઈ પરિણામમાં, બીજા કોઈ કાર્યમાં, બીજી કોઈ ક્રિયામાં ક્ષમતા નથી. **'क्षमन्ते न हि'** ક્ષમતા નથી, શક્તિ નથી કાર્ય કરવાની. એ જ્ઞાનગુણ શબ્દ અહીંયાં ૧૪૨ માં વાપર્યો છે. અને એના પછીની જે ગાથા છે ૨૦૫ નંબરની એનું આ પદ છે જે અવતરણ ચિહ્નમાં છે એ. નીચે જ આવી ગયું. વિચાર આવ્યો કે તો પછી આ આને ને આ ક્યાં ક્યાં હશે. નીચે જ પદ છે. ૧૪૨ ના કળશ પછી ૨૦૫ નંબરની ગાથાનું આ પદ આપણે ચાલું ૨૧૧માં બોલમાં અવતરણ ચિહ્નમાં છે.

હવે આ જ ઉપદેશ ગાથામાં કરે છે. જે કળશમાં વાત કરી છે તે હવે ભગવાન 'કુંદકુંદાચાર્ય'ની પૂર્વાચાર્યની ગાથામાં વાત કરે છે. કે **'બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહિ પામી શકે; રે ! ગ્રહણ કર તું નિયત આ, જો કર્મમોક્ષેચ્છા તને.'** આ ૨૦૫ નંબરની ગાથાનું પહેલું પદ છે. સીધું જ મળી ગયું. ૧૪૨ના કળશમાં આ શબ્દ પ્રયોગ જ્ઞાનગુણનો હતો એ થોડોક ખ્યાલ હતો. **'જ્ઞાનગુણથી રહિત ઘણાય લોકો આ જ્ઞાનસ્વરૂપ પદને પામતા નથી;** (પામી શકતા નથી,) **માટે હે ભવ્ય ! જો તું કર્મથી સર્વથા મુક્ત થવા ઇચ્છતો હો તો નિયત એવા આને (જ્ઞાનને) ગ્રહણ કર. નિયત એવા આ જ્ઞાનને જ્ઞાનપદને ગ્રહણ કર.'**

પ્રશ્ન :– નિયત એટલે ?

સમાધાન :– નિયત એટલે અનાદિ અનંત એકરૂપ એવો જે જ્ઞાન સ્વભાવ એનું તું ગ્રહણ કર, એમ. અથવા મોક્ષમાર્ગ અનાદિ અનંત નિયત છે જેને જ્ઞાનગુણ કહીએ. કે જ્ઞાન જ્ઞાનનો આધાર લ્યે એવી જે સ્વસંવેદનની પ્રવૃત્તિ છે એ અનાદિ અનંત નિયત છે. કોઈ બીજી રીતે કર્મથી મુક્ત થવાનો ઉપાય કે વિધિ નથી. બીજી રીત જ નથી, બીજી વિધિ નથી, બીજી કોઈ કાર્યની પદ્ધતિ નથી. એમ હોવાથી એ પણ

નિયત છે, વસ્તુનું સ્વરૂપ પણ નિયત છે અને વસ્તુ સ્વરૂપની પ્રાપ્તિ કરવાની રીત પણ નિયત જ છે. બન્નેને લાગુ પડે છે.

**'(કર્મકાંડમાં) જ્ઞાનનું પ્રકાશવું નહિ હોવાથી સઘળાંય કર્મથી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી,...'** લ્યો ઠીક ! આ લોકો કર્મકાંડ કરે છે, કર્મકાંડી થઈ જાય છે. કહે છે કે એમાં જ્ઞાનનું પ્રકાશવું જ નથી, જ્ઞાનની ગેરહાજરી છે તેથી એમાં જ્ઞાનની પ્રાપ્તિ નથી. અને **'જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું હોવાથી કેવળ (એક) જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.'** જોકે તર્ક કરે માણસ કે 'જ્ઞાનક્રિયાભ્યામ્મોક્ષ' તો કહ્યું છે. તો કેમ ક્રિયાને, કર્મને ઉડાડ્યું ? કે એ જ્ઞાનનું જ્ઞાનમાં એકાગ્ર રહેવું અથવા જ્ઞાનનું સ્વભાવપણે પ્રકાશવું, સ્વસંવેદનપણે પ્રકાશવું તે જ જ્ઞાનની ક્રિયા છે. જ્ઞાનની ક્રિયા જ્ઞાનથી જુદી રહેતી નથી. જ્ઞાનની ક્રિયા જ્ઞાન સાથે હંમેશા અભેદ રહે છે.

મુમુક્ષુ :- ક્રિયાકાંડ કીધું એ રાગકાંડ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ રાગકાંડ છે એ કર્મકાંડ જ છે. કેમકે એના નિમિત્તે કર્મ પોતે સ્વયં ભાવકર્મરૂપે છે, એના નિમિત્તે દ્રવ્યકર્મ બંધાય છે, એના ફળ સ્વરૂપે નોકર્મનો સંયોગ થાય છે. એટલે એમાં ક્યાંય જ્ઞાન નથી. રાગમાં જ્ઞાન નથી, રાગના નિમિત્તે જ્ઞાનાવરણીય બંધાય છે (એમાં પણ જ્ઞાન નથી.) એને આ જ્ઞાનપદ, આત્મા જ્ઞાનપદ જે આત્મા, આત્મા જે જ્ઞાનપદ એની પ્રાપ્તિ, એનો અનુભવ એને થતો નથી. સ્પષ્ટ સમજી શકાય એવો વિષય એ છે કે લક્ષ કોના ઉપર છે ? ક્રિયામાં લક્ષ પુદ્ગલ ઉપર રહે છે, આત્મા ઉપર રહેતો નથી. અહીંયાં આત્મા ઉપર લક્ષ રહે છે તો ક્રિયા ઉપર લક્ષ નથી રહેતું પણ યથાયોગ્ય સ્થાનમાં, યથાયોગ્ય ગુણસ્થાને, યથાયોગ્ય ક્રિયા આપોઆપ જ થાય છે. લક્ષ ન રાખવામાં આવે તોપણ. કેમકે પરમાર્થ સંયમ પ્રગટ થયા પછી વ્યવહારના પરિણામ આપોઆપ રીતે સંયમિત થાય છે. આપોઆપ જ સંયમિત થાય છે એના માટે કોઈ નવી પ્રક્રિયા કે નવો પુરુષાર્થ એના માટે કરવો પડે એવી પરિસ્થિતિ રહેતી નથી, કે હોતી નથી.

પ્રશ્ન :- ક્રિયાકાંડ, કાંડ એટલે શું ?

સમાધાન :- કાંડ એટલે અનેક વિસ્તારવાળું પ્રકરણ. કાંડ શબ્દ તો જુદાં જુદાં (અર્થમાં) વપરાય છે. કોઈ પ્રસંગ બની ગયો હોય તો એને કાંડ કહેવામાં આવે છે. કે, ભાઈ કોઈ દુર્ઘટના બની ગઈ હોય તોપણ એને કાંડ કહેવામાં આવે છે કે ભાઈ

કોઈએ હત્યા કરી, તો કહે હત્યાકાંડ. શું કહ્યું ? કાંડ તો પ્રચલિત શબ્દ છે. અને શાસ્ત્રોની અંદર, આ વૈષ્ણવોના શાસ્ત્રોની અંદર રામાયણ છે એમાં દરેક પ્રકરણને કાંડ શબ્દ લગાડ્યો છે કે બાળકાંડ ! તો રામચંદ્રજીની જે બાળક અવસ્થાનું વર્ણન છે એને બાળકાંડ એવું નામ આપ્યું. લંકાની લડાઈ થઈ તો લંકાકાંડ એવું નામ આપ્યું છે. વનમાં ચાલતા ચાલતા ગયા તો આ માલિ સુગ્રીવનું આવે છે ને ? કિષ્કિંધાકાંડ છે. આખું એ પ્રકારણ જ છે એનું કિષ્કિંધાકાંડ, કિષ્કિંધાનગરીમાં બેય ભાઈઓની લડાઈનું એ રાજનું પ્રકરણ એ વખતે ત્યાં ચાલે છે. એ બધા કાંડ એટલે પ્રકરણ. કાંડ એટલે એક વિભાગ, આ એનો વિભાગ, આ એનો વિભાગ, આ એનો વિભાગ. તો અહીંયાં ક્રિયાકાંડ એટલે આ ક્રિયાનો વિભાગ અને જ્ઞાનકાંડ એટલે આ જ્ઞાનનો વિભાગ. કોઈ વિદ્વાનો કાંડ એટલે દુર્ઘટના એ અર્થ કરે છે એવું માત્ર નથી. પ્રકરણ, એવો વિભાગ. એવું કોઈ કોઈ સમજી લે છે કે ઓલો હત્યાકાંડ ને એવું બધું વપરાય છે ને ? અથવા ક્યાંય લૂંટફાંટ થઈ ગઈ હોય, ક્યાંય સળગી ગયું હોય, ક્યાંય તોફાન થઈ ગયું હોય, તો કે બહુ કાંડ થઈ ગયો ત્યાં એવો શબ્દ દુર્ઘટનાના પ્રસંગે વપરાય છે, પણ સર્વથા દુર્ઘટના એવો એનો પ્રસંગ નથી, ઘટના એવો એનો પ્રસંગ છે.

પ્રશ્ન :- છદ્મસ્થ હોય ત્યાં સુધી તો પુદ્ગલોનો આધાર હોય ને ?

સમાધાન :-છદ્મસ્થ રહેવું છે ? કે છદ્મસ્થ રહેવું નથી, છદ્મસ્થપણું તો મટાડવું છે, તો એ મટાડવા માટે એનો ઉપાય લેવો પડશે. જેઓ છદ્મસ્થ ન રહ્યાં એમણે આધાર છોડ્યો, હવે આપણે છદ્મસ્થ ન રહેવું હોય તો આધાર છોડવાનો પુરુષાર્થ કરવો, સીધી વાત છે.

પ્રશ્ન :- જ્ઞાનગુણનો આધાર લેવો એટલે ?

સમાધાન :- જ્ઞાનમાં જ્ઞાન સ્વભાવ છે. આત્મામાં જ્ઞાન સ્વભાવ છે, એની હયાતી છે. એની હયાતીને શ્રદ્ધામાં સ્વીકારવી, એની હયાતીનું જ્ઞાનમાં અનુભવન કરવું, વેદન કરવું અને એમાં લીન થવું તે જ્ઞાનગુણ છે. જ્ઞાનગુણમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર ત્રણેય આવી ગયા. આધાર લેવો એટલે આશ્રય લેવો. શ્રદ્ધાએ કરીને, જ્ઞાને કરીને, અને આચરણે કરીને – ચારિત્રે કરીને ત્રણેય એમાં લઈ લેવા. એમાં એકલું જ્ઞાન આવે છે અને શ્રદ્ધા અને ચારિત્ર નથી આવતા એવું પણ વિચારવા યોગ્ય નથી. પણ જ્ઞાનની પ્રધાનતા હોવાથી અને અવલંબન લેવામાં એ વાત સમજવી અનુકૂળ પડતી હોવાથી

આચાર્ય ભગવાન આ શબ્દ પ્રયોગ ચાલુ રાખે છે. પોતે શ્રદ્ધા ને ચારિત્ર હોવા છતાં આ શબ્દનો-જ્ઞાન શબ્દથી કેમ પ્રયોગ કર્યો ? કહેવાનો પ્રયોગ એમ કેમ કર્યો છે ? કે એમ સમજવું પણ વધારે અનુકૂળ છે. સામાને નહિ સમજાતું હોય એને પણ સમજાવવું અનુકૂળ છે એટલે એ પ્રયોગ છે.

**'પુષ્કળ કર્મ કરવાથી પણ આ જ્ઞાનપદને પામતા નથી...'** એટલે આચાર્ય મહારાજને ખબર છે કે આવી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપી જ્ઞાનગુણની પદ્ધતિ, કાર્યપદ્ધતિ છોડીને કેટલાક જીવો રાગ અને રાગ આશ્રિત મન-વચન-કાયાની પ્રવૃત્તિના ક્રિયાકાંડમાં ધર્મના ક્ષેત્રમાં પણ મોક્ષ કરવાની ઇચ્છાથી, ભાવનાથી પ્રવર્તી કરી રહ્યા છે એને એમ કહે છે કે નહિ પામી શકે તું. તું પામી શકીશ નહિ. બહુ સ્પષ્ટ વાત છે. **'પુષ્કળ કર્મ કરવાથી પણ આ જ્ઞાનપદને પામતા નથી અને આ** પદને નહિ પામી શકે, **નહિ પામતા થકા તેઓ કર્મોથી મુક્ત થતા નથી;...'** એનું સંસ્કૃત છે. **'ततो बहवोऽपि बहुनापि कर्मणा ज्ञानशून्या नेदमुपलभन्ते, इदमनुपलभमानाश्च कर्मभिर्न मुच्यन्ते।'** કર્મથી એ મુકાતા નથી. કર્મબંધન એને નહિ છૂટે. **'માટે કર્મથી મુક્ત થવા ઇચ્છનારે...'** **'ततः कर्ममोक्षार्थिना'** જેને કર્મથી મુકાવું છે. એક **'કેવળ (એક) જ્ઞાનના આલંબનથી,...'** **'केवलज्ञानावष्टम्भेन'** આવો શબ્દ પડ્યો છે. કેવળ એટલે માત્ર. માત્ર જ્ઞાનના અવલંબનથી જ **'नियतमेवेदमेकं'** નિયત જ એવું આ એક પદ તે પ્રાપ્ત કરવા યોગ્ય છે. **'पदमुपलम्भनीयम्।'** તેનો જ આધાર લેવા યોગ્ય છે. સ્વભાવનો જ આધાર લેવા યોગ્ય છે. નિયત પદ એટલે ત્રણેયકાળે એકરૂપ ધ્રુવ રહેતો સ્વભાવ એને અહીંયાં નિયત પદ કહેવામાં આવ્યું છે. એનો એકનો જ આધાર લેવો. બીજો કોઈનો આધાર લેવો નહિ. ગમે ત્યાંથી વાંચો કહેવાના શબ્દો અને ગાથાઓ ફરે છે, વાત ફરતી નથી. આ વિશેષતા છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ કીધું છે ને કે એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.

પૂજ્ય ભાઈશ્રી :- એક જ પંથ. એમાંથી ને એમાંથી બીજું કાઢે કે જુઓ પંદર ભેદે સિદ્ધ કહ્યા છે. અથવા કહે ચારિત્ર અણલિંગ છે. એમાં જે લિંગના અને વ્યવહારના ભેદ છે. જેને જે જાતની રુચિ છે (એ) ફાવતું પકડશે. પણ બે વાતને તો પછી મેળ કેવી રીતે કરશો ? કે એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ. એ વાતને અને પેલી વાતને કાંઈ મેળ છે ? કે પોતે પોતાની વાત તોડીને કરી છે ? કે એ તો મહા બુદ્ધિમાન

અને વિચક્ષણ હતા, પોતાની વાત પોતે તોડે એવું તો કાંઈ કરે એવા નહોતા. તો પછી અહીંયાં શું સમજવા યોગ્ય છે ? એટલો વિચાર કર્યા વિના આ પોતાને ગમ્યું એ પકડ્યું કે, જુઓ ! પંદર ભેદે સિદ્ધ થાય છે.

પ્રશ્ન :- એ હકીકત છે ?

સમાધાન :- ના, એ આ શાસ્ત્રોમાં છે, શ્વેતાંબર શાસ્ત્રમાં છે. આમાં દિગંબરમાં ક્યાંય આવતી નથી, પંદર ભેદે સિદ્ધની વાત આવતી જ નથી. હજી સુધી તો નથી વાંચી.

મુમુક્ષુ :- આ જે છે ને સ્પષ્ટ નિયત.

પૂજ્ય ભાઈશ્રી :- નિયત એ જ્ઞાનપદને. જ્ઞાનગુણ સિવાય કોઈ બીજી રીતે પ્રાપ્ત કરી શકાતું નથી.

પ્રશ્ન :- પંદરમાં ભેદમાં લઈએ તો જ્ઞાન...

સમાધાન :- સમ્યક્દર્શન થાય, સિદ્ધ એટલે સિદ્ધ પદ ન થાય. જેમકે પંદર ભેદમાં એક એ લોકોએ સ્ત્રી પર્યાયે પણ મુક્તિ માની છે. તો કોઈ સ્ત્રી પર્યાય હોય ને સિદ્ધપદમાં જાય એવું બનતું નથી. એમ. પછી સવસ્ત્ર મુનિપણું માન્યું છે. સવસ્ત્ર, વસ્ત્ર સહિત મુનિપણું માન્યું છે. તો વસ્ત્ર સહિત મુનિપણું છે નહિ અને છતાં સિદ્ધ થાય, કેમકે મુનિમાંથી અરિહંત થઈને સિદ્ધ થાય છે ને ? તેવું બને નહિ, એમ.

મુમુક્ષુ :- એ ગળે નહોતું ઊતરતું પંદર ભેદે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે વિચારવા જેવો વિષય તો છે કે વીતરાગતા અને લીનતા કેવી વસ્તુ છે ? લીનતા શું ચીજ છે ? આ તો લીનતાનો વિષય છે ને ? સ્વરૂપની લીનતાનો વિષય છે, તો સ્વરૂપની લીનતા ક્યારે પ્રગટ થાય ? કે બહારથી બધેથી એની આસક્તિ છૂટી જાય ત્યારે. તો આસક્તિ છૂટે તો આસક્તિના નિમિત્ત પણ આપોઆપ છૂટી જાય. જેમકે આ સામાન્ય સમાજ-આર્ય લોકોને અથવા જૈન, વાણિયાઓને, જેને જે લોકોને દારૂની આસક્તિ નથી, તો એને દારૂનું નિમિત્ત હોય જ નહિ, કે તોપણ એને હોય ? આપણા લોકોને કોઈને દારૂની આસક્તિ નથી, તો દારૂનું નિમિત્ત હોય છે ? કે જેને જેની આસક્તિ નથી એનું નિમિત્ત રહેતું નથી. આ એક કુદરતી વસ્તુ વ્યવસ્થા છે. લાવી શકાય છે, છોડી શકાય છે, આત્મા કરી શકે

છે, એ પ્રશ્ન જ નથી, પણ એ કુદરતી જ એને નિમિત્ત હોતું નથી. અને જેને જેની આસક્તિ હોય એનું એને નિમિત્તપણું સંભવે છે. એટલે તો અન્યમતમાં જે પ્રતિમાની સ્થાપના છે કે રામચંદ્રજી તો મોક્ષે ગયા (એ તો) આપણે (પણ) સ્વીકારીએ છીએ, છતાં આપણે સ્થાપના કરી શકીએ રામચંદ્રજીની મૂર્તિની પણ વીતરાગ સ્વરૂપે !! દિગંબર સ્વરૂપે !! ન તો માથે મુગટ પહેરાવાય, ન તો બાજુમાં સીતાજીની મૂર્તિની સ્થાપના કરાય. નહિતર એ જૈન રામાયણમાં પણ એમને પત્ની સીતા તરીકે જ સ્વીકારવામાં આવ્યા છે. એમને પણ રાજા તરીકે સ્વીકારવામાં આવ્યા છે. એ ચરમશરીરી અત્યારે સિદ્ધાલયમાં બિરાજમાન છે, સિદ્ધપદે બિરાજમાન છે. એમનો આત્મા અત્યારે પરિપૂર્ણ શુદ્ધ છે. દ્રવ્યે, ભાવે, પર્યાયે (પરિપૂર્ણ શુદ્ધ છે.) તેમ છતાં જે લોકો એ રીતે સ્થાપના કરે છે એને અનુમોદન દેવાય નહિ. પછી તો એ એમ કહે કે તમે રામચંદ્રજીને માનતા નથી, તો કે માનીએ છીએ પણ તમે માનો છો તે પ્રકારે માનતા નથી. એમ છે. માનવું અને ક્યા પ્રકારે માનવું ? એમાં ફરક છે, એમાં વિવેક કરવાનો છે. એમ વાત છે.

પ્રશ્ન :– પંદર ભેદમાં જે પૂર્ણતા તો વસ્ત્ર સહિત મુનિરાજની કીધી તે પૂર્ણતાના ધ્યેયમાં જ ભૂલ થઈને...

સમાધાન :– ખરેખર તો કેવળજ્ઞાનનું સ્વરૂપ સ્પષ્ટ નથી ત્યાં. સમ્યક્‌દર્શનનું સ્વરૂપ સ્પષ્ટ નથી ત્યાં. પછી સિદ્ધ થવાની વાત કેવી રીતે બરાબર હોય ? એટલે શબ્દો રહી ગયા છે જ્ઞાન અને એનો ભાવ – એ બેમાંથી એકપણ વાત રહી નથી. એમ છે. ખરેખર તો એમ બન્યું છે.

પ્રશ્ન :– જ્યારે પૂર્ણતા, લક્ષ બરાબર નથી તો વાત ગૃહીતમાં જ જાય ને ?

સમાધાન :– પ્રશ્ન જ નથી. ગૃહીત મિથ્યાત્વ હોય ત્યાં સમ્યક્‌દર્શન કેવી રીતે થાય ? ગૃહીત મિથ્યાત્વ એટલે સમાન્ય મિથ્યાત્વ નહિ, પણ તીવ્ર–વિશેષ મિથ્યાત્વ એને ગૃહીત મિથ્યાત્વ કહે છે. મિથ્યાત્વમાં વિશેષતા થઈ ગઈ ત્યારે એને એક વિશેષણ વધારે લાગ્યું. વિશેષતા એટલે વિશેષણ–સહિતપણું. કે આ ગૃહીત મિથ્યાત્વ. ત્યાં મિથ્યાત્વ વધારે જાડું થયું છે, ગાઢ થયું છે એમ સમજવા યોગ્ય છે. પછી સમ્યક્‌દર્શન થવાનો પ્રશ્ન ક્યાં છે. સમ્યક્‌દર્શન થવા માટે તો મિથ્યાત્વ ગળવું જોઈએ. ગાઢ થવું જોઈએ નહિ પણ ગળવું જોઈએ, તો અહીં તો મિથ્યાત્વની શક્તિ વધી. ઘટવી જોઈએ

એના બદલે વધી. ક્યાંથી એને એ વાત સૂઝે ? કે સાચી વાત એને સૂઝે નહિ. સીધી વાત છે.

મુમુક્ષુ :– આપણે કહીએને કે નવ્વાણું સાચી વાત ને એક ખોટી હોય તેનું બધું ખોટું.

પૂજ્ય ભાઈશ્રી :– હાસ્તો. ખોટું જ છે પણ એ પોતે નથી માનતા પંદર ભેદે છે. એ તો કોઈ ચર્ચા ચાલી છે. એ ચર્ચા ચાલી છે. કેટલીક જ્ગ્યાએ તો એમણે એવી રીતે પણ જવાબ દીધા છે કે વર્તમાનમાં જે જૈનના શાસ્ત્રો કહેવાય છે. શું એનો અર્થ થાય ? વર્તમાનમાં જે જૈનના શાસ્ત્રો કહેવાય છે તેમાં ઘણી જ્ગ્યાએ અંદેશાના સ્થાન છે, શંકાના સ્થાન છે. એનો અર્થ શું થયો ? કે જે જૈનના શાસ્ત્રો કહેવાય છે, કહેવાય છે એનો અર્થ કે ખરેખર છે કે કેમ ? આ પ્રશ્ન ઊભો કર્યો એમણે. પણ ભાષા બહુ ગૂઢ વાપરી છે અને સામા માણસને એમ ન લાગે કે આ વિરોધ પક્ષમાં ઊભા છે ને પક્ષાપક્ષી કરે છે. 'ગુરુદેવ' બહુ સ્પષ્ટ વક્તા હતા એટલે લોકોએ પક્ષમાં નાખ્યા કે એ પક્ષમાં પડી ગયા છે, મંડન ખંડનમાં પડી ગયા છે; અને એ નાખવું સહેલું છે. સ્પષ્ટ વક્તા માટે એવો આરોપ કરવો સહેલો છે. પણ બન્ને એક જ વાત કરે છે. ભાષા કરવાની પદ્ધતિનો ફરક છે. એટલી વાત છે.

પ્રશ્ન :– 'શ્રીમદ્જી' જાહેરમાં કાંઈ બોલ્યા છે ?

સમાધાન :– જાહેરમાં નથી બોલ્યા. એમને પ્રસંગ જ નહોતો, આ તો પત્રો હતા. એમના પત્રોની અંદર વાત છે, પણ પત્રની અંદર (પણ) તે પત્રો એમની ઉપસ્થિતિમાં જ સરક્યુલેટ થતા હતા. એ એમની આજ્ઞાથી જ થતા હતા. કારણ કે એમના મુમુક્ષુમાં એક વિશિષ્ટતા હતી કે એમની આજ્ઞા બહાર પ્રવૃત્તિ નહોતા કરતા. જે નજીકના હતા અંબાલાલભાઈ, મુખ્ય અંબાલાલભાઈ આ પ્રવૃત્તિ કરતા હતા. પણ અંબાલાલભાઈ છે, આ લઘુરાજ સ્વામી, કે સોભાગભાઈ જે લોકો નજીક હતા એ બધા જે કાંઈ પ્રવૃત્તિ કરવી હોય શાસ્ત્ર વાંચવું હોય તો આજ્ઞા લઈને વાંચે કે, આ શાસ્ત્ર આપની આજ્ઞા હોય તો હું વાંચન કરું. એમ કરે. એ જાતની પદ્ધતિ હતી. એટલે પત્રોની અંદર પરમાર્થનો વિષય આવતો હતો, મુમુક્ષુને યોગ્ય સૂચનાઓ અને માર્ગદર્શન આવતું હતું એટલે નકલ કરી અને એ મોકલતા હતા. original અંબાલાલભાઈ પાસે આવી જાય. એ વાત સ્વીકારવી યોગ્ય છે એમ કરીને વાત

અભિપ્રાયથી લખી છે એ વાત સમજી લેવી. તો લખનારને અન્યાય નહિ થાય. નહિતર એને કાંઈક અભિપ્રાયથી લખી છે, તમે કાંઈક અભિપ્રાય પકડી લેશો. (તો) લખનારને અન્યાય થશે.

મુમુક્ષુ :- જાહેર બોલે કે ન બોલે એ તો એમના પુણ્યની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા એ તો પુણ્યની વાત છે. એ પ્રકારના પુણ્ય નહોતા. જાહેરમાં બોલવાના એ પ્રકારના પુણ્ય નહોતા. પણ જાહેરમાં બોલે કે ખાનગીમાં બોલે એ તો જે વસ્તુસ્થિતિ છે એમાં કાંઈ ફેર નથી. એનાથી બીજો કાંઈ ફરક પડતો નથી. એ ૨૦૫ની ગાથા છે.

મુમુક્ષુ :- માસ્ટર કી આપી છે આમાં.

પૂજ્ય ભાઈશ્રી :- સીધી જ વાત છે. એકદમ ૨૦૫, ૨૦૬ બન્ને ગાથા બહુ જ સારી છે. ૨૦૬ લઈએ છીએ કે આટલો જ આત્મા. જેટલું આ જ્ઞાન છે એટલો આત્મા છે, એટલું જ અનુભવન કરવા યોગ્ય છે. એટલે જ્ઞાનથી જ જ્ઞાનનું અનુભવન કરવા યોગ્ય છે, એટલું જ તને કલ્યાણકારક છે. એટલું તારે સંતોષ પામવાનું સ્થાન છે. બસ ! બધું અવલંબન છોડીને આ એકના અવલંબનમાં તું આવી જા ! એ ૨૦૬ ગાથાનો વિષય છે. અને પોતાની તપાસ કરે અવલોકન કરે તો સમજી શકે એવું છે કે ક્ષણે ક્ષણે પોતે કોનો આધાર લે છે ? તપાસે નહિ, પોતે આધાર લીધા વિનાનો તો પરિણમતો નથી. પ્રતિક્ષણે કોનો આધાર લે છે ? બસ ! આટલું તપાસી લે. તો જ્ઞાનનો આધાર પોતે લેતો નથી એટલે જ્ઞાનગુણની પ્રાપ્તિ નથી. આ સીધી વાત છે. બાકી જે બધું કરે એ કર્મબંધનના ખાતે અને સંસારના ખાતે છે, કોઈ મોક્ષના ખાતે નથી. એ વાત સ્પષ્ટ થાય છે. વિશેષ..

**આત્મરસ / જ્ઞાનરસના અભાવમાં પુણ્યનો રસ અથવા ક્ષયોપશમનો રસ તીવ્ર થયા વિના રહેતો નથી; જે પાપાનુબંધી પરિણામો છે, તેથી જ્ઞાની પુણ્યોદય / પ્રશસ્તભાવો (અનુકૂળતા) - ક્ષયોપશમાદિ પ્રત્યે ઉદાસ છે, અને પ્રતિકૂળતામાં પુરુષાર્થ સહજ વધારે છે - વધે છે. ('અનુભવસંજીવની' બોલ નં.૩)**

## તા. ૩-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૧૧
## પ્રવચન નં. ૧૭૦

'બહેનશ્રી'નાં વચનામૃત – ૨૧૧, પાનું ૭૨. **'બહુ લોક જ્ઞાનગુણે...'** ચોથી લીટી છે. **'બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહિ પામી શકે.'** જગતની અંદર બહુભાગ જીવો જ્ઞાનગુણ રહિત છે એટલે કે જ્ઞાનના પુરુષાર્થ રહિત છે, રાગના પુરુષાર્થવાળા છે, તેથી આ જ્ઞાનપદની એટલે આત્મપદની પ્રાપ્તિ કરી શકતા નથી.

પ્રશ્ન :– જ્ઞાનગુણનો પુરુષાર્થ એટલે ?

સમાધાન :– જ્ઞાન, જ્ઞાનનો પુરુષાર્થ, જ્ઞાનગુણનો પુરુષાર્થ, જ્ઞાન સ્વભાવનો પુરુષાર્થ જ્ઞાનગુણનો આશ્રય લેવો એટલે સ્વભાવનો આશ્રય લેવો એને અહીંયાં જ્ઞાનગુણ કહે છે. જ્ઞાન સ્વભાવી આત્માનો, જ્ઞાનની મુખ્યતાપૂર્વક આશ્રયભાવ એને અહીંયાં જ્ઞાનગુણ એમ કહેવામાં આવે છે. **'માટે તું તે જ્ઞાનપદને પ્રાપ્ત કર.'** તેથી ભલે લોકની અંદર તો એ પરિસ્થિતિ નથી પણ આત્માનું હિત કરવું છે, નિજહિતની ભાવનાથી તું તારા સ્વપદની પ્રાપ્તિ કર, સ્વપદનો અનુભવ કર, સ્વપદનું ગ્રહણ કર.

**'તે અપૂર્વ પદની ખબર વગર કલ્પિત ધ્યાન કરે, પણ ચૈતન્યદેવનું સ્વરૂપ શું છે, આવા રતનરાશિ જેવા તેના અનંત ગુણોનો સ્વામી કેવો છે - તે જાણ્યા વગર ધ્યાન કેવું ?'** ધ્યાન તો ઓળખીને, જાણીને થઈ શકે છે. અદ્ધરથી કોઈ ધ્યાન થાય એવું બનતું નથી. આત્માની ઓળખાણ વગરનું ધ્યાન એ ધ્યાન નથી પણ વિચારોના તરંગ છે અથવા ધ્યાન કરનારને માત્ર એમાં ધ્યાનની કલ્પના છે, વાસ્તવિકપણે ધ્યાન થતું નથી.

અહીંયાં તો બહુ સ્પષ્ટ વાત લીધી છે કે **'અપૂર્વ પદની ખબર વગર...'** **'તે અપૂર્વ પદની ખબર વગર...'** પૂર્વે કોઈવાર જેનો અનુભવ થયો નથી અને જેની અપૂર્વતા પણ જ્ઞાનમાં ભાસી નથી, મહિમાવાચક શબ્દ છે. અપૂર્વ છે એ મહિમાવાચક શબ્દ છે. અનાદિથી હયાત હોવા છતાં, અનાદિથી વિદ્યમાન હોવા છતાં, અનાદિથી પોતે એનો અજાણ્યો છે, પોતાના સ્વરૂપથી જ પોતે અજાણ્યો છે; એ જ્યારે પોતાને ઓળખે છે ત્યારે એને પોતાના પદની અપૂર્વતા ભાસ્યા વિના રહેતી નથી. અપૂર્વતા લાગે છે. વચનો દ્વારા આત્મસ્વરૂપને જાણી શકાય છે. કોઈ એમ કહે કે ન જાણી શકાય શું ખબર પડે ? કેમ નક્કી કરવું ? તો કહે છે અમારા સ્વાનુભવથી કહીએ છીએ કે બરાબર જાણી શકાય છે. ત્યાં પૂરો શબ્દ વાપર્યો છે.

અહીંયાં પણ કહે છે કે, **'અપૂર્વ પદની ખબર વગર કલ્પિત ધ્યાન કરે,...'** કલ્પના કરી હોય કે આત્મા આવો છે, મારો આત્મા આવો છે એવી કલ્પના કરે. કલ્પના અને ખબર જુદી જુદી વાત લીધી છે.

ખૂબ પ્રસિદ્ધ છે, તપ બધે પ્રસિદ્ધ છે. એ બરાબર છે, શબ્દો આવે છે માટે બરાબર છે એમ નથી. પૂર્વાપર વિરોધ રહિત ક્યાંય પણ સિદ્ધાંત ખંડિત ન થાય એ રીતે પ્રતિપાદન હોય છે અને તે સ્વાનુભવ વિના બની શકતું નથી. માટે તું જ્ઞાનપદની પ્રાપ્તિ કર, પણ કલ્પિત ધ્યાન કરવાથી એની પ્રાપ્તિ નહિ થાય. ખબર પહેલા એની ઓળખાણ કરવી પડશે, એમ કહેવું છે. એ ઓળખાણમાં **'ચૈતન્યદેવનું સ્વરૂપ શું છે,...'** શાસ્ત્રથી ધાર્યું, શાસ્ત્રમાં પણ એમ કહે છે એમ કહી શકે કે, જુઓ ! હું કહું છું એવું શાસ્ત્ર કહે છે, શાસ્ત્ર કહે છે એવું હું કહું છું. બતાવો ક્યાંય ફરક હોય તો ? પણ ફરક ન પડે માટે સાચું છે એમ પણ અહીંયાં નથી. અગિયાર અંગ ને નવ પૂર્વધારી જેની લબ્ધિ હોય એ કાંઈ એવી શાસ્ત્રથી વિરુદ્ધ જવાની ભૂલ કરતા નથી. અને એવી ભૂલ કરે એને લબ્ધિ પણ ક્યાંથી હોય એવી ? એવી લબ્ધિ હોય શકે નહિ. એ તો ઘણી કષાયની મંદતામાંથી પ્રગટેલી લબ્ધિ છે. કષાયની અત્યંત મંદતામાંથી પ્રગટેલી છે. અસાધારણ મંદતા (હોય છે), તોપણ યથાર્થતા જુદી ચીજ છે, એમ લેવું છે.

યથાર્થતા આવે એને તો ઓળખાણ થઈને અંદરમાં અનંતગુણનું આકર્ષણ થાય, અનંતગુણની રુચિ થાય, અનન્ય રુચિ થાય અને સહજ એકાગ્રતાનું પરિણમન થાય.

એના બદલે કલ્પિત ધ્યાન કરે અથવા કૃત્રિમ ધ્યાન કરે. કૃત્રિમ ધ્યાન કરે, વિકલ્પ કર્યા કરે. મારે એકાગ્ર થવું છે, મારે સ્વરૂપમાં એકાગ્ર થવું છે. હું શુદ્ધ એક પૂર્ણ અભેદ ધ્રુવ શુદ્ધ આત્મા છું !! એવો કૃત્રિમ એકાગ્રતાનો ભાવ કર્યા કરે, ઇચ્છા કર્યા કરે, વિકલ્પ કર્યા કરે, એવી રીતે જગતમાં પણ એમ કહે છે કે પરાણે પ્રીત થતી નથી. કોઈ જબરદસ્તી કરે કહે, કેમ અમારી સાથે તમે પ્રેમથી વર્તતા નથી ? કે ભાઈ ! હું ક્યાં દ્વેષ કરું છું. તો કહે, એમ નહિ દ્વેષ ભલે નથી કરતા, ઝઘડો ભલે નથી કરતા પણ કેમ પ્રેમથી વર્તતા નથી ? તો એ પરાણે થાય ? ભાઈ ! પ્રેમથી વર્તવા માટે પ્રેમથી જે વ્યવહાર અરસપરસ હોવો જોઈએ એના બદલે તું તો જોર કરે છો, આગ્રહ કરે છો, બળાત્કાર કરે છો એમાં તો કાંઈ સહજપણે જ પ્રીતિ ઊપજતી નથી.

એમ (જેની) જરૂરિયાત દેખાણી છે. ..૨૫૦ નંબરનો બોલ છે. પ્રશ્ન પૂછ્યો તો (એક મુમુક્ષુ)ના પિતાશ્રીએ. **'રુચિ મેં ખરેખર અપની જરૂરત લગે...'** રુચિ અને જરૂરત(માં) ત્યાં સુધી બને કે માણસની ઊંઘ ઓછી થઈ જાય. ડૉક્ટર એમ કહે કે તમારી ચિંતાથી તમારા લિવર ઉપર અસર થાય છે એટલે તમારી જઠરાગ્નિ અને ભૂખ મંદ થઈ જાય છે. એ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ ખરેખર ઇ ચિંતામાં પરોવાયેલો છે એટલે એને ભોજનની રુચિ રહેતી નથી. પરિણામ તો બે બાજુ કેવી રીતે કામ કરે ? ત્યાં જેમ બની શકે છે, એ તો કોઈ કિંમત વગરની વસ્તુ છે. જગતના કર્મ પ્રસંગો, કર્મના ઉદયો એ તો બધા, એની કોઈ કિંમત આત્મા પાસે નથી. અનંતગુણધામ આત્મા પાસે, દિવ્યસ્વરૂપ પાસે એની શું કિંમત છે ? એની તો કોઈ કિંમત (નથી). અનંતા સંયોગો આવ્યા અને ગયા, આવ્યા અને ગયા, આવ્યા અને ગયા. અનંતકાળમાં શું શું નથી બન્યું ? કે પાર વગરનું બધું બની ચૂક્યું છે. એમાં હવે એની ચિંતા અને ઉપાધિમાં નવી શી વાત છે કે તું વિશેષ કરીને આખે આખો એમાં રોકાઈ જા છે. એમ વાત છે.

એક તો એની કિંમત ઉડાડી દે, અને એનું પણ મૂળ આપ્યું છે. 'બહેનશ્રી'એ તો બહુ ઉપકાર કર્યો છે. પાયાનો વિષય ભાવનાનો છે અને જો એ ભાવનામાં તું આવ્યો તો એ ઓળખાણ બાજુની દિશામાં હજી તારો પ્રયત્ન છે એ બરાબર વ્યવસ્થિત થઈને આગળ જાશે. મતિ વ્યવસ્થિત થશે. એમ લીધું છે. મતિ વ્યવસ્થિત કરીને

નિર્ણયની દિશામાં પ્રયત્ન કર. એવો એક બોલ છે. એ ભાવનાથી થશે. ભાવનામાં વિદ્વતાની જરૂર નથી, ભણતરની જરૂર નથી, સ્મૃતિ-વિસ્મૃતિ થઈ જાય એની જરૂર નથી. જુઓ ! આ કેવો વિષય છે ? સુગમ, સરળ જેને કહેવામાં આવે છે. કે માણસ માંદગી ને વ્યાધિની પથારીએ પડેલો હોય, ચારેબાજુથી જેને લોકો એમ કહે કે પ્રતિકૂળતામાં ઘેરાઈ ગયો છે, બિચારા જીવને ઘણો પાપનો ઉદય છે એમ લોકો જાણે. પણ એ મરણ પથારી એ પડ્યો પડ્યો ભાવના કરી શકે છે. ક્યા સાધનની જરૂર પડે એને ? પોતાના સ્વરૂપની ભાવના કરવા માટે એને ક્યાં સાધનની જરૂર પડે ? કે એને પુસ્તક મળે તો ભાવના કરી શકે એને કો'ક સાધર્મી સંભળાવવા આવે, કે એને વાંચન કરી દેખાડે, કે એને વાતું કરાવવા આવે તો એને ભાવના (થાય) એવું કાંઈ જરૂર છે ? ભાવના તો પોતાની જરૂરિયાતની ચીજ છે.

એક એવી જબરદસ્ત વાત કરી છે અને ખાતરી આપી છે કે ભાવના હશે તો તારી ભાવના નહિ ફળે એ વસ્તુ જગતમાં બનવાની નથી. ભલે ચૌદ બ્રહ્માંડ ફરી જાય. આથી વધારે શું કહે ? પછી એ સહજ વાત લીધી છે કે જે વિષયની રુચિ હોય છે. **'તે વિષય સૈંકડોં બાહ્ય કાર્ય કરતે હુએ ભી...'** માણસને બહારના કામો કરવા પડે એવી પરિસ્થિતિ હોય, બીજા એને જોડે, કેમ દુકાને જતો નથી ? કેમ પરિશ્રમ કરીને કાંઈ મેળવીને લાવતા નથી ? તો આપણી જરૂરતનું શું ? આ બધા આમ લાવે છે, તમે કેમ લાવતા નથી ? ભાઈ ! હજારો કામ કરવા પડે, કરવા પડે તો કરવા પડે. સૈંકડો કાર્ય કરવા છતાં પણ યહ હી ચલતા (હૈ). **'ચલતા હી રહતા હૈ.'** આ તો એનું ચિંતન છે એ કાંઈ બીજા કામ કરવા પડે અને પ્રતિકૂળતાઓ ઊભી થાય એટલે એમાં ગૂંચવાઈ જાય એવું પાત્રતામાં બનતું નથી. બહુભાગ તો પાત્ર જીવને પ્રતિકૂળતા એ જ એને અંદરમાં સ્વકાર્ય કરવામાં અનુકૂળતા થઈ પડે છે. બહુભાગ તો આમ છે. એટલે 'શ્રીમદ્જી'એ એક વખત સોભાગભાઈને લખ્યું છે કે, આ કાળમાં પ્રતિકૂળતા આવવી એ તો મુમુક્ષુને તરવા બરાબર છે. કેમકે એને (આત્મકાર્ય કરવા માટે) અનુકૂળતા થઈ એ તરવા બરાબર છે એમ લખ્યું છે. અને જો પ્રતિકૂળતા ન આવી તો કાંઈક એ જીવ ઉપર દીનબંધુની, કૃપાળુ પરમાત્માની કાંઈક કૃપા ઓછી છે એવું અમને તો લાગે છે.

મુમુક્ષુ :- આ માર્ગના સિદ્ધાંતની દુનિયા કાંઈક જુદી છે.

પૂજ્ય ભાઈશ્રી :- અલૌકિક જ છે. બહુ સાવ સંસાર માર્ગથી મોક્ષનો માર્ગ વિરુદ્ધ જ છે. જુદો નહિ, વિરુદ્ધ જ છે, એમ કહીએ તો ચાલે. આખી દુનિયામાં કોઈ પ્રતિકૂળતાને ઇચ્છતું નથી. બધા જ જીવો સર્વ પ્રકારની અનુકૂળતાને ચાહે છે, ઇચ્છી રહ્યા છે.

મુમુક્ષુ :- આ કૃપાળુદેવ કૃપા બતાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ કહે છે કે જો એવું હોય મુમુક્ષુને પ્રતિકૂળતા ન આવી તો ભગવાને કાંઈક એના ઉપર કૃપા ઓછી કરી છે એવું અમને લાગે છે. ઠીક ! આવી વાત છે.

મુમુક્ષુ :- જ્ઞાની બધું સીધું જ લે.

પૂજ્ય ભાઈશ્રી :- કેમ સમજે ? જીવ કેવી રીતે સમજે એ વિષયને. બહુ શૈલી બહુ કરી છે. **'અંદર ચાલતું જ રહે છે બહારનો ઉપયોગ ઉપર ઉપર ચાલે છે એમાં એની જાગૃતિ નથી. એની જાગૃતિ નથી. જે વિષયની રુચિ છે તેમાં જ તેની જાગૃતિ રહે છે. સૈકડોં કાર્ય કરતા હોવા છતાં પણ બધાની ગૌણતા થયા કરે છે. અને રુચિનો વિષય જ સદા મુખ્ય રહે છે.'** આ તો બધાને અનુભવગમ્ય વિષય છે. ઊંધાં પરિણામમાં પણ એમ બને છે. સવળા પરિણામમાં તો વધારે એમ બને એનું કારણ કે સવળા પરિણામનો વિષય ત્રણ લોકનો નાથ, અનંત ગુણ નિધાન પોતાનો આત્મા છે. સર્વોત્કૃષ્ટ પદાર્થ છે. બીજા ઊંધાં પરિણામનો વિષય સર્વોત્કૃષ્ટ પદાર્થ નથી. આજે એક વિષય ઉપર રાગ કરે છે, કાલે એ જ વિષય ઉપર દ્વેષ કરશે. પહેલો લાડવો ખાતા રાગ કરે છે, બીજો ને ત્રીજો ને ચોથો લાડવો ખાતા દ્વેષ કરે છે ? કે નહિ, હવે ન ચાલે, (ન) ચાલે-બિલકુલ એક બટકું નહિ ચાલે. ખબરદાર એક બટકું આપ્યું તો. એમ કહે. કોઈ સર્વોત્કૃષ્ટ પદાર્થ નથી. જગતમાં કોઈ આત્મા જેવો સર્વોત્કૃષ્ટ પદાર્થ નથી. તેથી એની રુચિ થાય ત્યારે એનું ચિંતવન ઊપડે, એનું ઘોલન ઊપડે એ પણ કોઈ બીજી જાત છે. લોકો પુણ્ય પાછળ દોડે છે. 'ગુરુદેવ' કહે છે કે સર્વોત્કૃષ્ટ પુણ્ય આ કાળમાં બંધાય છે. સ્વરૂપ સન્મુખના પુરુષાર્થમાં સર્વોત્કૃષ્ટ પુણ્ય બંધાય છે. કેમકે ત્યાં હજી શુદ્ધતા નથી પ્રગટી અને વિકલ્પ ચાલે છે, ચિંતવના ચાલે છે, પણ આત્માને પ્રાપ્ત કરવાના જોરમાં આવ્યો છે અને સન્મુખતામાં આવ્યો છે તો ત્યાં જે કચાશ છે, હજી પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી ઊંચામાં ઊંચા પુણ્ય ત્યાં બંધાય

છે. એવા ઊંચા પુણ્ય કોઈ મિથ્યાદૃષ્ટિ જીવને બર્હિલક્ષે થતાં પુણ્યમાં ગમે એટલી કષાયની મંદતા કરે (પણ) એ જાત ને, એ પ્રકારે આવતી નથી.

પ્રશ્ન :- એટલે સમ્યક્દર્શન થયા પછી ?

સમાધાન :- ના, પહેલા પામવાની નજીક પહોંચી ગયો છે. સમ્યક્દૃષ્ટિ થવાની જે નજીક ગયો છે.

મુમુક્ષુ :- સર્વોત્કૃષ્ટ પુણ્ય બાંધી શકે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્યાં એ જીવને એના પુણ્ય છે એ સૌથી ઊંચી જાતના છે. જાતના, ઊંચી જાતના છે હો. એને વધારે પૈસા મળે એ વાત નથી. જાત ઊંચી છે, એમ છે. એટલે એને માનો કે તીર્થંકરનો યોગ થાય, એવા મહામુનિઓના નિર્ગ્રંથના (યોગ) એમાં મળે છે.

આત્મામાં અનંત ગુણ છે, અનંત જ્ઞાન છે, અનંત દર્શન છે, અનંત સુખ છે. પણ એ કેવું છે ? સ્વભાવે કરીને કેવું છે ? સ્વભાવિક જ્ઞાન કેવું ? સ્વભાવિક સુખ કેવું ? એ જ્યાં સુધી એની ઓળખમાં ન આવે ત્યાં સુધી એનો મહિમા, ને એનું આકર્ષણ અને એનો રસ ઉત્પન્ન થતો નથી. સિદ્ધ ભગવાનની સ્તુતિમાં આવે છે ને ? પરમ રસધામ હૈ. પરમ એટલે ઉત્કૃષ્ટ અમૃતરસનું ધામ છે. ચૈતન્ય અમૃતનું એ ધામ છે. ઉત્કૃષ્ટ ધામ છે એ. કેટલો છે ? અનંત અમૃતરસ જેની અંદર ભરપૂર ભર્યો પડ્યો છે. ઉપયોગ એ બાજુ જાય તો થંભી જાય. ઉપયોગ જાય એ બાજુ તો ખોડાઈ જાય. ખોડાઈ જાય એને શું કહે છે ખબર છે ? ખોદીને જેમ ખીલો તંબુ બાંધવા માટે ખીલો ખોડે છે ને ? ખીલાને જમીનમાં ખોડે છે, દીવાલમાં ખોડે છે એમ કહેવાય છે. લગાવે છે એને અમારે ગુજરાતી ભાષામાં ખોડે છે એમ (કહેવાય). ઉપયોગ ખોડાઈ જાય અંદર એવો આત્મા છે. એક એક ગુણ એવા છે, અનંત ગુણનું સ્વરૂપ એવું છે. એ કેવો છે તે જાણ્યા વગર ધ્યાન કોનું ? કેવું ? એ ધ્યાન કેવું પણ હવે એ ! એમ કહે છે. એ ધ્યાન ધ્યાન છે નહિ. અનેક સંપ્રદાયમાં તો અત્યારે ધ્યાનની શિબિરો યોજે છે. લગાવો ધ્યાનની શિબિર. તમને ધ્યાન કરાવી દઈએ.

મુમુક્ષુ :- અમારામાં એ શરૂ થઈ ગયું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, શરૂ થયું છે, દિગંબરમાં પણ શરૂ થયું છે. એ સંપ્રદાયમાં તો 'ગુરુદેવ'નો ઉપકાર છે (એટલે) લાઇનસર ચાલી શકે બધી વાત. નહિતર એ

થયા વગર રહે નહિ. ધ્યાન તો ઊંચી ચીજ છે. ચાલો ને એમાં શું ? આડંબર કરવો છે એને તો ઊંચી ચીજનું બહાનું વધારે અનુકૂળ પડે છે પકડવું. તો ધ્યાન તો બહુ ઊંચી ચીજ છે, તો કે કરો ધ્યાન. એની શિબિર કરો. પછી ઓલા એના પ્રયોગો, એના પુસ્તકો આવે છે, ધ્યાનના પુસ્તકો આવે છે, એના પ્રયોગો કરવામાં આવે છે. પણ એ બધા મનની વાતો છે, મન, વચન, કાયાના પરિણામની વાત છે. એમાં આત્માની, આત્માના વિષયની સાથે એને કોઈ લેવાદેવા નથી, એવી ગડબડ છે. ગૃહીત મિથ્યાત્વમાં જીવ ચાલ્યો જાય છે ત્યાં.

**'જેનું ધ્યાન કરવું છે...'** હવે અહીંથી ખાસ માર્ગદર્શન છે કે **'જેનું ધ્યાન કરવું છે તે વસ્તુને ઓળખ્યા વિના,...'** આ ઓળખવાની વાત છે. **'તે વસ્તુને ઓળખ્યા વિના,** તેને સ્વપણે **'ગ્રહણ કર્યા વિના, ધ્યાન કોના આશ્રયે થશે ?...'** ધ્યાન કરવા માટે કઈ બાજુ જાવું છે ? ક્યાંથી ખસવું છે ? ને કઈ બાજુ જાવું છે ? એ જ એને ખબર ન હોય, એકાગ્રતા કરવાનો તો પ્રશ્ન રહેતો નથી. અને એકાગ્રતા તો સહજ જ થાય છે. જ્યાં થાય છે ત્યાં, ઊલટા વિષયમાં કે સૂલટા વિષયમાં, પર વિષયમાં કે સ્વ વિષયમાં એકાગ્રતા તો સહજ જ થાય છે. કોઈ અસહજપણે એકાગ્રતા થઈ શકે એમ બની શકે નહિ. સુખનું કારણ અને સુખની પ્રાપ્તિ, દુઃખનું કારણ અને દુઃખની પ્રાપ્તિ આ એકાગ્રતાના વિષયો છે. સુખ સંબંધમાં મેળવવાના પ્રયત્ન કરવા પડે છે, પ્રાપ્તિ હોય તો ભોગવવામાં એકાગ્રતા થાય છે. બસ ! આમાં દુઃખની પ્રાપ્તિ હોય તો દૂર કરવામાં એકાગ્રતા થાય છે. સુખની પ્રાપ્તિ, એના માનેલા-કલ્પિત સુખની, તો એના ભોગવટામાં એકાગ્રતા થાય છે. નહિતર એના કારણો, દુઃખના કારણો દૂર કરવામાં એકાગ્રતા થાય છે. સુખના કારણો ભેગા કરવામાં એકાગ્રતા થાય છે. આમ સુખ-દુઃખની સમસ્યા સાથે એકાગ્રતાને સીધો સંબંધ છે. ક્યાં એકાગ્રતા થાય ? કેમ એકાગ્રતા થાય ? શું કારણથી થાય એનું આ સમાધાન છે.

અહીંયાં અનંત સુખનું નિધાન છે. એ અનંત સુખની હયાતી ભાસ્યા વિના, હયાત છે એમ ભાસ્યા વિના આકર્ષણ કેવી રીતે થાય ? છે... છે... છે... એમ વિચારે પણ ભાસે નહિ તો કેવી રીતે થાય ? અને નથી ભાસતું (કારણકે) ત્યાં ભાસનમાં બીજું પડ્યું છે કે શરીરમાં સુખ છે, પર વિષયમાં સુખ છે, અનુકૂળતામાં સુખ છે. એ વાત ખસી નથી, એ વાત મટી નથી, એનું ભાસન મટ્યું નથી, એમાં સુખ નહિ

હોવા છતાં સુખ નથી એવું એને લાગ્યું નથી, જણાયું નથી ત્યાં સુધી એને આત્મામાં સુખ છે એવું ભાસવું એ બની શકે એવું નથી, કઠણ છે.

**'જેનું ધ્યાન કરવું છે તે વસ્તુને ઓળખ્યા વિના,...'** અને તેને ગ્રહણ, ઓળખીને સ્વપણે, સ્વપણે ઓળખવામાં આવો હું છું એમ ઓળખાણ થાય છે. હુંપણે એનું ગ્રહણ થાય છે. એમાં હુંપણું થવું એને ગ્રહણ કર્યું. અસ્તિત્વ ગ્રહણ, જે સત્તામાં અનંત ગુણો વસેલા છે, જેના અસ્તિત્વમાં અનંત ગુણો અભેદપણે રહેલા છે એમાં હુંપણું થવું; એને પ્રગટ હુંપણે જાણવું. પ્રગટ, પ્રત્યક્ષ હુંપણે જાણવું એવું **'ગ્રહણ કર્યા વિના,...'** એકાગ્રતા, ધ્યાન નામ એકાગ્રતા **'કોના આશ્રયે થશે ?' 'ધ્યાન કોના આશ્રયે થશે ? એકાગ્રતા ક્યાં જામશે ?'** એકાગ્રતા તો જામી જવી જોઈએ, એ ક્યાં જામશે ? મુનિઓને બહારની કોઈ પ્રવૃત્તિ નથી. જરાય બહારની કોઈ પ્રવૃત્તિ નથી તેમ છતાં એ સ્વરૂપમાં એવા જામેલા રહે છે કે એ બહાર નીકળવાના આળસુ છે. એને સ્વરૂપ મંથર કહ્યાં છે. શાસ્ત્ર પરિભાષામાં, સાહિત્યનો શબ્દ છે. મંથર શબ્દ વાપર્યો છે. સ્વરૂપથી બહાર નીકળવા માટે એમને આળસુ થઈ ગયા છે, ગમતું નથી. જામેલા ને જામેલા અંદર રહેવું ફાવે છે. બહાર નીકળવાની આળસ થાય છે. કેવી સ્થિતિએ પહોંચ્યા છે !! એ પણ આત્મા છે આપણા જેવો અને એવી કેળવણી કરી છે. અંદરમાં સ્વરૂપને ઓળખીને જમાવટ કરી છે અને એવી જમાવટ કરી છે (કે) બહાર નીકળવું એમને ફાવતું નથી. એ ઉત્કૃષ્ટ ધ્યાન મુનિદશામાં છે. નીચેના ગુણસ્થાને ગુણસ્થાન અનુસાર છે પણ ઉત્કૃષ્ટ ધ્યાન ત્યાં મુનિદશામાં થાય છે.

મુમુક્ષુ :- સ્વરૂપની ઓળખાણની વાત આવી.

પૂજ્ય ભાઈશ્રી :- એ વાત તો કેટલા બોલમાં છે. ઓળખ્યા વિના, ગ્રહણ કર્યા વિના. ગ્રહણમાં અનુભવ છે. બે વાત જુદી જુદી લ્યે છે. ઓળખવું, ઓળખીને અનુભવ કરવો, એમાં ધ્યાન જમાવવું, એમાં એકાગ્રતાથી જમાવટ કરવી એ માર્ગ છે.

પ્રશ્ન :- સ્વરૂપની ઓળખાણ કરવી, (તો) સ્વરૂપ કેવું ?

સમાધાન :- સ્વરૂપ તો જ્ઞાન સ્વભાવી છે ત્યાંથી લીધું છે. સ્વભાવ છે એ જ્ઞાન સ્વભાવ છે. આત્મા જ્ઞાન સ્વભાવ છે એની ઓળખાણ કરવી, એનો નિશ્ચય કરવો. એની ઊંડી વિચારણા, એની સંશોધનથી અથવા ભેદજ્ઞાનથી એની વિચારણા ચાલવી જોઈએ, બરાબર ચાલવી જોઈએ. એની વિચારણા ન ચાલે તો કેમ ઓળખાય ?

બહારમાં કોઈ ચીજ ઓળખવી હોય તો ઓળખવા અંગેનો ખાસ પ્રયત્ન થાય છે. કાપડનો ધંધો કરવો હોય તો કાપડની પરખ, અનેક જાતો છે ત્યાં તો. ચોખાનો ધંધો કરવો હોય તો ચોખાની પરખ. ચોખાની અનેક જાત છે. રાંધ્યા વગર ખબર પડે કે આ ચોખો પાણીવાળો છે. આ સ્વાદિષ્ટ છે એમ પરખ હોય તો ખબર પડે.

પ્રશ્ન :– જોયો જ નથી પછી ક્યાંથી ઓળખાય ?

સમાધાન :– એમાં એવું છે કે બહારની ચીજમાં જે પરખે છે એને તો પહેલા પરખ નથી એ પરખે છે ? કે, પહેલેથી પરખ છે ને પરખે છે ? મેં જોયો નથી એમ કરીને માંડી વાળવું છે ? જોયો નથી શું કરીએ ? મૂકો વાત પડતી. તે જોયો નથી એ વાત સાચી, પણ તને જોવાય એ રીતે કહેવામાં આવે છે, એના ઉપર કેમ ધ્યાન દેવાતું નથી ? જ્ઞાન સ્વભાવી આત્મા છે. જ્ઞાન પ્રગટ છે કે અપ્રગટ છે ? પ્રગટ છે. જ્ઞાનમાં જ્ઞાનનો સ્વભાવ જોવાનો, પરખવાનો, ઓળખવાનો તેં ક્યારે પ્રયત્ન કર્યો છે ? એનો પ્રયત્ન કર તો સહજ માત્રમાં ઓળખાય એવું છે. ઓળખવાનો વિષય એટલો બધો અનુભવ જેટલો પુરુષાર્થનો નથી. આમ તો સમ્યક્દૃષ્ટિને એમ લાગે છે કે સમ્યક્દર્શનનો પુરુષાર્થ તો ઠીક હવે. થઈ શકે છે ને, આ થયો હવે એ તો. પણ પુરુષાર્થ તો મુનિપણાનો કહેવાય. શું કહે ? એને ભાવના છે ને ? પુરુષાર્થ તો મુનિપણાનો !! એક એક ક્ષણમાં અંદરમાં ડૂબકી મારી જાય, હાલતા ને ચાલતા અંદર ચાલ્યા જાય, ચૈતન્ય ગોળો છૂટો પડી જાય. એનું નામ પુરુષાર્થ કહેવાય, એમ કહે. સમ્યક્દર્શન તો ઠીક હવે ! સમ્યક્દૃષ્ટિ એમ વિચારે છે. તો સમ્યક્દૃષ્ટિ થવાવાળા કહે છે કે ઓળખાણ થઈ એ તો ઠીક છે કે ઓળખાણ થાય, પણ અનુભવ થવો જોઈએ. એવો અપૂર્વ પુરુષાર્થ પ્રગટ કરીને અનુભવમાં આવી જવું જોઈએ. તો મુનિ એમ કહે કે આ ધીમી ધારે અમને અમૃત પોસાતું નથી. પૂરેપૂરું અખંડ એક સમયમાં પૂર્ણ જોઈએ. આમ છે. એક એક પગથિયે ક્યાંય અટકવાની વાત નથી. કોઈ પગથિયે અટકવાની વાત નથી.

પ્રશ્ન :– જ્ઞાનગુણ, બે-ચાર દિવસ પહેલાં 'ચિદ્વિલાસ' પ્રવચનમાં આવેલું.

સમાધાન :– 'ચિદ્વિલાસ'. 'જ્ઞાનગુણકા સ્વરૂપ કહીએ હૈ.' મને એમ છે ઢુંઢારી ભાષામાં (છે) 'જ્ઞાન જાનપણા ઐસા નિર્વિકલ્પ હૈ સો સ્વજ્ઞેય કો જાને હૈ. સો પરજ્ઞેય કો જાનને મેં જ્ઞાન નિશ્ચય કરી જાને તો જ્ઞાન જડ હો તાદાત્મ્યવૃત્તિ કરી એક હોય.

આ તે નિશ્ચય કરી તો ન જાને ઉપચાર કરી જાને.' આ પ્રશ્ન ઉઠાવ્યો છે, સર્વજ્ઞતાનો પછી પ્રશ્ન ઉઠાવ્યો છે. (દિપચંદજીને) બહુ સૂક્ષ્મ સિદ્ધાંતોનું જ્ઞાન (હતું.)

મુમુક્ષુ :- ઘણો ક્ષયોપશમ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુ સિદ્ધાંત જ્ઞાન, ઘણું સૂક્ષ્મ સિદ્ધાંત જ્ઞાન. 'ચિદ્‌વિલાસ' લખ્યું છે, હદ કરી છે એમણે. કેટલાક પરમાગમોમાં જે વાત નથી એવી વાત કાઢી છે. એટલે જ્ઞાનીઓને, મુનિઓને જ્ઞાનમાં હોઈ શકે પણ બહાર પ્રસ્તુત નિરૂપણ ન થયું હોય, આગમમાં ન આવ્યું હોય એમ. મુનિ કરતાં વિશેષ છે એમ નથી કહેવું. પણ કોઈ વાત નથી પ્રસિદ્ધ એવી વાત પ્રસિદ્ધ (કરી) છે એટલી વાત ચોક્કસ છે. એમ છે. નહિ તો મહાન આચાર્યોના શાસ્ત્રો પ્રસિદ્ધ છે પણ 'ગુરુદેવે' ઘણી વાત પ્રસિદ્ધ કરી છે. જે આગમોમાં જોવા મળતી નથી, કેમકે મર્યાદિત આગમો છે અત્યારે. બહુ ઓછો ભાગ રહ્યો છે. સૌથી સ્વતંત્ર વિષય છે, જ્ઞાનનો એ સ્વતંત્ર વિષય છે. 'દિપચંદજી'એ ઘણું કામ કર્યું છે. ઘણું કામ કર્યું છે.

મુમુક્ષુ :- જ્ઞાનગુણનું જ આવ્યું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, **'જ્ઞાનગુણે રહિત આ પદ નહિ પામી શકે.'** એ તો આખા 'સમયસાર'માં જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર. જ્ઞાનથી જ વાત કરી છે. શ્રદ્ધા પ્રધાન શાસ્ત્ર હોવા છતાં ઓળખવામાં જ્ઞાન કારણ પડતું હોવાથી અને આત્માને ઓળખાવો હોવાથી જ્ઞાનમાત્રપણે વાત કરી છે. 'જયચંદજી'એ છેલ્લા કળશમાં સરવાળો માર્યો છે. અહીંયાં તો એવું લીધું છે જ્ઞાનનું પહેલું રૂપ નિર્વિકલ્પ લીધું છે. નહિતર દર્શન નિર્વિકલ્પ છે અને જ્ઞાન સ્વ વિકલ્પ છે, જ્ઞેયાકારના કારણે એમ કહેવાય છે. દર્શનમાં કોઈ પર દર્શનીય પદાર્થોના આકારો નથી ઊઠતા. ભિન્ન ભિન્ન આકારો નથી ઊઠતા. તેથી દર્શન નિરાકાર છે અથવા નિર્વિકલ્પ છે એમ કહેવાય છે અને જ્ઞાન સવિકલ્પ છે અથવા સાકાર છે એમ કહેવાય છે. એમ કહેવાય છે.

**'જ્ઞાન જાનપના ઐસા નિર્વિકલ્પ હૈ.'** જ્ઞાન એટલે જાણપણું. જાણપણું એ નિર્વિકલ્પ છે. કેવી રીતે કહીએ ? જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... નિર્વિકલ્પ છે. સામાન્ય જ્ઞાન છે એ નિર્વિકલ્પ છે. સ્વરૂપે કરીને, સ્વભાવે કરીને જ્ઞાન નિર્વિકલ્પ છે. **'સો સબ જ્ઞેય કો જાને હૈ.'** વળી સાથે સાથે લીધું કેમકે સ્વપરપ્રકાશકપણાનો ક્યારેય નાશ નથી. પરંતુ **'સો પર કે જાનને મેં જ્ઞાન નિશ્ચય કરીને જાને તો જ્ઞાન જડ હોય.'** નિશ્ચય

એટલે તદાત્મ્ય થઈને. જેવી રીતે સ્વને જાણે છે તેવી રીતે પરને જાણતું નથી. જ્ઞાન સ્વ અને પરને જાણે છે. સ્વપરપ્રકાશક છે એટલે બન્નેને જાણે છે એવો શબ્દ વપરાય છે, એક સરખો. જ્ઞાન સ્વને પણ જાણે અને જ્ઞાન પરને પણ જાણે. પણ જેવી રીતે સ્વને જાણે તેવી રીતે પરને જાણે નહિ. ઠીક ! આ સીધો હિસાબ. કે સ્વ ને ? તો કે સ્વને તન્મય થઈને જાણે છે. સ્વને ? કે સ્વને અનુભવીને જાણે, વેદીને જાણે. પરને ? કે પરમાં તન્મય થઈને જાણે નહિ, પરમાં તન્મય થઈને જાણે તો જડ થઈ જાય. પરને વેદી શકે નહિ, પરને ભોગવી શકે નહિ, અનુભવી શકે નહિ. જો વેદે તો એ જડ થઈ જાય. આમ જાણવા જાણવામાં ફેર છે. 'નિશ્ચય કરી જાણે તો જ્ઞાન જડ હોય તાદાત્મ્યવૃત્તિ કરી એક હોય...' તો તદાત્મ્યપણું થઈ જાય. આ **'નિશ્ચય કરી ન જાને. તેથી નિશ્ચયથી ન જાને ઉપચાર કરી જાને.'** આ શબ્દ પોતે વાપર્યો એની સામે પોતે ને પોતે પ્રશ્ન ઉઠાવ્યો. કે પરને ઉપચારથી જાણે છે. **'તો કે સર્વજ્ઞતા કૈસે ?'**. જો પરને ઉપચારથી જાણે તો પછી સર્વજ્ઞપણું ક્યાં રહે ? **'જો ઉપચાર માત્ર તો જૂઠ હૈ...'** ઉપચાર તો જૂઠ છે. **'તો સર્વજ્ઞ જૂઠ હોય.'** એવું ન બને. સર્વજ્ઞને કાંઈ જૂઠ કહેવાય નહિ. એ તો બની શકે નહિ. તો આનું સમાધાન શું છે ? એનો ખુલાસો શું છે ? આપો સમાધાન.

કે **'જૈસે દર્પણમેં ઘટપટ દેખે હૈ દેખે સો તો ઉપચાર દર્શન નાહીં. જ્ઞેય પ્રત્યક્ષ દેખે હૈ.'** દર્પણમાં જે બીજા પદાર્થો દેખાય છે એ પદાર્થોનું પ્રતિબિંબ ઉપચાર નથી. એ તો વાસ્તવિક છે. **'એ પ્રત્યક્ષ દેખી હૈ. સો તો જૂઠ નાહીં. પર યહ વિશેષ હૈ.'** પણ એમાં ભેદ છે. વિશેષ એટલે એમાં આ ભેદ છે. અંદરનું રહસ્ય છે કે **'ઉપયોગરૂપ જ્ઞાનમેં સ્વપરપ્રકાશક શક્તિ હૈ, અપને સ્વરૂપપ્રકાશનમેં નિશ્ચળ વ્યાપ્ય વ્યાપક કરી લીન ભયા અખંડ પ્રકાશ હૈ.'** આ ખુલાસો છે એનો. સ્વપરપ્રકાશક જે શક્તિ છે એમાં પોતાના સ્વરૂપ પ્રકાશચંદમાં નિશ્ચળ થઈને વ્યાપ્ય વ્યાપકપણે લીન થઈને અખંડ પ્રકાશે છે. વિકલ્પનો ભેદ પડ્યા વિના, ખંડ પડ્યા વિના, વેદે છે, અનુભવે છે. **'પર કા પ્રકાશન હૈ પરંતુ વ્યાપકરૂપ એકતા નાહીં.'** પરનું પ્રકાશન તો છે, પણ પરપ્રકાશનમાં પરની સાથે વ્યાપી શકતો નથી. સ્વના પ્રકાશનમા વ્યાપી જાય છે પ્રદેશે પ્રદેશે, પ્રસરી જાય છે. અમસ્તો પણ જ્ઞાનનો પર્યાય તો સર્વ પ્રદેશે છે. ઇંદ્રીય જ્ઞાનનો પર્યાય તો સર્વ પ્રદેશે છે. **'પર પ્રકાશન તો હૈ પરંતુ વ્યાપકરૂપ એકતા નાહિં, તાતેં ઉપચાર**

**સંજ્ઞા ભઈ.'** ઉપચાર શું કરવા કીધો ? વ્યાપ્ય વ્યાપકતાનો અભાવ જોઈને. વ્યાપ્ય વ્યાપકતાનો સદ્દભાવને નિશ્ચય કહ્યો, વ્યાપ્ય વ્યાપકતાના અભાવને ઉપચાર અથવા વ્યવહાર કહ્યો. બસ ! આટલો ફેર છે. બાકી ઉપચાર એટલે જૂઠ અને ન જાણે એ વાત અહીંયાં લાગુ પાડવાની નથી. બધે બધા શબ્દોનો એકસરખો અર્થ નથી થતો એમ કહેવું છે. ઉપચારથી જાણ્યું એમ કહેવાય પણ ઉપચારનો અર્થ અહીંયાં જૂઠ નથી, એમ. વ્યવહારથી જાણ્યું કહેવાય પણ વ્યવહારનો અર્થ અહીંયાં જૂઠ નથી, એમ છે. એ જે યથાર્થ નથી સમજતા એ બધે પછી લગાડી દે કે એ વ્યવહાર છે-ઉપચાર છે, જૂઠ છે તો ગડબડ થાશે. ત્યાં વ્યાપકતાનો ભાવમાં એ શબ્દનો પ્રયોગ છે. અવ્યાપકતા ને વ્યાપકતાને જુદી પાડવામાં એ શબ્દ પ્રયોગ છે, એ વસ્તુનું સ્વરૂપ યથાર્થ જાણવું જોઈએ.

**'તાતૈં ઉપચાર સંજ્ઞા ભઈ, વસ્તુ શક્તિ ઉપચાર નાહિં'** વસ્તુની જે શક્તિ છે, કે જે શક્તિને લઈને પરનું પ્રતિબિંબ અંદરમાં ઊઠે છે એ ઉપચાર નથી, એ તો નિજ શક્તિ, નિશ્ચય શક્તિ છે. સ્વપરપ્રકાશકપણું નિશ્ચયથી છે. સ્વપ્રકાશન નિશ્ચયથી છે. પરપ્રકાશન નિશ્ચયથી છે. પણ કોઈવાર પરને પ્રકાશ્યું એમ પરની અપેક્ષા ગણીને એને વ્યવહાર કહેવાય છે. વ્યવહારનું કથન, કથન તરીકે એને વ્યવહારના કથનમાં લઈ જવાય છે. શક્તિને વ્યવહારમાં લઈ જવાતી નથી. કેટલું ચોખ્ખું છે ?

**'તાતૈં ઉપચાર સંજ્ઞા ભઈ, વસ્તુ શક્તિ ઉપચાર નાહિં'** વસ્તુની શક્તિ છે એમાં ઉપચાર હોતો નથી. એ નિશ્ચય છે. **'આ તો વિશેષ લીખીયે હૈ.'** છે વિશેષ ભાવમાં. વિષયાન્તર થાશે જરા. સ્વપરપ્રકાશકનો વિષય ચાલતો..

મુમુક્ષુ :- 'અનુભવપ્રકાશ'માં પણ આ ખુલાસો કર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, છે એક પ્રકરણમાં કર્યો છે. પણ અહીંયાં જરા વિષય વાત લખી છે. એક ને એક ગ્રંથકર્તા હોય, એક ને એક વિષય હાથમાં લે, અને બે ગ્રંથમાં એક ગ્રંથ કરતા કોઈ વિશિષ્ટ વાત બીજા ગ્રંથમાં પણ આવે. એવું છે આની અંદર.

ત્યાં પણ ઉપચાર ઉપર ચર્ચા કરી છે સર્વજ્ઞતાની વાત લઈને 'અનુભવપ્રકાશ' માં કરી છે. પણ અહીંયાં વસ્તુશક્તિને ઉપચાર નથી, વસ્તુશક્તિને ઉપચાર નથી એ વાત બહુ જોરદાર છે.

મુમુક્ષુ :- પંડિતજીના બધા ગ્રંથ ગુજરાતીમાં છપાવવા જેવા છે.

પૂજ્ય ભાઈશ્રી :- છે આ તો છપાઈ ગયું છે ગુજરાતીમાં.

મુમુક્ષુ :- નહિ બીજા બધા. ઘણા બાકી છે. પંચસંગ્રહને એ બધા.

પૂજ્ય ભાઈશ્રી :- પંચસંગ્રહ, પંચસંગ્રહ છે ને ભાવદિપીકા છે. ભાવદિપીકા, પંચસંગ્રહ, જ્ઞાનદર્પણ છે. યાદ છે. ઉપોદ્‌ઘાતમાં લીધું છે કેટલા ગ્રંથ છે એ.

મુમુક્ષુ :- ભાવદિપીકા મળતું જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નથી મળતું એમ ? બહુ પ્રસિદ્ધ નથી. એમના ગ્રંથો બહુ પ્રસિદ્ધ નથી ને. અત્યારે તો કોઈની ચાંચ ડૂબે એવું નથી. વાંચે તોપણ ગુરુગમ વિના ચાંચ ડૂબે એવું નથી એવો વિષય લીધો છે. અહીં સુધી રાખીએ.

**અનંત (ચૈતન્ય નિર્વિકાર) સામર્થ્ય સ્વરૂપના ભાસનમાત્રમાં વિકારનું બાષ્પીભવન થવા માંડે છે; વિભાવની જડ કપાવા માંડે છે; તો સાક્ષાત્ અનુભવમાં - વેદનમાં મુક્તિ અનન્યભાવે હોય તેમાં શું આશ્ચર્ય ? ('અનુભવસંજીવની' બોલ નં.૮૨)**

*

**નિજપદ આરામનું ધામ - વિશ્રામ ધામ છે. તેને ભૂલીને - ચુકીને આરામ ક્યાંથી મળે ? તેને ભૂલીને આહારથી તૃપ્તિ કેમ થાય ? માત્ર આકુળતા થાય - વેદાય. તેને ભૂલીને અન્ય (મિત્રાદિ) સંગથી હૂંફ કેમ આવે ? માત્ર સંયોગની આકુળતામાં ભ્રાંતિથી હૂંફ મનાય. ('અનુભવસંજીવની' બોલ નં.૮૩)**

*

**મિત્ર - પરિવાર વગેરે સંયોગની મીઠાશ જ્ઞાનીને ઉત્પન્ન થતી નથી. કારણકે સમ્યક્‌જ્ઞાનમાં બીજા જીવો (દ્રવ્યદૃષ્ટિ હોવાથી) માત્ર ચૈતન્યમૂર્તિ જણાય છે અને તેમના દેહાદિ પુદ્‌ગલો એટલા ગૌણ થઈ જાય છે કે જાણે દેખાતા જ નથી. ('અનુભવસંજીવની' બોલ નં.૮૪)**

## તા. ૪-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૧૨
## પ્રવચન નં. ૧૭૧

**એક સત્-લક્ષણ આત્મા---એનો જ પરિચય રાખજે. 'જેવો જેને પરિચય એવી જ એની પરિણતિ', તું લોકાગ્રે વિચરનારો લૌકિક જનોનો સંગ કરીશ તો તારી પરિણતિ પલટી જવાનું કારણ થશે. જેમ જંગલમાં સિંહ નિર્ભયપણે વિચરે તેમ તું લોકથી નિરપેક્ષપણે તારા પરાક્રમથી – પુરુષાર્થથી અંદર વિચરજે. ૨૧૨.**

'મૈં તો અભી હી સિદ્ધ હૂં.' હું અત્યારે જ સિદ્ધ છું. સિદ્ધ ક્યાં રહે ? સિદ્ધ ક્યાં રહે છે ? સિદ્ધ તો સિદ્ધાલયમાં જ રહે. સિદ્ધ ક્યાંય બીજે રહેતા નથી. 'મૈં તો અભી હી સિદ્ધ હૂં. તેરમાં ગુણસ્થાન હોગા અવશ્ય. ચૌદમાં ગુણસ્થાન હોગા ઔર બાદમેં ફિર સિદ્ધાલય મેં જાના હોગા લેકિન વો બાત તો બહાર કી હૈ. વો તો જબ હોગા તબ હોગા, મૈં તો અભી હી સિદ્ધાલય મેં હૂં.' આમ પોતાનું સિદ્ધપદ જોતા, પોતાના સિદ્ધાલયમાં પોતે બિરાજમાન છે. આલય એટલે નિવાસસ્થાન. જિનાલય કહે છે ને ? જિનાલય, હિમાલય – આલય શબ્દ નિવાસસ્થાનમાં લાગેલા છે.

અહીંયાં લાયક જીવને એની અંદરની લાયકાતને પ્રેરણા અને પ્રોત્સાહન મળે

એટલે એમ કહ્યું છે કે **'તું લોકાગ્રે વિચરનારો...'** છો. ભાઈ ! તું તો લોકાગ્રે વિચરનારો છો ને ! **'લૌકિક જનોનો સંગ કરીશ તો તારી પરિણતિ પલટી જવાનું કારણ થશે.'** તારે લોકાગ્રે જાવાનું છે. એ તારું ધ્યેય છે, એ તારો આદર્શ છે. અને અત્યારે તું લૌકિક જનોનો સંગ કર્યા કરીશ, અવગુણીનો સંગ કરીશ તો તને પણ તારી રુચિમાં ફેર પડી ગયો હોવાને લીધે તારી પરિણતિ પલટી જશે, એટલે કે તારી પરિણતિ છે એ નીચેના સ્તરમાં આવી જશે. પલટીનો અર્થ નીચે જશે એમ નહીં. બન્ને રીતે પલટે છે. પલટીને ઉપર જાય, પલટીને નીચે જાય. પરિણતિ તો સ્વયં પલટતી ચીજ છે. અહીંયાં પલટી જશે એનો અર્થ કે પલટી જવાનું કારણ થશે. એ કારણ થશે એટલે નિમિત્ત થશે. એટલે તને નીચે જવાનું કારણ થશે.

પ્રશ્ન :– આખો દિવસ શું કરવું ?

સમાધાન :– આખો દિવસ આત્માનો પરિચય રાખવો. પહેલા (એ) વાત આવી ગઈ કે **'એક સત્ લક્ષણ આત્મા—એનો જ પરિચય રાખજે,...'** એમ કહ્યું નથી કે, મંદિરમાં આવ ત્યારે જ આ વાત છે પછી નહિ. આખો દિવસની જ વાત છે. નિરંતર પરિચય રાખવાની જ વાત છે. એ તો પહેલા વાત કરી છે. શું કરવું ? એ તો પહેલા વાત કરી છે. એના ઉપરથી એક સિદ્ધાંત છે કે કોઈપણ જીવ આગળ વધવા ચાહે છે, તો જે પોતાથી આગળ છે એનો પરિચય રાખે તો એને આગળ વધવાનું બહારમાં કારણ મળે છે, નિમિત્ત મળે છે. કોઈ જીવ પાછળ જાય છે, તો પાછળ એનાથી એ નીચેના સ્તર છે એનો સંગ કરવા જતા એના પરિણામ નીચેના સ્તરના થઈ જાય છે. એટલે બાહ્ય સંગની અંદર પણ લૌકિકજનોનો – લૌકિકજનો એટલે જેને રંગ રાગ છે, બહારના પાંચ ઇંદ્રિયના વિષયનો રસ છે, એમાં જેને ખૂબ ઉત્સાહ છે, એનો જેને મહિમા છે, એની રુચિ છે. રુચિ એટલે મોજશોખ છે (એવા) માણસને તો એના પરિચયમાં રહેનારને એવી પરિણતિ થતા વાર લાગતી નથી.

વૈરાગીનો પરિચય કરે તો એને વૈરાગ્યનું એ નિમિત્ત બને છે, રાગીનો પરિચય કરે તો એને એ રાગનું નિમિત્ત બને છે, એમ કહેવું છે. ભાવલિંગી મુનિને દ્રવ્યલિંગી મુનિનો સંગ કરવાનો નિષેધ કર્યો છે. ભગવાન 'કુંદકુંદાચાર્યે' 'મૂળાચાર' નામનો ગ્રંથ લીધો છે. 'મૂળાચાર' – મૂળગુણ છે ને ? અઠ્ઠાવીસ મૂળગુણ એ ઉપરથી કેટલાક આચારો, આચરણ ઉતાર્યા છે. કેમકે સંગ કરવાનો વિષય છે એમા મૂળાચાર ક્યાં

આવ્યો ? મૂળગુણ ક્યાં આવ્યો ? તો કેટલીક વાતો વિશેષતાવાળી હોય છે, ધ્યાન ખેંચવા માટે જરૂરી હોય છે.

તો કે હે મુનિરાજ ! તારા ને તારા સંગમાં બીજા નગ્ન દિગંબર મુનિઓ છે એમાં પણ જે આચાર ભલે મુનિને યોગ્ય પાળતા હોય, બહારના અઠ્ઠ્યાવીસ મૂળગુણ પણ જો મિથ્યાદૃષ્ટિ હોય તો એનો સંગ અને પરિચય તું રાખીશ નહિ. કેમકે એની રુચિ ઊલટી છે. આના ઉપરથી એક સિદ્ધાંત ફલિત થાય છે કે, જેનો સંગ કરવો એની રુચિ તપાસવી. આને શેની રુચિ છે ? આને આત્માની રુચિ છે ? તો સંગ કરવો. જો પોતાને આત્મરુચિ પ્રગટ કરવી હોય તો આત્માની રુચિવાળાનો સંગ કરવો. દૃષ્ટાંતમાં તો સમર્થમાં સમર્થ દૃષ્ટાંત હોય છે કે ભાવલિંગી મુનિ પણ જો દ્રવ્યલિંગી મુનિનો સંગ કરે તો દ્રવ્યલિંગી મુનિ મિથ્યાદૃષ્ટિ હોવાને લીધે, એને આત્માની અરુચિ હોવાને લીધે ભાવલિંગી મુનિનું માત્ર ચારિત્રથી એનું પતન નહિ થાય પણ એનું શ્રદ્ધાથી એનું પતન થઈ જશે, મિથ્યાદૃષ્ટિ થઈ જશે. પરિચય એવી પરિણતિ, એટલે બહુ મોટી આપત્તિ જોઈને એમ કહી દીધું. કેમકે કોઈ મુનિ દલીલ કરી કે શું કરીએ ? અમારા સંગમાં તો હું એક જ ભાવલિંગી છું. બાકી ખ્યાલ છે કે બધા દ્રવ્યલિંગી છે, બે-ચાર-પાંચ અમે સાથે રહીએ છીએ પાંચ-સાત જણા પણ બધા દ્રવ્યલિંગી છે એ અમને ખબર છે, તો શું કરવું ? બહારમાં કોઈ છે તો નહિ. એકલા રહેવું ફાવતું નથી. આ એક વચ્ચે કારણ આપે. એકલા રહેવું અનુકૂળ નથી, થોડું શરીર સ્વાસ્થ્ય અનુકૂળ નથી રહેતું, આ લોકો સેવા કરે છે ભાવલિંગી જાણીને સેવા કરે છે. તો કહે મુનિને સેવાનો લોભ હોતો નથી. પણ એમ કે એકલું રહેવું ફાવતું નથી, તો કહે છે કે એકલો ન રહી શકે તો તું લગ્ન કરી લેજે. ત્યાં માથામાં હથોડો મારે એવી વાત કરી નાખી છે. કે તને એકલું ન રહેવાય તો લગ્ન કરવાની છૂટ છે. લગ્ન કરે તો અશુભભાવમાં ચાલ્યો જાય, અહીંયાં મુનિઓના સંગમાં શુભભાવ તો રહે. કે શુભભાવ રાખવા જતા મિથ્યાત્વ થઈ જશે, અહીંયાં તારું સમ્યક્ જળવાઈ રહેશે. ચારિત્રથી તો પતન થઈ જ ગયું છે. તારી જે એકલા નહિ રહેવાનો જે પરિણામની સ્થિતિ છે એ તારા ચારિત્રના પતનને તો સ્પષ્ટ કરે છે કે હવે તું મુનિપણે ટકી શકે એ વાત તો નથી. પણ હવે શ્રદ્ધા પણ ખોઈ બેસવી છે ? શ્રદ્ધા ન ખોવી હોય તો સંગ છોડી દેજે. એ એવું સુંદર માર્ગદર્શન છે કે તું એવાનો સંગ કરજે કે તારી

પરિણતિને નુકસાન થાય તો સંગ છોડવામાં જરાય હિચકિચાટ રાખીશ નહિ. બહુ સુંદર માર્ગદર્શન આપ્યું છે.

કોઈપણ લોભથી, માનના લોભથી, કે બહારની અનુકૂળતાના લોભથી, દ્રવ્યના લોભથી, કોઈપણ આકાંક્ષાથી જીવ દોષવાન જીવનો, અવગુણી જીવનો પરિચય રાખે તો બહુ મોટી આપત્તિ છે એના ઉપર. અંદરથી પોતાની પરિસ્થિતિને ન સમજી શકે એને બહારથી સીધું સમજાય એવી વાત કરે છે. 'ગુરુદેવશ્રી' ચર્ચામાં મૂળાચારના દૃષ્ટાંતથી એ વાત સ્પષ્ટ કરતા હતા. **'લૌકિક જનોનો સંગ કરીશ તો તારી પરિણતિ પલટી જવાનું કારણ થશે.'** મુમુક્ષુજીવને અહીંયાં માર્ગદર્શન છે કે, મુમુક્ષુજીવે મુમુક્ષુનો જ વિશેષ પરિચય કરવો, એનો સંગ કરવો પણ રંગરાગમાં પડેલા એવા લૌકિક જનોનો સંગ કરવો નહિ.

પ્રશ્ન :– મુમુક્ષુ લૌકિકમાં ન આવે ?

સમાધાન :– મુમુક્ષુમાં બે પછી વર્ગ પાડવા છે. એ કહેવા જતો હતો હું કે મુમુક્ષુમાં પણ જે પોતાથી ગુણવાન હોય એનો સંગ કરવો, એમ. પોતાથી અવગુણી હોય, જેમ મુનિને એમ કહ્યું કે દ્રવ્યલિંગીનો સંગ ન કરવો જોઈએ. એ મુનિ તો છે ? દીક્ષાધારી છે બધા તોપણ એ વિશેષ ગુણવાના (સંગમાં રહેવું.) એને સંગમાં રહેવાનો ભાવ હોય કે મારે એકલા નથી રહેવું, તો વિશેષ ગુણવાનના સંગમાં જાય; પણ દ્રવ્યલિંગીનો સંગ કરવાની આજ્ઞા નથી, જિનાજ્ઞા નથી, નિષેધ છે. એ જિનાજ્ઞા જ નથી ખરેખર. તો એ અનુસાર દરેક સ્તરમાં દરેક જણાએ સમજી લેવું. આપણે મુમુક્ષુ છીએ તો એ વિશે આપણે વિચારીએ તો; કે એણે પોતે વિચાર કરવો કે મારા કરતા ગુણવાન કોણ દેખાય છે ? એનો સંગ અને એનો પરિચય કરવો, જો પરિચય કરવાની વૃત્તિ હોય તો. પણ અવગુણીનો, કોઈપણ આકાંક્ષાથી અવગુણીનો પરિચય કરે તો એનું અધઃપતન થયા વિના રહે નહિ. નિયમથી થાય, થાય ને થાય જ. આ તો સૈદ્ધાંતિક વાત છે. એમાંથી બચી ન શકે. આ એક સિદ્ધાંતનો અર્થ એ છે કે એનાથી એ બચી શકે નહિ. કોઈ નીચેનો ગુણવાન ઉપરના ગુણવાનનો સંગ કરવા આવે તો એનો અર્થ એ નથી કે ગુણી અવગુણીનો સંગ કરે છે. એ તો હંમેશા બનવાનું છે કે જેને કોઈ ગુણ પ્રાપ્તિની ઇચ્છા હોય તે ભલે અવગુણી હોય તોપણ પોતાના અવગુણ છોડવાના પ્રયોજનને અર્થે ગુણવાનનો સંગ કરે છે. તો ત્યાં ગુણી અવગુણીનો સંગ

કરે છે એમ લાગુ પડે નહિ. એમ ન કહી શકાય. અહીંયાં એ ન્યાય વિરુદ્ધ છે.

એટલે લૌકિકજનોમાં અહીંયાં લીધા કે રંગરાગમાં રચ્યાપચ્યા છે અને એની જેને રુચિ છે એની સોબત કરીશ નહિ, એનો સંગ કરીશ નહિ. તારો વૈરાગ્ય નહિ રહે. તારી પરિણતિ મુમુક્ષુને યોગ્ય છે એ ચાલુ નહિ રહે, તું એના જેવો થઈ જઈશ. મુમુક્ષુમાં પણ તારાથી જે ગુણવાન હોય એનો પરિચય કરજે. એ વાત પણ સિદ્ધાંતની દૃષ્ટિએ સીધે સીધી એમાંથી સમજાય એવી છે કે જેવી પરિણતિ કરવી હોય એનો પરિચય કરવો, (જો) પોતાને વિશેષ પરિણતિમાં આગળ વધવું છે તો વિશેષ ગુણવાનનો એણે પરિચય કરવો જોઈએ.

**'જેમ જંગલમાં સિંહ નિર્ભયપણે વિચરે તેમ તું લોકથી નિરપેક્ષપણે તારા પરાક્રમથી-પુરુષાર્થથી અંદર વિચરજે.'** આ એક બહુ સુંદર વાત કરી છે કે તું તને નબળો કેમ સમજે છો ? અથવા એવો અભિપ્રાય કરીને કેમ બેસી ગયો છો કે, હું નબળો છું ને પાંગળો છું. તારામાં અનંતશક્તિ છે, અનંતવીર્ય છે અને તું તો સિંહ જેવો છો. જેમ સિંહ બળવાન છે, કોઈથી દબાતો નથી. જંગલમાં સિંહ કોઈથી દબાતો નથી. એને ક્યારેય એમ ન લાગે કે હાથી આવીને મને પાડી દેશે તો ? એને એમ નથી લાગતું. એની શક્તિનું એને ભાન છે. એના જે આગળના પંજા હોય છે એમાં બહુ શક્તિ હોય છે. એક થપાટ પંજાની મારે તો હાથી હોય તો હાથીને ગલોટિયું ખવડાવી દે. હાથી વજનદાર પ્રાણી છે પણ સિંહની થપાટ ન ઝીલી શકે. દેખાવમાં નાનું પ્રાણી છે, હાથી મોટું પ્રાણી છે. હાથીમાં હાથીનું બળ જેટલું બળ છે, (છતાં સિંહ) એક પંજો મારે તો હાથીને ફેંકી દે. એમ જેને એની શક્તિનું ભાન છે (એ) નિર્ભય થઈને વિચરે છે. જંગલમાં કોઈ મારા ઉપર હુમલો કરશે એ શંકા એને પડતી નથી. ક્યાંય ભય નથી.

અભિપ્રાયથી તો ભયની પરિણતિ ચોથા ગુણસ્થાને ખલાસ થઈ. પોતાનો શાશ્વત આત્મા અને અવ્યાબાધ સ્વરૂપી પોતાનો આત્મા, એ આત્માનો અનુભવ થઈને પ્રત્યક્ષ જોયો, અનુભવમાં પ્રત્યક્ષ જોયો એટલે ભય તો એને ખલાસ થઈ ગયો. મને શું છે ? મારું જે સ્વરૂપ છે એમાં કોઈ કાંઈ કાંકરી ખેરવી શકે એવું નથી. અવ્યાબાધ છે, શાશ્વત છે. એ પરિસ્થિતિમાં એને ભય ને બીક નામની ચીજ ખલાસ થઈ જાય છે, અભિપ્રાયમાં નથી. પછી ચારિત્ર જેટલું થોડુંક મચક આવે છે એ ચારિત્રના દોષ

પૂરતું આવે છે. મુનિરાજ તો ચારિત્રની અંદર સ્થિર થયા છે. એમને તો ભય નથી. ચારિત્રનો પણ ભય એમને થતો નથી. ભયની પરિણતિ ખલાસ થઈ ગઈ છે. ભયની પ્રકૃતિ જ એને ખલાસ થઈ ગઈ છે. નહિતર જંગલની અંદર, પર્વતોની અંદર નિરંતર રહેવું, રાત-દિન રહેવું, જંગલી પ્રાણીઓ હોય છે અથવા સર્પ અને વીંછી એ તો બધા એવા (ઝેરી) પ્રાણીઓ છે. સર્પ અને વીંછીને એ તો બધા એવા ઝેરી પ્રાણીઓ છે કે માણસ એની કલ્પના કરતા પણ ડરે છે. એને તો એના શરીર ઉપર હાલતા ચાલતા પણ નજરે જોવા મળે છે. કેમકે એ તો એટલા બધા અડોલ આસનમાં સ્થિર થઈ જાય છે. ધ્યાનમાં મન-વચનની પ્રવૃત્તિ તો નથી જ તે, પણ કાયાની કોઈ પ્રવૃત્તિ એવી નથી. જેમ કોઈ પત્થર પડ્યો હોય, કોઈ ઝાડ સ્થિર રહી ગયું હોય, એવું શરીર સ્થિર હોય છે; તો પેલા પ્રાણીઓને પણ ખ્યાલ નથી કે આ માણસ છે કે ઝાડ છે. એ તો અમસ્તાય તે ઓછા ક્ષયોપશમવાળા છે ગમે ત્યાં ચાલી જાય છે.

પોતાને ખ્યાલ આવે છે કે આ વીંછી ચાલ્યો જાય છે, આ સર્પ શરીર ઉપરથી ચાલ્યો જાય છે. કરડતો પણ જોવે. ચાલતો જોવે, કરડતો જોવે, બધું જોવે. એટલો ભય નથી કે એને દૂર કરવાનો વિકલ્પ પણ આવે. પ્રવૃત્તિ કરવાનો તો પ્રશ્ન જ નથી. પ્રવૃત્તિ તો તીવ્ર પરિણામ દ્વારા થાય છે. પરિણામમાં તીવ્રતા આવ્યા વિના પ્રવૃત્તિ થતી નથી, પણ વિકલ્પ સુદ્ધાં નથી. જોવે એટલે સીધી અંદર ડૂબકી લગાવે છે. આહા ! અવ્યાબાધ સ્વરૂપી આત્મા ! સ્પર્શ નથી, એ પ્રાણી મને સ્પર્શી શકતો નથી. શરીર મને સ્પર્શ્યું નથી, શરીરથી દેહાતીત દશામાં પોતે વિચરે છે. શરીરથી અતિત થઈને અંદરમાં (વિચરે છે). તો પછી શરીરને એને કોઈ સ્પર્શે છે એ વાતને કોઈ ભયનો વિકલ્પ નથી, એવા નિર્ભય છે એ તો. સિંહને કદાચ ભય થાય તો થાય પણ મુનિરાજને ભય થતો નથી. આગળ જઈને કહીએ તો એમ છે.

એવી રીતે, એ દૃષ્ટાંતે **'તું લોકથી નિરપેક્ષપણે...'** આ શબ્દ એટલા માટે લીધો છે કે લૌકિકજનોનો સંગ લોકની અપેક્ષાએ કરે છે. જીવ લૌકિકજનોનો સંગ લોકની અપેક્ષાએ કરે છે. તો અપેક્ષા છોડી દે તું. જે સંગ નહિ કરવાની વાત છે એની અંદરનો મર્મ એ છે કે અપેક્ષાવૃત્તિ ક્યાંય રાખીશ નહિ. કોઈથી અપેક્ષાવૃત્તિ રાખીશ નહિ. લોકથી નિરપેક્ષપણે – આ લોકમાં મને કોઈ અપેક્ષા નથી. સિદ્ધાલયમાં જનારો હું મારા રસ્તે સિંહની જેમ ચાલ્યો જઈશ, મારા પરાક્રમથી જઈશ, કોઈની અપેક્ષા

મને નથી. મુમુક્ષુને આ વૃત્તિ છે.

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી'એ કીધું ને લોકસંજ્ઞા.

પૂજ્ય ભાઈશ્રી :– લોકસંજ્ઞામાં તો માનની મુખ્યતા છે. અહીંયાં અપેક્ષામાં લોભની મુખ્યતા છે. લોકથી નિરપેક્ષપણે તું પ્રવર્તજે. લોકો મને મદદ કરે, લોકોથી મને લાભ થાય. લોકોથી કાંઈક આમ મળશે, આમ થશે, આમ થશે, આમ થશે, કોઈ અપેક્ષા; કોઈ લોકની કોઈ અપેક્ષા કરવા યોગ્ય નથી. હવે ગુણી જીવ કોઈ ગુણ પ્રગટ્યા પછી પણ અવગુણીના સંગમાં ત્યારે જ જાય છે, હવે અહીંયાં એ વાત સ્પષ્ટ થાય છે. અંદરનો મર્મ ખુલી જાય છે કે જ્યારે એને કોઈ અપેક્ષાવૃત્તિ જાગે છે ત્યારે. એ ઊંડે ઊંડે રહેલી કોઈ એની અપેક્ષાવૃત્તિ એનું અધઃપતન કરે છે. એના સિવાય બીજું એમાંથી ફળ ઉત્પન્ન થતું નથી.

પ્રશ્ન :– અપેક્ષામાં શું લેવું ?

સમાધાન :– કોઈપણ અપેક્ષા. માનની, જગતના પદાર્થોની, કોઈપણ અનુકૂળતાની, કોઈપણ પ્રસંગની તત્કાલ પૂરતી કે, આટલા કાર્યમાં તો મને મદદગાર થાય છે એટલી પણ અપેક્ષાવૃત્તિ છે (એ) ભયંકર નુકસાનનું કારણ છે. એમ છે. તું નિર્ભયપણે '**લોકથી નિરપેક્ષપણે...**' અહીંયાં નિર્ભયથી પછી આમ લઈ લીધું. અંદરની વાત લઈ લીધી, આ મર્મની વાત લીધી છે. '**તારા પરાક્રમથી**— તારા **પુરુષાર્થથી અંદર વિચરજે.**' દૃષ્ટાંત છે 'સોગાનીજી'ના જીવનનું દૃષ્ટાંત છે પુસ્તકમાં એ વાત નથી આવતી. એમને કાપડની મિલોની એજન્સી હતી. કાપડની મિલોની એજન્સી હતી 'કલકત્તા'માં, બહારમાં 'નાગપુર'માં, 'દિલ્હી'માં મિલો છે એની કાપડની હૉલસેલની એજન્સી હતી. એટલે એ ખાસ કરીને મિલમાં જાય તો શેઠિયાઓની સાથે, મિલમાલિકો સાથે ઊઠબેઠનો પ્રસંગ રહેતો હતો. વૈષ્ણવ હતા. મિલમાલિક તો કો'ક વૈષ્ણવ હતા, જૈન નહોતા. એને ખબર પડી કે આ કોઈ ધાર્મિક વૃત્તિના માણસ છે ને કાંઈક આ લાઇનના જાણકાર માણસ છે. એમ તો એને કમાણી કરાવે, એજન્ટને તો કમાણી થાય એના (પ્રિન્સીપાલથી) એટલે એકવાર વાત વાતમાં કીધું મિલમાલિકે કે ઐસા કરીએ 'નિહાલચંદજી' આપ તો આતે હૈં કભી-કભી, નહીં આતે હૈં, કભી-કભી, આતે હૈ હમારે પાસ. રેગ્યુલર આપ આયા કરીએ, આપ કુછ ધર્મ કી બાત ભી હમકો સિખાતે રહે, સિખાઈયે હમકો. એમ કે રેગ્યુલર આવીને થોડીક આપણે ધાર્મિક પ્રવૃત્તિ રાખીને,

તમે મને શીખવાડો, સમજાવો કાંઈક ધર્મની અંદર શું છે. એમણે જવાબ આપ્યો કે થોડા આર્થિક પ્રયોજન હૈ ઇસલિયે આતા હૂં ઇતના હી કારણ હૈ. મેરે પાસ ઐસા સમય નહીં હૈ કિ મૈં ધાર્મિક પ્રયોજન કે હિસાબ સે કુછ સિખાનેકો આ સકું. ઐસા કોઈ સમય નહીં હૈ મેરે પાસ. ના પાડી દીધી. આ એને પૈસા કમાવડાવે તો આ એને ધર્મ કમાવડાવે કે નહિ ? અપેક્ષા થઈ જાય આમાં. કેટલી જાગૃતિ હશે એને !

મુમુક્ષુ :– ઉપર ઉપરથી બહુ નાની અપેક્ષા લાગે.

પૂજ્ય ભાઈશ્રી :– સીધું દર્શનમોહનું કારણ થઈ જાય. આપણે દર્શનમોહના પ્રકરણમાં એ વાત લીધી હતી છે. કોઈપણ અપેક્ષા રાખે, ધાર્મિક ક્ષેત્રમાં કોઈપણ અપેક્ષા રાખીને કોઈપણ પ્રવૃત્તિ કરે એટલે એને સીધો દર્શનમોહનું કારણ થાય. એને ચારિત્રમોહ કરતા દર્શનમોહ સાથે સીધો સંબંધ છે. તો કે એ લૌકિક વેપાર ને લૌકિક વ્યવહારનો, લૌકિક વ્યવહાર અને લૌકિક વેપારનો આપણો સંબંધ. એમ ન કહે કે તમારે સાંભળવું હોય તો મારે ત્યાં આવવું. શું જરૂર છે ? એને કાંઈ સંભળાવવાની એટલી જરૂર નથી. એ તો એને બુદ્ધિ હોય તો એને સમજી લેવાનો વિષય છે. કેમકે વિનય, વિવેક હોય છે એ તો આવી વાત કરતા જ નથી. જેને કાંઈ અધ્યાત્મ વિદ્યા લેવી છે, ઊંચી વિદ્યા લેવી છે એ તો એમ જ કહે છે મારે તો જો સમજવું હોય તો મારે તમારી પાસે બેસવું જોઈએ અને એ વખતે મારે નીચા આસને બેસવું પડે, ઊંચા આસને બેસી શકાય નહિ. ગમે તે હોય, પછી એ શ્રીમંત હોય, પૈસાદાર હોય, સત્તાધારી હોય, રાજા હોય, પ્રધાન હોય, ગવર્નર હોય, રાષ્ટ્રપતિ હોય કોઈપણ હોય એ નીચે બેસે. 'ગુરુદેવ' ટાઉનહોલમાં પ્રવચન કરતા હતા. કૃષ્ણકુમાર સિંહજી સાંભળવા આવતા હતા. એ પછી ઉપર બેસે કે નીચે બેસે ? નીચે બેસે.

મુમુક્ષુ :– આવેલા છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો આપણે નજરે જોયેલું છે ને ? રાજા હોય તો રાજા નીચે જ બેસે.

મુમુક્ષુ :– પાટથી નીચે રાખતા એનું આસન.

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર. આસન તો નીચે જ હોય ને, ઊંચે ક્યાંથી હોય. તો શું કહેવું છે ? કે એમને એ અપેક્ષાવૃત્તિ નથી કે શેઠસાહેબ ઠીક છે, આમેય હું આવું જ છું (તો) ભેગાભેગું આ કરી લેશું આપણે. અડધી કલાક, કલાક આમ

રાખશું, પછી આમ રાખશું. નહીં. મુઝે ઐસા કહાં સમય હૈ. મારી પાસે એવો વખત નથી. વેપારનું થોડું કામ પડે છે એટલે મળવા હળવાનું આપણે થાય છે, બાકી ધર્મ કર્મ સમજાવવા માટે મને તમારી પાસે આવવાનો કોઈ સમય નથી. ચોખ્ખું કહી દીધું.

મુમુક્ષુ :- આમાં વિવેક પણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :-હા, પેલામાં તો વિવેક નથી પણ આમને પોતાને કેટલીક સાવધાની છે. આ તો અમારે આપસમાં વાતચીત થયેલી કે એવી રીતે આપણે ક્યાંય જવા માંગતા નથી. અહીં તો કોઈ કરોડપતિ હોય ને એમ કહે કે મને ઘરે સમજાવવા આવો. તો ગોળ ગોળ ને પાણી પાણી થઈ જાય. પંડિતજી ખુશ થઈ જાય. ભાઈ ! એ પંડિતજી નથી, એ તો બિચારા પામર વૃત્તિવાળા જીવો છે કે, જેને કાંઈ અપેક્ષાવૃત્તિ છે અને સામે ચાલીને એ સમજાવવા જાય છે. નથી એ પોતે સમજેલો, નથી એ બીજાને સમજાવી શકવાનો. બેમાંથી એકેય વાત, કોઈનું પ્રયોજન સિદ્ધ થવાનું નથી.

એમ લોકથી નિરપેક્ષપણે (એટલે) એક બે જણની કોઈની વાત નથી કરવી, આખા લોકથી નિરપેક્ષપણે, આખા જગતથી નિરપેક્ષપણે. પરાક્રમની વાત છે ને પુરુષાર્થની વાત છે. તારો આત્મા નિરલંબ નિરપેક્ષ છે અને તારા આત્માનો માર્ગ પણ નિરાલંબ અને નિરપેક્ષ છે. હાલ્યો જા !! કોઈનું અવલંબન લીધા વિના, કોઈની અપેક્ષા લીધા વિના એમ ને એમ ચાલ્યો જા. તારા રસ્તે તું નિર્ભય થઈને ચાલ્યો જા. લોકમાં પણ પરાક્રમી પુરુષની પાછળ બીજા જાય છે.

ગાંધીજી માટે એમ કહેવાતું કે એણે કોઈને ભેગા નથી કર્યા કે તમે આવો ને મને ટેકો આપો ને મને બધા આમ મત આપોને, મને બધા આગળ કરીને નેતા બનાવીને લડવા લઈ જાવ. જેને આવવું હોય એ આવે મારી વાહે (પાછળ). ભાઈ વાત કરતા હતા. કાર્યકર્તાઓએ મીટિંગ ભરી, ને એમને પૂછવા ગયા એ રેંટિયો કાંતતા હતા, એમનો સમય રેંટિયો કાંતવાનો હતો. સામું ન જોવે. પૂછે એનો જવાબ દઈ દે પણ એ કાંતતા કાંતતા, સામું ન જોવે, એમ ને એમ જ જવાબ દચે. નિરપેક્ષવૃત્તિ અમુક હોય છે. બીજાની અપેક્ષા લઈને કામ કરવું, મદદ લઈને કામ કરવું એ વૃત્તિ અમુક પરાક્રમી પુરુષોમાં નથી હોતી. એ સાચી નેતાગીરી છે. આ મત લઈને જે નેતા થાય છે એ સાચી નેતાગીરી નથી, એ તો બધા પામર જીવો છે.

એ મોક્ષમાર્ગનો વિષય પણ એવો જ છે. તારા પરાક્રમથી અને તારા પુરુષાર્થથી તું અંદર જા. અંદર જવામાં કોઈની મદદની જરૂર નથી. ઊલટાની કોઈની મદદની જરૂરવાળા પરિણામ એ અંદર જવાના પરાક્રમમાં બાધાકારક છે. એ જ બાધા છે. એ રીતે પણ પુરુષાર્થની પ્રેરણા આપી છે.

**લોકોના ભયને ત્યાગી, ઢીલાશ છોડી, પોતે દઢ પુરુષાર્થ કરવો. 'લોક શું કહેશે' એમ જોવાથી ચૈતન્યલોકમાં જઈ શકાતું નથી. સાધકને એક શુદ્ધ આત્માનો જ સંબંધ હોય છે. નિર્ભયપણે ઉગ્ર પુરુષાર્થ કરવો, બસ ! તે જ લોકાગ્રે જનાર સાધક વિચારે છે. ૨૧૩.**

૨૧૩ બોલમાં પણ પુરુષાર્થના વિષયનો છે. કે **'લોકોના ભયને ત્યાગી,...'** જુઓ ! અનુસંધાનમાં જ વાત છે. **'લોકોના ભયને ત્યાગી, ઢીલાશ છોડી, પોતે દઢ પુરુષાર્થ કરવો.'** લોકો આમ કહેશે, લોકો આમ કહેશે, લોકો... એ વાત છોડી દે. **'લોક શું કહેશે' એમ જોવાથી ચૈતન્યલોકમાં જઈ શકાતું નથી.'** આ તો વર્ષો પહેલા કહેલી વાત છે. આજકાલની કોઈ વાત થઈ છે એવી વાત નથી અને એ તો સૈદ્ધાંતિક વાત છે. આ બધી ત્રણેયકાળે અફર વાત હોય છે. લોક સંબંધીના ભયને ત્યાગીને, લોકો પ્રતિકૂળ થઈ જશે, બધા તારાથી પ્રતિકૂળ થઈ જશે. તો કે બધાને પ્રતિકૂળ થઈ જવું હોય તો આખું જગત ભલે પ્રતિકૂળ થઈ જાય. શું છે અભિપ્રાય તો ? આખું જગત ભલે પ્રતિકૂળ થઈ જાય, હું મારો માર્ગ છોડીશ નહિ, હું મારો રસ્તો છોડીશ નહિ.

(આ તો) એકલા સાધવાનો જ વિષય છે, કાંઈ બધાને હારે લઈને સાધી શકાય છે એ આ માર્ગ નથી. એ સંબંધીની એવી ઢીલાશ છોડીને લોકના, લોકોના લક્ષે શિથિલતા લાવવા જેવી નથી, શિથિલતા કરવા જેવી નથી. પોતે દઢ પુરુષાર્થ કરવો.

આ દૃઢતા છે એ દૃઢતા છે, અવગુણ નથી. ગુણ છે. જીદ અને દૃઢતા જુદો જુદો વિષય છે. દૃઢતા છે એ ગુણ છે અને જીદ છે અવગુણ છે. દૃઢતા છે એમાં સરળતા સાથે હોય છે, જીદમાં અસરળતા સાથે હોય છે. બે વચ્ચે ફેર છે.

મુમુક્ષુ :- કરકસર અને કંજુસ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કરકસર અને કંજૂસ જુદી જુદી ચીજ છે. કરકસરિયો જીવ યોગ્ય સ્થાનમાં નહિ ધારેલો ખર્ચ કરે અને કંજૂસ જીવ યોગ્ય સ્થાનમાં પણ ખર્ચી શકે નહિ. બે વચ્ચે આ ફરક છે. 'નિયમસાર'માં લોભની પરિભાષા એવી કરી છે, બહુ ઉત્કૃષ્ટ શાસ્ત્ર છે, પણ ઘણી વાતો આવી જાય છે. તો ક્યાં કઈ વાત આવે કાંઈ નિયમ નથી. ટીકાકાર મુનિરાજે લોભની પરિભાષા કરી છે. યોગ્ય સ્થાનમાં ધનના વ્યયનો અભાવ તે લોભ. પછી ગમે ત્યાં લાગુ કરો, બધે લાગી જાય. યોગ્ય સ્થાનમાં ધનના વ્યયનો અભાવ તેનું નામ લોભ. બસ ! તમે એને જ્યાં ઉદય હોય ત્યાં લાગુ કરી દ્યો એટલે ક્યાંય લોભની ભૂલ થાય નહિ. આ વિષય છે.

અહીંયાં તો નિર્ભયપણે પુરુષાર્થ કરવાનો વિષય છે. કે લોકોનો ભય રાખવા યોગ્ય નથી. લોકોના ભયથી કોઈ ઢીલાશ, નરમાશ, એ જાતની શિથિલતા પણ કરવા યોગ્ય નથી. પોતે દૃઢ પુરુષાર્થ કરવો. બહુ સારો આપણે એક પ્રસંગ બની ગયો છે. દૃષ્ટાંતનો વિષય છે સમજવા માટે કે, સૂર્યકીર્તિ ભગવાનની પ્રતિષ્ઠા વખતે આખો સમાજ સામે ઊભો થઈ ગયો. જે આપણા વિરોધી હતા ને વિરોધી ન હતા (એ) બધા એકસાથે થઈ ગયા અને વધારે ને વધારે પ્રેશર પૂજ્ય 'બહેનશ્રી' ઉપર આવતું હતું. કેમકે મુખ્યતા આપણા પક્ષમાં એમની છે. એટલે ભલે ઊંચા અવાજે એક શબ્દ ન બોલે પણ દૃઢતામાં કાંઈ ફેર પડે નહિ. આ દૃઢતાનો વિષય છે. એ લોકો ધમકી પણ આપતા હતા. શ્રેયાંસપ્રસાદજીએ તો એમ કહ્યું કે આપને તકલીફ પડશે, બહુ મુશ્કેલીઓ ઊભી થશે, બહુ મુશ્કેલી થશે, ઘણી તકલીફો આવશે. સાંભળી લ્યે, જવાબ ન દ્યે પણ નિર્ણયમાં કોઈ ફેર છે (એમ નથી.) (એમ કહે) મેરી ભાવના હૈ, સમાજ કી ભાવના હૈ, મેરે ભી ભાવના હૈ. મેરી ભાવના વિરુદ્ધ મૈં કૈસે બોલું ? એ વાત મને સમ્મત છે, શાંતિથી પણ મક્કમતાથી. એક ટકાવારીનો ફેર પડે નહિ એમાં. કોઈ ભય ઊભો થાય (એવું નહોતું.) પહેલા ખ્યાલ હતો (એનો). બહુ બહુ તો શું થાય ? કે આખો સમાજ વિરુદ્ધ થાય. થાય તો થાય. પોતાની ભાવના અને પોતાની મક્કમતાનો

પોતાને અંદાજ હોવો જોઈએ અને એ અંદાજની સાથે એણે ચાલવું જોઈએ. પ્રાસંગિક દૃષ્ટાંત છે. એ દઢતા, દઢ પુરુષાર્થ કરવો. લોક શું કહેશે ? એમ જોવાથી, એ પ્રકારથી ચૈતન્ય લોકમાં જઈ શકાતું નથી. એ પણ લોક છે, ચૈતન્યને પણ લોક કહ્યો છે. લોક ઉપરથી આલોક પણ કહે છે. ચૈતન્યને લોક પણ કહે છે, આલોક પણ કહે છે. લોકીંતી પ્રકાશે છે. લોકીંતી એટલે પ્રકાશમાન થાય છે જેમાં, પ્રકાશ ભરેલો છે ચૈતન્યનો એને લોક કહેવામાં આવે છે. મૂળ ધાતુ તો ગમે તે હોય. ધાતુનો શબ્દકોષમાં જોવા.. લોક શબ્દ આવ્યો છે એના ઉપરથી. મૂળધાતુમાં લોકીંતી ઇતી લોકઃ જે પ્રકાશમાન છે. આત્માને મૂળ શબ્દ તો આત્માલોક છે. નિશ્ચય લોક તો પોતાનો આત્મા છે. પછી જગતને, આખા જગતને એ પરપ્રકાશનમાં પ્રકાશે છે, ત્યારે એના ઉપર આરોપ મૂકે છે કે આ બધો લોક છે. જે પ્રકાશમાં પ્રકાશમાન થઈ રહ્યો છે, પ્રસિદ્ધ થઈ રહ્યો છે તે બધો પણ લોક છે. આમ, અંદરથી લોક, બહારમાં લોક આવે છે.

જગતના જીવો શું કહેશે ? જગતના જીવોના અભિપ્રાય ઉપર હું ચાલનારો નથી. એમ વાત સ્પષ્ટ છે. **'એમ જોવાથી ચૈતન્યલોકમાં જઈ શકાતું નથી.'** એટલે શુદ્ધાત્મા, શુદ્ધ ચૈતન્યને સાધી શકાતું નથી. ચૈતન્યની જે સાધના છે એ લોકદૃષ્ટિથી વિમુખ થઈને સાધી શકાય છે. લોકદૃષ્ટિની સન્મુખ રહીને ચૈતન્યની સાધના થઈ શકતી નથી. 'ગુરુદેવ'નો વિરોધ થતો હતો, ઘણા લોકો કરતા હતા, સમજીને કરતા હતા ? સમજે એ કરે ખરા ? એ પ્રશ્ન જ નથી. જ્યાં સમજણ આવે છે ત્યાં તો એને હિત-અહિતનો વિવેક ઉત્પન્ન થાય છે અને ત્યાં કોઈ ખોટો વિરોધ થતો નથી. ન સમજે એ તો કરે. તો એને તો જ્ઞાનીઓ બાળકબુદ્ધિએ જુએ છે કે બાળક છે બિચારા સમજતા નથી. પોતાના હાથે પોતાનું અહિત કરે છે. મારું તો અહિત કરવા કોઈ આ જગતમાં સમર્થ નથી.

ચૈતન્ય લોકમાં એટલે અંતર્મુખ થવાતું નથી. લોક શું કહેશે ? એ વૃત્તિમાં બહિર્મુખપણું છૂટી શકતું નથી, પરિણામ બહાર પકડાઈ રહે છે. લોક શું કહેશે ? એમાં પરિણામ બહાર પકડાઈ રહેશે. એવી લોકસંજ્ઞાની મુખ્યતામાં લોકસંજ્ઞાવાળો જીવ ક્યારે પણ અંતર્મુખ થઈ શકતો નથી. આ નિયમબદ્ધ વાત છે. કેમકે અંદરમાં જઈ શકાતું નથી. ચૈતન્યલોકમાં જવાતું નથી. એમાંથી તો એક બીજી વાત નીકળે

છે કે જો તું અંતર્મુખનો રસ્તો શોધતો હો અને તારે અંતર્મુખ જવું હોય તો લોકસંજ્ઞા તું પહેલા છોડી દેજે. લોકો શું કહેશે ? એ વાત જાવા દે. નાત–જાત બધું જાવા દે, સમાજની વાત જાવા દે. મધદરિયે ડૂબતો હોય તો હું જીવીશ, હું મરીશ તો સમાજ શું કહેશે ? ને જીવીશ તો શું કહેશે ? એનો વિચાર કરે છે ? એકવાર જીવી જાઉં, બચી જાઉં, પછી વાત છે બધી વિચારવાની. એમ સંસાર સાગરમાં પોતે ડૂબકા ખાય છે એ વાત જીવ ભૂલી જાય છે ત્યારે સમાજ સામું જોવે છે, સમાજની મુખ્યતા કરી બેસે છે અને ત્યારે એનું પોતાનું હિત સચવાતું નથી. વિશેષ કહેશે.

જાણપણારૂપ જ્ઞાન સર્વ જીવની દશામાં સામાન્ય છે, તેમ છતાં સર્વને વિવેકબુદ્ધિ સરખી નથી. પરિગ્રહબુદ્ધિ અર્થાત્ પરિગ્રહનું મમત્વ અભિપ્રાયપૂર્વક હોય ત્યાં અવિવેકની પરંપરા ઊભી થાય છે, તેથી પરિગ્રહબુદ્ધિને 'અવિવેકની ખાણ' જ્ઞાનીઓએ કહેલ છે. જેમાંથી સર્વ દોષો પાંગરે છે. ('અનુભવસંજીવની' બોલ નં.૭૫)

*

શુભાશુભ પરિણામકાળે બહિર્મુખભાવોમાં વેગ તીવ્ર થતાં, તેમજ દર્શનમોહને લીધે જીવ નિજ અવલોકનમાં પ્રવર્તી શકતો નથી, ત્યારે આત્મસ્વરૂપ સંબંધી વિકલ્પ પણ બેકાર જાય છે અને જીવ પુણ્ય-પાપમાં સાવધાન થઈ - રહી ક્લેશને પામે છે. પરંતુ જાગૃત આત્માર્થી દર્શનમોહનો રસ ઘટતાં અવલોકનમાં આવી રાગ રસ તોડે છે. ('અનુભવસંજીવની' બોલ નં.૭૬)

*

ચૈતન્ય સામાન્ય અભંગ અંગ છે - 'અનુભવ પ્રકાશ' [પર્યાય (ચૈતન્ય વિશેષ) ભંગ - અંગ છે.] ભંગ અંગમાં અહંબુદ્ધિ દુઃખ / આકુળતાને ઉત્પન્ન કરે છે. ('અનુભવસંજીવની' બોલ નં.૭૭)

## તા. ૫-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૧૩, ૨૧૪
## પ્રવચન નં. ૧૭૨

આજથી ૧૨૦ વર્ષ થયાં. ૨૦૪૪ ચાલે છે, ૧૯૨૪. ૧૨૦ વર્ષ થયાં. જ્યાં જ્યાં એમના હાથ નીચે ત્યાં તો લોકો (સમુચ્ચય) ઊજવે છે. છેલ્લી શતાબ્દીમાં, ૧૯૨૦મી શતાબ્દીમાં મહાપ્રજ્ઞાવંત, વિશેષ નિર્મળ જ્ઞાનનો ઉઘાડ જેમને હતો, જેમના વચનો પત્રના આકારે રહી ગયા તોપણ હજારો જીવોનું ધ્યાન ખેંચાણું છે. ચાલુ પરંપરાથી અને સંપ્રદાયથી એમનો વિષય કાંઈ જુદો જ છે, અથવા કોઈપણ પ્રકારની બાહ્ય ક્રિયા, મન-વચન-કાયાની, સંયમ આદિની બાહ્ય ક્રિયા અથવા શાસ્ત્રવાંચન આદિની બાહ્ય ક્રિયા – એ તમામ પ્રકારની બાહ્ય ક્રિયાથી અંતરંગ પરિણમન છે એ જુદી ચીજ છે. (એ તરફ ધ્યાન) બહુ સારી રીતે ખેંચ્યું છે. ચોવીસમાં વર્ષમાં જે કાવ્ય લખ્યું છે – 'યમ, નિયમ, સંયમ આપ કિયો; પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો.' એમાં બધી વાત લઈ લીધી છે. ત્યાગની, સંયમની, ધ્યાનની, પૂજાની, શાસ્ત્રવાંચનની બધી વાત લઈ લીધી છે.

બાહ્ય જીવોને અનાદિનો અજાણ્યો માર્ગ છે. જેમ આંધળો જીવ જોઈ પણ શકતો નથી, જેમ આંધળાને કઈ દિશામાં ચાલવું તે માંડ-માંડ (કોઈ બતાવે તો) ખબર પડે. એવી રીતે અનાદિ મિથ્યાદૃષ્ટિની (એવી સ્થિતિ છે.) તેથી કરીને અનંત અનંત દુઃખી (છે.) ત્રસ પર્યાયમાં તો બહુ મર્યાદિત કાળ છે. પરિભ્રમણ કરતા જીવનો અનંત કાળ તો નિગોદમાં જ જાય છે. નિગોદમાં જાય છે એટલે અનંત દુઃખમાં જાય છે. એવી પરિસ્થિતિ જોઈને નિષ્કારણ કરુણાથી, જેને કોઈ અપેક્ષા નથી, જેને કોઈ અંતરંગ સ્પૃહા નથી. એમણે માર્ગને બતાવ્યો છે, દર્શાવ્યો છે, સારી રીતે દર્શાવ્યો છે.

'ગુરુદેવશ્રી'ને તો પ્રશ્ન પૂછ્યો છે કે, એમના પત્રોમાં મોક્ષમાર્ગ અખંડપણે પ્રસિદ્ધ થાય છે, એમ લાગે છે. 'ગુરુદેવશ્રી' (કહે) હા ! બરાબર એમ જ છે. વાત તો એમ જ છે. કેમકે સ્વાનુભવથી નીકળેલી વાણી છે. એમાં સ્વાનુભવનો વિષય મુખ્યપણે આવ્યા વિના રહે જ નહિ. એટલે એમાં મોક્ષમાર્ગ અખંડપણે જળવાયેલો જે પરંપરા ચાલે છે એ બરાબર ત્યાં પણ છે. લાયક જીવ હોય તો ત્યાંથી પણ એ પામી શકે છે, પામી જાય છે એટલે. સંસ્કાર લઈને આવ્યો હોય તો. વર્તમાનમાં તો એમની ઉપસ્થિતિ નથી. પણ કોઈ જીવ સંસ્કાર લઈને આવે તો એમના વચનથી પામી જાય, એમ છે.

'કૃપાળુદેવ'ના નામથી એમની પ્રસિદ્ધિ છે. ગૃહસ્થ હોવા છતાં 'દેવ'ની પદવીથી એમને સંબોધવામાં આવે છે. ભગવાન તુલ્ય એમને માનવામાં આવે છે. ભગવાન જ માનવામાં આવે છે, ભગવાન તુલ્ય જ માનવામાં આવે છે. કેમકે ભગવાનના વચનમાં પણ તરવાનું નિમિત્ત છે. એમાં લેશે. ૨૧૪ માં એ નિમિત્તની વાત છે. સદ્‌ગુરુના ઉપદેશમાં, નિમિત્તમાં પૂર્ણ શક્તિ છે; પણ તું તૈયાર ન થાય તો (તને) આત્મદર્શન પ્રગટ થતું નથી. ૨૧૪ માં શરૂઆત જ એ રીતે કરે છે.

પૂર્વના કોઈ આરાધક જીવ હશે. વર્તમાનમાં ઘણો પુરુષાર્થ કર્યો છે. આયુષ્ય બહુ ઓછું લઈને આવેલા-૩૩ વર્ષનું. જન્મથી ગણવામાં આવે તો ૩૩ વર્ષ ને પાંચ મહિને એમનો દેહાંત છે. એટલા ટૂંકા ગાળામાં ફક્ત એક ભવ બાકી રહે એટલી હદનો એમનો પુરુષાર્થ હતો.

'શ્રીમદ્ રાજચંદ્રજી'ની જન્મજયંતી છે ને ! બહુ નિર્મળ પરિણતિ લઈને વૈમાનિકદેવમાં ગયા છે. ત્યાંથી મનુષ્યક્ષેત્રમાં આવીને ચરમશરીર ધારણ કરીને નિર્વાણદશાને પ્રાપ્ત કરશે. મુનિદશા અંગીકાર કરશે, સંપૂર્ણ ચારિત્રની સિદ્ધિ થશે અને નિર્વાણદશાની પ્રાપ્તિ થશે. પોતાના નિર્મળજ્ઞાનમાં એમને એ ભાસ્યું છે. એક અંગત કાવ્યની અંદર એ વાત એમણે પ્રસિદ્ધ કરી છે. 'ધરીને એક જ દેહ જાશું સ્વરૂપ સ્વદેશ.' તેથી વર્તમાન મુમુક્ષુ સમાજ ઉપર, હજારો માણસો ઉપર એમનો ઉપકાર વર્તે છે.

જે આત્મભાવો શબ્દો દ્વારા એમના પત્રોમાં પ્રસિદ્ધ થયા એનાથી હજારો જીવોને ઉપકાર થાય છે. અને સો વર્ષમાં તો ઘણાંએ આયુષ્ય પૂરા કર્યા. પણ નવા-નવા પણ ઘણાં એની અંદર (આવે છે). એ તો હંમેશા દુનિયા તો આવાગમનનો મેળો છે, કોઈ શાશ્વત તો છે નહિ. જૂના જાય છે, નવા આવે છે. જૂના જાય છે (અને

નવા આવે છે.) શાસનના પુણ્ય અનુસાર એ બધું બને છે. કોઈ વિરલ જીવ છે એને એ ગોળી વાગે છે (ને) આત્મપ્રાપ્તિ કરી લ્યે છે. એક સામાન્ય નિમિત્ત એને આત્મભાવનું બની જાય છે (અને) એનો બેડો પાર થઈ જાય છે. કદી પણ એવું નથી બનતું કે સંપ્રદાયમાં આવેલા બધા જીવોનો મોક્ષ થાય. એ તો તીર્થંકરદેવની ઉપસ્થિતિમાં પણ બન્યું નથી, બની શકતું પણ નથી. બહુ અલ્પ જીવો ભલે મોક્ષમાર્ગને પામે છે તોપણ સંખ્યાની એમાં કિંમત નથી, પામે છે એની જ બહુ મોટી કિંમત છે, એ જ બહુ મોટી વાત છે.

તેથી આજના દિવસના નિમિત્તે એમના નિર્મળ જ્ઞાનનો, નિર્મળ દર્શનનો, એમની સ્વતંત્ર પુરુષાર્થની યોગ્યતાનો સ્મરણ કરવાનો આ દિવસ છે. જે જ્ઞાનીને ઓળખે છે;... એ તો જ્ઞાની એમ કહેતા જ; જેમ સોનાને ઓળખે છે એમ સોનું કહેતા જ વર્ણન કરવાની જરૂર નથી કે આમાંથી દાગીના બને ને આ પીળું હોય ને આ ચળકતું હોય એ કાંઈ જરૂર નથી. નામ પડતા જ જેમ એની કિંમત આવે છે. એમ કોઈપણ જ્ઞાનીનું એ રીતે નામ પડતા જ એનો મહિમા અને એનું મૂલ્ય સમજાય છે.

ગૃહસ્થદશામાં કોઈ વિશેષ ભાવના એમણે વ્યક્ત કરી હોય તો 'અપૂર્વ અવસર' છે. હમણાં એક પુસ્તક પ્રસિદ્ધ થયું, એકભાઈએ કર્યું છે. વૈરાગ્ય ભાવનામાં અપૂર્વ અવસરના પ્રવચનો પાછળ લીધા છે. ૭૯મી સાલમાં થયેલા 'ગુરુદેવ'ના પ્રવચનો છે. ૭૯ની સાલમાં. ૭૯ની સાલમાં. બહુ જૂના પ્રવચનો શરૂઆતના, શૈલી થોડીક, એ વખતની શૈલી થોડીક જુદી દેખાય છે. વારંવાર એમ કહે છે કે, ગૃહસ્થદશામાં આવા ભાવ તો કોઈ લાવો !! એટલે કે ગૃહસ્થદશામાં શું, મુનિદશામાં હોય પણ બાહ્ય વેશમાં આવા ભાવ જોવામાં આવતા નથી. એ ગૃહસ્થમાં ઝવેરાતનો ધંધો કરતાં કરતાં આ પરિણામ થયા છે એમને !! કેટલી અંતરંગમાં ભાવના વિશેષ રસવાળી હશે કે જે કાવ્યરૂપે જેનો પ્રવાહ થઈને બહાર આવી !! એને ભાવમાં કેટલી ભાવના રહી હશે !! વિચાર માંગે એવો વિષય છે.

એટલે એમ કહેવું છે કે, જેને જ્ઞાની થવું છે અને જે જ્ઞાની થયા છે એને આવા ભાવ હોય છે. કોઈ પ્રદર્શિત થાય, કોઈને એવી પ્રદર્શિત ભલે ન થાય પણ એ દશામાં એ જ ભાવના, એવી જ ભાવના હોય છે અને એવી ભાવનાવાળા જ એ દશાને પ્રાપ્ત થાય છે. એ વાત પણ એમાંથી સ્પષ્ટ થાય છે, પ્રસિદ્ધ થાય છે. એ અસાધારણ

વિષય લીધો છે. મારી મુનિદશા આવી હોય. મારો સમભાવ આવો હોય, ક્રોધ-માન-માયા-લોભના પરિણામને વિશે મારી પ્રવર્તના આવી હોય. એ દશામાંથી આગળ વધીને હું એક એક ગુણસ્થાન ચડીને અરિહંતદશા સુધી પ્રાપ્તિમાં આવું અને શૈલેષીકરણની છેલ્લી અવસ્થાથી પછી આગળ મોક્ષમાં જાઉં. પુરુષાર્થ તો એ અનંતો પુરુષાર્થ છે અને અત્યારે એટલો પુરુષાર્થ ચાલતો નથી પણ એ મારા મનોરથનો વિષય છે એમ કરીને ભાવનામાં આવે છે. એક એમનું અનોખું સ્થાન એ દૃષ્ટિએ છે, અનોખું સ્થાન છે એમનું.

ચાલું વિષય લઈએ. ચાલતો અધિકાર છે 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથમાં બોલ-૨૧૩, પાનું ૭૩ છે.

મુમુક્ષુ :– આવા મહાપુરુષને યાદ, સ્મરણ કરવાથી અમારું શું પ્રયોજન હોય શકે ?

પૂજ્ય ભાઈશ્રી :– એવી મહાનતા, એવા ગુણ, એવી દશા પ્રાપ્ત કરવાની પ્રથમ તો ભાવના થાય. એમના સ્મરણના નિમિત્તે એવી દશા મને પણ પ્રાપ્ત હો એવી ભાવના થાય. અને એમણે જે કાંઈ કહ્યું છે, એમનો જે સત્‌સ્વરૂપ સંબંધીનો ઉપદેશ છે અને સત્‌ને પામવા સંબંધીનું જે માર્ગદર્શન છે એના ઉપર ઉપયોગ જાય, જ્ઞાનની પ્રવૃત્તિ મુખ્યપણે થાય, માત્ર બહુમાનનો રાગ કરીને બેસી રહેવાનો પ્રશ્ન નથી, પણ જ્ઞાનની પ્રવૃત્તિ થાય તે મુખ્ય વાત છે અહીંયાં.

હિત-અહિતની દૃષ્ટિએ વિચારવામાં આવે તો સત્પુરુષના ગુણગ્રામ છે એ દર્શનમોહના રસને તોડવાનું, તૂટવાનું કારણ છે, ગળવાનું કારણ છે. એટલે એમના કોઈપણ જન્મદિવસ કે કોઈપણ બહાને એમના ગુણગ્રામ જ્યાં ગાવામાં આવે છે તો એ ભાવનામાં દર્શનમોહ પણ ગળે છે; તેથી કરીને એમણે પોતે તો કોઈ વક્તા અથવા વાંચનકારને જ્યાં માર્ગદર્શન આપ્યું છે ત્યાં સુધી એમણે એ કહ્યું છે કે હજી જ્યાં સુધી સમ્યક્‌દર્શન અને સમ્યક્‌જ્ઞાન પ્રગટ થયું નથી ત્યાં સુધી તારું જ્ઞાન પારમાર્થિક વિષયને નિજ સ્વરૂપને સ્પર્શ્યું નથી, એ વિષયમાં તું હજી અજાણ્યો છો, તો જે વિષયમાં તું અજાણ્યો છો એ વિષયમાં તું શું કરી શકીશ ? શાસ્ત્રની વાંચેલી કે કોઈ સત્પુરુષની ધારેલી વાત કહીશ તોપણ મૂળમાં એનો તો માર્ગ તો જોયેલો નથી. તો એ કેવી રીતે તું બીજાને બતાવી શકીશ ? તેં જોયું નથી એ તું બીજાને

કેવી રીતે બતાવી શકીશ ? આ તો સ્પષ્ટ પરિસ્થિતિ છે. ધારણા એ કોઈ ચીજ નથી, વસ્તુ નથી. તો પછી જ્ઞાન થયા પહેલા શાસ્ત્રવાંચનનો ઉદય હોય એવા જીવે શું કરવું ? કે મુખ્યપણે એણે સત્પુરુષના ગુણગ્રામ કરવા, એવું માર્ગદર્શન આપ્યું છે. ભક્તિએ ચડી જવાનો વિષય નથી, એ દર્શનમોહને ગાળવાનો વિષય છે એમાં, તત્ત્વ છે એની અંદર. કહેવા પાછળ ભક્તિએ ચડાવી દેવું છે એવી વાત નથી. કે વ્યક્તિપૂજાએ ચડાવી દેવું છે એવી વાત પણ નથી. પણ એ સત્પુરુષના ગુણગ્રામ છે એ ખરેખર દર્શનમોહને ગળવાનું કારણ છે એમ જાણીને એની પાછળનો પરમાર્થ શું છે ? એ વાત એમણે ગૂઢ રાખી છે.

૭૫૧માં તો એ વાત (પણ) ખોલી છે એમણે. સમ્યક્દર્શનનું કારણ લીધું છે. પાત્રતામાં પણ એ પાત્રતાનો મુખ્ય વિષય લીધો છે. ધ્યાન આપે તો ઘણી જગ્યાએ એવી વાત નીકળે છે. એ વિષય બહુ સ્પષ્ટ છે કે, દર્શનમોહનો રસ ગળે, એની શક્તિ ગળે; રસ ગળે એટલે દર્શનમોહની મિથ્યાત્વની–મિથ્યાત્વ કર્મની (અને) મિથ્યાત્વના પરિણામની બન્નેની વાત છે. શક્તિ ગળે ત્યારે એને વર્તમાન જ્ઞાનમાં સ્વરૂપ નિશ્ચય કરવા અર્થે જે યોગ્યતા જોઈએ, જે નિર્મળતા જોઈએ, જે ક્ષમતા જોઈએ તેની પ્રાપ્તિ થાય છે. દર્શનમોહની તીવ્રતામાં કદી સ્વરૂપ નિશ્ચય થઈ શકતો નથી કે જે સમ્યક્ સન્મુખતાનું કારણ થાય. એ અહીંયાંથી થાય છે – દર્શનમોહ ગળે ત્યારે સ્વરૂપ નિશ્ચય થાય છે. એટલા માટે જ્ઞાનીનો સંગ કરનાર, જ્ઞાનીના ચરણમાં રહેનાર જલ્દી પામે છે એનું કારણ એ છે કે એનો દર્શનમોહ ગળેલો છે, એ કારણ છે.

'ગુરુદેવશ્રી' એ માર્ગદર્શન તો આપ્યું છે. 'ધન્ય અવતાર' પુસ્તિકામાં એ વિષય સ્પષ્ટ, બહુ જોરથી એ વિષયને સ્થાપિત કર્યો છે પોતે. ભલે કાર્ય-કારણની ત્યાં ચર્ચા ન કરી હોય પણ આદેશ કહો, ફરમાન કહો, આજ્ઞા કહો એ તો સ્પષ્ટ જ છે.

શું કહે છે અહીંયાં ? કે, **'લોક શું કહેશે' એમ જોવાથી...'** અથવા એવા અભિપ્રાયથી અથવા એવું લક્ષ રહેતા **'ચૈતન્યલોકમાં જઈ શકાતું નથી.'** કોઈ જીવ ચૈતન્યલોકમાં જઈ શકતો નથી. ચૈતન્યલોક એટલે પોતાનું સ્વરૂપ. નિજ ચૈતન્યપ્રકાશ જ્યાં અનંત ભરપૂર ભરેલો પડ્યો છે એમાં ઉપયોગ જઈ શકતો નથી. કેમકે એની દૃષ્ટિ બહાર ને બહાર લોકો પ્રત્યે પકડાયેલી રહે છે. કોઈ જીવને લોકસંજ્ઞા જોવામાં આવે તો એ ગમે તેવી તત્ત્વની વાત કરતો હોય તોપણ નિયમથી મિથ્યાદૃષ્ટિ છે

એ વાત સિદ્ધ થઈ ગઈ છે, સાબિત થયેલી છે, કોઈ પરીક્ષા કરવાની ત્યાં જરૂર રહેતી નથી. આ એક લોકસંજ્ઞા એવો વિષય છે.

'શ્રીમદ્જી'એ એ વિષય ઉપર તો– લોકસંજ્ઞા ઉપર તો પ્રહાર કરેલો છે કે લોકસંજ્ઞા છે એ પ્રત્યક્ષ ઝેર છે એવું જ્યાં સુધી ભાસે નહિ, ત્યાં સુધી સત્પુરુષે જે કહેવા ધાર્યું છે તેના ઉપર વૃત્તિ જાય નહિ. જે પરમાર્થનો વિષય કહેવા ધારે છે એના ઉપર જીવની વૃત્તિ જઈ શકતી નથી. કેમકે એની વૃત્તિ લોકસંજ્ઞામાં રોકાઈ ગઈ છે. સમાજ શું કહેશે ? આમ કરીશ તો સમાજ શું કહેશે ? અને ત્રણે કાળે એવું બનતું આવ્યું છે કે મોટો સમુદાય અજ્ઞાનીનો રહેલો હોવાથી, સંપ્રદાયનો રહેલો હોવાથી; અને આ તો નિકૃષ્ટ કાળમાં તો એમ જ હોય. અને બહુ અલ્પ સંખ્યા આવા કાળમાં તો જ્ઞાનીના પક્ષે હોવાથી, જ્ઞાનીને અનુસરનારા હોવાથી; કોઈ જીવ જ્યારે સંપ્રદાયથી વિખુટો પડીને, સમાજથી વિખુટો પડીને જ્યારે જ્ઞાનીનો સંગ કરવાના ભાવ કરે છે ત્યારે એ સંબંધીની અંદર થોડો ઊહાપોહ અવશ્ય ઉત્પન્ન થાય જ છે. પણ એ કોઈ ગણના કરવાનો વિષય નથી, એને કોઈ મહત્વ આપવાનો વિષય નથી. આત્માના હિતથી કોઈ ચીજ વધારે નથી.

આ જગતમાં મારો આત્મા અને મારું આત્મહિત એનાથી કોઈ વધારે નથી. આવો સીધો હિસાબ આત્માર્થી લગાવી ચૂક્યો છે એનો આ હિસાબ હોવાથી, એનો આ નિર્ણય હોવાથી, સમાજ-ફમાજની કોઈ ગણના કરવાનો પ્રશ્ન એને મન ઉપસ્થિત થતો નથી. આપણે તો ઘણા સંપ્રદાય બદલીને જ આવેલા છે. ઘણાં જીવો એવી રીતે (આવેલા છે.) ખુદ 'ગુરુદેવ'નો પણ ઇતિહાસ એ રીતે રહ્યો છે. તો એક જણને એવું લાગ્યું અમે તો આખો સંપ્રદાય છોડ્યો. સંપ્રદાયને ગણતા નથી અમે. જરાક કિંમત આવી ગઈ. સંપ્રદાયમાં ઘણી ગડબડ છે, સંપ્રદાયવાળા અમને બહુ કહે છે, સગા-વહાલા અમને બહુ કહે છે. શું કર્યું આ તમે ? કેમ આમ કર્યું ? કેમ આમ કર્યું ? પણ અમે કાંઈ ગણતા નથી, અમે કાંઈ ગણતા નથી. એ રીતે અવગણના કરીને આવ્યા એટલે કાંઈ બહુ મોટી વાત છે એમ પણ લેવા જેવું નથી, એમ કાંઈ લેવા જેવું નથી. એ તો ચર્ચા ચાલતી તો એ સામાન્ય વાત છે. મુમુક્ષુને, આત્માર્થીજીવ માટે સમાજની અવગણના કરવી એ તો એક બહુ સામાન્ય વાત છે. એટલો પુરુષાર્થ અને એટલી શક્તિ તો એને બહુ પ્રારંભમાં આવી જ જવી જોઈએ. હજી આગળ તો ઘણો રસ્તો કાપવાનો બાકી છે. સંપ્રદાય બદલ્યો એટલે ગઢ જીતી લીધો એમ

નથી. હજી તો ઘણા ગઢ જીતવાના બાકી છે.

'ગુરુદેવ' કહે છે ને. પાત્રતા માટે, સમ્યક્દર્શનની યોગ્યતા માટે તો ઘણા ગઢ જીતવાના બાકી છે. એમાંનો આ એક ગઢ છે – લોકસંજ્ઞા. લોકસંજ્ઞામાં રહ્યો છે એ ઘણી નીચી યોગ્યતામાં રહ્યો છે, એ સમાજને વશ પડેલો છે. સમાજમાંથી એને આબરૂ–કીર્તિ જોઈએ છે, માન જોઈએ છે, લૌકિક માન જોઈએ છે. ત્યાં સુધી કોઈ રીતે એને આત્મલક્ષ થઈ શકે નહિ. સૈદ્ધાંતિક વાત છે.

માટે જેને આત્માને સાધવો છે એવા **'સાધકને એક શુદ્ધ આત્માનો જ સંબંધ હોય છે.'** સાધકને તો એક શુદ્ધાત્માનો જ સંબંધ હોય છે. એટલે કે મારે મારા સમાજ સાથે સંબંધ નથી, મારે મારા આત્મા સાથે સંબંધ છે, મારા આત્મહિત સાથે સંબંધ છે, સમાજ સાથે મારે કોઈ સંબંધ નથી. આખો સમાજ સોએ સો ટકા વિરુદ્ધ થઈ જાય તો ઘરે બેસીને ઓરડો બંધ કરીને આત્માનું સાધે. પણ સમાજ વિરુદ્ધ થઈ ગયો છે માટે હવે સમાજમાં ભળો એ વાત અહીંયાં આવશે નહિ. એ સમાજમાં જે સત્થી વિરુદ્ધ જાય છે, ઉન્માર્ગે જાય છે એવા સમાજમાં જ્ઞાની ભળતા નથી અને જ્ઞાનીને માર્ગે ચાલનારા પણ ભળતા નથી. 'ગુરુદેવ' તો બહુ સ્પષ્ટ કહેતા કે, સત્‌ને સંખ્યાની કોઈ જરૂર નથી. સત્‌ને સત્‌ના અભિપ્રાયની સાથે સંબંધ છે, સંખ્યા સાથે કોઈ સંબંધ નથી.

મુમુક્ષુ :– સમ્યક્દર્શન થયા પછી સમાજનું કામ છોડી દેવું.

પૂજ્ય ભાઈશ્રી :– સમાજનું કામ ?

મુમુક્ષુ :– છોડી દેવું,.

પૂજ્ય ભાઈશ્રી :– અને એ પહેલાં ? ચાલુ રાખીએ, એ તો ચાલુ રાખશે ત્યાં સુધી (આત્મકલ્યાણ) થશે નહિ. અને થશે નહિ એટલે પછી છોડવાનો પ્રશ્ન રહેતો નથી. સીધો થઈ ગયોને હિસાબ ? આજે મોટો દિવસ છે. 'શ્રીમદ્ રાજચંદ્રનો' જન્મદિવસ છે. એટલે ૨૦-૨૫ મિનિટ ચલાવ્યું. તમને યાદ કર્યાં મનમાં.

મોટો દિવસ છે એટલે વહેલાં ઊઠી જઈએ. નિત્યક્રમમાં વહેલા પરવારવું જઈએ. આત્મહિતના કાર્યમાં અગ્રેસર થવું, બીજા ટોળામાં ભલે અગ્રેસર ન થવાય પણ આત્મહિતના કાર્યમાં અગ્રેસર થવું. આત્માર્થીને તો એવો વિકલ્પ હોય છે. વાત નીકળી એટલે કહું છું. આખા જગતમાં સામાન્ય રીતે સૂર્યોદય થાય એ આસપાસ ઊઠવાનો

સમય હોય છે, નિંદ્રાથી જાગૃત થવાનો (સમય છે). આત્માર્થીને એવો એ રીતે વિકલ્પ હોય છે કે લોકો સાંસારિક કાર્ય શરૂ કરવા માટે જાગે એ પહેલા હું થોડુંક મારું કામ કરી લઉં. લોકો જ્યારે શરૂ કરે, લોકો તો દેહાર્થે, દેહની પ્રવૃત્તિ શરૂ કરવાના છે, એ પહેલા હું આત્માર્થે આત્માની કાંઈક પ્રવૃત્તિ કરી ને આત્માનું કરી લઉં, બીજા જાગે એ પહેલા કરી લઉં. કારણ કે જાગ્યા પછી કોઈકની ડખલ થવાનું નિમિત્ત છે, જાગ્યા પહેલા તો કોઈનું નિમિત્ત નથી. આ એક સામાન્ય (વાત છે.) (એના બદલે મોડા ઊઠવું) મોડા મંદિરે આવવું, મોડા-મોડા સ્વાધ્યાયમાં આવવું (એ યોગ્ય નહિ.)

પોતાનું હિત થાય એ જ સુપ્રભાત છે, બીજું કોઈ સુપ્રભાત છે જ નહિ. અનંત સૂર્ય ઊગીને આથમ્યો, કેટલા કાળમાં ? અનંત વખત ઊગીને આથમ્યો. એ પ્રભાત છે ? મોહનિદ્રા ટળે, દર્શનમોહની નિદ્રા ટળે ત્યારે સુપ્રભાત થયું. 'ભાવનિદ્રા ટાળો' છે ને ? 'શ્રીમદ્જી'એ પહેલું જ વાક્ય લીધું છે.

મુમુક્ષુ :- એમણે (એ જ) ભાવ લીધાં છે. બધાં ભેગા (થતાં હશે ?)

પૂજ્ય ભાઈશ્રી :- એ જાતનો યોગ નહોતો. આમ તો શું છે કે ગુજરાતના ગામડામાં વસતા હતા ત્યારે લોકો ભેગા થતાં હતાં. અમે આ વખતે અગાસની બાજુમાં કાવિઠા ગયા હતા, કાવિઠા ગયા હતા. કાવિઠા 'શ્રીમદ્જી' જે ઘરે રહેતા હતા એ ભાઈના ઘરે અમે ગયા હતા. એને ત્યાં (ઘણાં આવે છે.) 'શ્રીમદ્જી'ના અનુયાયી અત્યારે ઘણાં થઈ ગયા છે એટલે ત્યાં ઘણાં આવે છે. એ પોતે નિવૃત્ત છે એટલે સારું છે, બધાને બતાવે છે. અહીંયાં જમવા બેસતા હતા, અહીંયાં સૂતા હતા. અને જમવા બેસવાનું પોતાના ઘરે હતું જ્યાં અત્યારે પોતે રહે છે ત્યાં ઉપરના માળે. ગાર હતી, અત્યારે તો ત્યાં બધું લાદી ને એવું કરી નાખ્યું છે પણ અહીં ગાર હતી. પેઢીનું મકાન છે એમનું દાદાના (વખતનું). આ જગ્યાએ ચૂલો રાખીને અંબાલાલભાઈ રસોઈ કરતા હતા. અંબાલાલભાઈ રસોઈ કરતા હતા. રસોઈયાની વ્યવસ્થા નહોતી બેસતી. એકાદ વખત બેઠી હતી પણ પછી બેસતી નહિ હોય. બહુ ભક્તિવાળા હતા. પોતે રસોઈ શીખી લીધી કે હવે કૃપાળુદેવ નિવૃત્તિ લઈને આવે એ પહેલા આપણે રસોઈ શીખી લ્યો. બે લાભ. સાન્નિધ્યનો લાભ મળે અને સેવાનો (પણ) લાભ મળે.

એ જ વખતે ઉતર્યા ત્યાં સ્ટેશનેથી કોથળો વાસણનો સાથે લઈ લીધેલો. એ

વખતે સાધનો નહોતા કે પહેલા બધું ગોઠવી રાખે. નાખ્યો કોથળો ખંભે. (કૃપાળુદેવ કહે), અંબાલાલ આ શું છે ? તો કહે, આ વાણસનો કોથળો છે સાહેબ. કેમ ? તો કે આપની રસોઈ કરવા માટે. રસોઈયો (ક્યાં છે) ? તો કહે, હું હવે રસોઈયો. શીખી લીધી, હવે વાંધો નથી. પોતે રસોઈ કરતા. અંબાલાલભાઈ રસોઈ કરે, ખંભાતના મુમુક્ષુ હતા. મકાન દેખાડ્યું હતું ત્યાં, એ કહે મારા ભાઈનું મકાન છે કાકા-દાદાના. ત્યાં એક મોટો હોલ હતો. એ મોટો હોલ હતો લગભગ એક સાથે દોઢસો બસ્સો માણસ બેસે એવો હોલ હશે. એમનો ફોટો રાખ્યો છે આજે. આ જગ્યાએ... આ ફોટો તો અહીંયાં રાખ્યો છે પણ એની બાજુમાં જગ્યા હતી આ જગ્યાએ બેસતા હતા. અને લોકો ગામે ગામથી આવતા હતા. જેમ ખબર પડે કે આવ્યા છે... આવ્યા છે... એટલે આવતા હતા. એ નિમિત્તે ભેગા થતા હતા ને એમ ચાલતું હશે. એમ સામૂહિક વાંચન (ચાલતું હશે.)

કાવિઠામાં પાટ ઉપર બેસતા હતા. જે પ્રવચન માટે બેસવા આવતા એ બધા આજુબાજુના નજીકના જ ગામડા હતા. આ બધા નડિયાદ, ઉત્તરસંડા, કાવિઠા, અગાસ છે. વડવા પણ નજીક છે ત્યાંથી તો. વડવા પણ નજીક છે દસ-પંદર મિનિટ.. વડવામાં તો શું છે કે જ્યારે કાવિઠા ને એ બાજુ રહેતા ત્યારે કોઈવાર એ બાજુ આવી જતાં. એકાંત માટે આવતા. ખંભાતથી નજીક પડતું. એ રીતે સામૂહિક થયેલું પણ એ બહુ એટલું બધું પ્રસિદ્ધ નથી. ત્યાં જઈએ તો ખ્યાલ આવે કે (અહીં ઉપદેશ ચાલ્યો હશે) ઉપદેશ છાયા અને ઉપદેશ નોંધ... મોટા ગ્રંથની અંદર જે ઉપદેશ છાયા અને ઉપદેશ નોંધ જે પાછળ છે એ વખતે એ બોલેલા એ ધારેલું એ લખાયેલું છે. ધારણા કરવાવાળામાં આશય ફેર થયો હોય એ સંભવ રાખીને વાંચવાનું હોય. તો કોઈ વાતમાં એવું લાગે કે આ કદાચ બરાબર નહિ પકડ્યું હોય. બાકી એ વાત બધી મૌખિક થયેલી. ને પત્રોની વાત તો પોતાના હસ્તાક્ષરમાં છે.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– ભાવલિંગમાં તો બહુ મોટું દેવલોકનું આયુષ્ય બંધાઈ જાય છે. પછી દ્રવ્યલિંગ હોય તો દેવલોકમાં જાય. દ્રવ્યલિંગીને કષાય મંદ હોય ને ? એટલે બીજું આયુષ્ય ન પડે (પણ) દેવલોકમાં જાય, દેવલોકમાં જાય એટલે ઓછામાં ઓછું... હલકા દેવમાં જાય તોપણ ઓછામાં ઓછું દસ હજાર વર્ષનું (આયુષ્ય બંધાય).

મુમુક્ષુ :- ભટ્ટારક...

પૂજ્ય ભાઈશ્રી :- ભટ્ટારકને ? ઇડરમાં ભટ્ટારકો હતા. ઇડરનો તો પૂર્વભવ સાથે સંબંધ પણ દર્શાવે છે. પાઠશાળામાંથી 'દ્રવ્યસંગ્રહ' મંગાવ્યું. આ જગ્યાએ 'દ્રવ્યસંગ્રહ' પડ્યું છે.

દ્રવ્યલિંગીને કષાયની મંદતા બહુ હોય. દેવલોકમાં જ જાય. મુમુક્ષુઓ લગભગ નિવૃત્તિમાં રહ્યા હોય ને કષાયની મંદતામાં રહ્યા હોય તો અહીંથી દેવલોકમાં જાય. દ્રવ્યલિંગીને તો ઘણી કષાયની મંદતા છે. એનો તો આચાર જ આખો મુનિયોગ્ય, પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ ઘણો (મંદ કષાય), અત્યંત મંદ કષાયમાં હતાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સ્પષ્ટ ન કરતાં. બહુ સ્પષ્ટ ન કરતાં. હોય એમ કદાચ એમ કે દ્રવ્યલિંગી હોય છે. ભટ્ટારક હોય છે. શું હોય એ હજી નક્કી નથી થતું. પ્રસિદ્ધપણે કોઈ કહી શકાય કે આમ જ છે એવું નથી. મનુષ્યભવ કેવી રીતે આવ્યો છે, બહુ ટૂંકા ગાળામાં, એ વિચાર માગે એવો વિષય છે.

મુમુક્ષુ :- આજે કાવિઠામાં સમકાલીન છે અત્યારે ? એ ભાઈ 'કૃપાળુદેવ'ના સમકાલીન છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ના, એ એમના પિતાશ્રી હતા. ભાઈની ઉંમર હતી લગભગ પાંસઠ સિત્તેર વર્ષની. જે એમનું ઘર હતું એ. છોકરાઓ બધા ધંધે લાગે છે મુંબઈમાં એટલે એ કહે છોકરાઓ ધંધો કરે છે, ધંધો છે મુંબઈમાં મોટો, (હું તો નિવૃત્ત છું.) ને એમના પિતાશ્રી જે હતા એમનું નામ આવે છે. નામ તો ભૂલી ગયા આપણે. એમના પિતાશ્રી હતા. બે ભાઈઓ હતા. એક ભાઈના ઘરે વાંચન થતું હતું અને એક ભાઈના ઘરે જમવાનું થતું હતું. એમના પિતાશ્રીના વખતથી બધી વાતો સાંભળી હોય ને એટલે ઘણી વાત કરતાં હતા. કોઈપણ જાય એટલે એમને બહુ પ્રેમથી બધું બતાવતા હતા.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી' પ્રત્યે ભક્તિ ઘણી ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભક્તિ ઘણી. લગભગ કાવિઠા પત્ર લખ્યો હશે ને ? ઝવેરચંદ તથા રતનચંદભાઈ. એક ભાઈનું નામ ઝવેરચંદભાઈ હતું, એક ભાઈનું નામ રતનચંદભાઈ હતું.

મુમુક્ષુ :- આપણે ગયા ત્યારે ઝવેરચંદભાઈ હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ઝવેરચંદભાઈના દીકરા હતા. રતનચંદભાઈના દીકરા મળ્યા હતા. કેવા પણ ઓળખાણ નહિ, પિછાણ નહિ, જોયેલા નહિ પણ એટલા ચોંટી પડે, વાત મૂકી દો. હલવા ન દે. બે ભાઈ હતા. ઝવેરચંદભાઈનું મકાન અને રતનચંદભાઈનું મકાન.

પ્રશ્ન :- અઠ્ઠયાવીસ મૂળગુણ દ્રવ્યલિંગી હોય તેના ચારિત્ર વફાદાર હોય તે લોકો જ આવી શકે ને ? મિથ્યાત્વ...

સમાધાન :- મિથ્યાત્વ હોય છે, પણ ચારિત્ર બાહ્યાચરણ મંદ કષાયપૂર્વક ચોખ્ખું હોય છે. ચોખ્ખું હોય છે. એમાં ગડબડ ન કરે. એમાં ગડબડ કરે તો એ દ્રવ્યલિંગી પણ નથી. જેમકે અત્યારે છે નગ્ન દિગંબર મુનિઓ દ્રવ્યલિંગી નથી કોઈ. કેમકે આચાર શુદ્ધ નથી. જે શાસ્ત્રોક્ત, જે જિનોક્ત વ્યવહાર છે એ વ્યવહાર શુદ્ધ નથી. જેમકે ઉદેશિક આહારથી ચોકો થાય છે. ચોકો એટલે રસોડું. હિન્દી ભાષામાં ચોકો કહે છે. એમના માટેનું રસોડું થાય છે. એ તો એક આહારનો એક કણ ન લે, પાણીનું એક બિંદુ ન લ્યે. મુનિ ઉદ્દેશિક ન લ્યે. પ્રાણ જાય તોપણ ન લ્યે, દ્રવ્યલિંગી હોય તો ન લ્યે. દ્રવ્યલિંગીની એ મર્યાદા છે. એટલે દ્રવ્યલિંગી નથી રહેતા. પછી એથી નીચે બધું. ખાલી વેશધારી થઈ ગયા.

મુમુક્ષુ :- પછી તો ભૂલનું ફળ ભોગવવાના ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો છે જ ને. એ તો કુદરતનો વિષય તો કુદરતના ઉપર જ છે. કર્મ નથી છેતરાતા, માણસ છે એ છેતરાય છે. કર્મ છેતરાતા નથી.

મુમુક્ષુ :- આપે કહ્યું ને દ્રવ્યલિંગી દેવલોકમાં જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા કષાય બહુ મંદ હોય. દ્રવ્યલિંગી હોય, ભલે મિથ્યાદર્શન હોય પણ કષાય બહુ મંદ હોય તો જ અઠ્ઠયાવીસ મૂળગુણ ને પંચમહાવ્રત ચોખ્ખા કોણ પાળી શકે ? એટલો કષાય મંદ હોય એ જ પાળી શકે. બીજાની તાકાત નથી પાળી શકે. બહુ કષાય (મંદ હોય), પ્રકૃતિગત રીતે બહુ મંદ કષાયી જીવ હોય, અત્યંત મંદ કષાયી જીવ હોય એનું કામ છે. રાગ તીવ્ર કષાય હોય તો અઠ્ઠયાવીસ મૂળગુણ ને સમિતિ ગુપ્તિ પાળવી એ સહેલી નથી. જંગલમાં રહેવું, ટાઢ-તડકો-વરસાદ (પડતા હોય), ટકે ક્યાંથી ? જ્ઞાન તો છે નહિ, નહિતર તો જ્ઞાનથી ટકે. આત્માનો આધાર હોય તો ટકે. આત્માનો આધાર હજી આવ્યો નથી. ટકે કેવી રીતે ? બહુ કષાય મંદ

હોય તો ટકે, નહિતર ન રહી શકે. સીધી વાત છે.

મુમુક્ષુ :- એટલે દ્રવ્યલિંગી હોય, અટ્ઠાવીસ મૂળગુણ પાળતો હોય એ દેવલોકે જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો દેવલોકે જ જાય. એમાં પ્રશ્ન નથી. નવમી ગ્રૈવેયક સુધી જાય છે એ તો. ઊંચામાં ઊંચા દેવલોકે જાય છે. સોળ સ્વર્ગ વટાવ્યા પછી નવ ગ્રૈવેયક છે. નવમી ગ્રૈવેયકે જાય છે. મિથ્યાદૃષ્ટિનું છેલ્લામાં છેલ્લું જવાનું ઉત્કૃષ્ટ મંદ કષાય એના હોય તો અહીં સુધી જાય એથી આગળ ન જાય. પછી સર્વાર્થસિદ્ધિ (છે, ત્યાં) સમ્યક્દૃષ્ટિ જાય છે.

**'સાધકને એક શુદ્ધ આત્માનો જ સંબંધ હોય છે.'** એટલે એને પોતાના શુદ્ધાત્મા સાથે સીધું અનુસંધાન રાખવાનું હોય છે. એક શુદ્ધાત્માને જ નજરમાં રાખે છે, એના ઉપર જ દૃષ્ટિ છે, એની જ મુખ્યતા છે, એની આગળ બધું ગૌણ છે. પોતાના શુદ્ધાત્મા પાસે, પોતાના પરમાત્મા પાસે બધું ગૌણ છે. કોઈની મુખ્યતા નથી. આખા જગતની મુખ્યતા નથી. 'જગત ઇષ્ટ નહિ આત્મથી. મધ્યપાત્ર...' હજી અહીંયાં મધ્યપાત્ર લીધું. મધ્યપાત્ર મહાભાગ્ય. એટલું કરે તો એ મહાન ભાગ્યશાળી છે, મધ્યપાત્ર છે. ઉત્કૃષ્ટ પાત્ર થઈને પામી જશે.

**'નિર્ભયપણે...'** લોકોનો ભય રાખ્યા વિના, **'નિર્ભયપણે ઉગ્ર પુરુષાર્થ** અંતરંગમાં **કરવો,...'** પુરુષાર્થનો બોલ છે. **'નિર્ભયપણે ઉગ્ર પુરુષાર્થ કરવો,...'** પુરુષાર્થની પ્રેરણા છે. **'બસ ! તે જ લોકાગ્રે જનાર સાધક વિચારે છે.'** પોતાના પુરુષાર્થની સાથે એને સંબંધ છે. પુરુષાર્થની ભાવનામાં છે, ભાવના પુરુષાર્થ સહિતની છે અને એ જેટલો પુરુષાર્થ ઉગ્ર, એટલી જ સિદ્ધિ નજીક, એટલો જ નિર્વાણ નજીક. જેટલો પુરુષાર્થ એટલું જ આત્મહિત. બસ ! જેટલો જ્ઞાનનો ઉઘાડ એટલું આત્મહિત એમ નથી કહેતા, જેટલો પુરુષાર્થ એટલું આત્મહિત. મોક્ષમાર્ગમાં તો પુરુષાર્થની જ મુખ્યતા છે.

'ટોડરમલજી'એ જ્યાં મોક્ષમાર્ગનો અધિકાર--નવમો અધિકાર શરૂ કર્યો (ત્યાં) પહેલી વાત એ લીધી-મોક્ષમાર્ગમાં પુરુષાર્થની મુખ્યતા છે. જેટલો પુરુષાર્થ જીવનો થાય એટલો જ આગળ વધે, એટલા ગુણ વિકાસ પામે, એટલો એને સુખ-શાંતિને આનંદ રહે, એટલો એ મોક્ષની નજીક ગયો. તેથી **'બસ ! તે જ લોકાગ્રે જનાર સાધક વિચારે છે.'** તે કાંઈ લોકોની સામે જોવા રહેતો નથી. લોકોની કિંમત પહેલેથી

અભિપ્રાયમાં ટાળી નાખી છે કે આની કાંઈ કિંમત જ નથી. લોકોની કાંઈ કિંમત નથી. બસ ! ત્યાંથી જ એ આગળ ચાલે છે. જ્યારે, જેને લોકોસંજ્ઞા છે એને એની જ મુખ્યતા રહ્યા કરે છે. પણ લોકોનું શું ? પણ સમાજનું શું ? પણ લોકોનું શું ? ને સમાજનું શું ? ભાઈ લોકોનું અને સમાજનું જોતા તું ખોવાઈ ગયો., પોતે તું ખલાસ થઈ ગયો.

મુમુક્ષુ :- પાણીમાં રહેવું અને મગર સાથે વેર કેમ રાખવું ?

પૂજ્ય ભાઈશ્રી :- પાણીમાં રહે અને મગર સાથે વેર. વેર તો કોઈની સાથે નથી આમાં. નિર્વેર માર્ગ છે આ. વેરનો પ્રશ્ન નથી.

મુમુક્ષુ :- લોકસંજ્ઞા ટાળવી અને સમાજમાં રહેવું...

પૂજ્ય ભાઈશ્રી :- લોકોમાં રહેવું નથી. અભિપ્રાય શું છે ? કે આ લોકોમાં મારે રહેવું નથી. રહેવું એ પ્રશ્ન નથી. મારે લોકોમાં રહેવું નથી. લોકાગ્રે જાવું છે. લોકોને છોડીને લોકાગ્રે જાવું છે આ મારો માર્ગ છે, આ મારું ધ્યેય છે, આ મારો અભિપ્રાય છે. પણ જ્યાં સુધી પૂર્વકર્મનો ઉદય છે ત્યાં સુધી વચ્ચે રહેવાનું છે. જે લોકોની વચ્ચે રહેવાનું છે એ લોકોને ગૌણ કરી દેવા પડે છે. તો લોકોનો સંગ છૂટશે, નહિતર લોકસંગ છૂટશે નહિ. અથવા જે લોકસંજ્ઞાનું ઝેર છે એને તો બરાબર મુમુક્ષુ, સાધક ઓળખે છે કે, આ ઝેર તો મારે ખાવા જેવું નથી.

લોકસંજ્ઞાનું ઝેર કેવું છે ? કે લોકોમાં અમુક સ્થાન પામવું, સ્થાન મળ્યું હોય તો એ સ્થાનને ટકાવી રાખવું, અથવા એથી સારું, ઊંચા સ્થાનની પ્રાપ્તિ કરવી. એટલે એની સર્વ પ્રવૃત્તિમાં એ લક્ષ્ય રહ્યા કરે પછી. દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રવૃત્તિ કરે પાછો એ જીવ, પણ બધાયમાં એને લક્ષ એ હોય કે લોકોની અંદર મારું સ્થાન વધે છે કે નહિ ? આ એને લક્ષ હોય. શાસ્ત્ર વાંચે, સરસ વાંચે શાસ્ત્ર વાંચે લ્યો. ઠીક ! oratory હોય. સારું એવું શાસ્ત્ર વાંચે. શાસ્ત્ર વાંચન કરે છે. શું અભિપ્રાયથી કરે છે એના ઉપર એનું મૂલ્યાંકન છે. કેવું કરે છે ? એના ઉપર મૂલ્યાંકન નથી, પણ શું અભિપ્રાય રાખીને કરે છે એના ઉપર એની કિંમત છે. જો લોકસંજ્ઞા હોય એની અંદર તો બહુ નુકસાન કરે. સાંભળનારો નુકસાન કરે એના કરતાં વાંચનારો વધારે નુકસાન કરે. કેમકે એને વધારે ઝેર પીવાઈ જાય છે. રસ ચડે છે. પુણ્યનો ઉદય હોય તો લોકો માન આપે, સ્થાન આપે. એ તો પુણ્યના ઉદયનું કારણ છે, એ કાંઈ

લાયકાતનું કારણ નથી.

મુમુક્ષુ :- સંસાર તો જૂઠનો આગ્રહ, અસત્યનો આગ્રહ કરાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો સંયોગો, રચના જ એવી છે સંસારની. આનાથી આ થાય ને આનાથી આ થાય, આનાથી આ થાય. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી. કેટલાક નિમિત્ત-નૈમિત્તિક સંબંધો સંબંધીના અપેક્ષિત ધર્મો છે. એ તો અપેક્ષિત ધર્મો છે, કાંઈ ત્રિકાળી ગુણ નથી. એટલે એવી લોકની રચના છે કે, જીવને એમ થાય કે આનાથી આનું કાર્ય થાય છે. એક પદાર્થની શક્તિ બીજા પદાર્થનું કામ કરે છે. એ અસત્ય અને જૂઠનો આગ્રહ કરાવે એવી લોકરચના છે. એ 'શ્રીમદ્જી'એ સ્પષ્ટ કર્યું છે. લોકરચના તો એવી છે કે અસત્યનો આગ્રહ થાય. એને સમજે છે એને એ આગ્રહ થતો નથી. એ કોઈથી કોઈનું થવાનો પ્રશ્ન નથી. જે થવાનું જે કાળે, જેમ થવાનું તેમ થવાનું છે એમાં કોઈનું કર્યું કાંઈ થાતું નથી. વસ્તુનું સ્વરૂપ તો, વસ્તુનું જ્ઞાન તો, વસ્તુના સ્વરૂપ અનુસારનું જ્ઞાન તો વીતરાગતામાં જ પરિણમે એ સીધે સીધો વિષય છે.

મુમુક્ષુ :- પુરુષાર્થ અને રુચિથી.

પૂજ્ય ભાઈશ્રી :- રુચિ અનુયાયી છે. જેવી રુચિ છે એવો પુરુષાર્થ. પણ એ તો શું છે કે શરૂઆતવાળાને રુચિનો બોલ લાગુ પડે છે. જેને પુરુષાર્થ પ્રગટ થયો એને તો પુરુષાર્થમાં જ આગળ વધવાનું છે. એને કાંઈ રુચિનો પ્રશ્ન નથી. એ પગથિયું એનું પૂરું થઈ ગયું છે. મુમુક્ષુ જીવને અનાદિથી જેને બાહ્ય રુચિ, અનાત્માની રુચિ, રાગની રુચિ પડી છે; એને અહીંયાં કહે છે કે, જ્યાં સુધી તારી રુચિ ઊલટી હશે, ત્યાં સુધી તારો પુરુષાર્થ સવળો ચાલશે નહિ, પણ રુચિને અનુસરીને ઊંધી રુચિમાં અવળો જ ચાલશે. દિશા બદલવા માટે એ વાતનું સ્પષ્ટીકરણ આવે છે.

મુમુક્ષુ :- ઉગ્ર પુરુષાર્થ.

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ભયપણે ઉગ્ર પુરુષાર્થ કરવો એટલે જોરથી. ઉગ્ર એટલે વિશેષ બળવાન પુરુષાર્થ (કરવો). પુરુષાર્થના પરિણમનમાં બળ હોવું જોઈએ. બળ એટલે ત્યાં ઉગ્રતા, તારતમ્યભેદે પણ એની અંદર ઘણા તબક્કા છે. મુમુક્ષુમાં સમ્યક્ સન્મુખ થાય ત્યારથી સહજ પુરુષાર્થ શરૂ થાય છે. એ જ પુરુષાર્થ આગળ વધીને એક તબક્કે સમ્યક્દર્શન પ્રાપ્ત થાય અને અભેદ સ્વાનુભૂતિ અનુભવ પ્રગટ થાય.

શુદ્ધોપયોગ થાય એટલી હદનો પુરુષાર્થ થાય છે. ત્યારપછી ચોથા ગુણસ્થાનમાં પુરુષાર્થ વૃદ્ધિગત થઈને પાંચમાં ગુણસ્થાન સુધી આવે છે. પાંચમાં ગુણસ્થાનથી આગળ વધીને મુનિદશાનો પુરુષાર્થ આવે છે. મુનિદશામાં આગળ વધીને શ્રેણી માંડવાનો પુરુષાર્થ (આવે છે.) કહેવાય બધો પુરુષાર્થ પણ એના અસંખ્ય ભેદ છે. એક ગુણસ્થાનમાં અસંખ્ય ભેદ છે. ગુણસ્થાન તો ચૌદ સુધીના છે, પણ એક એક ગુણસ્થાનમાં અસંખ્ય ભેદ છે. એવો પુરુષાર્થનો વિષય આખો જુદો જ છે. એટલે સાધકજીવ તો પોતાના પુરુષાર્થને સંભાળે છે. જગતને ને સમાજને સંભાળવામાં એ પોતાનો પુરુષાર્થ ખોઈ બેસતા નથી. એમ કહેવું છે. ૨૧૩ પૂરો થયો.

**સદ્‌ગુરુના ઉપદેશરૂપ નિમિત્તમાં (નિમિત્તપણાની) પૂર્ણ શક્તિ છે પણ તું તૈયાર ન થાય તો - તું આત્મદર્શન પ્રગટ ન કર તો -?? અનંત અનંત કાળમાં ઘણા સંયોગ મળ્યા પણ તેં અંતરમાં ડૂબકી મારી નહિ ! તું એકલો જ છો; સુખદુઃખ ભોગવનાર, સ્વર્ગ કે નરકમાં ગમન કરનાર કેવળ તું એકલો જ છો.**

**'જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે !**
**જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે.'**

**- તું એકલો જ મોક્ષ જનાર છો, માટે તું આત્મદર્શન પ્રગટ કર.**

**ગુરુની વાણી સાંભળી વિચાર કર, પ્રતીતિ કર ને ઠર; તો તને અનંત જ્ઞાન ને સુખનું ધામ એવા નિજ આત્માનાં દર્શન થશે. ૨૧૪.**

૨૧૪. **'સદ્‌ગુરુના ઉપદેશરૂપ નિમિત્તમાં (નિમિત્તપણાની) પૂર્ણ શક્તિ છે...'** પૂરેપૂરી શક્તિ છે નિમિત્તપણાની. પૂર્ણ શક્તિ છે એટલે એ કરી દે છે કામ એમ નહિ. બીજાનું સમ્યક્‌દર્શન એ કરે છે એમ નથી. નિમિત્તપણાનું પૂરું નિમિત્તત્ત્વ છે.

જેમ સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મામાં પૂરેપૂરું નિમિત્તત્વ છે, એવું જ પૂરું નિમિત્તત્ત્વ નિર્ગ્રંથ ગુરુમાં છે, એવું જ પૂરું નિમિત્તત્ત્વ સત્પુરુષમાં છે. આમ છે. જીવને તરવું હોય તો નિમિત્ત અપેક્ષાએ ત્રણેય સરખાં છે. ગુણસ્થાનને અનુસાર ભલે સરખાં નથી તોપણ નિમિત્ત અપેક્ષાએ બધા સરખાં છે. સમ્યક્દર્શનની અપેક્ષાએ બધા સરખાં છે. એમ છે. સમ્યક્જ્ઞાન ને આચરણની અપેક્ષાએ સરખાં નથી તોપણ સમ્યક્દર્શનની અપેક્ષા બધા સરખાં છે.

પ્રશ્ન :- પ્રત્યક્ષ સદ્ગુરુવત્ અને જિનપ્રતિમા એમાં ફેર તો ખરો ને ?

સમાધાન :- સત્પુરુષ આગળ તો કોઈ આવે એવું જ નથી. સત્પુરુષ નહિ, (પણ) પ્રત્યક્ષ સત્પુરુષનો કોઈ વિકલ્પ નથી, એનો કોઈ alternative નથી, એનું કોઈ સ્થાન પૂરી શકાય એવી ચીજ નથી જગતમાં. એમ છે ખરેખર. એટલે તો પોતે 'આત્મસિદ્ધિ'માં નાખ્યું છે કે પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર. જિનેન્દ્રને લીધા છે સામે. બહુ વિવેકનો વિષય છે. જબરદસ્ત વિવેક કર્યો છે. એ તો પ્રત્યક્ષ સત્પુરુષમાં પૂર્ણ નિમિત્ત છે, અહીંયાં એ જ વાત છે. એમ જ કહેવું છે પૂર્ણ નિમિત્ત છે. આ પૂજ્ય 'બહેનશ્રી'ની સાક્ષી છે આ. પૂરું નિમિત્ત છે. પ્રત્યક્ષ સત્પુરુષ એટલે તારા તરવા માટે પૂરું નિમિત્ત છે. અને તેથી એક ન્યાયે એમ કહેવાય છે (કે) એક સત્પુરુષમાં દેવ-ગુરુ અને શાસ્ત્ર ત્રણેય સમાય છે. એવો એક ન્યાય છે. એ વાત એક વખત આત્મધર્મમાં મૂકી હતી. તો આપણા વિદ્વાનો ભડક્યા હતા. કે આ શું ? એ બહુ ઊંડો વિષય છે. સમ્યક્દષ્ટિનો વિષય નિમિત્તતત્ત્વ સમાન છે. ઊઠા એમ ભણાવી શકાય કે, જિનેન્દ્રની તેરમાં ગુણસ્થાન પ્રમાણે જોઈને ભક્તિ કરવી જોઈએ, મુનિની છઠ્ઠા-સાતમા ગુણસ્થાનને જોઈને ભક્તિ કરવી જોઈએ અને સત્પુરુષ ચોથા ગુણસ્થાને છે તો એ પ્રમાણમાં એની ભક્તિ, ભક્તિ જોખી જોખીને કરવી જોઈએ. તો ગણતરીને વિશે એમ લાગે કે વાત તો વ્યાજબી લાગે છે. નહિ ! ભૂલો પડી જઈશ તું. એક સત્પુરુષમાં દેવ-ગુરુ-શાસ્ત્ર ત્રણેય સમાય છે. કેમકે ત્રણેયમાં જેવું નિમિત્તત્ત્વ છે એવું આમાં નિમિત્તત્ત્વ છે. પૂર્ણ શબ્દ વાપર્યો છે. પૂર્ણ શક્તિ લીધી. વિષય એવો છે જરા. વિશેષ કહેશે.

## તા. ૭-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૧૪
## પ્રવચન નં. ૧૭૩

પાનું ૭૩. ૨૧૪. સદ્‌ગુરુના ઉપદેશમાં, **'સદ્‌ગુરૂના ઉપદેશરૂપ નિમિત્તમાં પૂર્ણ શક્તિ છે** (નિમિત્તપણાની પૂર્ણશક્તિ છ) **પણ તું તૈયાર ન થાય તો--તું આત્મદર્શન પ્રગટ ન કર તો--??'** પ્રશ્ન ચિહ્ન મૂક્યું છે. તો અનંત સંસાર ઊભો છે એમ કહેવું છે. જો પોતે તૈયાર ન થાય, પોતે આત્મદર્શન પ્રગટ ન કરે તો અનંત સંસાર ઊભો છે અથવા અનંત પરિભ્રમણ ઊભું છે. સદ્‌ગુરુના ઉપદેશરૂપ નિમિત્તમાં વિશેષતા શું છે ? જે પૂર્ણ શક્તિ ભરી છે એમ કહ્યું એમાં વિશેષતા શું છે ? કે સ્વાનુભવપૂર્ણ વચનો છે; એ વચનમાં અનુભવ રસ છે, અનુભવનો ઉપાય છે, અનુભવની વિધિ છે. બાહ્યદૃષ્ટિનો વિષય નહિ હોવાથી માત્ર અંતરંગ અનુભવદૃષ્ટિનો એ વિષય હોવાથી વિષયની ગંભીરતા ઘણી છે, અને અનાદિથી જગતને વિશે આ માર્ગ છે એ એક રહસ્યમય માર્ગ રહ્યો છે. એટલો ખુલ્લો નથી. બાહ્યદૃષ્ટિમાં એ સમજાતો નહિ હોવાને લીધે એવું ગુપ્તપણું રહ્યું છે અને એ ગુપ્તપણું એનો ઉકેલ થવા અર્થે પોતાની તૈયારી થાય, પોતાની પાત્રતા થાય એ એક જ કાર્ય બાકી રહે છે.

જીવ રાગથી પુણ્યને પહોંચે છે અને તેથી તેને પુણ્યયોગે આવા વચનો કહેનાર એવા સત્પુરુષોનો, સદ્‌ગુરુનો સમાગમ થાય છે, એનો ઉપદેશ મળે છે અને એ પુણ્યનું ફળ છે. પુણ્યનો યોગ છે અને એટલે સુધી જીવ પહોંચે છે; અનેકવાર પહોંચ્યો છે, અનેકવાર એના ફળમાં એ પુણ્ય રાગના ફળમાં એને સત્પુરુષનો સમાગમ થયો છે. સત્પુરુષનો શું તીર્થંકર સુધીનો સમાગમ પણ અનંતવાર થયો છે.

'ગુરુદેવ' કહેતા કે આ જીવે અનંતવાર સમોવસરણમાં કલ્પવૃક્ષના ફૂલથી અને

મણીરત્નોના દીવાથી ભગવાનની પૂજા અને આરતી કરી છે, પણ ઉપદેશ ઝીલવાની જે પાત્રતા, એ પાત્રતા નહિ મળી હોવાને લીધે, નહિ પ્રાપ્ત થઈ હોવાને લીધે નિમિત્ત છે એ નિમિત્ત તરીકે સિદ્ધ થયું નથી અથવા એનો લાભ જે મળવો જોઈએ નિમિત્ત તરીકેનો એ મળ્યો નથી. પણ એ વિશેષતા છે કે એ સદ્ગુરુના ઉપદેશમાં નિમિત્તત્ત્વ છે, અથવા સ્વાનુભવી સત્પુરુષથી માંડીને નિર્ગ્રંથ ગુરુઓ ને અરિહંત કેવળીની વાણીમાં જે નિમિત્તતત્ત્વ છે એ બીજે કાંઈ નિમિત્તતત્ત્વ નથી. એ જ વાત, એ જ શબ્દથી, શબ્દે શબ્દ કોઈ કહે તોપણ એમાં નિમિત્તતત્ત્વ નથી. કેમકે શ્રીગુરુએ જે વાત કહી એ વાત એ જ પ્રમાણે કહે કોઈ તો તેથી એમાં નિમિત્તતત્ત્વ આવે છે એમ નથી. બિલકુલ ડીટો ટુ ડીટો, કાનો માત્ર કાંઈ ફેર ન હોય, માત્રાનો ફેર ન હોય તોપણ અજ્ઞાનીની વાણીમાં, બિનઅનુભવીની વાણીમાં એ નિમિત્તતત્ત્વ નથી. કોઈ જીવને ત્યાંથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઉત્પન્ન થાય અને એનું કલ્યાણ થાય ને આત્મહિત થાય એવું બનતું નથી. અને સદ્ગુરુના ઉપદેશમાં નિમિત્તતત્ત્વ છે તો કેટલું છે ? કે અધૂરું નથી પણ પૂરેપૂરું નિમિત્તતત્ત્વ છે. જેવું સર્વજ્ઞ કેવળીની વાણીમાં પૂરું નિમિત્તપણું છે, એવું સદ્ગુરુની વાણીમાં પણ પૂરેપૂરું નિમિત્તપણું છે.

પ્રશ્ન :- સદ્ગુરુના ઉપદેશ મળવા માટે પુણ્યની જરૂર પડે કે નહિ ?

સમાધાન :- એ પુણ્યની જરૂર પડે પણ એવા પુણ્ય અનંતવાર મળ્યા. એવા પુણ્ય તો અનંતવાર મળ્યા. તો પુણ્યથી જો કાર્ય થઈ જતું હોય તો તો થઈ જવું જોઈતું હતું, ક્યારનુંય થઈ જવું જોઈતું હતું, અનંતકાળ પહેલા થઈ જવું જોઈતું હતું, પણ હજી કાંઈ ખૂટે છે. એ ખૂટતું તત્ત્વ આવવું જોઈએ. અને એ છે પોતાની પાત્રતા.

મુમુક્ષુ :- નિમિત્ત તો ખરું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- નિમિત્ત એટલે શું ? નિમિત્ત તો ખરું ને એમાં શું આવે છે ? અભિપ્રાય શું આવે છે ? કે પહેલા હું એવું પુણ્ય કરું. બરાબર ? પછી હું બીજું કાંઈક કરું. પણ પોતે પાત્રતાની તૈયારી કરે તો એ પુણ્ય તો સહેજે સહેજે ખડની જેમ; અનાજની બાજુમાં ખડ થાય એમ ખડની જેમ ઊગી નીકળે છે. પુણ્ય મેળવવું એ કોઈ મોટી વાત નથી, એ કોઈ મોટી વાત નથી. એ વાત સામાન્ય છે, એમ છે ખરેખર તો. પણ પહેલા પુણ્ય જોઈએ અને એવું પુણ્ય મેળવવું જોઈએ, એવું પુણ્ય મળે તો સારું; તો અનાદિથી જીવ રાગમાં અટક્યો છે એ પાછો રાગમાં ને રાગમાં,

રાગથી વિખુટો પડીને, રાગથી ભિન્ન પડીને, વિમુખ થઈને ખરેખર તો, અથવા રાગનો વિરોધી થઈને; લ્યો વિમુખ થઈને એટલે રાગનો વિરોધી થઈને સ્વભાવને અનુસરવાનો માર્ગ છે. એ માર્ગે ચડવાને બદલે પુણ્યનો રાગ જોઈએ, આવું પુણ્ય તો જોઈએ ઓછામાં ઓછું, એમ કરીને જે રાગનો વળગેલો છે એ જ રાગનો રસ વધુ કેળવે તો રાગથી વિમુખ ક્યારે થાય ? રાગથી ભિન્ન ક્યારે થાય ? આ એક તકલીફ ઊભી થાય છે. પુણ્યનો યોગ હોય છે એ જાણવાનો વિષય છે, તે આદરવાનો વિષય નથી. એમ વાત છે. હોય છે એ જાણવાનો વિષય છે, આદરવાનો વિષય નથી.

પ્રશ્ન :- પ્રશ્ન થાય છે કે આવો ઉપદેશ છે, (કામ) થઈ જાય એવો, તો પોતે શું ભૂલો કરે છે ? કેમ લાભ લઈ શકતો નથી ? ક્યાં અટકે છે ?

સમાધાન :- પોતે પોતાના પ્રયોજનની પ્રાપ્તિમાં બેદરકાર છે. અથવા તો વાસ્તવિકપણે પ્રયોજન જે રીતે સમજણની ભૂમિકામાં સમજાવું જોઈએ, એ સમજણની ભૂમિકામાં એને વાસ્તવિકપણે સમજાયું નથી. નહિતર તો જ્યાં પ્રયોજન લાગે છે ત્યાં તો એ બરાબર કામ કરે છે. સાંસારિક કાર્યોમાં જ્યાં જ્યાં એને પ્રયોજન લાગે છે ત્યાં તો એ બહુ કુશળતાથી, પ્રવીણતાથી બરાબર કામ કરે છે, પૂરી શક્તિ લગાવીને કામ કરે છે. પછી કેટલું સફળ થાય તો બીજી વાત છે, પણ કામ તો આ પ્રકારે જ કરે છે; એટલા જ પ્રકારે જો એ આ બાજુ આવે, જો કે આ બાજુ આવે ત્યારે પ્રકાર એથી ઉત્કૃષ્ટ એટલા માટે થાય છે કે જગતના કાર્યોનો જે લાભ છે, ફળ છે એના કરતાં આ કાર્યનું લાભ અને ફળ બહુ મોટું છે. અને જીવનો સ્વભાવ એવો છે કે જેટલો લાભ મોટો એટલો એનો રસ, રુચિ ને પ્રયત્ન પણ વિશેષ, વધુ પ્રમાણમાં. એ સ્વાભાવિકપણે જ છે. એમ કરતો જીવને કોઈ રોકી શકે નહિ, કે ન તો એના પરિણામ પોતાથી રોકવા ધારે તો રોકી શકાય. એટલે સમજણની ભૂમિકામાં આ સ્વાધ્યાયનો વ્યવહાર છે.

સાચી સમજણ એમાં ભવિષ્યનો પુરુષાર્થ ગર્ભિત છે. છે 'સોગાનીજી'ના પત્રમાં આવે છે કે તેથી જ 'ગુરુદેવ' સમજણ ઉપર વજન આપે છે, કેમકે સાચી સમજણમાં ભવિષ્યનો પુરુષાર્થ ગર્ભિત છે. ખરી વાત સાચી સમજણની છે. કલ્પના ન થાય અને વાસ્તવિક સમજણ થાય એટલો જો સમજણના કાર્યની અંદર યોગ્ય પ્રયત્ન હોય તો આગળનું કામ સુગમ, સરળ છે ને સહેલું છે. નહિતર અનંત ઉપાયે પણ,

કરોડ ઉપાયે પણ કાંઈ થાય એવું નથી. ગમે તે કરી-કરીને તૂટી જાય તોપણ કાંઈ થાય એવું નથી.

પ્રશ્ન :– બહુ ઊંચા પુણ્યની રુચિમાં સંસારની રુચિ રહેલી હોય છે ?

સમાધાન :– પુણ્યની રુચિ એ જડની રુચિ છે, સંયોગની રુચિ છે, અને આત્મા અસંગ તત્ત્વ છે, એનાથી એ વિરુદ્ધ પરિણામ છે. સંયોગની રુચિ (છે એ) આત્મા જે અસંગ તત્ત્વ છે એનાથી વિરુદ્ધની રુચિ છે, સ્પષ્ટપણે એ વાત છે. અહીંયાં તો એ કહેવું છે કે, જેમ તીર્થંકરદેવની, જિનેન્દ્ર પરમાત્માની દિવ્યધ્વનિનો ઉપદેશ તને મળે અને સદ્ગુરુનો ઉપદેશ તને મળે તો એ બન્ને ઉપદેશમાં પૂર્ણ શક્તિ રહેલી છે; તારે સાચી સમજણ કરવી હોય તો. એવું નથી કે અત્યારે હવે જિનેન્દ્રનો વિયોગ થઈ ગયો તો હવે શું કરશું ? એ પ્રશ્ન રહેતો નથી. એટલે તો 'ગુરુદેવ'ની ઉપસ્થિતિમાં 'ગુરુદેવ'નો મહિમા કરતાં એમ કહેવાતું કે, જિનેન્દ્રના વિરહ 'ગુરુદેવ' ભૂલાવે છે. એમ કે જિનેન્દ્ર જે તત્ત્વ આપે છે એ તત્ત્વ સ્વાનુભવથી, સ્વાનુભવ પૂર્ણ વચનોમાં 'ગુરુદેવશ્રી'થી પ્રવાહિત થતું હતું.

પોતાના પ્રયોજનની બહારમાં તક મળે છે (તો) જીવ એકદમ તૈયારી કરવા લાગે છે કે નથી કરતો ? તો અહીંયાં પણ જો તને તક મળી છે તો તું તૈયારી કર ને ! એમ કહેવું છે, સીધે સીધી વાત એ છે. તું તૈયાર ન થાય તો ? એમ કહેવા માગે છે. કે તું ઝપટથી તૈયારી કર ! અને તૈયારી કરવામાં બીજા કોઈ સાધનોની જરૂર નથી. તૈયારી કરવામાં બીજા કોઈ સંયોગોની જરૂર નથી, ફક્ત તારા પરિણામ તૈયાર થાય અને તે પણ મારે મારું આત્મહિત કરવું છે એ સંબંધીનો તીવ્ર રસ, તીવ્ર લગની અને તીવ્ર ભાવનાનું ઉત્પન્ન થવું એટલી જ વાત છે. મારે એક મારો આત્મા જોઈએ અને બીજું કાંઈ ન જોઈએ આ જે એક ખીલી ખોડીને વાત કરી છે. બહુ જબરદસ્ત વાત કરી છે. ખાસ પ્રકારની પાત્રતા, એને ખાસ પ્રકારની પાત્રતા લીધી છે. આ પાત્રતા ન હોય તો તત્ત્વ મળે તોપણ પામતો નથી અને આ પાત્રતા હોય તો પામી જતા વાર લાગતી નથી. એને તત્ત્વ પણ મળી જાય છે, સત્પુરુષ પણ મળી જાય છે, બધું એને મળી જાય છે. એ પછી એવી ભાવના નથી ફળતી એવું જગતને વિશે કદી બનતું નથી.

મુમુક્ષુ :– ભાવનાની કચાશ છે જીવને એટલે જ પુરુષાર્થ નથી ઊપડતો.

પૂજ્ય ભાઈશ્રી :- બસ ! જીવની પાયામાં મોટામાં મોટી ખામી હોય તો આ છે કે, પોતાની ભાવના હજી અંદરથી, અંતરમાંથી ઊગી નથી, થઈ નથી. સંસારની ભાવના ગઈ નથી અને આત્મહિતની ભાવના થઈ નથી. ભાવના નથી થઈ તો શું અંદર કાંઈક રહ્યું છે ? કે જે ગઢ ઓળંગવાનો છે એ સંસારની ભાવના તોડવાનો છે, એ ગઢ તોડવાનો છે. પછી પુણ્યની રુચિ છે તોપણ સંસારની ભાવના છે. અને આ સિવાય નથી તો કાંઈકને કાંઈક એને સંસારની જ ભાવના છે. સીધે સીધી વાત છે. એમાં કોઈ કહે કે એમ નથી પણ તોપણ થતું નથી, એ વાત ખોટી છે. અમને તો સંસારની ભાવના નથી, અમારે તો પામવાની જ ભાવના છે છતાં પમાતું નથી. વાત ખોટી છે. કોઈ પોલ ચાલે એવો વિષય નથી. જો પોતે પોતાનું નિરિક્ષણ કરે, અવલોકન કરે તો એને સમજાય એવું છે કે મારો ભાવ ક્યાં જાય છે ? મારી ભાવના કઈ રીતે ચાલે છે ? એ એને સમજાય એવું છે.

મુમુક્ષુ :- સત્પુરુષનો યોગ મળે છે એ પુણ્યનો ઉદય ખરો કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- પુણ્યનો ઉદય છે, પુણ્યનો ઉદય છે, પૂર્વે એવા કોઈ ભાવ કર્યા છે એનો ઉદય આવ્યો છે, પણ એ પુણ્યને બાળી નાખે તો ? જો એ પુણ્યના ઉદયમાં સત્કાર્ય કરી લે તો તો ધન્ય છે અને ન કરે તો એણે પુણ્યને બાળ્યા. શું કર્યું એણે ? પુણ્યને બાળ્યા. નોટો તો બંડલના બંડલ આપી પણ પોતે દીવાસળી ચાંપી એનું શું ? એના જેવું થાય. તો એને વિવેક નથી રહ્યો પણ એ અવિવેક છે. જે પુણ્યનો યોગ મળ્યો એમાં એણે આત્મહિત વહાલું કરવું જોઈએ, સંસાર અને ભવદુઃખ વહાલું કરવું જોઈએ નહિ. મૂળમાર્ગમાં તો કેટલી વાત લીધી છે. નહોય વહાલું અંતર ભવદુઃખ, નહોય પૂજાદિની કામના, કરી વૃત્તિ અખંડ સન્મુખ, મૂળ માર્ગ સાંભળો જિનનો. એમ લીધું છે. પુણ્યનું મહત્વ સ્વપ્નમાં પણ આંકવું નહિ. જાગતા તો આંકવું નહિ, પણ સ્વપ્નમાં પણ આંકવું નહિ. જો આત્મહિત કરવું હોય તો પુણ્યનું મહત્વ ભૂલી જવા જેવું છે. ખરેખર એ જ સંસાર છે. જગતના જીવો પાપ શું કરવા કરે છે ? પુણ્યનું ફળ મેળવવા માટે. ખરેખર પાપથી કાંઈ અનુકૂળતાઓ મળતી નથી. ધંધો, વેપાર, કારખાના જેના નિમિત્તે આર્થિક લાભ થાય છે એ તો પુણ્યના ફળમાં થાય છે. પુણ્યના ફળમાં, સંયોગ તો પુણ્યના ફળમાં આવે છે, પાપના ફળમાં ન મળે કાંઈ. પણ પ્રયત્ન એ વખતે પાપ કરીને પુણ્યનું ફળ મેળવવાનો છે. પાપાનુબંધી

પુણ્ય છે ને ? પાપનો અનુબંધ કરવાવાળું પુણ્ય છે. એટલે પાપનુબંધી પુણ્યમાં પાપ કરે છે ને પુણ્યનું ફળ એ વખતે આવે છે. એને એવો ભ્રમ થાય છે. જગતની રચના અસત્યનો આગ્રહ કરાવે એવી છે કે જુઓ ! પાપ કર્યું એટલે લાભ થયો. ધંધો કર્યો, દુકાન માંડી, કારખાનું કર્યું એટલે હવે બરાબર આપણને પૈસા હાલ્યા આવે છે. વાત ખોટી છે. એવી કોઈ ગોઠવણ છે જગતની અંદર પાપાનુબંધી પુણ્યની કે, બહુભાગ એમ જોવામાં આવે છે, લગભગ કો'કને જ એવું હોય છે પુણ્યાનુબંધી પુણ્ય, બાકી આમ જ જોવામાં આવે છે. એ લોકોને ઠસી જાય છે, સંયોગ દૃષ્ટિ હોય તો સંયોગ દેખાય છે, કે આમ કરતાં કરતાં જ લાભ થાય. તેથી એ પાપ કરીને પણ પુણ્યનું ફળ મેળવવા માગે છે. એનો અર્થ એ છે કે એને મહત્વ હજી પુણ્ય અને પુણ્યના ફળનું છે. પુણ્ય કરીને પુણ્યનું ફળ મેળવવું અને પાપ કરીને પુણ્યનું ફળ મેળવવું — એમાં પુણ્યનું ફળ મેળવવું એ સામાન્ય છે. એટલે કે સંસાર ફળવો, એના પરિણામ સ્વરૂપે સંસાર ફળવો એ સામાન્ય છે. એટલે એને સંસાર વહાલો છે, સંસાર એને જોઈએ છે, એને આત્માનું કલ્યાણ કરવું નથી. ચાહે પાપ કરીને કે ચાહે પુણ્ય કરીને.

શક્તિ ક્યાં વાપરવી ? આ વિવેક કરવા જેવો છે. જેટલી શક્તિ ક્ષયોપશમ જ્ઞાનની, સમજણની છે અને જેટલી શક્તિ સંજ્ઞી પંચેન્દ્રિયજીવના પુરુષાર્થની છે, વીર્યગુણનો ક્ષયોપશમ છે, આ જ્ઞાનગુણનો ક્ષયોપશમ છે, એનો ઉપયોગ ક્યાં કરવો ? કે યથાર્થ સ્થાનમાં, યથાર્થ રીતે એનો ઉપયોગ થાય તો આત્મકલ્યાણ થાય અને એમ ન થાય તો એનો સંસાર વધે, બીજું કાંઈ થાય નહિ. બેમાંથી એક રસ્તો છે, ત્રીજો રસ્તો નથી.

જુઓ ! એ તો કહે છે. **'અનંત અનંતકાળમાં ઘણા સંયોગ મળ્યા...'** સદ્‌ગુરુના ઉપદેશરૂપ, નિર્ગ્રંથ ગુરુના ઉપદેશરૂપ, તીર્થંકરદેવના ઉપદેશરૂપ, **'અનંત અનંત કાળમાં ઘણા સંયોગ મળ્યા પણ અંતરમાં ડૂબકી મારી નહિ !'** તે અંતરમાં ડૂબકી મારી નહિ, તું અંતર્મુખ થયો નહિ, રાગથી ને રાગના વિષયોથી તું છૂટો પડ્યો નહિ એટલે તારું કાર્ય થયું નહિ. બહિર્દૃષ્ટિથી બાહ્ય પદાર્થો, બાહ્ય સંયોગો, બાહ્ય પ્રસંગો એની મહત્તા રહેવાથી પરિણામ બહાર ને બહાર જ રહ્યાં, બહિર્મુખ જ રહ્યાં. પરિણામ બહિર્મુખપણું છોડીને દિશા બદલ્યા વગર કોઈ રીતે પ્રવર્ત્યા નહિ અને તેથી જે પણ

કર્યું એ બધું સંસાર અર્થે થયું, મોક્ષાર્થે કાંઈ થયું નહિ.

**'અનંત અનંતકાળમાં ઘણા સંયોગ મળ્યા...'** તને તક મળી છે, તક નથી મળી એવું નથી. ઘણા એવું બહાનું કાઢે છે કે શું કરીએ ? અમને અત્યાર સુધી તો જ્ઞાની મળ્યા નહોતા. એમ તને નહોતા મળ્યા એ ક્યાં તને ખબર છે, અનંતવાર મળ્યા અને અત્યારે પણ તું જાગે તો જ્ઞાની મળે એમ છે અને નહિતર મળ્યા એ ન મળ્યા બરાબર છે. 'શ્રીમદ્જી'એ ગાયું છે ને ? 'વિષય વિકાર સહિત જે, રહ્યાં મતિના યોગ; પરિણામની વિષમતા તેને યોગ અયોગ.' જ્ઞાનીનો યોગ તો થાય છે પણ એ અયોગ બરાબર થાય છે. એમનો ઉપદેશ સાંભળીને, એ ઉપદેશને અનુસરવા માટે જીવે પ્રયત્ન શરૂ ન કર્યો. પ્રયત્ન શરૂ તો તું કર ! એમ કહે છે. સફળ તો ત્યારે થઈશ કે પ્રયત્ન શરૂ થશે તો. પણ પ્રયત્ન જ શરૂ ન કર તો એ વાત સ્પષ્ટ છે કે પરિણામની વિષમતા રહી છે અને એ વિષમ પરિણામને લઈને તારી મતિ છે એ જુદી રીતે ચાલે છે અને એ યોગ અયોગ થઈ જશે. યોગ અને અયોગ બે વચ્ચે કાંઈ ફેર રહેતો નથી. યોગ વિયોગ બરાબર જ છે ત્યાં. અયોગ કહો કે વિયોગ કહો.

**'પણ તેં અંતરમાં ડૂબકી મારી નહિ !'** હવે એના અનુસંધાનમાં કહે છે કે **'તું એકલો જ છો;...'** આ બાહ્યદૃષ્ટિ છે એમાં તું બધાને સાથે લેવા માગે છો. આ મારા સંયોગો, આ મારા સંયોગો, આ મારા સંયોગો એ જે જડ-ચેતન, ચેતન-અચેતન અને સચેતન-અચેતન મિશ્ર ત્રણેય પ્રકારના જે સંયોગો છે, એ સંયોગોની મુખ્યતા ને ઉપાધિ લઈને આ બધું છે... આ બધું છે... આ બધું છે... આ બધું છે... એવા જે પરિણામ છે એની સામે તદ્દન વિરુદ્ધ વાત છે. પરિસ્થિતિ આખી જુદી છે. એ બધાની વચમાં પણ તું એકલો જ છો ! એમ કહે છે. તને એમ લાગે છે કે આ બધા સાથે હું છું, આ બધાવાળો હું છું પણ તું એકલો જ છો. શરીરવાળો નથી, રાગવાળો નથી, કુટુંબવાળો નથી, સમાજવાળો નથી કોઈવાળો નથી, એકલો જ છો; તદ્દન એકલો જ છો. ભાવાત્મક ભાવનો પિંડ છો. ભાવ થયા કરે છે, જરાક ધ્યાન ધરીને જો ! બીજું કાંઈ છે નહિ. એકલો જ છો તું.

**'તું એકલો જ છો; સુખદુઃખ ભોગવાનાર, સ્વર્ગ કે નરકમાં ગમન કરનાર કેવળ તું એકલો જ છો.'** સુખદુઃખ જે કાંઈ છે એ ભોગવવામાં એકલો છો કે નહિ ? આ અશાતા ઉત્પન્ન થઈ, કોણ ભોગવશે ? એકલો જ ભોગવશે. કોઈ, ભલે બીજા એમ

લાગશે કે ભાઈ મારે તો કુટુંબમાં મદદ ઘણી છે, આખું કુટુંબ મને અનુકૂળ છે; તો એ કાંઈ દુઃખમાં ભાગ પડાવી જાય કે ન પડાવી જાય ? કોઈ દુઃખમાં ભાગ પડાવતું નથી. કોઈની વેદના કોઈ લઈ શકે ? આ બધા અનુકૂળ હોય તો થોડુંક ઠીક રહે, મનમાં ઠીક રહે કે ચાલો, ભલે વેદના છે પણ બધા અનુકૂળ તો છે. પણ બધા અનુકૂળ છે એમાં તારી વેદના કેટલી ઓછી થઈ ? એમાંથી વેદનાનો એક અંશ પણ ઘટતો નથી. એકલો જ ભોગવે છે. કોઈ એની અંદર કાંઈપણ, પણ અનુકૂળતાના લક્ષે એ ભૂલો પડી જાય છે. પ્રતિકૂળતા હોય તો એને થોડોક વિચાર કરવાની જગ્યા થાય કે અરેરે ! આ જગતમાં મારું કોઈ નથી. તો એવું જ આ જગત છે કે બીજું કાંઈ છે ? તો કે હા ! એવું જ છે. તારું એકત્વ વિચારવાની સ્પષ્ટ પરિસ્થિતિ એ છે કે તારું કોઈ ન હોય તે. ઠીક. ઊંડે ઊંડે જીવને એમ રહે છે કે, મારી પડખે બધા હોય તો સારું, મારું કુટુંબ મારી પડખે હોય, છેવટે મારા જે અંગત-નજીક છે એ બધા મારી પડખે રહે. અત્યારે નહિ તો ભવિષ્યની અંદર જ્યારે મારી પરિસ્થિતિ, શારીરિક પરિસ્થિતિ બરાબર ન હોય, વૃદ્ધાવસ્થા હોય ત્યારે પણ મને કાંઈક અનુકૂળતા રહી જાય તો સારું. એનો અર્થ શું છે ? કે થોડી પણ લાચારી એને ગમતી નથી. અને પરિપૂર્ણ સ્વતંત્રતાનો રસ્તો પકડવો નથી. આ એક વિચિત્ર પરિસ્થિતિ છે જીવના પરિણામની કે, થોડીક લાચારી ન થાય એના માટે એ ગમે તે કરવા તૈયાર છે, અનુકૂળતાઓ રાખવા માટે. અને શ્રીગુરુ પૂર્ણ સ્વતંત્રતાનો ઉપાય બતાવે છે તો એના ઉપર ધ્યાન દેતો નથી. આ પરિસ્થિતિ છે.

**'તું એકલો જ છો; સુખદુઃખ ભોગવનાર, સ્વર્ગ કે નરકમાં ગમન કરનાર...'** સ્વર્ગમાં જઈશ તો એકલો, પાપ કરીને નરકમાં જઈશ તોપણ એકલો. **'કેવળ તું એકલો જ છો.'** આ સિવાય પરિસ્થિતિ બીજી નથી. માને સંયોગવાળો તેથી કાંઈ સંયોગ શાશ્વત રહી જાય છે એમ બનતું નથી. પણ સંયોગનો એને વિશ્વાસ છે, એ સંયોગના વિશ્વાસને લઈને અસંગ તત્ત્વનો વિશ્વાસ અને પ્રતીતિ ઉત્પન્ન કરી શકવાની શક્તિ એની રહેતી નથી, ખોઈ બેસે છે અને એ વિશ્વાસ એને ધોખો, દગો દે છે. જ્યારે સંયોગથી છૂટા પડવાનો કાળ આવે છે ત્યારે એને એનો આઘાત આવે છે. પરિણામ, બહુ થોડા સમયમાં ઘણાં માઠા પરિણામ થાય છે. સમય થોડો રહ્યો હોય તો એનો (અર્થ) એમ નથી કે થોડા સમયમાં ખરાબ પરિણામ થોડા એવું

નથી. બહુ થોડા સમયમાં, અલ્પ સમયમાં ઘણા સારા પરિણામ પણ થઈ શકે છે અને અલ્પ સમયમાં ઘણા માઠા પરિણામ પણ થઈ શકે છે. એવી જરૂર નથી કે ઉગ્ર પરિણામ થવા માટે લાંબો સમય જોઈએ, ઘણો સમય જોઈએ એવી કોઈ જરૂરિયાત નથી.

મૃત્યુના કાળમાં ખ્યાલ આવે, બેશુદ્ધ થઈ જાય છે એનો અર્થ શું ? જે જીવો બેશુદ્ધ અવસ્થામાં દેહત્યાગ કરે છે; કહેવાની જરૂર નથી કે એ ઘણા માઠા પરિણામથી એ સ્થિતિ ઊભી થઈ છે. અત્યંત પરિણામ ખરાબ થાય, એકદમ બગડે.. બગડે... બગડે... એટલા બધા તીવ્ર બગડે કે શુદ્ધ–સાન ગુમાવી બેસે. અરેરે ! આ બધું ! બધું મૂકવાનું ! બધું મૂકવાનું ! ખલાસ. બસ ! અહીંથી જવાનું !? શું થશે મારું ? કેમ થશે ? એક મૃત્યુનો ભય,... હું–મારો નાશ થશે એમ એને અંદરમાં કલ્પના થાય છે. શાશ્વત તત્ત્વનો નાશ થતો નથી, પણ મારો નાશ થશે એના ભયમાં એટલા પરિણામ બગડે છે કે બહુભાગ પ્રાણીઓ બેશુદ્ધ અવસ્થામાં દેહત્યાગ કરે છે. અને પ્રાયઃ તિર્યંચગતિને અને અધોગતિને પ્રાપ્ત કરે છે.

'ગુરુદેવે' શું ઉપદેશ આપ્યો છે ? મારું સ્વરૂપ કેવું બતાવ્યું છે ? મારું અસંગ તત્ત્વ, અવિકારી તત્ત્વ પરમ ચૈતન્યરસનું ધામ છે. ચૈતન્યરસને રગડવો. દુઃખના ભાવને રગડે છે એના બદલે ચૈતન્યરસને રગડવો, તો એને એ મૃત્યુ નથી પણ એક મહોત્સવ છે. પોતાના કલ્યાણનો મહોત્સવ છે. કલ્યાણક છે એનો એ. કલ્યાણ કરનારો પ્રસંગ એને કલ્યાણક કહેવામાં આવે છે. ક એટલે કરનારો. મૃત્યુ જેવું છે શું જગતમાં ? કે મૃત્યુ જેવું જગતમાં કાંઈ છે નહિ. હું શાશ્વત છું, મારી હયાતી કોઈ મીટાવી શકતું નથી, અમીટ તત્ત્વ છું. પછી દેહત્યાગ એ તો એક કપડાં બદલવા જેવો વિષય છે. ઝીર્ણ કપડું થાય; સહેજે ફાટેલું કપડું (હોય) તો કહે, ભાઈ ! શોભાયુક્ત નથી લાગતું. ફાટેલું જરા સારું દેખાતું નથી, હવે નવું પહેરી લ્યો. તો એમાં કાંઈ એને હરખ-શોક થતો નથી. એ તો સ્વાભાવિક વાત છે. કપડું ઝીર્ણ થાય, બદલીને બીજું એની જગ્યાએ આવે એ તો બહુ સ્વાભાવિક ફેરફાર છે. એ કાંઈ એવો અસ્વાભાવિક ફેરફાર નથી, તો દેહ ઝીર્ણ થાય છે. ઝીર્ણ થાય કે ન થાય એના બદલવાના સમયે એ બદલાય તો એ કુદરતી વ્યવસ્થા છે. જીવના આધીન કોઈ વ્યવસ્થા નથી.

આના ઉપર એક શાસ્ત્રની ગાથા છે. બનતા સુધી 'નિયમસાર'ની ગાથા છે.

**"જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે !** એકત્વભાવના છે.
**'જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે.''** બધે એકલો જ છે. સંસારમાં પણ એકલો છે અને મોક્ષમાં પણ એકલો છે. હું બીજાથી જુદો એકલો છું એ ભૂલી ગયો છે. એને એમ છે કે ના.. ના.., આ બધું છે, આ બધું છે, મારે આ બધું છે એમાં પોતાનું એકત્વ, એકત્વ ભૂલ્યો છે, એકપણું ભૂલ્યો છે. જીવ એકલો જ મરે છે, ભાવ મરણ પણ જીવ એકલો કરે છે અથવા દ્રવ્ય મરણ પણ જીવ એકલો જ કરે છે. કોઈ અનુકૂળ સંયોગો એને એ પ્રસંગમાંથી બચાવી શકતા નથી. પોતાની ઇચ્છા કે બીજા ઘણાઓની ઇચ્છા એમાં કામ આવતી નથી. કોઈ દેશનું કલ્યાણ કરનારો હોય, તો આખો દેશ એમ ઇચ્છે કે આ ન મરે તો સારું. એને તો એના જીવનમાં પોતાનો કાંઈ સ્વાર્થ નથી અને આખા દેશનું કલ્યાણ કરવા માટે એણે પોતાનું જીવન વ્યતીત કરવાનો કર્યું છે, અને હજી એક જ એનો અભિપ્રાય અને કાર્ય રહ્યા છે માટે એ હવે રહી જાય તો સારું. એમ બની શકતું નથી.

ગાંધીજીએ આઝાદી અપાવીને ? એમ કહેવાય છે. પણ જે સંજોગોમાં જે બનવાનું હતું એ બન્યું એ નિમિત્ત તો થયા, એમાં કાંઈ પ્રશ્ન નથી. તો એને ને એને ગોળીએ દીધા. ઠીક. કેમ ? જેને ગોળીએ દીધા એને એમ થયું કે મારા અભિપ્રાય પ્રમાણે આ ચાલતા નથી. વાત તો ટૂંકામાં ટૂંકી આટલી હોય છે. આ મારા અભિપ્રાય પ્રમાણે ચાલતા નથી. તો એને જેટલું કર્યું એ બધું એને ગૌણ થઈ ગયું. અત્યારે મારા અભિપ્રાય પ્રમાણે ચાલે, ભલે એણે આઝાદી અપાવી હોય કે ન અપાવી હોય એની સાથે કોઈ સંબંધ નથી, અત્યારે મારા અભિપ્રાય પ્રમાણે ચાલે. પતી ગયું. આમનું આયુષ્ય પૂરું થવાનો યોગ, એના પરિણામનો યોગ - બધો મેળ ખાઈ ગયો. બાકી કોઈ કોઈને પોતાની ઇચ્છાથી કોઈનું આયુષ્ય પૂરું કરી શકે છે (એવું નથી.)

મુમુક્ષુ :- પરિણામ તો એવા કર્યા ને ?

પૂજ્ય ભાઈશ્રી :- પરિણામ ચોક્કસ કર્યા. આયુષ્ય હોત તો એને એ જ બંધ થયો હોત. આયુષ્ય હોત અને જીવી ગયા હોત, અથવા ગોળી ન જ વાગી હોત અને એને પકડી લીધો હોત તો એને તો(પણ) અપરાધ થઈ ચૂક્યો એ થઈ ચૂક્યો. મર્યા માટે અપરાધ થયો એમ નથી. ભાવ કર્યા માટે અપરાધ થઈ ગયો છે. એમ. એ જીવ એકલો કરે છે.

મુમુક્ષુ :– એને જે અનુમોદના આપે એને બધાને એવો જ બંધ પડે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– બધાને થાય. બધાને એવા જ પ્રકારનો બંધ પડે છે. ઠીક કર્યું, સારું કર્યું, ત્યાં એમ જ કરવાની જરૂર હતી, એમ ન કર્યું હોત તો આમ થઈ જાત – આ બધા અનર્થદંડના પરિણામ છે. શેના પરિણામ છે ? અનર્થદંડના (પરિણામ છે.) એને કાંઈ પ્રયોજન નથી પણ અમથો અમથો પરિણામ કર્યા કરે છે. એમ જ કર્યું, બરાબર કર્યું છે નહિતર મુસલમાનનું આમ થઈ જાત, ઢીકણું આમ થઈ જાત. ભાઈ કાળ હીણો છે ને બધું હીણું જ થતું આવે, હવે એકેય 'દી સારો આવે એ જોવાનો પ્રશ્ન રહેતો નથી. દિવસે દિવસે ઊતરતું કામ થયું. તું તારું હિત કરી લે, એ બધાની વચમાંથી તું તારું હિત કરી લે. તો તું ડાહ્યો, તો તું વિવેકી નહિતર તો સંસાર આમ ને આમ ચાલે છે, ને એમ ને એમ ચાલવાનો છે. તારા પરિણામથી સુધરી જાય, ફેરફાર થઈ જાય એ વાતમાં કાંઈ માલ નથી.

પ્રશ્ન :– ગોડસેની નિંદા કરી એ કે એણે આવું ન્હોતું કરવું જોઈતું તો...

સમાધાન :– એની નિંદા કરી અને ગાંધીજીની દયા પણ એ તો ઠીક છે, એમાં કાંઈ આપણને કાંઈ બીજો લાભ થાય એવું છે ? એથી કાંઈ આત્માને લાભ છે એવું તો નથી. એટલે તો મૂળ ઉપદેશમાં તો પરલક્ષનો નિષેધ કરાવ્યો છે. પરલક્ષ, સંયોગોનું લક્ષ એમાં આત્માનું ક્યાંય ભલું થાય એવી જગ્યા નથી. એટલે કીધું ને **'અંતરમાં ડૂબકી મારી નહિ !'** શું કર્યું નહિ ? અંદરમાં ડૂબકી મારી નહિ. કાં તો ગોડસેની નિંદા કરી અને કાં ગોડસે સારો ગણ્યો. બેમાંથી એકપણ વાત સારી નથી. કાં તો ગાંધીજીની નિંદા કરી, કાં તો ગાંધીજીને સારા ગણ્યા પણ એમાંથી એકપણ વાત સારી નથી. એમાં આત્માને શું કહો ? બેમાંથી એકપણ વાતમાં આત્માને શું લાભ થાય ? કોઈ લાભનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :– ભાવ કર્યા ખાલી...

પૂજ્ય ભાઈશ્રી :– એ તો મમત્વ કર્યું ને ? આ મારો દેશ ! આ મારા દેશના લાભમાં આણે આમ કર્યું. આથી વધારે કાંઈ છે ? પણ દેશ તારો છે નહિ. દેહ તારો છે નહિ (તો) દેશ તારો ક્યાંથી લાવ્યો તું ? આ દેહ છે એનો ત્યાગ થાય છે, રાખ્યો રહેતો નથી.

પ્રશ્ન :– તો પોતાનો દેશ ક્યો ?

સમાધાન :– આ દેશ પોતાનો સ્વ પ્રદેશ તે પોતાનો દેશ છે. અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્ર, ચૈતન્યક્ષેત્ર જેના એક એક પ્રદેશમાં અનંત અનંતગુણના નિધાન ભરેલા છે. મહા અલૌકિક પરમેશ્વરપદ છે એની વિસ્મૃતિ કરવી, એને ગૌણ કરવો ને બીજી નાની-મોટી વાતને મુખ્ય કરવી મહા અવિવેક છે એ તો. એમ કહેવું છે.

મુમુક્ષુ :– બહારમાં આ મારા અભિપ્રાય સાથે ચાલતો નથી આ અભિપ્રાય રહી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પછી ગમે તે યોગ્યતા અનુસાર પરિણામ થાય પણ પ્રકાર તો એક જ છે કે, હું ઇચ્છું એમ થવું જોઈએ. તો પોતાની ઇચ્છા પ્રમાણે બીજા પરમાણુઓ કે બીજા જીવો પરિણમે એ તો વસ્તુ વ્યવસ્થા તો જગતમાં છે નહિ. ચક્રવર્તી માટે નથી, ઉત્કૃષ્ટ પુણ્યધારી માટે નથી, તીર્થંકરો માટે નથી, ઇન્દ્રો માટે નથી, કોઈના માટે નથી. જગતના બધા પરમાણુ કે બધા જીવો એના વિકલ્પ કે એના ભાવ અનુસાર પરિણમે એ વસ્તુની સ્થિતિ જ નથી, અશક્ય છે, અસંભવિત છે. એટલું વસ્તુનું સ્વરૂપ જાણીને એ બાજુનું લક્ષ છોડીને, ઉડાવીને અંતરમાં ડૂબકી માર ! એવી સીધી વાત છે. અને લક્ષ ઉડાવવા માટે આ વાત છે કે એકલો જ છો તું. એકલો કહેવાનું, બતાવવાનું, કહેવાનું એટલે બતાવવાનું આ કારણ છે. છે ખરેખર એકલો જ તે. એકલો મરે છે, એકલો જન્મે છે, દેહત્યાગ એનો એકલાનો થાય છે, અને મોક્ષમાં જાય તોપણ એ એકલો જશે, બધા (સાથે) આવશે એવું બનવાનું નથી. તીર્થંકર ઘણાને લઈને મોક્ષમાં જાય છે એમ કહે છે પણ એ કાંઈ (સાથે) આવવાનો પ્રશ્ન (નથી), એમના કાળમાં, એમના નિમિત્તથી ઘણા જાય છે એટલી વાત છે. એમ બીજી રીતે સાથે જવાનો પ્રશ્ન હોતો નથી.

**'—તું એકલો જ મોક્ષ જનાર છો, માટે તું આત્મદર્શન પ્રગટ કર.'** એકલો જ મોક્ષે જનારો છો. એકલે હાથે જ તારે તારું કામ કરવાનું છે. તારું કાર્ય તારે જ કરવાનું છે. સંયોગની અનુકૂળતા કામ કરી દેશે એ વાત રહેતી નથી. અથવા શ્રીગુરુ છે, તો શ્રીગુરુ તો માર્ગ બતાવે છે, માર્ગના દેખાડનારા છે. ચાલનાર, ચાલવું પોતાના પુરુષાર્થથી છે એમ પાત્ર જીવ બરાબર સમજે છે. માટે આત્મદર્શન પ્રગટ કરવાની અહીંયાં પ્રેરણા છે. પહેલા પણ એ શબ્દ વાપર્યો છે આત્મદર્શન પ્રગટ કરવું. લીધું ને ?

**'તું આત્મદર્શન પ્રગટ ન કર તો---??'** એમ લીધુ છે. આત્મદર્શન કહો, સમ્યક્દર્શન કહો, બધું એક જ છે, એક જ વાત છે. **'માટે તું આત્મદર્શન પ્રગટ કર.'** એ અહીંયાંથી શરૂઆત છે. આત્મદર્શનથી મોક્ષમાર્ગની શરૂઆત છે. સંક્ષેપ બંધ માર્ગનો અને મોક્ષમાર્ગનો એટલો જ છે કે, જીવ ઉદય બાજુ પરિણામમાં ઢળે છે તો બંધ માર્ગે જાય છે અને ઉદયની સાથે જેને કાંઈ સંબંધ નથી, નિમિત્ત-નૈમિતિક પણ સંબંધ નથી એવો જે ત્રિકાળી સ્વભાવ એ બાજુ ઢળે છે તો મોક્ષમાર્ગે જાય છે. બંધમાર્ગની અને મોક્ષમાર્ગની સંક્ષેપમાં આ વ્યવસ્થા છે. જેટલો ઉદય તરફ ઢળે છે —પછી ઉદયની અંદર રાગનો ઉદય, અંદરમાં જુઓ તો કર્મનો ઉદય, બહારમાં જુઓ તો સંયોગો – નોકર્મનો ઉદય એ બાજુ ઢળે છે. જેટલા અંશે એ બાજુ ઢળે એટલો બંધ માર્ગ, અને સ્વભાવને ઓળખીને સ્વભાવ બાજુ નમે, સ્વભાવની મુખ્યતા કરીને સ્વભાવમાં એકાગ્ર થાય, સ્વભાવનો રસ ઉત્પન્ન કરે, સ્વભાવમાં એકત્વ કરે તો મોક્ષ પામે. ટૂંકામાં ટૂંકો સંક્ષેપ બંધમાર્ગ અને મોક્ષમાર્ગની આ અનાદિ અનંત નિયત વ્યવસ્થા છે. અનાદિ અનંત નિયત (વ્યવસ્થા છે), આમાં કાંઈ ફેર પડે એવું નથી. કોઈપણ જીવ માટે આમાં બીજી વાત નથી. કે આ જીવ માટે આમ ને બીજા જીવ માટે બીજું એ પણ આની અંદર નથી. બધા જ જીવો માટે એકસરખો ન્યાય, એકસરખું ત્રાજવું, એક સરખા કાંટા તોલા છે. જેટલો ઉદય બાજુ જાય (એટલો) બંધ (માર્ગે છે), (અને) એટલો અંતરંગમાં સ્વભાવ તરફ જાય (તો) મોક્ષ બાજુ (જાય છે.) સીધી વાત એટલી છે.

હવે માર્ગદર્શન આપે છે. **'ગુરુની વાણી સાંભળી વિચાર કર,...'** 'ગુરુદેવ'ની ઉપસ્થિતિ હતી. જ્યારે આ વિષય ચાલતો હતો ત્યારે ઉપસ્થિતિ હતી. એટલે **'ગુરુની વાણી સાંભળી વિચાર કર...'** જુઓ ! ક્યાંય એવું આવે છે ? હું કહું છું, હું કહું છું... એમ આવે છે ક્યાંય ? એ વિશિષ્ટતા છે. જ્યાં પણ કાંઈક કહેવા યોગ્ય લાગે છે ત્યાં જે ઉપકારી નિમિત્ત હોય ત્યાંથી વાત લ્યે છે. 'સોગાનીજી'ના એક એક પત્રની શૈલી તમે જોશો તો આ એક કુદરતી વિષય આવી ગયેલો છે. કે 'ગુરુદેવ'નો આ ઉપદેશ મેં લીધો છે. અથવા કોઈ સિદ્ધાંત સ્થાપે, તત્ત્વનો વિષય સ્થાપે તો શ્રીગુરુએ આમ કહ્યું છે એમ છેલ્લે પણ બધી વાત જોડી દ્યે. કે 'ગુરુદેવ' આમ, 'ગુરુદેવ'નો કહેવાનો આશય આવો હતો અથવા 'ગુરુદેવ'નો આવો આશય હું સમજ્યો છું ઇ અહીંયાં મૂકી દીધી વાત. વાત પોતે કરતા હોવા છતાં મોટાના નામે ચડાવે છે.

મુમુક્ષુ :- માતાજી ચર્ચામાં પણ પહેલાં 'ગુરુદેવ'નું નામ લેતાં.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સ્વભાવિક જ છે. સ્વભાવિક જ છે અને આ કાળમાં શરૂઆત તો 'ગુરુદેવે' કરી છે. લાભ લીધો દરેકે પોતાની યોગ્યતા અનુસાર. જે વાત આવી છે એ તો 'ગુરુદેવ'થી આવી છે એમાં તો બેમત નથી. આ વાત તત્ત્વની પ્રસિદ્ધ નહોતી. સંપ્રદાયમાંથી શરૂઆત કરી. એમ લાગ્યું કે સંપ્રદાયમાં ભાવનાને દબાવવી પડે છે, મુક્ત રીતે સત્‌ને પ્રગટ કરી શકાતું નથી, કહી શકાતું નથી. સંપ્રદાયોના બંધન તોડવામાં કેટલીક વિટંબણાઓનો સામનો કરવો પડે એવું હતું એ બધું મંજૂર કર્યું, સંમત કર્યું, માર્ગને પિસ્તાલીસ વર્ષ સુધી એકધારો સ્પષ્ટ કર્યો છે.

મુમુક્ષુ :- ઉદય સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી ? એનો સ્વભાવ શું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે આ જે રાગ છે અને જ્ઞાનનો ક્ષયોપશમ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પર્યાય સુધી છે. બહારના નિમિત્તોને નૈમિત્તિક સંબંધ ક્યાં સુધી છે ? પર્યાય સુધી છે. સ્વભાવ પારિણામિકભાવને કોઈ સાથે કાંઈ સંબંધ છે નહિ. એટલે ત્યાં પહોંચવું છે. ઉદય સાથે જોડાવું નથી પણ ઉદયની સાથે કોઈ કાળે જેને કાંઈ સંબંધ થયો નથી, થતો નથી ને થશે નહિ એવું જે સ્વતત્ત્વ છે, એવો જે સ્વભાવ છે એની સાથે જોડાવું છે તો સંસાર કપાય છે. આમ સંસાર જોડાય છે, આમ સંસાર કપાય છે. સીધે સીધી વાત છે. આ બાજુ જાય એટલે (સંસાર બાજુ જાય તો) સંસાર પાંગરે, આ બાજુ જાય એટલે (સ્વતત્ત્વ બાજુ જાય તો) સંસાર મટે. એક બાજુ રોગ વધે અને એક બાજુ રોગ મટે. બસ !

મુમુક્ષુ :- પોતાના મૂળ તત્ત્વને કોઈની સાથે કાંઈ પણ જાતનો સંબંધ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ સંબંધ નથી. સ્વભાવ છે એ અનાદિ અનંત નિરાલંબ નિરપેક્ષ છે એનો સંગ કર ! સ્વભાવનો સંગ (કર) ! સ્વસંગ કર, પરસંગ છોડ. સીધી વાત એ છે. **'ગુરુની વાણી સાંભળી વિચાર કર,...'** સાંભળ્યા જ કરે એમ નહિ સાંભળીને વિચાર કર. કેવી વાસ્તવિકતાથી વાત આવે છે ? કેટલા રસથી વાત આવે છે એમાં ? મને ક્યાં લાભનું કારણ છે ? કેવી રીતે લાભનું કારણ છે ? એનો એને વિચાર કરવો જોઈએ. જો સાંભળે અને વિચાર ન કરે, વાંચે અને વિચાર ન કરે તો સાંભળ્યું, વાંચ્યું ક્યાયં ટકતું નથી. ત્યાં ને ત્યાં ખલાસ થાય છે. ત્યાં ને ત્યાં એ જ વખતે એણે છોડી દીધું જાણે, એ પરિસ્થિતિ ઊભી થાય છે. એટલે એનું વાંચવું,

સાંભળવું નિરર્થક જાય છે ખરેખર તો. એ તો બુદ્ધિ ચાલી એ તો સામાન્ય માણસની બુદ્ધિ ચાલી એણે પણ એટલી તો વાત કરી છે. વાંચે પણ નહિ કરે વિચાર તે સબ સમજે નહિ સઘળો સાર. પહેલા તો બધી આવી કવિતાઓ આવતી હતી. એ જમાનામાં આવી બધી કવિતાઓ ચાલતી.

**'ગુરુની વાણી સાંભળી વિચાર કર,...'** વિચાર શેના માટે કર ? પ્રતીતિ કરવા માટે અને ઠરવા માટે. ગુરુની વાણીમાં સ્વતત્ત્વ ભરપૂર આવે છે. સ્વતત્ત્વ સ્વતત્ત્વનો રસ લઈને આવે છે એ વાત અને એની તું પ્રતીતિ કર, વિશ્વાસ લાવ અંતરંગમાં કે આવો જ હું છું અને એમાં ઠરી જા. વિચાર કર, જ્ઞાન-શ્રદ્ધાન અને ચારિત્ર-ત્રણેય વાત આવી. શ્રદ્ધાન, જ્ઞાન અને ચારિત્ર થતાં તને અનંતજ્ઞાન અને સુખનું ધામ, અનંત જ્ઞાન અને અનંત સુખ - અનંત વિશેષણ બન્નેને લાગે છે.

**'અનંત જ્ઞાનને અનંત સુખનું ધામ એવા નિજ આત્માના દર્શન થશે.'** જુઓ એ અનંત જ્ઞાન અને અનંત સુખ મોજૂદ છે, અત્યારે પણ આત્મામાં મોજૂદ છે, પણ અત્યારે એ હયાત છે એની પ્રતીતિની ખામી છે. વાત તો કહેનારની પ્રમાણિકતાથી માનીએ તોપણ પ્રતીતિ ન આવે તો માન્યું ન માન્યા બરાબર થઈ જાય છે. કેમકે એનું બીજું માનવું, બીજી પ્રતીતિ ઊભી છે. મારું સુખ સંયોગમાં છે અને રાગમાં છે એ પ્રતીતિ ટળે નહિ, આ પ્રતીતિ થાય નહિ ત્યાં સુધી અંતરમાં ઠરવાનો અવસર આવે નહિ. પ્રતીતિ થતાં ઠરે. પ્રતીતિ ન થાય ત્યાં સુધી એનું જે જ્ઞાન છે એ અજ્ઞાનપણાને, અજ્ઞાન એવું નામ પામે છે. એ જ્ઞાન એવું નામ પામતું નથી.

મુમુક્ષુ :- આમાં સુખ-દુઃખ ભોગવનાર જીવ એકલો જ થયો તો આત્મને સુખ-દુઃખની પ્રતીતિ નથી તો કેવી રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :- આ સંસારમાં ઘડીક રાજી થાય છે ને ? ઇચ્છા પ્રમાણે સંયોગો મળે ત્યારે જીવ ઘડીક રાજી રાજી થઈ જાય છે. અથવા એને જે રાગ રુચે છે, જે રાગનો અનુભવ એને સુહાય છે, એ રાગનું નિમિત્ત મળતા રસ સહિત એ રાગ ઊપજે છે; ત્યારે એને એમ લાગે છે કે, બસ ! મને આમ જ હો, મને આમ જ હો એ એનું સુખ છે. ભલે એમાં પરમાર્થે દુઃખ હોવા છતાં એને સુખ માન્યું છે ને ? એટલે એમ કહે છે કે તને સુખ અને દુઃખ સંસારમાં એકલાને જ થાય છે, સુખ દુઃખ ભોગવનાર તું (એકલો છો), એવું ભોગવનાર પણ તું એકલો છો, આકુળતા

ભોગવનાર પણ તું એકલો જ છો. એમ બે પ્રકારના પરિણામ સંસારમાં થાય છે. એક તીવ્ર આકુળતાના અને એક મંદ આકુળતાના. પણ મંદ આકુળતાને લોકો મંદ આકુળતા નથી સમજતા પણ એને સુખ સમજે છે અને તીવ્ર આકુળતાને લોકો દુઃખ સમજે છે. જ્ઞાનીઓ બન્નેને દુઃખ સમજે છે. પણ એને સુખ માન્યું છે એટલે એમ કહે છે કે ઇ પણ તું જો, તારા અનુભવને તપાસ. એમ કહીને એમ કહેવું છે. એને ક્યાં એનો ઉપયોગ લઈ જવો છે ? એનું લક્ષ ફેરવવું છે ? કે તારા અનુભવને તપાસ. ચાલતા તારા પરિણામનું અવલોકન કર કે, તને તીવ્ર આકુળતા પણ તને એકલાને થાય છે, મંદ આકુળતા પણ તને એકલાને થાય છે. જન્મ પણ તારા એકલાનો થયો, હવે દેહત્યાગ થશે, દેહનો સંયોગ પણ તને એકલાને થયો, હવે ભવિષ્યમાં દેહત્યાગ થશે તોપણ તારો એકલાનો જ થશે, સાથે સાથે બીજા કોઈ દેહત્યાગ કરશે નહિ.

આ કહે છે ને કે મરે એની પાછળ સતી થાય છે. એ તો ક્યાંય પોગી(પહોંચી) ગયો. કોઈ સાથે જાતું નથી. એ ક્યાં જાય ? આ ક્યાં જાય ? કાંઈ મેળ હોતો નથી. એ તો પરિણામ પ્રમાણે જાય છે. અને અહીંયાં દેહત્યાગ કર્યો, બીજા સમયે ઊપજી ગયો (હોય છે), ત્યાર પછી તો આ બધી ક્રિયામાં તો અસંખ્ય સમય ગયો હોય છે. એને ને એને કાંઈ (સંબંધ નથી). રસ્તામાં કાંઈ ભેગું થાય એવું છે નહિ. સાથે જાય તો તો રસ્તામાં પણ સાથે જ જવા જોઈએ ને ? આ તો એક સમયમાં બીજે ઊપજી જાય છે. રસ્તો તો એક સમયનો કે બે સમયનો છે. અસંખ્ય સમય પછી અહીંયાં દેહત્યાગ કરે એ આયુષ્ય પૂરું થયું હોય તો એને કાંઈ મેળ ખાતો નથી.

મુમુક્ષુ :– એકત્વભાવના. બાર ભાવનાનું બહુ સરસ વર્ણન છે.

પૂજ્ય ભાઈશ્રી :– એકત્વભાવનાનો આ વિષય છે.

મુમુક્ષુ :– ઘણા આચાર્યોએ બાર ભાવના (લખી છે.) 'શ્રીમદ્જી'એ બાર ભાવના લીધી છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'શ્રીમદ્જી'એ બાર ભાવના લખી છે. ઘણા આચાર્યોએ લખી છે. બાર ભાવના વૈરાગ્યની ઉત્પાદક છે અને મુનિદશા સુધી એ ચિંતવના હોય છે. એ પ્રકારની સ્વરૂપ ચિંતવના મુનિદશામાં પણ બાર ભાવનાની હોય છે. સાચો સ્વાર્થ જીવ નથી સમજ્યો. એકત્વ ઉપરથી તો એ નીકળે છે કે, જીવ સાચો સ્વાર્થ સમજ્યો નથી; કે હું એકલો છું અને મારે એકલાને ભોગવવું પડશે. જે પરિણામ

કરીશ એ મારે એકલાને ભોગવવું પડશે. હું એકલો જ છું, એકલો એકલો હું ભાવ કર્યા કરું છું, એનું ફળ હું એકલો એકલો ભોગવ્યા કરું છું. હવે મારું હિત ને મારું સુખ ક્યાં ? એ સાચો સ્વાર્થ સમજે તોપણ એ સાચે રસ્તે આવી જાય. સ્વ અર્થ નામ સ્વ પ્રયોજન. સ્વાર્થ એટલે પેલો સ્વાર્થ સંસારી પ્રયોજનનો નથી. પોતાનું પ્રયોજન સિદ્ધ કરવાની વાત છે. શું કહ્યું ?

'**ગુરુની વાણી સાંભળી વિચાર કર, પ્રતીતિ** કર અને એમાં ઠર; **તો તને અનંત જ્ઞાન** અને અનંત **સુખનું ધામ એવા નિજ** સ્વરૂપના, નિજ સ્વભાવના તને **દર્શન થશે.**' મોજૂદ પડ્યું છે. અનંત જ્ઞાન અને અનંત સુખ અત્યારે ભરપૂર મોજૂદ પડ્યું છે એ એની હયાતીની તને પ્રતીતિ છે. એ પ્રતીતિનો વિષય હયાતી છે. એ જો પ્રતીતિમાં આવી ગઈ તો તને બધું ગૌણ થતા વાર લાગશે નહિ. એ જાતની અહીંયાં પ્રેરણા આપી છે.

**પૂર્ણતાને લક્ષે શરૂઆત કરનાર - ઉપાડ કરનાર જીવને, વર્તમાન ચાલતા પ્રગટ પરિણામમાં, જ્ઞાનક્રિયામાં, જ્ઞાન સ્વભાવનું (ગુણના ગુણનું) અવલોકન પૂર્વક સંશોધન ચાલતાં, તેમાં કષાયના અભાવ સ્વભાવનું ભાસન થાય છે અર્થાત્ (જ્ઞાન) 'હું નિરાકુળ સુખરૂપ સદાય છું'–તેમ નિર્ણય થાય છે, તેમાં પોતાના અનંત જ્ઞાન અને અનંતસુખનો પ્રતિભાસ છે. જેથી સ્વરૂપનો અપૂર્વ મહિમા 'જ્ઞાનમાં' ઉપજે છે અને લક્ષ ત્યાંથી ખસતું નથી. આવા લક્ષપૂર્વક સ્વભાવના મહિમા સહિતનું ઘોલન તીવ્ર આત્મરસને ઉત્પન્ન કરે છે. ત્યાં સૂક્ષ્મ વિકલ્પ છે, તો પણ તેના ઉપર લક્ષ નથી-તેની ઉપેક્ષા રહે છે, ત્યાં સંયોગોની ઉપેક્ષા તો સહજ જ છે. ધ્યેયભૂત સ્વ-સ્વરૂપ ઉપર વારંવાર 'આ હું'–એમ ઉપયોગની ભીંસ જાય છે - સહજ જાય છે. આ રીતે સહજ પુરુષાર્થ, સહજ ભેદજ્ઞાનની અહીંથી શરૂઆત થઈ, સ્વાનુભવમાં પરિણમી જાય છે. આ પ્રકારે સ્વરૂપની સાચી ઓળખાણ થતાં, જગતનાં પદાર્થો અને શુભભાવનો મહિમા (જે અનાદિથી હતો તે) મટે છે. અપૂર્વ અતિન્દ્રીય સુખની તુલનામાં બાહ્ય ભાવો–દ્રવ્યો દુઃખના કારણપણે - નિમિત્તપણે જણાય છે. પુન્યનો ઉદય તુચ્છ ભાસે છે.**

**('અનુભવસંજીવની' બોલ નં.૯૮)**

મુમુક્ષુ જીવ શુભમાં જોડાય, પણ પોતાની શોધકવૃત્તિ વહી ન જાય—પોતાના સત્સ્વરૂપની શોધ ચાલુ રહે એવી રીતે જોડાય. શુદ્ધતાનું ધ્યેય છોડીને શુભનો આગ્રહ ન રાખે.

વળી તે 'હું શુદ્ધ છું, હું શુદ્ધ છું' કરીને પર્યાયની અશુદ્ધતા ભુલાઈ જાય—સ્વચ્છંદ થઈ જાય એમ ન કરે; શુષ્કજ્ઞાની ન થઈ જાય, હૃદયને ભિંજાયેલું રાખે. ૨૧૫.

તા. ૧૬-૧૨-૧૯૯૫, વચનામૃત–૨૧૫
પ્રવચન નં. ૩૬૧

(બોલ) ૨૧૫. મુમુક્ષુ જીવકો યથાર્થ ભૂમિકામેં કૈસે પરિણામ હોતે હૈં ઉસ વિષયમેં માર્ગદર્શન હૈ. **'મુમુક્ષુ જીવ શુભમેં લગતા હૈ, પરંતુ અપની શોધક વૃત્તિ બહ ન જાય...'** ચલી ન જાય. બહ ન જાય માને ચલી ન જાયે. **'અપને સત્સ્વરૂપ કી શોધ ચલતી રહે ઇસ પ્રકાર લગતા હૈ.'** ગુજરાતીમાં એમ જ છે. વૃત્તિ વહી ન જાય–ચાલી ન જાય.

મુમુક્ષુ :– શોધકવૃત્તિ વહી ન જાય.

પૂજ્ય ભાઈશ્રી :– વૃત્તિ વહી ન જાય. વહી ન જાય એટલે ચાલી ન જાય. આપણે બોલવામાં વહી ન જાય એમ કહીએ. વહી ન જાય. મારવાડીમાં પણ વહી જાય શબ્દ

છે. વહી જાય નહિ. એમ. વહી જવું અને બહી જવું (બે) અલગ-અલગ છે. પોતામાં સુખ સ્વરૂપની શોધ ચાલુ રહે એવી રીતે જોડાય. અપને સ્વરૂપમેં કિસ પ્રકાર લગતા હૈં. **'ઇસ પ્રકાર લગતા હૈ.'** વો જરા અનુવાદ બરાબર નહીં હૈ. શુભમાં જોડાય. મુમુક્ષુ જીવ કે પરિણામ શુભ પ્રસંગોંમેં જુડતે હૈં, લગતા હૈ. લગતા હૈ માને જુડતા હૈ. વો પૂજા-ભક્તિ કરતાં હૈ, શાસ્ત્ર-સ્વાધ્યાય કરતા હૈ, દયા, દાન, યાત્રા, વિકલ્પ આદિ જો ભી, તો ઉસકા પરિણામ તો શુભ કાર્યમેં લગતા હૈ, જુડતા હૈ.

**'પરંતુ અપની શોધકવૃત્તિ...'** રખકરકે. ક્યા ? શોધક વૃત્તિ ચાલુ રખકરકે વો જુડતા હૈ. વો ભી શુભ પ્રસંગમેં જુડતા હૈ, લગતા હૈ તો અપની સ્વરૂપ કી ખોજ ચાલુ રખકર કે જુડતા હૈ. યહ બાત મહત્વપૂર્ણ હૈ. ઇસલિયે ઉનકો શાસ્ત્ર સ્વાધ્યાય કે દૌરાન માલૂમ પડેગા કિ મેરા આત્મા શુદ્ધ પરિપૂર્ણ જ્ઞાયકસ્વરૂપ હૈ તો ભી ઉસકી શોધક વૃત્તિ ચાલુ રહેગી. ઔર કલ્પના કરનેવાલે કી શોધક વૃત્તિ નહીં રહેગી, નહીં હોગી. મૂલમેં સે ક્યા અંતર હૈ. દેખા ફર્ક ? શુરૂમેં ફર્કકા કામ હો ગયા. કિ જિસકી શોધકવૃત્તિ ચાલુ હૈ ઉનકો ઉસ પ્રકાર કે અંતરાય મેં કિ, મેરે સ્વરૂપકી ખોજ કરના મુજે બાકી હૈ. મુજે ઉસકા અનુભવ હોના બાકી હૈ. મુજે પ્રાપ્તિ હોના બાકી હૈ. યહ બાત સમજ મેં આતી હૈ.

જબ કોઈ સુનકર કે વિકલ્પમેં ચઢ જાતા હૈ, કિ મૈં શુદ્ધ હૂં... શુદ્ધ હૂં... ઉસકો ખોજકવૃત્તિ તો હૈ નહીં તો વો તો ક્યા કહેગા ? કિ ગુરુને બતાયા કિ તેરા આત્મા શુદ્ધ હૈ. મૈંને ભી મેરે ગુરુકી બાત કો માન્ય કર લિયા. ઔર મૈં ભી કહતા હૂં કી મેરા આત્મા શુદ્ધ હૈ. ઔર ગુરુ કહતે હૈં કિ તુમ ઉસકા નિશ્ચય કરો. તો મૈંને નિશ્ચય ભી કર લિયા. લેકિન કૈસે નિશ્ચય કિયા ? શોધ કરકે, ખોજ કરકે નિશ્ચય કિયા કિ વૈસે હી કર લિયા ? અપની અંતરખોજ ચલી યા નહીં ચલી ? નહીં ચલી ઔર માન લિયા, વો માનના સહી નહીં હૈ.

મુમુક્ષુ :– ગૃહીત મિથ્યાત્વ હો ગયા.

પૂજ્ય ભાઈશ્રી :– વો ગૃહીત મિથ્યાત્વ હો ગયા.

મુમુક્ષુ :– જૈસે બહુત જગા આતા હૈ કિ, બાહ્ય ઉપયોગ ઔર પરલક્ષી ઉપયોગ કી બાત ચલ રહા થા, બસ ઉસકા કનેકશન. ઉસ તરહ યહાઁ પર ભી બાત આતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :– હાં. ઉસમેં વો કલ પ્રશ્ન ઉઠા હૈ. વો કલકા જો પ્રશ્ન હૈ ઇસકે

અનુસંધાન મેં વો લેતે હૈં. આજ સુબહ વોકીંગમેં ભી થોડી ચર્ચા ચલી થી કિ ભાવના ઔર વિકલ્પ મેં અંતર ક્યા હૈ ? મૈં શુદ્ધ હૂં, મૈં ભિન્ન હૂં, જ્ઞાનસ્વરૂપી હૂં ઇસલિયે ભિન્ન હૂં. સર્વથા, સબસે સર્વથા મૈં; સબસે સર્વથા મૈં ભિન્ન જ્ઞાનમય હૂં. ઐસી જો ભાવના હૈ, તો ઉસકે સાથ વિકલ્પ ભી ચલતા હૈ. પ્રશ્ન વો ચલા થા સુબહ. .... કિ વિકલ્પ ભી હૈ ઔર ભાવના ભી હૈ તો વિકલ્પ ઔર ભાવના હૈ ઉસમેં અંતર મુમુક્ષુ કૈસે છાંટે ? વિકલ્પ મેં ચલ રહા હૈ, કલ્પના મેં ચઢ ગયા યા ભાવના મેં રહા હૂં ? યે વચનામૃત ઇસકે લિયે બહુત બઢિયા હૈ, બહુત અચ્છા હૈ. વો જો પહલા પેરેગ્રાફ હૈ ઉસમેં વો બાત એક નેચરલ કોર્સ મેં આઈ હૈ. ક્યોંકિ દૂસરે પેરેગ્રાફમેં વો લિખા હૈ કિ **'મૈં શુદ્ધ હૂં, મૈં શુદ્ધ હૂં'** ઐસા કોઈ કર્તા હૈ વો પર્યાય કી અશુદ્ધતા કો ભૂલ જાતા હૈ તો સ્વચ્છંદ હો જાતા હૈ. તો દૂસરે પેરેગ્રાફમેં લિયા હૈ. તો સ્વચ્છંદ કિસકો નહીં હોગા ? કલ્પના મેં ચઢકરકે સ્વચ્છંદ કિસકો નહીં હોગા ? યા વિકલ્પ મેં કૌન-સા જીવ નહીં ચઢ જાયેગા ? કિ જિસકો શુરૂ સે હી ખોજકવૃત્તિ હૈ. ભલે શાસ્ત્ર-સ્વાધ્યાય મેં વો બાત સમજતા હૈ, પૂજા-ભક્તિ કરતા હૈ, પંચકલ્યાણક મેં ઉત્સાહ સે ભાગ લેતા હૈ, દયા-દાન કરતા હૈ, શુભ મેં લગતા હૈ, જુડતા હૈ. પરંતુ અપની શોધકવૃત્તિ ચલી જાતી નહીં હૈ, વો રખકરકે. ચલી નહીં જાતી ઇસકા મતલબ કિ વો ચાલુ રહતી હૈ. શોધકવૃત્તિ ચાલુ રહતી હૈ ઔર યે શુભોપયોગ ઉસકો હોતા રહતા હૈ.

મુમુક્ષુ :– મૈં શુદ્ધ હૂં, ભિન્ન હૂં યે સિદ્ધાંતબોધ દિખાતા હૈ. ઉપદેશબોધ પરિણમિત હુએ બિના જ્ઞાન કી, વૈરાગ્ય–ઉપશમમેં આયે બિના યે ભાવના કહાં સે આયેગી ?

પૂજ્ય ભાઈશ્રી :– નહીં. ઇસમેં ક્યા હૈ કિ યે સિદ્ધાંત કી બાત સમજના ઔર સ્વરૂપ કી ભાવના દોનોં અલગ-અલગ બાત હૈં. સિદ્ધાંત મેં દિમાગ લગાના એક બાત હૈ. ક્યોંકિ વો બૌદ્ધિકસ્તર કા વિષય હો ગયા. સિદ્ધાંતમેં દિમાગ કો લગાના વો બૌદ્ધિક લેવલ કી બાત હો ગઈ. ઔર આત્મસ્વરૂપ કી ભાવના હૈ વો feeling stage મેં એન્ટ્રી કરાયેગા. ક્યોંકિ ભાવના તો વેદન ઉત્પન્ન કરેગી. તો વો દોનોં અલગ-અલગ લાઇન હો ગઈ. વિષય એક હૈ, લાઇન દોનોં અલગ-અલગ હૈં.

મુમુક્ષુ :– લેકિન ભાવના તો જ્ઞાનમેં સે હોતી હૈ ન ? અનુભવમેં સે આતી હૈ ન ?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના અનુભવમેં સે ભી આતી હૈ. થોડી ચર્ચા ઐસે હી ચલી થી. કિ કોઈ મુમુક્ષુ હૈ, ઉપર કે સ્તર મેં નહીં આયા હૈ. ભાવભાસન તક નહીં પહુંચા હૈ, ઉસકો સ્વરૂપ કી ભાવના લાભ કરતી હૈ યા નહીં કરતી ? યા આતી હૈ યા નહીં આતી હૈ ? ઇસ પ્રકાર કી ચર્ચા ચલી થી. પ્રશ્ન વો થા. તો બાત વો ઉઠી કિસી ભી સ્તર કા મુમુક્ષુ હો. કભી-કભી કિસી મુમુક્ષુ કો અવ્યક્ત રુચિ હોને સે, સ્વરૂપકી બાત સુનતે હી ઉસકો રસ આતા હૈ, રુચિ આતી હૈ વો ભી સ્વરૂપ કી ભાવના મેં આ જાતા હૈ. ઔર વહ ભી ભાને લગ જાતા હૈ. તો ઉસકે લિયે વો પાબંદી નહીં હૈ કિ વહ તો અભી શુરૂઆતવાલા હૈ. આત્મભાવના ઉસકો નહીં હોની ચાહિયે યા નહીં કરની ચાહિયે, ઉસકો આત્મભાવના નહીં કરની ચાહિયે ઐસી પાબંદી નહીં હૈ.

મુમુક્ષુ :- વહ ક્રમકા ઉલ્લંઘન નહીં હૈ. વહ ભાવના કો રોક નહીં સકેગા. અંતરંગ સે ઉઠેગી

પૂજ્ય ભાઈશ્રી :- સવાલ હી પૈદા નહીં હોતા. જો નેચરલ કોર્સસે આયેગી અંદર સે ભાવના ઉસમેં ખુદ ભી નહીં રુકેગા ઔર રોક સકેગા ભી નહીં.

મુમુક્ષુ :- ઔર ઉસે શંકા ભી નહીં ઉઠેગી.

પૂજ્ય ભાઈશ્રી :- તો ઉસકો ઉસ બાત કી શંકા નહીં હોગી કિ મૈં કિસ સ્તર મેં હૂં ? ક્યા હૂં ? કૈસા હૂં ? યે બાત હો જાયેગી. ઔર સ્વરૂપ કી ભાવના મેં સ્વરૂપ પ્રાપ્તિ કી ભાવના હૈ. ક્યા હૈ ? પ્રાપ્ત હો ગયા હૈ વો ભાવના નહીં હૈ. ક્યા અંતર હૈ ? જો કલ્પના મેં ચઢતા હૈ, વિકલ્પ મેં આ જાતા હૈ ઉસકો તો ઐસા લગતા હૈ કિ મૈં ઇસ સ્વરૂપ હૂં. અનુભવ નહીં હૈ ફિર ભી વો માન લેતા હૈ કિ મૈં તો પરમાત્મા હૂં. જબકી ઉનકો સ્વરૂપ કી ભાવના મેં સ્વરૂપ પ્રાપ્તિ કી ભાવના ગર્ભિત હૈ.

મુમુક્ષુ :- અપ્રાપ્તિ કા નિષેધ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અપ્રાપ્તિ કા ખેદ હૈ, નિષેધ હૈ. ઐસા મુજે અનુભવ હો. પ્રાપ્ત અર્થાત્ અનુભવ હો. વહ બાત ઉસકો ભાવના મેં હૈ. ઇસલિયે ઉસકી ભૂલ નહીં હોતી હૈ. પર ઉસકે લિયે ઉસકી ખોજ ચલતી હૈ.

મુમુક્ષુ :- ઇસલિયે વહ ક્રમ વિપર્યાસકી ભી ઉત્પાદક નહીં હૈ, ક્રમ વિપર્યાસ હોને નહીં દેતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, વહ ભાવના ક્રમવિપર્યાસ નહીં હોને દેગી. વહ ભાવના ક્રમવિપર્યાસ હોને દેગી નહીં. ઐસી બાત હૈ. વહ બાત કી થી ન ? વહ કોઈ બુઢી ઔરત થી. તો વહ 'બહેનશ્રી' કે દર્શન કરને કો આઈ. કહા કિ, હમારા જ્યાદા દિમાગ હે નહીં. અબ તો યાદદાસ્ત ભી કમ હો ગઈ હૈ. આંખે ભી કામ નહીં કરતી. કાન ભી સુનને કા કામ નહીં કરતા. વૃદ્ધાવસ્થા આ ગઈ હૈ. હમકો ક્યા કરના ચાહિયે ? તો 'બહેનશ્રી'ને ક્યા કહા ? અરે..! માજી ! આપ તો શુરૂ સે હી ભાવનાવાલે હો. વહાં રહતે થે (ઇસલિયે) જાનતે થે. તો આપ તો ભાવનાવાલે હૈં હી. આપકી ભાવના ઔર બઢાઈએ. સ્વભાવ મેં ક્યા, સ્વરૂપ પ્રાપ્તિ કી ભાવના હૈ ઉસકો કિ, મુજે મેરા સ્વરૂપ પ્રાપ્ત હો ! (ઔર) જ્ઞાયક તો સુનતે હી થે. જ્ઞાયકસ્વરૂપ કો 'ગુરુદેવ' રોજ સુનાતે થે. હમારે યહાં માહોલ ઐસા હી હૈ. લેકિન સ્વરૂપ પ્રાપ્તિ કી ભાવના ઉસકો ભી આત્મભાવના કહતે હૈં. ઔર સુનતે હી, પઢતે હી સ્વરૂપ કા રસ આયે, વહ ભી સ્વરૂપકી ભાવના હૈ. વહ ભી આત્મભાવના હૈ. ઔર આત્મભાવના ભાવનારૂપ મેં હોને સે કભી નુકસાનકારક નહીં હૈ.

મુમુક્ષુ :- 'આત્મજાગૃતિ' મેં સ્પષ્ટીકરણ આયા ન કિ ભાવના કે કિતને પ્રકાર હૈં ? ભાવના કે કિતને પ્રકાર હૈં ? સદ્‌ગુરુઓ કે પ્રતિ વિનય વહ ભી આત્મભાવના હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વહ ભી આત્મભાવના હૈ. સત્પુરુષ કે પ્રતિ બહુમાન હુઆ વહ ભી આત્મભાવના હૈ. સત્સંગ મિલે વહ ભી આત્મભાવના હૈ.

મુમુક્ષુ :- મુમુક્ષુ ભૂમિકામેં સત્પુરુષ કે પ્રતિ વૃત્તિકા રહ જાના વહ ભી ઉસ ભૂમિકા કી નિર્વિકલ્પ અવસ્થા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા વહ ભી હૈ. ઉસકો ઉસ ભૂમિકા કે નિર્વિકલ્પ તક લિયા હૈ.

મુમુક્ષુ :- ભાવના કે સાથ પુરુષાર્થ રહેતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, feeling stage મેં આ ગયા ન ? feeling stage મેં આને સે પુરુષાર્થ ચાલુ હોગા. અબ જો વિકલ્પ મેં હોગા, વહ વિકલ્પ કરતે-કરતે થક જાયેગા. તો થક જાને કે બાદ ઉસકો સમસ્યા આયેગી કિ, અરે..! મૈં બહુત ટાઇમ સે સ્વરૂપ કા રટણ, ચિંતવન કરતા હૂં. મેરા પુરુષાર્થ ક્યોં નહીં ચલતા હૈ ? મુજે પ્રાપ્તિ ક્યોં નહીં હોતી હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી ! કોઈ સ્વચ્છંદ મેં ચઢ જાયે તો કિસીકો યે વિકલ્પ ભી

નહીં આતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :– તો ફિર ભાવના કા પ્રશ્ન ભી નહીં રહતા હૈ. જો વિકલ્પ હી મિટ ગયા તો ભાવના હૈ કિ વિકલ્પ હૈ વહ પ્રશ્ન ભી નહીં રહા. ચર્ચા કા પ્રશ્ન તો એજન્ડા પર વહ હૈ કિ વહ વિકલ્પ હૈ યા ભાવના હૈ ? તો જિસકો હૈ નહીં ઉસકી કહાં ચર્ચા હૈ ?

મુમુક્ષુ :– નહીં કઈ બાર હોતા હૈ કિ વિકલ્પ મેં ઇતના ચઢ જાતે હૈં, ઇતના સ્વચ્છંદ હો જાતા હૈ કિ વહ difference છાંટને કા, સમજને કી સ્થિતિમેં ભી જીવ નહીં આતા.

પૂજ્ય ભાઈશ્રી :– સ્વચ્છંદ મેં તો અંધત્વ હોતા હી હૈ. સ્વચ્છંદ મેં તો અંધત્વ હોતા હી હૈ.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! ભાવના જો હૈ ઉસમેં હી પુરુષાર્થ કે ઉત્પાદકવાલી બાત ચલી ઔર સાથ મેં વહ વર્તમાનમેં પ્રયોજન કી પક્કડ કો જો પેદા કરતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :– હાં, વહ તો હૈ હી. વહ તો સબ જો ઇનકે આનુષંગિક પરિણામ હૈં. જબ કોઈ જીવ મુમુક્ષુ કી યથાર્થ ભૂમિકામાં આતા હૈ તો ઉનકે જો ભી આનુષંગિક પરિણામ હૈં, દૂસરે-દૂસરે મેલવાલે પરિણામ હૈં, વે સ્વયં હી પેદા હોને લગતે હૈં. જૈસે પ્રયોજન કી પક્કડ. વહ સ્વયં આ જાયેગી.

મુમુક્ષુ :– જિસકો ભાવના હોગી ઉસકો પ્રયોજન કી પક્કડ આયેગી.

પૂજ્ય ભાઈશ્રી :– હાં, વહ પ્રયોજન કી પક્કડ મેં આ જાયેગા. ક્યોંકિ ઉસકો સ્વરૂપ પ્રાપ્તિ કરની હૈ. ઇસ વિષય મેં ઉસકી ખોજ ચલતી હૈ. (ઇસલિયે વહ) પ્રયોજન કી પક્કડ મેં આયેગા. બરાબર આયેગા. વૈરાગ્ય–ઉપશમ મેં ભી આયેગા. યે સબ આનુષંગિક પરિણામ હૈં. વૈરાગ્ય, ઉપશમ, ભક્તિ, સત્પુરુષ કા ચરણ સાન્નિધ્ય યે સબ બાત ઉસકો આયેગી. તો આત્મભાવના મેં આયા હૈ ઇસલિયે સત્પુરુષવાલી બાત રહ જાયેગી, વહ ભી નહીં હૈ ઇસકે અંદર.

મુમુક્ષુ :– મુખ્ય હૈ, બાકી સબ કુછ ગૌણ હૈં.

પૂજ્ય ભાઈશ્રી :– હાં, વહ બાત ભી આયેગી. ક્યોંકિ ઉસકો ખોજ હૈ. ઉસકો સહજ સૂઝ આતી હૈ, કિ ઇસકા તજ્જ્ઞ કૌન હૈ ? ઇસ વિષય કે જાનકાર કૌન હૈં ? મુઝે ઉનકે તક જાના ચાહિયે. ઉનસે હી સમજના ચાહિયે. મૈં તો અનજાના હૂં. મૈં

કહા જાઉંગા ? ક્યા કરુંગા ? યે બાત આયે બિના રહેગી નહીં.

મુમુક્ષુ :- ભાવના હંમેશા મૂલ્યાંકનમેં સે હોતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- જરૂરતમેં સે હુઆ ન ? જરૂરતમેં સે ઉસકો રુચિ હુઈ, રુચિ કે સાથ યે ભાવના ચલતી હૈ. યહ બાત હૈ. ક્યા કહતે હૈં ?

**'મુમુક્ષુ જીવ શુભમેં લગતા હૈ, પરન્તુ અપની શોધકવૃત્તિ બહ ન જાય-'** ભલે હી કોઈ ભી શુભ પ્રસંગ આ જાયે. ઉસકે ઉદય મેં પંચકલ્યાણક આયે યા સ્વાધ્યાય હો યા યાત્રા કા પ્રસંગ હો યા દાન દેને કી બાત હો યા મંદિરજીમેં પૂજા કરને કી બાત હો, કોઈ ભી શુભ પ્રસંગ મેં ઉસકા ઉપયોગ લગેગા-લેકિન અંદર મેં ખોજ ચલતી હૈ. મેરા સ્વરૂપ કૈસા હૈ ? મૂલ મેં મૈં કૈસા હૂં ? ઔર વહ બાત કહાં આતી હૈ ? કૈસી આતી હૈ ? ઉસ પર ઉસકી ખોજ ચાલુ હૈ.

મુમુક્ષુ :- ખોજને કા અર્થ ખાના તો આત્મા કે લિયે, પીના તો આત્મા કે લિયે, બેઠના તો આત્મા કે લિયે.

પૂજ્ય ભાઈશ્રી :- વહ બાત ઠીક હૈ. ઔર જૈસે કી ભીડવાલી જગા હૈ. બાઝાર હો, યા પ્લેટફોર્મ હો રેલવે પર બહુત લોગ-ભીડ હો. ઇસમેં કિસી એક વ્યક્તિ કો ખોજતે હૈં. તો નજર કહાં રહતી હૈ ? ભીડ મેં તો બહુત સે લોગ દિખતે હૈં. લેકિન મુજે જિસકો મિલના હૈ, વહ કહીં દિખતા હૈ કિ નહીં દિખતા ? વહ કહીં દિખતા હૈ કિ નહીં દિખતા ? યે ખોજવાલી (બાત હૈ) જ્ઞાન મેં કોઈ ખાસ ઉદ્દેશ રહતા હૈ. ખોજ કા કોઈ ઉદ્દેશ રહતા હૈ ઇસ પ્રકાર જ્ઞાન કી પ્રવૃત્તિ હોતી હૈ. તો યહાં ભી યે શુભ કાર્ય કા ઉદય આયા, એક પીછે... એક પીછે... એક પીછે... યે ભીડ હૈ. તો ઉસમેં ખોજ ચાલુ હૈ કિ મેરા સ્વરૂપ કૈસા હૈ ? મેરા સ્વરૂપ કૈસા હૈ ? યે બાત કૈસે મિલતી હૈ ? શાસ્ત્ર મેં કૈસે મિલતી હૈ ? મંદિરજી મેં કૈસે મિલતી હૈ ? કોઈ ભી વ્યવહાર કે પ્રસંગ હૈં, હમારે જૈનિયોં કે વ્યવહાર મેં પારમાર્થિક હેતુ સબ જગહ પર હૈ. પરમાર્થ હેતુભૂત વ્યવહાર હૈ. શાસ્ત્ર-સ્વાધ્યાય ભી પરમાર્થ હેતુભૂત હૈ. જિનેન્દ્ર દર્શન ભી પરમાર્થ હેતુભૂત હૈ. તો વહ બાત ચાલુ રહતી હૈ.

મુમુક્ષુ :- શુભ કે પ્રસંગ કો ભીડ કહ દિયા.

પૂજ્ય ભાઈશ્રી :- યે ભીડ હૈ. મતલબ ભીડ ગૌણ કી જાતી હૈ. ઐસે શુભપ્રસંગ ગૌણ હો જાતા હૈ. ખોજ મુખ્ય વસ્તુ કી ચાલુ રહતી હૈ, ઇસ પ્રકાર જુડતા હૈ. શુભમેં

દૂસરે લોગ જુડતે હૈં ઉસ પ્રકાર મુમુક્ષુ નહીં જુડેગા. મુમુક્ષુતા મેં શુભમેં જુડને કા પ્રકાર અલગ હૈ. યહ કહના ચાહતે હૈં.

મુમુક્ષુ :- physically વહાં હૈ. spiritually વહાં નહીં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- spiritually નહીં હૈ. ઠીક બાત હૈ. ભીડ કે બીચ મેં physically વહાં હૈ. spiritually જો ઉસકો ચાહિયે વહાં ઉસકા આત્મા હૈ.

મુમુક્ષુ :- શાદી જૈસે પ્રસંગ મેં જાને કા હોતા હૈ તો વહાં ભી અનિત્યતા, અસારતા દિખાઈ દેને લગ જાતી હૈ. ઐસે કોઈ શુભ પ્રસંગ મેં જાતા ભી હૈ તો વહાં ભી ઉસકો અનિત્યતા, અસારતા દિખાઈ દેને લગ જાતી હૈ અપની ભાવના કી વજહ સે.

પૂજ્ય ભાઈશ્રી :- અપને સ્વરૂપ કી ખોજ મેં રહેગા. ઉસી પ્રકાર ઉસકા રહેગા. કોઈ ભી શુભ કે પ્રસંગ હો ઉસકા પ્રકાર અલગ હૈ. શુદ્ધતા કા ધ્યેય છોડકર શુભ કા આગ્રહ નહીં રખતા. ઔર દૂસરા symptom વહ હૈ કિ, વહ શુભ ક્રિયા કરતા હૈ ફિર ભી ઉસકા આગ્રહ નહીં હોતા ઉસકો. ક્યોંકિ ઉસકા ધ્યેય શુદ્ધતા કા હૈ, શુભ કા નહીં હૈ. ઔર જિસકા ધ્યેય આત્મશુદ્ધિ કા નહીં હૈ, ઉસકો શુભ કરતે-કરતે શુભ કા આગ્રહ હુએ બિના રહેગા નહીં.

મુમુક્ષુ :- પરંપરા નિભાયેગા વહ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં વહ પરંપરા નિભાયેગા. ઔર દૂસરા નહીં કરેગા તો ઉનકો લગેગા કિ મૈં કરતા હૂં, ઉનકો ભી કરના ચાહિયે. ક્યોં વહ લોગ નહીં કરતે ? હમ કરે ઐસા દૂસરોં કો કરના ચાહિયે. હમ ભક્તિ કરતે હૈં તો દૂસરે ભક્તિ મેં ક્યોં નહીં રહતે ? આતી હૈ ન બાત ? ફલાણા કરતે હૈં તો દૂસરે ક્યોં નહીં કરતે હૈં. હમ રાત્રિ ભોજન નહીં કરતે હૈં તો દૂસરે ક્યોં કરતે હૈં ? ઉસકા આગ્રહ દૂસરોં કે લિયે આ જાયેગા. ક્યોંકિ હમ ઐસા કરતે હૈં તો ઉનકો ભી ઐસા કરના ચાહિયે. યે આત્મશુદ્ધિ કે ધ્યેયવાલે કો નહીં હોતા. જિસકા શુદ્ધિ કા ધ્યેય હૈ, ઉસકો અપના શુભ ભી ગૌણ હૈ ઔર દૂસરે કા શુભ ભી ગૌણ હો જાતા હૈ.

**'શુદ્ધતા કા ધ્યેય છોડકર શુભકા આગ્રહ નહીં રખતા. તથા વહ 'મૈં શુદ્ધ હૂં, મૈં શુદ્ધ હૂં' કરકે...'** ઐસા વિકલ્પ કરકે, કલ્પના કરકે, **'પર્યાય કી અશુદ્ધતા કો ભૂલ જાય — સ્વચ્છંદ હો જાય ઐસા નહીં કરતા;...'** ઉસકો ભાન રહતા હૈ કિ પર્યાય

મેં મેરી કિતની અશુદ્ધિ હૈ. વહ પર્યાય કી અશુદ્ધિ કો ભૂલતા નહીં હૈ. જબ કી જો ખોજક વૃત્તિવાલા નહીં હૈ ઉસકો તો વિકલ્પ હો જાતા હૈ કિ મૈં શુદ્ધ હૂં... મૈં શુદ્ધ હૂં.. .મૈં શુદ્ધ હૂં... મૈં પરમાત્મા હૂં. વહ વર્તમાન અશુદ્ધિ કો ભૂલકર કે ઐસા હોતા હૈ. વહ યથાર્થ નહીં હૈ.

મુમુક્ષુ :- મૈં શુદ્ધ હૂં... મૈં શુદ્ધ હૂં... કરતે-કરતે ઉસકો નીંદ આ જાયેગી. અર્થાત્ અશુભભાવ મેં આ જાયેગા.

પૂજ્ય ભાઈશ્રી :- નીંદ આયે યા નહીં આયે વહ કોઈ મહત્ત્વ કી બાત નહીં. નીંદ આયે વહ ભી જરૂરી નહીં.

મુમુક્ષુ :- અશુભ મેં આ જાયેગા.

પૂજ્ય ભાઈશ્રી :- થક જાયે વહ બાત જરૂર હૈ. થકાન લગેગી. કૃત્રિમતા મેં થકાન અવશ્ય આતી હૈ. તો થકાન કે કારણ સે નીંદ આ જાયે અલગ બાત હૈ. નીંદ નહીં આ જાયે વહ અલગ બાત હૈ. લેકિન થકાન તો આયેગી હી આયેગી. સહજ હો, સ્વભાવિક હો ઉસકો થકાન નહીં હો. કૃત્રિમતા મેં તો થકાન હો હી જાતી હૈ, આ હી જાતી હૈ.

મુમુક્ષુ :- અહંમ આ જાયેગા. મૈં શુદ્ધ હૂં... મૈં શુદ્ધ હૂં... જિસકો વિકલ્પ ચલતા રહેતા હૈ ઐસા માન લેગા ઉસકો માન ચઢ જાયેગા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, માન આ જાયેગા. વહ તો હૈ હી. ઉસે માન આ જાયેગા કિ મૈં તો ઐસા આત્મા કા ચિંતવન કરનેવાલા હૂં.

મુમુક્ષુ :- દૂસરોં કો હીન દૃષ્ટિ સે દેખને લગેગા.

પૂજ્ય ભાઈશ્રી :- માન મેં તો વહી હોતા હૈ. અપના ઊંચાપન, દૂસરે કા નીચાપન (દિખાતા હૈ). વહ તો માન કા લક્ષણ હૈ.

**'તથા વહ 'મૈં શુદ્ધ હૂં, મૈં શુદ્ધ હૂં' કરકે પર્યાય કી અશુદ્ધતા કો ભૂલ જાય-સ્વચ્છન્દ હો જાયે ઐસા નહીં કરતા;...'** જો મુમુક્ષુજીવ હૈ, યથાર્થ મુમુક્ષુ હૈ ઉસકો ઐસા નહીં હોતા. **'મૈં શુદ્ધ હૂં, મૈં શુદ્ધ હૂં...'** યે ભાવના હોતી હૈ. ફિર ભી અશુદ્ધતા કો ભૂલે બિના હોતી હૈ. એક ઔર ભી બાત લે લેતે હૈં દૃષ્ટાંત કે રૂપમેં. જૈસે પ્રત્યક્ષ અપને સદ્ગુરુ વર્તમાન મેં નહીં હો. ઔર ઉનકો પ્રત્યક્ષવત્ ઉનકે ઉપદેશ કો, ઉનકે વચનામૃત કો પઢતે હૈં. જૈસે હમારે સામને બૈઠ કરકે હમકો ઉપદેશ દે રહે હૈં. યા

હમ ઉસકો હમારે હૃદય મેં પ્રત્યક્ષ કરકે ઉનકે ઉપદેશ કો અંગીકાર કરને કા પ્રયાસ કરતે હૈં વહ સહી હૈ. ઉસમેં કભી ઇનકા વિયોગ કા દુઃખ ભૂલા નહીં જાતા. પ્રત્યક્ષવત્ ગીન કરકે ભી ઉનકા વિયોગ સાલેગા.

મુમુક્ષુ :- ભાઈશ્રી ! દો પ્રકાર ચલતા હૈ. એક પ્રત્યક્ષ બાત કરકે વિયોગ કા દુઃખ નહીં ચલતા હૈ ? ઔર એક પ્રત્યક્ષવત્ બાત કરકે વિયોગ કા દુઃખ ચાલુ હો જાતા. દો પ્રકાર ભજતે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- પહલેવાલા યથાર્થ નહીં હૈ.

મુમુક્ષુ :- વહ યથાર્થ નહીં હૈ, વહ નુકસાનકારક હૈ. દૂસરાવાલા જો હૈ વહ યથાર્થ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- તબ તો વહી બાત કહ રહે થે કિ જો પ્રત્યક્ષ, ફિર ભી પરોક્ષ હૈં ઔર પ્રત્યક્ષ માન લેતે હૈં, ઔર ઇસલિયે જિસકો વિયોગ કા દુઃખ નહીં લગતા હૈ.

મુમુક્ષુ :- substitute ઢૂંઢ લિયા.

પૂજ્ય ભાઈશ્રી :- તો ઉસને તો ગડબડ કર દિયા. વહ વાસ્તિકતા સે દૂર ચલા ગયા, કલ્પના મેં આ ગયા ઔર ઉસકો દુઃખ લગના ચાહિયે (જો નહીં લગતા) વહ બાત ઉસકે લિયે અનુચિત હૈ. નહીં લગતા હૈ વહ અનુચિત હૈ.

મુમુક્ષુ :- યે કારણવશ નિર્મલતા નહીં આતી.

પૂજ્ય ભાઈશ્રી :- યહાં સ્વરૂપ પ્રત્યક્ષ નહીં હુઆ. વહ તો દૃષ્ટાંત મેં લેતે હૈં. વૈસે યહાં સ્વરૂપપ્રત્યક્ષ નહીં હુઆ, ફિર ભી પ્રત્યક્ષવત્ કરકે ભાવના ભાતે હૈં. તો ભી પ્રત્યક્ષ નહીં હોતા હૈ, વહાં તક ઉસકા ખેદ જાતા નહીં હૈ. ભાવના મેં તો પ્રત્યક્ષવત્ લેંગે કિ મૈં સહજ સ્વરૂપ પ્રત્યક્ષ હૂં. લેકિન પ્રત્યક્ષ હુઆ નહીં. વહ જો વાસ્તવિક્તા રહ ગઈ, પ્રગટ નહીં હુઆ ઉસકા ખેદ હુએ બિના રહેગા નહીં. તો દો બાત સાથ મેં આયી. કિ વર્તમાન મેં (મૈં) અશુદ્ધ હૂં. યહાઁ સે લેતે હૈં કિ, મૈં પર્યાય કી અશુદ્ધતા કો નહીં ભૂલતા ઔર મૈં શુદ્ધ હૂં ઐસી ભાવના ભી ભાતા હૂં ! દોનોં કા difference એકસાથ નજર આતા હૈ. ઔર વહી પુરુષાર્થ કો જગાતા હૈ. અરે..! વર્તમાનમેં મેરી અશુદ્ધિ હૈ. સ્વરૂપસે મૈં શુદ્ધ હૂં. યે અશુદ્ધિ મુજે મિટાની ચાહિયે. ઔર ઉસકો અવલંબન કરકે, પ્રત્યક્ષ કરકે મિટેગી ઇસકે સિવા મિટેગી નહીં. ઇસલિયે ઇસકી શોધ કરકે

અનુભવ કરના ચાહિયે.

વચનામૃત મેં કિતની ગંભીરતા હૈ. બહુત ગહરાઈ હૈ. ખોજ સે બાત ચાલુ કિયા હૈ. પોઇન્ટ ક્યા પકડા ? ખોજ સે બાત ચાલુ હૈ. યે મુદ્દા બહુત મહત્ત્વ પૂર્ણ આયા હૈ. સીધી વહ બાત નહીં લિયા, મૈં શુદ્ધ હૂં... મૈં શુદ્ધ હૂં... મૈં શુદ્ધ હૂં.. ઐસે સીધી બાત નહીં લિયા. પહલે ખોજવાલા લિયા હૈ. કિ જો સ્વરૂપકી ખોજ મેં હૈ, ઉસકો યે ભૂલ નહીં હોગી. વહ પર્યાયકી અશુદ્ધિ કો ભૂલેગા નહીં. અશુદ્ધિ કો નહીં ભૂલેગા તો સ્વચ્છંદ નહીં હોગા. જો પર્યાય કી અશુદ્ધિ કો ભૂલ જાતા હૈ, તબ મૈં જ્ઞાયક હૂં. શુદ્ધ હૂં... શુદ્ધ હૂં... શુદ્ધ હૂં... પરમાત્મા હૂં.. ઇસ વિકલ્પ મેં લગ જાતા હૈ, કલ્પના મેં ચઢ જાતા હૈ તો ઉસકો સ્વચ્છંદ હો જાતા હૈ. વહ સ્વચ્છંદ મેં આ જાતા હૈ.

પર્યાય કી અશુદ્ધિકા ભાનવાલા કભી સ્વચ્છંદ મેં આયેગા નહીં. ઔર **'શુષ્કજ્ઞાની નહીં હો જાતા,...'** વહ ભી એક symptom લિયા હૈ. જો વિકલ્પ મેં કેવલ ચઢતા હૈ, કલ્પના મેં ચઢતા હૈ, ઉસકો શુષ્કતા આયે બિના રહેગી નહીં. ઔર જો યથાર્થ મુમુક્ષુ હૈ વહ તો ઉસકા **'હૃદય તો ભીગા હુઆ રખતા હૈ.'** હૃદય ભીગા હુઆ રખતા હૈ. કિસસે ? ભાવના સે. ભાવના સે હૃદય ભીગા હુઆ રહતા હૈ. ઔર ભાવનારહિત વિકલ્પ હોતા હૈ, તો વહ શુષ્કજ્ઞાની હોતા હૈ, સ્વચ્છંદી હોતા હૈ ઔર દોનોં કા બાત કરને કા ટોન હી અલગ હો જાતા હૈ. ભાવનાવાલા જીવ ભાવના સે બાત કરેગા ઔર વિકલ્પ મેં ચઢનેવાલા કોરી કલ્પના સે બાત કરેગા. દોનોં કે ટોન મેં ફર્ક હો જાયેગા.

સાથ-સાથ feeling આ જાતી હૈ. આંસુ ભી આ જાતે હૈં. ઐસે થે, ભલે ઉસકી પ્રશંસા કરે. ઐસે થે, સરલ થે, વો થે, મધ્યસ્થ થે, કહતે-કહતે ઉસકો ઉનકે પ્રતિ ભાવ આ જાયેગા. આંસુ ભી આ જાયેગા. અપને તો ઐસે કિલયર કટ ક્યા કહતે હૈં ? કિ એક વૈચારીક સ્તર પર ચલા ગયા, એક feeling સ્તર પર ચલા ગયા. વિકલ્પ તો વિકલ્પ હૈ. લેકિન દોનોં કે વિકલ્પ મેં બહુત બડા અંતર હૈ. યે બાત જો 'બહિનશ્રી કે વચનામૃત' મેં હૈ વહ feeling સ્તર કી બાત ચલી હૈ. ઔર વૈચારિક સ્તર સે જો શુષ્કતા આતી હૈ, સ્વચ્છંદ હો જાતા હૈ ઉસકા નિષેધ કર દિયા હૈ. ઇસ પ્રકાર સે નહીં લેના. મૈં શુદ્ધ હૂં... જ્ઞાયક હૂં... પરમાત્મા હૂં.. ઐસા લેના હૈ લેકિન ઇસકો લેને કા કોઈ ખાસ પ્રકાર હૈ. તો મુમુક્ષુતા મેં ખાસ પ્રકાર સે લિયા જાતા

હૈ. ઐસા નહીં ચલતા હૈ કિ બસ રટન કિયે જાયે, બોલે જાય. ઐસી બાત નહીં ચલતી.

મુમુક્ષુ :- શોધક વૃત્તિ ચાલુ રહી વહ હી ઉપદેશબોધ કા સાર પકડા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. શોધક વૃત્તિ ચાલૂ રહી, મૂલ મેં વહ ઇસ વિષય કી યથાર્થતા હૈ. મૂલમેં યથાર્થતા યહાં સે ચાલુ હોતી હૈ. ઉસકી ખોજ હૈ. તો ખોજ કિસકી હોતી હૈ ? કિ જિસકા વિયોગ હોતા હૈ ઉસકી ખોજ હોતી હૈ. ફિર મૈં શુદ્ધ હૂં... મૈં શુદ્ધ હૂં.. વહ બાત કૈસે રહેગી ? કે ખુદ કે સાથ રહે ? જો વિકલ્પ મેં ચઢતા હૈ, કલ્પના મેં આ જાતા હૈ, ઉસકો તો જિજ્ઞાસા ચલી જાતી હૈ. ઉસકો તો સ્વરૂપ કી જિજ્ઞાસા હી સમાપ્ત હો જાતી હૈ. કિ મૈં કૈસા હૂં વહ બાત ઉસકો નહીં લગી. વહ તો માન લિયા ઉસને કિ મૈં તો પરમાત્મા હૂં... મૈં તો જ્ઞાયકતત્ત્વ હૂં. ઐસા માન લિયા. વહ પ્રકાર સહી પ્રકાર નહીં હૈં. ઉસસે શાંતિ નહીં મિલેગી. યે તો આત્મશાંતિ પર લે જાનેકા માર્ગ હૈ. ઉપાય તો યથાર્થ હોના ચાહિયે.

મુમુક્ષુ :- આપને કહા કિ અપ્રાપ્તિ કા ખેદ હોતા હૈ, તો યે ખેદ કૈસા ? ઇસકી તીવ્રતા કૈસી હોતી હૈ ?

પૂજ્ય ભાઈશ્રી :- તીવ્રતા હોતી હૈ વહ વેદના મેં આ જાતા હૈ. અપ્રાપ્તિ કે ખેદ કી અગર ડીગ્રી બઢ જાતી હૈ, તીવ્રતા આ જાતી હૈ (તો) વહ જીવ વેદના મેં આ જાતા હૈ. જૈસે પ્રિયજન કે વિયોગ મેં આંસુ બહતે હૈં કિ નહીં બહતે ? વૈસે યહાં ભી આંસુ બહને લગતે હૈં કિ અરે..! મેરે પરમાત્મા ! મેરે મેં હૈં 'વહી સૂઝત નીકે.' મુજે સૂઝતા નહીં હૈ. મેરે મેરો ધણી નહીં દૂર દિશાંતર, મેરે મેં હૈ મોહી સૂઝત નીકે' બનારસીદાસ કા પદ હૈ. મેરે ધની તો મેરે મૈં હૈ, મેરે પાસ હૈ, તો મુજે ઉસકા દર્શન હોતા નહીં હૈ. યે ક્યા બાત હૈ ? તો વહ બાત ઉસકો બરદાશ્ત નહીં હોગી. વેદના મેં આ જાયેગા. યે યથાર્થ વેદના હૈ. અંદર સે વેદના મેં આ જાયેગા તો ઉસકો પ્રાપ્તિ હુએ બિના રહેગી નહીં. વેદના ઉસકો વહાં તક લે જાયેગી.

મુમુક્ષુ :- દર્શનપરિષહ...

પૂજ્ય ભાઈશ્રી :- યહી દર્શનપરિષહ હૈ. દર્શન નહીં હુઆ ઉસકા પરિષહ હૈ. ઉસે દર્શનપરિષહ કહતે હૈં.

## વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યદષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્રમબદ્ધપર્યાય | - |
| ૨૯ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૩ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૪ | પ્રચારિસ્તિકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૫ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૬ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૦ | રાજહૃદય (ભાગ–૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૬૧ | સમ્યક્‌જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૨ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૩ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૪ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૫ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૬ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૭ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૮ | સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૯ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૭૦ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૭૧ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૬ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૭ | ધન્ય આરાધક | - |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ–૧) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ–૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ–૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |
| ૮૪ | રાજહૃદય (ભાગ–૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૫ | રાજહૃદય (ભાગ–૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૬ | રાજહૃદય (ભાગ–૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |

## श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मूल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर ॉ पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |

| | | |
|---|---|---|
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निभ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत) | - |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलश टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३ | स्मरण संचिका | २०.०० |
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |

| | | |
|---|---|---|
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४९ | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |
| ५४. | प्रवचनसुधा (भाग-६) | ३०.०० |

## वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमागमसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |

| | | |
|---|---|---|
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | १५०० |
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | कहान रत्न सरिता (भाग-१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |
| ७७ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७९ | समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० | समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ | स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ | स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ | सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ | सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ | प्रवचन सुधा (भाग-१) (गुजराती) | १४०० |
| ८७ | प्रवचन सुधा (भाग-२) (गुजराती) | ७५० |
| ८८ | प्रवचन सुधा (भाग-३) (गुजराती) | १००० |
| ८९ | प्रवचन सुधा (भाग-४) (गुजराती) | १००० |
| ९० | प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ९१ | प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ९२ | प्रवचन सुधा (भाग-७) (गुजराती) | ७५० |
| ९३ | प्रवचन सुधा (भाग-८) (गुजराती) | ७५० |
| ९४ | प्रवचन सुधा (भाग-९) (गुजराती) | ७५० |
| ९५ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ९६ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ९७ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| १०१ | राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |
| १०२ | राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| १०३ | राज हृदय (भाग-३) (गुजराती) | ७५० |
| १०४ | अध्यात्मसुधा (भाग-१) (गुजराती) | १००० |
| १०५ | अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| १०६ | अध्यात्म सुधा (भाग-३) (गुजराती) | १००० |
| १०७ | अध्यात्म सुधा (भाग-४) (गुजराती) | ७५० |
| १०८ | अध्यात्म सुधा (भाग-५) (गुजराती) | ७५० |
| १०९ | गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) | १००० |
| ११० | गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) | ७५० |
| १११ | मुक्तिनो मार्ग (गुजराती( | १००० |
| ११२ | प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) | १००० |
| ११३ | प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) | १००० |
| ११४ | प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) | १००० |
| ११५ | प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) | १००० |
| ११६ | धन्य आराधक (गुजराती) | ७५० |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ११७ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० | १२७ | प्रवचन सुधा (भाग-५) हिन्दी) | १००० |
| ११८ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० | १२८ | प्रवचन सुधा (भाग-६) हिन्दी) | १००० |
| ११९ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० | १२७ | धन्य पुरुषार्थी (गुजराती) | १५०० |
| १२० | जिन प्रतिमा जीनि सारखी | ५०० | १२८ | धन्य पुरुषार्थी (हिन्दी) | ६५०० |
| १२१ | स्मरण संचिका | १५०० | १२९ | छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) | १००० |
| १२२ | दंसण मूलो धम्मो | ३५०० | १३० | राज हृदय (भाग-४) (गुजराती) | ५०० |
| १२३ | प्रवचन सुधा (भाग-१) हिन्दी) | १००० | १३१ | राज हृदय (भाग-५) (गुजराती) | ५०० |
| १२४ | प्रवचन सुधा (भाग-२) हिन्दी) | १००० | १३२ | राज हृदय (भाग-६) (गुजराती) | ५०० |
| १२५ | प्रवचन सुधा (भाग-३) हिन्दी) | १००० | १३३ | राज हृदय (भाग-७) (गुजराती) | १५० |
| १२६ | प्रवचन सुधा (भाग-४) हिन्दी) | १००० | १३४ | अध्यात्म सुधा (भाग-६) (गुजराती) | १५० |

ૐ

શ્રી વીતરાગાય નમઃ

# અધ્યાત્મ સુધા

(ભાગ-૬)

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'બહેનશ્રીનાં વચનામૃત'
ગ્રંથ ઉપરના પ્રવચનો
(વચનામૃત ૧૯૭ થી ૨૧૫)

પ્રકાશક
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

❇ **પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :**
❇ **વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭/ ૨૫૧૫૦૦૫
❇ **ગુરુ ગૌરવ**
**શ્રી કુંદકુંદકહાન જૈન સાહિત્ય કેન્દ્ર,**
પૂજ્ય સોગાનીજી માર્ગ, સોનગઢ.
❇ શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) :
(૦૨૨) ૨૬૧૬૧૫૯૧
❇ શ્રી ડોલરભાઈ હેમાણી (કોલકાટા) :
મો. ૦૯૭૪૮૭૧૨૩૬૦

❇ પ્રથમાવૃત્તિ : પ્રત : ૧૫૦, ૨૨-૮-૨૦૧૩ પૂજ્ય બહેનશ્રીની ૧૦૦મી જન્મજયંતી
❇ પૃષ્ઠ સંખ્યા : ૮ + ૪૫૬ = ૪૬૪
❇ પડતર કિંમત :
❇ વેચાણ મૂલ્ય : ૨૦/-

**લેસર ટાઈપ સેટિંગ :**
**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪/બી, ૬/ શાંતિનાથ બંગ્લોઝ,
શશીપ્રભુ ચોક, શશીપ્રભુ માર્ગ,
રૂપાણી સર્કલની પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર મિલ કંપાઉન્ડ
બારડોલપુરા,
અહમદાવાદ–૩૮૦૦૦૪
ફોન : ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રસ્તાવના

પરમ આપ્ત સર્વજ્ઞ વીતરાગદેવ પ્રણીત પૂર્ણ નિર્દોષ થઈ સંપૂર્ણ સુખી થવાનો માર્ગ, પરંપરા આચાર્ય ભગવંતો દ્વારા તથા સત્પુરુષો દ્વારા વર્તમાનમાં જીવંત રહ્યો છે તે આપણા સૌનું મહાન સદ્‌ભાગ્ય છે. વર્તમાનકાળમાં **'સીમંધર'** ભગવાનની સાક્ષાત્ દિવ્યદેશના સાંભળીને આપણને સૌને તેનું રસપાન કરાવ્યું એવા સદ્‌ધર્મપ્રવર્તક શાસન શિરોમણિ અધ્યાત્મદિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી **'કાનજીસ્વામી'**નો આપણા સૌ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તી રહ્યો છે. તેઓશ્રીના પુનિત પ્રભાવનાના મંગલકારી યોગે માર્ગપ્રાપ્તિની દિવ્ય શિખા પ્રજ્વલિત રહેવા પામી છે. એ દિવ્ય દિપકની જ્યોતથી જેમના હૃદયસિંહાસનમાં જ્ઞાયકદેવના મંગલ પધરામણા થયા અને અપૂર્વ ભવાંતકારી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, એવા પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી **'ચંપાબહેન'**નો વર્તમાન મુમુક્ષુસમાજ ઉપર ન ભૂલી શકાય એવો ઉપકાર વર્તી રહ્યો છે. ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર તથા અજોડ જ્ઞાનવૈભવધારી પૂજ્ય 'બહેનશ્રી'નો શું મહિમા કરવો !

લઘુવયથી જ પ્રખર વૈરાગ્યધારી, આ ભવમાં જ આત્મહિત કરી લેવા જેવું છે એવી તીખી તમન્ના જેમને સહેજે પ્રગટી અને અપૂર્વ પુરુષાર્થના પરાક્રમ દ્વારા પૂજ્ય 'ગુરુદેવશ્રી'ની દિવ્ય દેશનાને સફળ કરી એવા પૂજ્ય 'બહેનશ્રી'ના અંતર ગુણોનું વર્ણન પામર જીવોથી કઈ રીતે થઈ શકે ? પ્રતિપળ જ્ઞાયક તરફ દોડતી નિર્મળ પરિણતિ દ્વારા સાધનાની અપ્રતિહત અખંડ ધારા જાણે કે ઝટ કેવળજ્ઞાનને બોલાવી રહી છે ! પૂર્ણ શુદ્ધિ તરફની મીટ માંડી એક ક્ષણ પણ જાણે કે અપૂર્ણતામાં રહેવા ન માગતી હોય એવી અખંડ ધારા, સતત જ્ઞાયકદેવથી અભેદ રહેતી ધારા વારંવાર ઉપયોગને નિર્વિકલ્પ કરી અતીન્દ્રિય આનંદમાં રમણતા કરાવી રહી છે. હું ભરતમાં છું કે વિદેહમાં છું તેની પણ જેમને સ્મૃતિ રહેતી નથી એવી અવગાઢ ચિદ્‌પરિણતિના ધારક પૂજ્ય 'બહેનશ્રી'નો મહિમા વચનોમાં કરવો અસંભવ છે.

જૈનની ગીતા એટલે **'બહેનશ્રીનાં વચનામૃત'** ! મુમુક્ષુ માટે અમૃતની વેલડી ! જ્ઞાનીપુરુષોની અંતર પરિણતિ તો નિરંતર અમૃતનું પાન કરી જ રહી છે સાથે સાથે નિષ્કારણ કરુણાથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવો પણ આ અમૃતનું પાન કરે એવી વિશાળ ભાવનાથી તેમના શ્રીમુખેથી મુખરિત થયેલા વચનોને પણ 'અમૃત'ની ઉપમા અપાય છે કેમકે આ વચનરૂપી અમૃતનું પાન કરી મુમુક્ષુ જીવ પણ મુક્તિરમાના અમૃતસુખનો ભોગી થાય છે. એક બાજુ દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવનાર તીર્થંકરનું દ્રવ્ય હોય અને બીજી બાજુ દિવ્યદેશનાને ગ્રહણ કરનાર ગણધરનું

દ્રવ્ય ! પછી તો પૂછવું જ શું !! એવા ગણધરદેવ દ્વારા ઝીલાયેલી દિવ્ય દેશનાનું મૂલ્ય કઈ રીતે થાય ?

એવા પૂજ્ય બહેનશ્રી **'ચંપાબહેન'**ના વચનામૃતો ઉપર નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મ સુધાનું પાન કરાવનાર, અધ્યાત્મનું રહસ્ય પ્રગટ કરનાર, મુમુક્ષુઓના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'**ના આ પ્રવચનોનું પુસ્તક **'અધ્યાત્મ સુધા' ભાગ–૬** પાઠકના હસ્તકમળમાં મૂકતાં અમને અત્યંત હર્ષોલ્લાસ થાય છે. જ્ઞાનીપુરુષનું હૃદયગાંભીર્ય, તેમના વચનોમાં નિહિત માર્ગપ્રાપ્તિનું રહસ્ય, અખંડ મોક્ષમાર્ગ ઇત્યાદિક અનેક વિષયોની છણાવટ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે અમૃતરસની લહાણ છે.

ભાવના, મુમુક્ષુની યથાર્થ ભૂમિકા, પ્રેરણા, પુરુષાર્થ, કર્તવ્ય, ગુરુ મહિમા, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાનીપુરુષની અંતર્બાહ્ય દશા, ભેદજ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ, મુનિદશા આદિ અનેકાનેક પ્રયોજનભૂત વિષયોનું સ્પષ્ટીકરણ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે એક 'પ્રવચનઉદધિ' સમાન છે. અનેક રત્નોનો સંગ્રહ જેમાં હિલોળા લઈ રહ્યો છે, જે પ્રવચનોમાં અતીન્દ્રિય આનંદની છોળો ઊછળી રહી છે, પરિપૂર્ણ આત્મહિતની ભાવનાના મોજાઓનો ગુંજારવ થઈ રહ્યો છે, પ્રવચનોના ધવલ–શ્વેત મોજાઓનો સમૂહ સંસારની કાલિમાને ધોઈ નાખવા તત્પર થઈ રહ્યો છે, મિથ્યાત્વરૂપી અંધકારને ભેદવા આ પ્રવચનઉદધિના ઘુઘવાટા થનગનાટ કરી રહ્યા છે, એવા પ્રવચનસમુદ્રમાં ડૂબકી લગાવી મુમુક્ષુ જીવ આત્મહિત સાધે અને અધ્યાત્મસુધાનું પાન કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરતાં અમો કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

પૂજ્ય 'બહેનશ્રી'ના એક એક વચનામૃતમાં રહેલ અર્થગાંભીર્ય, વિષયનું ઊંડાણ, તળસ્પર્શી અનુભવપૂર્ણ માર્ગદર્શન, તેઓશ્રીની નિષ્કારણ કરુણા, પૂર્ણતાની ભાવના ઇત્યાદિક અંતરંગ વૈભવયુક્ત અનેકાનેક ગુણોના દર્શન કરાવતા આ પ્રવચનો મુમુક્ષુ જીવને અવશ્ય અવશ્ય આત્મહિતમાં નિમિત્તભૂત થાય તેમ છે.

અંતતઃ પૂર્ણ શુદ્ધિની ભાવનાના ઉમંગોલ્લાસ સહિત, સંસારની કાલિમાને પ્રવચનઉદધિના શ્વેત મોજાઓના સમૂહમાં ધોઈ, અતીન્દ્રિય આનંદની છોળમાં આનંદરસનું રસાસ્વાદન કરતાં કરતાં અપૂર્વ રત્નત્રયરૂપી રત્નોને અંગીકાર કરી મુક્તિરમાને વરીએ એ જ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ઇતિ શીવમ્

# પ્રકાશકીય

પ્રસ્તુત ગ્રંથ **'અધ્યાત્મ સુધા'** ભાગ–૬ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આ ગ્રંથમાં **'બહેનશ્રીનાં વચનામૃત'** ગ્રંથ ઉપર કરુણાસાગર પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'** દ્વારા થયેલ પ્રવચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં ૧૯ વચનામૃત ઉપર થયેલા કુલ ૨૭ પ્રવચનો છે.

શ્રી સીમંધર સ્વામી દિગંબર જિન મંદિર, ભાવનગરમાં ૧૯૮૬માં આ પ્રવચનો થયેલા છે. કુલ ૩૫૫ જેટલા પ્રવચનોને ૧૧ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવનાના ફળસ્વરૂપે આ છઠ્ઠા ભાગનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. ભાવનગર સ્થિત **'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'**માં નિયમિતપણે ચાલતા રોજના સી.ડી. પ્રવચનોમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપરના બધા જ પ્રવચનો સાંભળતાં એમ લાગ્યું કે જો આ પ્રવચનો પુસ્તકાકારરૂપે પ્રકાશિત કરવામાં આવે તો સમસ્ત મુમુક્ષુ સમાજને લાભનું કારણ થાય. તેથી પૂજ્ય બહેનશ્રીની ૧૦૦મી જન્મજયંતિ પ્રસંગે છઠ્ઠા ભાગનું પ્રકાશન કરતાં અત્યંત હર્ષોલ્લાસ થાય છે.

પૂજ્ય 'બહેનશ્રી'ના સાદી ભાષામાં લખાયેલા આ વચનામૃતોની અંદર રહેલો ઊંડો મર્મ, આશય અને રહસ્યને પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'**એ સ્વયંની મૌલિક રોચક અને રસપ્રદ શૈલીમાં ખોલ્યા છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથની મુક્તકંઠે જે પ્રશંસા ગાઈ છે તે સૌને સુવિદિત છે. તેનું કારણ ખોલતાં પૂજ્ય ભાઈશ્રી ફરમાવે છે કે, આ ગ્રંથમાં મુમુક્ષુજીવને ઉપયોગી એવું માર્ગદર્શન ભરપૂર માત્રામાં છે જે મુમુક્ષુજીવને મોક્ષમાર્ગ પર્યંત પહોંચવામાં પ્રકાશસ્તંભરૂપ છે. અનેક વિષયોને આવરી લેતા એવા એકેએક બોલમાં કેટલું ઊંડાણ રહેલું છે તે પ્રવચનો વાંચતાં પાઠકવર્ગને અવશ્ય પ્રતીતિમાં આવી શકશે. મુમુક્ષુજીવની જઘન્યભૂમિકાથી માંડીને મધ્યમ અને ઉત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં મુમુક્ષુજીવે કેવી રીતે આગળ વધવું અને ક્યા પ્રકારે અટકી ન જવાય તેની સાવધાની અને જાગૃતિ રાખવી, તે સંબંધિત અનુભવપૂર્ણ સ્પષ્ટ માર્ગદર્શન પૂજ્ય 'બહેનશ્રીનાં વચનામૃત'ના આધારે આપેલ છે.

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનોને સૌ પ્રથમ સી.ડી.માંથી સાંભળીને અક્ષરશઃ લખી લઈ તેનું સંપાદન કરવામાં આવેલ છે. પ્રવચનોમાં જ્યાં વ્યક્તિગત નામ બોલાયા હોય તે લેવામાં નથી આવેલ. શ્રોતાગણમાંથી આવેલ પ્રશ્ન જ્યાં સ્પષ્ટપણે સંભળાતા નથી ત્યાં ડોટ ડોટ કરીને

ખાલી જગ્યા છોડવામાં આવી છે તથા વાક્યરચના પૂર્ણ કરવા અર્થે જરૂર લાગી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. આ જ પ્રવચનોને મુદ્રણકાર્ય માટે મોકલતાં પહેલાં ફરીથી એક વાર સી.ડી.માંથી સાંભળીને તપાસી લેવામાં આવે છે જેથી કોઈ ત્રુટી રહી જવા પામી હોય તો તે નીકળી જાય. તેમ છતાં પ્રસ્તુત ગ્રંથના સંપાદનકાર્યમાં કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો તેની જિનવાણીમાતા પ્રત્યે ક્ષમાયાચના કરવામાં આવે છે. પાઠકવર્ગને કોઈ ક્ષતિ જાણમાં આવે તો અવશ્ય જાણ કરે. અનુક્રમણિકામાં ક્યા બોલમાં ક્યો વિષય છે તે પાઠકોની સુવિધા અર્થે આપવામાં આવેલ છે. આ વર્ગીકરણ પૂજ્ય 'ભાઈશ્રી' દ્વારા કરવામાં આવેલ છે.

ગ્રંથના પ્રકાશન કાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયો છે તેમનો અત્ર હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. ગ્રંથના પ્રકાશન અર્થે પ્રાપ્ત દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર આપેલ છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટીંગ માટે પૂજા ઇમ્પ્રેશન્સનો તથા સુંદર મુદ્રણકાર્ય માટે ભગવતી ઑફસેટનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ વીતરાગ જિનવાણીના પ્રકાશન કાર્યમાં મન, વચન, કાયાથી અજાગૃતિપૂર્વક પ્રમાદવશ જે કોઈ ભૂલ રહી ગઈ હોય તો જન્મ-મરણના ભયસહિત વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ અને આ અધ્યાત્મ સુધારસનું પાન કરી શીઘ્ર સૌ આત્મહિતને પામે એવી ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

અષાઢ વદ ૧, તા. ૨૩-૦૭-૨૦૧૩
(શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિ છૂટવાનો પ્રથમ દિવસ)

ટ્રસ્ટીગણ
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

# અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | બોલ | વિષય | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|---|
| ૧૪૮ | ૦૨-૧૦-૮૭ | ૧૯૭ | ભેદજ્ઞાન | ૦૦૧ |
| ૧૪૯ | ૦૩-૧૦-૮૭ | ૧૯૭ | ભેદજ્ઞાન | ૦૧૫ |
| ૧૫૦ | ૦૪-૧૦-૮૭ | ૧૯૭ | ભેદજ્ઞાન | ૦૨૮ |
| ૧૫૧ | ૦૫-૧૦-૮૭ | ૧૯૭ | ભેદજ્ઞાન | ૦૪૭ |
| ૧૫૨ | ૦૬-૧૦-૮૭ | ૧૯૭ | ભેદજ્ઞાન | ૦૬૭ |
| ૧૫૩ | ૦૭-૧૦-૮૭ | ૧૯૮ | વિધિ | ૦૮૬ |
| ૧૫૪ | ૦૯-૧૦-૮૭ | ૧૯૯ | જ્ઞાની વિ. અજ્ઞાની | ૧૦૫ |
| ૧૫૫ | ૧૦-૧૦-૮૭ | ૧૯૯ | જ્ઞાની વિ. અજ્ઞાની | ૧૨૩ |
| ૧૫૬ | ૧૧-૧૦-૮૭ | ૨૦૦ | સ્વાનુભૂતિ મહિમા | ૧૪૩ |
| ૧૫૭ | ૧૩-૧૦-૮૭ | ૨૦૧ | દ્રવ્યદૃષ્ટિ | ૧૬૩ |
| ૧૫૮ | ૧૪-૧૦-૮૭ | ૨૦૧ | દ્રવ્યદૃષ્ટિ | ૧૮૧ |
| ૧૫૯ | ૧૬-૧૦-૮૭ | ૨૦૧–૨૦૨ | દ્રવ્યદૃષ્ટિ - સૂક્ષ્મતા | ૧૯૬ |
| ૧૬૦ | ૧૭-૧૦-૮૭ | ૨૦૩ | સૂક્ષ્મતા | ૨૧૨ |
| ૧૬૧ | ૧૮-૧૦-૮૭ | ૨૦૪ | સૂક્ષ્મતા | ૨૨૯ |
| ૧૬૨ | ૧૯-૧૦-૮૭ | ૨૦૫ | સ્વરૂપ મહિમા | ૨૪૪ |
| ૧૬૩ | ૨૧-૧૦-૮૭ | ૨૦૫–૨૦૬ | સ્વરૂપ મહિમા - દ્રવ્યદૃષ્ટિ | ૨૬૦ |
| ૧૬૪ | ૨૨-૧૦-૮૭ | ૨૦૬-૨૦૭ | દ્રવ્યદૃષ્ટિ - પ્રેરણા | ૨૭૮ |
| ૧૬૫ | ૨૩-૧૦-૮૭ | ૨૦૭–૨૦૮ | પ્રેરણા - માર્ગદર્શન | ૨૯૫ |
| ૧૬૬ | ૨૪-૧૦-૮૭ | ૨૦૮ | માર્ગદર્શન | ૩૧૧ |
| ૧૬૭ | ૨૫-૧૦-૮૭ | ૨૦૯–૨૧૦ | પ્રેરણા - શ્રુતમહિમા | ૩૨૭ |
| ૧૬૮ | ૨૬-૧૦-૮૭ | ૨૧૦ | શ્રુતમહિમા | ૩૪૬ |
| ૧૬૯ | ૦૨-૧૧-૮૭ | ૨૧૧ | માર્ગદર્શન / ધ્યાન | ૩૬૪ |
| ૧૭૦ | ૦૩-૧૧-૮૭ | ૨૧૧ | માર્ગદર્શન / ધ્યાન | ૩૭૮ |
| ૧૭૧ | ૦૪-૧૧-૮૭ | ૨૧૨ | પ્રેરણા / માર્ગદર્શન | ૩૯૧ |
| ૧૭૨ | ૦૫-૧૧-૮૭ | ૨૧૩–૨૧૪ | પુરુષાર્થ - પ્રેરણા/માર્ગદર્શન | ૪૦૪ |
| ૧૭૩ | ૦૭-૧૧-૮૭ | ૨૧૪ | પ્રેરણા / માર્ગદર્શન | ૪૨૦ |
| ૩૬૧ | ૧૬-૧૨-૯૫ | ૨૧૫ | યથાર્થ ભૂમિકા | ૪૩૭ |

## 'અધ્યાત્મ સુધા' ભાગ–૬ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિનું સાભાર વિવરણ

| | |
|---|---|
| શ્રીમતી તારાબહેન ગુલાબચંદભાઈ શાહ, ચેન્નઈ હ. દિનેશભાઈ | ૫૦,૦૦૦/- |
| જમનાદાસ હેમચંદ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ, કોલકાટા દ્વારા | |
| સ્વ. પ્રાણકુંવરબહેન હેમાણીના સ્મરણાર્થે, હ. શ્રી ડોલરભાઈ હેમાણી | ૨૫,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાટા | ૧૧,૦૦૦/- |
| શ્રી ન્યાલચંદ વીરચંદ વોરા પરિવાર, ભાવનગર | ૧૦,૦૦૦/- |
| શ્રીમતી મીનાબેન ઝવેરીભાઈ સાવલા | ૧૦,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| ડૉ. બી.એમ. સુથાર, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| શ્રીમતી શારદાબહેન શાંતિલાલ શાહ | ૫,૦૦૦/- |
| શ્રીમતી વીણાબહેન વીરેન્દ્રભાઈ શાહ | ૫,૦૦૦/- |
| શ્રી પૂનમબહેન ભાવેશભાઈ શાહ | ૫,૦૦૦/- |
| શ્રી પૂજાબહેન પારસભાઈ શાહ | ૫,૦૦૦/- |
| શ્રી જયાબહેન, ચેન્નઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી કૃપાલીબહેન પિયૂષભાઈ ભાયાણી, કોલકાટા | ૫,૦૦૦/- |
| શ્રી સૌરભ પિયૂષભાઈ ભાયાણી, કોલકાટા | ૫,૦૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રી લલિતાબેન છોટાલાલ દેસાઈ, ન્યુજર્સી | ૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, કેલિફોર્નિયા | ૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, ભાવનગર | ૧,૦૦૦/- |
| સ્વ. ચંદ્રિકાબહેન શશીકાંતભાઈ શેઠ, ભાવનગર | ૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, કોલકાટા | ૫૦૧/- |
| શ્રીમતી ચારૂબહેન જૈન, ભાવનગર | ૫૦૧/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |